Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कविश्री

[illegible]

स्मारक ग्रन्थ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Arya Samaj Foundation Chennai a

c Domain. Gurukul Kangri Colle

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या ...... ४३ग / ८२
पञ्जिका संख्या २५३६२

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

મહાકવિશ્રી ન્હાનાલાલના દુઃખદ અવસાનથી ગુજરાતને જે ખોટ પડી છે તે કોઇથી પૂરી શકાય તેમ નથી. સાહિત્ય દ્વારા એમણે ગુજરાતની અમૂલ્ય સેવા કરી છે, અનેક નવજુવાનોને પ્રેરણા આપી છે. એમણે મૂકેલો એ અમૂલ્ય વારસો ભવિષ્યમાં પણ ઘણા કાળ સુધી પ્રેરણાત્મક નીવડશે. ઇશ્વર એમના આત્માને શાંતિ આપો.

(સરદાર)
વલ્લભભાઈ પટેલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિશ્રી ન્હાનાલાલ સ્મારક ગ્રન્થ

पुस्तक सं० ४३ ग
आगत सं० ८२
दिनांक २४/१/६२
गुरुकुल कांगड़ी

સંપાદન સમિતિ —

શ્રી. રામનારાયણ વિ. પાઠક
,, રવિશંકર મ. જોષી
,, ચતુરભાઇ શં. પટેલ
,, અનંતરાય મ. રાવળ
,, દુદાભાઈ ગો. ધામેલીયા

: પ્રકાશક :

રાજકોટ રાજકુમાર કોલેજ કવિશ્રી ન્હાનાલાલ સ્મારક સમિતિ
પ્રેમભક્તિ મુદ્રણાલય, પાલીતાણા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તકો મેળવવાનું સ્થાન :—
પ્રેમભક્તિ મુદ્રણાલય, પાલીતાણા.
(સૌરાષ્ટ્ર)

મુદ્રકઃ—શ્રી. દુદાભાઇ ગોવિંદભાઇ ધામેલીયા,
મંત્રી, રાજકુમાર કોલેજ કવિશ્રી ન્હાનાલાલ સ્મારક સમિતિ,
મુદ્રણસ્થાનઃ—પ્રેમભક્તિ મુદ્રણાલય, પાલીતાણા.

વિ. સં. ૨૦૦૯] :: [ઇ. સ. ૧૯૫૩

કિંમત રૂપિયા ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CHECKED 1973
Initial ....

કવિવર ન્હાનાલાલ દલપતરામ
(રાજકોટ રાજકુમાર કોલેજના તૈલચિત્ર પરથી ઉતારેલ છબી)
જન્મ તા. ૧૬-૩-૧૮૭૭.] [મૃત્યુ તા. ૯-૧-૧૯૪૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રાજકોટ રાજકુમાર કોલેજ ભાવસિંહજી મીડલ હોલમાં
કવિશ્રી ન્હાનાલાલ સ્મારકનાં પ્રતીક કવિશ્રીનું તૈલચિત્ર અને પુસ્તકોનું કબાટ
(અનાવરણ વિધિ તા. ૨૦-૩-૧૯૪૮)

" આપણી રાજકુમાર કોલેજની પ્રતિષ્ઠાની સ્થાપનામાં કવિશ્રી ન્હાનાલાલ દલપતરામનું નામ પવિત્ર પ્રકાશથી ઝળહળે છે એ આપણે ગૌરવ લેવા જેવું છે. ગુજરાતના તે કવિસમ્રાટને માટે આપણે જે કંઈ કરીએ તે ખરી રીતે તો શ્રી સરસ્વતી મંદિરમાં શારદાના સાચા ભક્તની આપણે કદર કરીએ છીએ અને તેથી આવી તકને આપણા જીવનની ધન્ય ઘડી સમજવી જોઇએ "

નટવરસિંહ
(મહારાણા સાહેબ, પોરબંદર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન.

અર્વાચીન ગુજરાતના કવિશ્રેષ્ઠ ન્હાનાલાલ દલપતરામ કવિ રાજકુમાર કૉલેજ રાજકોટ માં ઇ. સ. ૧૯૦૩ થી ૧૯૧૩ સુધી અધ્યાપક હતા. એમના તા. ૯–૧–૧૯૪૬ ના રોજ થયેલ સ્વર્ગવાસના સમાચાર જાણી રાજકુમાર કૉલેજમાં એમનાં શિક્ષણ અને સહવાસનો લાભ પામેલા એમના વિદ્યાર્થીઓએ પોરબંદરના નામદાર મહારાણા સાહેબ શ્રી. નટવરસિંહજી સાહેબના નેતૃત્વ નીચે કવિશ્રીનું ઉચિત સ્મારક યોજવા જે સમિતિ નીમી તેણે તે કાર્ય અર્થે યોગ્ય ભંડોળ એકઠું કર્યું. પોરબંદરના એ. ડી. સી. કુશળ કળાકાર કેપ્ટન શ્રી ખેરના હાથે તૈયાર કરાવી નામદાર મહારાણા સાહેબે સમિતિને ભેટ આપેલ સદ્‌ગત કવિશ્રીનાં તૈલચિત્રનો અનાવરણ વિધિ તેઓશ્રીના શુભહસ્તે રાજકુમાર કૉલેજના ભાવસિંહજી મીડલ હૉલમાં થઈને તેની નીચે કવિશ્રીનાં પુસ્તકોનું એક સુશોભિત કળામય કબાટ મૂકવામાં આવ્યાં છે. આ ઉપરાંત કવિશ્રીનાં જૂનાં તથા નવાં પુસ્તકોનું પ્રકાશન સરળ રીતે થઇ શકે તે હેતુથી સમિતિ તરફથી 'પ્રેમભક્તિ મુદ્રણાલય'ની સ્થાપના કરવામાં આવી છે. અત્યાર સુધીમાં બે વર્ષ દરમીયાન કવિશ્રીનાં ચૌદ જૂનાં અને 'શ્રી હર્ષદેવ' તથા 'અજીત અને અજીતા' એ બે અપ્રસિદ્ધ નવાં પુસ્તકો એ મુદ્રણાલયમાં છપાયાં છે. સમિતિએ પાલીતાણાના નામદાર મહારાજા સાહેબ શ્રી. બહાદૂરસિંહજી સાહેબની દરખાસ્તથી 'કવિશ્રી ન્હાનાલાલ સ્મારક ગ્રન્થ' પ્રગટ કરવાનું પણ નક્કી કર્યું હતું, તે મુજબ આ ગ્રન્થ ગુજરાત સમક્ષ મૂકતાં સંતોષ અને આનંદ થાય છે.

આ સ્મારક ગ્રન્થને માટે તે વેળાના ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ અને રાજકુમાર કૉલેજ, શામળદાસ કૉલેજ, ગુજરાત કૉલેજ તથા વડોદરા કૉલેજના ગુજરાતીના અધ્યાપકોની એક સંપાદન–સમિતિ રચવામાં આવી હતી. એ સમિતિ તરફથી ગુજરાતના સૌ સાહિત્યકારો અને સાહિત્ય રસિકોને પત્રિકા તથા વર્તમાનપત્રો દ્વારા 'કવિશ્રી ન્હાનાલાલ સ્મારક ગ્રન્થ' માટે તેમનાં સંસ્મરણો, કાવ્યાંજલિ અને લેખો મોકલવા વિનંતિ કરવામાં આવી હતી, એ વિનંતિને માન આપી જેમણે પોતાનાં લેખો ને કાવ્યો મોકલી સદ્‌ગત કવિશ્રી પ્રત્યેનો પોતાનો આદરભાવ વ્યકત કર્યો છે એ સહુના સહકાર માટે સમિતિ દરેકનો હૃદયપૂર્વક આભાર માને છે. આ સ્થળે એટલું ઉમેરતાં દુઃખ અનુભવાય છે કે અમુક સ્થળોએ ત્રણત્રણ વાર વિનંતિ પત્રો મોકલવા છતાં, ધારણા મુજબની લેખ સામગ્રી મળી શકી નથી, અને તેટલા પૂરતો સ્મારક ગ્રન્થ વિપુલ કે સમૃદ્ધ બની શકયો નથી. તેમ પ્રકાશન અંગે કંઇક વિલંબ પણ થવા પામ્યો છે. આમ છતાં, તેમાં જે સામગ્રી રજૂ થાય છે એ કવિશ્રીને ઉચિત અંજલિરૂપ અને અભ્યાસીઓ તથા સાહિત્ય રસિક જનતાને કવિશ્રીનાં જીવન અને કવન વિશે ઉપયોગી માહિતી આપે તેવી છે, એ હકીકત પણ સંતોષ લેવા જેવી છે.

આ સ્મારકગ્રન્થના સંપાદન માટે સંપાદન સમિતિના સભ્યોનો આભાર માનુ છું. વ્યવસાયવશાત્ મારે રાજકોટ રહેવાનું અને પાલીતાણામાં મુદ્રણ કાર્ય થતું તેથી કેટલાક મુદ્રણ દોષ રહી ગયા છે; આ ક્ષતિ ઉદારભાવે નિભાવી લેવા વિનંતિ છે.

પ્રેમભક્તિ મુદ્રણાલય,	દુદાભાઈ ગોવિંદભાઈ ધામેલીયા
પાલીતાણા (સૌરાષ્ટ્ર)	મંત્રી, રાજકોટ રાજકુમાર કૉલેજ
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૦૯.	કવિશ્રી ન્હાનાલાલ સ્મારક સમિતિ.

નોંધ:—ગ્રન્થમાં નીચે સહી વિનાના છપાએલ લખાણો કવિશ્રી ન્હાનાલાલનાં સમજવાનાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

	નિવેદન		૩
	અનુક્રમણિકા		૪
કાવ્યાંજલિ	કાવ્ય	કવિ	પાનું
૧.	કવિવર ન્હાનાલાલને પુણ્યાંજલિ	શ્રી. લલિતજી	૩
૨.	સ્વસ્તિ તને !	,, સુન્દરમ્	૩
૩.	સિધાવો, કવિ !	,, મનસુખલાલ ઝવેરી	૪
૪.	મહાકવિ ન્હાનલ.	,, રામમોહનરાય જ. દેશાઈ	૫
૫.	વીરાંજલિ	, બાલમુકુન્દ દવે	૬
૬.	કવિવર નાનાલાલના મૃત્યુદિને	,, ઉશનસ્	૭
૭.	વંદન કવિવર નાનાલાલ	,, ત્રિભુવન વ્યાસ	૧૦
૮.	ઓ સુધાના ચંદ્ર	,, લાભશંકર નાથજી ત્રિવેદી	૧૧
૯.	કવિવર ન્હાનાલાલ	,, દેવશંકર ના. મહેતા	૧૧
૧૦.	કવિવર નાનાલાલને	,, ઉપેન્દ્ર પંડ્યા	૧૨
૧૧.	'પ્રેમભક્તિ'ના અક્ષર આત્માને	,, કુસુમાકર	૧૨
૧૨.	રસર્ષિની બ્રહ્મદીક્ષા	,, 'ભાનુ'	૧૩
૧૩.	નંદનવનનું પંખી !	,, 'શશિન્' ઓઝા	૧૩
૧૪.	ગુર્જરી કવિતાને	,, રમણ કોઠારી	૧૩
૧૫.	તેજરે ગયું ને તખત રહી ગયું	,, સુધાંશુ	૧૪
૧૬.	સ્મરણાંજલિ	,, ત્રંબકલાલ માણેકલાલ શુક્લ	૧૪
૧૭.	અર્ઘ્ય	,, કવિ સાવદાનજી	૧૫
૧૮.	રાજહંસ	,, આનન્દ કવિ	૧૬
૧૯.	અર્ઘ્ય	,, જયન્ત ન્હા. કવિ	૧૭
૨૦.	રસર્ષિને	,, રાજેન્દ્ર મો. ઝવેરી	૧૭
૨૧.	બેરસ તું જાતાં બધું	,, કુંચાલા નરહરદાનજી	૧૮
૨૨.	અંજલિ	,, ફુલચંદભાઈ ઝ શાહ	૧૮
૨૩.	કવિશ્રી ન્હાનાલાલને	,, હસમુખરાય કેશવલાલ ત્રિવેદી	૧૯
૨૪.	અંજલિ	,, જયન્ત પાઠક	૨૧
૨૫.	ધન્યોઽસિ	,, યોગી	૨૧
૨૬.	અર્ઘ્ય	,, ઓધવજી નારણભાઈ ટાંક	૨૨
૨૭.	રસર્ષિ ન્હાનાલાલને અંજલિ	,, મોરારજી લાલજી ઓઝા	૨૪
૨૮.	કવિસમ્રાટ્ શ્રી ન્હાનાલાલ પ્રશસ્તિ	,, શાસ્ત્રી મંગલજી હરજિવન	૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મરણાંજલિ લેખ	લેખક	પાનું
૧. સ્વર્ગસ્થ કવિ નાનાલાલ	દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી	૩૩
૨. કેટલાંક સંસ્મરણો	શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક	૩૫
૩. સ્મરણોના ભણકાર	,, વિજયરાય ક. વૈદ્ય	૪૧
૪. ફકીર બાદશાહ	,, શંકરદત્ત શાસ્ત્રી	૪૩
૫. નરપુંગવ નાનાલાલ	,, શાન્તિલાલ ઠાકર	૪૮
૬. વિશ્વસંસ્કૃતિના પુરોહિત	,, વિષ્ણુભાઇ મ. ભટ્ટ	૫૧
૭. સ્વ. કવિકાકાનું પુણ્યસ્મરણ	,, પુરાતન બુચ	૫૯
૮. કવિશિરોમણિ ન્હાનાલાલ	,, જગજીવન શિવશંકર ત્રિવેદી	૬૧
૯. કવિવરનાં સંસ્મરણો	,, ભાઈશંકર કુબેરજી શુકલ	૬૪
૧૦. સૌરાષ્ટ્રનું રાજકીય મંડાણ અને કવિસમ્રાટ	,, હકમીચંદ જસાણી	૬૫
૧૧. યુવક પ્રવૃત્તિના આગેવાન ન્હાનાભાઇ	,, રમણીકલાલ જયચંદભાઇ દલાલ	૬૭
૧૨. કવિશ્રીનાં મારાં સંસ્મરણો	,, ડૉ. જહાંગીર બી. દોરડી.	૬૯
૧૩. કવિસમ્રાટનાં સ્મરણ-સંભાર	,, 'અનામી'	૭૩
૧૪. રસબ્રહ્મના આજીવન ઉપાસક	,, દામોદર કેશવજી ભટ્ટ	૭૯
૧૫. સાહિત્યક્ષેત્રના કેસરીસંઘના ગોવાળ	,, જેઠાલાલ મોહનલાલ બારોટ	૮૪
૧૬. પાંચજન્યની ભવ્યતા	,, જયમનગૌરી પાઠકજી	૮૯
૧૭. કવિવરને અંજલિ	,, ભોગીન્દ્ર ન્હાનાલાલ ભટ્ટ	૯૧
૧૮. બે પ્રસંગો	,, દામુભાઇ શુકલ	૯૩
૧૯. કવિશ્રીના કેટલાક સ્મરણો	,, લાભશંકર પ્ર. ભટ્ટ	૯૪
અર્ઘ્યાંજલિ		
૧. કવિશ્રી ન્હાનાલાલ	,, હિંમતલાલ ગણેશજી અંજારિયા	૧૦૭
૨. કવિશ્રી ન્હાનાલાલ અને આંગ્લકાવ્ય સાહિત્ય	,, પ્રો. ફીરોઝ કાવસજી દાવર	૧૧૨
૩. કવિ ન્હાનાલાલની વિશિષ્ટતા	,, રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી	૧૧૯
૪. વસન્ત વૈતાલિકની વિદાય	,, ઉમાશંકર જોષી	૧૨૨
૫. વસન્તોત્સવ (એક ઉપમાકાવ્ય)	,, ડોલરરાય રંગીલદાસ માંકડ	૧૨૫
૬. ગુજરાતનો અર્વાચીન મહાનકવિ	,, સુન્દરમ્	૧૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખ	લેખક	પાનું
૭. કવિશ્રીની કાવ્યભાવના	શ્રીઅનંતરાય મ. રાવળ	૧૩૭
૮. રસસિદ્ધ કવીશ્વર	,, મંજુલાલ ર. મજમુદાર	૧૪૬
૯. કીર્તિમંદિરમાં કવિનું સ્વાગત	,, રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક	૧૫૦
૧૦. ન્હાનાલાલ–સુંદર, ભવ્ય અને અતીન્દ્રિય	,, ચતુરભાઇ શં. પટેલ	૧૫૨
૧૧. 'દ્વારિકા પ્રલય'–એક પત્ર પ્રશસ્તિ	,, હર્ષદરાય દેસાઇ	૧૬૦
૧૨. કવિ ન્હાનાલાલની સૌન્દર્યભાવના	,, દુદાભાઇ ગોવિંદભાઇ ધામેલીયા	૧૭૫
૧૩. કવિશ્રી ન્હાનાલાલ અને ગુર્જરીનું ગૃહસૌન્દર્ય	,, રમણિક અ. મહેતા	૧૮૧
૧૪. ડોલનશૈલીનું સાર્થકય	,, ધીરૂભાઇ ઠાકર	૧૯૪
૧૫. મહાકવિશ્રી નાનાલાલનું રસદર્શન	,, ઇન્દુમતીબહેન મહેતા	૨૦૨
૧૬. સંગીત–કલ્પ ડોલન	,, જયંત શા. જોષી	૨૦૬
૧૭. કવિશ્રીની અખંડ તપશ્ચર્યા	,, જયોત્સ્નાબહેન શુકલ	૨૨૨
૧૮. રસકવિ ન્હાનાલાલ	,, ઇન્દ્રવદન કાશીનાથ દવે	૨૨૫
૧૯. 'વિશ્વને રાજ વધાવા'	,, 'શશિન્' ઓઝા	૨૩૦
૨૦. કેટલાંક કાવ્યો ભાગ ૨ એક રસદર્શન	,, રમણલાલ જે. જોષી	૨૩૬
૨૧. રસદર્શી કવિ	,, ચૈતન્યબાળા જયેન્દ્રભાઈ દીવેટિયા	૨૪૩
૨૨. શાહાનશાહ અકબરશાહ એક પ્રશસ્તિ	,, રજનીકાન્ત કેશવલાલ દવે	૨૪૬
૨૩. સંઘમિત્રા : એક અભ્યાસ	,, કપીલા લક્ષ્મીકાન્ત વ્યાસ	૨૪૯
૨૪. રસકોકિલ કવિ નાનાલાલ	,, પ્રાણજીવન જોશી	૨૫૪

નિવાપાંજલિ (વર્તમાનપત્રોમાંથી ઉતારા) ૨૫૭–૨૯૪

અર્પનાર:—

સરદાર વલ્લભભાઇ પટેલ, શ્રી. કનૈયાલાલ મુનશી, પ્રો. રવિશંકર જોષી, શ્રી. ઉમાશંકર જોષી, પ્રો. દાવર, પ્રો. અનંતરાય રાવળ, શ્રી. વા. મો. શાહ, પ્રો. ઝાલા, પ્રો. ધામેલીયા, શ્રી. રામચંદ્ર શુકલ, શ્રી. મોહિનીચંદ્ર, ગુજરાત સાહિત્ય સભા—અમદાવાદ, ભરૂચ ગુજરાતી સાહિત્ય સભા, 'ગૂજરાતી', 'પ્રજાબંધુ,' 'સંદેશ.' 'ગુજરાત સમાચાર,' 'પ્રભાત,' 'ફૂલછાબ,' 'પ્રતાપ,' 'ભાવનગર સમાચાર,' '**हिन्दुस्तान,**' 'બકુલ,' 'જ્યોતિર્ધર,' 'ખેડા વર્તમાન,' 'રાજહંસ,' 'આર્યસંદેશ,' શ્રી. વાસુદેવ રામચંદ્ર, 'જન્મભૂમિ'.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસ્વતીસ્તોત્ર

શારદે ! સુભગે ! પ્રસન્ન હો !
જ્ઞાનપંખિણી ! ભાવઅંખિણી !
સુપ્રભશુભ્રા, વર્ચસ્વઅભ્રા, કુમારિકે !
શારદે ! સુભગે ! પ્રસન્ન હો ! ૧.

બ્રહ્મદર્શિની, બ્રહ્માંડસ્પર્શિની, નિતાન્તહર્ષિણી;
કલ્યાણી, ગ્રન્થપાણિ, મહાવાણી;
ગિરાગૌરવેશ્વરી !
સૌન્દર્યમંડન, અશુભવિખંડન, શોભાશોભને !
વિશ્વવીણાધારિણી, અખિલભુવનવિહારિણી;
ધર્મટંકારકારિણી, ગમ્યઅગમ્યતારિણી;
સન્તમહન્તઉદ્ધારિણી;
હંસવાહિની, ગહનહાસિની, સૌદામિની !
મહામનોરથા, બ્રહ્મલાડિલી !
શ્રેયસ્દા, પ્રેયસ્દા;
રસદા, શુભદા; ઉર્જિતા, આયુર્દા;
શારદે ! સુભગે ! પ્રસન્ન હો ! ૨.

જનતાવન્દિની, ઋષિઆનન્દિની, આનન્દનન્દિની,
જયધ્વજી !
કવિતાકાન્ત, નિત્યનિર્ભ્રાન્ત, પ્રભાતપ્રશાન્ત;
જોગેશ્વરી, ભોગેશ્વરી, વાગીશ્વરી;
પુણ્યમુદ્રા, લોકભદ્રા, બ્રહ્મચારિણી !
શારદે ! સુભગે ! પ્રસન્ન હો ! ૩.

(કવિવર ન્હાનાલાલ લેખિત 'હરિસંહિતા'માંના અષ્ટમ મંડળમાં નાલન્દભૂમિના બ્રહ્મચારી બ્રહ્મચારિણીઓનું ગીત.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રળિયામણો માનવગઢ

(ઢાળ: સાહેલી રે ! આંબો મ્હોરિયો.)

એક માનવગઢ રળિયામણો; એને આંગણ સૂરજચન્દ; માનવગઢ રળિયામણો.
દિન ઉગતાં ત્ય્હાં દિલમાં દીવા થતા; કુળમાં દેવપૂજાના આનન્દ; માનવગઢ રળિયામણો. ૧.

જ્ય્હાં આદર પામે ઉરઉરના બ્રહ્મ બ્રહ્મજ્ઞ સાધુ ને સન્ત; માનવગઢ રળિયામણો.
પુણ્ય-પુણ્યના જ્ય્હાં ફૂલછોડ છે; જ્ય્હાં પાંગરે આત્મવસન્ત; માનવગઢ રળિયામણો. ૨.

ભર્યાં ઓરડા જગની વિભૂતિએ; જગદંબા ગોત્રજને ગોખ; માનવગઢ રળિયામણો.
ગુણુપૂજન લોકકલ્યાણનાં; હૈયે અતિથિઆતિથ્યના શોખ; માનવગઢ રળિયામણો. ૩.

જેને બારણે સજનોની મેદની; જેને ઓટલે લોકવિશ્રામ; માનવગઢ રળિયામણો.
જેના ચોકમાં ચારુતા ચાલતી; લોકભાવનાં ધીંગડ ધામ; માનવગઢ રળિયામણો. ૪.

ઝબકે વીજળ શી અનભેની આંખડી, એની દૃષ્ટિના દોર ઉદાર; માનવગઢ રળિયામણો.
પરબ્રહ્મની સત્કારે પ્રેરણા; એનાં ધરતી ને હરિ આધાર, માનવગઢ રળિયામણો. ૫.

જ્ય્હાં લજ્જાવતીનાં અંગે ઓઢણાં; જ્ય્હાં સાત્ત્વિકતાનાં ખાનપાન; માનવગઢ રળિયામણો.
પમરે પરગજુનાં બહુમાનથી; સજ્જન-સજનીનાં જ્ય્હાં સન્માન; માનવગઢ રળિયામણો. ૬.

માનુભાવના મહેકે મનોરથો; જ્ય્હાં પુણ્યપરાગ પૂજાય; માનવગઢ રળિયામણો.
ધીર વીર ધીમન્ત ધુરા ધરી, લોકધાની હાકલે જેહ ધાય; માનવગઢ રળિયામણો. ૭.

ગુણીજનને સદાનાં આમન્ત્રણો; ગુણાવળથી સોહન્તાં જ્ય્હાં રૂપ; માનવગઢ રળિયામણો.
નવવસન્ત વધાવાના ઓરતા; ઉરઉરમાં હરિવરના ધૂપ; માનવગઢ રળિયામણો. ૮.

જેની મુદ્રામાં મુદ્રા છે ભદ્રની; જેનાં નયણે નમણાં સૌજન્ય; માનવગઢ રળિયામણો.
એવા વસુધાના વસુ શા સોહામણા શીલનાં સૌજન્યધામ ધન્ય ધન્ય; માનવગઢ રળિયામણો ૯,

કવિવર ન્હાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્યાંજલિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિવર ન્હાનાલાલને
પુણ્યાંજલિ



કવિવરે ન્હાનલે, અવગણ્યાં દુઃખને
સખ્ય ને સૌખ્ય, સંસારઃ માણ્યાં !
ધર્મપત્ની સહિત ગુર્જરીમાં ઘૂમ્યાં !
દમ્પતી દેવસમ, પુનિત નીવડ્યાં !

નયન, વદને કરે; ચરણથી અનુસર્યા
સંત-સંજીવનને, ચરિત ઉજળે !
લગ્નસ્નેહોત્સવે, લાડિલાં લ્હેરતાં–
સાભ્રમતી, રાજનગરે જ હિન્દે !

ક્રાંતદ્રષ્ટા કવિ ! નવયુગે, નીરખતો !
મન—હૃદય દેશનાં તું, જગવતો !
જીવનભર જાગૃતિ, વિજયડંકે, ધરી,
બૃહદ્ ગુજરાત, સંગીત ગજવતો !

મંગલોત્સવ મહામૃત્યુનો ઉજવિયે:
સ્નેહઃ આનન્દઃ સૌન્દર્યઃ ઝીલિયે !
આંસુ સાર્યાં લુછ્યાં નહિ વિરલ વ્યક્તિયે !
પુણ્યની અંજલિ ત્યાં જ ધરિયે !

લલિત

સ્વસ્તિ તને !

સ્વસ્તિ તને ગુર્જરકુંજ–મોરલા,
લોકાન્તરોના તવ પંથ ઉત્તરે,
તુષ્ટિ અમારી તવ સંગિની હજો.

કૂજ્યું કવ્યું તેં રસવંત હે કવિ !
લડાવી તેં ગુર્જરી લાડકોડથી,
અચ્છોદનાં ઉજ્જવલ શબ્દપદ્મથી
વાગીશ્વરી તેં અરચી શું હંસ થૈ.

કહે કવિ, કાવ્યરસજ્ઞ કોણ જે
રીઝ્યું ન તારાં બહુરંગ કાવ્યથી ?
કો મિષ્ટ સંમોહનથી હરેક્નું
આમંત્ર્યું તેં અંતર તારી કુંજમાં.

ગભીર રત્નાકર કેરી છોળ શા,
તેં ભૂમિનો આ તટ મૌક્તિકે સજ્યો,
અનંતના એ રસસાગરેથી
તું આચમાવી અહીં અંજલિ ગયો.

સ્વસ્તિ તને, ઉન્નતકંઠ હે કવિ !
પ્રસન્ન એ શારદ તારી પૂર્ણિમા
અક્ષીણ રહેજો અહિયાં પ્રકાશી;
ને પામી તારાં સહુ ઈષ્ટ ધામ,
દેવોતણું અમૃત રહો તું પ્રાશી.

સુન્દરમ્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિધાવો, કવિ !

તમે કવિ! ગયા? લીધો તમે પન્થ અનન્તનો,
લીધો જે પૂર્વજોએ ને આર્યચિત્ત પિતામહે?

રે! હવે ન્યહાળવાના ના અમારે કદિ આપને?
કે રહ્યું સુણવું હાવાં તમ નિર્મુક્ત હાસ્યને?
સ્રોત શારદનો થંભ્યો? વીણા વાણીની આપની,
બની મૂંગી? ફરી શું એ હવે ના બજવી કદિ?
કવિ! શું કાલકેરા આ અણુસીમ પરાવરે,
જીવનક્ષણુની લીલા તમ આજે સમાપતી?

*

હા! લીલા ક્ષણુની! કિન્તુ લીલા કેવી લલામ એ?
–પ્રકટી નશ્વરેથી જ્યાં શાશ્વતી આત્મની કલા?
રસસિદ્ધ તમે સર્જી સૃષ્ટિ શોભન કાવ્યની,
જ્યાં સદા સ્નેહમાંગલ્યે વાગીશ્વરી વિરાજતી,
હિંડોળો ઝૂલતો ઝાકમઝોળ જેમાં વિરાટનો,
ને જહીં પુણ્યની પાળે રસસાગર લ્હેરતો.
હિમાળી રાત્રિમાં આપે આપ્યા કોલ વસન્તના,
જીવન ક્ષણિકે ગાયાં મીઠાં ગીત અનન્તના.
આશા, ઉત્સાહ ને નવ્ય વસન્તમંત્રથી ભરી,
આપની સૃષ્ટિને મૃત્યુ શકે શી વિધ સંહરી?
જીવનક્ષણુ કેરો એ કવિ! વિજય છે વડો,
કે હેલામાં તરે ઘોર મહાસાગર મૃત્યુનો.
જરા કે મૃત્યુનો તેથી હોયે શો ભય આપને,
સાન્તમાં પરખ્યો જેણે પુણ્યવર્ણો અનન્તને?

*

સિધાવો, કવિ! જે માર્ગે સિધાવ્યા આર્ય પૂર્વજો,
જન્મમૃત્યુજડેલા આ દેહનો ખેદ હોય શો?
પોઢી પાનખરે, પાછાં વર્ષાના વેણુનાદથી
જાગીને જીવનો, વૃદ્ધિક્ષયને વશ વર્તતાં,
જૂનાંની ભસ્મમાંહેથી નવાંને પ્રકટાવતાં,
એ માર્ગે હરિનાં પ્રેર્યાં જતાં સૌ ઉન્નતિક્રમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિધાવો હરિના વ્હાલા! સ્વીકારો હરિ આપનું,
પનોતું પ્રાણનું પદ્મ મ્હેકતું જે દલે દલે.

*

ને અહીં? દિવસો જાશે; વર્ષો યે વીતશેઃ અને,
અવિશ્રાન્ત ફરી રહેશે સૃષ્ટિનો નિયતિક્રમ.
ને મહાકાલ કેરાં આ સાગરે કૈંક ઊઠશે.
આવર્તો, બુદ્‌બુદો નાનામોટા યે કૈંક નાચશે;
ને ધરી નિજ હૈયામાં ગહન વ્યોમની છબિ,
ક્ષણ બે ક્ષણ સૌન્દર્ય નભલક્ષ્મીનું દાખવી,
જશે બુદ્‌બુદ; રંગો યે જશે; સાગર લ્હેરશે.
એકલો, અવધિવ્હોણો અણુસીમ, અનન્ત એ.
ત્યારે યે ગુર્જરી વાણી સ્મરશે આપને કવિ!
ગયો બુદ્‌બુદ, તોયે આ રંગો જેના ગયા રહી!

મનસુખલાલ ઝવેરી

મહાકવિ ન્હાનલ.

વાહી શીળી ઉરલહરિઓ ગીત સ્રોતે ઝીલેલી,
માંહી કુંળી સુરવહિનીઓ, કાવ્યકુંજે ખીલેલી;
અર્પી આત્મન્‌-રસ અમરની ઉર્મીઓ સુમધુરીઃ
સાહિત્યે ને સમાજે, અનુપમ, વિમલા **પ્રેમભક્તિ** ભરેલી.

ત્યાગી પ્રીતે, તપ જીવનમાં, દોષસ્પર્શી રમાશી,
કીધી જેણે, રજનિદિન, છે સાધના શારદાની;
સદ્‌ભાવોની, સતત દિલની રેલવી પુણ્યલ્હાણી,
સત્યે, સ્વાતંત્ર્યશાળી, અણુનમ, વીરલો, ઉર્ધ્વ પંથે પ્રવાસી.

આર્યાવર્તે, કવિવરદ્વયી*, પૂર્વમાં ઉતરે છે,
કુજમાં મીઠાં મંનુમીલનને ધર્મ ઉત્કર્ષ જેણે,
સંગે એની, ત્રિપુટી શિખરે, ગુર્જરીલાલ રાજે,
ઉંચા કલ્યાણ, જન ઉદય સદા, સાધિયો એ વિરાટે.
દષ્ટિ વ્યોમે ખગપતિ-વને સ્વામીની ફાળ-જેવીઃ
સાફલ્યે શક્તિ સેવી, કવિજયની મહા, **ન્હાનલે** ભવ્ય એવી.

રામમોહનરાય જ. દેસાઈ.

---

* ટાગોર અને ઈકબાલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીરાંજલિ

ખજાના ખૈરાત કરી, ખુમારીને ખોળે રામ !
ભડ પુરુષ ગિયો પોઢી જી
શાલ ને દુશાલા હોવે ઈને કાજે ઓછા રામ !
આતમની જીણે ચાદર ઓઢી જી.

અગરુ ને ચંદન ઈને કાજે ઓછાં રામ !
પોતે એક પરિમલ રૂપી જી
અઢળક ઢોળી તોય જીની કને છૂપી રામ !
કવિતાની કસ્તૂરીની કૂપી જી.

સાબરને તીર રૂવે શિયાળુ સમીર રામ !
ઉષાની આંખ રૂવે રાતી જી
ગરવી ગુજરાત રૂવે ડૂસકે ને ધ્રૂસકે
લાખેણા પુતરની ખોટ ખાધી જી.

રુદિયાં રોવે તો ભલે રોવે રોવે રોવે રામ !
નેણાં ! તમે નીર મત ખોવો જી.
આઘાં કરી આંસુ એનો આજુથી અખંડ દીવો
ભીંતરુમાં જલે એને જોવો જી !

અંધારાં આછર્યાં ને વાયાં વાયાં વહાણાં રામ !
જીવનભર ગાયાં જીનાં ગાણાં જી
આછાં આછાં ઊતરે જો 'હરિ' તણાં હેરિયાં
તેજોમાં તેજ હો સમાણાં જી.

બાલમુકુન્દ દવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિવર નાનાલાલના મૃત્યુદિને

(વ્યસ્ત વિયોગિની)

ગુજરાતની આમ્રરાજિ આ
  થઈ આજે ગઈ શાંત નિઃસ્વન !
નિતના પરિચિત તે ' ટુહૂ '
  વિણુ સૂનું સૂનું રે પડયું વન ! ૧

અહ ! પ્રાણ ગયો વિલાસનો,
  પળતાં સુહૃદ તે વસંતનો;
જયમ પ્રાણ જતાં અચેતન
  ઢળતો દેહ, પડયું તથા વન ! ૨

સૂનકાર કશો જ આ વને.
  ચતુરંતે ! અહ ! કારમું કશું,
પ્રસર્યું વનખિન્નમાં મૂંગું
  ઉરભેદી અતિદીર્ઘ ડૂસકું ! ૩

વનનો પલપૂર્વનો ધીરો
  મદીલો સુસ્ખલિતાલસાનિલ
મધુગંધી પણ તું જતાં, વહે
  વનના દીર્ઘ નિસાસ શો જ તે ! ૪

અયિ મારા પ્રિયપંખી કોકિલ !
  મુરઝાઈ ગયાં ફૂલો, લતા,
તરૂઓ આ, વનરોમરાજિ શાં.
  અતિમંદ થયા પ્રવાહ સૌ; ૫

કલગાનો વળી પંખીનાં શમ્યાં !
  ગઇ વ્યાપી સઘળે જ વેદના !
અતિ મૂંગી કરૂણાર્ત રોદના ! ૬

  સ્મરચાપ જયધ્વનિ સમો,
જયહીં પ્હેલો ટુહૂકાર તાહરો,
  કંઇ વર્ષ પૂરા શ્રુણાયલો :
મૂલકંપિત હારી સૌ ગયા,
  વનશાયી ચિર શિશિરસ્તરો ! ૭

વનમાં વરતાવી શાસન
  મધુનું મંગલ, તેં ટુહૂરવે
નવરંગફૂલે, પરિમલે,
  શણગાર્યું શીતશીર્ણ કાનન ! ૮

અવ જે વિજયોત્સુકાનન,
  રહ્યું સ્પર્ધી સહ દેવતાવન ! ૯

સ્વરથી પ્રગટાવિયો મધુ;
  અયિ મારા પ્રિયપંખી કોકિલ !
ફૂલ ફાગણની કટોરિયે,
  પ્રતિકુંજે પ્રગટયો મધૂત્સવ. ૧૦

ડરતી ટુહૂકારથી તવ,
  શિશિરો જે અતિરૂક્ષ ભીષણ;
કરતી વનની પ્રદક્ષિણા
  બહિરે રક્ષી દશાંગુલાંતર !
મહીં તો તારૂં જ સ્વૈર શાસન ! ૧૧

પણ, આજ જતાં તું હે સ્વર !
  રખવાળું ય વસંતનું ગયું !
વનના સહુ દુર્ગદ્વારમાં
  ધસી આવંત નિહાળું પાનખર ! ૧૨

' ટુહૂ ' આદ્ય શ્રુણ્યો પુરા તવ;
  થયું : આવ્યો ઋતુરાજ નિશ્ચલ;
શિશિરો ગઇ તે ગઈ જ તે;
  અવ તો શાશ્વત ફુલ્લ ઉજ્જવલ
મધુનું શાસન શુદ્ધ કેવલ ! ૧૩

મધુ આવો નવ હોય ચંચલ:
  પણ તે તું ય ગયો; અહો, ગતિ ! ૧૪

ચિરયોગથી તું સહુ ઉરે,
  મધુનો મિત્ર, મનોજથી જુદો,
ઠરિયો; મધુએ સ્વયં તને
  દીધું અર્ધું નિજ સંગ આસન :
વનમાં આ ત્રણનાં જ શાસન ! ૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુ વૈભવથી, ફૂલે સ્મર
જયી તારો ત્યમ તે ટુહૂસ્વર;
અવ તે ખાલી:જ અર્ધ આસન ! ૧૬

મધુમિત્ર છતાં ય તાહરી
નવમૈત્રી મધુમિત્ર કામ શું
તવ ગાન વિશુદ્ધ નંદનાં :
પણ તે યુદ્ધગીતો બન્યાં અહો;
કુસુમાયુધ સંગ ભેરીનાં !
મધુમિત્ર સ્મરતો રિપુ, અહો ! ૧૭

નહિ તો, કશી રે, દશા થતે
સઘળાં આ નરનારીઓ તણી ?
મધુદર્શનથી જ જે થતાં,
અતિશે વિહ્વલચિત્ત; તેહશું.
સ્મરચાપશરોના સંગમાં,
તુંય જો, જયારવ શો સહાય થૈ,
મચિયો હોત !–વિમાસું, કે– અહો !
અવિષહ્ય એકેકું યે, ત્યહીં,
ત્રયી સામે કશી નારીની ગતિ ? ૧૮

પૃથિવીપટ આણવો હતો
અમરોનો અણમૂલ બાગ તે,
સહુ કાલ વસંતશાસિત,
અમરોનો શુચિશુદ્ધ ફાગ તે;
નીરખેલો નિજ દિવ્ય ચક્ષુથી;
બસ તે ગાઈ ગયો ગળું ભરી !
અવ સૂનીસૂની કુંજ ગુર્જરી ! ૧૯

તું ગયો જ. ઘડી પછી વળી
વનનું આ કુસકૂ વળી જશે;
જગની વણઝાર પૂર્વવત્
બઢશે; ફૂલલતા ય ખીલશે.
સઘળું ય ફરી અહીં હશે;
અપિ પંખીજન, તુંજ ના હશે ૨૦

મધુવૃત્ત જશે, વળી ફરી,
મધુનું શાસન આવશે નવું :
પણ ક્યાંથી તવ પિકનું 'ટુહૂ' ?
અતિ દીન દશા મૂકી કરી
સઘળી આ ગુજરાતણો તણી ! ૨૧

અહ ! કંઠ રહ્યો; ગયું ગીત,
સહુ તારૂં અયિ ગુર્જરી દીના:!
શરદુત્સવ ને મધૂત્સવ
અવ તારે સઘળું વિડંબના ! ૨૨

નવ નારીનું માત્ર તું હતો
ગીત, રે તું વળી ઋત્વિજે હતો.
તું જતાં સઘળું ગયું સ્ત્રીનું;
ઋતશ્રી ગુર્જર લગ્નયજ્ઞની. ૨૩

તું હતો સ્મૃતિકાર લગ્નનો
મનુ, તેં લગ્ન જયાજયંતનું
રચી, કામ કીધો પરાભૂત;
ફરીથી, જેમ હરે ય એક દી ! ૨૪

જુદું રાઘવમૈથિલી થકી;
જુદું રાધાવરરાધિકાથી યે;
જુદું શંકરપાર્વતી થકી;
અતિ અદ્વૈત જયાજયંતનું. ૨૫

નગરાજ સમાન તુંગ જે,
અતિ શુભ્રાયત ઉજ્જવલામલ;
તવકીર્તિવપુ તે સુનિશ્ચલ;
નવ સ્પર્શી જ શક્યું ય મૃત્યુ યે ! ૨૬

હરી ચાલ્યું તવ રૂગ્ણદેહને,
અતિશે કાતર કો શૃગાલ શું ! ૨૭

હર શો તવ શુભ્ર તે યશ
ભણી તે, અટ્ટ હસી રહ્યો દિશિ;
પડયું કાળું કુપ્રતિષ્ઠ સ્તેન શું ! ૨૮

કવિ, જે તવ સર્જના વિષે
પૃથિવી દ્યૌ મળી એકમેકમાં;
ઘર ને ઘરઓસરી સમાં
અમથાં અમથાં જવાય, ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી પાછાય અવાય, ત્યાં હવે
તવ ઇષ્ટામરરાજની સભા—
મહીં સ્થાપ્યો કવિમુખ્ય છે તને. ૨૯

કવિ હે! તવ રાજહંસને,
અતિ ઊર્ધ્વોર્ધ્વ અસીમ વ્યોમના,
ચિર વાંછિત શુભ્ર માનસે
મળી છે આખિર નોતરાં ગયાં. ૩૦

અવ તો તવ સંનિધિ મહીં,
સઘળું, રે, સઘળું જ શુભ્ર છે:
વિલસે અહીં દેવની સભા:
વળી આ માનસ તેય શુભ્ર છે.
વિલસે જ્યાં તવ હંસશો યશ. ૩૧

અહીં પૂર્ણ મયંક શુભ્ર છે
તવ જે પ્રિય હતો પૃથા મહીં;
અહીં શુભ્ર વિબુધનું વન,
ધવલો છે હિમરાશિ, ગંગ આ. ૩૨

અહીં શંભુનું અટ્ટહાસ્ય ને
અહીં તારાપથ શારદોજ્જવલ;
સ્મિત છે વળી દેવપત્નીનાં;
સઘળું, રે, સઘળું જ છે સિત. ૩૩

મલ કો નથી કૃષ્ણવર્ષ હ્યાં,
પૃથિવીનો દૃગક્લેશકૃત્ કવિ !
અહીં તો તવ કાવ્યગંગ શું
સઘળું યે શુભ શુભ્ર નિર્મલ. ૩૪

કહું તો કહું રક્ત રંગની
સહુ સૃષ્ટિ કવિ કાલિદાસની:
પણ આ તવ સૃષ્ટિજાહ્નવી
બસ ગંગા શી જ શુભ્રવર્ણની. ૩૫

કવિકુલગુરુની સૃષ્ટિનો
કહું હું આત્મનૃપર્ષિસદૃશ;
પણ આ તવ સર્જના તણો
સઘળો પ્રાણપુરુષ બ્રાહ્મણ !
ઊજળો બ્રાહ્મણસંસ્કૃતિમય;
નિજકેરા તપ શો જ ઉજ્જવલ ! ૩૬

કવિ ! આ તવ પ્રિય ગુર્જરી,
પ્રિય તારી વળી દેવની સભા,
તવ કીર્તિ તણા જ તારથી,
રહી છે યુક્ત ઉભે પરસ્પરઃ
બિસતંતે જ્યમ ચક્રવાક બે ! ૩૭

તવ કામદુગ્ધાસમો કવિ !
પૃથુ આ જીવનકાલ, ચ્યુત શો,
પરિપક્વ થઇ, ફળી ગયો
મનમાની કંઈ સિદ્ધિનાં ફળ ! ૩૮

પરિપૂર્ણ જગત્સરઃપયે
પ્રગટ્યું લક્ષદલારવિંદ આ;
પરિપૂર્ણ ખીલી દિનાવધિ,
પરિપૂર્ણ–પ્રભુપાદ પદ્મમાં.
અરપાઇ થયું ધન્ય ધન્ય જ !
પરિપૂર્ણ પરિપૂર્ણ અર્ધ્યથી
સઘળું ત્યાં પરિપૂર્ણ સુંદર ! ૩૯

તદપિ, તું જતાં વનશ્રી આ,
સઘળી કો હિમદંડશાસિત;
પરિમ્લાનમુખી વિમંડળના !
અયિ મારા પ્રિય પંખી કોકિલ ! ૪૦

શ્રી 'ઉશનસ્'

પ્રો. નટવરલાલ કુ. પંડયા, એમ. એ.
(નવસારી–ગાર્ડા કૉલેજ)

—

CC-0. In Public Domain..Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વંદન કવિવર નાનાલાલ

(૧)

ગુર્જર ગિરની ઝાડીમાં જયમ—
ઉન્નત ઊભો સ્થિર ગિરનાર,
ગુર્જરી ગિરાની વાડીમાં—
એવો ઉન્નત ને અવિકાર
પ્રતિભાવંત જીવંત રસાળ
વંદન કવિવર નાનાલાલ !

(૨)

અજબ કલ્પના, અજબ ભાવના,
અજબ મસ્તીભર મધુરાં ગાન,
સકલ ખંડ બ્રહ્માંડ ભેદતાં—
અજબ અહો ! તારાં ઉડ્ડાન,
રસમય ડોલનના શા તાલ !
વંદન કવિવર નાનાલાલ !

(૩)

સ્નેહલગ્નના મંડપ રોપ્યા—
તેં કવિતા દેવીને દ્વાર,
કામ વિવર્જિત રસ ઘૂંટીને—
કલા લખી ત્યાં બ્રહ્માકાર !
ગાયાં ગીતો પરમ વિશાલ,
વંદન કવિવર નાનાલાલ !

(૪)

વિમલ પ્રતાપી **સહજાનંદી**—
કુલનાં ઓજસ આત્મ ભર્યાં,
એથી ઇશ્વર–આરાધનમાં—
'પ્રેમભક્તિ' નાં ઝરણુ ઝર્યાં !
બ્રહ્મચર્યના અદ્‌ભુત ખ્યાલ
વંદન કવિવર નાનાલાલ !

(૫)

રસ ઊછાળ્યો રમણીઓમાં—
'નાના નાના રાસ' રચી,
તારા **'વસંતના ઉત્સવ'** માં—
રસની લૂંટાલૂંટ મચી !
'ઉષા' ઊગી અનુપમ તુજ ભાલ,
વંદન કવિવર નાનાલાલ !

(૬)

પદ્ય સમી તેં પદવી આપી—
ગદ્ય લખીને સૂત્ર સમાં,
પ્રાણ પૂર્યા નવ સુંદરતાના—
અભિનવ કાવ્ય સુધારસમાં;
પ્રસાદના પ્રતિશબ્દે થાળ !
વંદન કવિવર નાનાલાલ !

(૭)

વૈભવ શબ્દ તણો વિસ્તાર્યો—
ગ્રંથો ગૂંથીને ગરવા.
ભવ્ય ભર્યા તેં ભાવ હૃદયના—
ગુર્જરીને ઉન્નત કરવા,
અંતરથી વરસાવ્યાં વ્હાલ,
વંદન કવિવર નાનાલાલ !

(૮)

દૈવી દૃષ્ટિએ જગત પેખતો—
પ્રપંચના પડદા વીંધી,
સાફ હૃદયથી નીડર ભાખતો—
કડક છતાં વાતો સીધી,
માનસસરના રાજમરાલ !
વંદન કવિવર નાનાલાલ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૯)

દેવાનંદી તે દીપાવ્યો--
કાવ્ય વારસો કુલ તણો,
યશ વિસ્તાર્યો પિતૃવંશનો—
પિતા થકી તેં પ્રૌઢ ઘણો,
ઝળકી રહી તારી જયમાળ,
વંદન કવિવર નાનાલાલ !

(૧૦)

ભભક ભરેલી ભાષામાંહી
ઊતારી બહુ મર્મ રહસ્ય,
અજબ રીતે તું ઇતિહાસોનાં—
ચીતરતો અણમૂલા દૃશ્ય,
ધનને યશની તજી ધમાલ,
વંદન કવિવર નાનાલાલ !

(૧૧)

અંતરમાં અનુકંપા ધારી—
સેવાપથમાં મલકાતો,
મ્હોળા મિત્રોના મંડળમાં—
સાગર સરખો છલકાતો !
રસના તારે હૃદય જુઆળ,
વંદન કવિવર નાનાલાલ !

(૧૨)

નામે '**નાનો**' પણ વામન સમ—
વિરાટના તું મહેલ રચે,
એ મહેલોમાં શારદ સંગે—
તારા અનુપમ ખેલ મચે !
નાચે વિશ્વતણાં '**રસબાલ**',
વંદન કવિવર નાનાલાલ !

(૧૩)

પુનિત જીવન તવ અધિક ઊજાળ્યું,
ધન્ય ! અહો ! તુજ ગૃહદેવી,
ધર્મપરાયણ સતત શોભતી—
પ્રેમતણી કવિતા જેવી !
અતિથિધર્મ સદા પ્રતિપાલ,
વંદન કવિવર નાનાલાલ !

(૧૪)

શારદના તું મુકુટમણિ શો—
જગમાં થઇને ઝળકંતો,
જીવ્યો જીવન ધીર યશસ્વી—
ગુર્જરીના જશ ગર્જંતો
"ગુર્જરી કોણ કહે કંગાલ ?"
વંદન કવિવર નાનાલાલ !

ત્રિભુવન વ્યાસ.

ઓ સુધાના ચંદ્ર.

ઓ ! સુધાના ચંદ્ર દિલના શાહજી !
ઓ ! ગરલ ધરનાર મૌક્તિકલક્ષ્મીના !
શંકર બની કલ્યાણ ઉચ્ચરનાર હે !
મ્હારી ફકીરીને બતાવા શબ્દ ના !
ગુર્જરીની કુંજના ઝંકારના ઓ રેડીયા
પ્રેમ-ભક્તિ માધુરીનાં પીયૂષો તેં રેડીયાં
આશા અને ઉલ્લાસ ભરપૂર ફેડીયાં
બેહદબની તેં યજ્ઞ જીવને માણીયાં.

લાભશંકર નાથજી ત્રિવેદી.

કવિવર ન્હાનાલાલ.

શીળાં ઓજસ બ્રહ્મનાં ઝળકતાં
શાં કાવ્યરત્નો મહીં,
દૃષ્ટિ આર્ષ હતી અનુભવભરી,
સુશ્લિષ્ટ વાણી હતી;
પ્હેરાવી વિધવિધ ભૂષણ ભલાં,
મા ગુર્જરી સોહવી,
ન્હાનાલાલ કવિ જતાં ભગવતી
મા ગુર્જરી સોરતી !

દેવશંકર ના. મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિવર નાનાલાલને—

પીયૂષોને વર્ષના ચંદ્રરાજ !
ચાલ્યા પૃથ્વી આખરે છોડી આજ ?
ને રે સાથે જ્યોતિષાં જ્યોતિ એવું
તેજે આજે નિત્યનું આથમી ગ્યું.

કાવ્યામૃતો રેલી રેલી અભંગ,
મ્હોરાવી જે ગુર્જરી કુંજ-કુંજ,
મ્હેકે કેવી આજ એ ભવ્ય-રમ્ય ?
એવું જીવ્યું તો સ્વયં ધન્ય-ધન્ય.

કિંતુ અમારે,
શક્તિઓને પૂજીને ધન્ય થાવું,
કે વા જોઇ જોઇને ઝંખી રૂહેવું;
સંભારી સંભારીને ઝૂરી રૂહેવું.
વ્હાયું ખોયું તેહને મૂક સ્હેવું.

ને શું ભવ્ય જીવનસ્રોત આજે,
વેળુમાંહી કાળની લીન થાશે ?
ના, ના, માનવ્યે ફુટે જ્યાં ફુવાર,
એવી હોયે જીંદગીની ન હાર.

કાળના કંઠમાં તેં તો અમૂલી મોતીમાળ શી
અરપી જીંદગી આજે, મૃતથી અમૃતે વસી.

ઉપેન્દ્ર પંડયા

'પ્રેમભક્તિ'ના અક્ષરઆત્માને.

જેનાં અમી નયનમાં શુચિ તેજ પુંજ,
સૌન્દર્યનાં અમૃતની દીઠી પુણ્યજ્યોતિ;
ને સાત્ત્વિકે રસસમાધિ દીઠી શું સ્હોતી,
આયુતણે શરદ ફાલ સુજ્ઞાન ગુંજ.

સારસ્વતી સતત જ્ઞાન ઉપાસનામાં,
વાસન્તી ઉત્સવ સદા સુરતા કલેન્દુ;
જેને ઉરે ઘુઘવતો શું વિરાટ સિન્ધુ,
ને આત્મ લ્હેર લસતી શુભ પુણ્યકામા.

જેને ઉરે વિમલ પ્રેમ ઉષા અનેરી,
ટંકાર ગાંડીવ તણો જીવને જયન્ત;
જેને વરી વિભુતણી વરદા વસન્ત,
ને શાન્તિની રસદ્યુતિ રહી સ્વપ્ન વેરી.

જેણે જગાવી નવલા કુરુક્ષેત્ર નાદ,
તે પાંચજન્ય પુનિતે નિજ વિશ્વગીતા;
સાહિત્યક્ષેત્ર શુચિ મન્ત્ર સુધાપ્રસાદ,
ગાઈ ઋચા જીવનની વરદા અજીતા.

તેજે ઘડ્યા અમર અક્ષર દેહ આત્મા,
પ્રેરો રસાત્મ મુજ અક્ષર આ કલાત્મા.

કુસુમાકર.

સખી ! પેલા ઇન્દુ,
નર્યા જ્યોત્સ્નાબિન્દુ.
પ્રભુજીના ખોળે સુભગ કિરણો રાસ રમતાં
જશું ત્ય્હાં તું ને હું; પ્રિયજન જઇ ત્ય્હાં વિરમતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસર્ષિની બ્રહ્મદીક્ષા

ગુર્જરી આભમાં ઊગી પ્રતિભા ભવ્ય આથમે,
તેજસ્વી વૈખરી લીલા સ્ફુરીને વ્યોમમાં શમે. ૧

ચૈતન્ય પાય જીવને જગદંબ દુર્ગા
મધ્યે કરી નિધન જીવન થાનફેર,
ને મૃત્યુમાંથી ફૂટતી નવ આયુસેર.
તો મૃત્યુ ના કયમ ગણે જન ઊર્ધ્વયાત્રા ? ૨

આવી અનાદિ દિશથી ઘન વ્યોમપંથે
આનંત્યમાં અભિસરી બનતો અલોક,
જન્મી અનાદિ અરવે લહરી અનંતે
થાયે તથૈવ ઝર ચેતનનો અલોપ ૩

ના મૃત્યુ જ્યાં અમર અક્ષર દેહ દિવ્ય,
ના શોક જ્યાં કવન જીવન પુણ્ય શ્લોક,
સોચ્છવાસ ગુર્જરી હશે વિલસંત રમ્ય–
છે સ્થાન 'નાનલ' મહાકવિનું અનોપ. ૪

યાત્રી અનંત પથના બનતાં રસર્ષિ
ઝંખાય ગુર્જરગિરા મુખપંકજશ્રી,
ભાખે ભલે મરણને 'કવિ' બ્રહ્મદીક્ષા,
રે! આકરી સહૃદયી ઉરની પરીક્ષા! ૫

તારાપથે અમર સર્જકની પ્રતીક્ષા
દેવો કરે ધ્રુવપદે કરવા પ્રતિષ્ઠા,
યાચું પ્રભો! શિવ બનો કવિ ઊર્ધ્વયાત્રા!
અર્પો વિરાટ નિજ અંક અનંત શાતા! ૬

બ્રહ્માંડમાં ગહન દુંદુભિનાદ થાય,
મંદાર સૌરભ સુવાસિત વાયુ વાય,
સન્માન થાય સુતનું, મલકે છતાંય
મા વૈખરી મુખ વિષાદભર્યું જણાય! ૭

રસર્ષિ બ્રહ્મદીક્ષા લૈ પ્રવેશે બ્રહ્મમંદિરે,
અંતરીક્ષે નિહાળે છે ગુર્જરી મૌનઅંતરે! ૮

'ભાનુ'.

નંદનવનનું પંખી !

વહંતુ પૃથ્વીને હૈયે સુગંધી પારિજાતની
નંદનવનનું પંખી આભેથી ઉતર્યું અહીં!
તપત્યાગ તણી પક્ષ્મો વીંઝે છે ઊર્ધ્વ પંથમાં,
પ્રેમભક્તિ તણાં નેત્રે આંજીને અંજનો નવાં;
ગૂંજતું આર્યભાવોની ગીતા કંઠે નિરંતર,
સ્વદેશ સંસ્કૃતિ કેરાં ગાતું ગાન યશોજ્જવલ.

સમન્વય સહૂ કેરો ધર્મે, રાજ્યે, જને જને,
સીંચતું ઐક્યની ધારા પાર્થિવોને દિલે દિલે.
ભાર્તની યશગાથાનું વૈતાલિક બની ગયું,
યાવદાયુ શુચિ સ્તોત્રો ભક્તિભીનાં સ્તવી રહ્યું!
નંદનવનમાં પાછું દેવોના દિવ્ય ધામમાં
સહસ્રદલ પદ્મોની પંખી પોઢયું બિછાતમાં!
ગયું તોય ગીતો તેનાં ભરે છે કાળ ને દિશા,
ગાનના તાનથી થઈ છે અમૃતા વિશ્વની ધરા!

'શશિન્' ઓઝા.

ગુર્જરી કવિતાને

(હરિગીત)

નરસિંહ મીરાંનું મધુરૂં જોડકું તારે ગૃહે,
પરલક્ષિતાથી નવેરસમાં વિપ્ર[1] મ્હાલ્યો વિધવિધે;
સર્જી દયારામે કવિતા ચારુ ભાષાથી મઢી,
ને બાલ[2]ને નરસિંહ[3]ની વળીત્યાં થઇ ગણના ખરી;
ને કાન્તને ત્રિભુવન [4]ઉમાશંકર ગણાયા સુકવિઓ,
એથીજ ગણનાપાત્ર બની તું-એ ભલે હકીકત રહો:
આ બધા હો તો ભલે હો, ગુર્જરીના લાડકા,
પણ ગુર્જરી! તારે ગૃહે ન્હાનલ નથી તો કૈં નથી.

૧. વિપ્ર=પ્રેમાનંદ. ૨. બાલ=બાલાશંકર.
૩. નરસિંહ=નરસિંહરાવ. ૪. ત્રિભુવન=સુન્દરમ્

રમણ કોઠારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ રે ગયું ને તખત રહી ગયું.

(ભજન)

(શબ્દુના બાંધ્યા સન્તો શું કરે—ઢાળ)

અમે રે સાબર જળને સોંપિયે,
   વાણીહરિવરનો હો દીવો રે;
અમે રૂયાં ઊણાં ને સિન્ધુ સંભર્યા,
   મ્હેરામણમંદિર ગયો મરજીવો રે;
તેજ રે ગયું ને તખત રહી ગયું. ૧

સાગર ! તમે શું સિદ્ધિશૂન થયા ?
   તમારલે અટકયા શા અસંબાબો રે ?
રતન હતાં તે તમે આંતર્યાં,
   વસુધાને વખ્યા ને વિલાપો રે;
તેજ રે ગયું ને તખત રહી ગયું. ૨

દોટવી દોટવીને દિલડાં રાખિયાં,
   કોને કહીએ કરમની કઠણાઈઓ રે;
જંપેલા જખમો રે જીવડે જલી રિયાં,
   છઠ્ઠીલેખે ખણી દુ:ખડાંખાઈઓ રે;
તેજ રે ગયું ને તખત રહી ગયું. ૩

અમે રે ધરતી—ભંગાર માનવી,
   અમારલે આપ્યાંનાં ઉર પહોળાં રે;
અમારો પીરાણો તમને આપીયો,
   બિછવે એ ચેતન મોતિયું બહોળાં રે;
તેજ રે ગયું ને તખત રહી ગયું. ૪

અમ રે આપ્યાં તમ એ પાળજો,
   લખશે એ પોલાણપીરની વાતો રે;
સૂરજ ચાંદાના આકાશી ઓરતા
   કરશે પોતાના મદમાતો રે;
તેજ રે ગયું ને તખત રહી ગયું. ૫

સુધાંશુ—

સ્મરણાંજલિ

(અનુષ્ટુપ)

'નયણાંનીઆળસેમ્હારાં,'નિરખ્યા'તાઆપનેઅમે,
'સિપાઈસાચ' ના વાંચી, પ્રેરણા કૈં પીતાં અમે.

સ્મરંતા એ બધી વાતો, અશ્રુભીનાં બને ચખો,
અંજલિ અર્પતાં આજે, સ્મરણે એ સહુયે ચઢે.

નાનારાસો વળી **ઈન્દુ—કુમારે** રાચતા અમે,
જયા જયંત વાંચંતાં, સ્મરંતા બ્રહ્મ બોલને.

મર્માળા ગુણગ્રાહી ને બ્રહ્મના બોલ આપના,
સ્મરંતા વત્સરી દિને, હૃદયે કંઇક થાય છે.

ઘસારો નીરખ્યો આપે પ્રજાના દેહનો, ગુરો !
પ્રબોધ્યા માર્ગ આપેતો **ગાંધીને નવજીવને.**

વાંછાઓ તો હતી કંઇયે, ગુર્જરી નવ પલ્લવે;
મ્હોર્યા'તા આપ તે દિને અર્પતા નવજીવન.

તપસ્વી ગુર્જરી કેરા, નીરખ્યા ગાંધીજી તમે;
ગજાવ્યા ઘંટનાદો ને દીવડા દિલમાં કર્યા.

ગુણગ્રાહી હતા આપ, ગુર્જરી કુંજકોકિલ;
ગુંજતા બ્રહ્મનાદો ને સહુને બોધતા તમે.

સુણ્યા'તા બ્રહ્મબોલો ને સુણ્યાં'તાં ઉદ્‌બોધનો,
ગુર્જરી ગુણવંતીનાં કાવ્યને ગુંજતા હતા.

પ્રભુની પ્રાર્થનાઓ ને રચ્યાં'તાં દેશનાં ગીતો;
વાંચીને પ્રેરણા પીતા, મસ્તતા માણતા સહુ.

રાજરાજેન્દ્રને આપે પ્રબોધ્યા હસ્તિનાપુરે,
ગુર્જરી કુંજકુંજોની ગાથાઓ કંઇયે ભણ્યા.

તાજમહેલતણા કાવ્યે રાચ્યા'તા કવિ કોકિલ !
નૂરજહાં—જહાંગીરે, પ્રબોધ્યા પ્રેમમંત્ર કૈં.

સિંહને શસ્ત્ર ના હોયે, વીરને મૃત્યુ ના કશાં,
ભીષ્મ શા આપ પોઢ્યા'તા, સરિતા સાબ્રને તટે.

નમસ્કારો ! નમસ્કારો !! કોટિ કોટિ કવિગુરો !
કવિતા કુંજમાં ટહૂકું, અર્પજો નિત્ય આશિષો.

ત્રંબકલાલ માણેકલાલ શુકલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્ઘ્ય

ગુજરાતના ગુણજહાજ, મહાકવિરાજ ગુરૂજી રાજના,
ગંભીર જેની ગર્જના, શિરતાજ કવિ સમાજના;
એ અસ્તથાતાં આજ, સૌ નારાજ થૈ આંસુ ઝરે,
કવિપુત્ર, કવિસમ્રાટ, ન્હાનાલાલ કદી ના વીસરે.

ભૂતકાળમાં કવિ માઘ, કાળીદાસ, ભવભૂતિ હતા,
વ્યાસ, વાલ્મિક, બાણુ, દંડી, શીઘ્ર કવિએ શોભતા;
એના સુઅંશી, બ્રહ્મવંશી, કાવ્યબંસી–અધીસરે,
કવિપુત્ર, કવિસમ્રાટ, ન્હાનાલાલ કદી ના વીસરે.

પ્રેમભક્તિના ઉપાસક, પ્રેમકાવ્યો પીરસતા,
ધર્મભક્તિ હૃદય ધરીને, ધર્મવાણી વરસતા;
છે ધર્મભકિત નંદ જેના, ઇષ્ટશ્રીજી ઈશરે,
કવિપુત્ર, કવિસમ્રાટ, ન્હાનાલાલ કદી ના વીસરે.

રાજા મહારાજા ઘણા, ગુરૂરાજ કહી સનમાનતા,
હીરક મહોત્સવ ઉજવી, પ્રેમીજનો પિછાનતા;
અણભંગ ટેક અખંડ, યોદ્ધારૂપ અણનમ શીશરે,
કવિપુત્ર, કવિસમ્રાટ, ન્હાનાલાલ કદી ના વીસરે.

ન્યાય, નીતિ, સત્યતા, શુદ્ધિ ને નિસ્પૃહિતા,
રોમરોમ રમી રહ્યાં'તાં, બ્રહ્મતેજ સુદેહીતા;
સિંહગર્જના ગરજી રહી, ભણકાર દેશ વિદેશરે,
કવિપુત્ર, કવિસમ્રાટ, ન્હાનાલાલ કદી ના વીસરે.

અમરવેલી કાવ્યની, અર્પીગયા ગુજરાતને,
અમર આત્મા ધામ અક્ષર મળયો જઇ નિજ તાતને;
માવદાન વદે સુશાન્તિ, સમરપે જગદીશરે,
કવિપુત્ર, કવિસમ્રાટ, ન્હાનાલાલ કદી ના વીસરે.

કવિ માવદાનજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજહંસ.

મારો રાજહંસ ઉડે અગમને દેશ,
નિગમે નીરવ નાચે નટવર નટેશ.

ગગન–ગહેરાઇમાં રૂમઝુમ રમતાં
આભલાનાં માનસસર અભિરામ;
રૂપલાં શશીની હલકારી હોડલી
તેજલ મોતન પ્રાશે અભિરામ:

મારો રાજહંસ ઉડે અગમને દેશ,
નિગમે નીરવ નાચે નટવર નટેશ.

દેહે ભૂગોળ–ખગોળ સંચર્યાં, ને
પાંખમાં વ્યષ્ટિ–સમષ્ટિ સમાય;
રટણે ઇતિહાસ, નેણુ ભાવી પરોવે,
જીવને સમન્વય રંગ રેલાય:

મારો રાજહંસ ઉડે અગમને દેશ,
નિગમે નીરવ નાચે નટવર નટેશ.

કાળ માંડવે ત્રિગુણી વેલ ઝુલે
પંચતત્ત્વની પુષ્પ–પાંદડી વેરાય;
સૃજન–પ્રલયની સીમરેખ છાંડી
બ્રહ્મતેજ પરબ્રહ્મમંહી લોપાય:

મારો રાજહંસ ઉડે અગમને દેશ,
નિગમે નીરવ નાચે નટવર નટેશ:
મારો રાજહંસ ઉડે અગમને દેશ.

આનન્દ કવિ.

શું શું કીધું? નથી નિરર્થક સિન્ધુ જીવ્યાં;
જો! વેળુમાં ભવપટે પદપંક્તિ પાડી;
રહેશે ઘડીક ઘડી કોઈકને જણાશે,
ને સારગ્રાહી જન આશિષ કોક દેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્ઘ્ય

દિશાઓમાં અવનિતલમાં કાળની કન્દરામાં,
અંબોધિના અતલ જલમાં વૃક્ષની ઝાડીઓમાં,
પ્રાણીઓના હૃદય હૃદયે પુષ્પની પાંખડીમાં,
ઘેરા ઘેરા ગભીર ઉઠતા શબ્દ એ શૂન્યતાના

(અનુષ્ટુપ)

આપના ભર્ગ ઝીલન્તી, ગૌરવે શિર ધારતી,
દીઠી મેં આભને કાંઠે, કવિતા આંસુ સારતી.

કાવ્યની બંસરી આપે, બજાવી દિવ્યનાદથી,
ગજાવી ગુર્જરી કુંજો, પઢાવ્યા પાઠ પ્રેમથી

સ્નેહના લગ્નના મંત્રો, કવિતા રાસનૃત્યની,
આત્માના લગ્નનાં ગીતો, ગાયાં સૌ પ્રેમભક્તિથી.

કુરુક્ષેત્ર મહાકાવ્ય, સમશ્લોકી ગીતા રચી,
અમોલી આર્યસંસ્કૃતિ, જગાવી વિશ્વમાં ફરી.

લખી સંસાર મીમાંસા, વિશ્વગીતા સુસારથી,
નૂરે જહાંગીર ને અકબર, મહત્તા મુગલાઇની.

ગુર્જરી વાણીમાં આપે, અમોલા ગ્રન્થ અર્પિયા,
પ્રજાને શીખ દીધી ને, દાખવી ધર્મની દિશા.

(ભુજંગી)

મીઠા વૈભવો છોડિયા દેશદાઝે,
અને ત્યાગના મંત્ર શા ભવ્ય કીધા !
લઇ લેખિની કારમી વિશ્વપાળે,
તમે દેશભક્તિતણા પાઠ દીધા.

(અનુષ્ટુપ)

આવન્તા યુગને પ્રીછયા, મંત્ર દીધા ત્રિકાળના,
ઈતિહાસો ઉકેલીને, ભણાવી અમૃતાક્ષરી.
આપના ધન્ય આયુના, ઉત્સવો લોક માણતા,
રંક ને રાજવી સર્વે, ભાવના અર્ઘ્ય અર્પતા.
વિશાળા નીલ આકાશે, ધ્રુવની નિત્ય સ્થિરતા,
વિશ્વ-સાહિત્ય-આકાશે, આપની તેમ ધ્રુવતા.

(મંદાક્રાન્તા)

સંસ્કૃતિના જતન કરતી યુગને પાત્ર જોતી,
યુગે યુગે નવિન રૂપતા ધારતી હેમવર્ણી,
ધીરા ધીરા લલિત પગલાં પાડતી નિત્ય ગાતી,
સૈકાથીએ અધિક વિચરી કુળમાં કાવ્યદેવી.

(અનુષ્ટુપ)

શું શું સંભારૂં ને ભૂલું, વિભૂતિ આપની વડી,
સાગરો કયમ ઓળંગે, અમારી અલ્પ નાવડી.
અનેરી વિશ્વમાયામાં, હરિની સત્ય ભાવના,
હરિના ધ્વજને ધારી, રમ્યા આપ અનન્તમાં.

જયન્ત ન્હા. કવિ.

રસર્ષિને

મીરાંએ પ્રેરણા પાઇ, પોષાઈ નરસિંહથી;
પ્રેમાનંદપ્રભાવે જે કાવ્યવલ્લરી પાંગરી.
પ્રેમપુણ્યોદકે પોષી નાનાલાલ, રસર્ષિ ! તેં,
પત્રપુષ્પે ફળે ફાલી ગિરા ગુર્જરી વિસ્તરે.
કાવ્યોદ્યાને કવિ, તારી પ્રતિભા વિલસી રહી,
સાહિત્યસૌરભે તારી પ્રશસ્તિ પમરી રહી.
શબ્દનાં ગૂંથણાં ગૂંથ્યાં, ડોલને જન ડોલિયા,
અપદ્યાગદ્યના સ્રષ્ટા ! રસસ્રોત વહાવિયા.
કાવ્યકુંજ તણા માળી ! શબ્દપુષ્પો વિલાય, ને
શોકભારે, કવિશ્રેષ્ઠ ! કવિતા વિરહે રડે !
દેહનાં બંધનો તોડી સિધાવ્યો આભના પથે :
પરંતુ શબ્દદેહે તું અમારા હાર્દમાં રમે.
ઉપાસ્ય ગુરુ આરાધું, અર્પું અંજલિ અશ્રુની,
રમંતી હૃદયે મારે સર્વદા તાહરી સ્મૃતિ.

રાજેન્દ્ર મો. ઝવેરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેરસ તું જાતાં બધું.

પ્રતિભા શાળી પુરૂષ પ્રતિમા કાવ્ય પિછાણી,
કલમ અનુપમકૃતિ વૃત્તિ ઉત્તમ વરતાણી;
વિધવિધ વાની સ્વાદ પુરણુ થાળ પિરસાણી,
તનમન રસ તરબોળ છોળ અમૃત છવરાણી.

અવિરત વાકધારા વહી ભારત ઘરઘર રસભરી,
નિરખું ન દેહ નાનાતણી,
ગોતું ક્યાં જઇ રસ ગુર્જરી.

વિટંબણ વ્હેવાર જગત જનતા નવ જાણી,
કવિ અટંકો રહ્યો વાટ વંકી વરતાણી;
વેધુ તું વધજાણ, પ્રાણુ કવિતામાં પૂર્યા;
અંતરના અંકુર સદંતર સર્જન સ્ફુર્યા.

પડછંદ કાંય અડીખમ પુરૂષ,
ફરતા આવેતારી ફરી,
સર્જતાં શ્રીહરિ સંહિતા
આંખ વિચાણી આખરી.

પડી ખબર પરભાત, શરીર કવિવરનું છૂટયું,
કરતાં રસકલ્લોલ ખમીર છેવટ ના ખૂટ્યું.
સઘળા પક્ષ સમક્ષ લક્ષબિંદુ નવ લોપ્યું,
વાણી પર વર્ચસ્વ, અનોખું ગુજ્જર ઓપ્યું.

ભલીભાત વાત ગુજરાતની,
વિધવિધ કવિતામાં વણી,
ખોળ્યો ના જડે ખલકમાં મહામૂલો નાનલમણિ.

ગુણીયલ ખિદમતગાર ખુશ્નુમા કાવ્ય ખુમારી,
મધુર ધુન રહી મચી રચી તેં કાવ્યકુમારી.
સારધાર સાબિતરહિ, અવર ન કીધી આરદા,
આજીવન ઉપાસક ઇશનો,
તેં શિશ નમાવ્યું શારદા.

અડગ સત્ય ઉચર્યો, પ્રતિરોધે ન થડકયો,
ઉદય અસ્ત એકરંગ, ફેરફારે ન ફડકયો,
મર્મ જાણી માનવ ધરમ, કર્મ સફળ ફેરો કર્યો,
જગજીતી ગયો જ્યોતિર્ધર, ભવબાજી ગૌરવ ભર્યો.

બદન ઠરે જલબિંદુ, મેહુલા ઝરમર ઝરશે,
ગાજવિજ ગર્જના, ડુંગરીયા હરિયા કરશે,
તાપશમન ટહુકાર, ગહેકતા મયુરો ફરશે;
ત્યારે અંતરતારી યાદ, આંખથી અશ્રુ સરશે.

વિશ્વરંગ વાતાવરણ, વર્ણન દિલ ભેદક વધુ,
ચિત્ત શોક અધિક ચિંતા ભર્યું,
બેરસ તું જાતાં બધું.

શ્રી કુંચાલા નરહરદાનજી.

અંજલિ

સપૂત સુભક્ત કવિ તણા થઇ,
કવિત્વ તો મેળવ્યું વારસા મહીં;
કર્ત્તવ્ય પોતાનુંજ જેમણે ગણી,
સાહિત્ય સેવા કરી ગુર્જરી તણી—૧

ગ્રંથાવલિ સુંદર પ્રેમભક્તિની,
શ્રીકંઠના ભૂષણુ રૂપ છે બની;
કીધાં ગીતાને ઉપનિષદો તણાં,
ભાષાંતરો એ સમશ્લોકી તો ઘણાં—૨

દર્શાવી આર્યો તણી ભાવના ભલી,
રચી રૂડાં કલ્પિત નાટકો વળી;
કથા પુરાણો ઇતિહાસ પારખ્યા,
સ્વતંત્ર શૈલી ઉપજાવીને લખ્યા.—૩

મહા તપસ્વી ગુજરાતના મળ્યા,
ત્હોયે ન સત્યાગ્રહી સંઘમાં ભળ્યા;
તટસ્થ પોતે સહુ પક્ષથી રહે,
હૈયે વસ્યું સત્યજ હોઠથી કહે.—૪

પ્રશ્નો કંઇ ગૂઢ સમાજના છણ્યા,
ઉકેલ યુક્તિ થકી ભાષણો ભણ્યા;
ગંભીર વાણી બહુ અર્થથી ભરી,
રસાળરાસો ગીત જ્ઞાન મંજરી.—૫

ફુલચંદભાઇ ઝ. શાહ, નડીયાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિશ્રી ન્હાનાલાલને:—

કવિસમ્રાટની ઓળખ શી ?
અનંતઆભના
અભેદ્ય પડદાઓ ચીરતો,
પ્રેમભક્તિની સરિતાઓ વહેવડાવતો,
જ્યોતિનિર્મળ આત્માઓના
અખંડ કાર્યક્ષેત્રમાં
પ્રેમની, પ્રશાન્તિની, પ્રેરણાની
જીવનસંજીવની ઉભરાવતો
આત્માના આત્મન ક્ષેત્રમાં
કાવ્યોની ફોરમ ફોરાવતો,
સર્જનહારનાં સર્જનજુનાં સર્જનોને,
પ્રકૃતિ સૌન્દર્યના રસોપાસકોને,
પ્રકૃતિ–પૂજાના પાઠ પઢાવતો,
સ્નેહ અને સૌન્દર્યના
હૃદય સુમનેથી,
સૌરભનાં સામ્રાજ્ય સ્થાપતો
શારદાનો લાડીલો :
બ્રહ્માંડના બ્રહ્મભેદ ખોલતો
વાત્સલ્યની તરંગાવલિ સમો
ધીરો સાગરરાજ
ગુર્જર સાહિત્યને વિદાય આપી
જીવનસંધ્યાને પેલે તીર
યુગયુગનાં અંધારાં ઉલેચવા
સંચર્યો છે આતમધામમાં.

* * *

યુગ જુનાં મંથન છતાં,
ગુર્જરગીરાને દીપાવવાને,
ગુર્જરાની સમૃદ્ધિ સર્જવાને
ગુર્જરગીરાના કાવ્યાત્માઓ પર
રસનાં છાંટણુ છાંટવાને
કો' જન્મ્યું ન હતું.
ટમટમતા તારલાશા
ઘણા જન્મ્યા, ને
સંધ્યાના વિપુલ ઝંઝાવાતોમાં
અલોપ થયા.
ગુર્જરગીરાના અસ્મિતાના
એકેય વિધાયકનાં અમરનામ
ઇતિહાસની જ્યોતિભરી લીટીમાં
ન નોંધાયાં.
નોંધાયાં હશે, પણ
ભૂંસાઇ ગયાં.

* * *

ત્યાંતો સંક્રાંતિકાળની હેલીએ
પ્રેમવીરને આર્ષદ્રષ્ટા કવિને
દીધું નવલું ક્રાન્તદર્શન.
સ્વપ્નો સર્યાં માનસગંગમાં,
ને પ્રસર્યું વિશ્વે
માનવતા ને વાત્સલ્યનું
પ્રેમપરિમલ પૂર.

* * *

કવિનું સાહિત્ય સર્જન એટલે
જગત્પ્રેમોદધિનું
અનેકવિધ મંથન પછી
તારવેલું નવનીત.
પ્રકૃતિના પૂજારી, પ્રકૃતિની પ્રતિકૃતિ
કવિવરનું કાવ્યસર્જન એટલે
જગત્ ફૂલબાગના કાવ્યને
ફૂલડે ફૂલડે ને અંશે અંશે
નીતરતો ને નિર્ઝરતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કાર, સંસ્કૃતિ ને સરસાઈનો
પ્રશાન્ત જલધોધ.

*　　*

આજે પ્રેમભક્તિના એ ફિરસ્તાનાં
અજોડ ઉડ્ડયન ને અગાધ પ્રજ્ઞા
વિશ્વવિટપની માનવ મંજરીઓને
પ્રેરણા–પિયૂષ પાવા
સંચર્યાં છે બ્રહ્માનંદ યાત્રાએ.
'ઇંદુકુમાર' અને 'જયાજયંત' નો
એ મહાન સૃષ્ટા,
ગુર્જરોનો વાચસ્પતિ, ને
આર્યાવર્તનો ભવ્ય સંસ્કારસ્વામી
વિશ્વકર્માના કલામંડપોમાં
પ્રેમરસાયન પીવા–પાવા
ચાલ્યો ગયો છે.
પરન્તુ, ન્હાનાલાલનાં આત્મતેજ
અવનીને ઉજાળતાં,
હજુય ખડાં છે.
તે બંસીધરની બંસીના નાદપર
રસકાવ્યોના રસિયા રસાત્માઓ
ઘેલા બની દોડે છે.
સંસ્કારોની સરિતાઓ સર્જી
વિશ્વકાવ્યનો કાવ્યાત્મા
વિશ્વવ્યોમના ઘુમ્મટમાં
પડઘા પાડી ગયો છે.

*　　*

વિશ્વસાહિત્યના સર્જકો
માંડો તમારી મીટ
ન્હાનાલાલને દિલસરોવરે,
તે દિલસરવરને તટેથી,
પેખજો ને આરાધજો
મનુવંશાવલિની પરમશોભા.
વિશ્વચન્દ્રના ચંદની મહેલમાંથી
ખોળજો મહાયુગનાં મહાકાવ્ય.
અને, મહાકાવ્યને રવે રવે,
માંડજો ઉર્મિઓનાં તાંડવ.

*　　*

'ડોલન'થી કોણ અજાણ ?
અપદ્યાગદ્ય એ 'ડોલન' થી તો
ડોલે છે ગિરિઓનાં શૃંગ.
ડોલન શૈલિની રેખાએ રેખાએ
પ્રગટે છે કવિનાં ઉરતાંડવ.
'ડોલન' માં એવું શું છે કે
જગતના રસર્ષિઓ ડોલે છે
તે ડોલન શૈલિના તારપર ?
શબ્દોનું વૈવિધ્ય છે ?
વિચારોની પરંપરા છે ?
ઉર્મિ અને કલ્પનાનું દ્વન્દ્વ છે ?
નહિ, 'ડોલન' એટલે
સંસ્કારોનું સિંચન,
શબ્દોનું મેઘધનુષ.
'ડોલન' નાં અમિત ઉંડાણોને ભેદવા
ડોલન શૈલિના આ સર્જકનાં
સ્નેહસ્મરણો સંભારવાં ઘટે

*　　*

કવિશ્રીના સાહિત્યસિંહાસને બેસનાર
કો' સાહિત્યવીર જન્મશે કે ?
કવિવરની રસકયારીએ
સૌન્દર્યના ફૂલછોડ રોપનાર
જન્મશે કે ? ....
સાહિત્યના ઓ સૃષ્ટાઓ !
તમારી અંધારમય અવનીને અજવાળવા
અવર ન્હાનાલાલ જન્મશે
કે તેનું એ સાહિત્ય સિંહાસન
ખાલીજ રહેશે ?

*　　*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૪૩ ૨૫ ૨૯૩૬૨
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભૂ! સાહિત્યના ભેખધારીને
સ્વર્ગમાં સાંત્વના અર્પજે.
સદ્‌ગતના એ સ્મરણે તો
ગુર્જરાનો કાવ્યાત્મા રડે છે.
આત્માની વિખરાએલી પાંદડીઓ
ઉદ્દીપનના અનિલથી ડોલે છે.
મહાકવિ! પામજે ચિરંતન શાન્તિ
વ્યોમની ઓથમાં છૂપાઇને—
વિભૂની ગોદમાં લપાઇને.
કવિસમ્રાટ!

હસમુખરાય કેશવલાલ ત્રિવેદી. રૂપાલ (કલોલ. ઉ. ગુ.)

અંજલિ

પ્રેમ–શૌર્ય તણાં પાન ગુર્જરીને કરાવવાં:
સંકલ્પ સેવનારો એ મર્દ નર્મદ નોજવાં;
જોદ્ધો એ જોશીલો કિન્તુ શૌર્ય રેલી ગયો અહીં
પ્રેમનાં પૂર તો આંહી વહાવ્યાં કવિએ સહી.

જય ગાતા હતા પુત્રો ગરવી ગુજરાતનો,
પ્રેર્યા તેં એમને લેવા રાસ ચાંદનીરાતનો;
ઉમંગે રંગમાં ગાતી ગુર્જરી રસસુન્દરી,
એમના ઉરની વાતો તેં ગીતે ગુંજતી કરી.

કલ્પના સુન્દરી કેરો હતો તું લાડિલો કવિ,
પૃથ્વીને સ્વર્ગની વચ્ચે ગૂંથી તેં કડિયો નવી;
મર્ત્ય માનવ ને કાજે દેવોના કુંભની સુધા
સ્વલ્પ તો યે સિંચીને તેં પ્રેરી મર્ત્યઉરે મુદા.

ગયો તું? ના, કરી સ્પર્શ તારા જીવન સત્ત્વને
મૃત્યુની ફળતી આશાઃ પામતું અમરત્વને.

—જયન્ત પાઠક.

ધન્યો,સિ

અધુરા યજ્ઞ પિતાના કર્યા પૂરા કવીશ્વરે
એમનાં પુણ્યકાર્યે આ પ્રશસ્તિ ફૂલડાં ઝરે ૧

અમૂલાં રત્નની આશે મથ્યો સાહિત્ય સાગર
મેળવી વિશ્વને જાતે સમર્પ્યાં ધન્ય સાદર ૨

શીલ સંતોષથી જ્યારે જ્યાં સર્જે જયંતને
ત્યારે આવી રમે દેવ આપણાં ઘર આંગણે ૩

ઉષાનાં ઉજળાં તેજ ઝીલી જીવનમાં નવાં
તમારાં દિલની દર્શું કલા ઇન્દુકુમારમાં ૪

દાદાના ડહાપણ સાથે તાતના ગુણતેજથી
જીવ્યા છો જીવન એવાં કોઈ જીવ્યાનથી નથી ૫

કૃષ્ણગીતા રચી એવી વિશ્વગીતા રચી તમે
તમારા અક્ષરાત્માને અમારાં મસ્તકો નમે ૬

યોગી
(પ્રાણશંકર ઉપાધ્યાય)

અને જે ભાસે છે વિરહ સખિ! આ વિશ્વતલમાં,
પ્રિયે! તે તો સર્વે નિયમ પ્રભુના વિશ્વ સ્થૂલના.
સ્વીકાર્યા બન્ધો ને જગત, પીધું, તે જીવન રુડું;
વિસાર્યા બન્ધો, તે જગત્‌તટ મૃત્યુ ઊંડું ઊંડું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્ધ્ય

અનુષ્ટુપ:—

શ્રેય ને પ્રેયના પ્રશ્ને, પ્રબોધ્યાં જ્ઞેય ધ્યેયને;
ધુંધળા ધર્મ ને કર્મે, મર્માળા મનુ જીવને.
ટકરાતી સંસ્કૃતિઓના, ઝીલીને ક્રાન્ત દર્શનો;
વહાવી ગુર્જરી ગંગા, પ્રેમભક્તિ પ્રકાશને.

મિશ્ર:—

સાહિત્યની કુંજ અને નિકુંજે
ભમી ભમીને રસલ્હાવ લેવા,
અદમ્ય હૈયે રસકોડ પૂર્યા
જ્યાં પ્રાંગણે યૌવનને પ્રવેશ્યા.

અને પછી તો રસભાવ ભીને
દૃગે વિભૂતિરમણા રસેશની
ન્યાળી અને ઉર સુદર્શનોની
અમીસ્રવા રે! કવિ ક્રાન્તદૃષ્ટિ
ચેતી, મહાચેતનના ફુવારે
વિશ્વાન્તરે કાવ્ય અને કલાની
અદ્ભુત, સુભવ્ય, અનંત સૃષ્ટિ;
વિલોકીને નૂતન પ્રેરણાના
પ્રમત્ત સિંચ્યા નવ પ્રાણ હૈયે;
ઝીલન્ત જેનાં પ્રતિસ્પંદનોને
શી કાવ્યરૂપે વહી ગંગધારા!
નિ:સીમ સાહિત્ય રસાર્ણવે ઘૂમી,
સંવેદનોનાં નવ મૌક્તિકો ચૂમી;
ગૂંથી સદા ગુર્જરી વાંગમયે શી
નાવિન્યથી નીતરતી કલા, કવિ!
ગરૂડ શા ગહન ઉડ્ડયનો અનન્તે,
વિશ્રામ શા અલખ આભ અટારીયોમાં,
શા કલ્પના કિરણ વિદ્યુત તેજ ગુંથ્યા;
વિરાટના દરસ વિશ્વવિભૂતિઓમાં.

અનન્તને ઉન્નત આભ મોભે,
વિરાટનો લોલ હિન્ડોલ બાંધ્યો;
નારી જયાનો, વિજયા સ્વરૂપે,
જયંત હૈયે પ્રીતદોર સાંધ્યો.

સંસારિણી સુશ્રીયશ પ્રગલ્ભા,
સુરંગી દૃષ્ટા રસરાજ રાજ શો;
પમરાવતી પ્રાણ પરિમલેથી
પ્રત્યંગ સુપ્રોજ્જ્વલ પાંખડી શી!
કૌમાર્યની કામ્યકલા સ્વરૂપા
ને ક્રાન્તિની ઝાકમઝોળ જ્વાલા;
સૌંદર્યભક્ષી સહુને દઝાડતી
રસેન્દુની કોડિલી કાન્તિબાલા.

ત્રિલોકને ફલક સર્જન સૃષ્ટિ કેરા
સુરેખ ને પ્રબલપ્રાણ પ્રતાપી પાત્રો;
આદર્શના પ્રતિકશા હૂબહુ સૃજેલા,
આદેશ સુકવનનો ઉદ્બોધતા શા!
ગાર્હસ્થ્યના ગૌરવની પ્રતિભા
સંસારની સૌરભ મ્હેકતી શી
માતા, ભગિની, દુહિતા, પ્રિયાના
વિવિધરૂપે વિલસન્તી નારી—
એના સુકંઠે અમીભાવ ઘોળ્યાં,
યોગે મદીલાં, વિરહી વિયોગે;
વસંતના વિહવલ ને વિલાસી,
ફોરન્ત શા ફાગ, હિન્ડોલ, હોરી;
વર્ષા વિલાસે વરસન્ત ગાને,
ઝીલન્ત શીળી શરદેન્દુજ્યોત્સ્ના;
રસોર્મિના રાસ રચી રસીલા
સ્નેહે સમર્પ્યા રસથાળ મોંઘા,
રાસેશ્વરી ગુર્જરી બ્હેનીઓને!
જાણી અને જોગવી દીધ મન્થનો,
ને ફિલસુફીના ઘન ગૂઢ તત્ત્વો;
આલેખીયા મંગલભાવ સ્વપ્નો,
સંસારના, સંસ્કૃતિના, સમાજના!
ગુંજ્યા કવિ! કૈં ગૂઢજ્ઞાન ગાને,
માધુર્યના મોહક શબ્દપાટે;
ઝીલી શક્યોના, ન ઝીલી શકાશે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રચંડ વ્હેતી તમ કાવ્ય ધારા;
છતાં પ્રયત્ને કંઇ પામવાને,
યદિ અહં વિસ્મરીને મથું જો;
તો કલ્પના, ભાવ, કલા, સુભાષા;
વિચાર, સંસ્કાર, વિવેક, આશા;
શિવ સત્યને સુંદરના અનોખા
એવા અમોલા કંઈ રત્ન પામું.
ગયા કવિઃ માત્ર શરીર ભાવે,
જીવન્ત નિત્યે યશકાય કાવ્યે !

ઓધવજી નારણભાઈ ટાંક, રાજકોટ.

ઘન ! જા, અયિ ! જા, તુજ તાંડવ ઘોર સમુ કદી હું
નહિ નૃત્ય કરું;
જરી જો ! તમરાજની પાંખ નીચે જગ રાચી રહેલ,
હું કેમ ડરું ?

પ્રિયઆત્મન્ ભસ્મ સજીવ કરી
જડતા અણુરેણુની સંહરશે;
પ્રિયઆત્મન્ તેજ તિમિરે ભરી ઉર,
આશ્રમ, વિશ્વ ઊંડા ભરશે;
પ્રભુમાં–પ્રભુના જલમાં પ્રિયસાથ
તરાવી ભવોદધિને તરશે;
ન દીઠું, ન સુણ્યું, અણકલ્પ્યું સખિ !
પ્રિયઆત્મ અનેરું કંઈ કરશે.

પ્રભો ! ત્હારી ઇચ્છા પૂર્ણ થાવ !
મહાહેતુની ક્રમસિદ્ધિમાં જીવનસાર્થક્ય છે.
પ્રભો ! ત્હારી ઇચ્છા મ્હારી થાવ !
દિવ્યતાના ઉન્નત ખિલાવ તે જીવન હેતુ છે.
પ્રભુનો મહિમા ગાવા જીવન છે તે જીવશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસર્ષિ ન્હાનાલાલને અંજલી.

રડશો નહિ મહા ગુજરાતીઓ આજે
સુણીને પ્રયાણુ અક્ષરધામની મહાયાત્રાનું
રસર્ષિ ન્હાનાલાલનું.
એમના સમા કાવ્યરસિક જગતપ્રવાસીના
રૂદન શા એના તો સંભારણા હોય.
અહોરાત્ર જે રસર્ષિ સાધતા હતા,
એ બ્રહ્મના તેજ ઝીલતા ઝીલતા
પામ્યા છે એ તો બ્રહ્મ જ્યોતને.
ન્હોય એને તર્પણ અશ્રુઓનું,
એનું તર્પણુ તો ત્યારે કર્યું ગણાય;
જ્યારે એના રસકાવ્યો નો,
અવ્યાહત નાદ ગુજરાતની કુંજકુંજમાં
કોકિલા શો ટહુકતો સંભળાય,
અને ભળીજાય એ સુર દિગદિગંતમાં
વિશ્વના મહાનાદમાં,
ને સંભળાય એ જ્યોતિર્માર્ગે
ઉડયન કરતો કરતો રસર્ષિને
અક્ષર ધામમાં.

....

કાળની વીંઝતી પાંખો એ ભલે
ઝડપ્યા કવીશ્વરને,
જન્મશે એ જીર્ણ દેહમાંથી
દેવહુમાની પેઠે બીજો રસેશ્વર
ગુજરાતની આંબાવાડીયે ને,
ટહુકશે વસન્તે વસન્તે.
રસની કોકિલા ગુર્જરીની
રસ વાડીયે.

....

ને માણેકબાને આપણે કોણ
આશ્વાસન દેનારા
આપણે તો એ રસર્ષિની
કુલ યોગીનીના બાળકો.
એટલેજ સર્વ પ્રિયજનોમાં
વહેંચાયેલુ દુઃખતો બને છે.
" સહ્યવેદનમ્ "
રસેશ્વર કૃષ્ણ ચંદ્ર પણ ગીતામાં
ઉચર્યા છેને કે,

> વસ્ત્રો જનો જેમ ઉતારી જુના,
> ધરે નવા અન્યજ જે પ્રકારે;
> એ રીત જુના તજીને શરિરો,
> ધરે બીજા તેમજ જીવ દેહો.

અને આત્મા તો અજર અમર છે,
એની પાછળ અશ્રુ શા પાડવા,
અને અમર છે ગુજરાતીઓને
પ્રાણુ પાટલે પડેલા એના
સ્મૃતિ ચિત્રો,
નહિ વિસરાય એ
જ્યાંસુધી ગુજરાત અને ગુર્જરીભાષા
જીવંત છે.
એટલે,
ઉચ્ચરૂં છું અને ઉચ્ચારજો એ
ગુજરાતીઓ કે
અમર હો, અમર હો, અમર હો,
રસર્ષિ ન્હાનાલાલ સદાય.
ગુર્જરીની કુંજકુંજમાં.

અર્પનાર—**મોરારજી લાલજી ઓઝા.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कविसम्राट् श्री न्हानालाल प्रशस्ति

(वसंततिलका)

श्री गुर्जरी मधुरमंगल मातृभाषा
गीर्वाण संस्कृत सुमंजुल मिष्ट पुत्री ।
तस्याः कवीश्वरदलपत्तरामः
नीतेः सुबोधककवेः प्रथमासनस्थः ॥ १ ॥

(मंदाक्रान्ता)

न्हानालालः कतिपयसमा कर्मचक्रप्रबंधा
द्योगभ्रष्टः दलपतगृहे पुत्ररूपे प्रविष्टः ।
शुद्धाचारैरमरपदवीं प्राप्य हर्षान्वितः सन्
सत्यानन्दे ऽपरिमितसुखे तेजसि प्रावि‍वेश ॥ २ ॥

(वसंततिलका)

इन्द्रस्य पुत्र इव शक्रसुतो जयन्तः
तस्योत्तमस्तनुजरत्नमुदग्रशक्तिः
न्हानाभिधान धर रत्न मतीव योग्यः
प्रज्वालितः परमदीप इव प्रदीपात् ॥ ३ ॥

(स्रग्विणी)

श्रीपिता दलपतः काव्यशिक्षाप्रदः
शारदा देवता बुद्धिप्रज्ञाप्रदा ।
साक्षरामंडली तं च वक्तृत्वदा
धन्य धन्यो महान्भाग्यशाली भवान् ॥ ४ ॥

(तोटक)

सरसं विमलं मधुरं वचनं
बहु बोधकरं हि सदाचरणम् ।
श्रुतिशास्त्र विशोधन बुद्धिवलं
दलपत्तसुते सकलं सबलम् ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(भुजंगी)

विशुद्धं मनः प्रेमभक्ताभिधानः
वक्ता महान्सर्वलोकैक गम्यः ।
गुणज्ञेषु मान्यः प्रियः पंडितेषु
स नित्यं भवेद्गुर्जरीकाव्यकर्ता ॥ ६ ॥

(उपेन्द्रवज्रा)

हिताय स सर्वस्य हि चित्तवृत्तिः
शुभाय सर्वस्य च देशभक्तिः ।
जनाय साहित्य विशाल सेवा
निजाय सा तस्य तु मोक्षविद्या ॥ ७ ॥

(वसंततिलका)

नानापुराणनिगमागमतत्त्वसारं
स्वीयेषु पुस्तकचयेषु शताधिकेषु
संपादितं सुमतिसाधिक दर्शितात्मा
न्हाना चिरं भवतु वीरकवीशकीर्त्या ॥ ८ ॥

संपादिताः सकलशास्त्र पुराण विद्याः
लब्धानि तानि सकलानि कुलव्रतानि
प्राप्ताः स्थिताः पितरि काव्यकलाश्च येन
न्हाना चिरं भवतु वीरकवीशकीर्त्या ॥ ९ ॥

संभावितौ स्वपितरौ दृढभक्तिभावैः
संतोषितः परमभाविक बंधुवर्गः ।
संमानिता बुधजना गुणिनश्च येन
न्हाना चिरं भवतु वीरकवीशकीर्त्या ॥ १० ॥

मित्रेष्वमित्रनिवहेषु समानदृष्टिः
सर्वोपकारकरणाय सदा प्रवृत्तः ।
श्रीपंडितप्रिय उदार सुशीलवृत्ति
न्हाना चिरं भवतु वीरकवीशकीर्त्या ॥ ११ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(इन्द्रवज्रा)

नित्यं हसन्तं वदनं दधानः
सत्यं सुशीलं वचनं हि वक्ता
गीतार्थतत्त्वैर्गृहितस्वधर्मः
न्हाना विशाला जयतां जयश्रीः ॥ १२ ॥

(उपजाति)

अस्तं गतो मंगलहर्षरागो
गताः सुखा हास्यविनोदवार्ताः
साहित्यचर्चा मधुरा गताश्च
न्हाना गते मोक्षपदे विमुक्ति ॥ १३ ॥

(मत्तमयूर)

न्हानालाले स्नेहलकुंजे मम मित्रे
शीघ्रं याते तातसमीपं सुरलोकम् ।
माधुर्यं मे काव्यसुगंधं गतमिष्टं
निःश्वासा मे शोकसमूहाः प्रसरन्ति ॥ १४ ॥

(शिखरिणी)

असारः संसारः भवमरणरोगो विगणय
न्त्यजन्न्हानालालो गत इतरभूमिं चितिमयीम् ।
वयं तस्मै दद्मः सुहृदुचितशब्दावलिमिमां
स इच्छेन्नो भद्रं प्रभुपदगतः पुण्यपुरुषः ॥ १५ ॥

(वसंततिलका)

कीर्त्ति विवर्धक मनोहर पुत्रपौत्राः
माणिक्यबा भगवती सुपतिव्रता च ।
सम्राट् कवीश्वरपदे स्थित भाग्यशाली
त्यक्तं च सर्वममृतं, भवते न योग्यम् ॥ १६ ॥

(पुष्पिताग्रा)

अमरदलपतं नतं भवन्तं
असमय आगतमात्मजं तु वीक्ष्य ।
स गुरु दलपतः स्थितो विभूत्रि
वदति तवागमने त्वरा न योग्या ॥ १७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(वैतालीय)

विनतिं कुरुतां भवान्प्रभुं
सुरलोके सुरवर्गसन्निधौ ।
अमितं यश उत्तमैकतां
मणिमुक्तामचलां स्वतंत्रताम् ॥ १८ ॥

मतिकीर्त्तिबलं शमं दमं
प्रभुभक्तिं सुगुणा दृढाः प्रजाः
सुखशान्तिशिवं जयं श्रियं
ददतां कृपया सदाशिवः ॥ १९ ॥

(वसंततिलका)

दृष्टांतरूपविशदा चरणैर्महात्मा
गीताप्रताप सुबलैर्दृढतत्त्ववेत्ता ।
शास्त्रार्थसारनिचयैर्बलवत्सुबुद्धि
न्हाना शिवो भवतु शाश्वतसत्यलोके ॥ २० ॥

(मृदंग)

श्री प्रेमभक्तिरिति सार्थक नामधारिणे
पूज्येषु देशजननी जनकेषु रागिणे ।
श्री प्रेमभक्ति भवते हृदि मे निवासिने
कंठेऽर्पयामि शुचिमंगलपुष्पमालिकाम् ॥ २१ ॥

(प्रमाणिका-नगस्वरूपिणी)

उदारचित्तवृत्तये विशालबुद्धिशालिने
समस्तशास्त्रशोधिने नमोऽस्तु विप्रवंदिने ।
परेशपुष्पपुष्पिता सुरेशसूत्रगुंफिता
सुहृत्सुखा सदाऽस्तु सा सुमंगला सुमालिका ॥ २२ ॥

(पंचचामर)

निरंतरं स्थितिं भवान्करोत्वमाप भाग्यवान्
समस्तदेववंदिते शुचौ परे परात्मनि ।
स्थितेऽत्र पुण्यपूरुषे समस्तविश्वकर्तरि
ह्यपार संसृतिव्यथः पुनर्भवो न विद्यते ॥ २३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(रथोद्धता)

शांतिदं भवतु दिव्यमन्दिरं
चाक्षयं तु पुनितंहि जीवितम्
आत्मनोऽस्तु मिलनं परात्मनि
अस्तु सच्चिदमृतं परं भवान् ॥ २४ ॥

(शार्दूलविक्रीडित)

संतुष्टो मयि मंगले सुहृदि यः स्वर्गीय पीयूषदो
मुक्तात्मा जनमोक्षदायिभगवद्गीताप्रियः पंडितः ।
देवाः सन्ति महीतले कथयितुं स्वर्गं स्वयं प्रस्थितः
सैषा मंगलमालिका शुभयुता न्हानाशिरो राजतु ॥ २५ ॥

(द्रुतविलंबित)

सुखद मोक्षपदे लभतां परे
परमशांतिसुखं परमात्मनि ।
अमृतसीकरवृष्टिमहो शुचि
भरतखंडसुखाय ददातु शम् ॥ २६ ॥

(अनुष्टुप्)

देवदेवे महादेवे लोकनाथे जगद्गुरौ
न्हाना संमिलितः श्रेष्ठे पवित्रे परमात्मनि ॥ २७ ॥

(मालिनी)

सुतविभव धनाढ्या सृष्टिरुच्चैः स्वभावा
शुचि कुसुमगन्धा वान्तु वाता अरोगाः ।
परमपुनितविष्णो र्भाविकाः सर्वलोका
विभुबहुकृपया स्यु र्देवदेवस्य भक्ताः ॥ ॥ २८ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अगणितगुणशीलः सर्वदा साक्षिरूपः
सकलभुवनकर्ता माययानन्तरूपः ।
अपरिमित शरीरः कोटिसूर्येन्दु कान्ति
रिह वितरतु भद्रं सच्चिदानन्द ईशः ॥ २९ ॥

(गीतिः)

सर्वे सन्तु हि सुखिनः सर्वे जगति च निरामयाः सन्तु ।
सर्वे सन्तु च भद्रा मंगलभगवच्चरणकमलकृपया ॥ ३० ॥

शास्त्री मंगलजी हरजिवन.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મરણાંજલિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કવિશ્રી ન્હાનાલાલ અને શ્રી માણેકબા
નવપરિણીત દંપતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વર્ગસ્થ કવિ નાનાલાલ

વર્તમાન ગુજરાતના કવિસમ્રાટ, નૂતન ગુજરાતના પ્રેમાનંદ, પોતે હયાત હતા, તે અરસામાં પ્રસિદ્ધ થએલા મારા અંગ્રેજી પુસ્તક, Further Milestones in Gujarati Literature, (1924) માં તેમની કૃતિઓ સંબંધે મેં નીચે મુજબ નોંધ કરેલી.

"In his smaller poems the full force of his charming pen is felt. Some of them are, indeed like little snow-flakes floating in the air or tiny bits of gossamer which cannot bear the touch of a heavy hand but which still delight the senses" (p. 147)

તેના દૃષ્ટાંત તરીકે, ઈન્દુકુમારમાં પાંખડી જે ગીત ગાય છે—

એક એક વીરો હતો, વીરો હતો,
તેની બ્હેનીને વાટ જોઇ બેઠો;
હો એક એક વીરો હતો, વીરો હતો.

તે આપેલું. આગળ ચાલતાં લખેલું :--

Nanalal's poems written in the orthodox fashion have won a deserved niche in the temple of neo-gujarati literature by their sweetness grace and music. Some of them melt in the mouth, like the famous "Sweet of Bengal" the 'Rasa-Golla' (p. 205)

એમનાં કાવ્યોની લોકપ્રિયતા સાબિત કરવા માટે ઉપલી નોંધ બસ છે. એ ઢાલની બીજી બાજુની નોંધ પણ લેવામાં આવી છે. અપદ્યાગદ્ય જેને આવેશવાળું ગદ્ય કહેવામાં આવે છે તેમજ સંસ્કૃત શ્લોકોની ધાટીએ લખાએલાં Rhymeless કાવ્યોએ સાહિત્યકારો, લેખકો અને જનતાને ચમકાવી મૂકેલાં ને તેથી તેવી કૃતિઓ સાધારણ રીતે લોકપ્રિય નહિ થએલી તે પણ નોંધવામાં આવેલું. એ કૃતિઓ એમના મગજનો એક ફાંટો એક Hobby જેને પારસીભાઇઓ "વેહેનું" કહે છે, તે રૂપે ગણવામાં આવેલો.

કવિશ્રીના સંપર્કમાં વખતોવખત આવવાનું થતાં એમના સ્વભાવની થોડી ઘણી માહિતી મેળવી શકાઇ હતી. શ્રી ફોર્બસ ગુજરાતી સભામાં એમના સ્વર્ગસ્થ પિતાશ્રી સંબંધે એક વ્યાખ્યાન આપવા એમને બોલાવેલાં તે વખતે સ્વ: અંબાલાલ બુલાખીરામ જાની સભાના સેક્રેટરી હતા. તેઓ શરતચૂકથી તેમને તેડવાને સ્ટેશન પર નહિ ગએલા, તેથી એમના મનમાં ઓછું આવેલું. પોતે ચિ. ભાઈ અનુપમને ત્યાં કોટમાં ઉતરેલા. હું ત્યાં એમની પાસે ગયો અને સભાના પ્રમુખ તરીકે શરતચૂક થઇ તેની માફી માગેલી. તે તેમણે સ્વીકારી, બહુ સંતોષકારક રીતે વાતચીત કરી, અને સ્હાંજે એમને મુકામેથી મારીજોડે મોટરમાં સભાસ્થાને લઇ ગએલો. ભાષણ એમની હમેશની શૈલી મુજબનું અને ઉચ્ચ પ્રકારનું હતું.

મુંબઇમાં સાહિત્ય પરિષદનું સંમેલન હતું. સર રમણભાઇ પ્રમુખ હતા. કવિ નાનાલાલ પોતે તે વખતે મુંબઈમાં હતા. પરિષદ્ જોડે એમને રૂસણું હતું એ વાત જગજાહેર હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં એમને કોઇ રીતે સમજાવી પરિષદ્ પર અમીદષ્ટિ રખાવી શકીએ તો ઠીક એમ ધારી સ્વાગતસમિતિના પ્રમુખ તરીકે મેં તથા શ્રી. કનૈયાલાલ મુનશીએ એમને નિવાસસ્થાને જઈ આમંત્રણ આપવા જવા નક્કી કર્યું. પરંતુ એમના તરફથી નાસીપાસ થઇએ તેવો સંદેશો મળ્યોઃ ગમે તે કોઇ આવે, પરંતુ હું મારો આગ્રહ નહિ છોડું.

સ્વર્ગસ્થ ચંદ્રશંકર પંડ્યાએ એમને બહુમાન આપવા મુંબઈમાં વસતા સમગ્ર ગુજરાતીઓનું એક સંમેલન સ્વ. સર ચીમનલાલ સેતલવાડને પ્રમુખપદે યુનીવરસીટીના કોનવોકેશન હોલમાં ભરેલું. સર ચીમનલાલના વક્તવ્ય બાદ મારે પણ થોડા શબ્દ બોલવાના હતા. મેં યોગ્ય પ્રશંસા કરી. પોતે ફારસીના અભ્યાસી હતા. B. A. ની પરીક્ષામાં હું પરીક્ષક હતો ને પોતે ઉમેદવાર હતા. પરીક્ષામાં નાપાસ થયા તે હકીકત આગળ કરી, કહે કે આજે મારે માટે જે પ્રશંસાના શબ્દો બોલે છે, તેમણે તો મને નાપાસ કરેલો. મેં વચમાં ઉઠી પૂછ્યું કે તમે બરોબર તૈયાર નહિ હો તેથી નાપાસ થયા. કહો કે તૈયાર હતા ? તો કબૂલ કર્યું કે ના, નહતો. મેં પૂછ્યું, બીજે વરસે કેમ ? તો કહે કે પાસ થયો. મેં પૂછ્યું, કારણ ? તો કહે કે બરાબર વાંચ્યું હતું. એજ બહુમાનને અંગે એક બીજી સભા મારવાડી વિદ્યાલયમાં ભરવામાં આવી હતી. ત્યાં હું પ્રમુખ હતો એઓ ફારસીના અભ્યાસી હતા એટલે એમને ઉમર આપવાનો વખત આવતાં શરૂ કર્યું— ફારસી પ્રખ્યાત કવિ હાફેઝની એક જાણીતી ગઝલ—"તાઝે બતાઝે નવ બનવ" થી, અને કહે કે પ્રમુખસાહેબની પ્રિય ચીજથીજ શરૂઆત કરવી જોઇએ. મતલબ કે મારે હાથે નાપાસ થયાનો દોષ ને રોષ બંને મનમાંથી કાઢી નાંખ્યાં હતાં.

ફારસીમાં પ્રશંસાત્મક કાવ્યને "કસીદે" કહે છે. શહેનશાહ, રાજા, મહારાજાના દરબારમાં એ વંચાય છે. ફારસી સાહિત્યની એ પદ્ધતિને અનુસરીને કવિશ્રીએ મહાત્માજીની જ્યુબીલી પ્રસંગે પોતે "ગુજરાતનો તપસ્વી" એ નામનું કાવ્ય (ode) લખ્યું. તેની Parody (હાસ્યજનક કાવ્ય.) રૂપે મી. ખબરદારે "પ્રભાતનો તપસ્વી" લખી કવિશ્રીનો ઉપહાસ ને તેમની કદર બંને કર્યાં છે. આ પ્રમાણે ગુજરાતી સાહિત્યને Parody અપાવનાર તરીકે પણ કવિશ્રીનું નામ જીવન્ત રહેશે.

ઉત્તરાવસ્થામાં કવિશ્રીની સાહિત્યપ્રવૃત્તિ ઓછી થવાને બદલે ઓર વધતી ગઈ. સંસ્કૃતમાં લખાએલાં મહાકાવ્યો જેવું એકાદ મહાકાવ્ય ગુજરાતી સાહિત્યને આપવાની એમની તીવ્ર ઇચ્છા હતી. તે **કુરુક્ષેત્ર** એમણે આપ્યું અને ભાગવતશૈલીએ લખેલી **હરિસંહિતા**નો પણ ઘણો ભાગ પોતે રચી કાઢયો, પણ તે પૂર્ણ થાય તે પહેલાં ઇશ્વરને કાંઇ બીજુંજ ગમ્યું એટલે એમને બોલાવી લીધા.

એમની ખોટ ગુજરાતને હમેશની રહેવાની. એઓ યુગકર્તા હતા. પણ તે પદ હયાતીમાં ઝાઝું ભોગવી શકયા નહિઃ છતાં ગુજરાતી સાહિત્યમાં તેમનું નામ અમર રહેશે, એતો નિઃશંક છે.

મુંબઇ **દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી.**

તા. ૨૬ મી ડીસેંબર ૧૯૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાંક સંસ્મરણો.

કવિ તરફનું પહેલું પ્રબલ આકર્ષણ હું મેટ્રીક ભણતો ત્યારે થયેલું. હું ભણતો ત્યારે ગુજરાતી, સંસ્કૃતના બદલામાં લેવાતું. મેં સંસ્કૃત લીધેલું એટલે મારે માટે ગુજરાતી લેવું અશક્ય હતું. ભાવનગરમાં શ્રી નૃસિંહપ્રસાદ (નાનાભાઈ) ભટ્ટ તે વખતે મેટ્રીકનું ગુજરાતી લેતા, અને વિદ્યાર્થીઓમાં એમનું અધ્યાપન ઉત્તમ અને અત્યંત રસિક ગણાતું, એના ચેપથી હું પણ કાવ્યમાધુર્ય વાંચતો થયેલો, અને કાન્તનાં કાવ્યોની લગની મને ત્યારથી લાગેલી. પણ ન્હાનાલાલનાં કાવ્યોનો પ્રેમ એ રીતે નહિ થયેલો. હું એ વખતે ગીજુભાઇ (બધેકા) સાથે ભાવનગરમાં ભગાના તળાવમાં, ડબગરવાળી શેરીમાં શ્રી ચુનીભાઈ (ચુનીલાલ ભટ્ટ, માસ્તર) ની એક ઓરડીમાં રહેતો. ત્યારથી શ્રી લાભશંકર પ્રભુરામ ભટ્ટ સાથે અમારે મૈત્રી થયેલી. તેઓ કાન્તના સગા થાય, અને તે કરતાં પણ વિશેષ કાન્તના પ્રશંસક અને રસકી હતા. અને કાન્તને ત્યાં જતા આવતા રહેતા. કાન્તમાલામાં એમણે કાન્તના જીવન ઉપર બહુ મૂલ્યવાન લેખ લખ્યો છે. કવિશ્રી ઘણીવાર કાન્તને પોતાનાં કાવ્યો જોવા મોકલતાં, એ કાવ્યો લાભભાઈ અમને વંચાવવા લઇ આવતા. આ રીતે અમે કવિનું 'શરત્પૂર્ણિમા' કાવ્ય અને 'અગર અને ઓજ' કવિના હસ્તાક્ષરમાં વાંચેલું. ત્યારથી અમને કવિનાં કાવ્યોમાં રસ પડવા માંડેલો, અને કવિને નજરે જોવાની ઉત્સુકતા થયેલી. લાભભાઈ વારંવાર કવિ સંબંધી પણ વાતો કહેતા. એકવાર કોઇએ (ઘણે ભાગે પ્રભુલાલ શાસ્ત્રીએ) કવિને પૂછેલું કે કવિ 'શૂન્યમુખ ચિદાકાશ'* એટલે શું ? કવિ કહે "લખ્યુ છે." કવિ પણ અમદાવાદી રીતેઅનુસ્વાર છોડીને ઉચ્ચારણ કરતા. આવી આવી ઘણી વાતો કાન્ત, તેમના મિત્રમંડળના પ્રશ્નોરાઓ, અને કવિ સંબંધી અમને લાભભાઇ પાસેથી જાણવા મળતી.'કવિના આ પરોક્ષ પરિચયથી તેમનાં કાવ્યો વાંચવાનો અમને શોખ થયો અને તેમાં અમે તેમનાં ઉપલબ્ધ બધાં કાવ્યો મંડળી ભરીને વાંચ્યાં. તેમાં ખાસ "વસન્તોત્સવ" બહુ રસથી અને એ વયસુલભ કૌતુકથી વાંચેલું.

એક વખત ભાવનગર સ્ટેશને, ઘણેભાગે હું પ્રીવિયસ ભણતો હતો ત્યારે, કવિને જોવાનો પ્રસંગ મળેલો. કવિ અને રણજીતરામ વાવાભાઇ બન્ને વાતો કરતા હતા. રણજીતરામને આ પહેલાં હું મળેલો પણ કવિને મળેલો નહિ. રણજીતરામે અમુક સાક્ષર વિશે કહ્યું કે તેઓ અમુક વિષય (અત્યારે આ વિષય યાદ નથી) ઉપર પુસ્તકો ભેગાં કરી અભ્યાસ કરવા ઇચ્છે છે. કવિએ કહ્યું કે 'કેટલાક માણસોને 'તુમ્બડાં' જોઇએ છે. 'તુમ્બડાં' વિના તેઓ તરી શકતા નથી.' 'તુમ્બડાં'નો ઉચ્ચાર મને બરાબર યાદ છે, અને તે પ્રમાણેજ જોડણી કરવા મેં પ્રયત્ન કર્યો છે.

* આ શબ્દો કવિના "શ્રાવણી અમાસ" કાવ્યમાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિનો પ્રત્યક્ષ પરિચય તો મને રાજકોટમાં થયો. મારા પિતા બે વરસની ફર્લો લઇને પંચનાથ મહાદેવના એક મકાનમાં રહેતા, અને ભગવદ્‌ગીતા ઉપરના શાંકરભાષ્યનું ગુજરાતી કરતા હતા.

કવિ એ વખતે ભગવદ્‌ગીતાનો અનુવાદ કરતા હતા અને વારંવાર તેની ચર્ચા કરવા મારા પિતા પાસે આવતા. મારા પિતાની મોટી વયને માન આપી કવિ એમને કાકા કહેતા. "કાં વિશ્વનાથકાકા" કરતા અમારી ડેલીમાં પેસતા, અને અનેક ચર્ચાઓ કરતા. હું તે વખતે સીનિયર બી. એ. માં અભ્યાસ કરતો અને બન્નેની વાતચીત બહુ રસથી સાંભળતો, જોકે હું કદી તેમાં ભાગ લેતો નહિ. કોઈવાર સંસ્કૃત શબ્દનો અર્થ કરવાનો પ્રસંગ આવે ત્યારે ટીકાઓ જોતો, કોષો જોતો પણ તે પ્રસંગે વાતચીત કે ચર્ચામાં ઉતરતો નહિ. એ વખતથી મને કવિને માટે અંગત માનબુદ્ધિ ઉપજી, અને જીવન તરફના તેમના દૃષ્ટિબિન્દુની મારા મનપર બહુ અસર થઇ. આનું કારણ એક એ પણ ખરૂં કે બી. એ. માં ઐચ્છિક વિષયમાં મેં માર્ટિનો વાંચેલો, અને કવિએ પણ એ પુસ્તક વાંચેલું, અને કવિ જે જે ચર્ચા કરતા તેમાં માર્ટિનોનું દૃષ્ટિબિન્દુ આવતું તે હું તરત સમજી શકતો. એ ઉંમરમાં મને સંસારસુધારાની અપીલ કેટલીક બાબતમાં જબ્બર હતી, પણ કવિનું એ સંબંધીનું દૃષ્ટિબિન્દુ મને વધારે સારૂં લાગેલું.

આ બાબતમાં થએલી ચર્ચાનું એક દૃષ્ટિબિન્દુ હું અહીં રજુ કરૂં છું. એ કંઈક અંશે કવિનાં કાવ્યો સમજવામાં પણ સહાયભૂત થશે એમ માનું છું. કવિ માનતા હતા કે નાતો તૂટી સમાજ એક થવો જોઇએ. આના ઉપાયની યોજના એમણે એવી બતાવી કે બ્રહ્મચર્ય એ આપણો જૂનો આદર્શ છે—વીસ પચીસ વરસ સુધી યુવાનો બ્રહ્મચર્ય પાળે, તો પછી માબાપો તેમને મરજી વિરૂદ્ધ પરણાવી શકે નહિ, એટલી મોટી ઉંમર થતાં સુધીમાં પુરૂષને કોઇ યુવતી સાથે પ્રેમ થઈ જાય અને એવો યુવાન પછી પોતાના પ્રેમપાત્રનેજ પરણે. એ પ્રેમપાત્ર પોતાની નાતનુંજ હોય એવું ન બને. કવિએ લગ્નપ્રેમની અચલ શ્રદ્ધા હતી અને એના નિરૂપણથી યુવાનો સ્વાભાવિક રીતે શુદ્ધ પ્રેમ કરવા પ્રેરાશે એવી એમની આશા હતી. પણ કોઇ યુવાન કે યુવતીને પોતાનું પ્રેમપાત્ર ન મળ્યું તો? આ યુવાન સ્ત્રી પુરૂષના જીવનમાં એક સ્વચ્છન્દનો પ્રસંગ બની જાય, અને તેને માટે કવિ, નિત્ય-કૌમાર્યવ્રતધારી સરસ્વતી અને નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતધારી ભીષ્મનો આદર્શ મૂકે છે. ઇન્દુકુમાર પહેલા ભાગમાં આનો ઉલ્લેખ આવે છે ત્યાં કવિની સુધારકદૃષ્ટિ પણ છે.

આ વખતનું એક બીજું સંસ્મરણ પણ નોંધવા જેવું છે. મારા પિતા ભગવદ્‌ગીતા અને તે પરના શાંકરભાષ્યના ભાષાન્તર સાથે **महिम्नःस्तव**નું પણ સમશ્લોકી ભાષાન્તર કરતા હતા. એમણે એક વખત કવિને બતાવ્યું. તેમાં નીચેના શ્લોકાર્ધનો અનુવાદ આવ્યો.

रुचीनां वैचित्र्याद्दृजुकुटिलनानापथ जुषाम्
नृणामेको गम्यस्त्वमसि पयसा मर्णव रुव ॥

મારા પિતાનું ભાષાન્તર જોઇને કવિ કહે કે સંસ્કૃતમાં આ પંક્તિઓ જેવી પ્રાસાદમય છે તેવીજ પ્રાસાદમય છે તેવીજ ગુજરાતીમાં પણ થવી જોઇએ. એમણે પોતે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રયત્ન તરીકે ઉપરની પંક્તિઓનું ગુજરાતી કરી આપ્યું હતું અને તે ખરેખર સુંદર હતું. જોકે અત્યારે તે યાદ નથી. મારા પિતાના અનુવાદમાં એ પંક્તિઓ બેસતી આવતી નહોતી તેથી તેઓ તે સ્વીકારી શક્યા નહોતા.

પરસ્પર વાત કરવા જેટલો પરિચય હું બી. એ. માં લૉજિક અને મૉરલ ફિલૉસોફી સાથે ફર્સ્ટ ક્લાસમાં પાસ થયો (સન ૧૯૦૮) અને મારા પિતા મને એમને મળવા લઈ ગયા ત્યારે થયો. કવિ પોતે બહુજ રાજી થયા. એમને ઘેર કોઇ મળવા આવેલા તેમની સાથે મારો પરિચય કરાવ્યો અને મારા પરીક્ષાના સારા પરિણામની વાત કરી. આમ અમે બે ત્રણ વાર મળવા ગયેલા. મેં જોયેલું કે કવિને બહુજ ઉત્સાહમાં આવી વાત કરવાની ટેવ હતી. જો તમે એમની સાથે વાતો કરો ત્યારે એમના ઉત્સાહને હર્ષનું થોડું ભાતું તમે ગાંઠે બાંધ્યા સિવાય ભાગ્યેજ નીકળો. એમના ખુલ્લા મોટા અવાજવાળું હાસ્ય એમની નિખાલસતાની પ્રબળ છાપ પાડતું. એમની પાસે બેસો ને વાત ન નીકળી શકે એવું બનેજ નહિ. તમે વાત ન કરો તો એ હજાર જાતની વાતો કરે. કેટલાક મોટા માણસોને મળવા જઈએ ત્યારે જાણે મનમાં વાતો હોય તે પણ થીજી જાય. કવિ એથી ઊલટાજ સ્વભાવના હતા.

એ વખતે તેનો સારડાકૃત Hindu Superiority વાંચતા હતા તે પુસ્તક મને બતાવ્યું, મને એમાંની કેટલીક વાતો કરી. આવી વાતોના પ્રસંગે એકવાર એવું બન્યું કે કવિને રાજકુમાર કૉલેજ જવાનો વખત થઇ ગયો, એટલે એ જમ્યા વિના ગયા એ અમે પાછળથી જાણ્યું. એક બીજી વાત યાદ આવે છે. કોઇક માણસ કોઇને ત્યાંથી બસે અઢીસે રૂપિયા લઇને આવ્યો અને કહ્યું કે ગણી લો. "ટેબલ ઉપર મૂકો, એમાં ગણવા'તા શા ?" કહી કવિએ વાતો ચાલુ રાખી, ગણવા ઊઠ્યા નહિ.

એજ અરસામાં કવિને પોતાને ત્યાં જાદુના ખેલનો પ્રસંગ રાખેલો ત્યારે મને આમંત્રણ આપેલું. હું જોવા ગયો. ઘણેભાગે એ ખેલ કરનાર અલવારો હતો. તે બ્લેક આર્ટિસ્ટ ગણાતો. તેમાં બ્લેક–કાળાપણું તો એજ હતું કે તે પ્રેક્ષકો સામે બહુ પ્રકાશવાળા દીવા ગોઠવી, અંધારી ઓરડી રચી તેમાં ખેલ કરતો. અંધારામાં જાણે શૂન્યમાંથી પદાર્થો ઊભા થઇને અદ્ધર ચાલતા આવતા જણાતા. આ ખેલ ચાલતો હતો તે દરમિયાન કવિ મને કહે; 'કેમ મિ. પાઠક! શૂન્યમાંથી વસ્તુ ઉત્પન્ન થયા વિશે હવે તમે શું માનો છો ?' કે એવા કોઈ અર્થનું.

રાજકોટ નિવાસ દરમિયાન કવિએ મારા પિતાને કેટલાંક કાવ્યો ભાગ ૨ તથા ઈન્દુકુમાર ભાગ ૧ લાની નકલો આપેલી. પહેલા કોઇ કાવ્યોમાં નહિ થયેલો એટલા હર્ષ અને તન્મયતાનો અનુભવ મને આ નવાં કાવ્યોમાં થયો. મારા પિતાને આમાંનાં બધાં કાવ્યોમાં રસ જ આવતો. પણ "મારા કેસર ભીના કંથ." તેમને પણ બહુ ગમતું. એમનો ઇન્દુકુમાર તો મેં બહુ વાર વાંચ્યો. અનેકવાર. મેં એકવાર કહ્યું છે તે અહીં ફરી કહું; કે એ પુસ્તક હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાપીઠમાં અધ્યાપક થયો પછી ખોવાઈ ગયું તેનો ખેદ મને હજી પણ થાય છે. એ ભેટનું પુસ્તક હતું તેટલા જ માટે નહિ, મને મારાં વાંચેલાં પુસ્તકો રાખી મૂકવાં અને મન થાય ત્યારે વાંચવાં ગમે છે, એટલા માટે.

તે પછી, ક્યારે તે યાદ નથી, પણ એકવાર ઊનાળાની રજાઓમાં રાજકોટ એમને ઘેર મળવા ગયો હતો. ખરો બપોર હતો, અને કવિ બપોરની લાંબી ઊંઘ ખેંચીને ઉઠયા હતા. મેં કહ્યું કે ભાવનગર જાઉં છું. મણિભાઇને (મણિશંકર ર. ભટ્ટને) કંઈ કહેવરાવવું છે. મને કહે કે કહેજો કે ઊનાળામાં બપોરે ઉંઘવાની મજા આવે છે એમ એ કહેતા હતા તે સાચું છે એમ અનુભવું છું.

એમની સાથેનો પરિચય તેઓ રાજકોટની નોકરી છોડી અમદાવાદ કાયમી નિવાસ કરવા આવ્યા ત્યારે વધ્યો. રાજકોટમાં એમને અમારા ઘર સાથેનો જે સંબંધ થયેલો તેજ સંબંધનો અહીં વિસ્તાર થયો. અમે બધાભાઇઓ તેમને અમારા આખા કુટુંબના મુરબ્બી ગણતા.

અમદાવાદનાં સંસ્મરણો મને કાલક્રમે યાદ રહ્યાં નથી. પણ આવાં છુટ્ટાં સંસ્મરણોમાં એવો ક્રમ ન સચવાય તોપણ ચાલે. અમદાવાદનું જૂનું જણાતું એક સ્મરણ એવું છે કે અમદાવાદમાં એક કલાપ્રદર્શન ભરાયું હતું. વિદ્યાપીઠના કેટલાક અધ્યાપકો તેમાં કામ કરતા હતા. ખાસ કરીને પ્રો. શ્યામલાલ ભગવતી. ચિત્રકાર શ્રી ચંદુલાલ પણ એક કાર્યકર્તા હતા. કવિશ્રી આ પ્રદર્શનની કાર્યવાહક સમિતિમાં ઘણું કરીને પ્રમુખ હતા. પ્રદર્શન તૈયાર થઇ ગયું, અને ઉઘાડવાને એક બે દિવસની વાર હતી ત્યારે કવિશ્રી કાર્યવાહકોની સાથે પ્રદર્શન જોવા નીકળ્યા. જોતાં જોતાં પૂજ્ય ગાંધીજીનું ચિત્ર આવ્યું. પણ સાથે પૂજ્ય કસ્તુરબાનું ચિત્ર નહોતું તે જોઇ કવિએ વ્યવસ્થાપકોની એ અક્ષમ્ય ભૂલ ગણી. પછીથી ત્યાં કસ્તુરબાનું ચિત્ર પણ મુકાઇ ગયું એમ સ્મરણ છે.

એકવાર કવિના કોઈ મિત્ર તેમને મોટરમાં ફરવા લઇ જતા હતા. હું ત્યાં હતો. કવિએ મને સાથે આવવા કહ્યું. મોટર સાબરમતીને કિનારે કિનારે દક્ષિણ તરફ જતી હતી. એક જગાએ અમે ઊતરીને જરા ફરતા હતા. કવિ મારાથી જરા દૂર ચાલતા હતા. ત્યાં મેં ઓચિંતા કવિની બૂમ સાંભળી. હું તરત પાસે ગયો, મને બૂમ પાડી તે કહે 'જુઓ જુઓ સાબરમતીનું કેવું સુંદર દૃશ્ય છે!' ત્યાં નદી વાંક લેતી હતી અને દૃશ્ય ખરેખર સુંદર હતું. એમને ઓચિંતા આવેશમાં આવી રીતે બૂમ પાડવાની ટેવ હતી. એકવાર અમે ગુજરાત કૉલેજની જમીનની પશ્ચિમે આવેલા ખુલ્લા મેદાનમાં ફરતા હતા. ફરતા ફરતા અમે એક ઝાડ પાસે આવી ચડ્યા. હું એ ઝાડને ઓળખી શક્યો નહોતો. કોઇ ક્ષુદ્ર ઝાડ દેખાતું હતું. પણ વસંત બેસતી હતી એટલે એને નવાં પુષ્પો આવેલાં હતાં અને તે મહેકતાં હતાં. તે જોઈ મને કહે! 'બધા મને કહે છે કે હું ખોટે ખોટું વસંતનું ગુણગાન કરૂં છું. પણ જુઓ, ગુજરાતમાં વસન્ત છે કે નહિ? હા હું અત્યુક્તિ કરૂં છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિને તેમ કરવાનો હક છે. પણ મૂળ વાત સાચી છે.' એમણે એકવાર કહેલું કે વસંત એમની પ્રિય ઋતુ હતી. એટલુંજ નહિ, એ એમની પ્રેરણાદાયી ઋતુ હતી. એ ઋતુમાં એ ઘણું લખી શકતા. એમનો લખવાનો સમય ઘણોખરો મોટા વરોડનો હતો, બ્રાહ્મ-મુહૂર્તનો. અને એમણે એકવાર કહેલું કે કુદરતનું હું જે વર્ણન કરૂં છું તે ખરેખરૂં અનુભવેલું હોય તેવું જ કરૂં છું.

એકવાર હું એમને ઘેર તેમને મળવા ગયેલો. મને એવું યાદ છે કે મને બોલા-વેલો ને ગયેલો. તે વખતે ઈન્દુકુમારનો ત્રીજો અંક પૂરો લખાઇ ગયો હતો. મને એમાંથી થોડો ભાગ વાંચી બતાવ્યો. તેમાંથી બે બાબત મને યાદ છે. એક તો એ, કે એમને એવું એક સંસ્કૃત વાક્ય જોઇતું હતું કે પુરૂષ સ્વતંત્ર નથી — શાસ્ત્રો સ્ત્રી સ્વતંત્ર નથી એમ કહે છે તેના એક સમકક્ષ પૂરક સત્ય તરીકે, મેં એક વિકલ્પો બતાવ્યા એમ યાદ છે. તેમાંનો એક **का न पुंसामस्ति स्वातन्त्र्यम्।** એ હતો. પણ એ એમણે ન સ્વીકાર્યો. એને બદલે એમણે **पुंस्वातन्त्र्यं न कर्हिचित्।** એ સ્વીકાર્યું. (મારી નકલમાં **कर्हचित्** છપાયું છે એ છાપભૂલ જણાય છે. ઇન્દુકુમાર અંક ૩, પ્રવેશ ૮) હું માનું છું **न स्वातन्त्र्यं स्त्रियः क्वचित्।** એ મૂળ વાક્ય સાથે ઉચ્ચારણમાં સરખું આવે છે, અને બન્ને અનુષ્ટુપનાં સમચરણો થાય છે એથી એમણે એ પસંદ કર્યું હશે. પણ તે પ્રસંગે વધારે અગત્યની વાત થઈ તે કાન્તિ વિશે. મેં એમને કહ્યું કે તમારાં બધાં પાત્રોમાં મને કાંતિ સૌથી વધારે ગમે છે. એ પાત્રને તમે અંતે જતાં પતિત બનાવો છો તે તદ્દન બિન-કારણ છે. કાંતિના આવા સ્વભાવનિરૂપણમાં એવું કયાંઈ જણાતું નથી, જેથી એ પતિત થાય, પણ મારી દલીલની એમના મન પર જરાપણ અસર થઇ નહિ. મેં બહુ કહ્યું ત્યારે તેમણે બેક શબ્દો ફેરવ્યા જે ફેરફારથી કાન્તિનું પતન જરાપણ હલકું થયેલું મને લાગ્યું નહોતું. એ ભાગ હું હમણાં વાંચી ગયો પણ એ ફેરફાર કરેલાં શબ્દો અત્યારે યાદ આવતા નથી. હજી પણ એ મારા મનમાં કોયડોજ છે કે કવિએ શા માટે કાન્તિના વયનું પતન કરાવ્યું? વિદ્વાનોએ અને અભ્યાસીઓએ એ અભ્યાસ કરવા યોગ્ય વિષય છે એમ હું માનું છું.

બીજાં ઘણાં સંસ્મરણો છે પણ બધાં અહીં આપવાનો ઉદ્દેશ નથી. પણ એક જરા વિચિત્ર અને આપણી કલ્પનામાં પણ ન આવે એવું મૂકું છું. અમદાવાદના એક પ્રસિદ્ધ મોટા ધનવાન શેઠની વાત છે. કોઈએ એમને ખબર આપી કે કવિ અમદાવાદમાં રહેવા આવ્યા છે. એ વખતે શેઠની દીકરીનાં લગનનો અવસર હતો એટલે શેઠે કહ્યું કે કવિને કહો કે બહેનનાં લગન ઉપર એક કાવ્ય લખી મોકલે. અમદાવાદનો ધનિક વર્ગ કેટલો સંસ્કારી, તેનું આ એક અમુક સમયનું માપ છે. કવિ આ સંબંધી વાત કરતાં કહેઃ 'એ એક મને આવું કહેનારો મળ્યો'.

હવે એક જ પ્રસંગ નોંધું છું. કવિ રાજકોટમાં હતા ત્યારે ત્યાં એક એજન્સીના સારા હોદ્દાના અમલદાર હતા તે કંઇ કામ પ્રસંગે અમદાવાદ આવેલા અને અહીંના એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા શેઠને ત્યાં ઉતરેલા. એ અમલદારે કહેવરાવેલું કે, કવિને કહેજો મળવા આવે. કવિએ સામું કહેવરાવ્યું કે એમને કહેજો કે 'I am at home, હું ઘેરજ છું તેમને આવકાર આપવા'. કવિજ શા માટે પહેલા મળવા જાય !

એલેક્ઝાન્ડરે પોરસને હરાવ્યો અને પોરસ તેને મળવા ગયો ત્યારે એલેક્ઝાન્ડરે પોરસને પૂછ્યું કે તમે મારી પાસેથી કેવા વર્તાવની અપેક્ષા રાખો છો, અને પોરસે કહ્યું કે એક રાજા તરફ યોગ્ય ગણાય તેવા વર્તાવની, એમ ક્યાંક વાંચ્યું છે. કવિ હમેશાં સમાજે તેમના તરફ એક કવિને યોગ્ય વર્તાવ રાખવો જોઇએ એમ માનતા. હું કવિ છું એનું ભાન તેમને હમેશાં છતું, જાગરુક હતું. અને કવિ વર્ગની પ્રતિષ્ઠા પોતા પર આધાર રાખે છે, એવી જવાબદારીની બુદ્ધિથી તેઓ કવિ ગૌરવનું રક્ષણ સજાગ રહી કરતા. તેઓ માનતા કે કવિએ કવિનો ધર્મ પાળવો જોઈએ. 'અમારે કવિઓએ જોવાનું છે કે, દુનિયાં ઊંચી ચડે છે કે નીચે જાય છે.' દુનિયાંને ઉન્નતતર ભૂમિકા તરફ લઇ જવી એને એ પોતાનો ધર્મ માનતા. એમના કવિતાના સ્વરૂપથી તે એમના ધ્યેય સુધીનાં એમનાં બધાં મંતવ્યો વિશે મતભેદ હોઇ શકે, પણ એ સમજ્યા એ લક્ષ્યને હમેશાં ધ્યાનમાં રાખીને તેમણે કાવ્યચર્યા કરી છે એમાં કોઇથી ના કહેવાય એમ નથી. એવા પુરૂષો દુનિયાંમાં બહુ વિરલ હોય છે.

તા. ૨૬-૧૦-૫૧.

શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મરણોના ભણકાર

અનુભવોમાંના જે કેટલાક સૌથી નોંધપાત્ર, તેમાંનો એક તે ન્હાનાલાલ કવિનો સૌથી પહેલો મેળાપ. ઓળખાણ કોની મારફત, એ તો યાદ નથી પણ મળવાનું ૧૯૨૦-૨૧ માં એટલે 'ચેતન'ના પહેલાજ વર્ષમાં ઍપોલો સ્ટ્રીટમાંની શેઠ માવજી ગોવિંદજીની ઑફિસમાં થયું હતું. અમારા માસિક વતી થયેલી વિનંતિ કવિશ્રીએ તુરત જ સ્વીકારીને થોડા દિવસ પછી મોકલેલું કાવ્ય 'સ્મરણોના ભણકાર' (કોઈક પથિકને પ્રવાસ દરમ્યાન પ્રિયતમાનાં સ્મરણો "પરબ-પિયાવે" ઊભો હોય ત્યાં હૈયે ચઢે છે એવા વસ્તુવાળું) એના ઘણું કરીને બીજા અંકમાં છપાયું છે. પરન્તુ એ પ્રસંગની વિશેષતા તો તેમણે મારા પૂછવાથી કરેલી બે સૂચનાઓને કારણે છે. 'ચેતન' સૂરતમાંથી પ્રગટ થાય છે એ જાણીને તેમણે કહેલું કે અર્વાચીન સમયના ચાર મહાન સુરતીઓનાં વિસ્તૃત ચરિત્ર હજી (અને એ 'હજી' આજ લગી યે લંબાયું છે) લખાયાં નથી તે અમારે લખવાં કે લખાવવાં જોઇએ: નર્મદ, શેઠ પ્રેમચંદ રાયચંદ, પ્રો. ત્રિભુવનદાસ ક. ગજ્જર તથા 'સિલ્વર કિંગ' નામે એવામાં વિખ્યાત ચુનીલાલ ધ. સરૈયા. અમે વિનોદલક્ષી લખાણોને પણ એક ખાસ અંગ બનાવવા ઇચ્છીએ છીએ એવું જાણતાં ઉત્તર મળેલો "હા, એનો લેખક 'ડિગ્નિટી'થી લખી શકે તો" છૂટા પડતાં પોતે જ્યારે ઊભા થઇને સ્મિતપૂર્વક શેકહેંડ કરી ત્યારે મને આશ્ચર્ય ને આનન્દ થયેલાં : "કેટલા સજ્જન છે! હું તો નવો સવોજ તંત્રી ને દેખાવે વળી છોકરા જેવો; તેને કવિએ કેટલું મોટું માન આપ્યું!"

૧૯૨૨-૨૩ માં 'ગુજરાત' ના અવલોકનકાર તરીકે અને પછીનાં બે ત્રણ વર્ષમાં 'કૌમુદી' ના નોંધનવેશ તરીકે તેમની વિરુદ્ધ કડવી ટીકાઓના પ્રસંગ વચ્ચે વીતી ગયા. મેં તો એ પ્રહારો, મારા જેવા વ્યવહારવિમુખને બનતું હોય છે તેમ, સિદ્ધાન્તલોકની આકાશી યાત્રા બલ્કે ઉડ્ડયન કરતે કરતેજ સ્વતંત્ર મતપ્રદર્શનની રીતે કર્યા હોય, પણ (વાત ફરતી ફરતી મને પહોંચેલી કે) સ્વ. ન્હાનાભાઇ માનતા કે એ બધાં મુનશીની જ મારા પર થયેલી માઠી અસરનાં પરિણામ; પરન્તુ પાછળથી તો બીજાઓએ તેમ તેમણે પણ શોધ કરી કે દુન્યવી મોટાઇને એવું સરખું જ માન આપી શકનાર અમૂર્તના ઉપાસક સિદ્ધાન્તવાદીઓની પ્રેરણા પામેલા આવા તંત્રીઓ ને લેખકો તો મુનશી જેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને બીજા ભલા ધનેતરનીય કનવાર કર્યા વિના પ્રસંગ આવ્યે અપ્રિય સત્ય ફરજને અંગે કટુતાથી પણ કહી નાંખતા જ હોય છે. કવિમાં પોતામાં પણ આ ગુણ ઉત્તર વયમાં તો ઘણો પ્રકાશતો હતો અને તેની કદર, દુર્ભાગ્યે એમના આજીવન વિરોધી એવા પ્રાધ્યાપક ઠાકોરે સુદ્ધાં શોકસભાના પ્રમુખપદેથી કર્યાનું આપણે જાણીએ છીએ.

જે વર્ષમાં પરમ સિદ્ધાન્તનિષ્ઠ એ કવિની કટુતા ખુલ્લી સભામાં પણ ગાજવા લાગી તે ૧૯૨૭ નું, એમના જીવનના કનકપર્વના ઉત્સવનું વર્ષ તો પાછું અમારા મિઠાશભર્યા સંબન્ધનું છે. પ્રતિષ્ઠિત સામયિકોમાંના એકલા એક 'કૌમુદી' એ જ એ વર્ષે તેમનો સચિત્ર જયન્તી અંક કાઢીને વિશિષ્ટ સાહિત્યસેવાનો યત્કિંચિત્ લાભ લીધો હતો; અને તેમણે, એનો પ્રકાશનદિન શરત્પૂર્ણિમા તેથી, ભદ્રના એમના મકાનની અગાસીમાં અમો કેટલાક સ્નેહીઓને નોતરીને દૂધપૌંઆની પ્રસાદીથી મોં મીઠાં કરાવ્યાં હતાં. પોતે અંકની કદર કરતાં ચન્દ્રશંકરભાઇ (સ્વ. ચન્દ્રશંકર ન. પંડ્યા) પરના પત્રમાં એવા ભાવાર્થનું લખેલું કે અસહકારીઓને બીજાઓ ન્હાનાલાલની સામે ભલે બોલ્યા કરતા, પણ 'કૌમુદી' જેવા "भिक्षां देहि" ઉપર નભતા પત્રે સાડા છસો રૂપિયા ખર્ચીને અંક કાઢ્યો તે આગામી પેઢીના જુવાન સાહિત્યરસિકોનો ખરો અભિપ્રાય દર્શાવે છે.

લેખકઃ—**પ્રા. વિજયરાય ક. વૈદ્ય**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફકીર બાદશાહ

ન્હાનાભાઇના સમસ્ત જીવનમાં પ્રેમભક્તિની ઝલક છાઇ રહી હતી. આથી એમનામાં સત્યનિષ્ઠા, ત્યાગ, વાત્સલ્ય, વીરતા, તપશ્ચર્યા અને માંગલ્ય અનેક કલાએ વિલસતાં હતાં. એમનાં કાવ્યોમાં ' હું એકલો ઊડું ' એવો એકલવિહાર પ્રકટયો છે, તો તેની સાથેસાથે ' દૂરથકી પણ દૂર ' અને ' પ્રાણ થકી પણ પાસ ' એવા ' અવધૂત ' ની મસ્તી ઊછળી છે. અને, સાચે જ, ન્હાનાભાઇ એકલવિહારી અવધૂત હતા. કદીક એ રોષ કરતા, કદીક એ રિસામણાં લેતા, અને કદીક એ જિદ્દે ચડતા, આવી વિષમતાને કારણે કોઈ એમને અસહિષ્ણુ માની લેતા, કોઇ એમને અનુદાર ગણી કાઢતા, અને મનની કૃષ્ણતાનો ય એમના ઉપર આરોપ ઢોળવામાં આવતો. છતાં એ બધાંથી ન્હાનાભાઈ પર હતા. એમનાં હૃદય અને ચિત્તનો થોડોક પણ અંતઃસ્પર્શી પરિચય થતો, તો તુરત જ એમનામાં કોઈ લોકોત્તર વિભૂતિનાં મંગલદર્શન લાધતાં. ત્યારે સહજતાએ પ્રતીતિ થતી કે ન્હાનાભાઇ ભોળા, ઓલિયાં—ફકીરબાદશાહ છે, અને આ થોડાંક ચિહ્નો તો માત્ર ઉપરની સપાટીનાં છે—એમનું રસસાગર શું અંતરતલ તો શાંત, ગભીર, પ્રસન્ન અને નિતાન્તરમણીય છે.

છેક બચપણથી ન્હાનાભાઇને ભક્તિનાં રસાંજન મળ્યાં હતાં. એથી તો તંબૂરો અને એકતારો એમનાં નિત્યનાં સંગાથી હતાં. સાંજે કે રાતે, કે વહેલી સવારે ન્હાનાભાઇને તંબૂરાના તાર રણઝણાવતા જોવા, એ એક પુનિત દૃશ્ય હતું. પોતે વિલાયત જવાની તૈયારી કરતા હતા. મુંબઈના એક લક્ષ્મીનંદન સાથી હતા. જરૂરી વસ્તુઓ ભેગી કરવાની યોજનાઓ થતી હતી. ન્હાનાભાઇ કહે: ' મારે બીજાં વિના ચાલશે. પણ મારો તંબૂરો પહેલો. એ તો લેવાનો જ.' પછી તો, એ સફર મુલતવી રહી. પણ ત્યારનો તૈયાર કરાવેલો તંબૂર તો હજી આ વાતનું સ્મરણ આપ્યાં કરે છે. એકવાર કોઇ રાવણહથ્થો વગાડવાવાળો આવ્યો હતો, બા તેનાં ભજનો સાંભળતાં હતાં. ન્હાનાભાઇ ત્યારે સરકારી નોકરીમાં હતા. બાએ એમને ઑફિસે કહેવરાવ્યું: ' ભજન ગાનારો આવ્યો છે. સરસ ગાય છે. ' અને, ન્હાનાભાઇ તરત ઘેર આવ્યા. ' માથે મોતનાં ઘડિયાળાં વાગે ' એ ભજન ચાલી રહ્યું હતું: કપડાં પણ બદલ્યા વિના ન્હાનાભાઈ એ ભજનનો અમૃતાનુભવ લઈ રહ્યા. પોતે આંટા મારતા જાય, કંઇ ગુંજતા જાય, અને પછી બુલંદ અવાજે કોઇ ભજનકડી લલકારતા જાય, ત્યારે પાસે બેઠેલા પણ ભક્તિરસમાં તરબોળ થઇ જાય એવું વાતાવરણ જામતું. ' પ્રેમભક્તિ–ભજનાવલિ ' માં ન્હાનાભાઇએ જે થાળ પીરસ્યો છે, તે એમની ભક્તિસુધાની પ્રસાદી છે. અને, એમના અંતરંગ મિત્રો જુઓ: અમૃતલાલ પઢિયાર ને બાવા મોહનદાસ બંને અવધૂત જેવા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ, એ ભક્તિ વીરની હતી, અને સંસારનાં જુદ્ધોમાં ય તે રસભરી હતી. એજન્સીમાં ન્હાનાભાઇ શિક્ષણ અધિકારી હતા. પોતે પોતાની રીતે રાષ્ટ્રીય ચળવળમાં હિસ્સો પુરાવતા હતા. ઉપરી અધિકારીને આ વસમું લાગ્યું. તેણે માત્ર ઇસારો જ કર્યો, અને ન્હાનાભાઇએ રાષ્ટ્રસેવાની ખાતર રાજીનામું ઘડી મોકલ્યું. પેલો ઉપરી તો આથી આભો થઇ ગયો. કહેઃ 'મારૂં કહેવું આ માટે નહોતું.' છતાં, ન્હાનાભાઇએ રાજીનામાની વાત પડતી જ ન મેલી. ત્રણવાર રાજીનામું પાછું આવ્યું, અને ચોથીવાર તે સ્વીકારાયું. વચમાં એક સ્નેહીએ કહ્યુંઃ 'ન્હાનાભાઇ તમે આમ રાજીનામું આપો છો તે ઠીક થતું નથી. આના કરતાં તમે પેનશન ઉપર ઊતરી જાઓ. સ્વમાન સચવાશે, રાષ્ટ્રસેવા થશે, અને આર્થિક સગવડ પણ રહેશે.' પણ ન્હાનાભાઈ એવા સમાધાનના સખત વિરોધી રહ્યા હતા. એમને સત્ય સાથે બાંધછોડ કરવાનું ગમ્યું નથી. એમની નિખાલસતા ગર્જી ઊઠીઃ 'ભાઈ એવી વાત મારી પાસે ન હોય. સત્યમાં આવું સમાધાન ન થાય. મારે તો પૂરો સત્યાગ્રહી થવું છે—અધૂરી વાત મને ન ફાવે.' અને જીવનના એક પણ પ્રસંગે ન્હાનાભાઇએ સમાધાન કરી મન મનાવ્યું નથી એ સાચના જ સિપાઇ રહ્યા છે.

પણ અમલદારી ઊતરી, ભેખનો અંચળો આવ્યો: છતાં, ન્હાનાભાઇ એવા ને એવા જ હૃદયવૈભવી હતા. એક રાજાએ કહ્યુંઃ 'કવિ સાહેબ! મારે ત્યાં નોકરીએ આવો. હું તમારૂં માન સાચવીશ, મરતબો જાળવીશ, અને પગાર પણ સારો આપીશ.' ન્હાનાભાઈ કહેઃ 'ના, ભાઈ! મારે નોકરી કોઇની કરવી નથી. હું તો નોકર છું ગુજરાતનો અને ગુજરાતીનો.' ત્યારે, એ જ રાજાએ ન્હાનાભાઇને વરસાસન આપવા કહ્યું: છતાં આ અટંકી વીરે ઉત્તર આપ્યોઃ 'હું તો ભાવનો ભૂખ્યો છું. મારે તમારૂં વરસાસન જોઇતું નથી.' આવેલી લક્ષ્મીને એમણે પોતે જ કાઢી હતી, અને આવતી લક્ષ્મીને એમણે પેસવા દીધી નહોતી. એમને તો સત્ય હતું અને સત્યનિષ્ઠા હતી; ફકીરની બાદશાહી હતી અને પ્રેમનાં પરમ ધન હતાં. આથી તો, વીર, સત્ય, ને રસિક ટેકીપણું એમના વિરોધીઓને પણ ઉરથી ગાવાં પડે એમ છે.

એક પ્રસંગ હતો. ન્હાનાભાઇ મોરબીમાં 'શંકરાશ્રમ'માં ગયા હતા—મહામહોપાધ્યાય શંકરલાલ શાસ્ત્રીને અંજલિ આપવા. મોરબી ઠાકોરસાહેબને એમના આગમનની ખબર પડી. તરત સંદેશો મોકલ્યોઃ 'આપ રાજગઢે પધારો.' પણ ન્હાનાભાઇએ કહેવડાવ્યુંઃ 'ના. આજે તો હું શંકરાશ્રમનો મહેમાન છું.' વળી, એમણે ઉમેર્યુંઃ 'આપ અહીં ન આવશો, હું જ આપને મળવા આવીશ.' પોતે ગયા, તો ઠાકોરસાહેબે ન્હાનાભાઇને આપવા માટે અનેક કીમતી વસ્તુઓ ત્યાં મૂકી રાખી હતી. ઠાકોરસાહેબે આવકાર આપીને કહ્યુંઃ 'કવિસાહેબ! આ ગુરુદક્ષિણા.' તરત ન્હાનાભાઇએ ઉત્તર આપ્યોઃ 'આ ન લેવાય. તમે ભાવ રાખશો, એ જ બસ છે.' પણ ઠાકોરસાહેબે અત્યંત આગ્રહ કર્યો અને ન્હાનાભાઈએ એક નાની ઘડિયાળ સ્વીકારી. પછી તો, બીજી અનેક વાતો થઈ. ઠાકોરસાહેબ કહેઃ 'આપને મૂકવા માટે મારૂં સલૂન ઠેઠ વિરમગામ સુધી મોકલું છું.' એટલે ફકીરબાદશાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે: 'ના, ના. મારી હદ તો એથી ય આગળ જાય છે. તમે સલૂન મોકલવાનું માંડી વાળો. હું તો ગુજરાતનો અદનો સેવક છું. મારે એ ન જોઈએ,' છેવટે ઠાકોરસાહેબે વઢવાણ સુધી સલૂન મોકલ્યું જ, અને ન્હાનાભાઈ વઢવાણ સ્ટેશને ઊતરી તરત જ ત્રીજા વર્ગની ટિકિટ લઇ પોતાના ડબ્બામાં બેઠા !

બીજા એક રાજાને ત્યાં ન્હાનાભાઈ મહેમાન થયા હતા. તેમણે એમને એક પુસ્તક આપ્યું અને કહ્યું: 'કવિસાહેબ ! આ મારૂં લખેલું પુસ્તક છે, આપ એમાં પ્રસ્તાવના લખી આપો.' ન્હાનાભાઈ પુસ્તક ઉથલાવી ગયા, અને એકદમ તડૂકી ઊઠયા: 'આ પુસ્તકની પ્રસ્તાવના મારી પાસે જોઈએ છીએ ? નહિ બને. આમાં તો અમર્યાદ શૃંગાર છે.' પછી પાસે ઊભેલા એક સ્નેહીને ધમકાવી નાંખી બોલ્યા, 'તમે અહીં છો અને આવું લખવા દો છો ?'

ન્હાનાભાઇ કોઈની શેહમાં તણાતા નહોતા; બાળક જેવી સરલતા રાખતા અને નિષ્કપટભાવે ગમે તેને રોકડું પરખાવી દેતા. ક્યારેક કોઇ કોઇ માણસો ન્હાનાભાઇની આ ખાસિયતનો અવળો લાભ લેતા, એમને ચીડવતા અને હિતશત્રુનું કામ કરતા. એક પ્રસંગે એક ઓળખીતાએ આવીને ન્હાનાભાઇને કહ્યું: 'આ તમારો દોસ્તદાર છે તે તો તમારાં વહાલાંમાં વેર પડાવે છે. આથી જ તેણે આવું કામ કર્યું છે.' બસ ન્હાનાભાઈ! એમનું ભોળપણ મેલી રમતોને જોઇ શકતું નહોતું, પોતાના જેવા જ સામેના લોકો પણ દરિયાવદિલ છે એવું એ માનતા. આથી પેલા મિત્ર જ્યારે મળવા આવ્યા, ત્યારે ન્હાના-ભાઈએ તેમને ઊધડા લેવા માંડયાં. મિત્રને વર્ષોનો સબંધ હતો. મૈત્રી પ્રેમના કાચે તાંતણે હતી. એમણે ખુલાસો કર્યો, અને ન્હાનાભાઈ તરત બોલી ઊઠ્યા; 'પેલો મને બનાવી ગયો બેર.'

વજ્રથીય કઠોર થતા ન્હાનાભાઈ કુસુમથીયે કોમળ વર્તાયા છે. એમના હૃદયમાં નિરંતર પ્રેમનો મીઠો મહેરામણ ઊછળતો. આથી તો કાઠિયાવાડમાં ભયંકર દુકાળ પડયો હતો તે વખતે રાહત આપવા આવેલા મંડળની કચેરી મહિનાઓ સુધી ન્હાનાભાઇને ત્યાં રાજકોટમાં રહી હતી. જે કોઇ આવે, તેને બા અને ન્હાનાભાઈ મોકળે હાથે ને મોકળે દિલે આપતાં. અને, એ જ દિલની ધારા છેક અંતકાળ સુધી ન્હાનાભાઇએ વહાવી છે. કોઇ માગણ એમને ત્યાંથી વિમુખ ગયો નથી, કોઇને કડવો શબ્દ સાંભળી પાછું જવું પડયું નથી. ઘરમાં ખૂટી પડશે, એવી અશ્રદ્ધા એમણે કદી સેવી નથી. શ્રીહરિ સંભાળશે એવી એમને હૃદયે નિરાંત રહેતી.

એવું જ વાત્સલ્ય ન્હાનાભાઈ પોતાને ઘેર આવતાં અન્યો ઉપર વરસાવતા. એમની પુત્રી ચિ. ઉષાની એક સખી ન્હાનાભાઈની અને બાની દીકરી થઇ ગઇ છે. ગાંધીજીએ આગાખાનના મહેલમાં ઉપવાસ કર્યા, ત્યારે એ દીકરી પૂના ગઈ અને જેલમાં ગઈ. ન્હાનાભાઇ કહે: 'આ ગાંડી રજા લઇને ગઇ છે કે ?' તરત તેમને હાનો જવાબ મળ્યો, એટલે કાગળ લઇ એ 'દીકરી'ને જેલમાં વાત્સલ્યરેલતો પત્ર લખી આશીર્વાદ આપ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી દોઢેક મહિને એ જેલમાંથી છૂટીને આવી, તો બા હસતાં હસતાં કહેઃ 'દીકરી ! જોજે હવે, તારા ઉપર કેવા તડૂકે છે તે !' પણ ન્હાનાભાઈ તો મીઠો ઉપદેશ આપી એકદમ 'કોયલ' ના ટહુકાની વાતો ઉપર ચડી ગયા. ગુજરાત જાણતું નથી કે, ન્હાનાભાઈએ ૧૯૩૦ ની સાલમાં એમના એક પુત્ર ચિ. આનંદને ધારાસણાની લડતમાં જવાની રજા આપી હતી, અને એના નખશિખ ખાદીના પોશાકની કદી એમણે સૂગ અનુભવી નથી. ન્હાનાભાઇ પ્રસંગે તડૂકતા ને તરત જ પાછા મુલાયમ થઈ જતા, એ તો અનુભવની વાત છે.

પણ, આવો વજ્ર જેવો માણસ એક બાજુ સિંહની છાતીએ કામ કરે, અને બીજી બાજુ એક નાના સરખાં પ્રસંગે ફૂલની કોમળતા ધારી આંખે ભીનો થઈ જાય—એ જોવું એક સ્વર્ગીય લહાવો હતો. આગળ જે 'ગાંડી' નો ઉલ્લેખ કર્યો છે, તે દૂર દૂર હજાર માઈલ આઘે, સાસરે જતી હતી. બાને અને ન્હાનાભાઈને તે મુંબઈમાં પગે લાગવા ગઈ. વિદાયની વેળા આવી અને બા તથા ન્હાનાભાઈની આંખોમાં આંસુ છલકાઈ રહ્યા. દીકરી કેટલે બધી દૂર જાય છે—એટલું જ એ બોલી શકયાં.

પણ આ પ્રેમનો પટ અત્યંત વિશાલ હતો. મકાનની પાસે એક નાનકડો બાગ હતો. તેમાં મોગરા વાવ્યા હતા. એક બકરી આવીને રોજ એ કલમનાં પાંદડાં ચાવી જાય. છોકરાંને થયું: અમે આટઆટલી મહેનત કરીએ છીએ, અને બકરી અમારી મહેનત ઊગવા દેતી નથી, એક દિવસ છોકરાંએ એ બકરીને ડબ્બામાં પુરાવી. ઘાસચારો પણ ત્યાં અપાવ્યો. ત્યાં બીજી સવાર થઇ. અને ન્હાનાભાઇ કહેઃ 'બાઇ ! આજે બકરી કેમ દેખાતી નથી ?' બા બધું સમજાવે છે, એટલે ન્હાનાભાઇ તરત જ આદેશ આપે છેઃ 'જાઓ, અત્યારે ને અત્યારે બકરીને છોડાવી લાવો. અને બાઇ ! બકરીના માલિક પાસે પૈસા નહિ હોય, એટલે તો એ બિચારો એને આમ બાગોમાં રઝળવા દે છે. એને બાઇ ! બાર રૂપિયા આપજો—મહિને હો.'

વળી એકવાર એક જણે તોફાનમાં એક બિલાડીને ઘા કરી દીધો હતો. બિલાડી ત્રાસી રહી હતી. ન્હાનાભાઈ કહેઃ 'આને અત્યારે ને અત્યારે ઇસ્પિતાલમાં લઇ જાઓ.' ઇસ્પિતાલમાંથી એને આણવામાં આવી, અને ન્હાનાભાઇ બીજાઓની સાથે તેને શેક કરવા માંડ્યા. પણ એ બિલાડી થોડેક દિવસે મરી ગઇ, અને ન્હાનાભાઇએ પોતાને પૌત્રને મોકલી તેને ભૂમિદાહ અપાવ્યો. એક સાંજે છોકરાં ફરવા ગયાં હતાં, ત્યાંથી વળતાં એક ગલૂડિયાને લેતા આવ્યાં. ન્હાનાભાઈએ આ જોયું. પોતે જ તેને ખવરાવવા લાગ્યા અને પૂછપરછ કરી ગલૂડિયાને એની માતા પાસે પહોંચતું કરાવ્યું, ત્યારપછી જ સૂતા.

આવાં બાળકોને પોતે ભેગાં કરી તંબૂરાના રણકાર સંભળાવે, અને તેમની સાથે ગિલ્લી દંડા પણ રમે. કયારેક કહેઃ 'અરે ! આ કામ કરો તો.' ત્યારે એક પૌત્રી સામેથી કહેઃ 'દાદાજી ! આ નહિ થાય.' અને દાદાજી ખુશ ખુશ થતા તેને થાબડેઃ 'દીકરી ! તું બહાદુર છે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતાનોમાં ને સંતાનનાં મિત્રોમાં એમણે ભેદ રાખ્યો નથી, તો ગમે તે આવી ચડે તેને ય એમણે તુચ્છકાર્યો નથી. એક છોકરો ન્હાનાભાઇને બારણે આવી ચડ્યો. ન્હાનાભાઇએ તેને ચકાસ્યો. ભણવાની તેને ઘણી હોંશ હતી, પણ ગરીબાઈ તેનો ગજ વાગવા દેતી નહોતી. ન્હાનાભાઇએ તેને પોતાનાં બાળકો ભેગો ભેળવી દીધો—તે ભણ્યો.

આટલેથી જ ન્હાનાભાઇની સેવા અટકી નહોતી. રાજકોટમાં પોતે રહેતા હતા, ત્યારે ગામમાં આગ લાગી અને પોતે તરત જ તે સ્થળે ગયા. બંબાવાળાઓ ઓછા હતા, અને ન્હાનાભાઇ પંપ ચલાવવા મંડી પડ્યા; પાણીમાં તરબોળ થઈ ગયા. બાને ખબર પડી, એટલે કપડાં મોકલ્યાં. પણ છેક બીજી પરોઢે આગ કાબૂમાં આવી ત્યારે જ ન્હાનાભાઇએ કોરાં કપડાં બદલ્યાં.

પાડોશીઓ નાના હોય કે મોટા, ન્હાનાભાઇ એમના ભીડના પ્રસંગે ઊભા જ હોય. એકની પત્નીએ ગાંડપણમાં કૂવામાં પડતું મેલ્યું, તો પોતે અને બા તેની મદદે ગયાં અને તેને અંતિમ સંસ્કારની સર્વ સગવડ કરી આપી. ભીડમાં આવેલો માણસ પોતાનો વિરોધી હોય, તો ય ન્હાનાભાઇ હાથ પાછો ખેંચતા નહિ.

કોઈ રખે માને કે ન્હાનાભાઇને ત્યાં લક્ષ્મીની છોળો ઊડતી હતી. ન્હાનાભાઇ તો સુદામા હતા. એમની રંક ઝૂંપડીમાં રાયને લજવે એવો ત્યાગનો વૈભવ હતો, તપશ્ચર્યાનું માંગલ્ય હતું, ઈશ્વરશ્રદ્ધાનો ઝળહળતો પ્રકાશ હતો. અને એ ગરીબાઇ છતાં ન્હાનાભાઈએ હજારો રૂપિયાની થેલીઓ જતી કરી છે, મહામૂલી ભેટો પાછી કાઢી છે, મોટી મોટી જગાઓની ના પાડી છે, અને લેખનનો આવેલો પુરસ્કાર પાછો મોકલ્યો છે.

પોતે ડાકોરજીના મંદિરમાં દર વર્ષે જે અનન્ય ભક્તિમયતાથી 'હરિસંહિતા'ના કાંડો વાંચતા, તે જ ભક્તિમયતાએ એમના સમગ્ર જીવનને રસસિદ્ધ કર્યું હતું, 'આવ્યો કનૈયો'ના ગુંજન કરતાં કરતાં એમણે કનૈયાના દર્શનની પ્રાસાદી લીધી, અને પછી હસતાં હસતાં એ 'કાલની કુંજન'માં રમવા ઊપડી ગયા. પેલે આરે તેમણે 'પ્રેમમંદિર' જોયું છે, અને એમનો માછીડો એમને આ આરેથી લઈ ગયો છે એ વ્રતધારી રસર્ષિને 'નમું આત્મા ઢાળી, નમન લળતી દેહ નમજો.'

શ્રી. શંકરદત્ત શાસ્ત્રી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરપુંગવ નાનાલાલ

સ્વાભિમાની, બ્રાહ્મણસ્વભાવ, નરપુંગવ નાનાલાલને એક રીતે જોઇએ તો કાવ્યવારસો તેમના પિતા કવિ શ્રી દલપતરામ તરફથી લોહીમાંજ મળેલો હતો. પણ પિતાપુત્રની કાવ્યપદ્ધતિમાં અને કાવ્યલક્ષણોમાં તેમના બેના સ્વભાવ જેટલો જ ભેદ હતો. દલપતરામની સભારંજની, સરળ, બોધપ્રધાન કવિતા અને નાનાલાલની વિદ્વદ્‌ભોગ્ય, કલ્પનોડ્ડયનવાળી, કલાપ્રચુર કવિતા. પણ નાનાલાલની ભાવનાસૃષ્ટિમાં જે દામ્પત્યપ્રેમ પર ઝોક જોવામાં આવે છે, આર્યસંસ્કૃતિનાં પ્રોજ્જવલ લક્ષણો અને તત્ત્વોની ગૌરવભરી પ્રશંસા જોવામાં આવે છે, ‘પ્રેમભક્તિ'ના કીમીઆનો ચમત્કાર જોવામાં આવે છે—તે બધાંજ તત્ત્વો કવિ દલપતરામના સ્વામીનારાયણસંપ્રદાયના અનુસરણમાંથી અને તે સંપ્રદાયની ચૂસ્ત નીતિપરાયણતામાંથી ઊતરી આવ્યાં છે તે ભૂલવા જેવું નથી.

કવિ નાનાલાલ નરપુંગવ હતા. તે કદી પણ પોતાનો સ્વમાનવધ સહન કરી શકતા નહિ. તે ખરાવાદી હતા; અને સાચાબોલા બનતાં બનતાં તે ઘણીવાર આખાબોલા બની જતા. કોઇની ખુશામત કરી શકે તે તેમના સ્વભાવમાં જ ન હતું. પુણ્યપ્રકોપ પ્રસંગે તે ભભૂકી ઊઠતા, તે એક પ્રકારની અસહિષ્ણુતા હતી તે વાત સાચી છે, પણ સાથે સાથે તેની પીઠમાં બ્રાહ્મણની નિઃસ્પૃહતા હતી તે પણ યાદ રાખવા જેવું છે. દ્રોણ અને અશ્વત્થામાની પેઠે આ આધુનિક આચાર્યને પણ સ્વાભિમાનની હાનિ અને તેજોવધ ખપતાં ન હતાં.

કવિ નાનાલાલ રંગદર્શી, આત્માનુભવી, કલ્પનાશીલ કવિ હતા. ‘અર્ધશતાબ્દીના અનુભવબોલમાં’ જે જે સ્થળોએ તેમના વનપ્રવેશ–મહોત્સવ અંગે તેમને નિમંત્ર્યા હતા, તે તે સ્થળોનાં તેમણે કરેલા વર્ણનો વાંચો, અને તમને કલ્પનાની પાંખે ચઢેલો ઇતિહાસ મળશે, કવિતા રસમાં ઝબોળેલી ભૂગોળ મળશે, તેમણે કરેલા ચાચુતરની આમ્રકુંજોના કાવ્યમય વર્ણનમાં તેમના બાળપણનાં સ્વાનુભવરસિક સંસ્મરણોની છાંટ છે, કવિ કલ્પનાની પાંખે વિહરતી ઇતિહાસ પ્રસંગોની માલિકા છે, અર્વાચીન ઘટનાઓ તથા વ્યક્તિઓને પ્રાચીન કે મધ્યકાલીન ઘટનાઓ તથા વ્યક્તિઓની પૃષ્ઠભૂમાં જોવા મૂલવવાની અજબ શક્તિ છે. તેવું જ આપણને નડિયાદના વ્યાખ્યાનમાં તેની નવ ભાગોળો, તેનાં નવ તળાવો અને તેના નવ સાહિત્યનક્ષત્રોના કરેલા ઉલ્લેખમાં તથા નડિયાદને આપેલી જર્મનીના વીમરની ઉપમામાં દેખાશે. આનું એક કારણ એ પણ છે કે કવિ એકલા કવિજ ન હતા, પણ ઇતિહાસવિદ્‌ અને ઇતિહાસરસિક હતા. તેથી જ તેમની કલ્પના ઇતિહાસને સોનેરી રસથી દીપ્તિમંત કરતી, પણ હકીકત તરફ દુર્લક્ષ કરવાનું તેમને માટે અશક્ય બની જતું. ‘જહાંગીર–નૂરજહાન’ ‘શાહાનશાહ અકબરશાહ’ વગેરે ઐતિહાસિક નાટકોમાં કવિની આજ ખાસિયત મુખ્ય ભાગ ભજવે છે. તેમને ઇતિહાસના અભ્યાસનો ખાસ શોખ હતો. પ્રાચીન આર્યસંસ્કૃતિ અને મોગલકાળનો ઇતિહાસ બંને તેમની રસવૃત્તિ, ધર્મવૃત્તિ, કલાવૃત્તિ, માનવતાપ્રેમ અને સંશોધકવૃત્તિને આમંત્રી રહ્યાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો કેવળ કવિતાના ચમકાર, રંગદર્શિતા, ભાવનાશીલતા, કલ્પનાનાં ઉડ્ડયન, પહેલ-પાડેલી રસમય અપદ્યાગદ્યશૈલી અથવા કેવળ ગદ્યશૈલી, ડોલનમય શબ્દગુચ્છો, લયવાહિતા જોવાં હોય, રંગના અને વસંતના સાથિયાની ચિત્રાવલી જોવી હોય, ઊર્મિઓના ઓઘ અને ફૂવારામાં રસમય શીકરસ્નાન કરવું હોય, તો, તેમનાં ‘ઉષા’ ‘ઇન્દુકુમાર’ ‘જયા-જયંત’ જોવાં. જયા–જયંત’ માં તો કવિએ કેવળ આફલાતુની પ્રેમ, અશરીરી લગ્ન, આત્મ લગ્નનો આદર્શ પણ ગૂંથ્યો છે. ભલે તે ગમે તેટલો કઠિન હોય, પણ તે આદર્શમાં રમણીયતા છે, આધ્યાત્મિકતા છે, સંયમનાં ઊર્ધ્વ આકર્ષણ છે, જાતીયવૃત્તિનું સંપૂર્ણ દિવ્યીકરણ છે. કવિએ ગુજરાતણોને જીભને ટેરવે રમી જાય. તેમના ગરબામાં મીઠી લહેક લાવી દે તેવા રાસ પણ આપ્યા છે. કવિ દયારામ પછી જો કોઈ પણ ગુજ-રાતી કવિએ ગૌરવવંતી ગુજરાતણોને સુગેય, ડોલનવંતા, મધુર રાસો આપી તેમને ગાતી, ગરબામાં ઘૂમતી કરી મૂકી હોય, તો તે કવિ નાનાલાલે. આ રાસો માત્ર નાના નાના રાસોમાં, વસંતોત્સવમાં જ નહિ, પણ તેમનાં નાટકોમાં પણ ઠેર ઠેર વેરાયેલા પડ્યા છે. કેટલીકવાર તો તેમણે પહેલાં લખી રાખેલાં સુંદર ગીતોને પછીથી લખાયેલાં નાટકોમાં યથાસ્થાને ગોઠવવા પ્રયત્ન કર્યો હોય તેમ લાગે છે. ‘વિશ્વગીતા’ માં આર્યસંસ્કૃતિના શ્રેષ્ઠ, પ્રોજ્જ્વલ પ્રસંગોને કાલાતિક્રમ વહોરીને પણ, જુદાજુદા મણકાઓરૂપે પરોવી એક ભવ્ય દર્શનમાળાનાં દશ્યો રજૂ કરવામાં આવ્યાં છે. અલબત્ત, તે બધા જ પ્રસંગો આર્યસંસ્કૃતિનું હાર્દ સમજવા માટે અતિઆદશ્યક અને મર્મરૂપ છે તે કવિની સૂક્ષ્મ પરખશક્તિ બતાવે છે. કવિમાં સર્વત્ર આર્યસંસ્કૃતિ પર ઉત્કટશ્રદ્ધા અને અપાર આદર અભિવ્યક્ત થાય છે. ‘રાજર્ષિ ભરત’ પણ તે આદરમાંથી જ પ્રગટેલું એક ઝરણું છે. ‘કુરૂક્ષેત્રના’ ૧૦ મણકા લખીને કવિએ મહાકાવ્યની મહારચનામાં પગલાં માંડવાના શ્રી ગણેશ કર્યાં હતા તેની ખાતરી આપણને મળે છે. તેમાં કુરૂક્ષેત્રના મહાસંગ્રામના ભયંકર દુંદુભિનાદના પડછંદા આપણને સંભળાય છે. ગાંડીવના ટંકાર અને પાંચજન્યશંખના મંગલમય ધ્વનિ આભના અવકાશને ભરી દે છે, કાળભૈરવીની ખંજરીના ખણકાર કાને પડે છે, અને સમગ્ર વાતાવરણ અને શબ્દાવલી કોઇ ગયલી ભવ્યતા અને ભયાનકતાથી તરવરી ઊઠે છે. વૈષ્ણવ સંપ્રદાયના ઊંડા અભ્યાસી કવિ નાનાલાલ જીવનના અંતભાગમાં સકલસૌન્દર્યોના સારસમાન ભગવાન વેણુધરની મોહની મૂરત તરફ આકર્ષાય છે, અને અતિકાવ્યમય શ્રીમદ્ ભાગવતના સારરૂપ ‘વેણુવિરાટ’ તેમનાથી ગવાઇ જાય છે ‘હરિદર્શનમાં’ તો જાણે તેમના ભડવીર, પુરૂષાર્થવાદી, ઝંઝાવાતી જીવનને કૃતાર્થતા મળી હોય, અને તેમને હરિવરનાં દર્શનિયાં થયાં હોય અને તેમનાં દ્રોયનિયાં શાતા પામ્યા હોય તેવી પ્રતીતિ આપણને થાય છે, મુશ્કેલીઓમાં, સ્વમાનહાનિમાં, ધનસંપત્તિના અભાવમાં, સાંસારિક પ્રલોભનોમાં પ્રબળ મનોબળથી અણનમ યોદ્ધા પેઠે ઝઝૂમતા આપણા કવિના જીવનનો જાણે પરમ અનુભવ પ્રાપ્ત થયો હોય, તેમના દિલને પ્રભુદર્શનની શાતા વળી ગઈ હોય, તેમ કવિ ત્યાર પછી થોડા જ દિવસોમાં નશ્વરદેહ ત્યજી દઇને ‘અક્ષરધામ’ ના વાસી થઇ રહે છે.

કવિએ જે અક્ષરકૃતિઓ આપણને આપી છે, તેમાં એક સર્વાંગીણ, સર્વાંગપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનદર્શન ભલે ન હોય, એક સમન્વિત જીવનફિલ્સુફી ભલે ન હોય. પણ માનવજીવનને ઉન્નત, સૂક્ષ્મ, વિશુદ્ધ બનાવી, આર્યસંસ્કૃતિના પરિપાકરૂપે, ભગવદ્-દર્શન કરાવવાની શક્તિ ધરાવતાં દૃશ્ય-દર્શનો અને આંતરમાર્ગનાં સીમાચિહ્ન જેવાં સુસ્પષ્ટ સુરેખ સૂચનો તો છેજ. તેમની શબ્દાળુતા કોઈક જગ્યાએ આપણને ખૂંચે છે. તેમની અર્થ-અસ્પષ્ટતા કોઈકવાર શબ્દલાલિત્યને મધુર ઑવારેથી પણ ડોકિયાં કરી જાય છે છતાં સામાન્યરીતે આપણે કહી શકીએ કે કવિ કલ્પનાના અને શબ્દસૂરાવલિના જાદુગર છે, તેમની શૈલી અત્યાર સુધી અનનુકરણીય રહી છે અને કદાચ હવે પછી પણ રહેશે. તેમની સાહિત્યસૃષ્ટિથી ગુજરાતી-સાહિત્ય દરિદ્ર મટી સમૃદ્ધિશાળી અને વૈભવવંતું બન્યું છે; વિશ્વસાહિત્યના સમારંભમાં તે ઉન્નતમસ્તકે સગર્વ જઇ તેમની કૃતિઓની ભેટ ધરી શકે તેમ છે.

કવિની આ જીવનસાધનામાં અને જીવનસિદ્ધિમાં તેમનાં ધર્મપત્ની માણેકબેનનું સ્થાન ઊંચું અને અદ્વિતીય છે તેનો તો કવિએ પોતે અનેક સ્થળોએ સ્વમુખે જાહેર સ્વીકાર કર્યો છે. માણેકબેન ખરેખર એક આર્યસન્નારી હતાં તેમને યાદ કરતાં મહાત્મા ગાંધીજીને ગાંધીજી બનવા માટે સરળતા કરી આપનાર જગદંબા કસ્તૂરબા યાદ આવ્યા સિવાય રહેતાં નથી. માણેકબેને જે કડવા ઘૂંટડા પીધા હશે કવિને મુશ્કેલીઓ સામે ઝઝૂમવા બળ આપ્યું હશે, તેમને વ્યાવહારિક ઘૂંચોની અટપટી ભૂલભૂલામણીમાં ન અટવાવા દેતાં કવિતાદેવીની ઉપાસના માટે સર્વ સમયશકિત સમર્પવાની સગવડ કરી આપી હશે, તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે, કવિ પોતે જેટલા આતિથ્યપ્રેમી અને મમતાવાળા હતા, તેટલી જ મૂકસેવા કરી પોતાની જાતને અતિથિઓ માટે ઘસી નાંખનારાં માણેકબેન હતાં તેનો તો જાતઅનુભવ લેખકને શ્રી ચંદ્રશંકર પંડ્યા સાથે તે અમદાવાદમાં કવિના બે દિવસ માટે મહેમાન બન્યા હતા ત્યારે થયેલો છે.

આવો હતો આ ગુજરાતનો અડગ, તપોધન, અટંકી સ્વાભિમાનવીર, ઇતિહાસકુતુકી, કવિતાઘેલુડો, કલ્પનાનો લાડીલો, નાટકનો રસિયો, ગુર્જરીના મોંઘેરા આભૂષણ સમાન, કવિ નાનાલાલ. તેનાં સ્મરણો ગુજરાતની તરૂણ પેઢીએ સંઘરવા જેવાં છે. તેની અભ્યાસ-નિષ્ઠા વિદ્યાર્થીઓએ અપનાવવા જેવી છે. તેની લેખનચીવટ લેખકોએ અનુસરવા જેવી છે. તેની ચારિત્ર્યાદિબુદ્ધિ અને નીતિની આડચો અત્યારની શિથિલ બનતી જતી નવીન પેઢીએ આદર્શસ્થાને રાખવા જેવી છે, તેનો સંસ્કૃતિપ્રેમ અત્યારની સંસ્કૃતિ પ્રત્યેની વધતી જતી મોળાશના જમાનામાં પુનર્જીવિત કરવા જેવો છે. તેનું હાલ ધન ગુજરાતણો તો ગરબે ઘૂમતાં ઘૂમતાં સાચવી રાખશે જ. પણ તેનું સંસ્કારધન આપણે ગુજરાતીઓ પૂરેપુરૂં મૂલવીએ તેવી મારી વિનંતિ છે. તેને ભૂલશો તો ગુજરાત દરિદ્ર અને નગુણું બનશે. બાકી તેનો તો સદાકાળ માટે વિજય જ છે.

'હરિના ધ્વજને ધરનાર જગે જયયાત્રા કરે.'

શ્રી શાન્તિલાલ ઠાકર, એમ. એ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વસંસ્કૃતિના પુરોહિત

વૈદિક, પૌરાણિક, શૈવ, વૈષ્ણવ, જૈન, સ્વામીનારાયણીય, આર્યસમાજી, ઇસ્લામી, ખ્રિસ્તી, યાહૂદી અને પારસી, સૌ નૂતન સંસ્કારપ્રવાહોમાં ડૂબકી મારી—સાગરતળિયાનાં મોતીસમાં વિચારરત્નોથી ગુજરાતની ગદ્યપદ્યકલાને વિશ્વનેતૃત્વ અપાવવાને સાહિત્યસન્યાસ લેનાર મહાકવિ ન્હાનાલાલ સૈકાભીડયાં બારણાં ઉઘાડી દઇ, ભારતવર્ષની કાળજૂની સંસાર-હવેલીઓમાં જગતના મહાવાયુ ઘૂમવા લાગેલા અનુભવે છે. **અને ભારતની ચિરયશસ્વિની મહાપ્રજાને આત્મસંસ્કૃતિનો થાળ લઈ પૃથ્વીવાસીઓનું આતિથ્ય કરવાને સંચરાવે છે.**

મહાકવિ એમની પ્રેરણા ઉપનિષદો. ભગવદ્ગીતા, રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભાગવત, શાહનામા, રસર્ષિ, કાલિદાસ અને પ્રેમસાગર જયદેવની સાથેસાથે વિશાળ ફારસી અને પશ્ચિમના સાહિત્યના વિરાટ રસથાળમાંથી પ્રાપ્ત કરે છે. ઘડીકમાં તેઓ ઉપનિષત્-પંચક ગુજરાતીમાં ગાય છે તો ઘડીકમાં નિત્યનૂતન ભગવદ્ગીતા ગાઈ ઊઠે છે. ઘડીમાં કવિશ્રી જગતસાહિત્યના મયૂરાસન સમા 'મેઘદૂત'ની યક્ષગંધર્વ નગરીની રસસૃષ્ટિને ગુર્જર સાહિત્યમાં ઉતારે છે તો ઘડીકમાં રાજનગરી એ જ ધર્મનગરી ને ધર્મનગરી એ જ મુક્તિપુરી એવી ઉજ્જયિનીના રસર્ષિ મહાકવિ કાલિદાસનાં નાટકોની રસરાણી શકુન્તલાને ગુજરાતીમાં ઉતારતાં પ્રૌઢ ગિર્વાણના ફૂલફોરમ શા ફોરમતા ગૌરવશાળી સુકુમાર ભાવને ગુર્જર ભાષામાં ઉતારે છે. ઘડીકમાં તેઓ વલ્લભી સંપ્રદાયના ષોડષગ્રંથો અગર વલ્લભકુલની દેદિપ્યમાન સાહિત્યસેવાથી રોમાંચિત થઇ ઊઠે છે તો ઘડીકમાં 'શિક્ષાપત્રી' માંના શ્રીજી મહારાજના મહાઉદાર ભાવનાં આકર્ષણ અનુભવે છે. ઘડીકમાં 'સરસ્વતીચંદ્ર' ને જગત્કાદમ્બરી વર્ણવતાં શેલી, કીટસ ને ટેનીસન; ઘડીકમાં શેક્સપીયર, મિલ્ટન ને ગટે, ઘડીકમાં ડાન્ટે, વર્જિલ, હ્યુગો ને આનાતોલ ફ્રાંસે સર્જેલા વિશ્વસાહિત્યમાં ગુર્જર સાહિત્યને બેસાડવા મથે છે. રાજસને સાત્વિક કરતી, પાર્થિવમાંથી અપાર્થિવ સરજતી, ઇન્દ્રિયાતીતને ઇન્દ્રિયગોચર પ્રદેશમાં સ્થાપતી, કલ્યાણક ને ઉદ્ધારક ન્હાનાલાલની નાટ્યશૈલી 'રાજર્ષિ ભરત', 'પ્રેમકુંજ', 'ગોપિકા'. 'અકબરશાહ', 'જહાંગીર નૂરજહાન', 'સંઘમિત્રા' 'ઇન્દુકુમાર' ને 'જયા જયંત' માં પોકારી ઊઠે છે કે "સ્નેહ એટલે દેહવાસના નહીં પણ ત્હેનાથી પર કોઇક નિર્મળી આત્મ ભાવના."—"જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં શરીર...........નથી એવું કાંઇ બ્રહ્માંડમીમાંસાનું ન્યાય સૂત્ર." આજની આપણી પ્રજાને કવિશ્રીએ વારંવાર કહ્યું છે કે, **"'મેઘદૂત' અને 'શાકુન્તલ' આપણા દાંપત્યપ્રેમનાં કાવ્યનાટક છે અને નહીં કે ઉચ્છૃંખલ પ્રેમનાં."** જાતીય સ્વાતંત્ર્ય અને સંતતિનિયમનની યુરોપિયન વિકૃતિઓને આપણા સમાજમાં ઉતારવા મથનારા મહાન મનાતાઓની સામે પણ મહાકવિ ભભૂકી ઊઠતા. તેમના હૃદયમાં તો હતી માત્ર સંસ્કારયજ્ઞ પ્રજ્વલિત રાખવાની તાલાવેલી જ—આપણો યુવાન સમાજ એ ઉત્કટતાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રાદ્ધ સરાવશે ખરો ? ભારતીય સંસ્કાર પરંપરારૂપી ગંગાનાં અવતરણને સ્વમસ્તકે ઝીલી મહાકવિ, ન્હાનાલાલ 'વિશ્વગીતા' 'કુરુક્ષેત્ર' 'સારથી' અને 'હરિસંહિતા' માં ગગનાંગણે રમતા રવિદડાને પકડવા હનુમાનકૂદકો મારે છે અને એ ઊંચાઈએથી શંખનાદ કરે છે કે ભારતની આર્યકુંજે કંઈ કંઇ મહાપ્રજાઓ આવી અને સનાતન ગિરિશિલાઓ ઉપર અણભૂંસાતી ઇતિહાસની અમૃતાક્ષરી લખી ગઈ કે કો મહાવૃક્ષનાં પત્રઝુમખાં વર્ષે વર્ષે સુકાય ને ખરે ને નવપલ્લવ પ્રગટે પણ થડમૂળ એનાં એ હોય, એમ ભારતનાં જીર્ણ પાંદડાં યુગે યુગે સૂકાયાં, ખર્યાં ને નવપ્રજાઓએ નવપલ્લવ પ્રગટાવ્યાં પણ ભારતીય સંસ્કૃતિનાં થડમુળ તો આજે યે "વેદજુનાં છે." "જગતકલ્યાણ સંસ્કૃતિઓના સંગ્રામોમાં નથી—સંસ્કૃતિઓના સમન્વયમાં છે. શ્રી કૃષ્ણના ગોપધન—વેણુ—શંખ; ભિક્ષા—ખપ્પર બુદ્ધ—મહાવીરનાં; ખ્રિસ્તિ ક્રૂસ; ઝરથુસ્ત્રની અગ્નિવેદી; ઇસ્લામી બીજચંદ્ર સૌ પૂજાશે પૂજ્યભાવે—તપ ગગડશે પૃથ્વી—અનભે—પડો—સૌ ગોળાર્ધોની બ્રહ્મતુલા, સમધારી હરિભણી પૂર્વપશ્ચિમ બે પાંખે ઉડે છે પૃથ્વીપંખિણી." "યુરોપની મહાપ્રજાઓ ને બ્રિટિશ મહામંડળની ઈર્ષ્યાંજ્વાળાઓ ભભૂકી ઊઠી છે એ કાળયોગે બ્રિટન–હિન્દ સમાનતાની સન્મૈત્રી રાજ્યમાત્રનો એક માત્ર કોયડો જ નથી—બ્રિટનને માટે જીવનમરણનો મહાપ્રશ્ન છે....બ્રિટન કાળમંત્રો ભણે છે પણ મોડા ભણે છે. આવડે તો બ્રિટન જગતઇતિહાસનો મહારથી થાય અને ભરતખંડ જગતસારથી થાય." કવિશ્રીએ 'સારથી' માં ભાખેલ આ 'વિશ્વદર્શન' કેટલું બધું સાચું પડ્યું છે અને પડતું જાય છે. મહાકવિ ન્હાનાલાલ ખરેખર 'ક્રાન્તદ્રષ્ટા' હતા. પુણ્યશ્લોક ગાંધીજી જે ભારતીય સંસ્કૃતિને 'વિશ્વકારણ' માં સ્થાપવા મથતા હતા અને જવાહર સ્થાપવા મથે છે તે જ આપણી ઉદાત્ત, રાષ્ટ્રીય, સમન્વયનીતિની મહાકવિએ વર્ષો પહેલાં વારંવાર ઉદ્‌ઘોષણા કરી. પ્રજાઓ, જાતિઓ, ધર્મો અને સંસ્કારિતાઓના સંયમધર્મી સમન્વયકાર તરીકે બૃહદ્ ગુજરાતની પ્રજાને ભારતવર્ષ અને જગતસમસ્તના બંધુત્વના માર્ગે દોરી છે. ગુજરાતને એના કવિશ્રેષ્ઠે વિશ્વકવિની અદાથી જ સંસ્કારદીક્ષા આપી છે. ગુજરાતના જ્યોતિર્ધર ગાંધીજીના અવતારકૃત્યની પૂરક બનતી મહાકવિ ન્હાનાલાલની સંસ્કારસરવાણી જવાહરલાલજીની વિશ્વદષ્ટિની આગાહીરૂપ બની રહે છે અને ભારત 'જગતસારથી' બની રહે તે રીતે ગુજરાતની વ્યવહારદક્ષ પ્રજાને ભારતીઓમાં અગ્રજ બનાવવા મથે છે. મહાકવિ ગુર્જર પ્રજાને વિશ્વસંસ્કૃતિનાં હાલરડાં ગાઇ ઉછેરવા મથે છે. અંતરીક્ષનાં એંધાણ બતાવી અંતરનાં કાવ્યપિયુષ પાઇ ગુજરાતને મહાકવિ ન્હાનાલાલ વિરાટના હિંડોળે હિચોળી 'કુરુક્ષેત્ર' માં મહાકાય માનવરાજોનાં આપણા જીવનમાંથી ઓસરતાં જતાં તેજ પુનઃ પ્રગટાવે એવી સંસ્કારસૃષ્ટિનાં દર્શન કરાવે છે. 'હરિસંહિતા' માં મહાકવિ ન્હાનાલાલ એકાદશ ઉપનિષદો રચી મહર્ષિઓનાં તેજ પુનઃ ભારતમાં પ્રકાશી ઊઠવાની યોગીરાજ અરવિન્દના જેવી અડગ શ્રદ્ધાથી આંગાહી કરે છે. ભારતીય અક્ષરબ્રહ્મના અવતાર કવિશ્રી ન્હાનાલાલના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતરમાં, પ્રેરક–શક્તિ ભગવાન વાસુદેવની આજ્ઞાથી જ મહાસરસ્વતી વીણા રણકાવી રહે છે અને એના સુનરણઝણે અહોરાત્રે ગમે તે પળે ગમે તે સમયે બ્રાહ્મણશ્રેષ્ઠ ન્હાનાલાલ ઝબકી જાગી ઊઠી મહાન યુગદ્રષ્ટાને છાજે તેવી કાવ્યગંગા મહાન યુગસ્રષ્ટા ગાંધીજીનાં કાર્યક્ષેત્રમાંથી જ વહેવરાવે છે. સાબરકાંઠેથી **બન્ને વિરાટને જ પેખે છે ને બન્ને સમન્વયસાધકો વહેંતીયા વામનજીઓને વિરાટ વિશ્વદૃષ્ટિ તરફજ દોરે છે.** યોગીરાજ અરવિન્દને ભગવાન વાસુદેવ કોક **અકળ કળાથી** રાજકીય ક્ષેત્રમાંથી ઉઠાવી જઈ કોક દિવ્યસૃષ્ટિના નિર્માણ માટે આધ્યાત્મિક ક્ષેત્રમાં ધ્યાનસ્થ કરે છે. મહાકવિ ન્હાનાલાલને પણ સંકટમાં ને મૃત્યુમાં સદાસર્વદાનો સખા–પ્રિયતમ–સાધુ સન્તનકો ભૈયો–કાલકી કુંજનમેં કન્દુકખેલૈયો **કૃષ્ણકનૈયો** રાજકીય ક્ષેત્રમાં પડવાનો વિચાર પણ કરે તે પહેલાં મહાન સંઘર્ષ જન્માવી કોક અકળ કળાથી રાજકીય ક્ષેત્રમાંથી ઉઠાવી જઇ મહાસરસ્વતીના 'ગાણપત્ય' સ્થાને વિરાજમાન કરે છે. બહારથી બેસૂરા લાગતા મહાકવિની અંતરવીણા ચિદાકાશની પેલી પારની અનંત રાગરાગણીઓથી શબ્દ–અર્થ–અને રસ-સૌંદર્યને, વ્યક્ત કરી આખરે 'હરિસંહિતા' માં દ્વારકાધીશનું જયગાન કરી વિલીન થઇ જાય છે. મહાકવિને હરિશ્રી પોતાના હૃદયમાં સમાવી લે છે ને સંસારનો ટેરો તૂટી પડે છે.

ભગવાન પરશુરામ અને ભૃગુનો પુણ્યપ્રકોપ, વિશ્વામિત્રનો અને ભગવાન ચાણક્યનો અમર્ષ, મહાકવિ ફીરદોસીની ખુમારી, મહારાજા શ્રેણિક અને અશોકની ધર્મપ્રીતિ હેમ-ચંદ્રાચાર્યની ગુજરાતપ્રીતિ, અશોક અકબરશાહનાં દિલ, જહાંગીર–નૂરજહાનનાં દાંપત્યપ્રેમ, મહારાણા પ્રતાપ ને શિવરાયનાં વીરત્વ, દયાનંદનો સત્યટંકાર ને સહજાનંદનો નીતિધર્મ–સૌ–સીતારામ, શિવપાર્વતી ને રાધાકૃષ્ણના દિવ્ય દાંપત્યપ્રેમની સાથે નરસિંહ દયારામ ને મીરાંની ભક્તિની ઝલકે–તળપદા રાસ અને ઢાળોમાં–લાટ, સૌરાષ્ટ્ર ને આનર્તના ઈતિહાસ-વારિધી અને અગસ્ત્ય મહાકવિ ન્હાનાલાલના સ્વભાવમાં રાસ રમતા હતા. વિશ્વસંસ્કૃતિના પ્રાચીન અર્વાચીન દિવ્ય સ્રોતોથી મહાકવિનો સાહિત્યાભિષેક થતો રહેતો હતો. એ દિવ્ય ગંગાઓનાં સ્નાનપાનથી પરિપૂત મહાકવિનાં ચિત્તને પણ જ્યારે અંતરના દિવ્ય ને બહારના મલિન તત્ત્વોનો પ્રાકૃતિક સંઘર્ષ અનુભવવો પડયો ત્યારે મહાકવિના મંજુલ અનુકંપનશીલ કવિહૃદયમાંથી ગાજી ઊઠ્યા એ બેસુરા સ્વરૂપનું બારીક નિરીક્ષણ કરતાં એ પ્રકૃતિવૈમન-સ્યનો આબેહૂબ ખ્યાલ યોગેશ્વર શ્રી. અરવિન્દની નીચેની પંક્તિઓ આપી રહે છે:

"He who would bring the heavens here
Must descend himself into clay;
And the burden of earthly nature bear;
And tread the dolorous way."

(ભાવાર્થ)

જે કો ચાહે ધરણી ઉપરે સ્વર્ગને લાવવાને,
તેણે જાતે ધરણી તણિ માટી પરે આવવાનું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃથ્વી કેરો મલિન પ્રકૃતિબોજ ઉઠાવવાનો,
કષ્ટે છાયો વિકટ પથ આ વિશ્વનો કાપવાનો.

શ્રી. અરવિંદ

ભારતીય અક્ષરબ્રહ્મના અવતાર સમા મહાકવિ અભારતીય વિચારપ્રવાહના વાતાવરણથી અને પ્રચારથી અકળાઇ ઊઠી પૂછે છે કે, "માનવીનું બંધારણ જ દેહનું ને આત્માનું એવું છે કે ઢોળાવે જલદી ઊતરે. ચડાવે આહિસ્તા આહિસ્તા ચડે આપણા દેશમાં જ નહીં–**સર્વત્ર ઊર્ધ્વગમન દુર્લભ ને અધોગમન સુલભ છે.** જૈનોએ નવ વાડ ને ચાર વ્રત સ્થાપ્યાં. વલ્લભાચાર્યજીએ વૈરાગ્ય ને નિરોધ અને સમર્પણ ભાખ્યાં. સ્વામીનારાયણે પંચવર્તમાન પ્રવર્તાવ્યા. એવા સંયમનિયમનના સિદ્ધાંત નવભક્તિમાર્ગોમાં કિયા કિયા ને કેટલા છે? આજે તો જગતભરનો પ્રશ્ન એ છે કે રસમાર્ગને પુણ્યમાર્ગ કેવી રીતે રાખવા? સંસારને સૌન્દર્યનાં સરોવર જોઇએ છે. પાપ નથી જોઈતાં. પ્રેમ ઘર ઘરમાં પાંગરવા છે, પ્રેમનામી પાપાચરણના કૌવચકાતરા ઊગતાં જ શી રીતે ડાંભવા? **આ યુગમાં આત્મ સંયમન ને ઇંદ્રિયનિગ્રહનાં મૂલ ઓછાં મૂલવાય છે. આપણા અપવાસીઓએ સુખની જાણે લુંટાલુંટ માંડી છે. એ આ અસંયમના યુગમાં રસિકતાની છોળો કવિતામાં ઉછાળવી છે; અધમતા અળગી રાખવી કઇ રીતે? પાપ-વર્જિત સૌન્દર્યપુષ્પો સંસારવાડીએ શી વિધે પ્રફુલ્લાવવાં? અંધકારની વાદળછાંયડીવિહોણી રસચંદ્રિકા ચોકે ચોકે કઇ રીતે અમીવર્ષતી કરવી?** કવિહૃદયમાં ચાલતું આ મનોમંથન-અસંયમનો પ્રવાહ પ્રજામાં જ્યારે, જ્યાં અને જ્યાંથી ઊછળતો જણાતો ત્યારે, ત્યાં અને તે તરફ કકળી ઊઠતું. આ વેદનાએ કવિચિત્તને એટલું આળું બનાવી મૂક્યું હતું કે જરાસરખો વિરોધનો આભાસ પણ ઝણઝણી ઊઠતો ને સ્થૂળ-દૃષ્ટિ કોક સમત્વ ગુમાવી કહેતા: "કવિદેહે વિરાટ છતાં મનોદેહે ન્હાનાલાલ વામન છે." **પણ આપણામાંથી કેટલા વિરાટ દૃષ્ટિ છતાં મનોદેહે વામન નથી?** આ કથન કથનાર વામનજીઓ પણ આરસનગરી ચંદ્રાવતી કે આબુના ચિત્રકુટ ઉપર દેવળનગરી રચનાર વિમળશાહ, વસ્તુપાળ, તેજપાળ કે શિલ્પસાર સમી અનેક ભારતીય નગરીઓ રચનાર શિલ્પજ્ઞો ને રાજેન્દ્રોની અદાથી ઉર્વીસાર ગુજરાતમાં કાવ્યસાર સાહિત્યનગરી ખડી કરનાર મહાકવિ ન્હાનાલાલના વિધવિધ સાહિત્યપ્રકાર જન્માવતા અક્ષરબ્રહ્મને અવ્યકતમાંથી વ્યકત સ્વરૂપ લઇ શબ્દસાગર, અલંકારસાગર, ભાવસાગરનાં રસમહાસાગરમાં પરિણમતા જોઇ તેમાં સ્નાન કરી કેવળ શાંત અને આનંદિત થઈ ઊઠી અવાક્ બની જાય છે. સૂક્ષ્મદૃષ્ટિ વિવેચકોને તો ન્હાનાલાલ, સરદાર ને ગાંધીજી–બ્રાહ્મણશ્રેષ્ઠ, ક્ષત્રિયશ્રેષ્ઠ ને વૈશ્યશ્રેષ્ઠ ત્રણે ગગનગામી ગુજરાતીઓ મહાન યુગદ્રષ્ટાઓ ને મહાન યુગસ્રષ્ટાઓ–ભારતમાં અધર્મનું ઉન્મૂલન કરી ધર્મનું સંસ્થાપન કરવા મથતી યોગીરાજ અરવિન્દને પ્રેરતી ભગવાન વાસુદેવની–નારાયણની દિવ્ય શક્તિનાં સ્વરૂપો જ છે. આસુરિક વૈશ્યશકિતના આ યુગમાં ગાંધીજીદ્વારા પ્રગટેલી ભાગવતી દેવી વૈશ્યશકિતના બહારથી જુદાં જણાતાં છતાં પરસ્પર સહાયક દિવ્ય બળો જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલપતિ ગાંધીજી ને કુલનાયક સરદારની જેમ કુલપિતા રસર્ષિ ન્હાનાલાલના આતિથ્યને અંતરમાં અદનામાં અદના સાહ્રદયે, પણ સમાતા. પ્રેમથી વશ કર્યા તો બાળકની જેમ છાતી સરસા વળગી રહેનારને એકાદ વાર પણ અણગમતું વર્તન થઇ ગયું તો બાળકની જેમ છણ-છણનાર, રીસાળ આ આશુતોષ મહાકવિનું હૃદય કદાચ વજ્રકઠોર છતાં અંતરથી કુસુમ-કોમળ જ હતું. તેથી જ કવિશ્રીને સર્વ સહકારી અસહકારી, હિંદુ–મુસ્લિમ–પારસી–ખ્રિસ્તી, યાહૂદી સૌમાં મિત્રો પ્રશંસકો હતા. ભગવાંધારી કવિશ્રી સંકલ્પ પ્રમાણે વિશ્વયાત્રાએ સંચર્યા હોત તો વિશ્વભરમાં પ્રેમ સંપાદન કરત. સુદામાસ્થિતિમાંથી પણ કવિ સૌની સારસંભાળ તન, મન, ધનના ભોગે લેતા. મારા પૂ. પિતાજીના અવસાન સમયે મને કહે, "વિષ્ણુ! તને શોક તો ત્હારા શેઠ ઉતરાવશે ને?" મેં કહ્યું, "જૂના જમાનાના શેઠિયા તો ન્હાનાભાઈ, મરી પરવાર્યા." મહાકવિએ મારી જાણ બહાર પૂ. માણેકબાને મારા પિતાજીના તેરમાને દિવસે લાલચટક પાઘડી લઇ મારે ઘેર ઘર શોધતાં મોકલ્યાં ને મારો શોક ઉત-રાવ્યો! મહાકવિના એ પિતૃભાવથી આજે પણ મારી આંખો એ દિવ્ય વ્યક્તિત્વને ઝંખતી આંસુથી છલકાઇ ઊઠે છે.

કોકવાર કુલપતિ ગાંધીજી ને કુલનાયક સરદાર તરફના પ્રેમને અંગે કવિશ્રીના પ્રહારથી મને વેદના પણ થતી. છતાં કવિશ્રીના અંતરમાં જોવા મથતા મારા ઉપર એની ક્ષણિક અસર જ રહેતી. એકવાર કવિશ્રી રોફમાં ને રોફમાં કહે, "અલ્યા! તારા કોંગ્રેસ-વાદીઓમાં કોઇ છે ખરો કે જેને માથું નમાવવાનું મન થાય?" કવિશ્રીને ચોક્કસ લાગતું હતું કે એ જરૂર જીતી જવાના. કવિશ્રી ગુજરાતના કેટલાક સમર્થ દેશભક્તોના અંતરંગ સંબંધમાં મતભેદ હોવા છતાં દેશનો વિજય થાય એમ ઇચ્છતા હતા ને રાષ્ટ્રીય કાર્યમાં આડકતરો સાથ આપતા તેથી જાણકાર કવિ આગળ તુક્કો ફેંક્યે ચાલે તેમ નહોતું. મેં જરા અંતરમાં જોયું ને નિર્ભયપણે ગુર્જર દેશભક્તોમાં ચમકતા નક્ષત્રનાથ સમા સ્પર્શ-શીતળ વ્યક્તિત્વને જોયું મેં પણ રોફથી જ જવાબ આપ્યો: "**રવિશંકર મહારાજ.**" કવિ નમ્રભાવે એટલું જ બોલ્યા, "ભાઈ! એમને હું ઓળખતો નથી."

પ્રાચીન સંસ્કારિતાના અભિમાની મહાકવિને મન ગાંધીજી અને એમના પાર્ષદો વ્હેંતિયા જણાતા. છતાં દાવરના શબ્દોમાં વર્તમાન ગુજરાતની સમકાલીન બે મહાન વિભૂતિઓ: ન્હાનાભાઈ અને ગાંધીજીના મિલનની ભૂમિકા માટે ભગીરથ પ્રયાસ મેં શરૂ કર્યો.

પરસ્પર સદ્ભાવના કેળવવાના પ્રયાસ દરમ્યાન એકવાર કહે, "ભાઇ, તારી વાત સાચી, પણ સાંભળ મારી વાત—મારી પુત્રી મરવા પડી ત્યારે 'બાપ ખ્હેલાં, બેટીને મારનાર તૂં મુવો છે કોણ' કહી ભગવાનને પણ મેં ગાળ દીધી હતી. અને મારી પુત્રી એક વરસ વધારે જીવી હતી. બીજીવાર મારા નુકસાન સમયે પણ મેં તેને કહ્યું હતું કે, "મારૂં ધન શું પાપનું ધન છે? તૂં મારૂં પરસેવાનું ધન પડાવી લેનાર કોણ? અને શ્રીહરિએ મને ચારગણું આપ્યું. ભગવાનને લાડ પણ કર્યા છે અને ગાળ પણ દીધી છે. તો ગાંધી તો કોણ? શું ભગવાન મને અપ્રિય છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ભોળાનાથ મહાકવિનું ભોળું અંતર પ્રેમનો યોગ્ય પડઘો મેળવી શક્યું નહોતું અને તેથી ધખધખી ઊઠ્યું હતું. છતાં કવિ એકવાર વ્યથિત હૃદયે કહે: “ વિષ્ણુ ! પ્રેમાનંદ, મામેરામાં લક્ષ્મીજી પાસે કહેવરાવે છે—‘ અમો વાણિયા ને તમો બ્રાહ્મણ રે ’ : એમ કસ્તુરબા ને માણેકબાની બેલડી શોભતી. પણ આપણી બાબતમાં એમ કહેવાનું કે ‘ અમો **બ્રાહ્મણ** ને તમો **વાણિયા** રે. ’ કવિહૃદય ભૂતકાળની મોહનદાસ ને ન્હાનાલાલની બેલડીને ઝંખતું બોલતું હતું, “ એકવાર અમારે સગા ભાઈઓ જેવો સંબંધ હતો. ગાંધીને પકડી ગયા ત્યારે કસ્તુરબાને આશ્વાસન આપવા સૌથી પહેલો માણેકબાઈ સાથે હું દોડી ગયો હતો. બારડોલી બાબતમાં દરબાર ગોપાળદાસ જાણે છે અને સત્યાગ્રહ માટે સ્વપુત્રને મેં જ આજ્ઞા આપી હતી. ” કવિના અંતરમાં આંટ પડી ગઇ હતી—મોહનદાસ મ્હારા કે વલ્લભભાઇના ? પૂ. વલ્લભભાઇને મેં ન્હાનાભાઈની ખબર અંતર કહી હતી—વિરાટ-માર્ગે ઝડપી કૂચ કરતા સરદારે ન્હાનાભાઇ અને તેમના કુટુંબ તરફ વારંવાર મમતા બતાવી હતી. આ વિભૂતિઓ વચ્ચેના ગુજરાતના દુર્ભાગ્યે ઊઠતા બેસૂરા સૂર મને ખૂબ ખટકતા હતા. એકવાર મેં બધી હિંમત ભેગી કરી કહ્યું, “ ન્હાનાભાઇ, આ અંતર સંધાય તો સારૂં. ધારો કે મોહનદાસ (પૂ. ગાંધીજી) ઝીણાને ઘેર ગયા તો તમારે ત્યાં આવી ચઢે તો તમે તેમને ભેટી પડો નહીં ? ”

મહાકવિનું હૃદય ઊછળી પડયું, “ ચોક્કસ ! **પણ એ મારે ત્યાં આવે ત્યારે ને ?** ”

પૂ. કસ્તુરબાનું અવસાન થયું ને મહાકવિને હૃદય સર્વશ્રેષ્ઠ શ્રદ્ધાંજલિથી મહેકી ઊઠ્યું. ને કોણ જાણે છે વિશ્વશાંતિના ખપ્પરમાં હોમાયેલા પુણ્યશ્લોક ગાંધીજીના બલિદાનથી ભેદાઇ જઇ કવિહૃદય જવાહર અને સરદાર કરતાં પણ વધુ પોકારી ના ઊઠ્યું હોત ? એ કેટલું કરૂણ કે મિલનનો પ્રસંગ આવે તે પહેલાં જ મહાકાળ વચ્ચે આવી ઊભો ! પૂ. સરદારશ્રીની વિકસતી જતી અંતરદૃષ્ટિમાંથી તેથી જ મહાકવિના ‘ અમરત્વ ’ પ્રસંગે અપૂર્વ શ્રદ્ધાંજલિ સરી પડી ને સ્થૂળ નહીં તો સૂક્ષ્મમાં તો જરૂર વિભૂતિઓનું મિલન થયું એ ગુજરાતનું સૌભાગ્ય. ડાહ્યાભાઇ વેદિયાની યજ્ઞશેષમાંથી પ્રગટેલા અગ્નિવર્ણમાંથી પ્રગટેલ ‘ બ્રહ્માગ્નિ ’ કવિશ્રીની જીહ્વાએથી સહસ્રજીહ્વા પ્રકાશતો છતાં અંતરમાંથી સમસ્ત વિશ્વને સૌન્દર્યમય બનાવનાર મહાપર્જન્ય જ વરસાવતો હતો.

એકવાર મહાકવિ હૃદયરોગ, લો બ્લડપ્રેશર, ઉપરાંત આખા શરીરે સખત ભયંકર ખરજવાથી ઉભરાઇ રહ્યા હતા. માલિશ કરતાં કરતાં મેં કહ્યું, “ ન્હાનાભાઇ ! દલપતકથા તો આપે લખી—ન્હાનલકથા કોણ લખશે ? ” મહતો મહીયાન્ છતાં અણોરણીયાન્ ન્હાનાભાઇએ જવાબ આપ્યો કે, “ ભાઇ ! દલપત તો ડુંગર હતો ને ન્હાનાલાલ તો કણ છે. ” કાર્લાઇલનું મહાવાકય મને યાદ આવ્યું, “ Greatness is always unconscious. ”

પોતાને અનિયમમાંથી નિયમમાં લાવનાર ગુરુદેવ કાશીરામને વારંવાર સંભારતા. એકવાર તો કહે, શું કાશીરામ ! લૂણાવાડે જતા હતા ને સામો વાઘ મળ્યો. કાશીરામ બ્રહ્મવર્ચસ્થી તાકી રહ્યા ને વાઘ નાશી ગયો. ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુર્જર સંત પઢિયારજીને માટે કહેતા, "શું બાવાજી! મહારાજા ભાવસિંહજીએ ગોપનાથની જગા આપવા માંડી ત્યારે બોલી ઊઠ્યા: 'ક્યા! હમ ફક્કડકો બાંધને મંગતે હો!'—એવા હતા બાવાજી નિર્બન્ધ." યોગીરાજ કૈવલ્યાનંદજીની નિર્બન્ધ સ્થિતિનાં સ્મરણો સાંભળી કવિશ્રી પઢિયારજીની ને મોહનદાસજીની 'વિશ્વજીત' યજ્ઞની જગા ત્રણ ત્રણવાર લૂંટાવી દેવાની હકીકત કહેતા. આ રીતે ડાહ્યા વેદિયાની કડક સંયમશીલતા તથા સ્વધર્મ ખાતર સર્વસ્વ સમર્પણ કરી દેનારી ફનાગીરી—પિતા દલપતરામ, ગુરુ કાશીરામ ને ધર્મસહચારિણી માણેકબાની ઉગ્ર નીતિમત્તા તથા ત્યાગ-તપશ્ચર્યા ને પઢિયારજીની ફક્કડગિરીએ મહાકવિના વ્યક્તિત્વને ભારતીય સંસ્કાર—સંયમધર્મની કડક દીક્ષા આપી હતી....કવિકાકા નર્મદને સંભારી કવિશ્રી કહેતા, "સાહિત્યસંન્યાસ મને ગોવર્ધનરામે શીખવ્યો તો મહાછંદની દીક્ષા કવિકાકા નર્મદે આપી." ગુજરાતને અંજલિ આપતાં કવિશ્રી વારંવાર કહેતા, "ગુજરાત અમારે માટે નગુણું નહીં પણ સોગણું સગુણું છે." છેલ્લાં છેલ્લાં ૧૧૧ વર્ષની દલપતવંશની સાહિત્યસેવા મહોત્સવ તથા ગુર્જર ચોર્યાશી બ્રાહ્મણ જ્ઞાતિના હસ્તે મહાકવિને સરસ્વતી સન્માનપાત્ર મહોત્સવ ઉજવાઈ ગયા ને સરજૂદાસજીને કૈવલ્યાનંદજીની વાતો કરતાં કવિશ્રી કહે, "તું આવતી એકાદશીએ મોટર લઈને આવજે. મારે જગદીશના મંદિરમાં જવું છે." સૂર્ય ઉત્તરાયણના થવાનો કાળ સમીપ આવી રહ્યો હતો. પૂ. માણેકબા મહાકવિની ઉતરેલી રૂએલ બંડી આપતાં કહે, "લે, તું ટાઢમાં રખડછ ને? તારા ભાઇનો નવો ઓવરકોટ આવી ગયો છે તે આ એમની જૂની બંડી ધોઈ રાખી છે તે તું પહેરજે." મને ખબર જ ના પાડી કે મહાકવિ નવજાત શિશુ બનનાર હતા—તેની આ આગાહી હતી! પ્રભુના મુક્તને માટે નવદેહ નિર્માણ થયો હતો ને મને ઉદ્દેશીને પૂ. માણેકબા કવિશ્રીના સંસ્કાર વારસોને કવિનો હૃદયગત વારસો સોંપી કહેતાં હતાં કે, "પહેરજો આ કવિનિઃસ્સારિત સંસ્કારકવચ ને વિચરજો કલિયુગની ઠંડીમાં." એકાએક ૧૯૪૬ ની ૨ જી જાન્યુઆરીએ કવિશ્રીને દ્વારે 'કાલકી કુંજનમેં કન્દુક ખેલૈયો કૃષ્ણ કનૈયો' આવી પહોંચ્યો. કવિશ્રીએ સાધુસંતનકા ભૈયાને વારંવાર વધાવ્યો "દર્શન લે લે-હર્ષન દે-દે." ને કવિશ્રીના આત્મદીપે પરમ પ્રકાશ તરફ કૂચ આરંભી..................

ઓચિંતાનું તા. ૯ મી જાન્યુઆરીએ પરોઢીએ માણેકબાનું તેડું આવ્યું. ઉત્તરાયણના સૂર્ય થતા હતા તે કાળે ચંદનચર્ચિત ભૂમિ ઉપર ભીષ્માચાર્ય સમા ચંદનચર્ચિત કવિશ્રી ઝગઝગતી રશ્મિઓની વચ્ચે થઈને જગદીશના મંદિરે એકલા જઇ પહોંચ્યા હતા. પહેલી પુષ્પમાળા અર્પણ કરવાનું મળ્યું એટલું મહાભાગ્ય. જેણે જેણે સાંભળ્યું તે ઝટ આવતાં હતાં. શાળા-મહાશાળાઓ બંધ પડી. ગુર્જર કવિશ્રેષ્ઠની 'અમરયાત્રા' નીકળી. પૂ. માણેકબાનું એક ડૂસકું સંભળાયું. રામકૃષ્ણદેવ શારદામાને છોડીને નીકળ્યા હતા તો કસ્તુરબા ગાંધીજીને છોડીને અને મહાકવિ માણેકબાને છોડીને નીકળતા હતા. જાણે કે શિવશક્તિની એકીએકી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સપ્તર્ષિના આરે શ્રદ્ધાંજલિઓ અર્પાતી હતી મારા અંતરમાં થયું હતું, "ન્હાનાભાઇ ! તમે પણ સ્વાર્થી થયા ખરા. સ્નેહશૂન્ય થતી જતી દુનિયામાં હજારોને કોની સ્નેહની અમરધારા સંજીવની છાંટશે હવે ? સામે તરવરતા હતા: ન્હાનાલાલ, સરદાર, ગાંધીજી. ત્રણે ગગનગામી ગુજરાતીઓની પ્રેમધારા ઊછળી રહી હતી ત્યારે "વૈષમ્યમાં સામ્ય શું ? એક પ્રેમ જ ?"—આકાશવાણી થતી હતી. "હા. એ જ. યુગયુગોના સંઘર્ષોને ગાળી નાંખનાર એ જ ભારતીય સંસ્કાર : અહિંસા આર્ય વૈશ્વાનર." દિશાઓ ગાજી ઊઠી. મહાકવિ શેકસપીયરના શબ્દો સંભળાવા લાગ્યા. "**જ્યારે એનું અવસાન થાય ત્યારે એના દેહના અણુઅણુમાંથી નાના નાના તારાઓ બનાવજો.** એથી નભોમંડળ એવું ઉજ્જવલ બનશે કે જગત, રાત્રિના એ નવપ્રાપ્ત સૌન્દર્યથી મુગ્ધ બની આંખ આંજી દેનાર સૂર્યને પૂછવાની પણ પરવા કરશે નહીં." વસિષ્ઠગોત્રજ મહાકવિ ગુજરાતને વિશ્વસંસ્કૃતિનું પુરોહિતપદ અપાવવાનો પ્રયત્ન કરી જગદીશના ચિરંતન મંદિરમાં ભારતમાં સપ્તર્ષિના આરે કૃષ્ણસખાના આમંત્રણે વિલીન થઇ ગયા. બાકી રહ્યું છે ગુજરાતના નવજુવાનોને માથે કવિઋણ કવિશ્રાદ્ધ સરાવવાનું કવિશ્રીની કડક સંયમશકિતથી દીક્ષિત થઇ, 'વિશ્વસંસ્કૃતિના પુરોહિતપદે' સ્થાપનાર કવિસાહિત્યને જગતમંદિરમાં રજૂ કરી, વિશ્વસંસ્કૃતિના જીવંત જ્યોતિર્ધર બનવાનું !

વિષ્ણુભાઈ મ. ભટ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ. કવિકાકાનું પુણ્યસ્મરણ

ગુજરાતના મહાકવિ સ્વ. નાનાલાલ દલપતરામ કવિનું સ્મરણ કરતાં જ મારાં બાળપણના ઘણા પ્રસંગો યાદ આવે છે. મારા સ્વ. પિતાજી લલિતજીની સાથે તેઓને ઘણો નિકટનો સંબંધ હતો તેથી અમે તેઓને 'કવિકાકા' કહીને સંબોધતા. કવિકાકાના સત્સંગીઓમાં સ્વ. અમૃતલાલ સુંદરજી પઢિયાર, બાવા મોહનદાસજી તથા એવા જ અન્ય સંતજનોનું યે પુણ્યસ્મરણ થઇ આવે છે. એ સંતજનો પાસેથી કવિકાકા પ્રાચીન ભજનો સાંભળતા અને કોઈકવાર રાજકોટમાં 'અનુભવીએ એકલું આનંદમાં રે'વું રે' એ ભજન ગવાતું ત્યારે મોહનદાસજીની સાથે નાચી રહેતા કવિકાકા પણ અત્યારે સ્મૃતિ સન્મુખ જોઇ શકાય છે. તેઓ પોતાનું કોઇક નવું ગીત રચતા પછી કહેતા: "લલિત, આ ગીતનો ઢાળ બેસાડોને." ઢાળ બેસાડવામાં મદદ કરતાં કવિકાકા બોલી ઉઠતાં: "એમ નહિ, પેલા જૂના ભજનનો લય લઇને આમ ગાઓ" એમ કહીને કવિકાકાને પોતાની કૃતિ ગાઇ બતાવતા પણ જોઈ શકાય છે. કવિકાકા પોતાનાં ગીતો કોઈકવાર આનંદમાં આવીને ગાતા ત્યારે તેઓની પાસે બેસીને એમની સુન્દર કૃતિ એમને જ મોઢેથી–કંઠેથી સાંભળવામાં ખૂબ જ આનંદ આવતો. અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં સુન્દર ગેય કાવ્યોના એ અદ્વિતીય અને અપૂર્વ પ્રણેતા હતા. ગુજરાતના સંગીતને એમણે એમનાં મીઠાં ગીતોથી ઘણું સમૃદ્ધ કર્યું છે એ વાત હજી યે ઘણા ઓછા લોકો સમજે છે.

બાળપણનાં આવાં કેટલાં યે સંસ્મરણો એક પછી એક સ્મૃતિપટ ઉપર આવીને પસાર થઇ જાય છે તે સાથે કવિકાકા અમદાવાદમાં હઠીભાઈની વાડીમાં સન ૧૯૨૬ માં રહેતા હતા તે સમયના પ્રસંગો પણ યાદ આવે છે. દેશપ્રેમની ધગશ એમનામાં કેટલી ઉત્કટ સ્વરૂપની હતી તે તેમણે પૂજ્ય ગાંધીજીની હાકલના જવાબમાં કેટલો મોટો ત્યાગ કર્યો હતો એ જોતાં જણાઈ આવે છે. તે સમયે એ બહુ કફોડી સ્થિતિમાં અને અંગત સંકડામણમાં આવી ગયા હતા છતાં યે જ્યારે એમની પાસે જઇએ ત્યારે કાંઇક ને કાંઇક નવું સાહિત્યસર્જન ચાલતું હોવાનું જાણવા મળતું જ. તેઓ ખૂબ જ પ્રેમાળ અને વાત્સલ્યથી ભરપૂર એવા સ્વભાવના હતા. અમારા જેવાં નાનેરાંને પણ મળવા જઈએ ત્યારે હોંસથી પોતાની નવી કૃતિઓ વિષે છૂટથી વાતો કરતા ત્યારે આપણા ગુજરાતના આ મહાકવિ કેટલા સહૃદય છે એ જોઇ અમે મુગ્ધ બની જતા.

કવિ, લેખક અને સાહિત્યકાર તરીકેનું કવિકાકાનું પુણ્યસ્મરણ થાય છે ત્યારે તેમની એક લાક્ષણિકતા તરત યાદ આવી જાય છે. તેઓ પોતાની કૃતિઓને વરસો સુધી પોતાની પાસે સંઘરી રાખતા. એ જોઇને વિદ્યાપીઠના એક હસ્તલિખિત માસિકના તંત્રી તરીકે મેં તેઓની પાસે દલીલ કરેલી ત્યારે તેઓએ કહેલું કે "આપણે જે લખીએ છીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બધું તરત પ્રગટ કરવાની ટેવ ન રાખવી. એમાં એક પ્રકારનો મોહ રહેલો છે. કોઈ પણ લખાણને લખીને વરસો સુધી પાસે રહેવા દેવું ને તેને વારંવાર વાંચી સુધારી ને પછી જ પ્રગટ કરવું, તો ચિરંજીવ સાહિત્ય રચી શકાય." કવિકાકાના સાહિત્યને સાંપડેલી ચિરંજીવતાનું રહસ્ય આ હકીકતમાં પણ રહેલું જણાય છે.

કવિકાકાએ ગુજરાતને કેટલું શણગાર્યું ને સમૃદ્ધ કર્યું, ગુજરાતને કેટલું ઉન્નત અને ગૌરવશાલી બનાવ્યું, ગુજરાતની કવિતાદેવીને કેટલા અવનવા અલંકારોથી સજાવીને તેની કીર્તિ વધારી, ગુજરાતના સાહિત્યને ભારતના અન્ય પ્રાન્તોના ઊંચા સાહિત્યની હરોળમાં બેસવાની પ્રતિષ્ઠા અપાવી— એ બધાનો વિચાર કરીએ છીએ, ત્યારે કવિકાકાના વિરાટસ્વરૂપનો આપણને ખ્યાલ આવે છે. ગુજરાતના ગૃહજીવનની રમ્યતા, નારી પ્રતિષ્ઠા, આર્યોના ઉચ્ચ આદર્શો, ઇતિહાસનું સૌન્દર્યદર્શન, અધ્યાત્મનું ગૂઢ ચિન્તન, પુણ્યશીલ ને પ્રેમરસથી ઉભરાતું યૌવનદર્શન— કવિકાકાએ ગુજરાતને કેટકેટલું આપ્યું ! એનો હિસાબજ થાય એમ નથી. ગુજરાત અનંતકાલ સુધી એમનું ઋણી રહે એવો સાહિત્ય-વૈભવ એમણે ગુજરાતને ચરણે ધર્યો છે. એમનું પુણ્યસ્મરણ કરતાં અત્યારે મારી છાતી ફૂલી ઉઠે છે કે એવા વિરાટપુરુષની સાથે મારે થોડો યે પરિચય હતો !

કવિકાકાનું ઉત્તરજીવન કૈંક કથળી ગયું એમ કહી શકાય. તેને માટેની જવાબદારી કોઈની યે ઉપર ઢોળવાને બદલે એમ કહી શકાય કે તેઓ રાજકારણી પુરુષોના પ્રસંગમાં ન આવ્યા હોત તો તેઓના અંગત જીવનમાં જે ઉગ્રતા, કડવાશ ને કઠોરતા પ્રવેશ્યાં તેને ટાળી શકાયાં હોત. ગુજરાતી સાહિત્યમાં અમર થવાને સર્જાયેલી કેટલી યે અપૂર્વ કૃતિઓના સર્જનહાર મહાકવિ નાનાલાલનું નામ રાજકારણના ગ્રહણને લીધે હાલની પચ્ચીસી દરમિયાન જરા ઝાંખું પડયું છે. પણ એ તો ગ્રહણની ઝાંખાશ છે ને તેથી ક્ષણિક છે. રાજકારણના પસાર થતા ઓળા જ્યારે ખસી જશે ત્યારે એ સાહિત્યસૂર્ય એ જ પુણ્યપ્રકાશના પૂરા ઓજસથી પ્રકાશ્યા વિના રહેનાર નથી. સાહિત્યના અમર સ્રષ્ટાઓ તાત્કાલિક રાજકારણના ઓળાઓથી કદી યે ક્યાં ઝાંખા પડ્યા છે? એમને તો:—

कालोह्ययं निरवधिर्विपुला च पृथ्वी ।

સાહિત્ય, કલા અને સૌન્દર્યના ઘડવૈયાઓની કીર્તિ તો અનંતકાલ સુધી ને દિગંતમાં તેમના નામનો ડંકો નિરંતર બજાવતી જ રહે છે. એને રોકવા કોઇ જ સમર્થ નથી.

પુરાતન બુચ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિશિરોમણિ ન્હાનાલાલ

કવિશ્રી ન્હાનાલાલનો પ્રથમ પરિચય રાજકોટ પાસે લોધીકા ગામે મને ૧૮૮૧–૮૨ માં થયો. લોધીકા ભાગદાર દરબાર અભેસિંહ સ્વામીનારાયણ સંપ્રદાયના હતા અને કવિ દલપતરામને લોધીકા બોલાવ્યા, ત્યારે ન્હાનાલાલને પણ સાથે લાવેલા. ઉમર નાની હોઇ તેઓ પિતાચિંધ્યાં કામકાજ કરતા, ત્યારે પિતાજી તેમનામાં અનેક સંસ્કારો પૂરતા.

લોધીકાથી હું મોરબી હાઇસ્કૂલમાં ભણવા સને ૧૮૯૩ માં ગયો ત્યારે ન્હાનાભાઇ ત્યાં હેડમાસ્તર શ્રી કાશીરામ દવેને ત્યાં રહી મેટ્રિકનો અભ્યાસ કરતા હતા. અને હું પાંચમા ધોરણમાં દાખલ થયો હતો. રોજ સાંજે નાનાભાઇ ક્રિકેટ રમે અને હું કસરત કરૂં. ભાવનગરના સ્વર્ગસ્થ દીવાન સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી તે વખતે હાઇસ્કૂલમાં રૂા. ૪૫) ના પગારે માસ્તર ઉપરાંત ગામડાંની શાળાઓના ઇન્સ્પેકટર હતા. ન્હાનાભાઇને બીજા પ્રભાશંકર (ગોંડળના 'પરભુકાકા') પણ મળ્યા જે તેમના સહાધ્યાયી હતા બન્ને પ્રભાશંકરે ન્હાનાભાઇ સાથે જીવંતપર્યન્ત સંબંધ રાખ્યો હતો અને સર પ્રભાશંકર તો ન્હાનાભાઇને વખતોવખત મળતા હતા અને એક વખતે મુંબઇમાં ન્હાનાભાઇ બીમાર હતા ત્યારે તેને ખાસ જોવા માટે જ ગયા હતા.

મોરબીથી ન્હાનાભાઇ અમદાવાદની ગુજરાત કોલેજમાં દાખલ થયા અને હું અમદાવાદમાં નદીપાર આગાખાનના બંગલામાં જામનગરના નાગરગૃહસ્થ સ્વર્ગસ્થ નરભેશંકર સુરજશંકર બુચના કારખાનામાં સ્ટોરકીપર તરીકે જોડાયો. તે વખતનું અમદાવાદ એટલે રણછોડ રેંટીયાવાળાનું અમદાવાદ ગણાતું એટલે મકાનના ચોથે માળે રાતદિવસ નળનું પાણી આવતું અને રાત્રે ઘેરઘેર ઠીકરાંના કોડીયાંમાં દીવેલના દીવા થતા. વસતી પોણા લાખની કોટની અંદર જ. શહેર બહાર ચોતરફ ઉજ્જડ મેદાન; સાંજપડયે રીચીરોડ (ગાંધીરોડ) ટ્રાફીક વગરનો હોઇ ત્યાં છોકરાઓ સાઇકલ ઉપર બેસવાની અને ચલાવવાની તાલીમ લેતા.

અમદાવાદથી ન્હાનાભાઇ ગયા મુંબઇ અને હોસ્ટેલમાં રહી એમ. એ. થયા, તે દરમીયાન ત્યાં તેમણે બહોળું મિત્રમંડળ જમાવ્યું. એમ. એ. થયા પછી તરત જ સાદરાની સ્કોટ કોલેજમાં સને ૧૯૦૨ માં પ્રિન્સિપાલ નિમાયા અને ત્યાં ભરજંગલમાં મંગલ કરતાં કરતાં કાવ્યો લખવા માંડ્યાં. સાદરામાં ત્યારે સંતતિમાં મનુ–અનુ–વિનુ એમ ત્રણ બાળકો હતાં.

સને ૧૯૦૪ માં ન્હાનાભાઇ રાજકોટની રાજકુમાર કૉલેજમાં શિક્ષક નિમાયા અને રાજકુમારો સાથે ભળી જઈ ઘણીવાર દરબારી સાફો માથે બાંધતા થયા તથા રાજકુમારો સાથે ક્રિકેટ વગેરે રમતો રમવા લાગ્યા. રાજકોટમાં ન્હાનાભાઇએ બહોળું મિત્રમંડળ જમાવ્યું અને પોતે એકલા તો કદી જમવા બેસતા જ નહીં એટલે સગા–સંબંધી–સ્નેહી–મ્હેમાનોના ઓછામાં ઓછા ૫–૭ પાટલા ન્હાનાભાઇની બાજુમાં તો હોય જ. ન્હાનાભાઇનું રાજકોટનું રહેઠાણ એટલે જાણે ડૉક્ટર પ્રીમરોઝનું જ ઘર. સગાંસ્નેહીઓ ઉપરાંત અનેક પરોણાઓની અવર જવર ચાલુજ હોય. કાન્ત, લલિત, મસ્તકવિ, પઢીયાર વગેરેના અડ્ડા ત્યાં જામતા. ઉપરાંત દેશનેતા, લોકનેતા, સમાજનેતા, મહાત્મા ગાંધીજી, સર પ્રભાશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પટ્ટણી, સરકસવાળા પ્રોફેસર રામમૂર્તિ, સસ્તું સાહિત્યવાળા ભિક્ષુ અખંડાનંદજી ઉપરાંત અણધાર્યા સાધુ–સંન્યાસી–દુઃખીઆ–સુખીઆ–બીમારો વગેરેની અવરજવર પણ ચાલુ રહેતી.

સ્વામિનારાયણના ગઢડા પાસેના લાખણકા ગામના ગરાસદાર મોહનસિંહજી સંસાર તજી ગીરનારની ગુફામાં જઇ બાવાજી મોહનદાસજી બની બેઠા હતા, તેમને સ્વર્ગસ્થ અમૃતલાલ સુંદરજી પઢીયાર અને ન્હાનાભાઇ રાજકોટ તેડી લાવ્યા હતા અને ન્હાનાભાઇને ત્યાં રહી તેઓ ભજનો ગાયા કરતા હતા.

આ પ્રમાણે રાજકોટમાં કવિનો અખાડો બહુરંગી રહેતો તેથી એજન્સી કોઠીના ચાડીયા અનેક ગુલબાંગો ઉડાવતા. સાચને કદી આંચ હોય જ નહીં એટલે કોઠીની આજ લાલ થયેલી આંખ કાલે ન્હાનાભાઈને જોઈ શીતળ થઈ જાય અને બોલી ઉઠે કે અમે બધું જાણીએ છીએ, પણ તું તો અમારો પાકો વફાદાર છો અને સાચો છો પણ તારો અખાડો બહુરૂપી છે.

સને ૧૯૧૩ માં રાજકોટ સ્ટેટે ન્હાનાભાઇની નોકરી ઉછીની માગી અને રાજકુમાર કોલેજમાંથી શિક્ષક મટી ન્હાનાભાઇ રાજકોટના સરન્યાયાધીશ થયા.

૧૯૧૬ માં ન્હાનાભાઈ પાછા સરકારી નોકરીમાં જોડાયા અને ૧૯૧૮ માં કાઠીયાવાડના એજ્યુકેશનલ ઓફીસર બન્યા. કેળવણીખાતામાં ક્રાન્તિ લાવવા બજેટની મર્યાદામાં રહી શિક્ષકોના પગાર, ગ્રેડ વગેરે તેમણે સુધાર્યા અને કેળવણીખાતાને કાર્યક્ષમ બનાવ્યું. વધારે પ્રગતિ સાધવા ન્હાનાભાઈ અવાર નવાર વગર ચેતવણીએ ગામડાંની શાળાઓમાં અચાનક જઇ ચડતા અને નિરીક્ષણ કરતા, તેથી શિક્ષકસમાજ જાગૃત રહેતો.

કવિને જામ રણજીતસિંહજી, કચ્છના રા ખેંગારજી અને વડોદરાના ના. ગાયકવાડે પોતાને ત્યાં કેળવણીખાતાના વડા તરીકે આવવાનાં કહેણ મોકલેલાં તેનો જવાબ કવિ એવો વાળતા કે માત્ર પગાર ખાવાજ નહીં પણ કાંઇ પ્રગતિ કે ક્રાન્તિ કરવાની હોયતોજ આવવા વિચાર કરૂં !

સુરતના પ્રોફેસર ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર કવિના અનન્ય સ્નેહી હતા. ગજ્જરે વિજ્ઞાનવેત્તા હોઇ વડોદરે જઇ કારખાનું કાઢયું, જે હાલનું એલેમ્બીક કેમીકલ વર્કસ. ગજ્જર જીવતા રહ્યા હોત અને પોતાનું ધાર્યું થયું હોત, તો વિજ્ઞાનના ક્ષેત્રમાં ગુજરાતનું સ્થાન કોઈ અનેરૂંજ હોત, પણ જગતમાં આદર્યાં અધૂરાંજ રહ્યાં છે અને શ્રી હરિનું ધાર્યું થયે જાય છે. કવિશ્રી રજાઓમાં અવારનવાર સુરત 'ગજ્જરકાકા' ને ત્યાં જતા ત્યારે એકબીજા ઘણીવાર પોતપોતાનાં હૃદયો ઠાલવતા. ગજ્જરનાં બ્હેન ગંગાસ્વરૂપ શ્રી નાની બ્હેન સુરતના વનિતાવિશ્રામ અંગે પહેલીજવાર કાઠિયાવાડમાં આવ્યાં, ત્યારે સૌથી પ્રથમ રાજકોટ ન્હાનાભાઈને ત્યાં ઉતર્યાં હતાં. નાની બ્હેન કદી ભરસભામાં બોલેલ નહીં; તેમને બોલતાં કરવા માટે કવિએ કોનોટહૉલમાં જાહેર સભા ગોઠવી, ત્યારે નાની બ્હેનને ફરજીયાત બોલવુંજ પડયું અને ત્યારથીજ તેમને સભાઓમાં બોલવાની તાલીમ મળી અને પોતાના પ્રવાસે આગળ વધ્યાં.

અમદાવાદમાં હઠીભાઇની વાડીએ કવિએ નિવાસ કર્યો તે દરમીયાન કવિએ અનેક પ્રવૃત્તિઓ આદરી. સર્વધર્મ સમન્વય સંસ્થા સ્થાપી, વાડીમાં કળા પ્રદર્શન ભર્યું, બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલુ રાખી પણ તે સમયે 'યુગ પલટ્યો, પલટીઘડી' જેવી દેશદશા હતી, જેને લીધે તડકા છાંયા જોવા પડ્યા હતા.

વાડીએથી કવિ ભદ્રમાં રહેવા ગયા અને ત્યાં તેમણે સરસ્વતીની ઉપાસના માંડી. કાવ્યો લખવા માંડ્યાં. ખુલ્લી હવા મળે એટલા માટે કવિ ભદ્રમાંથી નદીપાર રા. બ. લાલશંકર ઉમીયાશંકરના બંગલામાં જઇ બેઠા અને એક પછી એક ગ્રંથો બહાર પાડવા લાગ્યા જેનો છેલ્લો આંક ૭૮ સુધી પહોંચ્યો અને કેટલાકની એકથી વધુ આવૃત્તિઓ બહાર પડી. સ્વર્ગવાસ પહેલાં ૨–૩ વર્ષથી શરીર સંપત્તિ કથળતાં મુંબઇ–અમદાવાદ વચ્ચે આંટા માર્યા અને દેહ છોડતાં સુધી કાવ્યદેવીની ઉપાસના ચાલુ રાખતા રાખતા ધામમાં ગયા તેના સાત દિવસ અગાઉ નીચેનું ભજન લખ્યું:—

આજ આયો તોરે દ્વારે કૃષ્ણ કનૈયો,
કૃષ્ણ કનૈયો, સાધુ સંતનકો.......લૈયો;
દર્શન દે લે, દર્શન લે દે,
કાળકી કુંજમેં કન્દુક ખેલૈયો;
આજ આયો તોરે દ્વારે કૃષ્ણ કનૈયો.

કવિ સૂતી વખતે હમેશાં ઓશિકે ફાનસ, મીણબત્તી, બાકસ રાખતા અને જ્યારે જ્યારે જાગતા, ત્યારે ત્યારે દીવો પ્રકટાવી લખવા બેસી જતા; પરોઢીએ વહેલા જાગીને લખવા બેસવાનો તો નિત્ય નિયમ હતો. તેના પ્રસિદ્ધ કાવ્યસંગ્રહ ઉપરાંત અપ્રસિદ્ધ કાવ્ય-સંગ્રહની સંખ્યા ૧૫ જેટલી છે, જે પ્રકાશમાં આવે ત્યારે ખરી. કવિ એકલા કવિ જ નહોતા. સૃષ્ટિ સૌન્દર્યના પરમ ઉપાસક હતા તેથી ૧૯૧૭ માં રાજકોટનરેશ સ્વર્ગસ્થ સર લાખાજીરાજ સાથે કાશ્મીર ગયા હતા જેને પરિણામે 'ઉષા' લખાણું. રાજકોટનિવાસ દરમિયાન ૧૯૦૯ માં કવિશ્રી મુંબઇના દરિયા મહેલવાળા સ્વર્ગસ્થ શેઠ નારણજી દ્વારકાદાસ સાથે સિલોન ગયા હતા. રાજકોટમાં તો ફરવા નીકળી પડતા અને અંજવાળીરાત્રે રાજકોટના રેઇસકોર્સમાં આંટા મારતા. કાઠિયાવાડના ગિરનાર, ચોરવાડ વગેરે સ્થાનો અનેકવાર ખુંદી નાખેલાં અને અમદાવાદમાં હઠીભાઇની વાડીએથી રોજ સાંજે શાહીબાગનું સરકલ ફરી વળે.

દલપતબાપાને 'ન્હાનો' બહુ વહાલો હતો. બાપાના સ્વર્ગવાસ પછી ન્હાનાના અંતરમાં પિતૃઋણ ઘોળાયા કરતું હતું, તેના પરિણામે 'કવીશ્વર દલપતરામ' નામના ચાર ગ્રંથો બહાર પાડી પિતૃશ્રાદ્ધ કરી ઋણ અદા કર્યું. "બાર બાર વહ્યાં વર્ષો" વાળી પંક્તિઓ પિતૃભક્તિનો ભાવોદ્રેક રજૂ કરે છે અને કવિમુખે તે કાવ્ય ગવાતું સાંભળી, નહીં કલ્પેલ દૃશ્ય દૃષ્ટિ સમીપ ખડું થતું.

શ્રી અને સરસ્વતીને હમેશાં આડવેર રહેતાં આવ્યાં છે, કવિનું ઘર એટલે ધર્મશાળા. અતિથિ સત્કારમાં કવિ દંપતીની તોલે કોઇ આવી શકે તેમ નથી. કવિ કુટુંબે ધન સંચય કરી જાણ્યું નથી, પણ વાપરી તો બરાબર જાણ્યું છે; તેથી શ્રી સ્વામીનારાયણ ભગવાનની કૃપા અને દલપતબાપાના આશીર્વાદે કવિ પોતાની પાછળ લીલીછમ ફૂલવાડી મૂકી ગયા છે જે મ્હેકે અને પાંગરે એજ આ લેખકની અંતિમ પ્રભુ પ્રાર્થના છે.

વૈદ્ય જગજીવન શિવશંકર ત્રિવેદી—કચ્છ-કુંભારીયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિવરનાં સંસ્મરણો

મોરબી હાઇસ્કૂલમાં મેટ્રિક ક્લાસમાં કવિશ્રી ન્હાનાભાઇ સમર્થ વિદ્વાન હેડમાસ્તર કાશીરામ સેવકરામ દવે પાસે ભણવા આવ્યા, ત્યારે હું અંગ્રેજી ચોથા ધોરણમાં હતો. ત્યારથી તેમને જાણતો હતો. હું વેરાવળમાં રેલ્વે સીગ્નલર હતો, ત્યારે નવું છપાએલું તેમનું "વસન્તોત્સવ" કાવ્ય વાંચ્યું અને હું અતિમુગ્ધ થયો. તરતજ એક લાંબું અવલોકન મેં તેના ઉપર લખ્યું જે "વસન્ત" માં બે અંકોમાં પ્રગટ થયું છે. ઉપમા વિના એક પણ પંક્તિ ન હોય એવી એની ઉત્કૃષ્ટ શૈલીથી હું અતિપ્રસન્ન થયો હતો.

કેટલેક વખતે હું પ્રથમ તેમને રાજકોટમાં મળ્યો, ત્યારે મને અપાર આનન્દ થયો. રાજકોટસીટી સ્ટેશને હું ડેપ્યુટી સ્ટેશન માસ્તર થયો ત્યારે દરરોજ બપોરે તેમને ઘેરજ મારો પડાવ હોય. તેઓ ઘેર હોય કે ન હોય, પણ તેમના અભ્યાસ રૂમમાં હું બેઠોજ હોઉં. જ્યારે આવે ત્યારે નવીન પુસ્તકો મને પહેલા વાંચવા આપે. તેમની કૃતિઓ લખાતી હોય તે પણ મારી પાસે ઘણી વખત નિરાંત હોય, ત્યારે વાંચે; હું તેમની પાસે કોણ માત્ર! પણ તેમને મન તો નાનાએ સરખા ને મોટાએ સરખા. સુન્દર મુખાકૃતિ, સદાય હસતું વદન. તીવ્ર મનોવેગ અને ચલનવેગ, યુવાનું ઓજસ્વી જોમ, આ સર્વ જ્વલંત વિભુતિઓ સાથે મહાગુરૂની કૃપા અને પ્રસાદીરૂપી જ્વલંત સૂક્ષ્મ વિભુતિઓ મળી જતી. આવા દ્વિવિધ તેજસાથે મને વાર્તાલાપનો પ્રસંગ મળે, ત્યારે હું અહોભાગ્ય માનતો.

કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇની કવિતા અમે બાલપણથી ગોખતા અને રસ અનુભવતા. તે સુકવિના આ તેજસ્વી પુત્ર મોરબીની બજારમાં, મોરબીના કાદવવાળા રસ્તામાં, આગળ તેજમૂર્તિ ગુરૂવર્ય કાશીરામભાઈ, તે પછી અધ્યાપક પ્રાગજીભાઈ અને તેમની પાછળ આ કવીશ્વરની પુત્રવિભૂતિ ચાલ્યા જતાં જોવા એ પણ એક લ્હાવો હતો. કવિ તે મહાગુરૂના પટ્ટ શિષ્ય હતા અને ગુરૂને ઘેરજ રહેતા. કવિશ્રીએ મોરબી ઉપરનો પ્રેમ તેમના "કેટલાંક કાવ્યો ભાગબીજો" માં વર્ણવ્યા છેઃ—

મોહન એ મચ્છુનો કાંઠો, હેતાળ એ મોરબીની વસ્તી, કાળમીટના વજ્ર તટની
એ વેરાન ભવ્યતા, ને લોક સંઘના સદ્દભાવની એ કુમાશ!
દેવ ને મનુદેવ જ્યાં લીલા કરે તે તીર્થ, અન્ય અતીર્થ.

તેઓ રાજકોટ સ્ટેટના માજીસ્ટ્રેટ હતા, ત્યારે એક સવારે હું તેમની લાઇબ્રેરીમાં બેઠો હતો; વાદી પ્રતિવાદી બન્ને તેમને આંગણે સાથે આવી ચડ્યા. બન્નેનું સાંભળી લીધું. પાંચ મિનિટમાં બન્નેને ખૂબીથી હસતા કરી તેમણે વિદાય કર્યા. મેં પૂછ્યું, "આપે આ શું કર્યું?" તેઓએ કહ્યું, "આજકાલ ન્યાય એટલો મોંઘો છે, લોકોને એવા ધક્કા ખાવા પડે છે, પૈસા બરબાદ કરવા પડે છે; તેથી ઘર આગળજ ખાતાં પીતાં હું તો કોર્ટ ચલાવું છું. રાત્રે કોર્ટ, દિવસે કોર્ટ. જમતો હોઉં ત્યાંયે કોર્ટ". આવી રીતે સત્ય માર્ગ નીકળે, તો ગરીબોની આંતરડી દુવા આપે. આવી તેમની નિખાલસવૃત્તિ હતી.

કવિશ્રી ન્હાનાલાલ વૈકુંઠમાં કૃષ્ણ સખા થયા છે.

ભાઇશંકર કુબેરજી શુકલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌરાષ્ટ્રનું રાજકીય મંડાણ અને કવિસમ્રાટ

પૂ૦ મહાત્માજીએ અંત્યજનો પ્રશ્ન હજુ અપનાવ્યો ન હતો, છતાં કેળવાયેલા વર્ગમાં આ પ્રશ્ન દિવસે દિવસે સમજાતો જતો હતો. સ્વ. સીતારામ પંડિત બેરીસ્ટર, શ્રી વિજયાલક્ષ્મી પંડિતના સસરા, તેમણે રાજકોટમાં એક અંત્યજશાળા આજથી ૪૪ વર્ષ પહેલાં ખોલેલી. કાઠિયાવાડની આ પહેલીજ અંત્યજશાળા હતી. અને તે એકજ હતી. સ્વ. નાનાલાલકવિ જ્યારે રાજકોટમાં સરન્યાયાધીશ તરીકે કામ કરતા, ત્યારે કોઈ કોઈ વખત આ અત્યંજશાળા જોવા આવતા.

એ સમયે એમને એક વિચાર આવ્યો કે જો એક અત્યંજ પરિષદ બોલાવવામાં આવે તો અત્યંજોને જાગ્રત કરી શકાય. સાથે સાથે સવર્ણોને અત્યંજ પ્રત્યે જે ઘૃણા છે તે દૂર કરી શકાય. સર ન્યાયાધીશપદેથી નિવૃત્ત થઈ જ્યારે તે સરકારી કેળવણી ખાતામાં આવ્યા, ત્યારે ઢસા અને રાયસાંકળીની નિશાળો તપાસવા એમને જવું પડતું. ઢસા દરબાર શ્રીયુત ગોપાલદાસ અને સૌ. ભક્તિબાના સૌજન્યે કવિશ્રીને ખેંચ્યા. ભક્તિબાના પિતાશ્રી અમીન સાહેબ કવિશ્રીના ખાસ ચાહક હતા. આખરે ઢસા મુકામે દરબાર સાહેબની પ્રેરણાથી પહેલી અંત્યજ પરિષદ કવિશ્રી ન્હાનાલાલ પ્રમુખપણા નીચે ભરાઈ.એ સમય બહુ જુદો હતો. તે વખતે અંગ્રેજ સરકારની પકડ એવી જોરદાર હતી, જે કોઈથી કંઈપણ એમની મંજુરી વગર થઈ શકતું નહિ. કવિ જેવા કેળવણી અધિકારીનો ઊંચો હોદ્દો ભોગવનારા પરિષદના પ્રમુખ થાય તે સરકારના રાજદ્વારી ખાતાને પોસાયું નહિ; પણ તે વખતના અંગ્રેજ અમલદારો ખૂબ ઉદાર હતા. એ અમલદારો કવિશ્રી જેવા માણસને ખોવા જરાપણ તૈયાર નહતા; એટલે એ ભીનું સંકેલાઈ ગયું.

એજ પરિષદ વખતે કાઠિયાવાડમાં રાજકીય જીવનનું મુહૂર્ત થયું એમ કહું તો ચાલે. આજે એક સામાન્ય જાણકાર તરીકે મને કોઈ પૂછે જે રાજકીય જીવનની શરૂઆત ક્યાંથી થઈ, તો મારી નમ્ર માન્યતા પ્રમાણે ઢસાની અંત્યજ પરિષદ વખતે સ્વ. ન્હાનાભાઈના હાથથીજ તે શરૂઆત થયેલ છે એમ સાબીત કરી શકું તેમ છું.

બીજો પ્રસંગ બન્યો કાઠિયાવાડ રાજકીય પારષદની પ્રાથમિક તૈયારીમાં. સ્વ. મનસુખલાલે રાજકોટ નરેશ સ્વ. લાખાજીરાજ પાસે જ્યારે પ્રથમ પરિષદ ભરવાની હા પડાવી અને સૌરાષ્ટ્રની એ નામચીન ચાર મર્યાદાઓ બહાર આવી, ત્યારે તેની સામે અવાજ ઉઠાવનાર શ્રીયુત અમૃતલાલ શેઠ અને સ્વ. જગજીવન ઉજમશી અવારનવાર કવિ ન્હાનાભાઈની સલાહ લેતા. સ્વ. મનસુખલાલ પણ અઠવાડિયામાં એકાદ બે વખત કવિશ્રી પાસે આવી ચર્ચા કરી જતા. તે વખતે ઊભી થયેલી કાઠિયાવાડ હિતવર્ધક સભાના પ્રમુખ સ્વ. દલપતરામ શુક્લના જમણા હાથ તરીકે કામ કરી રહેલ સ્વ. હરિશંકર પંડ્યા કવિશ્રીના અંગત મિત્ર હતા. પોતે સરકારી નોકર હોવા છતાં અને કેળવણી અધિકારી જેવો જવાબદાર હોદ્દો તેમની પાસે હોવા છતાં, આવા જુદા જુદા રાજદ્વારી પક્ષો સલાહકાર કેંદ્ર બનીને રહેવું તે વખતે કેટલું મુશ્કેલ હતું, એ તો એ સમયમાં કામ કરનારાજ સમજી શકે.

મને એમ તો અનેક વખતે થયા કરતું હતું જે કવિ હંમેશા કવિ હોય છે, કવિ રહે છે. ન્હાનાભાઈ રાજદ્વારી વિચારોમાં શું સમજે ? પણ મારી ઉમર એ સમયે સમજવાને બહુ ન્હાની હતી. જ્યારથી મેં એમનું 'સારથી' વાંચ્યું, ત્યારથી મને ખાત્રી થઈ જે તેઓ રાજદ્વારી કક્ષાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિ જેટલા જ ઊંચા હતા. કેટલાય જાહેર અને અજાણ પ્રસંગોની ઉલટી સુલટી ગતિઓને કારણે કવિ રાજદ્વારી પુરૂષ તરીકે બહાર આવી ન શકયા. બાકી હું ખાત્રીથી માનું છું કે કવિશ્રી એક પહેલા નંબરના રાજદ્વારી પુરૂષ તરીકે આપણી વચ્ચે જરૂર સ્થાન પ્રાપ્ત કરી શકયા હોત.

દશ વર્ષના એના સતત પરિચયને આધારે હું કહી શકું તેવી સ્થિતિમાં છું કે સ્વ. ન્હાનાભાઇ રાજદ્વારી વિચારોમાં પણ એટલાજ મક્કમ હતા. જેવો એમનો આકરો સ્વભાવ લોકોની જાણમાં આવ્યો છે, તે આકરાપણું એમની સચ્ચાઇને લીધે હતું. અંદર તેઓ ઘણા મુલાયમ હતા. સત્ય કથન પાછળ સાહસ ખેડવાના પ્રસંગો જ્યારે જ્યારે આવ્યા છે, ત્યારે પોતાનું મંતવ્ય નીડરતાથી રજૂ કરતાં કદી તેઓ અચકાયા નથી.

સ્વ. કવિશ્રી અને મારો સબંધ બાપદીકરા જેવો. એમના એ રૂા ૩૬૫) ના પગારમાં રજવાડી દિલ રાખી જે આતિથ્ય સત્કાર એ રાખતા, તે કાઠિયાવાડની શોભારૂપ હતું. આજે એ આતિથ્ય અનુભવેલા સેંકડો માણસો હજુ આપણી વચ્ચે તેના સાક્ષી રૂપ છે અલબત્ત, તેમાં સ્વ. માણેકબા જેવાં ગૃહલક્ષ્મી જો કવિશ્રીને ન મળ્યાં હોત, તો આટલો યશ એમને ફાળે ન જઇ શકત. સ્વ માણેકબા એમની કવિતાની પ્રેરણા કદી બન્યાનું મારી જાણમાં નથી. પણ સ્વ. માણેકબાની વ્હેવારે–કુશળતા અને પતિસેવાથી પોતાની જાતને કૃત કૃત્ય માનનારી ભાવના આજના યુગની નારીને ચમત્કારી લાગે તેવી હતી. મોઢે સાચું કહેવાની કવિશ્રીની ટેવ વધારે અક્કડ હતી. એમની દલીલમાં દૃષ્ટિદોષ આપણને નહિ મળે; નક્કર હકીકત પરજ એમની ટીકા રચાતી. અને એ માટે એમની ટીકાનો જવાબ આપી શકાતો નહિ.

એ જાહોજલાલીમાં રહેનાર કવિશ્રી, અનેક રાજવીઓ જેમના સ્વાગત માટે શું કરૂં અને શું ન કરૂં એવી કાયમ ભાવના રાખતા, એ કવિશ્રી અમદાવાદના એમના નિવાસ દરમ્યાન જુદી જ સ્થિતિમાં મુકાઇ ગયા. એક સમયે હું મુંબઇથી રાજકોટ જતો હતો તે દરમ્યાન પોતે અમદાવાદથી જોડાયા. મેં જોયું જે ન્હાનાભાઈ પાસે થર્ડક્લાસની ટીકીટ હતી. કોટને થીગડીઓ હતી. અમે સાથે બેઠા. એમને અમદાવાદના સ્ટેશનપર વેચાતી એ સમયની કીટલીની ચા પીતા મેં જોયા. ચહેરો તો એનો એજ હસમુખો. મારી આંખમાં આંસુ આવી ગયાં. કયાં રાજકોટના ન્હાનાભાઇ, અને કયાં અમદાવાદના ? તેઓ સમજી ગયા અને સીધો પ્રશ્ન કર્યો: "કેમ હકમીચંદ ! ન્હાનાભાઇમાં કંઇ ફરક જણાયો ?" મેં ખૂબ દબાયેલે સ્વરે જણાવ્યું જે મારાથી આ જોયું જતું નથી ? તુરતજ એમણે કહ્યું: "મૂર્ખા, તેં કવિનું હૃદય જોયું નથી ? આટલા વર્ષના અનુભવ પછી આજની આ સ્થિતિમાં જો એ હૃદયમાં કંઇ ફેરફાર પડયો હોય તો કહે." અને ખરેખર જીવનના અંત સુધી એ હૃદયના એટલા જ દિલાવર હતા.

આજે સો એમના સાહિત્યની સમાલોચના કરશે. કેટલાય એમની ફિલસુફીની ચર્ચા કરશે. કેટલાય એમના ઈતિહાસના જ્ઞાનને વખાણશે. હું સાહિત્યકાર ન હોઇ, માત્ર એમના જીવનનો અભ્યાસ હોઇ, એમના જીવનના થોડાક પ્રસંગો જ અહીં રજૂ કરે છે. વ્યકિતગત ઈર્ષાળુ સ્વભાવ પર ગમે તેટલી ચાદરો બિછાવવામાં આવે તોપણ એ ચાદરોની આસપાસ ઉંડી ઉંડી નજર નાખું છું, ત્યારે મને એ દેખાયા વગર રહેતું નથી જે સાહિત્યક્ષેત્રમાં અને રાજકીયક્ષેત્રમાં જગતને સ્વ. ન્હાનાભાઇને તેમના સાચા સ્વરૂપમાં જોવા ન દેવામાં આ તત્ત્વે મોટો ભાગ ભજવ્યો છે.

શ્રી. હકમીચંદ જસાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુવકપ્રવૃત્તિના આગેવાન ન્હાનાભાઈ

મહાત્મા ગાંધીજીના ગુજરાતી નવજીવનની શરૂઆતના અંકોમાં “પ્રજાજીવનનો ઘસારો ને નવપલ્લવતા” નામક લેખમાળાની શાહી હજી સુકાઈ નહોતી. રાજકોટના વભવ ને અમલદારીના દોરદમામને રાષ્ટ્રસેવાના અપ્રતિમ આદર્શ પાર પાડવા લાત મારી, કાંઇ કાંઇ મનોરમ કલ્પનાઓમાં ઘૂમતા ન્હાનાભાઇએ અમદાવાદમાં આવી વસવાટ કર્યો હતો. દિલ્હી દરવાજા બહાર હઠીભાઇની વાડીમાં એમણે વિશ્રામ સાધ્યો ને અનુપમ ધગશથી અમદાવાદના જાહેર જીવનમાં એમણે ઝંપલાવ્યું. મહાત્મા ગાંધીજીના સુવર્ણ મહોત્સવના પચ્ચાસ પચ્ચાસ ઘંટારવોના પડછંદા પણ ચોમેર ગાજતા હતા.

કવિ ને શ્રીમતી માણેકબ્હેન હઠીભાઈની વાડીમાંથી રોજ સાંજે ફરવા નીકળતાં એ સંધ્યાવિહારોમાં અમારી મુલાકાતો રોજની થઇ પડી. કવિએ પોતાની પ્રવૃત્તિની શરૂઆત અમદાવાદે કલ્પેલું પણ નહિ એવું મનોરમ કલાપ્રદર્શન યોજી કરી. ગુજરાતભરમાંથી નમૂનાઓના થોકે થોક હઠીભાઇની વાડીમાં ખડકાયા, વ્યવસ્થિત ગોઠવાયા. નડિયાદના કવિચિત્રકાર ફુલચંદ ઝવેરદાસ શાહના “ગાંધીજીના અક્ષરદેહે” સારી યે ગુજરાતી જનતાનું ધ્યાન ખેંચ્યું. નવજીવનમાં પ્રગટ થયેલા ગાંધીજીના જ લેખો પેનસીલથી લખીને જ ગાંધીજીની આબેહૂબ ઉપજાવી કાઢેલી એ મુખાકૃતિ હજી યે કવિચિત્રકાર ફુલચંદભાઇના નડિયાદના દિવાનખાનામાં મોજુદ છે. અર્વાચીન યુગના એકકે ય ચિત્રકારે એવો અખતરો કર્યાનું જાણ્યામાં નથી. એજ પ્રદર્શનમાં ભાઇ મનુભાઈ જોધાણીએ પણ અમદાવાદમાં પ્રથમ પગ મૂકી કાઠિયાવાડી બનાવટની માટીની બદામ, ઈલાયચી, ખારેક વગેરે મોકલેલાં તે પણ એવાં તો આબેહૂબ હતાં કે કવિ ન્હાનાભાઇએ ભૂલથી એનો મુખવાસ કરી લીધેલો.

એ પ્રદર્શનના અરસામાં જ કવિચિત્રકાર ફુલચંદભાઇનું “વામનજી” ઉપરનું સંગીત આખ્યાન રાખેલું ને અમદાવાદના કલારસિકોથી હઠીભાઈની વાડીનો વિશાળ ખંડ પણ ચિકાર ભરાઈ ગયેલો તે હજી યે યાદ છે. કલા સમારંભોનાં રસસિંચનોની અમદાવાદમાં શરૂઆત જ એ ગાળામાં થઇ રહી હતી.

પછી કવિએ યુવકપ્રવૃત્તિ આદરી અને અમદાવાદ વિદ્યાર્થીસંઘની સ્થાપના કરી. અમદાવાદની વિદ્યાર્થી ચળવળના શ્રી ગણેશ એ દિવસે જ મંડાયા. એની જાહેરાતના પહેલા ચોપાનિયાથી તે બંધારણના છેલ્લા અક્ષર સુધી શબ્દે શબ્દની યોજના કવિશ્રીની પોતાની. પોતાનાં લખાણોની જેવી તે હાથે નકલો કરતા તેવી જ નાનામાં નાના ચોપાનિયાંની પણ જાતે જ નકલ કરતા ને લખવાથી માંડી છપાઇને તે વહેંચાઇ રહે ત્યાં સુધીની પ્રત્યેક ક્રિયા પર તેમની જાતિદેખરેખ રહી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને એ જમાનામાં ન્હાનાભાઇની પડખે અમદાવાદના વિદ્યાર્થીઓનો સાગર ઉલટતો. એ બે ત્રણ વર્ષ વિદ્યાર્થીસંમેલનો ભરાયાં ને ઉજવાયાં એવાં હજી અમદાવાદે ફરી જોયાં નથી. ભાષણોની ત્યાં ઝડીઓ વરસતી એટલું જ નહિ પણ બબ્બે ત્રણ ત્રણ દિવસોના લાગલાગટ રંજન કાર્યક્રમો પણ યોજાતા. શ્રી શ્યામ ભગવતીનો અભિનય અને કુમારી હૃદયસુધાનાં મધુર ગીતો તે યુગની અમદાવાદની જનતા કદી પણ વિસરી શકે તેમ નથી. શ્રી ધનંજય ઠાકર તો પછી અમદાવાદની રંગભૂમિ પર આવ્યા પણ તે પહેલાં શ્યામ ભગવતીએ પોતાના સચોટ અભિનયથી અમદાવાદીઓનાં દિલ જકડી લીધેલાં. તાજી સ્થપાયલી ગુજરાત વિદ્યાપીઠના સંગીતકાર શ્રી પાઠકની ફીડલની રમઝટ પણ આખા ય થિએટરને એકતાન બનાવી દેતી ને તારસ્વરો જામતા ત્યારે કવિવિમુખ અમદાવાદીઓના તાળીઓના ગડગડાટ કેવા કર્કશ લાગતા તેનો તાદૃશ ચિતાર હજી એ નજર આગળ રમી રહે છે.

અમદાવાદના એ વિદ્યાર્થીસંઘનું સુકાન પછી શ્રીમતી સરલાદેવી સારાભાઇને સોંપાયું ને એ સન્નારીની શ્રીમંતાઇ ને કળાશોખે કવિહૃદયે બીજારોપણ કરેલી પ્રવૃત્તિને અંકુરિત કરી ને વિધવિધ પ્રવૃત્તિઓના જલસિંચને વિદ્યાર્થીસંઘે આગેકૂચ આદરી: વસંતના પૂર બહારમાં ફૂલી ફાલી ને આખા ય અમદાવાદને રસતરબોળ કરી મૂક્યું.

પછી શરૂ થયો એમનો વીસ વીસ વર્ષનો મુશ્કેલીભર્યો એકાન્તવાસ, હઠીભાઈની વાડી છોડી કવિ ભદ્રમાં આવી રહ્યા એમણે—**वज्रादपि कठोराणि** પત્થરનું દિલ કરી અનેક કારી ઘા ઝીલ્યા. કવિવર દલપતરામના ઘરમાં એ હસતા વદને આવ્યા હતા: સિત્તેર સિત્તેર વર્ષો અનેક જંજાળો હાસ્ય ફરકાવતા એ જીવ્યા ને હસતે વદને જ માળાના એક સો સાઠ મણકા પેઠે એક સો આઠ ગ્રંથો લખી હરિશરણ થયા.

પછી તો એમના જ પુત્ર અનુપમે એકવાર ગાયા પ્રમાણે:

"પતંગ દોર છૂટયો........એ જાય........"

કવિશ્રીગયા: પ્રભુ, એમના અમર આત્માને અખંડ શાંતિ અર્પો!

રમણીકલાલ જયચંદભાઇ દલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિશ્રીનાં મારાં સંસ્મરણો

કવિશ્રીને મળવાનો પ્રસંગ મને અણધાર્યો મળ્યો હતો. તે માટે નવસારીના તે વખતના નાયબસુબા શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈનો હું ઋણી છું. શ્રી રમણલાલ સાથેનો મારો પરિચય એક અમલદાર તરીકે નહીં પણ મિત્ર તરીકેનો હતો. એકવાર કવિશ્રી શ્રી રમણલાલને ત્યાં નવસારીમાં પધાર્યા હતા ત્યારે તેમને મળવા મને બોલાવ્યો. કવિશ્રી જેવા ઊંચી કોટીના સાક્ષરને મળવાથી હું બહુ ખુશ થયો. કવિશ્રીને વાતચીતમાં મેં કહ્યું કે "દિલગીર છું કે ગુજરાતી સાહિત્યનો હું ખાસ અભ્યાસી નથી કારણ સાક્ષરી ગુજરાતી સમજવામાં મને જરા મુશ્કેલી પડે છે." કવિશ્રી તો તરત બોલ્યાઃ—"શા માટે મુશ્કેલી લાગે? પણ તમો પારસીઓને તો યુરોપિયન બની જવું છે ના?" મેં સમજાવીને કહ્યું "આ કટાક્ષ થોડે અંશે ખરો છે. પારસીઓનો બહુ થોડો ભાગ યુરોપિયન સંસ્કૃતિથી આકર્ષાઈને બધીજ બાબતોમાં અંગ્રેજોનું અનુકરણ કરે છે અને ગુજરાતીભાષા તરફ બેદરકારી બતાવે છે." મારો પોતાનોજ દાખલો આપી મેં તેમનું ધ્યાન ખેંચ્યું કે ગુજરાતીભાષાની અપૂર્ણ કેળવણીને અંગેજ આવું પરિણામ આવે છે. પારસીઓની પ્રાથમિક શાળાના, ટૂંકા પગારના, ઓછું ભણેલા શિક્ષકોનું અલ્પજ્ઞાન, અમારા ગુજરાતીના જ્ઞાનને પણ અલ્પ બનાવી દે. હાઈસ્કુલમાં તો ગુજરાતી મળે જ નહીં. ત્યારપછી ગુજરાતી વાંચનનો પ્રસંગ બહુ નજ આવે. એટલે ઘરગથુ પારસી બોલીમાં જ અમારૂં ભાષાજ્ઞાન સમાઇ જતું. પછીતો ગાંધીજીના 'નવજીવને' સરળ ગુજરાતીનો ફેલાવો કર્યો એટલે ગુજરાતી વાંચનનો પરિચય પાછો શરૂ થયો. સંસ્કૃતમય નહીં એવું ગુજરાતી વાંચવાનો લાભ ગાંધીજીએ આપ્યો. પછી તો ગાંધીજી તથા સરદાર વલ્લભભાઇ જેવાનાં વ્યાખ્યાનો, લેખો તથા શ્રી રમણલાલ દેસાઇ જેવાનાં પુસ્તકો વાંચવામાં અમને મોજ આવવા લાગી, અને કુદરતી રીતેજ ગુજરાતીભાષા પ્રત્યે અમને પ્રેમ ઉત્પન્ન થયો. વળી આગલા વખતનાં પારસી લખાણો કરતાં આજના વખતનાં પારસી લખાણોમાં ઘણો સુધારો થયો છે. મારી પોતાની પુત્રીએ લખેલી એક કવિતા 'સાહિત્ય' માસિકમાં પ્રગટ થઇ હતી. શ્રીમતી જરબાઇ ડો. દાબુ એમ. એ. નામનાં બેને ગુજરાતીભાષામાં લખાણ કરી છ વખત ઉપરા છાપરી પારિતોષિક એક પ્રતિષ્ઠિત ગુજરાતીસભામાં મેળવ્યાં છે.

આવી આવી ઘણી વાતો મારે કવિશ્રી નાનાલાલ સાથે ત્યારે થઈ, જેનો મુખ્ય ઝોક પારસીઓ અને ગુજરાતી સાહિત્ય ઉપરજ હતો.

બીજે દિવસે કવિશ્રી મારે મકાને મળવા પધાર્યા ત્યારે અમારા વડવાઓને ઇ. સ. ૧૬૧૮ માં દીલ્હીનાં બાદશાહ જહાંગીરે આપેલી જાગીરનું અસલ ફરમાન જોઇ બહુ ખુશી થયા અને પોતે લખેલા નૂરજહાં–જહાંગીર નાટકનું વિવેચન કરી મને તેની એક નકલ ભેટ આપવાની મહેરબાની કરી. ઉપલું ફરમાન જોઇ કવિશ્રી બોલ્યા કેઃ— મુસ્લિમ અમલમાં ઘણા ભલા મુસ્લિમ બાદશાહો પણ થઇ ગયા હતા અને મોટે ભાગે હિંદુ–મુસ્લિમ સંબંધ બહુ સારો રહેતો હતો અને તે સંબંધ આજ પણ સારો રાખવામાંજ હિંદનો લાભ સચવાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુ-મુસ્લિમ ઐકયની બાબતમાં આમ મારા રાષ્ટ્રવાદી વિચારોને કવિશ્રી નાનાલાલની સંમતિ હતી. કવિશ્રીનું આ હિંદુ-મુસ્લિમ સવાલ ઉપરનું વલણુ મને બહુજ ગમ્યું હતું, એ રીતે આપણા કવિશ્રી એક ચુસ્ત ગુજરાતી હોવા છતાં એક ખરા હિંદી હતા અને રાષ્ટ્રવાદી વલણુ ધરાવતા હતા.

કોમ કોમ વચ્ચે ઐકય વધે તે જોવા કવિશ્રી હંમેશાં આતુર હતા. ગુજરાતમાં જ્યારે કવિશ્રીનો મણિમહોત્સવ ઉજવવામાં આવતો હતો ત્યારે અમારા આગ્રહથી કવિશ્રીએ તા. ૧૯ એપ્રીલ ૧૯૩૭ માં નવસારીમાં અત્રેના ટાઉન હોલમાં એક જંગી સભામાં "**દૂધમાં સાકર** અથવા જગત નાગરત્વનો ધર્મ" એ વિષય ઉપર વ્યાખ્યાન આપી પારસી અને હિંદુઓના સંબંધ વિષે વિવેચન કર્યું હતું. નવસારીમાં સ્વાધ્યાય મંડળ તરફથી એ સભા યોજવામાં આવી હતી. એ વ્યાખ્યાનમાં નવસારી વિષે કવિશ્રી શરૂઆતમાં કહે છે કેઃ—

"તાતા, બાટલીવાલા, દાદાભાઇ, મેહરજીરાણાની પુરી આજ અમને સન્માને છે એનાં અમારે મન મૂલ છે. જગત નાગરત્વનો મહામન્ત્ર દુનિયા સારી ભૂલી છે. એક નથી ભૂલ્યો તમ કિસ્સ-યે-સંજાણ પારસી કવિવરો! માગું? આજના આ કાવ્યમહોત્સવની તિથિએ એક કાવ્યભિક્ષા માગું? કિસ્સ-યે-સંજાણનું મહાકાવ્ય ક્યારે આપશો? પંદર પંદર વર્ષોથી હું માગું છું. બાર બાર સદીઓથી ગુજરાત માગે છે. કહોઃ—ક્યારે આપશો કિસ્સ-યે-સંજાણનું મહાકાવ્ય? આજનું જગત ભૂલ્યું છે ને કિસ્સ-યે-સંજાણ નથી ભૂલ્યો એવો જગત નાગરત્વનો મહામંત્ર કિયો? જાદીરાણાએ મોકલ્યાં, ભર્યાં ભર્યાં દૂધનાં માટમાં દસ્તુર નેરિયો સંગધવળે મુઠી ભરીને સાકર નાંખી ત્યારથી જગત નાગરત્વનો મહામન્ત્ર માનવવંશના ઇતિહાસને ભાલે આલેખાયલો છે. દુનિયા ભણે તો દેવોની થાય.

"પણ એ નબી કોણ હતા?:— જાદીરાણાને નેરિયો સંગધવળ? કાળના સાગરમાંથી એ વળી ડોકિયાં કોણ કરે છે?

"જાદીરાણા અને નેરિયો સંગધવળ છે અજબ ઇતિહાસના આ લેખનારાઓ. નવસારી દીધો પેલો પુરાણો કિસ્સ-યે-સંજાણ વાંચીયે. એક કંડિકામાં મારે તો એક ગ્રન્થ કહેવાનો છે.

"આજથી સાડા ત્રણસો વર્ષો પૂર્વે બેહમન કેકોબાદ કરીને એક કવિ નવસારીમાં રહેતા હતા. એમના ગુરૂ હતા એક વૃદ્ધ દસ્તુરજી, નવસારીની ઝાડીઓ જેટલી પુરાણી વાતો બેહમન કવિને કહેતા. કેળનાં પાનની પેરે ઉખેળી ઉખેળીને વિસ્તારી વિસ્તારીને કહેતા. એક વેળા ઈરાનશાહનું દાસ્તાન કહ્યું. આઠસો નવસો વર્ષ પૂર્વેની દસ્તુરજીએ વાતો માંડી.

"દેવોની આગાહી હતી કે ત્રણવાર નાશ પામીને ઝરથોસ્તી ધર્મ સજીવન થશે. સાંભળ, દીકરા બેહમન, એ દેવોની આગાહીની વાત, પ્હેલ પ્રથમ ઝરથોસ્તની ધર્મજ્યોત હોલવી સિકંદરે, અલએલાના રણસંગ્રામમાં; પણ પછી ઝરથોસ્તી ધર્મ સજીવન થયો. છેલ્લી વેલ્લી ઝરથોસ્ત ધર્મજ્યોત હોલવાઇ **નેહાવંદ**નાં રણસંગ્રામમાં. ફારિસમાં પારસી પાદશાહત સદાની આથમી ગઈ, પારસીઓ માદરવતન ત્યાગી પર્વત, દરિયો ને વનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશવટે નીકળ્યા........ દીકરા બેહમન, લોકકથા કહે છે કે સુકાન એમને દિશા બતાવતું, શઢ એમને સાગર ખેડાવતા, તારાઓ એમના રાહબર હતા. એમનાં જહાજોમાં હતાં ધર્માગ્નિ ને ઝરથોસ્તની સંસ્કૃતિ. દીવ બેટમાં કોડી વર્ષ રહ્યા. દીવમાં નાભૂનિએ કહ્યું કે સુખી થવું હોયતો ગુજરાતે જાવ. વતનત્યાગીઓએ લંગર ઉપાડ્યાં, ને ઉદયની દિશા લીધી. સફર કપરી નીવડી. માર્ગે તોફાન નડ્યું. પ્રભુએ પ્રાર્થના સાંભળી પારસી સંઘ ગુજરાતનાં બારામાં જઇ ઉતર્યો, ઝાડીઓ ત્યાં ઝુકા'તી, નદીઓ ત્યાં વહેતી'તી, કમળનાં ત્યાંસરોવરો હતાં. ગુજરાતનો રાજા કોક ચતુર ને શાણો હતો, જાણ્યું કે બાણ કવચધારી કોક સાગર સફરીઓ ખાડી આરે ઉતર્યા છે. છલોછલ છલકાતાં દૂધના બે માટ મોકલ્યાં. પારસીઓનાં અકાબરો શાણા ને ચતુર હતા ને તેમાં નેરિયો સંગધવળ હતો, ધવળતાનો ઢગલો. કોઈ કહે છે દૂધનાં માટમાં એણે વીંટી નાંખી.

" કોઈ કહે છે મૂઠી મૂઠી સાકર નાખી માટ ભરી રાણાને પાછાં મોકલ્યાં. બેટા બેહમન : જાદીરાણો અર્થ મર્મ સમજ્યો. અકાબરોને રાજદરબારમાં નોતર્યા, ધર્મ પૂછયો. અખ્ખા અધ્યારૂ એ પછી રચ્યા છે છટાથી સોળ શ્લોક લલકાર્યા, મન વચન કર્મની પવિત્રતા ને એકતા સમજાવી, વાસ માગ્યો ઉદારદિલ જાદીરાણાએ શરતો કીધી, ને પરપ્રજાને વાસ દીધો. બુઝુર્ગોએ ઝાડી કાપી કુંજ કીધી, આતશ મંદિર સ્થાપ્યું, સુખી થયા. બેટા, બેહમન, વાત વિસ્તારૂં તો વન બોલવા માંડશે. બેહમને પછી સો સુખુનનો એક સુખુન લખ્યો, સાગરને સરિતામાં સમાવ્યો, ને કિસ્સે-ચે-સંજાણુ રચ્યો.

" પર મુલકમાં ને પર પ્રજાઓ વચ્ચે વસતાં આવડયું નથી એક યાહૂદીઓને...........

" અને પર મુલકમાં ને પર પ્રજાઓ વચ્ચે વસતાં આવડ્યું છે એક પારસીઓને. World citizenship— જગત નાગરત્વને આવશ્યક ઘણોખરો ગુણભંડાર ભાથામાં ભરીને સંજાણને બારે પારસી સંઘ ઉતર્યો હતો. ‘દૂધમાં સાકર’ એ છે પારસી સંઘનો જગત નાગરત્વનો પ્રજામંત્ર.

" જાદીરાણો અને નેરિયો સંગધવળ માનવ વંશનાં અમર ઈતિહાસ ગુરૂઓ હતા."

આ વ્યાખ્યાનમાં કવિશ્રીની કવિત્વમય ગદ્યશૈલી ઉપરાંત ભારે ઉદારવૃત્તિ ઝળકી આવે છે. કિસ્સે- ચે- સંજાણુમાં કવિ બેહમન લખે છે કે " હમીં હિંદુસ્તાન રાયાર બાશીમ ".... હમો (પારસીઓ) હિંદુસ્તાનનાં મિત્ર થઇ રહીશું. તે અનુસાર આજસુધી પારસીઓ આ પૂજ્ય ભારત ભૂમિમાં સાચા બેટાઓ નીવડ્યા છે. અંગ્રેજોએ હિદુસ્તાન છોડવા પહેલાં, બ્રિટનની પાર્લામેંટમાં પ્રધાનમંડળનાં એક સભ્યે કહ્યું કે અમો અંગ્રેજો હિંદુસ્તાનની લઘુમતિકોમો દાખલા તરીકે પારસીઓનાં રક્ષણાર્થે રહેલા છીએ તેને બીજેજ દિવસે મુંબઇના ભણેલા પારસીઓએ હજારેક ઉપર પારસીઓની સહી લઈ તુર્ત લંડન તાર કર્યો હતો કે અમો પારસીઓને પણ સ્વરાજ જોઇએ છે. અને અમારી ભાઇબંધ કોમો સાથે મલીએ તેમાંજ અમારૂં રક્ષણ સમાયલું છે. તે વખતે ગાંધીજીથી માંડીને સર્વ દેશનેતાઓ જેલમાં હતા અને તેઓ બહાર આવ્યા પછી ડો. સૈયદ મહમુદે મુંબઇની એક સભામાં જણાવ્યું હતું કે છાપાઓમાં પારસીઓનો આ જવાબ વાંચી જેલમાં બધા નેતાઓની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી વખત કવિશ્રી નવસારી પધાર્યા હતા ત્યારે નબળા હૃદયને કારણે પગે સોજા આવ્યા હતા, થોડા દિવસ સારવાર કર્યા પછી સોજા ઉતરવા માંડ્યા હતા. કવિશ્રીને મેં બહુજ આગ્રહ કર્યો હતો કે હવે બધું કામ આસાયશથી કરવું. પણ આ અદ્ભુત વ્યક્તિ આસાયેશ શેની લે ? થોડે વખતે અમદાવાદથી એમનો પત્ર મળ્યો જેમાં વ્યાધિ વધી ગઈ હતી એમ લખ્યું હતું તે મેં મુંબઇ જઇ ત્યાંના કુશળ તબિબ ડૉ. નવરોજી ખ. સહીઆર. M. D. (London) ની સારવાર હેઠળ રહેવા જણાવ્યું અને તેમ ગોઠવણ કરીને તે પણ મુંબઈ જતાં નવસારી સ્ટેશને ટ્રેઇન પર જઇ હું એમને મળી આવ્યો. મુંબઈથી પાછા સ્વસ્થ થઈને આવ્યા— મુંબઈનાં પારસીઓ સમક્ષ "દૂધમાં સાકર" વાળું વ્યાખ્યાન કર્યું. અમદાવાદથી આવતા જતા મિત્રો મારફતે મારી હંમેશ ખબર પૂછતા રહેતા. એટલો પ્રેમ અને સદ્‌ભાવ મરણ લગી મારા પ્રત્યે દાખવ્યો, જે હું કેમ ભૂલી શકું ?

સદ્‌ગતનો મારી સાથેનો આ ટૂંક અંગત પરિચય. વર્ષો સુધી આપણે એકબીજા સાથે રહીએ છીએ પણ કાંઇ ગુણ લક્ષણ ખાસ ધ્યાનમાં આવતાં નથી. સામાન્યતામાં હોય શું ? પણ સદ્‌ગતનું અલૌકિક વ્યકિતત્વ ટૂંક પરિચયમાંજ એટલી ઊંચ કક્ષાનું સ્પષ્ટ થતું હતું કે હંમેશાં સદ્‌ગતનાં વિચારો અને વર્તન યાદ આવ્યાંજ કરે છે. સદ્‌ગત એક જ્ઞાનગઠડી હતા. જે કાંઇ બોલે તે જાણે વાતચીતમાં પણ વ્યાખ્યાન આપતા હોય તેવું કવિતામય લાગે.

સદ્‌ગત મજબૂત સિદ્ધાંતો મજબૂત રીતે હિંમતથી બોલી દેતા હતા. મેં સાંભળ્યું હતું કે ગાંધીજીના પાટનગર જેવા અમદાવાદમાં રહેવા છતાં ગાંધીજી સાથેના વિચારોનો મતભેદ છડેચોક બોલી દેતા હતા જેથી સાધારણ વર્ગમાં તેઓ અપ્રિય પણ થયા હતા. સાધારણ જનતાની સામે એકલા ઊભા રહેવાની સદ્‌ગતની અજબ હિંમત આગળ આપણું માથું નમી પડે છે. મને Ibsen (ઇબસેન) નાં નાટકોમાંનાં "The Enemy of the People" નામનાં નાટકમાંનાં પાત્રનું વચન યાદ આવેછે કે:—

એજ માનવી સર્વથી વધારે બળવાન છે જે સહુથી ખૂબ દૂર એકલો ઊભો રહી શકે છે.— "The strongest man in the world is he who stands most alone."

બીજી એક અલૌકિક ખાસિયત સદ્‌ગતની એ હતી કે તેઓ પરધર્મીઓના સારા ગુણોની પૂરી પિછાણ કરતા કરાવતા હતા. પારસીકોમ માટેનાં ઉપર જોઇ ગયા તેવા વિચારો કુદરતી રીતે પારસીઓને હિંદુભાઇઓ તરફ સહાનુભૂતિથી જોતા કરતા હતા અને મને તો હંમેશાં થયાજ કરે છે કે કવિશ્રી માફક જો આપણે સર્વ હિંદીઓ ઉદારવૃત્તિ રાખતાં શીખીયે તો પાકીસ્તાનનો ભૂત દેખા દેવા પામે નહીં: હું તો છેલ્લા દિવસ સુધી આશા રાખતો હતો કે કોઈબી ભોગે હિંદુસ્તાન એક રહેશે: છુટાં પડતે બન્ને દેશોની અધોગતિનાં બી રોપાઇ ગયાં છે અને આપણું ભવિષ્ય અતિ અંધકારમય છે, કવિશ્રી માફક સર્વ કોમોનાં વર્ત્યા હોત તો !

જ્યારે જ્યારે તેમને હું યાદ કરૂં છું ત્યારે ત્યારે ગુજરાતના એ સપૂતને હું સલામ કરૂં છું.

ડૉ. જહાંગીર બી. દોરડી—નવસારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિસમ્રાટનાં સ્મરણ–સંભાર

પ્રથમ કોકિલકૂજન સુણાય ને પછી તેનાં દર્શન થાય તેમ ગુર્જર સાહિત્યકુંજે ભરી ભરી કૂજતા કવિકોકિલ સ્વ. મહાકવિ ન્હાનાલાલને તેમની સાહિત્યકૃતિઓદ્વારા પરોક્ષ રીતે તો હું ઓળખતો થયેલો અંગ્રેજી ધોરણ પહેલામાં હતો ત્યારથી. 'બ્રહ્મા વીંઝે બ્રહ્મ વીંઝણો રે લોલ,' 'પરમ પ્રેમ પરબ્રહ્મ,' 'વનનાં આમંત્રણ આવ્યાં સાહેલડી' 'જાહ્નવી જગની ઘૂમે રે', 'માનસ સરોવરે આવો હો રાજહંસ....' વગેરે કાવ્યોનું ત્યારે આકંઠ પાન કરેલું. વયમર્યાદા—સમજમર્યાદાને કારણે પૂર્ણ અર્થદ્યુતિ ન થાય તો ય લલકારવામાં ગમે એવાં એ ગીતો મેં ઘડીએ બેઘડીએ કે ચોઘડિયે મુક્તકંઠે ને મોકળે મને લલકાર્યાં છે. અંગ્રેજી ધોરણ બીજામાં આવ્યો, ત્યારે 'જયાજયંત' વાંચવા મળ્યું. ફાર્બસ સભાના મંત્રી શ્રી. શંકરપ્રસાદ રાવળે અંગ્રેજી બીજા ધોરણમાં 'જયા જયંત' ને 'રાઈનો પર્વત' નો પરિચય કરાવેલો. ત્યારપછી તો કવિના સાહિત્યનો મને નાદ લાગેલો. 'જયા જયંત' એકવાર નહીં, બે વાર નહીં, પણ બાવીસવાર વાંચ્યું—મેટ્રીક થતાં સુધીમાં તો અજ્ઞાત રીતે તેની અસર ઝીલી, અર્જુનના ગાંડીવધન્વા જેવી કવિની ડોલનશૈલીમાં ત્યાર પછી તો "અજિત" નામે મેં પણ એક નાટક લખ્યું. પ્રીવિયસમાં પ્રો. રાવળને એ બતાવ્યું. કવિની ઘણીખરી અસર એમાં વરતાઈ આવે છે. આમ કવિની કવિતાનાં ધાવણ ધાવી ધાવી મેં પોષણ મેળવ્યું છે. એ પછી તો કવિનું લગભગ બધું જ સાહિત્ય વાંચી નાખ્યું. માત્ર કૂજનશ્રવણથી સંતોષ નહોતો. એ કવિકોકિલને પ્રત્યક્ષ જોવાની તીવ્ર ઉત્કંઠા થઇ, પણ અધિકાર વિના મહાકવિ સમક્ષ શી રીતે જવાય? પાંચેક વર્ષ પહેલાં પ્રો. રાવળે મને કવિનો પ્રત્યક્ષ પરિચય કરાવ્યો. ત્યાર પછી તો હું દિનપ્રતિદિન કવિની વધુ નજીક આવી ગયો—એટલો બધો કે બી. એ. થી એમ. એ. નાં બે વર્ષ દરમ્યાન અમદાવાદમાં રહેવાનું થયું તે અરસામાં, જો અઠવાડિયે બે ત્રણ કલાક કવિ પાસે ન ગાળું તો મને ચેન પડે નહીં; કવિ પણ બોલાવવા માણસ મોકલે.

કવિના સાહિત્ય દ્વારા મળ્યો નહોતો ત્યારે કવિની જે અંતઃછબી માનસફલક ઉપર ચીતરાઇ હતી, તેમાં મળ્યા પછીનાં પાંચ વર્ષ બાદ રજમાત્ર ઘટાડો થયો નથી—બલ્કે એ અનુરાગમાં પ્રતિવર્ષે વધારો જ થતો રહ્યો છે. શિષ્યભાવે ગમે ત્યારે મળવા જાઉં–સવારે–બપોરે કે સાંજે–એ તો એક જ અદાથી આવકારે. સવારે–સાંજે બંગલાના કંપાઉન્ડમાં ટહેલતા હોય તો મને પણ સાથમાં લે ને અલકમલકની વાતો કરે. બપોરે કાં તો લખતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય-વાંચતા હોય-વા પલંગ પર પડી શરીરને આરામ આપતા હોય પણ મનના સંચા તો સહજ પોતાની પ્રવૃત્તિઓ કરતા જ હોય. લેખનવાંચનની પ્રવૃત્તિમાં ગુંથાયેલા ન હોય તો 'આવો પટેલ' કહી આવકારે ને કંઇ કામ ન હોય તો પણ 'બાઇ....' કહી માણેકબાને સાદ દે ને પ્રેમપૂર્વક વધામણી આપે: "અનામી આવ્યા છે." આપણે પરાયા છીએ એવો ખ્યાલ જ આવવા દે નહીં. જાણે ખૂબ જૂની ઓળખાણ હોય એમ જ વર્તે. કવિલેખન પ્રવૃત્તિમાં મશગૂલ હોય તો તેમને ડખલ કરવાનું સાહસ હું કરતો નહીં. ચોર પગલે પલંગ પર સામે-પાસે બેસી જાઉં. કોઇ કોઇવાર તો પા કલાક સુધી આમ ચાલ્યા કરે ને જુએ એટલે ઠપકો આપે: "ક્યારના આવ્યા ? ભલા માણસ ! બોલતા પણ નથી ?" કહી ટકોરે-ટોકે. પછી તો આરોગ્યની વાતો કરે, ઘરના સમાચાર પૂછે, કંક પ્રગતિ વર્તમાન જાણે ને બાલસહજ ભાવે પોતાની વાતો કહી કલાકોના કલાકો સુધી, પ્રેમપૂર્વક તેઓ વાતો કર્યે જ જાય. ને મને પણ કવિની સાથે વાતો કરવામાં ઑર મઝા આવતી. કવિના સર્જન સમયનું હું ખૂન કરી રહ્યો છું એવું ઘણીવાર લાગે ને લાગે ત્યારે કહું પણ ખરો-ત્યારે કહે: "પુસ્તકો વાંચવા લખવા કરતાં જીવતાં જાગતાં માનવીઓને વાંચવાનો રસ—આનંદ શું કમ છે ? આ લખવા વાંચવાનું તો છે જ—ને એ તો ચાલે છે એમ ને એમ." અને પછી તો આખી દુનિયાની વાતો માંડે. એમાં સાહિત્યની ને સંસારની, ધર્મની ને રાજકારણની, શિક્ષણશાસ્ત્રની ને રસસાહિત્યની વાતો હોય. જગતસાહિત્યની ચર્ચા કરતા કવિને સાંભળવાનું સદાય મન થયા કરતું. પ્રાચીન ગુજરાતી કવિઓ સંબંધે પણ ખૂબ ખૂબ વાતો કરે-તેમાં નરસિંહ, મીરાં ને દયારામ માટેનો તેમનો ખાસ ભાવ જણાઇ આવે. દયારામ માટે તો કવિને ખાસ પક્ષપાત. વાત દરમ્યાન ઘણી યે વાર દયારામને કવિ ટાંકે. પ્રતિકૂળ પરિસ્થિતિ ઉપસ્થિત થતાં કવિ લલકારે:

"ચિત્ત ! તું શીદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે."

'ગુજરાતણોની શરીર સંપત્તિ' હું લખતો હતો ત્યારે એક બે વાર કવિ જોડે ચર્ચા કરવાનો પ્રસંગ પાડેલો. મેં એમના 'પ્રજાજીવનનો ઘસારો ને નવપલ્લવતા' લેખથી ચર્ચા ઉપાડી. કવિ કહે: "પ્રજા વિલાસને છંદે ચડી છે. વૈરાગ્ય વખ જેવો લાગે છે પણ વિલાસની વાટ એટલે વિનાશની વાટ એ જગત ક્યારે જાણશે ? ઉલ્લાસને નામે વિલાસના રાસ રચાય છે ને રમાય છે. આજે તો વૈરાગ્ય એટલે વિરાટપૂજા, વિલાસ એટલે વામનપૂજા. પ્રજા આ સૂત્ર નહીં સ્વીકારે ત્યાં સુધી જયવારો જ નથી—પૂરી પાયમાલી જ છે."

કવિના એ પુણ્યપ્રકોપમાં (Moral indingation) 'રસ ને રૂપની વહતી સેર'ના સનાતન સંગ્રામની અસર જણાઈ આવતી હતી. લાંબા ઝભ્ભાની બાંયો ચઢાવી કહે: "જો આ મસલ-દબાવ-દબાવ-૬૮ વર્ષે હાં ! ને પચ્ચીસે તો તમે પળિયાંવાળા થયા ! નવી પેઢીને મસલ જ ક્યાં છે ?"

એકવાર કવિની કૃતિઓ સંબંધે હું મારો અભિપ્રાય આપતો હતો. સ્વસ્થચિત્તે કવિ સાંભળતા હતા. કોઈ કોઈ વાર બિનપાયાદાર કરેલી ટીકાનું કવિ પ્રત્યક્ષ પ્રમાણ માગે-શકય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય ત્યાં હું આપું–ન હોય ત્યાં અદ્ધર ટીકા કરૂં. પણ કવિ ખિજાય જ નહિ. મેં કારણ પૂછ્યું. કવિએ શુદ્ધ તર્કશાસ્ત્રની અદાથી પ્રત્યુત્તર પાઠવ્યો: "જુઓ પટેલ, ઇતિહાસ–હકીકતો ઉચ્ચારવાનો મારો પ્રથમ અધિકાર. ૭૯ કૃતિઓ મેં રચી છે એવું હું નિઃશંક કહી શકું; પણ એ બધી સારી જ છે એમ હું શી રીતે કહું ? એ પ્રશ્ન–પ્રદેશ વિવેચકોનો. મારે એમાં માથું મારવાનું ન હોય. કોઇ ખરાબ કહે તો મોઢું પણ લગાડવાનું ન હોય–સમજ્યા ?" કવિની આ વિચારસરણી મને ખૂબ ગમી છે. સાહિત્યના કલેવર અને આત્મા–એને અંગે વાક્યુદ્ધ ખેલ્યાં નથી. ચર્ચાત્મક, વિવાદાસ્પદ મુદ્દા ઉપજાવી ચર્ચાને વેગ આપ્યો છે, પણ વ્યર્થ વિતંડાવાદને પોષ્યો નથી, તેમ જ જક્કી વલણ પણ અખત્યાર કર્યું નથી. જીવનમાં આ એક કેળવવા યોગ્ય ગુણ છે. આ ગુણને લીધે, કવિએ અનેક વાર સ્વ. નરસિંહરાવ અને ખબરદારની સુજનતા ને ભક્તિને મારી સમક્ષ મુક્તકંઠે વખાણી છે. શ્રી. બ. ક. ઠાકોરનાં 'આરોહણ' ને 'ખેતી' કાવ્યની પ્રશંસા કરી છે. વ્યક્તિગત રીતે પૂ. ગાંધીજીની સાત્વિક જીવનવિભૂતિને વખાણી છે ને રા. મુનશીને પણ યોગ્ય અંજલિ આપી છે. મને તો આમાં કવિની મહાનુભાવતાનાં અને ઇતિહાસ–વફાદારીનાં સચોટ દર્શન થાય છે. જીવનમાં તેમજ સાહિત્યમાં Fidelity to facts એ કવિનો મહાન ગુણ, એથી તો એ દુશ્મનના ગુણનાં પણ મુક્તકંઠે વખાણ કરતા થાકે નહીં.

એકવાર સ્હેજ પૂછ્યું: "કવિરાજ ! તમોને તમારી કૃતિઓમાંથી શ્રેષ્ઠ કઈ લાગે છે ?" સહસા કહે: "હાથની આ ગમે તે આંગળી પર કાપ મૂકું તો કઈમાંથી લોહી નહીં નીકળે ? પિતા તરીકે બધાં જ બાળકો પર મને સરખો સ્નેહ છે. એ જ સત્ય સાહિત્યસૃષ્ટિ માટે ય છે."

એકવાર મેં કહ્યું: "આ ધૂમકેતુ અને શ્રી. રમણલાલનાં 'ઝાકળનાં બિંદુ' અને 'રજકણ'ની માફક આપની કૃતિઓમાંથી સૂત્રાત્મક અર્થાન્તરન્યાસી ઉક્તિઓના એક બે ગ્રંથ તૈયાર કરી આપું, જો રજા હોય તો." કવિએ સાવ ઘસીને ના પાડી. કેટલાક દિવસે ફરી એકવાર મોકો મળતાં મેં કહ્યું: "કવિરાજ, તમારૂં આટલું બધું વિપુલ સાહિત્ય ને તેમાં યે અધિકારી વાચકો વિના તો કોઇનો ગજ ખાય નહીં તેવું સાહિત્ય. જો એમાંથી એક બે પુસ્તકો જેટલી ઉત્તમમાં ઉત્તમ સાહિત્ય વાનગી પ્રજાને પીરસી શકાય તો ? પશ્ચિમમાં તો આવું ઘણું થાય છે, વગેરે." મેં માન્યું કે કવિ ખિજાશે. પણ કવિ તો સ્વસ્થ ચિત્તે કહે: "જે છે તે બરાબર છે. મારે એમાંનું કશું જ કરવું નથી. બધું જ સારૂં આપ્યા પછી બાકી રહેલા ઓછા સારાને કોણ વાંચશે ? ને આપણને સારૂં લાગે છે તે બધાંને જ સારૂં લાગશે એની ખાતરી શી ? સૌ સૌની મર્યાદામાં જ બધું સારૂં છે વગેરે."

છેલ્લે છેલ્લે, કવિને કૃતિઓની સંખ્યાનો કૈંક મોહ લાગ્યો છે એવું મને લાગ્યું, ત્યારે સહજ મેં ટીકા કરી. તમે તો સત્ત્વના ઉપાસક. સત્ત્વ જ તમારે મન સર્વસ્વ, સંખ્યા તે ગૌણ. ઉત્તર મળ્યો. "હા, તમારી વાત તદ્દન સાચી છે–પણ એ સાત્વિક લોભને હું જતો કરી શકતો નથી. જતાં પહેલાં ત્રણ આંકડા જોવા ઇચ્છું છું. બાકી 'હરિદર્શન', 'વેણુ વિહાર' સ્વતંત્ર વિષય તરીકે સંખ્યાના અધિકારી ખરાં કે નહીં ? અને સત્ત્વઓટ તો વિવેચકો જાણે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાકી મને તો ૬૦ પછી બુદ્ધિ વધુ પ્રફુલ્લ લાગે છે. વાંચો ગ્રંથસ્થ સમીક્ષા ને કાઢો પ્રતિભાઆંક, નપાસ નહીં થાઉં."

પરિચય ગાઢ થતાં કવિ એમની પ્રસિદ્ધ થતી નવી કૃતિઓ મને ભેટ આપે. કિંમત આપ્યા સિવાય ઉપહારવ્રત ન સ્વીકારવાનો મેં આગ્રહ રાખેલો, અતિ આગ્રહપૂર્વક કિંમત આપું ત્યારે કહે: "અરે ભલા માણસ, એ રહેવા દો. પટેલ થયા પણ રહ્યા અધૂરા. પગોળ લેવાતાં તમારે ખેતરે કોઇ આવી ચઢે ને સૂપડું કણ દો તેના દામ લ્યો છો? આ પણ મારા ખળાનો પાક છે. એના પૈસા હોય!"

અઠવાડિયે–પખવાડિયે ઘરે જાઉં ને પૂછું: "કેમ લખ્યું કંઈ નવું?" કહે:—"આ **લખાઇ** ગયું છે." પછી ગાઇ કે વાંચી સંભળાવે. આજે એ કવિમોરલો દેવકુંજોમાં ચાલ્યો ગયો છે પણ 'મધરાતનો પેલો મોરલો' કવિએ પાંચ સાતવાર ગાયેલ. એ ગીતના મોરલાની કેકા હૃદયની કુંજોમાં હજી યે ગાજી રહી છે. એ પહાડી શરીર, એ બુલંદ અવાજ ને એ પૌરુષભર્યો લહેકો! આજે યે સ્મૃતિમાં એટલાં જ તાજાં છે.

કવિતાના તત્ત્વવિચારની ચર્ચા ચાલતી હતી. સ્વ. રમણભાઇને અનુસરી હું કહેતો: "કવિતા એ તો અંતઃક્ષોભનું પરિણામ." કવિએ ઘરમાંથી સારંગી મંગાવી કહ્યું: "કવિતા એ અંતઃક્ષોભનું પરિણામ નહીં, પણ આત્મન્‌સારંગીનું લયોચિત–સુસંબદ્ધ સંગીત. કવિતા એ તો આત્માનો ઉલ્લાસ–વ્યાપાર–ઓડકાર. આનંદ વિના, ઉલ્લાસ વિના કવિતા નહીં. કવિતા એ તો આત્માની કલા. આત્માને વળી ક્ષોભ કેવો? એ તો આનંદસ્વરૂપ. ક્ષોભને ટાળે, આત્માને આનંદાવે, જીવનમાં ચેતનની ભરતી આણે, એ સાચી કવિતા. સાચી કવિતા તો સૌંદર્યના, ધીરજના, ભવ્યતાના, આનંદના અદમ્યશક્તિના અગમ્ય સંદેશ આપે, પ્રાણવંતી પ્રેરણા પાય, પ્રેરણામાંથી પુરુષાર્થ પ્રગટાવે. પુરૂષોત્તમની કવિતા–પ્રેરણાએ પાર્થને પ્રેર્યો હતો તેમ. સાચી કવિતા તો અર્જુનવિષાદ ટાળી જીવનનાં કુરુક્ષેત્ર જિતાવે. આવી કવિતા તો કુંદન જેવી, એમાંથી એકકેયને કાટ કેવા? આભ ને અગ્નિને ઉધઇ કેવી? કવિતા એ તો અમૃતફુવારા–અમૃતવાદળી વગેરે."

સંબંધની શરૂઆતમાં હું ઘરે જતો ત્યારે કહે: "જુઓ પટેલ, ઘરના આ દરવાજા આભ જેવા સાવ ખુલ્લા છે. ખડકીને સાંકળી પણ વાસતો નથી. અહીં આવવું સહેલું છે પણ સત્ય સાંભળવું ને જીરવવું ભારે કપરૂં છે." હું કહેતો: "કવિરાજ, સત્ય પણ સાપેક્ષ હોઈ શકે ને?" મને લાગે છે કે કવિએ એનો પ્રત્યુત્તર પાંચ વર્ષના શીળા સંબંધથી જ આપી દીધો.

કવિની સરળતાએ મને મુગ્ધ કર્યો છે. 'જગત્પ્રેરણા' ની પ્રેસ કોપી મને વાંચવા આપી. ઘરે જઈ એ ત્રણવાર વાંચી. પાંચેક ન્હાનામોટા સુધારા સૂચવી પ્રેસ કોપી કવિને પરત કરી. એ સૂચનો પ્રત્યક્ષ ચર્ચા કર્યા બાદ કવિએ સહર્ષ સ્વીકારી લીધાં. તે દિવસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા આનંદની માત્રા ઓર વધી ગઇ. એક મહાકવિ તુચ્છ શિષ્યનાં સૂચનોને સ્વીકારી લે, એ કેટલી નિર્દંભ સ્થિતિ, કેવી સ્વભાવની સરળતા!

કવિ વિનોદી પણ ગજબના. કોઇવાર પાળેલી બિલાડી સાથે પણ આત્મીયભાવે વાતો કરે. અને નાનાં ભૂલકાં હોય તો તો જોઈ લ્યો મઝા! કવિ ખરેખર ચગે. એકવાર શ્રી જીવણલાલ દીવાન કવિને મળવા માટે સાંજના આવેલા. હું પણ ત્યાં જ હતો.. ઘરનાં ત્રણચાર ફૂલ આવી દીવાનદાદાને વળગી પડ્યાં ને કવિએ એ ભૂલકાંને ખીલાવી, 'દાદાનો ડંગોળો' ગવરાવ્યો. માણેકબા પણ પડખે ઊભાં હસે. બાળકો સાથે બાળકો બની આનંદતાં એ ત્રણ વૃદ્ધોને જોયાં ત્યારે કવિઓ–જ્ઞાનીઓ વૃદ્ધાવસ્થાને બીજી બાલ્યાવસ્થા કેમ કહેતા હશે તેની પ્રતીતિ થઈ.

હું ભૂલતો ન હોઉં તો ઓળખાણ થયા પછી બીજી કે ત્રીજીવાર કવિને મળવા ગયો ત્યારે વિવેકપૂર્વક મ્હેં કહ્યું: "આપને દર્શને આવ્યો છું." કવિ કહે: "આવો, આવો, જરૂર આવો–પણ એ રખે ભૂલતા કે દર્શન પણ ઉભયપદી છે. એ પરસ્મૈપદી કે આત્મનેપદી નથી. 'Give and take ઉપર તો સારો સંસાર ચાલે છે."

ઇતિહાસની સારણે ચઢેલી એમની સ્મૃતિ એટલી બધી તેજ કે ગુજરાત–કાઠિયાવાડનો પ્રત્યેક પથ્થર કઇ દિશામાં આવ્યો–તે બધું જ કવિ કહે એની પાકી ખાત્રી તો 'ધૂમકેતુ' એમની સાથે ચર્ચા કરતા હોય ત્યારે થાય. કવિ ગુજરાત–કાઠિયાવાડ આખો ખૂંદી વળેલા. યુરોપ, અમેરિકાની વાતો કરનાર ને ગુજરાતની ભૂગોળ ભૂલનારને કવિ લઇ જ નાખે.

કવિની શ્રદ્ધા–ભક્તિ માટે તો બે મત હોઇ શકે જ નહીં. પૂ માણેકબાને અને પોતાને કૃષ્ણનો સાક્ષાત્કાર થયેલો એનો અનુભવ મારી સમક્ષ ત્રણચાર વાર વર્ણવેલો. 'હરિદર્શન' ને 'વેણુવિહાર' માં એ અનુભવ કવિતારૂપે ગાયો છે. પિતાની કે પઢિયારની કે તેમના ગુરૂ પ્રો. દવેની વાત કરતાં ઘણીવાર કવિ ગળગળા થઇ જાય ને એ બધાંનું ભક્તિપૂર્વક ઋણ સ્વીકારે.

એમની વાતચીતમાં બાલકોની સરળતા ડગલે ને પગલે દેખા દેતી. એમની શૈલી બે પ્રકારની: એક વાતચીતની શૈલી ને બીજી લેખનશૈલી વાત કરનાર ન્હાનાલાલ કવિ અને ડોલનશૈલીમાં કવિતા લખનાર કવિની શૈલીની તુલના કરતાં કોઇને બે ન્હાનાલાલ હોવાનો ભાસ જરૂર થાય.

"શોધવા ગયો મહાછંદ ને જઇ ચઢ્યો ડોલનશૈલીના શબ્દમંડળમાં વગેરે...." છેલ્લે છેલ્લે આત્મપરીક્ષા કરી ઉચ્ચાર્યું—"માનાપમાનને અળગાં કર્યાં હોત તો સાધુપેઠે પૂજાતો હોત."

હા, એમનામાં ક્રોધ ખરો— એમના દાદા શ્રી ડાહ્યાભાઇએ વારસામાં આપેલો—પણ ઘણીવાર એ ક્રોધ Moral Indignation જેવો. કોઈ માણસ હકીકતનું ખૂન કરે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને મરડી મચકોડીને મૂકે, ત્યારે કવિનો પિત્તો ખસે. સામાન્ય રીતે સાચા માણસો સહજ ક્રોધાન્વિત થાય છે. જો આ વ્યાપ્તિ દોષિત હોય, તેમાંથી કેટલાક દાખલાઓ અપવાદ રૂપ લેખીએ અને કવિના પુણ્યપ્રકોપને સ્વભાવની મર્યાદા ગણીએ, તો પણ કવિના રાગદ્વેષ કરતાં સાહિત્યને ઉચ્ચ આદર્શ સ્થાને રાખેલ; એટલે તો હલાહલ પીતા નીલકંઠની માફક, જીવનનાં ઝેર પી, એ ચંદ્રમૌલિની માફક કવિએ પણ સાહિત્યમાં તો અમૃત જ ધરવ્યાં છે. મારી દૃષ્ટિએ કવિજીવનનો આ મોટામાં મોટો યોગ છે—વિજય છે. વ્યક્તિગત સુખદુઃખ રાગદ્વેષ કરતાં પણ સમાજધર્મ એ મહાન્ વસ્તુ છે. સ્ફૂર્તિ, આશા, આનંદ, ચેતન આ વિચારસરણીનાં સીધાં પરિણામ છે. કવિના સાહિત્યમાં લૌકિક વિષય, નિરાશા, મનુષ્ય તિરસ્કાર, સમાનદ્રોહ–કશું જ જોવા નહીં મળે. જીવનમાં ઘુંટેલા આદર્શ સિવાય આ સિદ્ધિ સહજ નથી, અને ભવ્ય આત્માઓ જ આવા આદર્શને જીવનભર સેવી શકે છે.

અંતમાં એક પ્રસંગ આપી આ સંસ્મરણોને સંકેલી લઉં. પાંચ વર્ષ દરમ્યાન મેં કવિને આર્થિક સ્થિતિ માટે ક્યારે ય તે કચવાટ કરતા જોયા નથી. હું જ મારી મેળે કવિને કહેતો કે "તમોએ નોકરી ચાલુ રાખી હોત તો ઠીક રહેત." કૈંક તેજ બની કવિ કહે: "ભલા માણસ, જે થયું છે તે જ બરાબર છે. મારી વાત ના કરો. ગુજરાતની વાત કરો. મેં નોકરી ચાલુ રાખી હોત તો તેથી ગુજરાતને શો લાભ થયો હોત? બોલો, મેં નોકરી હતી તે દરમ્યાન ગુજરાતને કેટલાં પુસ્તકો આપ્યાં? અર્ધી કોડી. ને નોકરી છોડ્યા પછી છ ડઝન. ગુજરાતે શું ગુમાવ્યું? વગેરે." ત્યારે મને વિચાર આવ્યો. સાહિત્યકારોમાં આવા કેટલા? ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં મને તો માત્ર ત્રણ જ નામ નજરે ચઢે છે: એક વીર નર્મદ, બીજા 'પંડિતયુગનું મહાકાવ્ય' લખનાર સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠી અને ત્રીજા કવિસમ્રાટ સ્વ. ન્હાનાલાલ દલપતરામ કવિ જન્મે, કર્મે, ધર્મે ત્રણે યે સાચા અર્થમાં બ્રાહ્મણો. વિશ્વમાં રહી, જીવી, વામનમાંથી બૃહદ બનતાં બનતાં એ બ્રહ્મમાં ભળ્યા ને જીવનચર્યા પૂરી થઈ. વિશ્વનિયંતા સ્વર્ગસ્થના આત્માને શાંતિ આપે.

શ્રી. 'અનામી'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસબ્રહ્મનો આજીવન ઉપાસક

કવિશ્રી જતાં મ્હારે મન ગૂજરાતનો અજીત ગઢ પડ્યો એ રેવતપ્રતિભ જાજરમાન ઉન્નત–અખંડ વ્યક્તિત્વ, એ ગંભીર ભવ્યભાવ વાણીડોલન્ત કંઠ, એ વિશાળ ને બૃહસ્પતિ-પ્રભાળો ભાલખંડ, એ પડછંદ કાયામંડપ, એ વીર–મહાકવિકેસરી ત્રાડ, એ માનવઆતિથ્યનો ગૃહપતિ હિમાચળ, એ અટંકી ટેક, એ ઉર્ધ્વરેત સાહિત્યજીત વાઙ્મયવીરતા અને એનું ગુર્જર·વાણી સ્વામિત્વ, અખંડ ને શુદ્ધ કલાનો એ કુબેર આજે સાબરનાં અવિરત અસ્ખલ નીરને સેંજળ આરે, અગ્નિચર્યામાં જીવન–આચમન નાખી ભસ્મશેષ બન્યો હશે એવી કલ્પનાએ મારા ઊર્મિલ હૃદયને રોવડાવ્યું.

કવિ મ્હારે મન કવિ હતા. એની આટલી જ ટૂંકરેખ વ્યાખ્યામાં મેં એમને સર્વ-સંપૂર્ણ ને જીવનસંસિદ્ધ કવિ–ઋષિવર લેખ્યા હતા. અત્યારે મારે મન તો શું, પણ સમગ્ર ગૂજરાતને એ એક સ્વપ્નવત્ વાણીપુરૂષ થઇ ગયા છે.

એ તો ભવનું ભજન બની ગયા.

> "રૂદિયો રૂવે ને મારૂં ભીતર જલે,
> રોઇ રોઇ કેને સંભળાવું ?"

ગૂજરાતનું ભીતર આજ ભડથું થયું હશે. પણ એ ભડથું થવામાં જ હવે તો ગૂજરાતે એની ભારતી–વિભૂતિને ઓળખવાની રહી. એના સાન્નિધ્યનો પ્રસાદ હવે તો એમનાં સર્જનનાં અધ્યયન દ્વારા જ લેવો રહ્યો.

મારે એ મહાપુરૂષની અંગત પ્રસાદી હતી. પંદરેક વર્ષ પહેલાં ઊર્મિની કોઇ વિરલ પળોમાં એક પત્ર કવિશ્રી પર લખાઇ ગયો. કાવ્યત્વની પાંખડી ફૂટી–નફૂટી થતી હતી. વિદ્યાર્થી હતો અને કોઇ કેવી પ્રૌઢીમાં પત્ર લખાયો હશે. પણ કવિશ્રીના કાવ્ય–ઘરાનાની શિલ્પતાએ મને મસ્તાન બનાવ્યો હતો. કવિશ્રીએ એ પત્રનો જવાબ સુધીર હૈયા સંગોપને આપ્યો.

એ પછીના કેટલાક ગાળા પછી ફરીથી પાંચ વર્ષે અમારો પત્ર સંબંધ શરૂ થાય છે. કોઇ સામયિકમાં એમણે મારૂં ભજન–કાવ્ય વાંચ્યું હશે ને એમણે એ ભજન-કાવ્યનો અભિપ્રાય નોંધાવ્યો. ભજન પર ગુજરાતીમાં જે થોડું ઘણું સાહિત્ય લખાયું છે, તે મનનપૂર્વક વાંચી જવાની ભલામણ કરી. એ બધું સાહિત્ય ત્યારે તો ન મેળવી શકયો પણ મને એમના પત્રે ભજનરસિયો બનાવી દીધો.

કવિશ્રી ગુજરાતનો સ્વયંભૂ ગિરનાર હતા. એમની વાણીની નીચે વૈષ્ણવતાની પવિત્રી–ભરપૂર સારણ હતી. સોરઠી બાની અને સોરઠી જવાંમર્દીના એ જંગબહાદર બિરદાવળ હતા "રોમે રોમે ઢીંઅલનાં દૂધ" નો ગાયક, "કેસર ભીના કંથ" નો આશક,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને આલેખક સોરઠીભાષાની ધરતીનો ધનવન્તરી હતો. સોરઠના એક એક શબ્દ ચંભામાં એણે અનંત બળુકા અર્થનું સામર્થ્ય જોયું. ગિરનારની ગેબ તો એણે પગતળે સોંસરવી કાઢી હતી. એનાં આંખ અને ઊરમાં એણે ગિરનારની વાણીનો ભેંકાર પાથર્યો હતો. એ કહેતા કે સોરઠીભાષાનો એક એક શબ્દ એટલે એક એક શિલા. એણે તો પ્યાલો પીધો હતો.

એક પુણ્ય નિર્મળી શિતળ ચંદની-રાત, તપોવન-શાન્ત, ઘર-ઓસરી; એમનો આદર આવકારનો પ્રથમ બોલ; જાણે પ્રૌઢ આશ્રમ. પહેલે પગલેજ કંઇ પારકું નવ લાગ્યું. ઘરનું એક એક જણ કવિ શબ્દે સજ્જ, એટલે કૃષ્ણના ઘરનું સુદામાનું જે સત્કાર—આતિથ્ય તેજ મારૂં આતિથ્ય ગૌરવ થયું.

—અને મોડી રાતે કવિશ્રીએ પોતાનો જૂનો જાળવેલો સોરઠી રામસાગર ખીંટીએથી ઉતાર્યો. "તમે પહેલાં ભજન સંભળાવો છો કે હું?"

"આપ જ સંભળાવો હું પછી બોલીશ" મેં કહ્યું. આજની ભાંગતી રાત મારે મન કોઇ કાવ્ય-આરાધનાની રાત હતી; કેમકે એક ભજન-હુમરાનો માણુન્દો મેધાવી મારી સન્મુખ બેઠો હતો. જે શબ્દોમાં ઓલિયાઓ વાત કરે એવી જ જ્ઞાનઘુંટો એની વાક્યા-વલિમાંથી સરતી હતી; અને તંબુર-રામસાગર-રણક્યો પહેલાં એકાદ સાખી નાખી, ને પછી ભજનનો ટૂંક પ્રસ્તાવ પૂર્યો, ને ભજન ઉપાડ્યું:

સિન્ધુડો ગાય છે સોનલનાં નીર,
ભેરીનાદ ઝીલે છે ઝાડીઓ ગંભીર;
સિન્ધુડો ગાય છે સોનલનાં નીર.

'જગત્પ્રેરણા' નો એ રાણકદેવીનો રણભોમ જગાવતો સૂર, પાછલી રાતમાં પડઘા પાડતો બંગલામાં મ્હોરી ઊઠ્યો. એ પછી ગાયું.

ઉતરજો હરિ આશિર્વાદઃ—

એ વાણીની ઉચ્ચનમ્રતા તો કવિ-કંઠમાં ભક્તિ-કારૂણ્યની આર્યતા ઉશ્કેરતી તરવા લાગી. એની એક કડી યાદ છે. બનતા સુધી એ ગોપિકા નાટકનું ભજન છે:

રૂમતું ઝુમતું કિરણ રમે,
લઈ નિઃસીમને સંદેશ:
રમજો એવી અમ આતમ ભાવના,
તુજ હદ બેહદને દેશ.

અમે એમ રાતના ત્રણેક વગાડ્યા. પછી તો માણેકબાએ આવીને એમને ઢંઢોળ્યા કહ્યું કે "હવે મે'માનને સુવા દો, એ થાકયાપાકયા આવ્યા છે." એ પછી અમે કલાક બેઠા ને મારા સૂતા પછી એમણે 'હરિસંહિતા' નાં કાંડો લખવા માંડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'લેખકમિલન'ની વડોદરાની પહેલી બેઠકમાં શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના પ્રમુખસ્થાન નીચે "છેલ્લા સો વર્ષનો મહાકવિ કોણ?" એ સવાલ ઊઠયો ને એ પ્રશ્નથી તો જાણે સૂરજને શંકામાં લાવવાનો હતો કે એ સૂરજ છે કે કેમ? પણ સારૂં થયું કે એ પ્રશ્ન ઊઠયો ને બધાના હૃદયનો ઘેરતો અવાજ અંતે મેદાનમાં આવી પડયો; કવિશ્રી ન્હાનાલાલ જ મહાકવિ ઠર્યા.

કવિશ્રી એવા ચર્ચાચર્ચીના સવાલોથી પર રહ્યા છે, ને મહાકવિ તરીકેના માનવંતા બિરૂદની પણ એમને પરવા નહોતી. ઇશ્વરી શક્તિ-વાગ્દેવી જે લખાવે છે તે લખું છું, એવા નિરભિમાન ઉદ્‌ગારો તો અનેકવાર એમને મુખેથી ખર્યા છે. 'લેખકમિલન'ના એ કાર્યક્રમની જ્યારે એમને ખબર પડી ત્યારે તેમણે યુવાન લેખક-સંઘનો આભાર માનતો એક પરિપત્ર 'સંદેશ'ના સાહિત્યના પાના પર, આ લેખકને કાસદિયો કરી પાઠવ્યો. જુવાનો ઘેડિયાઓને પ્રમાણપત્ર આપે છે એ એમને મન શ્રદ્ધા ને કર્તવ્યરતતાનો સંતોષ હતો. ગુજરાત એને મન ગુણગર્વીલો દેશ હતો. ગુજરાતે તો એમને અને એમના સાહિત્યને પૂરી રીતે ઓળખ્યા છે. પિછાન્યા છે એ એમને મન સંતોષની વીરડી હતી.

કવિસમ્રાટનું આતિથ્ય પણ આતિથ્ય-સમ્રાટ હોય છે. આર્યસંસ્કૃતિનું સૂત્રગૌરવ એમણે હૃદય-ઔદાર્યથી સાચવી રાખ્યું છે. ગંગાસ્વરૂપ માણેકબાની પરોણા-સાચવટ અસલ ઋષિગૃહ સંસારનો પ્રોજ્જ્વલ નમૂનો છે. કવિવરની એકેએક આજ્ઞા જીવનપૂત ગણી સત્કારતાં, એ બા, મહેમાનોની આસનાની તલેતલભાર સંભાળ રાખનારાં, ગૃહેરાજેશ્વરીની મૂર્તિમંત ભાવના છે પૂજ્ય માણેકબા તો કવિવરતા કાવ્ય આરસની અંતરદૂબી મનોરમ ઝાંય છે. એ ઝાંય પમાય પણ પકડાય નહીં.

કવિવરનું કુટુંબ સાયર છે. સંસારની અનેક તરંગાવળમાં એ કુટુંબ-સાયર, શ્રી-ભરપૂર અને વિજયવંતો રહ્યો છે. માટેજ કવિ કહેતા કે "પ્રભુ પાસે માંગું છું કે ઈશ્વર જો સામા આવીને ઊભે અને વર માગવાનું કહે તો એ જ પત્ની, એ જ પુત્રો, એ જ પુત્રવધૂઓ, એ જ પુત્રી ને એ જ જીવનશક્તિ હરિવર પાસેથી માગી લઉં." સંસાર એમને મન સારમય હીરલો હતો.

........એ વાણીજોગી તો જતા રહ્યા છે. મ્હારા જેવાને સ્મરણોના સાગરો ભળાવતા ગયા છે. સાબર એની ભસ્મથી ભરપૂર બની અને અમે કવિઓ સૂના બન્યા. શું લખીએ? જેમ ખણીએ એમ વધુ ખવાઇએ! બાકી તો ગુજરાતનું હૃદય રોશે ને ભીતર જલશે.

"ઇતિહાસમાં બ્રાહ્મણત્વ" એ છેલ્લું વ્યાખ્યાન કવિશ્રીએ અમદાવાદની બ્રહ્મ-સભા સમક્ષ આપ્યું. એની પહેલાં ભાવનગરમાં તા. ૧૧-૧૨-૪૫ ને ૧૨-૧૨-૪૫ ના દિવસોમાં "ભાવેણાની કાળવાહીના બે બોલ" ને "ભાવેણાનો ઇતિહાસ ચુકાવો" એમ બે વ્યાખ્યાનો ભાવનગર પ્રજાપરિષદ તરફથી ગોઠવવામાં આવેલાં, પરંતુ એ વ્યાખ્યાનો ન અપાયાં અને ભાવેણાની સંસ્કૃતિનો પુરાતનપુંજ એમને એમ અણઉકેલાયો જ રહ્યો. એમની આવરદાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતિમ વ્યાખ્યાન તે "ઇતિહાસમાં બ્રહ્મણત્વ" બ્રહ્મકુલમાં જન્મી દ્વિજત્વનો સંસ્કાર-પુરસ્કાર, એ રીતે એમણે જતાં જતાં પણ ચૂકવ્યો.

આ વ્યાખ્યાન પર અંગતચર્ચા કરતાં એમણે પોતાનો અનાસક્ત વટ, ભૂતજીવનના અનેક પ્રસંગો કહી વ્યકત કર્યો હતો. જીવન-તત્ત્વનું સમભાવ દર્શન એમણે કેળવ્યું હતું. "રાજાએ રાજવટ ખોઈ, પ્રજાએ પ્રજાવટ ખોઈ" એમાં એઓ રાજાપ્રજાના જીવનનો સમભાવી ઉકેલ શોધતા. રાજકુમાર કોલેજના એમના અનેક રાજવી-શિષ્યો હોવા છતાં કોઈની પાસે લાંબો હાથ કરવાનો વિચાર સરખો પણ એમણે કર્યો નથી. શિષ્યભાવે જો કોઈ રાજવી એમની સાથે સંબંધ રાખે તો એટલીજ વત્સલતાથી નિર્મળ પ્રીતિ એમના પર એમણે રાખી છે, પણ કોઈ બીજી યાચના કે વિનંતિ એમણે કોઈને કરી નથી. ઊલટાનો એમનો પડયો બોલ ઝીલવાને રાજવીઓ તૈયાર હતા. મહારાજા જામશ્રી રણજીતસિંહજીએ તેમને બે એક વાર બોલાવેલા, પણ ના પાડેલી. આદર્શ રાજવીના નમૂનામાં એ રાજકોટના સર લાખાજીરાજને ઘણીવાર સંભાળતા. પોરબંદર નરેશને પણ એવાજ ગણેલા.

કવિશ્રીએ 'હરિસંહિતા'માં પરમ અને નિર્મળ વૈષ્ણવતા સેવેલી. એમનો સાહિત્ય-પ્રારંભ પ્રેમભક્તિથી થયેલો, ને એમનું સાહિત્યાવસાન પણ પ્રેમભક્તિના અંતિમ મહા-સાગર-ગ્રંથ 'હરિસંહિતા' થી થાય છે. ગુજરાતને એક કાવ્યમય-શ્રીમદ્ ભાગવત મહાકાવ્ય, આપવાના એમના કોડ હતા. ૪૪૦૦૦ લીટીનો એ મહાગ્રંથ બનવાનો હતો. ગયે વર્ષે ૧૯૪૪-૪૫ માં એમણે એ 'હરિસંહિતા'ની ૧૮૦૦૦ પંક્તિઓ લખી નાખેલી. હરિસંહિતા લખાતી જાય ને દર શ્રાવણ માસે એ ડાકોર જાય. ત્યાં રણછોડરાયનાં મંદિરમાં, આખો માસ એક-ભુકત રહી (એકટાણાં કરી) સવારે દરરોજ બે એક કલાક તેનું પારાયણ કરે. પ્રેમાનંદ જેમ લોક પ્રભુને તેમની કાવ્યબાનીથી રીઝવતા તેમ આ કવિસમ્રાટ હરિનાં મંદિરમાં બેસી હરિ-સ્ફૂરિત સર્જનને લલકારે: કોઇ દર્શનિયું હરિજન આવી ચપટી ચોખા કે પાઈ પૈસો ત્યાં ન મૂકે, પણ ભૂલથી કોઈ મૂકે તો તે શ્રી હરિસમર્પણ અર્થે મંદિરની ગોલખમાં પધરાવાય. આ વર્ષે કવિશ્રીએ, આંખની વ્યાધિ છતાં, ડાકોર જવાનો હલુંબો કર્યો પણ નહિ જઇ શકેલા.

પણ એ 'હરિસંહિતા' ખરેખર અદ્ભુત ગ્રન્થ થશે. એની રચના છંદોબદ્ધ અને ગેય કાવ્યોમાં થઇ છે. છેલ્લાં ત્રણેક વર્ષોનું અસ્ખલિત અર્પણ આ ગ્રન્થના સર્જનને થયેલું છે. રાતે તેઓ એમાંના અમુક પ્રસંગો વાંચી સંભળાવતા.

જે વર્ષે ગુજરાત કોલેજમાં એમનું તૈલચિત્ર પોરબંદરના મહારાજા સાહેબને હાથે ભવ્ય સમારંભ સાથે ખુલ્લું મુકાયું, તે વર્ષનું તેમનું વ્યાખ્યાન તેમજ શ્રી દલપત સમારંભ વિશેના તેમનાં ગણ વ્યાખ્યાનોમાં એમણે ઘણી ઘણી ઘટનાઓની ગંઠડી છોડી છે. એ પછી તો એમની આંખની બિમારીએ, સર્જન ઓઘ આડે ડુંગર ખડકયા. મુંબઇમાં આખો ઉનાળો ગયો, ને એક આંખ ગઇ પણ એ દરમિયાન એમનું લેખન અળગું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન થયું. સારવાર કરનારા કુટુંબીઓની મોટી ચિન્તા એ હતી કે આવી તકલાદી આંખોમાં આ લેખન-મારો ચાલુ રહેશે તો વખતે નવી આફત ઊભી થશે.

પણ કવિશ્રીના તેજનું સરોવર વિશાળ ને વિરલ-ઉદાર હતું. હરિ એના પડળો ખોલશે એમ એની આત્મશ્રદ્ધા હતી. કોઇ એમને લખતા અટકાવી શક્યું નહિ.

નવાઈની વાત તો એ છે કે આ હરિસંહિતાની પ્રસ્તાવના પણ એમણે લખીને તૈયાર રાખી છે. મૂળ કોપી પછીની બીજી સરસ નકલ તેમણે ફુલસકેપ સાઇઝના ૨૦ પાનામાં લખી છે. આ પ્રસ્તાવના એમની વિશિષ્ઠ શૈલીનો અદ્વિતીય નમૂનો છે. એ જ્યારે પ્રસિદ્ધ થશે ત્યારે ગુજરાતને ભારતની સનાતન વૈષ્ણવતાનો ભાવનાત્મક ઈતિહાસ મળશે. કવિશ્રીનું જીવન-તારતમ્ય એ પ્રસ્તાવથી સાધુચિત અને સંતલ્હાણુની સંપદવન્તુ બને છે.

ગુજરાતનો સાહિત્યગિરનાર-ગઢ પડયો છે. એ પુરુષપ્રવરને કોણ પાછા વાળે ? કોણ એને કહે કે:

મ પડય મારા આધાર !
ચોસલા કોણ ચડાવશે ?
ગયા ચડાવણ હાર...........

પણ સનાતન લોકના ગામતરાનો વાયક એને સુઝી ગયો હોય એમ મને લાગ્યું. એમની એ પ્રસ્તાવના વાંચ્યા પછી મારાથી પૂછાઇ ગયું કે પ્રથમથી પ્રસ્તાવના ? તેમણે કહેલું કોને ખબર કે પછી શું થાય. વધારે લખાશે તો લખીશું નહિતર રામ રામ ! એ દિવસ ૨૮ ડીસેમ્બર ૧૯૪૫ ને શુક્રવારનો હતો, ને એ પછી બારમે દિવસે એ મહા કવિવરનું સ્વર્ગારોહણ થયું.

દામોદર કેશવજી ભટ્ટ-સુધાંશુ

પૃથ્વી ફરતી એ આભઝાલરો ઢળેલી છે, એવી માનવઆત્મા ફરતી પૃથ્વીની ઝાલરો ઢળેલી છે. દીવાને ફાનસમાં પૂરે એમ આતમદીવડાને દેહની દીવીમાં, સંસારના ફાનસમાં, જગતના ઝુમ્મરમાં પૂરેલો છે; અને ઉપર માયાના પડદા ઢાળેલા છે. કેટલાએક એ ફાનસ ને ઝુમ્મર ને માયાના પડદા નિર્મળ કાચ જેવા પારદર્શક હોય છે, ઘણાખરા ઓઘરાવાળા મેલા કાચ જેવા અપારદર્શક હોય છે. પણ એ પારદર્શક અને અપારદર્શક પૃથ્વીપડદાઓની ભીતર આન્તર્ચક્ષુઓ જઈ દર્શન કરે છે. કદીયે એ પૃથ્વીપડદાઓની મંહીનાં દર્શનની તમન્ના જાગી છે ? અગોચર કુંજોમાં ત્યાં અગમ્યદેશે બ્રહ્મધામ છે. યુગયુગાન્તરનાં ત્યાં દર્શન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યક્ષેત્રના કેસરીસંઘના ગોવાળ

(સંસ્મરણો)

કવિશ્રીના સન્માન સમારંભોમાં ચોરાશી-બ્રાહ્મણોનું સન્માન એ છેલ્લો હતો. સહુએ કવિશ્રી પાસેથી, ગુજરાત કાજે હજીયે વધારે મેળવવાની ઉમેદ બતાવી હતી અને દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી હતી પણ શ્રી હરિનું ધાર્યું થયું અને સૌના અને પોતાના મનોરથો અવગણી કવિરાજ ચેતન-ભોમ સિધાવ્યા.

*

કવિશ્રીના કવન અને જીવનની રીત જોતાં એ 'એકલા ઊડવું' પસંદ કરતા. એમણે ગાયું પણ છે કે "એકલો ઊડું".

સહુ કોઇને એકલાજ ઉડવાનું છે ને! કોઇ હસતે ચહેરે, કોઇ દર્દભર્યે દીલે, કોઇ ચેતન-ભોમની આશાએ, કોઇ સંસાર-સંગ્રામની અપેક્ષાએ. કોઈ ઉડતાં સંસારને સુંદર બનાવવા નિર્મળી છાંટતો જશે. કોઇ સંસારને કદરૂપો બનાવવાનાં કુંડાં ભરતો જશે. સંસાર, સ્વજનો અને પુત્ર-પરિવાર સૌને સુંદરતા ગમે છે; અને સૌ સુંદરતા ઇચ્છે છે. કવિ-સમ્રાટે એકલે હાથે, પોતાની અનોખી રીતે, સંસારને સુંદર બનાવવા નીતિ, ચારિત્ર્ય અને સદ્‌ગુણો કવન અને જીવનદ્વારા સિંચ્યાં છે.

અર્ધી સદીથીય અધિકી કવિશ્રીની સાહિત્યસેવા અસ્ખલિત હતી, આવી લાંબી પ્રશસ્ત સાહિત્યોપાસનામાં વયથીય અધિકા ગ્રંથોનું મહાસર્જન હતું; અને તેમાંય કુરૂક્ષેત્ર અને હરિ-સંહિતાનાં મહાકાવ્યો. આ મહાગ્રંથોએ કવિરાજને અમર કર્યા છે.

કવિતામાં કલ્પના, ભાવના, રસસૌંદર્ય પૂરીને ગુર્જર કવિતાને જગતસાહિત્યમાં માનભર્યું સ્થાન આપવાની યશકલગી કવિસમ્રાટના એ અણનમશિરે શોભતી હતી.

વાસ્તવ અને આદર્શને પવિત્રતાની પાંખે ઊડતા કરી, કવિરાજની અદ્‌ભુત રસિકતા સૌને ઉન્નતપંથ દાખવતી. સાહિત્યના કવિસમ્રાટ સમર્થ અને પુણ્યશાળી સર્જક હતા.

જીવનમાં તડકો-છાંયો જોઇ, તપસ્વીશી અલિપ્તતા અનુભવતા એ કવિ-મહર્ષિ ગુજરાતના કલ્પનાશીલ સર્જક અને માર્ગદર્શક હતા. એમાં એમની માનવતા અને મહાનુભાવિતાનું દર્શન સહજ થતું. અથડાતાં મોજાં વચ્ચે ખડક જેવા અને અસ્તોદયની સાંજ-સ્હવારે અડગ એક રંગી એ દેખાતા.

સંસારે એમણે સુંદરતા અને મધુરતા માણ્યાં અને કથ્યાં. ઘણાં ઓછાંને લાધે છે એવાં સુખસગવડ એમને સાંપડ્યાં હતાં. પાછલા દાયકામાં તો ભક્તિ અને શાંતિયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાધી હતી. આવા મોટા સાહિત્ય વ્યવસાયમાંય એ એકલા મધરાતે કે પરોઢે, કોઇ અજાણ્યાની શોધનું ચિંતન કરતા લાગતા.. આમ સમય પાકતાં એ સંસારના સહુને ઉશેટી કાળની ગુફામાં ડોકિયું કરવાની તિથિની વાટ જોતા, એ કવિ મહર્ષિ આયુષ્યની અગાસી-એથી ઉડી અનન્તમાં ગયા.

એ ટેકી અને અણનમ હતા એટલાજ ગુણપારખ હતા. એમના કૃત્નથી એ વિખ્યાત છે પણ એમનું સાધુ-જીવન એમની સુવર્ણ જેવી ખ્યાતિને સુગંધથી મઘમઘાવે છે.

*

કવિ સમ્રાટે જાહેરમાં કહ્યું છે કે ચંદ બિરદાયીની જયંતી ઉત્સવના ભાષણ તૈયારીએ પાર્થને વિરાટ દર્શન થયું હતું એવુ કોઇક ઇતિહાસ-દર્શન એમને લાધ્યું. પછી એમની વ્યાખ્યાન-શૈલીએ સદંતર પલટો ખાધો. ચંદ જયંતીની તિથિએ ઇતિહાસ પાછળના કંઇક આંકડા વાંચતાં એમને શીખવાડ્યું. એ તો ખરૂં છે સહુને આંખો છે. કોઇ મોતી પારખે છે, કોઈ મુત્સદ્દી પારખે છે અને કોઈ માણેકચોકે દાતણ પારખે છે.

કવિસમ્રાટના સુવર્ણ મહોત્સવ પ્રસંગે વડોદરા દાજીભાઈ છાત્રાલયે એમને સન્માન્યા. ફુલહારવિધિ સમે સ્વ. મટુભાઈ કાંટાવાળાએ ટકોર કરી કે કવિસાહેબ આ દેવીપુત્રોનો ફુલહાર છે. એ સૂચવે છે કે આપની 'હાર' છે. ઉતરમાં એ અણનમ સમ્રાટે ઉચ્ચાર્યું કે જ્યાંસુધી પૃથ્વીરાજરાસા પછી વીરરસ કાવ્ય ગુજરાતને સાંપડ્યાં નથી, ત્યાંલગી એકનહિ પણ સાતવેળા હાર છે. આમ ઉચ્ચરવામાં કવિસમ્રાટે એમની ગુણપારખતા બતાવી છે.

*

"ગ્રીસ ને એમનાં સામ્રાજ્યો આજ નથી, પણ ગ્રીસરોમનાં કવિવરોનાં સામ્રાજ્ય હજી આથમ્યાં નથી.

રાજપુરુષોના રાજમુગુટ નાશવંત છે. કવિઓના કવિ-મુગુટ ચિરંજીવી છે. આજે કોણ સજીવન છે? મહમદગઝનવીનો રાજમુગુટ કે ફિરદોસ્તના કાવ્યમુગુટ? પૃથ્વીરાજનું દિલ્લીપતિત્વ કે ચંદનું કવિતા-સ્વામિત્વ?"

કવિ સમ્રાટનું ઉપર્યુક્ત કથન તદ્દન સાચું છે. પરંતુ કવિરાજ કાજે એ કેટલે દરજ્જે સાચું ઠરાવવું એ ગુજરાતે જોવાનું બાકી છે!

ગુજરાતને એ જાણીતી વાત છે કે કવિસમ્રાટના સુવર્ણ મહોત્સવ પ્રસંગે બ્રહ્મભટ્ટોએ, ઢાલ અને કટાર એમને ભેટ ધરેલાં. એ વેળા એ સમ્રાટ ઉચ્ચરેલા કે તમારી કટાર મને ન ખપે પણ ખપની તો આ ઢાલ છે; એમ એમણે એ ઢાલ સ્વીકારી હતી અને સમાજને, બ્રહ્મભટ્ટોની અને એમના ઇતિહાસની મહત્વત્તાની યાદ આપી હતી.

એ કવિવરે મુંબઈની વિદ્યાપીઠમાં ઉચ્ચાર્યું હતું કે એમને ત્રણ વિરલ સન્માનો સાંપડ્યાં હતાં એમાંનું એક અમદાવાદખાતેના (બ્રહ્મભટ્ટ) યુવકોનું ગણાવ્યું હતું; જેમાં કવિરાજ કાવ્ય વાર્તાની રસ-સ્પર્ધાના પરીક્ષક હતા અને પારિતોષિકના ચંદ્રક પ્રદાતાં હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ એ કવિરાજનો (બારોટો) ઇતિહાસ પ્રત્યે એટલું જ નહિ ઇતિહાસ–વારસો પ્રત્યે પ્રેમભાવ હતો.

કહે છે કે કેસરી ચીલે ચાલે એમ એ કવિ કેસરી ન્હાનાલાલે કેટલાય ચીલા કંડાર્યા હતા. ઊછરતા લેખકના પુસ્તકની પ્રસ્તાવના સિદ્ધ હસ્તલેખક ન લખે એટલાજ કારણે સ્વ. પૃથુ હ. શુકલને પ્રસ્તાવના લખનાર ન્હોતા મળતા. એ પુસ્તકનાં પ્રુફ કવિરાજે પોતાના ટેબલ ઉપર, તેમના પુત્ર ડો. કવિના હાથે મુકાયેલાં જાણ્યાં વાંચ્યાં, અને એનું મૂલ્ય અંકાયું. પુસ્તકથી અધિકી પ્રસ્તાવના જોઇ છે ? પૃથુ હ. શુકલના 'ફૂલ–પાંદડી'ની પ્રસ્તાવના વાંચી જવા જેવી છે.

*

ગુજરાત–ખોળે રાજકીય, સામાજિક અને આધ્યાત્મિક એમ વિધવિધ પ્રકારની સક્રિય અને મહામૂલી સેવાઓ કવિરાજની હતી. સ્વતંત્ર સાહિત્યસેવાથી પ્રેરાઇ સરકારી અમલદારીનું રાજીનામું આપી. વૈભવ અને ઓદ્ધો અવગણ્યાં હતાં એટલું જ નહિ પણ મતભેદ પડયેય, પ્રલોભનો સાંપડયેય, સમાજહિતે, રાષ્ટ્રહિતે, અને ધર્મહિતે એકનિષ્ઠ હતા, કવિરાજ ક્ષત્રિ-બ્રાહ્મણ હતા. એમનો ટેક અને સ્વાભિમાન એમના જીવનને પ્રશંસાથી મહોરાવે છે. એમનું સાહિત્ય ગુજરાતી ભાષા, સમાજ અને ધર્મને ગૌરવ આપે છે.

*

એલીસપૂલ પાસેના જૂના ગાંધી–આશ્રમમાં એક પાસે મહાત્મા ગાંધીજી અને બીજી પાસે કવિસમ્રાટ ન્હાનાલાલ એમ બેલડીએ ઘંટી પીસીને દેશમાંથી શાહીવાદને ઉખેડવાની તૈયારીની કસોટી આદરેલી. એ ત્રણેક દાયકા ઉપરનો ઇતિહાસ છે.

સને ૧૯૧૮ માં બીજી કાઠિયાવાડ અંત્યજ પરિષદ ઢસા મુકામે ભરાઇ હતી. ત્હેના કવિરાજ (બ્રાહ્મણ) પ્રમુખ હતા. માણેકબા અને ભક્તિલક્ષ્મીબા હરિજન બાળકોનાં શિક્ષિકા હતાં. કવિસાહેબ અને દરબારસાહેબ ગોપાળદાસ હરિજનવાસમાં ઘેર ઘેર ફરી હરિજન–ઉદ્ધારના મંત્રો ઉચ્ચારનાર પ્રથમ હરિજન–સેવકો હતા. કવિરાજ તો પહેલેથીજ માનતા અને ઉચ્ચરતા કે અગ્નિ અભડાય તો બ્રાહ્મણ અભડાય.

અને એમનું જીવન કવનથીય અધિકું સુવાસ પમરાવતું પ્રેરક અને દૃષ્ટાંતરૂપ હતું. પરદેશી અને રજવાડી પહેરવેશ અને રાજ-વહીવટની છાપને કારણે, ખરી રીતે કવિરાજને પારખવા મુશ્કેલ હતા. એ ક્ષત્રિય જેવા પોષાકે મઢાયેલો પુરુષ સાધુ જેવો હતો. અને પરદેશી પોષાકે સજાયેલો, પરદેશીઓ જોડે જીમખાનામાં, ક્રિકેટમાં કે કલબોમાં ખેલતો એ પુરુષ ખાનપાને અને રીત રસમે ખરો મહર્ષિ હતો. એમને પાણી–સોડા સિવાય કયાંય ખપ્યું ન્હોતું.

પગાર પત્રક અને મનીઓર્ડર ઉપર સહી કરતા જોયા છે પણ એ રકમને હાથમાં લઇ ગણતા કવિસાહેબને જોયા નથી. પગાર પટાવાળા મારફત, અને મનીઓર્ડર નોકર કે કોઇ હાજર હોય તેની મારફત ઘેર પહોંચતા એમનાં ગૃહપ્રધાન માણેકબાને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજના ગુર્જર સંસારે ક્યાંક ગૃહિણીઓ ગૃહપ્રધાન બની શકતી નથી અને ક્યાંક આવડત હોય છતાં તેમને નિમવામાં આવતી નથી; એમ આપણો ગૃહસંસાર મોટે ભાગે પ્રધાન–વિહોણો નથી ચાલતો ?

એ રાજવી ન્હોતા, શ્રીમંત ન્હોતા કે મોટી આમદાનીવાળા ન્હોતા. પણ એ હતા સત્કારે અમીર, દીન અને અટુલા પ્રત્યે એ હતા દરિયાદિલ મહાનુભાવ અને આચારે એ હતા મહર્ષિ. એમને ન્હોતા સ્પર્શી શક્યા અધિકાર અને રાજવૈભવ કે ન્હોતી સ્પર્શી શકી સાદાઈ અને કસોટી.

એમના જીવનમાં શીતળ છાંયો હતો અને ઉગ્ર તડકોય હતો. પણ કવિરાજ એ સઘળાથી અલિપ્ત ઋષિ સમા ભાસતા. એમણે શ્રીહરિ કને રાવ નાંખી છે કે " પારકાં કેમ કીધાં "—

હરિ ચન્દ્રમા શા રમકડે રમાડીને દેવનાં દાન દીધાં,
પછી દુ:ખ પાપ દવમાં દઝાડી કે પારકાં કેમ કીધાં.

*

" પાર્થને કહો ચઢાવે બાણ, હવે તો યુદ્ધ એજ કલ્યાણ. " સને ૧૯૩૨–૩૩ માં રાષ્ટ્રે આઝાદ સંગ્રામ ખેલાતા હતા તે વેળા કવિસાહેબને, ભાવનગરથી પટ્ટણીસાહેબના સ્વહસ્તે લખાયેલો, ચેક સાથેનો, એક પત્ર પોસ્ટ મારફત મળ્યો. એમાં લખેલું કે આપનું ઉપર્યુક્ત કાવ્ય બહુજ ગમ્યું છે અને તેથી આ રાજ્યે આપશ્રીને વર્ષાસન તરીકે રૂા. ૫૦૦) પાંચસો મંજુર કર્યા છે. પહેલો હપ્તો આ સાથે ચેકથી મોકલ્યો છે તે સ્વીકારશો. આ પત્રે કવિસાહેબને મનોમન્થન ઉભું કર્યું. ઇતિહાસે રાજ્યને યશ વધારે હતો કે રાજ્ય કવિઓને વર્ષાસન આપતું, બીજી બાજુ કવિરાજનો અણનમ સ્વભાવ. આખરે પટ્ટણીસાહેબના હસ્તાક્ષરનો પત્ર હતો. એનાં સંબોધન અને રીત કવિ–સ્વભાવને રૂચતાં હતાં. એમાં આગ્રહ હતો, અને ભાવ પણ હતો કવિસાહેબ અધિકા ભાવ ભૂખ્યા હતા. વળી એમણે પુછાવરાવ્યું નહોતું, પણ ચેકજ મોકલ્યો હતો.

અન્ય એમના પ્રશંસક મહારાજાએ પૂછાવ્યું કે, આપની ઇચ્છા હોય તો રાજ્યમાં આપને છાજે તેવી જગાએ નિમણુક કરૂં. કવિસાહેબે આભાર માનતાં જવાબ વાળ્યો કે " ગરીબાઇથી ડરે તે બ્રાહ્મણ નહિ. "

એક ઓળખીતા સીવીલીઅન યુ. પી. માં હતા. ત્યાં એમને ખબર પડી કે કવિસાહેબે નિવૃત્તિ લીધી છે. એમણે કવિરાજને લખી જણાવ્યું કે કેળવણી ખાતામાં આપને છાજે તેવો ઓદ્ધો, રહેવાનું મકાન અને નોકરની સવડની વ્યવસ્થા બનશે, જો આપ ચાહો તો. કાગળ વાંચી કવિસાહેબે માણેકબાઇને બોલાવ્યાં. હકીકતથી વાકેફ કર્યાં. બાઇએ કહ્યું, " હતું એ છોડ્યું; હવે બીજી ક્યાંય જાવું નથી, મારો વાલોજી બધુંય ચલાવશે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસાર-શેતરંજ કે રાજ-રમતોના નહિ પણ મરદાનગી રમતોના કવિસાહેબ ઉમદા ખેલાડી હતા. એકદા કોઇએ પૂછ્યું, "એ રમત આપ જાણો છો?" જવાબ મળ્યો "એમ પૂછો કે કંઇ રમત તું નથી જાણતો?" એ સ્વભાવેય સ્પોર્ટસમેન હતા. સાહિત્યે, સમાજે અને રાજક્ષેત્રે ખૂબ ઘા એમણે સહ્યા હતા. પરંતુ ('Return') પાછું વાળવાની અંગ્રેજી ફિલસુફી એમને સાધ્ય હતી. તક સાંપડયે ચક્રવર્તી વ્યાજ સાથે અચૂક પાછું વાળતા. છતાંય એ સમાજે કે રાજક્ષેત્રે મુત્સદ્દી ન્હોતા. અને બીજી રીતે ને લેવાથી અધિકું પાછું વાળવામાંજ સ્વાભિમાન માનતા. રાજા-મહારાજાઓ, શ્રીમંતો કે સામાન્ય જનોના ભાવ પારખતા. પછી સત્કાર કે આમંત્રણ સ્વીકારતા. એમાંય 'રીટર્ન' કરવાનું તો હોયજ. એકદા ધ્રાંગધ્રાના મહારાજાએ દુમસમાં કવિસાહેબને નિમંત્ર્યા, સત્કાર્યા. મહારાજા પાછા વળતાં તો અમદાવાદ થઇને ગયાં. જમનાભાઇ શેઠને ત્યાં એમનો ઉતારો હતો. કવિસાહેબે ચા માટે આમંત્રણ આપ્યું અને મહારાજાએ એ કબુલ્યુંયતે, રાજકોટ ખાતેના કવિ-સત્કાર શ્રીમંત રીતના હતા, જ્યારે અમદાવાદના સુદામા જેવા હતા, એ ખરૂં. સત્કારની રીત બદલાઇ હતી પણ એમાંના ભાવ જરાએ ઓસર્યા ન્હોતા.

કવિસાહેબના શ્રીમંત સ્નેહીઓ કે પ્રશંસકો પ્રસંગટાણે મોટી રકમ મોકલાવતા. જો એ સ્વીકારવામાં આવે તો 'Return in kind' એટલી કીંમતનાં એમનાં પુસ્તકોના સેટ મોકલાતા.

કવિશ્રીએ કથ્યું હતું, "મૃત્યુતિથિએ શાન્ત અનન્તમાં ઢોળાય છે, સીમાઓના પડદા સરી પડી નિઃસીમમાં પરવરે છે. મરીને માનવી અમર થાય છે. કાલે નહિ ને પરમ, પરમ નહિ તો પેલે દિવસે મ્હારીય એ સર્વભક્ષિણી તિથિ આવશે અને તે તિથિએ આયુષ્યની અગાશીએથી કાળની અનન્તતામાં નિહાળવાને અન્તરિક્ષમાં ઝુકાવીશ. જગત યાત્રાની એ આખરીતિથિ, મૃત્યુતિથિ, ભયતિથિ નથી, એ અનભેતિથિ છે, અમૃતતિથિ છે, અનન્તતાની તિથિ છે, સચ્ચિદાનંદની તિથિ છે. માનવીને મૃત્યુતિથિ એટલે પરમ સત્યસ્થનીતિથિ. એ તિથિએ દુનિયાનાં મટી દેવનાં થવાનું."

કવિરાજ દુનિયાના મટી દેવના થયા છે. એ બ્રહ્મર્ષિ મટી દેવર્ષિ થયા છે.

એ પ્રેમના સન્તને મારી વતી, બિરદાવલિનાં સન્તાનો વતી, ગુજરાતી ભાષા વતી, ભાવભરી અંજલિ અને સન્માન ભર્યાં વન્દન છે.

જેઠાલાલ મોહનલાલ બારોટ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચજન્યની ભવ્યતા

કવિ ન્હાનાલાલની સૂરતને માટે સદાય મીઠી નજર રહેતી. ક્યાં તો 'જયા-જયંત.' એને આરે સાંપડ્યું તેથી હોય, યા તો કદાચ વર્ષો પર નર્મદની છબીનું અનાવરણ કરતાં નગીનચંદ હોલમાં કવિએ કહ્યું હતું તેમ દલપતપુત્ર નર્મદનો ભત્રીજો છે એવી ભાવનાને લીધે હોય. કારણ ગમે તે હોય, પણ સૂરત પર નજર એમની સદાય મીઠી રહેતી તેની કોઈથી ના કહેવાય તેમ નથી.

*

અને ન્હાનાલાલના રાસની મીઠાશ ક્યાં આપણે ઓછી માગી છે? મેળાવડામાં ને લગ્નમંડપમાં એના જ ગરબા ગવાતા. ભાલણ, મીરાં ને નરસિંહ, દયારામ પછી એકસરખો રસ, નવીનતા ને આકર્ષણ એના ગરબા સિવાય કોઇના ગરબાએ આપ્યા નથી.

કહેવત છે કે 'આપકી કુસકી ઔર પરાઇ લાપસી' તેમ કવિને માટે આપણે કર્યું છે. એમનો કનક મહોત્સવ કે હીરક મહોત્સવ ઊજવ્યો તે ખરૂં, પણ એટલું તો ઘણાયને માટે થાય છે. સંસ્કૃતમાં એક શ્લોક છે કે બીજી આંગળી પર કોનું નામ ગણાવવું તે ન સમજાયું એટલે તેને અનામિકા કહી. આપણે આધુનિક કવિમાં ન્હાનાલાલની સાથે મૂકી શકીએ એવું નામ કોઇનું જોયામાં કે જાણ્યામાં નથી. ને છતાંય તેની કદર થવી જોઇએ તેના પ્રમાણમાં ઓછી થઈ, કારણ કે એમને વાડો બાંધતા આવડતો નહોતો. સ્વભાવે કંઇક તીખા પણ ખરા. નર્મદના વંશજ એટલે લાગે તેવું કહી દે. મનમેળ ન હોય ત્યાં તે મેળ ન જ બતાવે. પ્રેમભક્તિ એ એમના ગ્રંથોનું સામાન્ય નામ હતું. પ્રેમભક્તિ એટલે મીઠાશ-તીખાશ ને!

*

કવિશ્રી નરસિંહરાવ ને કવિશ્રી ન્હાનાલાલ સાહિત્યસમરાંગણના સદાયના લડવૈયા. છતાંય સત્યભાષી નરસિંહરાવે મુંબઇની સાહિત્ય પરિષદમાં જનતાને કહ્યું હતું કે "જયા-જયંત તો તમે વાંચ્યું હશે; ન વાંચ્યું હોય તો શરમ છે." આવા સમર્થ વિવેચક આવું સુંદર પ્રમાણપત્ર આપે તે જોતાં ન્હાનાલાલ અને તેમની કૃતિ સાથે નરસિંહરાવ અને તેમના વિવેચનને પણ સહજ માથું નમી પડે તેવું છે.

*

'આપણી કવિતાસમૃદ્ધિ' માં કવિશ્રી ન્હાનાલાલના 'મ્હારા કેસરભીના કંથ' માટે બળવંતરાય ઠાકોરે લખ્યું છે:—

"આવાં સર્વાંગ સમ્પૂર્ણ ગીત ગુજરાતીમાં બહુ ઓછાં છે. ભાષા, સ્વરવ્યંજન, યોજના, પ્રાસ, લય અને વિરામ, તાલ અને સુરાવલિ, વાચ્યાર્થ અને સાથે સાથે આવતાં ઘેરા સૂચનો: કોઈ પણ અંગ તપાસો, ધારીને તપાસજો, ક્યાંય ખામી બતાવી શકશો?"

અને બળવંતરાય ઠાકોરના કવિ ન્હાનાલાલ વિશે, આ આટલા બોલ એટલે શું તે, જે જાણે છે તે જાણે છે. કવિશ્રી પોતાની ડોલનશૈલી માટે કહે છે કે "હું શોધવા ગયો મહાછંદ ને નાગર્યો ડોલન-શૈલીના શબ્દમંડલમાં. એ મહાછંદ નથી એટલી એની હાર છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાથી વધારે રસવાહી મહાછંદ શોધાશે ત્યારે એ હારશે, એટલી એની જીત છે." ડોલનશૈલી એટલે આ યુગની હારજીતની જીવનમૂર્તિ. તેજછાયાના સંક્રાંતિયુગની શારદ–દેવીની સંધ્યાઆર્તિ.

*

એમની શૈલી, એમનો શબ્દભંડોળ, એમના શબ્દભાર કંઈ જુદી જ કોટિના હતા. એમના કંઠમાં વાંસળીની મીઠાશ નહોતી પણ પાંચજન્યની ભવ્યતા હતી. એમનાં કાવ્યો કે નાટકો જ નહીં, એમનાં ગ્રન્થો જ નહીં, પણ એમનાં ભાષણો પણ પાંચજન્ય વાગી રહે ને તેનો નાદ વાતાવરણમાં ઘૂમે તેમ સભામંડળ છોડી ગયા પછી પણ, જનતાના કાનમાં ઘૂમતાં.

કવિશ્રીને એમના રહેઠાણે, મુંબઈનાં એમના કનકોત્સવ પહેલાં, શ્રી ચંદ્રશંકર પંડ્યા સાથે અમે મળવા ગયાં ત્યારે કવિની તબીયત ઠીક નહોતી, પણ પથારીની બન્નેબાજુએ ચોપડીઓના ઢગ હતા. બારણામાં જ હું જરા થંભી. કવિ કહે "ચન્દ્રશંકર, મહેમાનને બારણામાં જ ઊભા રાખશો?" મેં જવાબ આપ્યો: "કવિરાજના ગઢને જોતી હતી" કવિ કહે: 'કેમ, ગઢ કેવો છે?' મેં કહ્યું: "કોઇ તોડી કે જીતી ન શકે તેવો." પછી તો અમે દોઢ–બે કલાક બેઠાં. તેમાં મને એટલું સમજાયું કે કવિશ્રી કાલિદાસના ઘેલા છે. કાલિદાસનું નામ લે ને હાથ જોડે. એને માટે માન કે એવો કોઈ શબ્દ પૂરતો નથી; માત્ર ઘેલા છે એટલું જ કહી શકાય. એમણે 'શકુન્તલાનું સંભારણું' લખ્યું છે એ તો સર્વને જાણીતું છે. પણ 'મેઘદૂત' માંનો એક જ શબ્દ તદ્દન સામાન્ય વપરાશનો છતાં યક્ષનાં મુખમાં કવિ કાલિદાસે મૂકેલો તેને એક સ્વતંત્ર વ્યાખ્યાનનો વિષય બનાવી ને તેમાંથી દાંપત્ય ધર્મની મહાન ભાવના 'મારૂં' અને 'તારૂં' નહીં, પણ 'આપણું' અને 'અમારૂં' એવી દ્વૈતાદ્વૈતની ભાવના એમણે તારવી કાઢી એ એમની કાલિદાસ–ઘેલછાનો પુરાવો છે.

*

પછી અનેકવાર સામે મળ્યાં. તેમાં એક પ્રસંગે મને એમણે પૂછ્યું કે "તમારે સ્ત્રીઓને માટે હું શું કરૂં?" મેં એમને જૂના ગરબાના ઢાળ નવા સ્વરૂપે ગુજરાતની બહેનોને આપવા વિનંતી કરી, ને એમણે તે કબૂલી પણ ખરી, પણ એ બધું મનનું મનમાં જ રહ્યું.

*

શ્રી માણેકબહેનનો પરિચય મુંબઈમાં થયો હતો; અને સુરતમાં કનકોત્સવ પ્રસંગે અમારે ત્યાં જ એ દંપતી હતાં, એટલે ઘણો સારો લાભ મળ્યો. એમની સરલતા, સહજ ઉદારતા, સદાયની સાદાઈ, ઘેર લગ્નપ્રસંગ હોય તો યે એ કવિની સાથે ભાષણમાં જતાં તેવાં જ કપડાં એમણે સદાય પહેર્યાં છે. વર્ષોના આવા ઓતપ્રોત જીવનને જૂજવાં પાડતાં કાળને કેમ કંપારી નહીં આવી હોય? ના, પણ કાળ ભગવાન છે. જીવ હરી લે છે, જીવન જૂજવા નથી કરતો.

અંતે કવિના આત્માને પ્રભુ શાંતિ આપે એજ પ્રાર્થના.

શ્રી. જયમનગૌરી પાઠકજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિવરને અંજલિ

ન્હાના પ્રકારના રાસ પ્રકટાવી **રસો વૈસઃ** પ્રભુસ્વરૂપની દિવ્ય ઝાંખી કરાવનાર તેઓ રાસ યુગના પ્રણેતા રૂપે પ્રકાશ્યા છે. ગુર્જર કાવ્ય સૃષ્ટિના આ ભાનુનાં ભર્ગ મહાગુજરાતની પાર રેલાય છે અને સન્માનાય છે.

નામથી નામીની પ્રાપ્તિ કરાવનાર તેમના ગ્રન્થો રસપિપાસુઓની જિજ્ઞાસાવૃત્તિને ભવાટવીની ભુલામણીઓમાંથી ઊંચકી અનંતતાના પગથારમાં લઈ જઈ જીવ-શિવનું સાયુજ્ય સધાવે છે.

લાગણી, પ્રેમ, હાર્દિકવૃત્તિ, રાષ્ટ્રોદય અને અસ્મિતા, આધ્યાત્મિકભાવ, વિશ્વ બન્ધુત્વ, અને સમન્વયના તેઓ પૂજક હોઈ, તેનાં સૂત્રો નિર્ઝર્યાં છે જેમાં અવગાહન કરી ગુર્જર જનતા દેહ અને આત્માની પુણ્યમયતા પ્રાપ્ત કરે છે.

લગ્ન ભાવનાં તેમનાં વિશાળ કલ્પના, મન્તવ્ય અને અનંતતાનાં વાવેતર જીર્ણ અને નૂતનનો-પૌર્વાત્ય અને પાશ્ચાત્યનો અદ્‌ભુત સમન્વય કરી તેમણે સંગ્રહ્યાં છે, અને ભિન્ન સંસ્કૃતિઓમાંથી આર્યત્વનું સમુદ્ધરણ એ તેમના જીવન મન્ત્ર અને પરમ આદર્શ હતા.

દલશતના પદ્મમાં પોઢેલા પરિમલને પરિગ્રહી, સંસારનાં માનવજંતુઓને એ પરાગનો પાર પામવા-હૈયાના ધૂપ અર્પવા-અને પ્રભુતામાં પગલાં પાડવા પ્રેરવાં એ તેમનું પરમ પુણ્ય કૃત્ય હતું. પાતાળગંગાના ધોધ ફૂટે તેમ તેમનાં-કાવ્ય પ્રવાહો-ગુણદર્શી વિવેચનો-અર્થ ગંભીર નાટકો-પ્રચુર ભાવના યુક્ત નવલકથાઓ-ઉદ્‌બોધન પમાડે તેવાં ચિંતનશીલ અને અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો-ગીર્વાણ સાહિત્યના અનુવાદો ઇત્યાદિ ઉત્કૃષ્ટ અલંકારોથી તેમણે ગુર્જર વાઙ્મય-સાહિત્યને અને રસ સુંદરીને સન્માનીને શોભાવી છે; એટલુંજ નહિ પણ ગુજરાતી કવિતાને જગત કવિતા બનાવવાનું માન તેમનેજ ઘટે છે.

લગ્ન પ્રેમ અને ગૃહિણી પ્રેમ એ તેમનાં સાહિત્ય અને સંસાર પ્રવૃત્તિનાં કેન્દ્ર હતાં. એ આદર્શનું મૂર્તિમંત સ્વરૂપ તેમના ગૃહદેવી ગં. સ્વ. માણેકબ્હેનનું છે. મહાગુજરાત તેમનું ઓછું ઋણી નથી. તેમનાં માનસ અને ઉરનું ધારણ અને પોષણ એ ગુર્જર સાહિત્યનું ધારણ અને પોષણ બન્યું, તેમના સંરક્ષણે સાહિત્ય સંરક્ષાયું—સ્રોતમાં સર્યું.

પચાસ વર્ષના અર્ધશતાબ્દિના સુવર્ણ મહોત્સવ પછી વનની વિપત્તિઓમાં પણ અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતનાં ચિંતનો કરી સાહિત્યનો અબાધિત ધોધ ઉમટાવ્યો એ રસનિમજ્જન કરતી જનતા રસપર્યાપ્તિથી તેમની અહોનિશ અને અનેકધા ઉપકારક બને છે.

તરણિનાં પ્રચંડ રશ્મિઓ શાં કવિશ્રીનાં સાહિત્ય સંન્યાસનાં વર્ચસ્ જીવનના, ત્યાગના અને અનંતતાના તેજ ફુવારા ફોરાવે છે. જેમાંથી ઇતિહાસ, ધર્મ, પ્રજ્ઞાન, સાંસારિક જીવન ઇત્યાદિના અનેક સીકરો ઉડી ભેદદૃષ્ટિ કે દૃષ્ટિભેદને ત્યજાવી, સલિલ સિંચી, એકત્વના માર્ગે લઇ જઇ વિરાટનું ભાન કરાવે છે. એ વિરાટની ભાવના પ્રથમ જગવનાર કવિશ્રીનું સ્થાન કોઇથી લેવાય તેમ નથી.

રાસ સૌન્દર્યના ભાવથી પ્રેરાતી ગુજરાતની રાસ કે રસ સુંદરીઓ ગેયતા પૂર્ણ રાસના ગીત ધ્વનિથી કે નૃત્ય ઝંકારથી તેમનાં માનસ અને ઉરને પ્રતિબિંબિત કરે છે, અને જગત સાહિત્યના કે લલિત કલાના એ અજોડ ભાવને દિશ દિશમાં પ્રકટાવી આત્માની ફોરમ પીમળાવે છે.

મહાગુજરાતના ઓ કવિવર "આપનાં વર્ષોની સંખ્યા જેટલા ગ્રન્થો બહાર પાડી આપે સાહિત્યોપાસના સિદ્ધ કરી છે. 'પ્રેમભક્તિ ગ્રન્થમાળા'નો મુદ્રાલેખ સાહિત્ય સર્જન પ્રતિનાં પ્રેમ અને ભક્તિ આપે સાર્થ કર્યાં છે, બન્નેની શતાબ્દિ જયંતી ઉજવવાના અમારા કોડ અધૂરા રહ્યા અને આપ પ્રભુના પુનિત અને પુણ્યમય પંથના પ્રવાસી બની પ્રણય પીયૂષનાં પાન કરવા શીઘ્રતાથી સંચર્યા એ અમને લાગે છે."

કવનોના મર્મોને સ્પર્શવા મતિ કુણ્ઠિત બને છે. દિવ્ય કલ્પનાનાં ઉડ્ડયનો સાથે પરિભ્રમણ સધાતું નથી. મહાછંદની શોધ ડોલનમાં પરિણમી, કાવ્યોદ્યાનમાં કુસુમોના અનેક સંભારમાંથી ગદ્ય, પદ્ય કે ડોલનની અનેક માલાઓ સજી–ગુંથી ગુર્જર વાગીશ્વરીની ગ્રીવામાં આપે આરોપી–જેનાં દર્શન, વાચન અને ચિંતન કરી ગુજરાતની જનતા ધન્ય બને છે.

વિલીન થયે બે વર્ષ પૂર્ણ થયાં. ત્રીજા વર્ષનું પ્રભાત પ્રકટે છે, તો તેમાં આપના ગ્રન્થો ત્રિમૂર્તિ બ્રહ્મનું જ્ઞાન પ્રકટાવો, કે જેથી માનવો પોતાના ઉરની પાંદડીમાં એ બ્રહ્મ-પરાગ ફોરાવે અને મ્હોરાવે.

जयन्ति ते सुकृतिनो रस सिद्धाः कवीश्वराः ।
नास्ति येषां यशःकाये जरा मरणजं भयम् ॥

" શું શું સંભારૂં ને શી શી પૂજું પુણ્ય વિભૂતિઓ,
કવિશ્રીનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે."

આપનાજ શબ્દોની એ સ્તુતિ ગાથા કરીને વિરમીશ.

ભોગીન્દ્ર ન્હાનાલાલ ભટ્ટ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે પ્રસંગો

કવિશ્રીને હું, બધું મળીને, ૧૦-૧૨ વખત મળ્યો હોઇશ. તેમાંથી નીચેના બે પ્રસંગો મારી સ્મૃતિમાં જડાઇ ગયા છે. તેમને પ્રમાણિકપણે નીચે ઉતારીને ગુજરાતના એ સદ્ગત કવિરાજને હું મારી અંજલિ અર્પું છું.

એક માધ્યમિકશાળાનું સ્નેહસંમેલન હતું અને કવિ તેમાં મુખ્ય મહેમાન હતા. મહેમાનોની સરભરા કરવાનું કામ મારે માથે હતું એટલે એઓશ્રી ત્યાં બેઠા તેટલા અરસામાં ત્રણ ચાર વાર મારે તેમની પાસે જવું આવવું થયું. સમારંભ પૂરો થયો અને બધા વિખરાયા પણ કવિશ્રી આની અને તેની સાથે વાતો કરતા કરતા ચોગાનમાં ફરી રહ્યા હતા. એટલામાં તેમની નજર મારા ઉપર પડી. તેઓ મારી પાસે આવી એક બાંકડા ઉપર બેસી ગયા અને મને પાસે બેસાડ્યો. પછી મારી તરફ જોઇને એમના જમણા હાથનો સ્નાયુ, હું જોઉં એમ એમણે એમના ડાબા હાથથી નિશાની કરી. હું બરોબર ન સમજ્યો હોઉં તેમ તેમની સામું જોઇ રહ્યો. તેમણે એજ નિશાની ફરીથી કરીને કહ્યું, "જુઓ, અડકો". અને હું એમના હાથે અડક્યો અને સ્નાયુ દબાવ્યો તેઓ એકાએક બોલી ઉઠ્યા, "કેમ છે? શું લાગે છે?" મેં કહ્યું, "ખૂબ સખત છે." અને પાછળથી ઉમેર્યું, "આટલી ઉંમરે, બહુ સારૂં કહેવાય." કવિ એમની રણકતી વાણીમાં ગર્જ્યા: "જે કરવાનું છે તે આ. આવા સ્નાયુઓ નહિ થાય ત્યાંસુધી આપણે કશુંજ નથી કરી શકવાના. તમારે, શિક્ષકોએ, જે કરવાનું છે તે આજ. ગુજરાતનો દેહ ગઢો, તેને વજ્ર જેવો બનાવો." અને મને જોરથી થાબડીને ધીમી ગતિએ કવિરાજ ચાલ્યા ગયા.

બીજો પ્રસંગ છે એમને મેં ગુજરાત કોલેજના જ્યોર્જ ધ ફિફ્થ હોલમાં એમના તૈલચિત્રની અનાવરણ વિધિ પ્રસંગે જોયા ત્યારનો. એક આરામખુરશીમાં કવિશ્રી બિરાજ્યા હતા અને મુખ ઉપર એજ ધીરગમ્ભીર ભાવ. જ્યારે પોતે ભાષણ કરવા ઉભા થયા અને સરસ્વતીની પ્રાર્થનાનું કાવ્ય એમના બુલંદ ઘાંટે વાંચવા લાગ્યા ત્યારે અત્યારના 'લાઉડ-સ્પિકરો' અને નાના અવાજે ભાષણ કરનારની, હું માનુ છું, બધાજ શ્રોતાજનોને દયા આવી હશે! પોતાના ભાષણમાં પણ એમણે લગભગ બે પેઢીના ભૂતકાળને એવી સરસ રીતે જીવન્ત કર્યો કે મને તો એમજ લાગ્યું કે કવિ અને લેખકોની કૃતિઓ આપણે વાંચીએ તેના કરતાં જો એમના મુખે સાંભળીએ તો વધારે સમજણ પડે, આનંદ આવે, એટલુંજ નહિ પણ કવિ કે લેખક એ પણ એક મહાન વ્યક્તિ છે એનો પ્રત્યક્ષ અનુભવ થાય!

કવિના સ્વભાવ કે એમની માન્યતાઓ માટે બે મત હોઇ શકે, છે; પણ એમની પ્રખર વિદ્વત્તા, એમનું અપૂર્વ કવિત્વ અને એમનું અદમ્ય પૌરુષ તો હું માનું છું કે સારાય ગુજરાતના આદરનું ભાજન છે; મહાગુજરાતનો એ મહાકવિ તો સર્વના વંદનનો અધિકારી છે.

દાસુભાઇ શુક્લ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિશ્રીનાં કેટલાક સ્મરણો

સં. ૧૯૫૪ માં એટલે આજથી ૫૩ વર્ષ અગાઉ મારા પિત્રાઈ ભાઇ વડોદરા ટ્રેનીંગ કોલેજમાં અભ્યાસ કરતા હતા અને સ્વ. મણિભાઇ ત્યાં વાઇસપ્રીન્સીપાલ હતા ત્યારે રજાઓમાં ઘેર આવતી વખતે અભ્યાસનાં જે પુસ્તકો સાથે લાવતા તેમાં ફુલ્સકેપના અરધીયા ઉપર શાહીથી લખેલી કવિતાઓ પણ લાવતા એવી એક કાગળની થોકડીમાં શરૂ થતી કવિતાની લીંટીઓ નીચે પ્રમાણે હતીઃ—

" ભાઇ કિશોર જા, જોને બાલાને વાર શી થઇ,
કોચલડી તો મનાવાને ક્યારની વનમાં ગઈ. "

એ અક્ષર સુવાચ્ય નહોતા એટલે 'બાલા' ને બદલે હું 'બાપા' વાંચતો હતો. ત્યારે તો બાલા અને બાપામાં કાંઇ ફેર મને લાગે એવડી ઉમ્મર નહોતી. પણ એ લીંટીઓમાં મને જે માધુર્ય લાગતું હતું તે ભૂલાતું નથી. એ વખતે મ્હારા ભાઇ મ્હને ઘણી કવિતાઓ શીખવતા–મોઢે કરાવતા 'કલાન્ત કવિ' તથા 'બુલબુલ' ની થોડીક લીંટીઓ પણ આ "ભાઇ કિશોર" વાળી લીંટીઓ મ્હને વધારે ગમતી.

એ કવિતાના રચનાર દલપતરામ કવિ (ક. દ. ડા.) ના પુત્ર ન્હાનાલાલ છે અને મણિભાઇ સાથે પત્રવ્યવહાર રાખે છે તથા કવિતાઓ રચે તે મોકલાવે છે એ વાત મ્હારા ભાઈએ કરી. આવી કવિતાની નકલો તેઓ કરી પોતાની પાસે રાખતા અને તે ફુરસદે વાંચતા. કલાપીની 'હૃદય ત્રિપુટી' ની પણ આવી નકલ મેં આ રીતે જોયેલી. તે કલાપીના પોતાનાજ અક્ષરો હતા કે કોઈ પાસે નકલ કરાવી તેમણે મોકલાવેલી તે યાદ નથી.

આ ન્હાનાલાલ કવિને ત્યારપછી છ સાત વર્ષે નજરે જોવાનો પ્રસંગ મળ્યો. ભાવનગરમાં મણિભાઈ દિવાનપરામાં રહેતા હતા અને કવિ સાદરા સ્કોટ કોલેજમાં પ્રીન્સીપાલ હતા, ત્યારે માંદા થઈ ગયા એટલે મણિભાઈ પોતે સાદરા તેડવા ગયા અને માંદામાંદા કવિને ભાવનગર લઇ આવ્યા એ બરાબર મ્હને યાદ છે. કવિ એકલાં નહોતા આવ્યા; સહકુટુંબ આવ્યા હતા. ત્યારે તેમને બે ત્રણ છોકરાં પણ હતાં.

કવિ સહેજ ઘરમાં હરવા ફરવા માંડ્યા એટલે એમના ગમ્મતી અને વ્હાલસોયા સ્વભાવથી સહુ પ્રિય થઇ પડ્યા. કાઠિયાવાડી અને અમદાવાદી ભાષાના ઉચ્ચાર હું ને બદલે હુ અને શું ને બદલે શુ કવિ બોલતા તેથી નવાઈ લાગતી અને રમુજ થતી. કવિનો માંદગીને લીધે ફીકકો થયેલો ચહેરો લાલ થવા લાગ્યો ત્યારે તેમની આંખોની નિર્મળતા અને ચહેરાનું તેજ પ્રત્યક્ષ થવા લાગ્યું. ત્યારે કવિનો ચ્હેરો લાંબો અથવા ગોળ નહિ પણ મને ચોરસ લાગતો. કવિની ઉમ્મર ત્યારે ૨૭–૨૮ જ હતી.

કવિ તે પ્રસંગે મહીનો બે મહીના રહ્યા. કવિપત્ની માણેકબ્હેન તો મણિભાઇના ઘરથી પરિચિત હતાંજ— ભાઇ જયંતકુમારના જન્મ સમયે તેઓ આ અગાઉ આવી ગયાં હતાં એટલે તેઓ મણિભાઇનાં વહુની સાથેજ ઘરનું બધું કામ કરતાં. મણિભાઇ રસોયો ન રાખતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે સૌની રસોઇ કરવાનું અને પીરસવાનું કામ ભાભી તથા માણેકબ્હેનજ કરતાં. એમના સાલસ સ્વભાવથી ઘરનાં નોકર-ચાકર સહુ રાજી રહેતાં. મ્હને તેમની આંખમાં જે વત્સલતા દેખાણી છે તેવી બીજી કોઈની આંખમાં મ્હેં જોઈ નથી. માણેકબ્હેનનો સ્હેજ શામળો વાન—કવિ તો ધોળાફુલ જેવા—અને ચહેરા ઉપર તરી આવતી આંખો, લંબગોળ મોઢું અને બોલે ત્યારે ફુલ ઝરતાં હોય તેવી વાણી એ કવિપત્નીને તેમના યૌવનમાં જોયેલા ભુલાતાં નથી.

કવિ હરતા ફરતા થયા એટલે મણિભાઈ તેમને મહારાજાસાહેબને, દિવાનસાહેબને તથા રાજ્યના નિવૃત્ત તેમજ હોદ્દા ઉપરના અધિકારીઓને મળવા પોતાની સાથે લઈ જવા લાગ્યા. કવિ ત્યારે ફેંટો બાંધતા. મણિભાઈની પેઠે આંટી પાડીને બાંધતાં તેમને ન આવડતું એટલે ફેંટો લાંબો કરે, એક બાજુ છેડો પોતે હાથમાં રાખે બીજી બાજુ છેડો પકડાવી મ્હને ઉભો રાખે અને ચોવડો કરી માથે વીંટવા માંડે. ન લાગે ફેંટો કે ન લાગે પાઘડી. મણિભાઈને ઘેર એક પંચાણુ નામનો નોકર હતો— પછીથી કારકુન થયો હતો, ભાતભાતના ફેંટા સરસ રીતે બાંધતો અને બહુ સ્વચ્છ કપડાં પહેરતો. એણે કવિને પછી ફેંટો બાંધતાં શીખવ્યો તોપણ ભૈયા માફક કપાળમાં વચ્ચે જગ્યા રહેતી.

કવિની ગદ્ય પદ્ય શૈલીની આ વખતે બધે ટીકા થતી. મણિભાઇને ત્યાં પણ જે લોકો મળવા આવે તે ટીકા કરે. કોઇક સંપથી અને કોઇક વધારે છૂટથી જમસેદજી માસ્તર ઉનવાળા સાહેબ, કોલેજના પ્રીન્સીપાલ અને કેળવણીખાતાના ઉપરી હતા. તેઓ વિદ્વાન તો હતાજ, રમુજી પણ એવાજ હતા. મણિભાઇ સાથે પણ વિચાર મતભેદ થાય અને ઘેર આવે તો ખુરશી ઉપર અવળું મોઢું કરીને બેસે અને પછી "મણિશંકર હું તારી સાથે નથી બોલતો" એમ કહે. તેમણે પણ કવિની ગદ્ય પદ્ય ડોલનશૈલી માટે સાંભળેલું એટલે કવિને મળવા આવ્યા ત્યારે કહે: "આ દલપતરામ કવિ જેણે પીંગળ રચ્યું, અનેક છંદો રચ્યા તેના દીકરા–તેણેજ પીંગળ ઉપર પાણી ફેરવ્યું. ભલા આ તો ગદ્ય પણ નથી અને કવિતા પણ નથી."

સાજા થયા પછી કવિ સાદરા ગયા કે અમદાવાદ તે યાદ નથી. પણ મણિભાઈ ઉપર ટપાલ નિયમિત આવે તેમાં તેમના જાપાની કે ચીનાઈ લિપિ જેવા દેખાતા અક્ષરોમાં કવિતાઓ આવ્યા કરતી. મ્હને એ અક્ષરો બેસી ગયા હતા એટલે હું રસથી વાંચતો Per Book-Post and one only એમ કવિતાઓ બુકપોસ્ટથીજ આવતી.

'જ્ઞાનસુધા'નો દસ બાર મહીનાનો એકજ અંક એક વખત ૧૮૯૯ માં પ્રકટ થયો હતો તેમાં વસન્તોત્સવ આખું છપાયું હતું–ત્યારે હું વાંચતો પણ કાંઇ સમજાતું નહીં. કવિએ ૧૯૦૩ કે ૧૯૦૯ માં એ પુસ્તકાકારે પ્રકટ કર્યું અને મણિભાઇ ઉપર દસ પંદર નકલ મોકલી–તેમાંની એક મ્હારે માટે પણ હતી. એની અર્પણ પત્રિકા એ એનું નવું અંગ હતું. 'જ્ઞાનસુધા' માં જે રીતે છપાયેલ તેમાં પણ ઘણા સુધારા વધારા હતા. એ અર્પણ પત્રિકા મણિભાઇને કરેલ છે એમ અંદર 'મણિ' શબ્દ આવે છે તેથી વાંચનારને ખબર પડે તેમ છે. તેમાં મણિભાઇની ધર્મ સંબંધી ભાવનાઓ અને માન્યતાઓનો માત્ર ઉલ્લેખ નથી–સ્તુતિ અને પ્રશંસા પણ છે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નથી અજાણ્યું ત્હારૂં, વિરમેછ કાળી યામીની,
સહુ સુગમ છે તુજને, સામગ્રી પ્રાણ પ્રકાશિની."

કવિ આગળ કહે છેઃ—

"રવિરાજ તુજને લાધ્યો, ત્હેં જોયું ત્હેનાં કિરણમાં,
કલ્યાણ સાગર ભાળ્યો, કીધ સ્નાન તેના ઝરણમાં.'

છેલ્લે કહે છેઃ—

"પીંચ્છ તુજ નવ બીડજે, સત્કારજે શુચિ ચન્દ્રિકા;
ઉડ ઉડ સખા! વેરાશે તુજ પાંખમાંથી વસન્તિકા."

મણિભાઇની આ સ્તુતિ સ્થાને છે. કવિ સર્વાંશે મણિભાઇની ધર્મ સંબંધી માન્યતાઓ સાથે મળતા થયા નહોતા; પરંતુ જે વખતે કોઇ પણ દિશામાંથી કદર કે પ્રોત્સાહન ન મળતું એ વખતે આ સ્તુતિ સંતોષજનક હતી.

મણિભાઇને કવિની કાવ્યશક્તિ માટે અસાધારણ માન હતું. ઘણીવાર કહેતા કે ન્હાનાલાલ જેવું સાહિત્ય ગુજરાતી સાહિત્યમાં તો ક્યાંય દેખાતું નથી પણ બીજી ભાષામાં પણ આવું સાહિત્ય હોવા સંભવ નથી. 'કલાપીના કેકારવ'ની પ્રથમ આવૃત્તિ પ્રકટ કરેલી ત્યારે પ્રસ્તાવનામાં લખ્યું હતું કે "કોઇ મહાકવિ આપણને થોડા વખતમાં દર્શન દેશે." એમાં ન્હાનાલાલ માટે નિર્દેશ ન્હોતો એમ હું કહી શકતો નથી.

વળી પહેલી સાહિત્ય પરિષદમાં 'આપણું નવીન કાવ્ય સાહિત્ય' એ નામનો નિબંધ મણિભાઇએ લખી વાંચી સંભળાવ્યો હતો, તેમાં "ઉગ્યો પ્રફુલ્લ અમીવર્ષણ ચન્દ્રરાજ" એ ન્હાનાલાલની લીંટી તેમનેજ લાગુ પાડી હતી એ સુવિદિત છે.

મણિભાઇએ ત્યારપછી કેટલાંક વર્ષે 'માલા અને મુદ્રિકા' પ્રકટ કર્યું, તેની અર્પણ પત્રિકા કવિને સંબોધીને લખેલ છે. તેમની સ્તુતિ કરતાં છેલ્લે લખ્યું છે કે કવિ ન્હાનાલાલ જેવા પારાશર્યને આ પુસ્તક અર્પણ કરૂં છું. મ્હને સહેજ શંકા હતી તેથી મ્હેં મણિભાઇને પૂછેલું કે આ પારાશર્ય એટલે કવિ પરાશર ગોત્રના છે એટલોજ અર્થ કે **पाराशर्य वचः सरोजममलं**માં જે વ્યાસને પારાશર્ય કહ્યા છે. પરાશરમુનિના પુત્ર એની સાથે સરખામણી કરવા માટે છે કે મહાભારતના રચયિતા સાથે આ સરખામણી છે? જવાબ આપ્યો કે બેઉ અર્થ.

કવિ સુધારક છે અને હિમ્મતવાન છે એમ વાતો સંભળાતી. જ્ઞાતિના ઉગ્ર બંધનોને એ સ્વીકારતા નહીં. આજથી ૪૦ વરસ અગાઉ જ્યારે બ્રાહ્મણો—શ્રીમાળી અને નાગરો સૌ-પરકોમના માણસને ઘેર ચા પણ ન પી શકતા ત્યારે કવિએ પોતાના મોટાપુત્ર મનોહરને ભાવનગરમાં રણજીતરામભાઇ (કાયસ્થ, વૈશ્ય) ને ઘેર બે ચાર માસ અભ્યાસ કરવા માટે રાખેલ. બાજુમાંજ કવિના જ્ઞાતિબંધુનું ઘર હતું, તે બધું જાણતા પણ કાંઇ બોલતા નહીં; કારણકે કવિ કાંઇ કાચા પોચા ન્હોતા—strong માણસ હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણિભાઈ સાથેનો કવિનો સંબંધ બે સગાભાઈઓ જેવો રહ્યો હતો. એકબીજાને માટે અસાધારણ આદર હતો. મણિભાઈ જ્યારે જ્યારે ડીસ્ટ્રીક્ટમાં જાય ત્યારે કવિ રજાઓમાં તેમને મળવા આવે. આવે એક પ્રસંગે કવિ મ્હારે ગામ લીલીયા આવ્યા. લાઠીથી ઠાકોર સાહેબની ઘોડા ગાડી લઇને આવ્યા હતા; કારણકે ઢસા-મહુવા રેલ્વે ત્યારે બંધાઈ ન્હોતી. ગામમાં દાખલ થતાં વહીવટદાર રહેતા હતા ત્યાં આવ્યા. મને કહે પેલા પ્રેમાનંદ મળ્યા હતા, આપણે એમને મળવા જઇએ. એ વખતે ત્યાં વહીવટદાર તરીકે પ્રાણશંકર પ્રેમશંકર શાસ્ત્રી હતા, તેમને એ પ્રેમાનંદ કહેતા હતા એમ હું સમજી ગયો. શાસ્ત્રીજી ઘણા સારા વિદ્વાન હતા, પટ્ટણી સાહેબના ઈષ્ટ મિત્ર હતા; મહારાજા સાહેબના પ્રીતિપાત્ર હતા. પ્રાણશંકરભાઈના પિતા પણ ત્યારે હયાત હતા—શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રીના માતામહ—તેઓ વૃદ્ધ હતા, અપંગ હતા અને બહેરા પણ થઇ ગયા હતા; પરંતુ કવિને મળવાની ઇચ્છા હતી. અમે તેમની પાસે ગયા. દલપતરામ કવિના પુત્ર તરીકે અને પ્રાકૃત-ગુજરાતીભાષાના કવિ તરીકે તેમને અભિનંદન આપ્યું. ન્હાનાલાલ નામ હોવાથી દલપતરામ કવિના સૌથી નાના પુત્ર હશે એમ ધારી વૃદ્ધ વિદ્વાને પૂછ્યું કે તમારા પિતાના તર્પણ અને શ્રાદ્ધના તમે અધિકારી છો અને એ રીતે કૃતકૃત્ય થશો. કવિ કહે હું સૌથી ન્હાનો પણ નથી તેમ મોટો પણ નથી એટલે શ્રાદ્ધનો અધિકારી નથી. આ વાત પછી ચાર પાંચ વર્ષે કવિએ શ્રીમદ્ ભગવદ્ગીતાનું ભાષાન્તર પ્રકટ કર્યું, તેમાં તેમના કવિ પિતાની કવિએ અત્યંત માનથી સ્મૃતિ તાજી કરી પિતૃઋણ ઉતારતા હોય તેમ તેમને અર્પણ પત્રિકા લખી ચિરંજીવ કર્યા છે.

કવિએ ત્યાર પછી કાંઇક શ્લોક સંભળાવવા કહ્યું. શાસ્ત્રીજીના પિતાએ ત્યાં દુર્ગાશંકરભાઇ બેઠા હતા તેમની રજા માગી કે હું કવિતા કહું? કારણકે પોતે વૃદ્ધ થયા હતા અને ઇશ્વરસ્મરણમાં કાળ વ્યતિત કરતા હતા, તેમાં શૃંગાર રસની કવિતા બોલવી ઇષ્ટ નહીં. દુર્ગાશંકરભાઇએ કહ્યું કે દાદા બોલો એટલે એક શ્લોક બોલ્યા. મ્હને તે યાદ નથી રહ્યો પણ ભાવાર્થ યાદ છે. એક યુવાન બગીચામાં મૂર્છિત પડેલો છે. આસપાસ સ્ત્રીઓનું ટોળું વીંટળાઇ કુતૂહલથી જોઇ રહેલ છે કે બીજી બધી રીતે તદ્દન આરોગ્ય જણાતો આ પુરુષ શી રીતે મૂર્છિત થયેલ છે? કાંઈ દંશ વગેરે તો દેખાતું નથી. પછી એક સખી બીજીને કહે છે કે આ મૂર્છિત નાયકના કાનમાં કહે કે તારી પ્રિયતમા આ આવી છે એમ કહેતાંજ એ પુરુષ જાગૃત થાય છે—આળસ મરડી બેઠો થાય છે અને પ્રિયતમાની ભાળ કાઢવા માંડે છે.

આ શ્લોક કદાચ 'અમરૂશતક' માં હશે કે પ્રેમશંકર શાસ્ત્રીએ પોતે એ રચેલો પણ હોય કારણકે તેઓ સંસ્કૃત અને વ્રજભાષામાં સારી કવિતા લખતા.

કવિ આ દિવસોમાં પોતે મુંબઇથી આવ્યા હતા અને કેટલાંક નાટકો જોયાં હશે તેથી મુંબઇના બે પ્રસિદ્ધ નટ અને કવિની વાત તેમણે કરી. સ્વ. વિજયશંકર કાલિદાસ એક સારા નટ હતા, કવિ હતા. ચાળીસ વરસ અગાઉ જે નાટકો ભજવાતાં તેમાં તેના જેવા નટ બહુ ઓછા હતા. અમૃતકેશવના સમકાલીન અને મિત્ર નારસિંહ ડાકુના પાઠથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બહુ પ્રસિદ્ધિ પામ્યા હતા. સારામાં સારા પારસી ખેલાડીઓની હરોળમાં તેમની ગણના થતી. પછી તો પોતે પોતાની કંપની સ્થાપી, નાટકો લખ્યાં, ભજવતાં; પરંતુ અકાળે મરણ પામ્યા.

બીજા મૂળશંકરભાઈ કવિ સંબંધે સદ્‌ભાગ્યે ૮૪ વર્ષના આજે આ નાટ્યકાર અહીં (ભાવનગરમાં) નિવૃત્તિ સેવે છે. એમનું 'કામલતા' નાટક કવિ જોઈને આવેલ અને તેની ઘણી સ્તુતિ કરતા "મૂળશંકરભાઈ એ નિસર્ગ કવિ છે અને એની જેવો નાટ્યકાર મેં જોયો નથી એમ કહેતા, અને તેમની કેટલીક કવિતાઓ કવિ બોલતા, 'ભરીયાં પ્રેમ તળાવ' તથા 'મ્હેં દુનિયા સઘળી જોઈ કોઈનું ન દીઠું કોઈ–' એ બે તો તેમને બહુ પ્રિય હતી.

કવિ આખો વખત મજા કરતા, ક્યારે વાંચતા કે લખતા એ ખબર નથી, પણ એ વખતે તો ગમ્મત કરવાજ આવતા હતા. બે ચાર દિવસ રોકાઈ ચાલ્યા ગયા.

મેં એક તફાવત આપણા બીજા વિદ્વાન લેખકો કે કવિઓ અને ન્હાનાલાલ કવિ વચ્ચે જોયો છે. બીજાઓ સામાન્ય માણસોથી છૂટા પડી જાય છે. એઓ લેખ કે કવિતાની વાત હોય તોજ રસ લઈ શકે. જ્યારે કવિ તો ગમે તેની સાથે ભળી શકે. તેમના Level ઉપર રહી વાતચિત કરી શકે. ન્હાના નોકરો, શિક્ષકો, ખેડૂતો, વેપારીઓ સૌની સાથે ભળી તેના વાતાવરણમાં પોતાની જાતને નીચી ઉતાર્યા સિવાય ભાગ લઈ શકે.

કવિ વારંવાર મણિભાઈને ત્યાં આવતા તેથી મારે તેમનું સારૂં ઓળખાણ થયું હતું. મ્હને પોતાને ત્યાં રહેવા પણ કહેતા. એ રીતે તો હું જઈ ન શકયો પણ એક પ્રસંગે એકાદ અઠવાડીયું રાજકોટમાં રહેવાનું થયું ત્યારે કવિને ઘેર જ હું ઉતર્યો હતો. તેઓ કોલેજમાં ત્યારે ન્હોતા. રાજ્યના વડા ન્યાયાધીશ હતા. તેમના આતિથ્યની તો વાત જ નહીં. બન્ને વખત સાથે જ જમવા બેસતા. રસોડાનો એક ખૂણો બતાવી મ્હને કહે કે આ સ્થળે F. T. Brooks બેસીને જમ્યા છે. પોતે નાતજાતનો ભેદ રાખતા નહીં અને સૌની સાથે જ એક જ પંક્તિમાં બેસી જમતાં એ કહેવાનો હેતુ હતો.

રાજકોટમાં ત્યારે બલુભાઈ પણ હતા. તેમની સાથે પણ મ્હારે પૂરતો પરિચય હતો એટલે બપોરના ભાગમાં હું બલુભાઈને ત્યાં જતો અને ત્યાં બપોરના ચ્હા પીતો (એ અરસામાં હું ચ્હા ન પીતો તેથી બલુભાઈ એમની લાક્ષણિક શૈલીમાં કહે કે એવી ક્ષુદ્ર બાબતમાં શું મનોનિગ્રહ રાખો છો ? કોઈ મોટી બાબત હોય તો ઠીક. એક પ્યાલો ચ્હા પીવાય તો ય ઠીક ન પીવાય તો ય ઠીક. મ્હારૂં મન તેથી ડગ્યું ન્હોતું. પછી ચ્હાને બદલે કાંઈ બીજું પાપડ, શેવ વિગેરે આપતા.)

રાજકોટની સાહિત્ય પરિષદ ૧૯૦૯ માં મળી ગઈ હતી. અને બલુભાઈ અને કવિ વચ્ચેના વિરોધને ચિરંજીવ કરતી ગઈ હતી. એક બીજાને માટે જે વિશેષણો વાપરે તે ઉગ્ર જ. સામાન્ય નહીં તો પણ બલુભાઈ કવિ કરતાં ઘણાં વધારે નરમ. સાંઝે બલુભાઈ સાથે ફરવા જાઉં અને કવિ વચ્ચે મળે અથવા એમના મકાન પાસેથી નીકળીએ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિ ઊભા હોય તો બલુભાઈ એમની રીત પ્રમાણે સલામ કરે—એ સલામ આખા હાથની નહીં પણ એક આંગળીની. કવિ મૌન ઊભા રહી એ ઝીલે.

આ પ્રસંગે મ્હારા જાણવામાં આવ્યું કે કવિનો લેખન સમય મધ્યરાત્રીનો છે. આખો દિવસ કામકાજમાં હળવામળવામાં અને ગપ્પાં મારવામાં જાય. રાત્રે સૌ સૂતા પછી પોતે લખવા બેસે. વિજળીબત્તી ત્યારે ન્હોતી. વાલસટ રાખતા અને મીણબત્તીને અજવાળે લખતા. આંકેલા અને વગર આંકેલા કાગળનું રીમ આખું ટ્રંકમાં પડયું હોય એ ટ્રંક ઉઘાડી લખવું શરૂ કરે, સહેજે ત્રણ ચાર વાગી જાય.

સવારમાં કવિ ચ્હા ન પીતા, દૂધ પીતા અને મ્હેમાનોને પણ દૂધજ આપતા.

કવિને નોકરીને અંગે અનેક જાતની પ્રકૃતિના માણસોની સાથે પરિચય પડતો—તેમાંના કોઈ લુચ્ચા કે લબાડ પણ હોય પરંતુ કવિને તેની પરવા ન્હોતી. એક પોલીસ અધિકારીની વાત કરતાં કહે કે તેનામાં Woman & wine એ બે સિવાય કોઈ દુર્ગુણ નથી. અત્યંત મળતાવડો, પરગજુ અને બીજાને ઉપયોગી થઇ પડે તેવો સ્વભાવ તેનો છે. મેં કહ્યું પણ આ બે દુર્ગુણો આવ્યા પછી બીજા કયાની જરૂર છે? એટલે કવિ દરેક વર્ગના માણસો સાથે ભળે છે અને તેમની સાથે સંબંધ રાખે છે એવી તેમના વિરોધીઓ ગીલ્લા કરતા.

મણિભાઇ સાથેનો પત્રવ્યવહાર ચાલુ જ રહેતો. વારંવાર કવિતાઓ લખે તેની એક નકલ તેમની ઉપર અવશ્ય મોકલે જ. રણજિતરામભાઇ ભાવનગરમાં આવ્યા એટલે તેમની ઉપર પણ કવિ એક નકલ મોકલતા, મણિભાઇની નકલ મણિભાઈ વાંચી મ્હને આપી દેતા. ને હું મ્હારા મિત્રમંડળમાં વંચાવતો. એ રીતે 'કોઇ કહેશો એ શા વિચાર કરતી હતી?' અને 'મ્હારા કેસરભીના કંથ' મ્હને બહુ ગમેલાં. એ કવિતાઓ મ્હારી પાસે જ રાખતો એમ તો 'ઈન્દુકુમાર' આખું હાથનું લખેલ મોકલ્યું હતું, પણ એની બીજી નકલ ન્હોતી તેથી રણજિતરામભાઇએ અને મણિભાઇએ વાંચી પાછું મોકલી આપેલ.

રણજિતરામભાઈ અને કવિ તો બંને જૂના દોસ્તો. એક બીજા માટે એવો ઊંચો અભિપ્રાય કે પોતાની કોઇ કૃતિ એમની આંખ નીચે પસાર થયા સિવાય એ પ્રગટ કરતા નહીં. માસિકોમાં લેખ લખે, કવિતા લખે કે પુસ્તક લખે રણજિતરામભાઇની નજર તળે એ નીકળી જાય પછી જ પ્રગટ થાય. ૧૯૦૫ ની સાહિત્ય પરિષદના જન્મદાતા એ રણજિતરામભાઇ ૧૯૧૭ માં ગુજરી ગયા ત્યાંસુધીનાં બાર વરસો એ પરિષદને તેમણે પાળી, ઉછેરી, મોટી કરી અને પ્રતિષ્ઠિત કરી. પોતાના જીવનથી કદી ભિન્ન ન ગણી એ પરિષદમાં કવિને સ્થાપનાથી માંડી પોતાના અવસાનકાળ સુધી કોઇ દિવસ રસ ન્હોતો, કવિ જેવા પોતાના પરમ મિત્રને એ કોઈ દિવસ પરિષદ તરફ આકર્ષી શકયા નહીં. પહેલી પરિષદ વખતે કવિએ માત્ર તાર કરેલ Wish Parishad Success. મુંબઈમાં ભરાયેલ બીજી પરિષદ વખતે તેઓ આવી શકયા ન્હોતા. રાજકોટની ત્રીજી પરિષદની કાર્યવાહક કમીટીમાં શરૂઆતમાં હતા પણ પછીથી જે વિરોધ ઉભો થયો એ પ્રતિદિન એવી ઉગ્રતાને પામ્યો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિ કોઈ દિવસ પાછાં પગલાં કરી ન શકયા— પરિષદમાં કદી ભળી ન શકયા. વ્યકિત અને સંસ્થાની પ્રતિષ્ઠા એ પારખી ન શકયા. ઇ. સ. ૧૯૨૬ ની મુંબઈની પરિષદ વખતે શ્રી મુનશીએ કવિને મનાવવા પ્રયાસ કરેલો પણ તે સફળ ન થયો, એટલુંજ નહિ પણ જે વિરોધ હતો તે વધારે ઉત્કટ થયો અને એટલી હદસુધી ગયો કે શ્રી ગળીયારે ઉત્તમ સાહિત્ય માટે કવિને પારિતોષક આપવા જાહેર કરેલ તે પારિતોષિક પણ પરિષદ મારફત મળતું હતું તેથી સ્વીકાર્યું નહિ. કવિનો સ્વભાવ સમાધાનકારક ન્હોતો—તડ જોડ કરીજ ન શકતા, Extremes ઉપરજ રહેતા તેનું આ ઉદાહરણ છે.

રણજીતરામભાઇના અકાળ અવસાનથી કવિને સખ્ત આઘાત લાગ્યો. પોતે તુરતજ સુરત આવ્યા. બે દિવસ ત્યાં રોકાયા અને સ્હવાર સાંજ બહારની બધી પ્રવૃત્તિઓ મૂકી રણજીતરામભાઈનાં બા પાસે આવીને બેસી રહેતા. મૂક આશ્વાસન આપ્યા સિવાય બીજો રસ્તોજ ન્હોતો. મ્હને થાય છે કે કવિ એક અક્ષર પણ શાન્તિબેન પાસે કે રણજીતરામભાઈના બા પાસે બોલી શકયા ન્હોતા. ઘરની બહાર નીકળ્યા પછી મ્હને કહે કે આ પ્રસંગે આપણે શું કરી શકીએ ? દુઃખની સીમા રહી નથી પણ કોઈ ઉપાય નથી.

કવિ રણજીતરામભાઇને ભૂલી શકયા ન્હોતા જ. ૧૯૨૧ માં જ્યારે ગાંધીજી એક કરોડ રૂપીઆ, એક કરોડ મહાસભાના સભાસદો અને રેંટીયાના ફાળા માટે દેશભરમાં ઘુમી રહ્યા હતા ત્યારે સાન્તાક્રુઝની એક સભા વખતે અમે થોડા ઓળખીતાઓ કવિની આસપાસ સભા સ્થાનથી દૂર—એકઠા મળી વાતો કરતા હતા ત્યારે કવિ લાક્ષણિક શૈલીમાં બોલ્યા કે રણજીતરામ જો હયાત હોત તો તેમનું સ્થાન અમદાવાદના વિદ્યાપીઠના નિયામક તરીકેનું હોત. હું એના સિવાય બીજા કોઈ માણસની એ પદ માટે યોગ્યતા જોતો નથી. ગાંધીજી માટે પણ એવીજ ઉચ્ચ ભાવનાથી કહ્યું કે મુંબઈને આજસુધીમાં ત્રણ માણસોએ ઘેલી કરી છે. એક પ્રેમચંદ રાયચંદે–દરીયો પૂરવાની યોજના વખતે, બીજી નર્મદાશંકર કવિએ–પોતાનાં કાવ્યો લોકસમૂહ આગળ જાહેરમાં વાંચીને અને ત્રીજી આ ગાંધીજીએ. કવિએ એ વખતે સરકારી નોકરીનું ઘણું કરીને રાજીનામું આપી દીધું હતું અને ગાંધીજીની પ્રવૃત્તિમાં રસ લેતા. એ પણ ક્ષણિક રહ્યું. ત્યાં ગાંધીજીના અનુયાયીઓ સાથે ન ફાવવાથી અલગ થયા અને અંત પર્યંત એકાકી જીવન ગાળ્યું.

મણિભાઈ ૧૯૨૩ માં સ્વર્ગવાસી થયા એટલે કવિનું ભાવનગર આવવાનું બંધ થયું. મણિભાઇની એમના જીવન ઉપર જે Soothing effect હતી તે મણિભાઇના જવાથી બંધ થઈ. કવિએ જે વિષાદ અનુભવ્યો હશે તે શબ્દો દ્વારા વ્યકત કર્યો નથી. ત્યાર પછી પ્રસંગોપાત ભાવનગરમાં તથા બીજે જે ભાષણો કવિ આપતા તેમાં મણિભાઇનું સ્મરણ કરવાનો યોગ આવે ત્યારે એમના દેહનું, વ્યકિતત્વનું અને નિસર્ગ કાવ્યશક્તિનું એ અત્યંત હૃદયંગમ ભાષામાં વર્ણન કરતા.

મણિભાઇ સાથેના કવિના સંબંધમાં ગેરસમજ ઉભી થાય એવો એક પ્રસંગ ૧૯૧૦–૧૧માં બન્યો હતો. એ જુદી દિશામાંથી થયો હતો. ભાવનગરના મહારાજા સાહેબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિને સારી રીતે પીછાનતા થઇ ગયા હતા, કવિ રાજકુમાર કોલેજમાં પ્રોફેસર હતા તે પણ તેમને ખબર જ હતી. સ્વ. દલપતરામકવિને ભાવનગર રાજ્ય તરફથી વર્ષાસન મળતું હતું, જે તેમના અવસાનપછી ચાલુજ રહ્યું હતું. આ સંબંધોથી પ્રેરાઇ મહારાજાસાહેબે કવિને કેળવણીખાતાના ઉપરી બનાવવા ઇચ્છા કરી અને કવિને એ વાત જણાવી. મણિભાઈ એ વખતે કેળવણીખાતાના ઉપરી હતા. મણિભાઇની જગ્યા કવિ લે એટલે મણિભાઈનું શું ? કવિએ મહારાજાસાહેબને એ વાત સ્પષ્ટ જણાવી કે મણિશંકરને બીજી કોઈ વધારે યોગ્ય જગ્યાએ મૂકો તોજ હું એમની જગ્યા સ્વીકારૂં. પટ્ટણીસાહેબની જાણ બહાર આ વાત આટલે સુધી આવી હતી. એમને ખબર પડી એટલે એ વાત આગળ વધી નહીં. અને મણિભાઇ એ વખતે તો ચાલુજ રહ્યા. બધું વાતાવરણ શાન્ત થયા પછીથી રાજ્યે કૌશિકરામભાઇને આણ્યા અને મણિભાઇને ખાનગીખાતામાં ફેરવ્યા.

કવિને ૧૯૨૧ થી ૧૯૩૦ સુધીનાં ગાળામાં મળવાના ઘણા પ્રસંગો આવ્યા હતા. ૧૯૨૬ થી પરિષદ અને મુનશી તથા લીલાબેન સાથે જે વિરોધ ઉભો થયો તેનું ખાસ સ્મરણ ન કરતા પણ એમને ઘણુંજ માઠું લાગ્યું હતું એમ હું જાણું છું. મુનશી સાથેના મ્હારા સંબંધથી એ ઉગ્રતાથી વાત ન કરતા એમ નહિજ—પણ જીવનમાં જે નિરાશા સાંપડી હતી તેથી એમનો વજ્ર જેવો કઠણ દેહ પણ નરમ પડયો હતો. ૧૯૨૯ માં એક દિવસ સાંજે તેમના ભદ્રના મકાનમાં તેમને મળ્યો ત્યારે ચાર કલાક રોકી રાખ્યો—ઘણી જૂની વાતો કરી. આતિથ્યનો તો સવાલજ નહીં. ચ્હા, દૂધ, કોફી, ખાવાનું એક પછી એક બાઈ ને લાવવાનું કહે અને એ અત્યંત નિષ્ઠાવાન પત્ની પતિનો પડ્યો બોલ ઉપાડી બધી વસ્તુઓ હાજર કરે.

"પ્રાણેશ્વરી વૃતિની જીવન સાથ કેરી,
કીધું પ્રેમાળ મુજ સંગ ભવાટવીમાં;
તેં પોષી આત્મકળી પાંખડીઓ ઉઘાડી,
ખીલી કંઇક કંઇ ધૂળ વિષે ખરી તે."

કેટલાંક કાવ્યો ભાગ ૧ ની અર્પણ પત્રિકા જેને સંબોધીને લખાયેલ છે એ માણેકબ્હેન ત્યારે તો ૫૦ પચાસની ઉમ્મર વટાવી ગયાં હતાં. એ અર્પણ પત્રિકા લખાઈ એ અગાઉ કોઇ લેખકે પોતાની ધર્મપત્નીને પુસ્તક અર્પણ કર્યાનું જાણવામાં નથી અને કવિએજ એ દિશામાં પહેલ કરી એમ હું માનું છું. માત્ર સ્નેહ પ્રદર્શનનો એ સવાલ ન્હોતો, ઔચિત્ય અનૌચિત્ય વચ્ચેનો એ સવાલ હતો.

કવિના જીવનમાં સૌથી મહત્વનો પ્રસંગ એમની ૫૦ મી જન્મ જયંતી. મુંબઇ, અમદાવાદ, વડોદરા, સુરત નડીઆદ વગેરે સ્થળે સ્થળે પુષ્કળ માન તેમને મળ્યું હતું. એ દરેક પ્રસંગે અને સ્થળે કવિએ લખેલ અને વાંચેલ સંબોધનોમાં તેમના જીવનના અનેક પ્રસંગો તો છેજ. ઉપરાંત મિત્રોની સ્તુતિ અને વિરોધીઓને કટાક્ષ વાકયો એમાં વાપર્યાં છે કે એ પ્રસંગ વીત્યા પછીથી મહીનાઓ સુધી તેની રૂચિ ચર્ચાઓ ચાલ્યા કરેલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઇનગરીએ સૌથી વિશેષ માન આપ્યું હતું એમ હું માનું છું. કવિની કવિત્વ શક્તિ—"મેધા, પ્રતિભા, નવનવોન્મેષ શાલિની છે" એમ શ્રી અંબાલાલ જાનીએ 'ગુજરાતી'ના એક અંકમાં લખેલું યાદ છે. મુંબઈ તેમજ સમગ્ર ગુજરાતે પોતાના એક કવિની આવી કદર કર્યાનો કોઇ બીજો પ્રસંગ નોંધાયો નથી.

એ પ્રસંગ ઉજવાયો ત્યારે કવિ એક લાંબી માંદગીમાંથી ઉભા થયા હતા. પોતાના ૫૧ મા જન્મ દિવસે સં. ૧૯૮૩ ના ચૈત્ર સુદી ૧ ને દિવસે પ્રાતઃકાળમાં પોતાના પિતાએ માન્ય કરેલ સ્વામીનારાયણ ભગવાનનાં દર્શન કરી તે દિવસની દિનચર્યા શરૂ કરી હતી. કવિ મૂર્તિપૂજાને માનતા નહીં પણ ઉત્તરાવસ્થામાં સ્વામીનારાયણ સંપ્રદાય ઉપર તેમને શ્રદ્ધા બેઠી હતી એમ જણાય છે અને જીવનનાં છેલ્લાં વરસોમાં તો એ 'હરિલીલા' લખવામાંજ પ્રવૃત્ત રહેતા હતા એમ જાણ્યું છે. યુવાવસ્થામાં કવિ નાસ્તિક હોય તેમ કોઈ માની લે નહિ. પ્રભુ ઉપર, ગુરૂ ઉપર અને સજ્જન ઉપર તેમને અગાધ આસ્થા હતી. એક વખત ભાવનગરમાં રણજીતરામભાઇને ત્યાં નાનાભાઇ ભટ્ટ મળવા આવ્યા હતા—ત્યારે કવિ ત્યાં બેઠા હતા. નાનાભાઇ નથુરામ શર્માના શિષ્ય હોવાનું કવિ જાણતા હતા એટલે કવિએ તેમની અનોખી શૈલીમાં નાનાભાઇને પૂછ્યું કે "તમારા નથુરામ મહારાજમાં ધર્મગુરૂ તરીકે ખાસ કયો સદ્‌ગુણ ?" નાનાભાઈ થોડીવાર વિચારમાં પડ્યા અને બોલ્યા Tolerance—એટલે કવિ કહે એ તો Negative ગુણ છે. કોઈ બીજો હોય તો કહો. નાનાભાઇ આગળ કાંઇ બોલ્યા નહિ. ધર્મસંબંધી કવિનું માનસ કઈ જાતનું હતું એ જાણવા માટે આ એકજ દાખલો બસ છે તેઓ Rationlist હતા તેમ હું માનું છું.

ભદ્રનું ઘર બદલાવી એલીસબ્રીજને પાર જે બંગલામાં કવિ રહેતા ત્યાં પણ ઘણીવાર હું તેમને મળતો. એક પ્રસંગે તો તે માંદા હતા—તેમના ખંડમાં કવિ દલપતરામની રંગીન છબી ટાંગેલી હતી તેમાં દલપતરામ કવિના મુખ જેવીજ કવિની મુખમુદ્રા થઇ ગઇ હતી. આંખ પણ અસલ દલપતરામ કવિના જેવીજ અરધી ઉઘડેલી અને અરધી બંધ દેખાતી હતી. પિતા પુત્ર બન્નેને આંખની બીમારી છેલ્લી અવસ્થામાં ભોગવવી પડેલી.

મને કેડમાં દુખાવો રહેતો અને શીયાળામાં ઘણું વધારે દુઃખ થતું એમ એમણે જાણ્યું એટલે તરત ઉપચાર બતાવવા માંડ્યા—કોઇ ઝાડનાં પાંદડાં લેવાનાં હતાં—ગરમ કાપડનો પટ્ટો કેડે બાંધી રાખવાનો હતો અને એ સિવાય બીજા બે ત્રણ નુસખા. મને થયું કવિ વૈદ અને ડોકટર ક્યાંથી થયા ?

એક છેલ્લું સ્મરણ ૧૯૪૩ નું. મ્હારા ઘરમાં માંદગી રહેતી હોવાથી હું ધોળા જંકશનમાં હવાફેર માટે રહેતો હતો. કવિ લાઠીથી સહકુટુંબ પાછા ફરતા હતા. માર્ચ, એપ્રીલમાં પણ તેમની તબીયત લાઠીનો તાપ સહન ન કરી શકી તેથી ઠાકોરસાહેબનો તો આગ્રહ ત્યાં માસ બે માસ રોકવાનો હતો, છતાં અઠવાડીયું રહીને પાછા ફર્યા. થર્ડ કલાસના ડબામાં બીજા ઉતારૂઓ સાથે ઘણી ગીરદીમાં માથા ઉપર ધોળો ટુવાલ નાખી કવિ સ્વસ્થતાથી બેઠા હતા. આંખે સારી રીતે ઝાંખપ આવી હતી—બ્હેરા તો પહેલેથીજ હતા તેમાં વય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધતાં વધારો થયો હતો. મ્હને જોઈ બહુ ખુશી થયા. "આંખ્ય, પાંખ્ય", બોલનાર કવિ "સાચ્ચું અને ખોટું" એમ પણ ભાર દઈને બોલતા અને લખતા તે "કાક્કો, કાક્કો" (Uncle) કહી મ્હારા ઉપર સ્નેહ વર્ષાવવા લાગ્યા. મારી સ્ત્રીની તબીયતના ખબર જાણી કહે "ચાલો મારે ત્યાં અમદાવાદ; બધી ગોઠવણ રહેવાની અને દવાદારૂની કરી આપીશ" આ કાંઈ વ્યવહારમાં જેમ ઔપચારિક વાણી વાપરીએ છીએ તેવાં વાકયો ન્હોતાં, અંતઃકરણનાં વાકયો હતાં. મેં મુશ્કેલીઓ જણાવી અને અહીં બધી અનુકૂળતા છે એમ કહ્યું એટલે સંતોષ બતાવ્યો. એ વખતેજ એક કવિતાની ચોપડી પ્રકટ કરી હતી તે પેટીમાંથી કાઢી મ્હને ભેટ આપી, પોતે સંતરા ખાતા હતા તેમાંથી મ્હને ભાગ આપ્યો અને "બાઇ"ને કહી કરંડીઆમાંથી બીજું ફ્રુટ મને આપ્યું. કવિની શારીરિક શક્તિ જર્જરિત થઈ હતી પણ જુસ્સો અને સ્વભાવની ઉદારતા એનાં એજ હતાં.

કવિનું મિત્રમંડળ બહુ બહોળું હતું. સહેજ પણ ગુણ જુએ ત્યાં સત્કારવા હંમેશાં તત્પર રહેતા તેથી ઉગતા લેખકો તરફ હંમેશાં પક્ષપાત રાખતા; એ પક્ષપાતમાં માત્રાને ઘણીવાર અતિરેક થઈ જતો. પૃથુ શુકલની 'ફુલ પાદડી'ની ચોપડીની પ્રસ્તાવનામાં કવિએ લખ્યું કે પચ્ચીસ પચ્ચીસ 'કુસુમમાળા' અને પચ્ચાસ પચ્ચાસ 'ભણકાર' કરતાં આ કવિતામાં ઘણી વિશેષતાઓ છે. પૃથુ શુકલના લખાણમાં એટલા બધા સદંશો હશે તો એ જીવંત રહેશે એવી શ્રદ્ધા પ્રકટ કરવાને બદલે નરસિંહરાવ અને બલુભાઈની કવિતાની આવી અવહેલના કરવી કવિને છાજતી ન્હોતી; પણ તેમને કોણ કહે? તેમના બધા મિત્રોમાં ચન્દ્રશંકર પંડ્યા તરફ તથા કાન્તિલાલ પંડ્યા તરફ કવિનો વધારે પક્ષપાત હતો. ચન્દ્રશંકરની પદ્ધતિથી તેઓ પરિચિત હતા અને એક બાજુ નરસિંહરાવ, આનંદશંકર અને મુનશી સાથે સંબંધ રાખે બીજી બાજુ કવિને પ્રસન્ન રાખવા પ્રયાસ કરે એ વાત તેમને ખુંચતી છતાં ચલાવી લેતા. કાન્તીલાલભાઈનાં સૌજન્ય અને વિદ્વત્તાનાં તો કાયમ વખાણ કરતા. લલિતકવિ માટે પણ ઘણો સ્નેહ તેમને oblige કરવા કવિ ઘણા પ્રયાસો કરતા.

કવિ નિવૃત્ત થયા પછીથી કોઈ સંસ્થાઓ તરફથી કહેવામાં આવે તો ભાષણો આપવા અમદાવાદની બહાર જતા. આ રીતે સુરત, વડોદરા, મુંબઈ, ભાવનગર વગેરે સ્થળે જતા ત્યારે આમંત્રણ આપનાર સંસ્થા તરફથી કોઇ જાતનો પુરસ્કાર લેતા નહીં, રેલભાડું પણ કદી લેતા નહીં. આવી એક મુસાફરી પ્રસંગે વીરમગામમાં કવિ મળી ગયા. પોતે થર્ડ કલાસમાંજ હંમેશાં મુસાફરી કરતા. એ વખતે સ્વ. પટ્ટણીસાહેબ પણ બીજી ટ્રેનમાં હતા હું કવિ પાસે થોડીવાર ઉભો રહ્યો અને પછી કહ્યું કે મારે બીજે કામ છે તેથી જાઉં છું. કવિ કહે "પટ્ટણી સાહેબ આ ટ્રેનમાંજ મુસાફરી કરે છે એ મ્હને ખબર છે. તું તારે ત્યાં જા." કવિનો સ્વભાવ એવો માની હતો કે એ પટ્ટણીસાહેબને મળવા સલુનસુધી જાયજ નહીં. તેથી તેમને એ પ્રમાણે કહ્યા કહેવું ઉચિત ન લાગ્યું. પટ્ટણીસાહેબને જો ખબર હોય કે કવિ ટ્રેનમાં સાથે છે તો એને તુરત મળવા ચાલ્યા આવે એવી એમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરભિમાનતા હતી. હું જો જે વાત એ જાણતા ન્હોતા એ કહું તો તરત કહે "મને કવિ પાસે લઇજા" પણ એમને એટલો શ્રમ પડે એ હું ઇચ્છતો ન્હોતો તેથી મેં કાંઇજ કહ્યું નહીં. ફરીથી ટ્રેન ઉપડ્યા અગાઉ કવિને તો હું મળ્યો જ હતો.

ઇ. સ. ૧૯૨૯ માં કવિ ભાવનગરમાં આવ્યા હતા અને એક ચિરંજીવ ભાષણ આપી ગયા હતા. એ ભાષણમાં પટ્ટણી સાહેબના તંત્ર માટે આકરી ટીકાઓ હતી. ભાઇચન્દ્રશંકર પંડ્યા પાસેથી જાણ્યું છે કે એક સારી રકમ કવિને, તેમની સાહિત્યસેવા માટે—ભેટ આપવા રાજ્ય તૈઆર હતું. પણ એ ન બની શક્યું અને કવિને વાર્ષિક ૫૦૦) પાંચસો રૂપીઆની રકમ આપવાની એ વખતથી શરૂ થઇ જે એમના જીવનપર્યંત ચાલુ રહી હતી. વીરમગામનો પ્રસંગ તો ત્યારપછીનો ઇ. સ. ૧૯૩૬–૩૭ નો છે.

ગુજરાત તથા ગુજરાતીભાષાનું એ એક સદ્‌ભાગ્ય છે કે છેલ્લા સો વર્ષમાં તેણે અનેક લેખકો, વિવેચકો અને કવિઓ તથા ફીલ્સુફોને જન્મ આપેલ છે. તેમાંના ઘણા તો એકજ વીશીમાં સં. ૧૯૧૧ થી ૧૯૩૩ સુધીમાંજ જન્મ્યા હતા. ગોવર્ધનરામ, મણિલાલ, નરસિંહરાવ અને બાલાશંકર, કાન્ત, કલાપી અને બલુભાઇ, આનંદશંકર, રમણભાઇ અને ન્હાનાલાલ તથા આ બધા વિદ્વાનો, વિવેચકો, કવિઓ અને ફીલ્સુફોના ચેર સમાન ગાંધીજી પણ એજ વીશીમાં જન્મ્યા હતા. આમાંના કેટલાક એક બીજાના અત્યંત નિકટ પરિચયમાં આવ્યા હતા અને સાહિત્યની અનુપમ સેવામાં તેમણે જીવન વીતાવ્યું હતું એ હકીકત હવે પછીના જમાનાના લોકો ઘણાજ આદરથી નીહાળશે, અને આ જમાનાના લોકોના જીવનને ધન્ય ગણશે.

લાભશંકર પ્ર. ભટ્ટ

સાબરમતી ખંભાતના અખાતમાં સમાય છે. ખંભાતનો અખાત અરબ્બી સમુદ્રમાં સમાય છે. હિન્દી મહાસાગર પૂર્વે પાસીફિકમાં અને પશ્ચિમે આટલાન્ટિક સમાય છે. અને પાસીફિક ને આટલાન્ટિક પછી પૃથ્વીગોળને ઘેરીને વહે છે.

એમ આંખડીમાં અનન્તને સમાવવો, આભ સંકેલી હાથેળીમાં ઝાલવો, કાળની વીંઝાતી પાંખના પલકારાંઓથી પર વિચરી અસ્થિરમાંથી સ્થિરમાં, ક્ષણિકમાંથી ચિરંજીવમાં, અણુમાંથી વિરાટખોળે જઇને બેસવું એ યુગયુગાન્તરનાં દર્શન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્ઘ્યાંજલિ

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકુમાર કોલેજમાં અધ્યાપક તરીકે

પશ્ચિમ હિંદ એજન્સીના
કેળવણી ખાતામાં મુખ્ય
અધિકારી તરીકે



કવિવર તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિશ્રી ન્હાનાલાલ

સંસ્કૃતમાં કવિ એટલે કાલિદાસ અને અંગ્રેજીમાં નાટકકાર એટલે શેકસપીઅર એમ ગુજરાતીમાં કવિ એટલે ન્હાનાલાલ જ બોલી ઊઠાય એટલી અનન્ય પ્રતિષ્ઠા શ્રી ન્હાનાલાલને મળી ગયેલી માની શકીએ એવી સ્થિતિ નહિ હોવા છતાં એટલું તો ગુજરાતમાં અને ગુજરાતીભાષા માટે અવશ્ય સ્વીકારવામાં આવશે જ કે નરસિંહ, મીરાં અને અખો, પ્રેમાનંદના જેટલું જ માન અને ગોવર્ધનરામ ત્રિપાઠીના જેટલું જ અભિમાન દરેકે દરેક ગુજરાતીને ન્હાનાલાલ માટે છે અને સદાકાળ માટે રહેશે.

કવિ દલપતરામ જેટલા પ્રમાણમાં ૧૮૫૦ થી ૧૯૦૦ સુધી વ્યાપકરૂપે વંચાતા અને પૂજાતા હતા તેટલા વ્યાપકરૂપે ન્હાનાલાલ ૧૯૦૮ થી ૧૯૪૮ સુધી કદાચ વંચાયા નહિ હોય, પણ દલપતરામથી વધારે નહિ તો દલપતરામ જેટલી પૂજા તો તે અવશ્ય પામ્યા હતા. કવિ તરીકે બાપથી સવાઈ જ નહિ, પણ બમણી, ત્રમણી, અરે ! અનેકગણી કીર્તિ તે પામ્યા છે અને આજ તેની પૂજા માટે ગુજરાત કાંઇક અધૂરી તૈયારી બતાવે છે એમ કોઇને લાગે તેવી સ્થિતિ જણાતી હશે, તોપણ ભવિષ્યમાં તો સમગ્ર સુશિક્ષિત અને સદ્‌ભિનિવેશશાલી ગુજરાતીઓ તેની ઉમળકાભરી પૂજા માટે અધીર થઈ રહેશે એ આશા અત્યાશા નહિ જ ગણાય.

ન્હાનાલાલે ગુજરાતને પ્રથમ કાવ્ય આપ્યું ત્યારથી તે છેવટ છેવટની કૃતિઓ સુધી હમ્મેશાં આનંદ, ઉચ્ચધ્યેય, પવિત્ર આશય અને પાવનકારી વિચારોથી ભરપૂર પ્રસાદીના ઓઘેઓઘ વર્ષાવ્યા કર્યા છે. 'વસન્તોત્સવ' માં રમણીય વર્ણન, યુવાનોનાં ભાવભર્યાં હૃદયોનાં કમ્પન અને અનુકમ્પનથી ઝણઝણી રહેતાં, યથાસ્થિત અને સંપૂર્ણ નર્તનો, અને ઉગ્ર અને ઉદ્દામ ગણાય તેવી સુધારકભાવના વાળી હોવા છતાં તેમાં વિવેક અને ઉચ્ચગ્રાહ સાથે જીવનની પવિત્ર અને પૂર્ણ સરણિના જે ખ્યાલ રજૂ કરવામાં આવ્યાં છે, તે ૧૮૯૮ માં તો અજબ અને સુંદર લાગતા હતા, પણ હજી આજ પણ તે ખ્યાલો તેવા અને તેટલાજ અજબ અને સુંદર લાગ્યા કરે એવા ખરેખર નિત્યનવીન છે.

અને એજ પ્રમાણે એક પછી એક પ્રકટ થતી ન્હાનાલાલની કૃતિઓ, પૃથગ્જનને કાંઈક દુર્બોધ અને અંગ્રેજીદ્વારા શિક્ષણ પામેલાં સુશિક્ષિતોને પણ કાંઇક શ્રમબોધ્ય લાગતી હોવા છતાં, સુંદર સત્કાર પામતી રહી, એક પછી એક પ્રકટ થતી કૃતિ વધારે ને વધારે સત્કાર અને સન્માન પામતી ગઇ, 'ઈન્દુકુમાર' અને 'જયા જયન્તે' તો સમગ્ર સાહિત્યમાં ઉત્તમોત્તમ સ્થાન મેળવ્યું; 'કેટલાંક કાવ્યો' ના પહેલા ભાગ વખતે. "હા, તે સંગ્રહમાં કેટલાંક કાવ્યો તો છે ખરાં" એવો અર્ધસત્કાર કરનારાઓને પણ 'કેટલાંક કાવ્યો' નો બીજો ભાગ બહાર પડતાં મુક્તકંઠે સ્વીકારવું પડ્યું કે ગુજરાતી સાહિત્યમાં સુંદર કાવ્યો આપવા માટે તે બંને ભાગોના લખનારને ખરેખર બહુમાન ઘટેછેજ. 'યૌવના' 'સૌભાગ્યવતી' 'વિલાસની શોભા' 'હરિનાં દર્શન' વગેરે કાવ્યો ગમે તે ભાષાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદરમાં સુંદર કાવ્યો જે આનંદ, કવિત્વાદર્શ, ઉત્કૃષ્ટ અને મનોગમ શબ્દાવલી ને પવિત્ર, ઉચ્ચ, દિવ્યતા ભર્યા વિચારો આપી શકે, તે બધીજ સામગ્રી પૂરી પાડનારાં છે; ઉપર ગણાવ્યા તે અને બીજા પણ અનેક કાવ્યો તેવાં છે એમ ન્હાનાલાલનો કયો વાચક નહિ સ્વીકારે? કવિશ્રી ન્હાનાલાલે 'પ્રેમભક્તિ' તખલ્લુસ ધારણ કર્યું હતું. આપણે જોઈ શકીએ છીએ કે પ્રેમનાં ઉંચામાં ઉંચાં અને પવિત્રમાં પવિત્ર દર્શન તે કરી શક્યા છે અને અનેક ચિરંજીવી કાવ્યોથી વાચકોને પણ પ્રેમની ઉચ્ચોચ્ચ કોટિનાં દર્શન કરાવી ગયા છે. ન્હાનાલાલમાં ખાસ પ્રશંસનીય અને અનુકરણીય ગુણ તો એ જોઇએ છીએ કે તેમણે પ્રેમને શૃંગારનાં નિરંકુશ નર્તન કે જુવાનીના મદોત્મત્ત વિહાર તરીકે નહિ વર્ણવતાં, વિશુદ્ધમાં વિશુદ્ધ અને ઉંચામાં ઉંચા દિવ્ય પ્રેમનેજ હંમેશાં ખરો પ્રેમ માન્યો છે— અને એવા સ્વર્ગીય પ્રેમને દુન્યવી સ્વરૂપમાં રજૂ કરી, ગુજરાત પર જ નહિ, સમગ્ર ભારત પર જ નહિ, પણ સકળ માનવજાતપર, મોટામાં મોટો ઉપકાર કર્યો છે.

જેમ પ્રેમને તેના સાચા દિવ્યસ્વરૂપમાં બતાવ્યો અને ગાયો છે તેમજ તેમણે ભક્તિને પણ જીવનને આત્યંતિક મોક્ષ આપનારી અંધતાનાં આવરણોને ખસેડી શ્રદ્ધા અને આસ્થા કેવાં બળ અને કેવાં સનાતન સુખ આપી શકે છે એ બતાવી ભક્તિનું દિવ્ય અને શુદ્ધ સ્વરૂપ રજૂ કર્યું છે એ પણ વાચકોથી ક્યાં અજાણ્યું છે?

પ્રેમભક્તિના સેવક અને પૂજારી હોવા સાથે, ન્હાનાલાલે માનવ જીવનનાં બીજાં અનેક ક્ષેત્રો પર નજર નાખી છે, વિહાર કર્યો છે, કૃષિકાર્ય પણ કર્યું છે. ઇતિહાસના તો તે અશ્રાન્ત અભ્યાસી અને અટંગ ઉપાસક હતા. અધ્યયન માટે પસંદ કરેલા દરેકે દરેક વિષયનો ઇતિહાસ તે પહેલાં જાણી લેતા અને ઉંડી અન્વેષણ દૃષ્ટિથી નિરીક્ષણ કરતા, કે ગહનમાં ગહન તત્ત્વ પણ તેઓ હસ્તગત કરતા; પોતાના શ્રમનાં ફળની રજૂઆત એવી સુંદર રીતે કરતા કે સંક્ષેપમાં પણ સંપૂર્ણ માહિતી આપી શકતા અને ભૂતકાળનાં વેધક દૃષ્ટિ ભરેલાં દર્શનથી તે ભવિષ્યને માટે એવી આગાહી ભાળી શકતા કે તેમાંની કોઇ કોઇ તો આજે સાચી પડી ગયેલી આપણે જોઇ શકીએ છીએ. સારથિ અને મહાભારત, અકબરશાહ અને જહાંગીર–નૂરજહાં, એ પુસ્તકોના અને જૂદે જૂદે પ્રસંગે વ્યાખ્યાન આપતી વખતે રજૂ કરેલી ભૂમિકાઓના અભ્યાસથી વાચકને ન્હાનાલાલના ઇતિહાસના પક્ષપાત અને ઇતિહાસના અભ્યાસની માહિતી બહુ સરળતાથી સુજ્ઞાત થાય છે.

પ્રેમભક્તિ અને ઇતિહાસના જેટલું જ મહત્વ ન્હાનાલાલને મન તત્ત્વજ્ઞાનનું હતું. તત્ત્વજ્ઞાનના પક્ષપાતે બ્રહ્મ શબ્દ અને તે શબ્દ પરથી સુબદ્ધ થયેલી તેમની ભાવના ન્હાનાલાલના વિચારમાં અને લેખનમાં એવી વ્યાપક બની ગઇ છે કે બ્રહ્મ શબ્દનો ઉપયોગ તેમના લખાણોમાં કઈ કઈ અને કેટલી કેટલી જૂદી જૂદી રીતે થયેલો છે એ ન્હાનાલાલના અભ્યાસીને કદાચ મુંઝવી નાખે એવો પ્રશ્ન ગણાય.

રાસ અને ગીતોનાં લખનારા તરીકે રસ, માધુર્ય, લય અને કોમળભાવોના લખાણમાં તેમનાં પ્રભુત્વ અને વિજયની બરોબરી કરી શકે એવો જૂના કવિઓમાં નરસિંહ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાં કે દયારામ સિવાય બીજો કોઈ મૂકી શકાય એવું નથી. રાસને આધુનિક વાતાવરણમાં પ્રચલિત અને પ્રિય કર્યાનું માન કદાચ ન્હાનાલાલને જ અપાશે, અને વાચકને સંગીતાનંદ અને સાહિત્યાનંદમાં નવરાવનારાં તેમનાં ભાવની કોમળતાભર્યાં, અનન્ય માધુર્યભર્યાં, દિલને ઉંચી મોજથી ડોલવનારાં ગીતો, આપણાં ગીતસાહિત્યમાં કદાચ ઉત્તમોત્તમ ગણાશે–હજી સુધી તો ઉત્તમોત્તમજ ગણાય છે.

આર્ય જીવનનાં ખરાં ધ્યેયોને સમજનારા ગુજરાતમાં કદાચ બહુ નહિ હોય—આજે છે તેના કરતાં પણ સો પોણોસો વર્ષ પહેલાં કદાચ થોડા હશે–હા, આર્ય જીવનમાં ગતાનુગતિક શ્રદ્ધાથી નિમગ્ન રહેલા તો પહેલાં ઘણા હતા, હમણાં પણ સારા પ્રમાણમાં હશે. પણ જીવનનાં ધ્યેયોનું, જીવનના આદર્શોનું અને જીવનની ક્રમબદ્ધ સર્વતોભદ્ર સરણિનાં રહસ્યો અને કારણોનું જ્ઞાન ધરાવનારા, તેની શોધ કરનારા, તેને જનસમાજ માટે રજૂ કરનારા તો આપણને છેલ્લા પચાસ પોણોસો વર્ષોમાંજ મળવા લાગ્યા છે. અંધારભર્યા જમાનાઓમાં આર્ય જીવનની પ્રણાલિકા તદ્દન નષ્ટ થઈ નહોતી–છતાં તે જીવન સરણિનાં મૂળમાં રહેલી શુભ અને પવિત્ર દૃષ્ટિનું ભાન તો બહુ વિરલ હતું. વિદેશી આક્રમણથી આર્યજીવનને ખૂબ જ અસર થવા માંડી હતી અને મુસલમાનોના આગમન પછી તો આર્ય ભાવનાને સખત આંચકાઓ સહન કરવા પડ્યા–આર્યોમાંના સંખ્યાબંધ જીવો આર્યત્વને તજી પરધર્મી થવા લાગ્યા હતા—તોપણ મુસલમાનો પર પણ આર્યધર્મ પોતાની છાપ પાડી શકે તેટલો વખત થયા પહેલાં ભારતદેશમાં અંગ્રેજોનો સંચાર થવા લાગ્યો. અંગ્રેજ દૃષ્ટાઓ એવા તો કાબેલ અને દીર્ઘદૃષ્ટિવાળા હતા કે તેમણે મુસલમાનો પેઠે પ્રત્યક્ષ વિરોધ તો ન કર્યો, પણ બાહ્ય દેખાવ તટસ્થતાનો જ રાખ્યો. પરંતુ તેમણે ભારતવાસીઓમાંના ઘણાને એવા તો મંત્રમુગ્ધ કરી દીધા કે શસ્ત્રને છૂપાવીને શાસ્ત્રદ્વારા–રહેણી કરણી, વિચાર આચાર, ખાનપાન, પહેરવેશ વગેરે બાબતોમાં–અંગ્રેજી ભાષાદ્વારા–અંગ્રેજી સંસ્કૃતિને ભારતનાં બાળકોમાં જીવનના પ્રારંભથી એટલો પ્રવેશ કરી દીધો કે ભારતવાસીઓ શસ્ત્ર નહિ, પણ શાસ્ત્રથી હણાઈ ગયા. ભારતનું સઘળું હીણું, અંગ્રેજોનું સઘળુંજ ઉંચું; એવો ખ્યાલ શહેરોમાં પેસી ગયો અને હળવે હળવે ગામડાંઓમાં પણ ઘુસવા લાગ્યો. અંગ્રેજીમાં Cultural defeat કહેવાય છે તેવી પ્રજ્ઞાહત સ્થિતિમાં ભારત એવો મૂઢ થવા લાગ્યો હતો કે સારાસાર વિવેક પણ નાબૂદ થવા લાગ્યો અને આર્યસંસ્કૃતિના સુંદર અંશો પણ તે ધસારા સામે ટકી શકયા નહિ. અલબત્ત, આર્યસંસ્કૃતિમાં જે જે દુષ્ટ અંશો ઘૂસી ગયા હતા તેના પર સુધારક પ્રવાહે ઘટતી જ અસર કરી અને દુષ્ટ અંશોનો પરિહાર કરવો જ જોઈએ એ તો દરેક સંસ્કૃતિએ સ્વીકારવુંજ જોઇએ. પરંતુ મોહવશ દશાને પ્રાપ્ત થઈ કેટલાક સુશિક્ષિત ભારતસંતાનો આર્યસંસ્કૃતિનાં મૂળ અને તેનાં રહસ્યો જોઈ શકતા નહોતા, ત્યારે થોડાક એવા પણ કાર્યકરો અને વિચારકો નીવડ્યા કે જે બંને સંસ્કૃતિની તુલના કરી, દુષ્ટ અંશો દૂર કરવાની જરૂર સમજાવવા લાગ્યા. આવા સમયમાં ભારતસંસ્કૃતિનાં સુંદર અંગોને બતાવનાર સંસ્કૃતિનાં સત્ત્વપૂર્ણ સદ્બીજોને જોનારા, રહસ્ય અને અંતરગતહેતુ સમજાવનારા જે જે વિચારકો અને લેખકો ગુજરાતને મળ્યા તેમાં ગોવર્ધનરામ ત્રિપાઠી અને ન્હાનાલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિ બહુ મહત્ત્વનું અને શુભપરિણામી કામ કરી ગયા છે. ગોવર્ધનરામે ગૃહજીવન, સાધુ-જીવન અને શહેરજીવનને સમજાવવા આજીવન લખ્યા કર્યું, તેમ ન્હાનાલાલે પણ દામ્પત્ય પ્રેમ, અને શુદ્ધજીવનને સમજાવવા, તેનાં રહસ્યો સમજવા, તેનાં શુભ ફળો બતાવવા, એક પછી એક સુંદર પ્રયત્નો કર્યા—ન્હાનાલાલનાં પુસ્તકો જીવનને ઉચ્ચ પ્રતિનું બનાવવા, જીવનમાં શુદ્ધ, નિર્ભેળ, રસોજ્જવલ આનંદ અનુભવવા અને જીવનને સુંદર અને દિવ્ય, કર્મશીલ અને ધર્મશીલ, સેવામય અને પરોપકારમય બનાવવા એટલાં બધાં પ્રયત્નશીલ છે, કે તે બધાનો અભ્યાસ કરી જીવનમાં તેને ઉતારવાનો પ્રયત્ન કરવામાં આવે તો સંસાર ખરેખર સ્વર્ગમય બની રહે.

આવી આવી અનેક ગુણ ભરેલી કૃતિઓ આપણને આપી જવા ભાગ્યશાળી બનેલા શ્રી. ન્હાનાલાલને સમજવા સમજાવવા કોશીશો થાય તે ઠીક છે, તે જરૂરનું પણ છે. બાકી શ્રી. ન્હાનાલાલ તો એવું કામ કરી ગયા છે અને એવું નામ મૂકી ગયા છે કે ગુજરાતી ભાષા બોલાશે ત્યાંસુધી તેનું વાચન ગુજરાતીઓને આનંદ અને જ્ઞાનનું અખૂટ લ્હાણું આપ્યા કરશે—પચ્ચીસ પચાસ વર્ષ સુધી તો ગુજરાતીઓનું અનન્ય રત્ન ગણાશે, અને ગુજરાત તેમના જેવા લેખકથી ભાગ્યશાળી લેખાશે.

ન્હાનાલાલની કૃતિઓ ગુજરાતમાં સારો પ્રચાર પામી છે અને પામ્યા કરશેજ. પરંતુ બધા વાચકો, બધાં પુસ્તકો મેળવી કે વાંચી શકે એ બનવું તો મુશ્કેલ છે–અને આપણા જેવા દેશમાં તો અશક્ય છે એટલે એકજ તરફથી અને એક રીતે બહાર પડતાં પુસ્તકો બહુ પ્રચાર ન પામે તો દેશ તેવા પુસ્તકોના વાચનથી અવશ્ય વંચિત જ રહે. ન્હાનાલાલનાં પુસ્તકો છપાય છે તેના કરતાં હવે વધારે સસ્તાં છપાય અને તેથી વાચકોને વધારે સુલભ થાય એ ખરેખર ઇષ્ટ છે. વળી, દરેક પુસ્તક સાદ્યન્ત જોઈ જનારા વાચકો કરતાં છૂટક છૂટક ઉતારાઓ અને સંગ્રહો વાંચવાનું પસંદ કરનારા વાચકો ઘણા વધારે હોય છે, જૂદી જૂદી પ્રતોના સંગ્રહોમાં જૂદા જૂદા લેખકોની કૃતિઓ આવવાથી, વાચકોના રસને ખોરાક અને પોષણ મળે છે અને લેખકોની કૃતિઓ પ્રચાર પામવાથી વધારે જાણીતી થાય છે એટલુંજ નહિ, પણ લેખકોનાં લખાણ વધારે મોટા સમુદાયમાં વંચાવાથી લેખકોના વિચારો વધારે ફેલાય છે અને લેખકો તેથી વધારે કૃતકૃત્ય થાય છે એમ પણ કહી શકાય.

વળી પીઢ વાચકો તો પોતાની પસંદગી પ્રમાણે વાંચે અને વિનોદ પામે, પણ અભ્યાસી વાચકો બધું વાંચી શકે નહિ, તેમને તો અભ્યાસને અનુકૂળ હોય તેવી જુદી જુદી વાનગી આપવી જોઇએ. વિદ્યાર્થીઓ માટે તૈયાર થતા સંગ્રહોમાં જો લેખકને સ્થાન મળે, તો વિદ્યાર્થીઓને તેવા લેખકોનો પરિચય થાય છે, અભ્યાસ વખતે વાંચેલા લેખકો તરફ મોહ થાય છે, અને તેથી તેવા લેખકોના સંગીન અને વિસ્તૃત અભ્યાસ અને વાચન માટે વૃત્તિ જાગે છે. આવું પરિણામ આવે એ સમગ્ર દેશને માટે ઇચ્છવા લાયક છે. અને તેથી સારા સારા લેખકોની કાંઇ કાંઇ વાનગી વિદ્યાર્થીઓ પાસે મૂકાય એ વાચકને તેમ લેખકને પણ હિતકારક જ છે. શ્રી. ન્હાનાલાલની કૃતિનો આવો લાભ વધારે ને વધારે મળતો રહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બહુ ઈચ્છવા જેવું છે. હમણાં તો વિદ્યાર્થીઓ માટે તૈયાર થતા સંગ્રહોમાં શ્રી. ન્હાનાલાલની કૃતિઓ બહુ દેખાતી નથી. (આના અપવાદ તરીકે કહેવું જોઈએ કે 'કાવ્ય માધુર્ય'ને તો એ લાભ મળેલો જ છે. વળી 'આપણી કવિતા સમૃદ્ધિ'માં પણ શ્રી. ન્હાનાલાલનાં કાવ્યો લેવામાં આવ્યાં છે, પણ બીજા સંગ્રહોમાં ન્હાનાલાલની કૃતિ ભાગ્યે જ દૃષ્ટિગોચર થાય છે.) આ વસ્તુસ્થિતિનું એક અનિષ્ટ પરિણામ એ આવે છે કે વિદ્યાર્થીઓને ન્હાનાલાલની કૃતિ સાથે પરિચય પડતો નથી અને તેથી સંભવ છે કે તેવા વિદ્યાર્થીઓ ન્હાનાલાલ જેવા સમર્થ અને ઉપકારક લેખકથી અજાણ જેવા રહી જાય. અલબત્ત, ન્હાનાલાલની કૃતિ ગુજરાતી સાહિત્યમાં રસ લેનાર કોઈથી પણ અત્યંત અજાણી તો રહે જ નહિ, પરંતુ ન્હાનાલાલના ગુણોનો અને તેમનાં ઉંચાં લખાણોનો પરિચય વિદ્યાર્થી અવસ્થામાંથી જ શરૂ થાય તો છેવટે ગુજરાતને અને શ્રી. ન્હાનાલાલની કીર્તિને પણ લાભ જ થાય એ દેખીતું છે.

ન્હાનાલાલના ગુણો તેમની કૃતિ દ્વારા ગુજરાતમાં ઘેર ઘેર પ્રસરો એવી પ્રાર્થના છે.

હિંમતલાલ ગણેશજી અંજારિયા

કેટલાક સાહિત્યરસિકો તો કવિતાની ટૂંકી વ્યાખ્યા જ શબ્દચિત્રને કહે છે. એ વ્યાખ્યા એકદેશી છે, સર્વદેશી કે સત્ત્વદર્શી નથી. કેટલાકનો વળી એવો યે અભિપ્રાય હોય છે કે સાહિત્યકારે માનવકથા ન ગાવી જોઇએ. આ અભિપ્રાયે ઉપરછલ્લો છે, તત્ત્વપારખુ કે મનનશીલ નથી. મનુષ્યની કુદરતની કલાની પ્રસંગની વિશેષતાનાં, જગન્નાથ પંડિતના શબ્દોમાં "લોકોત્તર રમણીયતા"નાં, ગુણકીર્તન કોઇ સાહિત્ય ઉપાસક જેટલે અંશે ગાય તેટલે અંશે પ્રભુની જ પ્રગટ પ્રભુતાનાં તે ગુણકીર્તન ગાય છે. એ સહુ પ્રભુની જ વિવિધ વિભૂતિઓ છે એવું ગીતાજીનું વચન છે:

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિશ્રી ન્હાનાલાલ અને આંગ્લકાવ્ય સાહિત્ય

વીસમી સદીના ગુજરાતની સંસ્કૃતિના ઘડતરમાં મુખ્ય ફાળો આપનાર બે મહાન વિભૂતિઓ તે મહાત્માગાંધી અને કવિશ્રી ન્હાનાલાલ. ગાંધીજીએ સમસ્ત દેશનાં રાજકીય અને સામાજિક વાતાવરણમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા અને તેમનાજ માર્ગદર્શનથી ભારત સ્વતંત્ર થયું. કવિશ્રીની અસર દેશમાં નહિ પણ ગુજરાતમાંજ જણાય છે, અને આપણા પ્રાંતના વિચારો, આદર્શો, ચારિત્ર, ભાષા, કળા, સાહિત્ય વગેરે ઉપર તેના પ્રાબલ્યના કારણે તેણે એક નવો યુગ પ્રવર્તાવ્યો છે. સૂર્ય જગતની સરિતાઓ અને સમુદ્રો ઉપર તપે છે, તેનાં પાણીમાંથી વાદળાં થાય છે, તેજ પાણી વિશુદ્ધ બની જગતને પાછું વરસાદરૂપે મળે છે અને ધરતી ધનધાન્યથી સમૃદ્ધ બને છે. કવિશ્રીએ પણ આપણને જે આપ્યું છે તે ગુજરાતનુંજ છે: સૈકા જૂની આપણી સંસ્કૃતિ, સાહિત્ય, ધર્મશાસ્ત્રો વગેરેમાંથી જ ઉત્તમ હતું તે ગ્રહણ કરી, તેને કલ્પનાના રંગો ચઢાવી, પોતાની અપ્રતિમ વાણીમાં રજૂ કરી તેમણે ગુજરાતને ચરણે ધર્યું છે.

આ ગ્રહણ કરવાની શક્તિ ઉપરથીજ એક સાહિત્યકારની મહત્તા મપાય છે. એમરસને કહ્યું છે તેમ "The greatest genius is the most indebted man!" અલબત્ત, સૌ કવિઓ સરખા હોતા નથી. કોઈને જોડકણાં જોડવાનું જ મન થઈ આવે છે અને તે એક સામાન્ય ગાયક મનાય છે; કોઈ તો કવિતાદ્વારા જીવન સાથે રમત અને મશ્કરીમાં ઉતરે છે; કોઈનામાં સુંદરભાષામાં વર્ણનો કરવાનીજ શક્તિ હોય છે કેટલાકો કવિતાને પેટભરવાનું સાધન બનાવી દે છે; કોઈની કવિતા માત્ર બોધાત્મક હોય છે; પણ તેમાં કાવ્યતત્ત્વ ઝાઝું રહેતું નથી; કેટલાકની કવિતામાં ઉંડી ગહનતા હોય છે પણ તેમાં કાવ્યમાધુર્ય જડતું નથી અને તેમની ભાષા કર્કશ બને છે.

પણ એક મહાકવિ જુદીજ કોટિની વ્યક્તિ છે. તેની જીવન પ્રત્યેની દૃષ્ટિ ગંભીર અને તત્ત્વસ્પર્શી છે; જગતની સંસ્કૃતિઓમાંથી જે ઉત્કૃષ્ટ હોય તેનું દોહન કરવાની તેની શક્તિ અપાર હોય છે; કવિતા તેનો ધંધો નહિ પણ ધર્મ બને છે; જે ઈશ્વરદત્ત કાવ્યશક્તિ તેને સાંપડી છે તે પેટભરવાનાં સાધન તરીકે નહિ પણ ઈશ્વરનીજ આરાધના કરવામાં તે વાપરે છે; કવિતાદ્વારા પોતાનું કામ કાઢી લેવા કરતાં જાણે પ્રભુ તરફથી સોંપાએલું કાર્ય અનેક વિટમ્બણાઓ છતાં પૂરૂં કરવાજ મથી રહ્યો હોય એમ તે દેખાય છે; તે દેશ અને સમાજ તરફની જવાબદારી સ્વીકારે છે; તેની કલમમાંથી પવિત્રતાનો ઝરો વહે છે, કેમકે સમાજને ઉચ્ચ કક્ષાએ પહોંચાડવાની તેની નેમ છે. કેટલીક વેળા એ તો સમાજને શું ગમે છે તે નહિ પણ શું ગમવું જોઈએ તે સુણાવી દઈને તે અપ્રિયતા પણ વ્હોરે છે. તેનાં ન્હાનાંમાં ન્હાનાં કાવ્યોમાં પણ નીતિની ફોરમ છે; તેના ગ્રંથોમાંથી પ્રેમભક્તિનો પરાગ ઉડે છે; તેના વિષયોની વિવિધતા અપાર છે; તેનું મનન, ચિંતન અને તત્ત્વજ્ઞાન ઊંડું અને તલસ્પર્શી છે; આટલું છતાં તેનું સાહિત્ય રસથી તરબોળ છે. નીતિ, ભક્તિ અને તત્ત્વજ્ઞાનની સાથેજ તેટલાજ પ્રમાણમાં તેની કલમમાંથી રસિકતા વહે છે. તેનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાયનો લોકોને મુખે રમે છે; તેના રાસ, ગરબા બહેનો ઉમંગભર ઉપાડી લે છે; તેના ગ્રંથો ઘેરઘેર વંચાય છે અથવા નિશાળો અને વિદ્યાલયોમાં નિયત થાય છે; તેનાં કાવ્યો વિદ્વાનોના અને સામાન્યલોકોના આદરપાત્ર બને છે. આવો કવિ દરેક યુગમાં જન્મતો નથી પણ તેનું આગમન પ્રભુની ખાસ પ્રસન્નતા સમાન ગણાય છે. આવા કવિને મહાકવિના નામે સંબોધવામાં આવે અથવા કવિ સમ્રાટને નામે ઓળખવામાં આવે તે યોગ્યજ છે.

કવિશ્રી ન્હાનાલાલને ગમે તે કસોટીએ ચઢાવી જોશો, તેમની ગદ્ય કે પદ્ય કૃતિઓની કોઈ પણ પ્રકારે પરીક્ષા કરી જોશો, તોપણ તેઓના ગ્રંથોની વિપુલતા અને ગુણમત્તાની દૃષ્ટિએ, તેમજ તેમની ઉદ્દાત ભાવના, ભવ્ય કલ્પના, નૈતિક પ્રબલતા, જીવન દર્શનની વિશાળતા, ભાષાનું માધુર્ય, સતત વહેતી રસિકતા અને અર્ધશતાબ્દિની તેમની અખંડ કાવ્યોપાસના જોતાં તેઓ મહાકવિના નામને શોભાવતાજ જણાશે.

આંગ્લ કાવ્યસાહિત્યના મહાન જ્યોતિર્ધરો સાથે કવિશ્રીને હવે સરખાવી જોઈએ. એમના ગ્રંથોમાં સ્પેન્સર, મિલ્ટન અને વર્ડ્ઝ્વર્થની નૈતિક ધગશ છે. સ્પેન્સર બહુધા આલંકારિક કે કટાક્ષ કાવ્યો લખતો, પણ એની આશ્ચર્યકારક તરંગશક્તિ, ભાષાની સુમધુરતા, ગેયતા અને નીતિપરાયણતા ન્હાનાલાલના આવાજ ગુણોથી વિશેષ હતી નહિ, અને ન્હાનાલાલની પેઠેજ એની અસર એના સમકાલીનો અને અનુગામીઓ ઉપર બહુ મોટા પ્રમાણમાં પડી હતી. મિલ્ટન વિદ્વત્તામાં ચઢી જાય ખરો, જીવનનો નિચોડ તેણે એક મહાકાવ્યમાં રેડી લીધેલો હોવાથી તે મહાકાવ્ય ન્હાનાલાલનાં 'કુરુક્ષેત્ર' કરતાં વધુ મહાનગણી શકાય. પણ ભાષાના વૈભવ, શબ્દોની રસાત્મકતા, વિચારોની ગૂઢતા, કલ્પનાની ભવ્યતા, મનનચિંતનની પ્રૌઢતા અને સમાજને ઉન્નત કરવાના નૈતિક ઉત્સાહમાં ન્હાનાલાલ એની બરાબરી કરી શકે.

વર્ડ્ઝ્વર્થનાં કાવ્યો માત્ર નીતિ વિષયક નથી પણ ભક્તિમય છે. પ્રકૃતિમાં ઇશ્વરનાં દર્શન કરવાની એની ધગશ વેદકાળના એકાદ ઋષિનું આપણને સ્મરણ કરાવે છે. મહાન નેપોલિયનના વખતમાં ઇંગ્લાંડ ઉપર ચઢાઈ થશે એવી પ્રજાને ભીતિ રહેતી; તે વખતનો સમાજ જડવાદી હતો; તેને "સાદું જીવન ને ઉન્નત વિચાર" નો બોધ આપનાર અને સ્વદેશાભિમાનનાં અને ભક્તિનાં પીયુષ પાનાર મહાકવિ વર્ડ્ઝ્વર્થ હતો. સ્વદેશાભિમાનનાં કાવ્યો ન્હાનાલાલે પણ લખ્યાં છે. કવિ એક શિક્ષક છે, કવિતા સમાજને ઉન્નત કરનારૂં એક પવિત્ર ઇશ્વરદત્ત બળ છે એમ વર્ડ્ઝ્વર્થ અને ન્હાનાલાલ બન્ને માનતા, અને એ રીતે સમાજ ઉપર બન્નેની ઉત્તમ અસર પડી હતી. પણ વર્ડ્ઝ્વર્થમાંથી ઘણી વેળા જ્યારે પ્રેરણા સુકાઈ જાય છે ત્યારે શબ્દોનાં રણમાં જાણે રઝળતા હોય તેમ વાચકોને કંટાળો આવે છે; પણ ન્હાનાલાલનાં કાવ્યો વાંચતા એવો અનુભવ થતો નથી. સ્પેન્સર અને વર્ડ્ઝવર્થે ન્હાનાલાલની માફક સાહિત્યને જ જીવન અર્પણ કર્યું હતું, પણ તેમનામાં ન્હાનાલાલની વિવિધતા અને જીંદગીની અનેક બાજુઓને સ્પર્શ કરવાની શક્તિ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ શક્તિ શેકસ્‌પીયરમાં છે. મનુષ્યહૃદય જેટલું શેકસ્‌પીયર સમજ્યો છે તેટલું દુનિયાનો કોઇપણ સાહિત્યકાર સમજ્યો હશે કે કેમ તે શંકાસ્પદ છે. એક બાબતમાં સોંસરા ઉતરી જઇ થોડાક જાદુભર્યા શબ્દોમાં તેનું દર્શન કરાવવું, જીવનનાં અનેક પાસાંઓને સંપૂર્ણ ન્યાય આપવો, વાચકથી ભૂલી ભૂલાય નહિ એવી ભાષામાં કોઈ સત્ય રજૂ કરવું, શબ્દો ન જડે તો ઔચિત્ય યોગ્ય રીતે સચવાય એવા માર્મિક શબ્દો યોજવા, માત્ર થોડાક શબ્દોમાં પાત્રોને નસેનસમાં જીવંત બનાવી નાટ્યભૂમિ ગજાવી મૂકવી—એ તો જાણે શેકસ્‌પીયરનો એકહથ્થુ ઇજારો છે, અને આ સઘળી રીતે આ "અજ્ઞાન નટે," આ "દેવપ્રેરિત જંગલી" એ સાહિત્યજગતમાં દેશપરદેશના કવિઓ ને સાક્ષરોને મ્હોં જોતા કરી દીધા છે. ન્હાનાલાલનું જીવન દર્શન જુદા પ્રકારનું છે. શેકસ્‌પીયર એનાં કલ્પના પ્રધાન અને અદ્‌ભુતરસિક નાટકોમાં પણ વાસ્તવિકતાએ વ્યવહાર બુદ્ધિ જાળવતો, જ્યારે ન્હાનાલાલનાં વાસ્તવદર્શી કાવ્યો અને નાટકો પણ કલ્પના અને અદ્‌ભુતરસથી સભર ભર્યાં હોય છે. ન્હાનાલાલની કાવ્યશક્તિ વ્યવહારૂ જગતનાં કરતાં આદર્શોમાં ઊડવાનું વધુ પસંદ કરે છે; ઐહિક નહિ પણ પારલૌકિક સિદ્ધિજ તેઓને પ્રિય છે. શેકસ્‌પીયરની દૃષ્ટિ "ક્ષ" કિરણો જેવી વેધક છે અને હૃદયમાં ઊંડી ઊતરી તેનો ભેદ પામી જાય છે. ન્હાનાલાલની પ્રતિભા વિદ્યુત સમાન ગગન વિહારી છે અને આદર્શોના આકાશમાં ઊડી જગતને ઉચ્ચતમ સંદેશ પહોંચાડે છે. જેમ એરિસ્ટોટલના વિવિધ ગ્રંથો ઉપરથી તે જાણે સર્વજ્ઞાની હોય એમ લાગતું, તેમ શેકસ્‌પીયર પણ જીવનના સઘળા ભેદો જાણી બેઠો હોય એમ દેખાય છે. ન્હાનાલાલ પ્લેટોની પેઠે આ જગતની વાસ્તવિકતા ઉપર આંખો મીંચી તેની પાછળ રહેલો આદર્શ જગત ઉપરજ તે ખોલે છે; આદર્શજ તેમને મન પરમ સત્ય છે, અને રહસ્યમય ભાષામાં આદર્શોની રજૂઆત કરવામાં તેઓ બિનહરીફ છે, શેકસ્‌પીયર અને ન્હાનાલાલ બન્ને પોતપોતાની રીતે અતિ મહાન છે અને સાહિત્યમંદિરમાં તેઓનું સ્થાન જુદી જુદી દિશાઓમાં ઉન્નત અને ચિરપ્રતિષ્ઠિત રહેશે.

ન્હાનાલાલની વિવિધતાનો, જો કોઇ પણ અંગ્રેજ કવિની કાર્યસિદ્ધિથી મુકાબલો કરી શકાતો હોય તો તે ડ્રાયડન છે, જેણે અનેક વિષયો ઉપર કલમ દોડાવી પોતાના દેશના સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. એણે ગદ્ય અને પદ્યમાં જે પ્રારંભિક કાર્ય કર્યું છે અને આંગ્લ-સાહિત્યને દિશા સૂચન કર્યું છે તે માટે તે સાહિત્ય એનું હંમેશનું ઋણી રહેશે; પણ આ રીતે ડ્રાયડનની સરખામણી ન્હાનાલાલના કરતાં નર્મદાશંકર સાથે કરવી વધુ બંધબેસ્તી છે. એક કવિ તરીકે જોતાં ડ્રાયડન ન્હાનાલાલ કરતાં બહુ ઊતરતું સ્થાન ધરાવે છે; એટલુંજ નહિ પણ તે પ્રથમ પંક્તિનો કવિ પણ નથી. વળી રાજા બીજા ચાર્લ્સનો જમાનો નૈતિક શિથિલતાનો હતો, અને તે જમાનાના આ રાજકવિનું ઘણું સાહિત્ય હલકા વિચારોથી મલિન બન્યું છે. ડ્રાયડનની કવિતાની પ્રબળ અસર ખાસ કરી ૧૮મી સદીનાં સાહિત્ય ઉપર પડી છે, પણ સમાજ ઉપર તેની અસર હિતકારક ગણી શકાય નહિ.

શેલીને કાવ્યદેવીનું લાડઘેલું બાળક ગણી શકાય. એક કવિને શોભતા અનેક ઉચ્ચ ગુણો પૂરતા પ્રમાણમાં તે ધરાવતો હતો, અને તરંગશક્તિ અને કલ્પનાનાં ઉડ્ડયનમાં આંગ્લ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યમાં તેનો પ્રતિસ્પર્ધી શોધવો મુશ્કેલ છે. માત્ર ત્રીસ વર્ષનાં અલ્પાયુષમાં તેણે પોતાની કાવ્ય પ્રતિભાથી ઉચ્ચ સ્થાન સંપાદન કર્યું, જાણે કોઈ બીજા ભુવનમાંથી ગુંજતું હોય, જુદા ગ્રહ પરથી આ પૃથ્વી ઉપર ઊતરતું હોય એવું એનું અલૌકિક સંગીત હતું. એ કવિ પણ ન્હાનાલાલ જેવો આદર્શવાદી હતો, અને આ જગતથી કંટાળી તે સત્યુગ માટે ઝંખના કરતો અને તેનાં સ્વપ્નાં સેવતો; વળી પ્રકૃતિનો પણ તે પૂજારી હતો અને કુદરતનાં બળો સાથે તન્મયતા અનુભવવા તે મથતો. પણ મૅથ્યુ આર્નોલ્ડ કહે છે તેમ શેલીમાં એક મહાકવિમાં જોઇએ તેવું ગાંભીર્ય (high seriousness) ન્હોતું, અને તે ભાવ અને લાગણીઓના ઉભરાથી અસ્વસ્થ બની જતો. ન્હાનાલાલમાં ગાંભીર્ય અને શાણપણ હતાં; એમની ન્હાની મોટી કોઈ પણ કૃતિ વિલાસને પોષતી નહિ, વિકારને ઉત્તેજતી નહિ, અને માત્ર જીવનોલ્લાસજ કવિતાનું ધ્યેય છે એવા મત ઉપર રચાતી પણ નહિ. એમના ન્હાના રાસોમાં શેલીની રમત હશે, કલ્પનાની ગમત હશે, પણ તેમાં શેલીનાં મસ્તીતોફાન નથી, તેની વિવેકશૂન્યતા પણ નથી. શેલી નાસ્તિક પણ હતો, ધર્મમાં તેને શ્રદ્ધા ન્હોતી અને સઘળી રૂઢિચુસ્ત પ્રણાલિકાઓનો તે શત્રુ હતો. નીતિનાં બંધનો તેને બેડીઓ સમાન ભાસતાં, અને તે રાજ્યમાં, સમાજમાં અને નીતિમાં ક્રાંતિકારી ફેરફારો થાય એમ ઇચ્છતો. એનાં મનથી ધારાધોરણ અને રૂઢિરિવાજ તે બિનજરૂરી નડતર સમાન હતાં. પોતાનાં નિરંકુશ જીવનથી તે પોતે દુ:ખી થયો અને બીજા નિર્દોષોને પણ તેણે દુ:ખી કર્યા. "કળા ખાતર જ કળા હોઈ શકે" એવા નિયમમાં માનતો હોવાથી આ કલ્પનામસ્ત કવિએ પરમાત્મા તરફની અને સમાજ પ્રત્યેની જવાબદારી ફગાવી દીધી, અને દૈવે દીધેલ ઉચ્ચ વારસાનો સદુપયોગ તે કરી શક્યો નહિ. આવી અનેક રીતોમાં શેલી ન્હાનાલાલથી જુદો પડે છે. ન્હાનાલાલના કાવ્ય દેહના રોમરોમમાં ધર્મ અને નીતિનો આત્મા પ્રસરે છે. એ બે કવિઓની સરખામણી ઉપલકિયજ થઈ શકે. કવિ બાયરન પણ નીતિરીતિનો દુશ્મન હોવાથી આવી સરખામણીમાં ઉતરવાની તે યોગ્યતા ધરાવતો નથી.

ન્હાનાલાલ પોતે કબુલતા કે મહારાણી વિક્ટોરિયાના યુગના રાજકવિ ટૅનિસનની અસર તેઓ ઉપર ઠીક પ્રમાણમાં પડી હતી, અને ખચિત ઘણી રીતે એ બે મહાકવિઓમાં આપણને સામ્ય દેખાશે. સત્યમાં સૌન્દર્યનાં દર્શન કરવામાં, પ્રકૃતિમાં પરમાત્માને પિછાનવામાં, જ્ઞાન અને ભક્તિના સમન્વયમાં, કળા અને નીતિના સંયોગમાં, કલ્પનાની ઉત્તુંગતામાં, ઉચ્ચતમ ભાવનામાં, માનવકલ્યાણનો સંદેશ ઉદ્બોધવામાં અને ખાસ કરીને અપાર્થિવ શબ્દમાધુર્ય અને ગેબી ગુંજન થતું હોય એવી દૈવી પ્રતિભાશાળી ગેયતામાં આ બન્ને કવિવરો બિનહરીફ છે. બન્નેનાં ઊર્મિગીતોએ જનતાને મંત્રમુગ્ધ કર્યા છે: બન્નેની સાહિત્ય સેવા અવિસ્મરણીય છે; બન્નેનાં જીવન અને કવનની શુદ્ધતા અને નીતિપરાયણતા સમાજને અત્યંત ઉપકારક છે. બન્ને કવિઓએ ભાષામાધુર્ય અને શબ્દલાલિત્યની જમાવટમાં અવધિ કરી છે. આ બેમાંથી કોઇએ પણ પાપને આકર્ષક બનાવી લોકોને અવળે માર્ગે ચઢાવ્યા નથી, યાતો પુણ્યને ઉપહાસપાત્ર બનાવી સમાજની કુસેવા કરી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનાં ૧૭ વર્ષ ગાળી ટૅનિસને ‘In Memoriam’ નામનું તત્ત્વદર્શી કાવ્ય લખ્યું જેની બરાબરીમાં કોઈ પણ અંગ્રેજી કાવ્ય ઉતરી શકે એમ નથી. જીવનના અંત સમયે એણે ‘Crossing the Bar’ નામનું એક ટૂંકું પણ અવર્ણનીય કાવ્ય જોડયું, જેનો ઉંડો ભાવ સુંદર, સાદી અને આલંકારિક ભાવામાં દર્શાવતું બીજું એવું લઘુકાવ્ય જ્યારે રચાશે ત્યારે ખરૂં. એને લગભગ મળતું કવિશ્રીનું ‘માછીડા હોડી હંકાર’ છે, જો કે કવિશ્રી પોતે તો નમ્રભાવે ‘Crossing the Bar’ ને વધુ ઉચ્ચતર કળાકૃતિ તરીકે સ્વીકારતા. બન્નેનાં ઊર્મિગીતો વાચકને ઉચ્ચ ભૂમિકાએ લઇ જઇ હૃદયને કોઈ અજબ અપાર્થિવ આનંદમાં તરબોળ કરે છે. બન્નેનાં કાવ્યો એક સરખી રીતે વાચકના પ્રેમ અને આદરને પાત્ર બને છે. ભાષા ઉપર અપાર પ્રભુત્વ હોવા છતાં શબ્દોની ભભકથી હલકી મનોવૃત્તિ જાગૃત કરનાર વિચારો એ બન્ને કવિઓએ દર્શાવ્યા નથી. એ કવિવરોએ પોતાની કૃતિઓમાં વિલાસ પોષ્યો નથી, આનંદ આપ્યો છે; પાપનો શરાબ પીવાડ્યો નથી, પુણ્યનાં પીયૂષ પાયાં છે. ટૅનિસને જીવનભર કાવ્યોજ રચ્યાં છે, ગદ્ય લખાણો કર્યાં નથી, જ્યારે ન્હાનાલાલે આપણાં ગદ્યસાહિત્યમાં પણ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ટૅનિસને જગકલ્યાણનો સંદેશ આપ્યો ખરો, તે છતાં સ્વદેશભક્તિની એની ભાવના અતિ સંકુચિત હતી, અને આંગ્લ કાવ્યસાહિત્યમાં શાહીવાદનો પાયો નાખનાર પણ એજ હતો એમ સખેદ કહેવું જોઇએ; પરંતુ ન્હાનાલાલે શાહીવાદ પ્રત્યે ક્રોધ દર્શાવી સરકારી નોકરી ફગાવી દીધી હતી એ સૌને વિદિત છે. સામટી રીતે જોતાં ન્હાનાલાલ ટૅનિસન કરતાં અધ્યયનમાં વધુ વિશાળ, મનનચિંતનમાં વધુ ઊંડા અને વિષયોની વિવિધતામાં વધુ ચઢિયાતા ગણાવા જોઇએ. કવિશ્રી કરતાં વિવિધતામાં શ્રેષ્ઠવ્યક્તિ શોધવા જઇએ તો જર્મન સાહિત્ય ખોળવું પડે, જ્યાં ગથ નામના મહાકવિએ ૪૦૦૦૦ કાવ્યો લખવા ઉપરાંત બીજું પુષ્કળ સાહિત્ય રચ્યું હતું. એ કવિ, નાટકકાર, ટીકાકાર અને નવલકથાકાર હોવા સાથે રાજનીતિજ્ઞ, વૈજ્ઞાનિક અને ગણિતશાસ્ત્રી પણ હતા.

ટૅનિસનનો સમકાલી બ્રાઉનિંગ પણ મહાકવિના નામને શોભાવે એવો ગણાવો જોઇએ. એની વિષયોની પસંદગી અતિ વિશાળ હતી; એનું વાચન અતિ બહોળું, એની સ્મરણ-શક્તિ આશ્ચર્યકારક, એનું મનનચિંતન અતિ ઉંડું અને એની દૃષ્ટિ શેક્સ્પીયર સમાન વેધક હતી. પ્રેમ, કળા, સંગીત, મૃત્યુ, ધર્મ, સૌન્દર્ય વગેરે કોઈ પણ એક વિષય એ ઉપાડતો તો તેનાં હૃદયમાં ઉતરી જઈ તેનું દરેક પાસું તપાસી તેને પૂરેપૂરો ન્યાય મળે ત્યારેજ જંપીને તે બેસતો. પ્રેમની ફિલસૂફી કવિતામાં ચર્ચવામાં એનો કોઈ હરીફ હતો નહિ. એક પ્રશ્નમાંથી સંશોધન કરી કરી તે અનેક પ્રશ્નો ઊભા કરતો, અને તે દરેકનું તર્કસિદ્ધ અનુમાન ગમે તેવું લોકસ્વભાવને પ્રતિકૂળ હોય તોપણ તે દર્શાવવાની હિમ્મત કરતો. પરંતુ એનાં કાવ્યો અતિ ક્લિષ્ટ અને દુર્બોધ શૈલીમાં લખાએલાં હોઈ તે કષ્ટવાચ્ય બની જતાં, અને તેને સમજવા સારૂ ખાસ મંડળો રચાતાં. સીધા, સાદા વિચારોને પણ બની શકતી અટપટીભાષામાં મૂકી એણે અનેક વાચકોને ભડકાવ્યા છે. બ્રાઉનિંગે ‘સૉરડૅલો’ નામનું કાવ્ય એક ઇટૅલિયન સંગીતકાર ઉપર રચ્યું: તે સંબંધમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિસિસ કાર્લાઇલે કહ્યું હતું કે વાંચ્યા પછી સૅારડેલો એક મનુષ્યવ્યક્તિનું કે એક નગરનું કે એક પશુનું નામ હતું તે તેઓ જાણી શકયા નહિ! જાણે કોઇ પ્રાચીન ઋષિએ કોપાયમાન થઇને બ્રાઉનિંગને શાપ આપ્યો હતો કે—તું મહાકવિ થઇશ પણ ત્હારી ક્લિષ્ટ શૈલીને લીધે લોકો તને વાંચી શકશે નહિ. જેઓને આ નાળીએર છોલી, ફોડી, તેનું પાણી પીવાની શકિત અને અવકાશ હોય તેઓની મહેનત જરૂર ફળશે અને તેઓ અવશ્ય બ્રાઉનિંગને બહુ ઉચ્ચ સ્થાને બેસાડશે. બ્રાઉનિંગની વાણી તરફ જોતાં તેનામાં અનેક ગુણો હોવા છતાં ન્હાનાલાલ જેવા રસાત્મા સાથે તેની સરખામણી બંધબેસતી થઈ પડતી નથી.

કવિ સ્વિનબર્નમાં વાણીવિલાસ, શબ્દનો ચમત્કાર અને ભાષાનું માધુર્ય પુષ્કળ છે, પણ એની કાવ્યસરિતામાં ઉંડાણ નથી; એક કવિમાં અવશ્ય જોઈતું વિચારતત્ત્વ નથી. વળી પ્રભુને ગાળો ભાંડવામાં, અન્ય દેશોની નિંદા કરવામાં અને નીતિબંધનો તોડવામાં તેને સંતોષ મળતો. સ્વભાવ ઉપર જો એને કાબૂ હોત તો એની બહુશ્રુતતા અને કાવ્ય-પ્રતિભા જોતાં એને રાજકવિનું સ્થાન અવશ્ય મળત. એનામાં વિદ્વત્તા ખરી, વિશુદ્ધતા નહિ; ગેયતા ખરી પણ ગહનતા નહિ. ન્હાનાલાલ સાથે પૂરેપૂરા મુકાબલામાં ઉતરી શકે એવી સ્વિનબર્નમાં યોગ્યતા નથી.

ગઇ સદીનાં આંગ્લ કાવ્યસાહિત્યે જગતનું ધ્યાન આકર્ષ્યું હતું. પણ સંપત્તિનાં એક વર્ષ પછી કોઇ વેળા દુકાળનું એક વર્ષ આવે છે તેમ ઈંગ્લાંડના આધુનિક યુગમાં તેનાં કાવ્યસાહિત્યની દરિદ્રતા ખુલ્લી જણાઇ આવે છે. અને આપણે જોઇ ગયા એવો એક પણ સમર્થ મહાકવિ તેને આજે સાંપડયો નથી. હાલનો યુગ એચ. જી. વૅલ્સ, જી. બી શૅા, જી. કે. ચૅસ્ટરટન, ડીન ઇંગ, બરટ્રાન્ડ રસલ, આલડસ હક્સ્લી જેવા સમર્થ ગદ્યકારો, નવલ કથાકારો, વિચારકો, વિદ્વાનો અને તત્ત્વચિંતકોનો છે, કવિઓનો નથી. આમાંથી માત્ર વૅલ્સ અને શૅા વિષે ટૂંક વિવેચન કરીશું: આ મહાન ક્રાંતિકારી લેખકોએ જગતને વિચાર કરતું કરી મૂકયું છે. વૅલ્સ વિજ્ઞાનને વરેલા હતા અને ભવિષ્યમાં વિજ્ઞાન કઈ દિશામાં પ્રગતિ કરશે, કેવા પ્રકારનાં યુદ્ધો થશે, ઉદ્યોગો કેવા ઉભા થશે, સમાજવ્યવસ્થા અને રાજ્યપદ્ધતિ કેવાં રહેશે વિગેરે અનેક બાબતો ઉપર એમણે બુદ્ધિગમ્ય લખાણો કર્યાં છે. વળી વૅલ્સ એક ઇતિહાસકાર પણ હતા, અને 'જગતના ઇતિહાસની રૂપરેખા' નામનાં એમનાં જાણીતા પુસ્તકે થોડાજ સમયમાં લાખો નકલોનો ફેલાવો કરી જગતમાં એક અપૂર્વ "રેકોર્ડ" નોંધાવ્યો છે. શૅાનો બુદ્ધિનો ચમકાર એમનું કોઇપણ પુસ્તક વાંચતાં છૂપો રહી શકતો નથી. આધુનિક યુગની કોઈ એવી સંસ્થા, પ્રશ્ન કે વાદ ન હશે, કોઇ એવી ધાર્મિક, સામાજિક, રાજકીય કે આર્થિક બાબત ન હશે જે એમની તેજસ્વી પ્રતિભાથી તપાસાયા વિના રહેવા પામી હોય. એક સંસ્થા ગમે તેવી પુરાણી હોય, પવિત્ર હોય, ધર્મના ટેકાથી અથવા રાજ્યના આશ્રયથી નભતી હોય તોપણ શૅા તેને પોતાની બુદ્ધિની સરાણે ચઢાવ્યા વિના નહિ રહે. આ અગ્નિપરીક્ષામાંથી તે પાર ઉતરી તો તો ઠીક, નહિતો તે સંસ્થા અને તેના હિમાયતીઓની સોળેસોળ આના ફજેતી કરવામાં શૅા આધુંપાછું જુએ એવા નહતા. કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેળા એક સામાન્ય પ્રચલિત વિચારને દેખીતાં કારણે નહિ પણ કોઈ વિશિષ્ટ કારણે તેઓ આવકારી લઈ સૌને ચકિત કરી મૂકે છે. આવું બુદ્ધિચાતુર્ય, આવી કટાક્ષમય ભાષા, રાજ્ય અને સમાજને હંફાવનારી આવી જાહેર હિમ્મત, વિદ્વાનોને ગુંચવી નાખનારા એમનાં તર્કચાપલ્યના આવા અટપટા દાવ અંગ્રેજી સાહિત્યમાં કદી જોયા જાણ્યા નથી. પણ—આ બે સમર્થ સાહિત્યકારો કવિઓ નહિ. આટલી સિદ્ધિ સાથે જો કાવ્યદેવી પણ એઓ ઉપર પ્રસન્ન હોત તો તેઓ ન્હાનાલાલને ક્યાંયે વટાવી જાત. પણ બેકન શેક્સ્પીયર નહોતો અને એ બે એક હોય એ બનવુંજ અશક્ય હતું; વૅલ્સ અને શૉ ગદ્યકારોજ છે અને કાવ્ય સર્જન માટે જે ગુણોની આવશ્યકતા હોય છે તે અનેક અન્યગુણો ધરાવતા આ બાહોશ વિચારકોમાં નથી. વળી તેમના વિચારો, વિષયો, જીવનદૃષ્ટિ, વ્યવહાર-કુશળતા, વિવાદનૈપુણ્ય અને દલીલબાજી પદ્યમાં ઉતરે એમ હતાંજ નહિ. જેમ થવું જોઇએ તેમજ સૌ થયું છે. સાહિત્યકારો તરીકે વૅલ્સ અને શૉનું સ્થાન બહુ ઉચ્ચ રહેશે, જ્યારે કવિ તરીકે આપણાં સાહિત્યમાં ન્હાનાલાલનું નામ કીર્તિશિખરે વિરાજશે.

મૅથ્યુ આરનૉલ્ડે કહ્યું છે તેમ ઈંગ્લાંડની મહત્તા જેટલી તેનાં કાવ્યસહિત્યમાં દીપી નીકળે છે તેટલી બીજી કોઇ દિશામાં દીપતી દેખાતી નથી. પ્રાચીન ગ્રીકો જેમ સ્થાપત્ય અને શિલ્પકળામાં, રોમનો રાજ્ય વ્યવસ્થામાં, ઇટાલિયનો ચિત્રકળામાં, જર્મનો સંગીતમાં, રશ્યનો નવલકથામાં, ફ્રૅન્ચો વાક્યચાતુર્યમાં તેમ અંગ્રેજો તેમની કવિત્વશક્તિમાં યુરોપમાં શ્રેષ્ઠ ગણાય છે. કવિતામાં મહાન ગણાય એવા દેશના કેટલાક પ્રસિદ્ધ કવિઓ ઉપર આપણે દૃષ્ટિપાત કર્યો છે. કુદરતે દરેકને એકાદ બે એવા વિશિષ્ટ ગુણો આપ્યા છે કે જેમાં તેઓ બીજાઓ ઉપર શ્રેષ્ઠત્વ ભોગવે છે. આપણે જોયું તેમ કવિશ્રી ન્હાનાલાલ આવા મહારથી સાથે પણ પોતાનો રથ દોડાવવા પૂરેપૂરા સમર્થ છે. કેટલીક વેળા આંગ્લ કવિઓ આગળ નીકળતા દેખાય છે; કેટલીક વેળા કવિશ્રી તેઓને પાછળ નાખી પોતાના અશ્વોને કલ્પનાની પાંખો આપી જગતનું ક્ષેત્ર છોડી જાણે કોઈ અદ્દભુત પારલૌકિક ભુવનમાં આપણને દોરી જાય છે. મહાન આંગ્લ કવિવરોની બરોબરીમાં ઉતરે એવા મહાકવિ આપણી ભૂમિ ઉત્પન્ન કરી શકી તે માટે ગુજરાત આજે ગૌરવ લે છે. આ અમોલું રત્ન આજે આપણા વચ્ચે નથી, જો કે એમનો કિંમતી વારસો તો ગુજરાતી ભાષા છે ત્યાં સુધી ગુજરાતીઓનું ચારિત્ર પાવન કરશે. પ્લેટો કહેતો કે આદર્શ મૂર્તિઓ એજ પરમ સત્ય છે, અને જીવનનું ખરૂં સુખ તે ઈન્દ્રિયજન્ય વિલાસમાં નહિ, પણ આ આદર્શ મૂર્તિઓની સિદ્ધિમાંજ સમાએલું છે, એજ પરમ આનંદ છે, એજ સાચું સ્વર્ગ છે. જીવનભર કવિશ્રી ન્હાનાલાલે સતત મનનચિંતનદ્વારા ઉચ્ચ આદર્શોની પ્રાપ્તિ પાછળજ પોતાનાં સમય અને શક્તિ ગાળ્યાં છે; હવે જીવનની જંજાળોથી મુક્ત થઈ એમનો પવિત્ર આત્મા ઈશ્વરના અક્ષરધામમાં પોતે સર્જેલ સત્ય, સાધુતા અને સૌન્દર્યની આદર્શ મૂર્તિઓ વચ્ચે વિરાજી શાશ્વત શાંતિ અને આનંદ પામો એજ આપણી પ્રાર્થના.

પ્રો. ફીરોઝ કાવસજી દાવર એમ. એ. એલ. એલ. બી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિ ન્હાનાલાલની વિશિષ્ટતા

ન્હાનાલાલ આજીવન કવિ હતા અને અણુએ અણુમાં કવિ હતા. એમનાં બધાં સાહિત્યસર્જનમાં, એમના ગદ્યલેખોમાં પણ, દૃષ્ટિ કવિની હોય છે, રજૂઆત કવિની હોય છે, શૈલી કવિની હોય છે. લગભગ અરધી સદીના એમના જીવનમાં, એમની સાહિત્યપ્રવૃત્તિમાં, કાવ્યતત્ત્વ વ્યાપક છે. સાહિત્યસર્જનના અનેક પ્રકારોમાં એમણે પ્રવૃત્તિ કરી, નિબંધ, નવલિકા, નાટક એમણે લખ્યાં; પણ સર્વત્ર કવિની વિશિષ્ટતા–કવિત્વમયતા–પ્રકટ થાય છે.

પિંગળના નિયમોમાં દૃઢ રહીને પદ્યરચનામાં વિચારો ઉતારતા, અને કવિતાના શબ્દ-શરીરના અલંકારમાં રાચતા કવિ દલપતરામના આ પુત્રે પદ્યબંધનને ફેંકી દીધું. પ્રારંભથી તે એમના ઉદય અગાઉના સમય સૂધી દેશી, પદ, માત્રામેળ અને અક્ષરમેળ, છંદો વગેરે પદ્યસ્વરૂપમાં જ રજૂ થતી કવિતાને એણે પદ્યમુક્ત પ્રવાહમાં વહેવડાવી. તેનું કારણ એ ન્હોતું કે પદ્યસ્વરૂપો ઉપર એમને કાબૂ ન્હોતો. પ્રચલિત પદ્યપ્રકારોમાં પણ એમણે કવિતા રચી છે અને–સ્વેચ્છાએ, જાણી બૂઝીને ક્યહાંક સંસ્કૃત વૃત્તોમાં થોડી છૂટ લીધી છે તે બાદ કરતાં–પદ્યસ્વરૂપ ઉપર પ્રભુત્વ પુરવાર કર્યું છે. તે છતાં પદ્યના નિયન્ત્રણને એમણે તોડ્યું તેનું કારણ એમણે પોતેજ કહ્યું છે કે છન્દનાં ઝાંઝર આપણી નવયૌવના કવિતાએ પ્હેર્યાં–પણ ન્હાનાં પડતાં લાગે છે.

કવિ ન્હાનાલાલની કાવ્યપ્રવૃત્તિજ એવી હતી કે એ બંધનોમાં ન રહી શકે. એમની પ્રેરણાની અખૂટ હેલી, કવિત્વની 'ઇન્દ્રાધાર' ઝડી–પદ્યસ્વરૂપમાં ઝીલતાં ઝીલાય નહિ એવી હતી. "ઝીલું નહિ તો ઝરી જતું રે બ્હેન, ઝીલું તો ઝરે દશધાર" એ એમના કવિત્વ વ્યાપારનો અનુભવ હતો.

એમણે છન્દનાં બંધનો તોડ્યાં, અને પોતાના કવિત્વને આકરી કસોટીમાંથી પસાર થવું પડે તેવી સ્થિતિ સ્વીકારી. પદ્યસ્વરૂપ, પ્રાસ, ગેયતા વગેરે સજાવટથી કવિત્વપ્રવૃત્તિને એક પ્રકારે સહાયતા મળે છે. ગદ્યસ્વરૂપે સુંદર કે મનોહર ન લાગે એવી કેટલીએ ભાષા-રચના પદ્યની વેશભૂષામાં છૂપાઈને મનોહરતાનો અંશ પ્રાપ્ત કરે છે. ગદ્યસ્વરૂપે સારી કૃતિ ન ગણાય તે પદ્યના કર્ણભ્રામક અને મતિભ્રામક સ્વરૂપમાં સારી કૃતિ ગણાય એવું અનેકવાર બને છે. પદ્યસ્વરૂપમાં રહેલું કવિત્વ પ્રમાણમાં સ્હેલાઇથી સફળ થાય છે. પદ્યસ્વરૂપની સહાયતા વિનાના કવિત્વને સફળ થવું મુશ્કેલ છે. એટલે કવિ ન્હાનાલાલે પદ્યનું બંધન છોડ્યું તે સાથેજ આકરી કસોટીમાં પાર પડવાનું સ્વીકાર્યું છે. સ્વરસંવાદ ઉપજાવે તેવાં, ધ્વનિમાધુર્યની મદદ મળે તેવાં–કોરીને પોલાં બનાવેલાં વાજિંત્ર જેવાં–વૃત્તો એમણે તજ્યાં; અને એમના પિતાએ એક રમુજી કવિતમાં નોંધેલું આહ્વાન સ્વીકારી લીધું: "સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે." એમણે સાંબેલું વગાડ્યું. અપદ્યાગદ્ય ડોલનશૈલી સ્વીકારી, દેહનિર્માણમાં સ્વૈરવિહાર કર્યો અને પોતાની વિશિષ્ટ ડોલનશૈલી ઉપજાવી–પ્રોફેસર ઝવેરીએ જેને શિવધનુષ્ય કહી છે તેવી, અનન્ય–સાધ્ય શૈલી ઉપજાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ શૈલીની કઠિન પરીક્ષા બીજા ઘણા અનુયાયીઓએ આપી, પણ કોઈ ઉત્તીર્ણ ન નીવડ્યા, સિવાય એક ન્હાનાલાલ. કવિનું માનસ જ બન્ધનવિરોધી હતું, સ્વૈરવિહારી હતું. કાવ્યમાં કર્યો તેવો જ સ્વૈરવિહાર એમણે ભાષામાં કર્યો, અને ऋषीनां पुनराद्यानां वाचमर्थोऽनुधावति એ વાક્યાર્થનો આશ્રય જાણે કે લેતા હોય તેમ તેમણે ભાષામાં, શબ્દોમાં, શબ્દરૂપોમાં શબ્દસમૂહોમાં સ્વાતન્ત્ર્ય ભોગવ્યું: અર્થને દરકાર હોય અને પાછળ ઘસડાવું હોય તો ઘસડાય. અને આપણે કબૂલ કરવું પડે છે કે એમના એ વિલક્ષણ પ્રયોગોમાં અર્થ તો દોડયો દોડયો આવે છે. હા, શબ્દનો અને અર્થનો સંબંધ વછૂટી ગયો હોય એવા કેટલાક પ્રયોગો એમણે કર્યા છે. 'ગિરનારને ચરણે'ની "ત્‌હાં તો ઉડે અમિત ભાર્ગવના ફુવારા" એમાં ભાર્ગવ શબ્દ વિવક્ષિત અર્થ કોઇ રીતે અર્પી શકે તેમ ન્હોતો. આ શબ્દદોષ તરફ એમનું ધ્યાન ૧૯૧૯ માં ખેંચવામાં આવ્યું હતું—અને ત્યાર પછી આ પંક્તિ "ત્‌હાં તો ઉડે અમિત ભર્ગતણા ફુવારા" એ સુધારેલે રૂપે જ પ્રકટ થઇ હતી. શ્રી. રામનારાયણ પાઠકે બતાવી આપ્યું છે તેમ "શૂન્યમુખ ચિદાકાશ" એટલે શું એ પ્રશ્ન અનુત્તર જ રહે છે. પણ આવા અર્થને પડતો મૂકીને અર્થ અનુસરી ન શકે તેવો સ્વચ્છન્દ ભાષાવિહાર બહુ નથી. રૂઢાર્થનું ઉલ્લંઘન કરતા પ્રયોગો છે, સંસ્કૃત વ્યાકરણની દૃષ્ટિએ જે રીતે અર્થ સમર્પણ ન કરે તેવા સમાસો છે; પણ આ પ્રયોગોએ અર્થથી છૂટાછેડા નથી લીધા. નિયમોને અને રૂઢિને વશ વર્તાવાની અસહિષ્ણુતા એ આ કવિના ઉદ્દામ કાવ્ય પ્રવાહનું પરિણામ છે. તે એટલે સુધી કે એમની ભાષામાં વ્યાકરણ દોષ બતાવનારને એમણે કહેલું કે કવિ પોતાનું વ્યાકરણ પોતે સર્જે છે. એમના આ દાવામાં સંમત થવું મુશ્કેલ છે, એમણે કરેલા વિલક્ષણ શબ્દપ્રયોગો બધા નભાવવા મુશ્કેલ છે, એ ખરૂં છે છતાં એમની આ નિયમને છોડીને વિહરવાની વૃત્તિનું સુફળ પણ મળ્યું છે એ સ્વીકારવું પડે છે. એમની સ્વૈરવૃત્તિએ લલિત સુકોમલ પદાવલિ યોજીને ગુજરાતીભાષાને થોડામાં ઘણું સમાવતા સુમધુર વ્યંજનાક્ષમ શબ્દથી પલ્લવિત કરી છે.

ડોલનશૈલીના આ એકલવીરનું છન્દો અને ગેય પદ્યસ્વરૂપો ઉપરનું પ્રભુત્વ અન્યૂન હતું તે 'કેટલાંક કાવ્યો'થી પુરવાર થાય છે. એમની કવિતા મ્હોટે ભાગે મુક્તવાહિની છે; પાળમાં બાંધેલી ન્હેર નહિ, વિશાળ પટમાં વ્હેતી અને પથરાતી, ભેખડ તોડીને માર્ગ કરતી મહાસરિતા છે. આત્માના મુકતવિકાસ સાધવાને એમણે દેહસૌષ્ઠવ જતું કર્યું; અને ગુજરાતને ડોલનશૈલીમાં લખાયલાં નાટકો મળ્યાં. પણ જ્યારે જ્યારે એમણે કાવ્યશરીરનાં પદ્યરૂપ બંધનો સ્વેચ્છાએ સ્વીકાર્યાં છે અને પોતાના કવિત્વના જળને ખુલ્લા પટમાંથી વાળીને બાંધેલકાંઠાની નહેરમાં પૂર્યાં છે ત્યારે ત્યારે એમની કવિતાએ અત્યન્ત કોમલ, સુંદર અને સંગીતમય સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે અને અર્થનું ઉંડાણ મેળવ્યું છે. એમના ન્હાના ન્હાના અકકેકા રાસમાં કેવો ઉંડો અર્થ રહેલો છે તે શ્રી. નરસિંહરાવે 'ફૂલડાં કટોરી'ના અર્થ દર્શનમાં બતાવી આપ્યું છે. ન્હાનાલાલની ગેય કૃતિમાં અને રાસમાં લલિત કોમળ વાણી છે, એ મુલાયમ વાણીમાં રહેલો સમૃદ્ધ અર્થ છે અને એ બંનેને અનુરૂપ, બંનેની આનંદપ્રદતામાં ઉમેરો કરતું શબ્દસંગીત અને લયમાધુર્ય છે; અને એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણવત્તાને લીધે રાસગરબીના ક્ષેત્રમાં દયારામથી પણ બેશક આગળ વધીને કવિ ન્હાનાલાલ અનન્ય અને અજોડ રહે છે.

વિશાળ વિસ્તારમાં અને વાણીના કલ્પનામય વૈભવમાં અર્થનાં પૂર વહાવતી એમની શૈલીને એક ભયસ્થાન હતું : નહેરનાં પાણી ઉંડાણ જાળવી શકે છે, પણ નદીનાં જળનું ઉંડાણ પટવિસ્તારને લીધે ઘટે છે. કવિની કાવ્યશૈલીને આ કસોટીએ આજના વિવેચકો કસવા લાગ્યા છે અને કહેવા લાગ્યા છે કે એમની નાટકાદિ રચના બોધપરાયણ-didactic-બની જાય છે; એમાં અનેક પ્રશ્નોના ઉત્તર માગ્યા છે કે આપ્યા છે પણ અનેક પ્રશ્નો માત્ર પ્રશ્નો જ રહે છે. ઘણીવાર પ્રશ્નને વાણીના આડંબરમાં સજાવીને વિસ્તાર વધાર્યો છે. લીધેલા પ્રશ્નની ઊંડી, સૂક્ષ્મ મીમાંસા ક્યાંક થાય છે તો ક્યાંક નથી થતી. તત્ત્વનો, હાર્દનો, માત્ર પરામર્શ જ થાય છે. કોઇવાર પક્ષવાદ જ રહે છે, નિર્ણય નથી થતો. આ આક્ષેપ છે, અને તે ખરો છે. પણ તેને બીજી બાજુથી, કવિની વિચારની, ભાવની, કલ્પનાની, બહુલતાની દૃષ્ટિથી તપાસી શકાય. તો એક સૂક્ષ્મ પ્રશ્નને અનેક રૂપે અનેક ભાષા વૈવિધ્ય વડે-અનેક ભાવનાના રંગે રંગીને— અનેક પ્રતીકોદ્વારા નવો નવો ઉન્મેષ કરી બતાવવો એ પણ કવિપ્રતિભાનું એક લક્ષણ છે. કવિના ગુણોની માફક આ દોષો પણ એમની વિલક્ષણ કવિપ્રતિભામાંથી ઉદ્‌ભવ્યા છે.

એ વિશે ઉતાવળે ચુકાદો આપવો ઠીક નથી. શ્રી બલવંતરાય ઠાકોરે ઠીકજ કહ્યું છે કે, "એમની કૃતિયોની તલસ્પર્શી વિવેચના માટે તો દાયકા બે દાયકા કે વધારે સમય જવા દેવો જોઇએ." અત્યારે તો સ્પષ્ટ શબ્દોમાં અસંદિગ્ધરીતે જે સંદેશા એમણે આપ્યા છે તેજ આપણે ઝીલીએ. એમણે ગાયેલી દામ્પત્ય ભાવના; એમણે અનુલક્ષેલાં સુભગ તત્ત્વોનો સમન્વય-સ્વર્ગીય અને પાર્થિવ તત્ત્વનો, સંન્યાસ અને સંસારનો સમન્વય, એમણે શીખવેલો સર્વધર્મ સમન્વયઃ એ સર્વ ભાવનાઓની હિંદને આજે જરૂર છે. એ ભાવનાઓ ઝીલનારા અને ઝીલાવનારા જે જે વિદ્વાનો, ઉપદેશકો, રાજપુરૂષો, તત્ત્વજ્ઞાનીઓ હિંદુસ્તાનમાં થઇ ગયા તેમની, ભૂતકાળનાં ઉત્તમ તત્ત્વોજ વર્તમાનને અનુરૂપ કરનારી, પૂર્વ અને પશ્ચિમનો સુમેળ સાધનારી, જે અભ્યાસ સંપત્તિ હતી, જે વિચાર સમૃદ્ધિ હતી તેજ ન્હાનાલાલની કવિત્વપ્રવૃત્તિના મૂળમાં રહી હતી. એમનાજ શબ્દો એમને માટે યોજીને કહીએ તો :—

"આત્મા પુરાણ તીર લોચન વર્તમાન
એવું હતું બળ પ્રિયે! નવ પ્રેરણાનું."

રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસન્તવૈતાલિકની વિદાય

તા. ૯ જાન્યુઆરી ૧૯૪૬ બુધવારની રાતે ૧૧-૩૫ ના સમયે કવિશ્રી નાનાલાલ દલપતરામનું ૬૯ વર્ષની વયે અવસાન થયું છે.

એમના દેહવિલયથી ગુજરાતે એક તપસ્વી ગુમાવ્યો છે, ગુજરાતી ભાષાને એક વાચસ્પતિની ખોટ પડી છે, દેશ વચ્ચેથી એક સંસ્કારમૂર્તિ અદૃશ્ય થઇ છે.

અભ્યાસકાળ દરમિયાન રચેલ 'વસન્તોત્સવ'થી જ એમણે ગુજરાતી સાહિત્યપ્રેમીઓનું હૃદય જીતી લીધું હતું અને સહૃદયોએ અર્પેલા સ્નેહસત્કારને એમણે જીવનના અન્ત સુધી સતત સાહિત્યોપાસના કરતા રહી એકએકથી ચડિયાતી પોણોસોએક કૃતિઓ આપી સંપૂર્ણતઃ સાચો ઠેરવ્યો હતો.

કવિના આગમને ગુર્જરી કુંજોમાં અપૂર્વ કિલ્લોલ મચાવ્યો હતો. શરદની ચાંદનીથી સંગીત ઝમવા લાગ્યું. હૃદયહૃદયમાં વસન્તનો સંજીવનોત્સવ મહેકી ઊઠ્યો.......

કવિશ્રીએ એકવાર પોતાને વસન્તવૈતાલિક—વસન્તની વધાઈ ગાનાર—તરીકે, વસન્તના ટહેલિયા તરીકે, ઓળખાવેલ છે, એ યથાર્થ છે. વસન્તની એમની ઉચ્ચ ભાવના 'વસન્તોત્સવ'માં જ રજૂ થયેલી છેઃ 'વસન્ત એટલે નવસૃજનઃ શિશિરમાં કરમાયેલાં—ચીમળાયેલાંનું નવપ્રફુલ્લજન. વસન્તનો ઉત્સવ એટલે નવસૃજનનો—નવપ્રફુલ્લનનો ઉત્સવ.... આ તો છે ગુજરાતનાં—ભારતનાં, જગતનાં નવસૃજનનો 'વસન્તોત્સવ.' મનુષ્યના ચૈતન્યને સંચારિત કરવાનો કવિધર્મ નાનાલાલે કલ્પ્યો હતો.

આમ, શરૂઆતથી જ કવિમાં જગન્મંગલનો—લોકસંગ્રહનો ઉચ્ચગ્રાહ દેખાય છે અને ઉત્તરોત્તર તે દૃઢ બન્યો હતો. ગાંધીજીના સંપ્રદાય સાથે એમને ગોઠ્યું નહિ અને પોતે અળગા થયા, ત્યારે પણ એ ધક્કો અંગત રીતે પચાવી જઇ લોકસંગ્રહની—પ્રજાહિતની પોતાની ભાવનાને તો એમણે લેશ પણ દુણાવા દીધી ન હતી, ઊલટું જાણે 'ગુજરાતના તપસ્વી'ની ગુણગાથા ગાઈ પોતે પણ તપસ્યા કેમ સ્વીકારી ન હોય, એમ તે પછીની પચીશી એમણે કેવળ સરસ્વતીસેવામાં સમર્પી,—પેટિયા કરતાં વધારેની કદી આશા રાખ્યા વગર અને સામેથી ગુજરાત ગુણજ્ઞ છે-કદરદાન છે એમ સતત એની પીઠ થાબડતા રહીને.

એમનાં લખાણોમાં કશું હીણું નહિ જડે. આચાર્ય આનંદશંકર ધ્રુવે એકવાર વિલેપાર્લે સભામાં એક પશ્ચિમી લેખક માટે યોજાયેલા શબ્દોમાં કહ્યું હતું: He has uttered nothing base.-કશું હીણું એમણે ગાયું નથી. સ્વામીનારાયણ સંપ્રદાયના હોઇ પોતે Puritan—ચોખલિયા છે—એ વાત પર કવિશ્રી મગરૂર હતા. રસિકો કામવર્જિત હોય. રસિકોને એમણે ઉપદેશ્યું: 'હે રસતરસ્યાં બાળ, રસની રીત મ ભૂલજો; પ્રભુએ બાંધી પાળ રસસાગરની પુણ્યથી.' કવિશ્રીએ આરંભથી જ 'પ્રેમભક્તિ' ઉપનામ સ્વીકાર્યું હતું. પ્રેમ જ્યારે પરમાત્માને ચરણે જઇને ઠરે છે, પ્રેમ લક્ષ્ય જ્યારે કેવળ પરમેશ્વર હોય છે, ત્યારે તેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજું નામ ભક્તિ જ છે. નરસિંહથી દયારામ સુધીના ભક્ત –કવિઓએ રાધાકૃષ્ણના રૂપકથી પ્રેમલક્ષણા ભક્તિ ગાઇ છે. ભક્તિકવિતાનો એ પ્રકાર કવચિત્ વાચકને ભ્રમમાં નાખે છે કે આ ભક્તિ તે દુન્યવી પ્રેમ તો નહિ હોય. નાનાલાલે સીધાં ભક્તિનાં કાવ્ય જૂજ કર્યાં છે (કર્યાં છે તેટલાં ઉત્તમ પણ છે), પણ એમની ભક્તિ એમની સમગ્ર કાવ્યરચનામાં ફૂટી નીકળી છે અને માનવમાનવ વચ્ચેનો પ્રેમ પણ એમની લેખણીથી નિરૂપાતાં ભક્તિરૂપે જ તાદૃશ થાય છે.

નરસિંહ પછી બીજા કોઈએ મહાન ઊર્મિકવિતા આપી હોય તો તે નાનાલાલે. અને સમગ્ર ગુજરાતી સાહિત્યમાં ઊર્જિતતા (Sublimity) નું મનભર દર્શન તો માત્ર આ બે કવિઓમાં જ મળે છે. ‘નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો’ ‘બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે’ એ ભવ્યચિત્રમાળા ફરી નાનાલાલ મોટા પાયા ઉપર આગળ ચલાવી શકે છે: ‘વિરાટનો હિંડોળો ઝાકઝમોળ, આભને મોભે બાંધ્યા દોર’, ‘બ્રહ્માંડ બ્રહ્મે પાથર્યું સુખકુંજસમ ઊંડું, અહા ત્યાં એકલો ઊડું.’........દૃષ્ટાંતો શોધવાં પડે એમ નથી. ભવ્યતા નાનાલાલની કલ્પનાની હડફેટમાં આવ્યા જ કરે છે.

કવિશ્રીની દૃષ્ટિ વિશ્વદૃષ્ટિ (Cosmic vision) હતી. ગુજરાતને ખૂણે ખૂણે એ રખડ્યા હોઈ, ગુજરાતના પ્રાકૃતિક સૌંદર્યને તો એમની કવિદૃષ્ટિ ઝડપી લેતી જ, પણ બ્રહ્માંડને ઊંડળમાં લીધા વિના એને ચેન ન પડતું, કૌટુમ્બિક અને સામાજિક પ્રશ્નો ઉપર તે અવશ્ય મનન અને સૂચન વેરતી, પણ માનવહૃદયનાં સનાતન મંથનો—માનવી જીવનના પાયાના પ્રશ્નો—પર જ જઈ જઇને એ ઠરતી, એ અર્થમાં નાનાલાલ વિશ્વકવિ છે. સ્થૂલ કીર્તિને કાટલે કવિપ્રતિભાનું માપ કાઢવું—અનુવાદો દ્વારા અન્યત્ર એ પોંખાઇ છે કે કેમ એ જોવા જવું એમાં લઘુતાગ્રંથિની અસર હોય છે. દરેક પ્રદેશને જેમ તેની હવા આકાશનાં નાના પ્રકારે દર્શન કરાવે છે, તેમ તેની વાણી પણ સર્વવ્યાપી અને અગાધ એવા વિશ્વ-ચૈતન્યની અપાર લીલા પ્રત્યક્ષ કરી આપે તો બસ છે. કવિ પોતાની ભાષા દ્વારા વિશ્વ-ચૈતન્યને વાઙ્-મય આકાર આપવામાં કેટલો સફળ થાય છે એ જ જોવાનું હોય. કવિશ્રી નાનાલાલને એ પ્રવૃત્તિમાં અજોડ સિદ્ધિ સાંપડી છે. ગુજરાતી કવિતામાંથી ચૂંટેલી કૃતિઓનો સંગ્રહ તૈયાર કરવામાં આવે તો તેમાં નાનાલાલની કૃતિઓ કદાચ સૌથી વધુ જોવા મળશે.

ગીતો અને ગરબીઓ કવિશ્રીની લોકપ્રિયતા હતી અને રહેશે. ગુજરાતી ભાષા કેટલી મધુર થઇ શકે છે એ એમનાં ગીતોએ બતાવ્યું. ગીતો જોઇને તો કોઇને થાય કે નાનાલાલ એટલે ગિરા ગુર્જરીનું હૃદય. ....કવિતાદેવીને આ યુગમાં છંદનાં ઝાંઝરા શૃંખ-લાસમાં છે એમ કહી એમણે ડોલનશૈલી ઉપજાવી. પણ છંદોબદ્ધ કાવ્યોમાં પણ એમની સિદ્ધિ એમને મહાન કવિનું પદ અપાવવા માટે પૂરતી છે અને બીજા કોઈક જ કવિઓની એટલી પણ હશે....ડોલનશૈલી કવિશ્રીના જેટલા શબ્દપાટવથી અને અર્થગાંભીર્યપૂર્વક બીજું કોઇ પ્રયોજી શક્યું નથી. નાની અમથી નીક જેવડું જળઝરણું કિનારા લોપવા માગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો હાંસીજ થાય ! કિનારા છિન્નભિન્ન કરી નાખનાર તો એકમાત્ર આષાઢશ્રાવણનાં ઘોડાપૂર. કવિશ્રીની સર્જકશક્તિ ઘોડાપૂરમાં વહેવા નીકળી હતી અને એને કવિતાની હંમેશની પદ્યની પાળો સમાવી શકે એ દુષ્કર હતું. કવિશ્રીએ માત્ર અખતરા ખાતર અછાંદસ રચના ઉપજાવી કાઢી ન હતી, તેમ છંદોબદ્ધ રચનાની અણઆવડતને લીધે નાછૂટકે એને વળગી રહ્યા હતા એમ પણ ન હતું; ડોલનશૈલી કવિશ્રીની ઊભરાતી સાર્જકતાનો નૈસર્ગિક અંશ હતી....એકંદરે કાવ્યકલાનાં અનેક શિખરો એમણે સર કર્યાં છે અને કેટલાંક પર તો એ એકાકી જ છે.

અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગોમાં જે નિષ્ઠાથી કવિશ્રીએ સરસ્વતીસેવા કરી છે તે ગમે તે ક્ષેત્રમાં કામ કરનાર સૌ કોઈને પ્રેરણાદાયક નીવડશે.

કવિશ્રીની કાવ્ય અને જીવનની સાધના આ દેશની સંસ્કૃતિનો ફાળો સૌથી આગળ પડતો છે. ભારતીય સંસ્કૃતિની તત્ત્વોની કવિશ્રીને ઊંડી સૂઝ હતી, એના મર્મો એમની કવિદૃષ્ટિને સુગમ થતા. પ્રાચીન સંસ્કૃતિની ભાવનાઓ સાથે એમના હૃદયનું જીવતું જોડાણ હતું અને એ ઉપર અંત સુધી એ ટકી રહ્યા હતા. આત્મનિષ્ઠ વ્યક્તિત્વ એમણે ઘડ્યું હતું. કવિનો આદર્શ પણ એમનો આ દેશનો જ હતો કે કવિ એટલે મંત્રદ્રષ્ટા. કવીશ્વર દલપતરામે ૧૮૩૨ માં કાવ્યરચના કરવા માંડી ત્યારપછી ૧૧૪ વર્ષ સુધી પિતાપુત્રે ગુજરાતી વાણી દ્વારા નવયુગને વધાવતા રહીને જીવનના સનાતન મંત્રોના ઉચ્ચારણથી ગુજરાતની અપૂર્ણ સેવા કરી છે અને સાહિત્યના ઇતિહાસોમાં એક નવું જ પ્રકરણ ઉમેર્યું છે. પિતાએ આદરેલી પ્રવૃત્તિ નાનાલાલભાઈમાં ઉત્કૃષ્ટતાએ પહોંચી ગુજરાતી ભાષામાં અચલ પ્રતિષ્ઠાને પામી છે.

ભવિષ્યનું ગુજરાત હોંસેહોંસે અને લાડપૂર્વક ગાંધીજી ઉપરાંત કોઇનું નામ સંભારશે તો તે કવિવર નાનાલાલનું પણ અવશ્ય હશે.

ઉમાશંકર જોષી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસન્તોત્સવ

[એક ઉપમાકાવ્ય]

સંસ્કૃત સાહિત્યમાં ઉપમા તો કાલિદાસનીજ કહેવાય છે. ગુજરાતી સાહિત્યમાં, ઉપમાના બાહુલ્યને લીધે તેમજ સુભગતાને લીધે વિશિષ્ટતા પામતા કવિ તે ન્હાનાલાલ છે.

'વસન્તોત્સવ' એક નાનું કથાકાવ્ય છે. કાવ્ય તરીકે એ હૃદયંગમ છે. ક્રાઉનસાઇઝનાં ૧૦૪ પાનામાં લગભગ એક હજાર લીંટીઓનું એ કાવ્ય છે. પણ આ લીંટીઓ નાની છે અને દરેક લીંટીમાં સરાસરી ચાર–પાંચ શબ્દો છે. એટલે આખાં કાવ્યમાં દશેક હજાર શબ્દો હશે. આટલા વિસ્તારમાં આ કાવ્યમાં લગભગ બસો ઉપમાઓ યોજાઇ છે, એટલે કે દરેક પાને સરાસરી બે ઉપમાઓ છે. સરાસરી નવદશ લીંટીએ એક ઉપમા આવે. અને એક ઉપમા સરાસર બે ત્રણ લીંટી રોકે તો સરાસરી દર ચોથી પાંચમી લીંટીએ એક ઉપમા આવે, એટલી બધી ઉપમાબહુલતા આ કાવ્યમાં છે. માટેજ આ કાવ્યને ઉપમાકાવ્ય કહેવાનું મન થાય છે.[૧]

ઉપમા ઉપરાંત બીજા અલંકારો પણ (રૂપક, ઉત્પ્રેક્ષા, સમાસોક્તિ, અર્થાન્તરન્યાસ, પરિકર આદિ) આ કાવ્યમાં ઠીક ઠીક વપરાયા છે. એટલે આ નાનું કાવ્ય, આમ તો, અલંકારખચિત છે. પણ ઉપમા બાહુલ્ય તો આમાં બહુ જ સ્પષ્ટ છે. એ બધી ઉપમાઓનો અભ્યાસ કોઇએ કરવા જેવો છે. હું તો, અહીં, 'વસન્તોત્સવ'માં પ્રયોજાએલાં ઉપમાચિત્રો પ્રતિ ધ્યાન દોરૂં છું.

'શેષનાં કાવ્યો' માં થએલા ઉપમાચિત્રોના પ્રયોગ વિશે આગળ મેં થોડી ચર્ચા કરી છે. ત્યાં મેં લખ્યું હતું કે આવાં ઉપમાચિત્રો અખામાં મળે છે. ગોવર્ધનરામમાંથી પણ એક દાખલો આપ્યો હતો. એ વખતે ન્હાનાલાલનાં ઉપમાચિત્રો તરફ મારૂં ધ્યાન દોરાયુંજ ન્હોતું તેથી એમાંથી દૃષ્ટાન્તો આપવાનું સૂઝ્યું ન્હોતું. પણ ન્હાનાલાલે તો ઉપમાચિત્રો ખૂબ પ્રયોજ્યાં છે. ઉપમાચિત્રોનો એમણે સુભગ પ્રયોગ સારાં પ્રમાણમાં કર્યો છે. એ એની વિશિષ્ટતા પણ છે. તેથી અહીં 'વસન્તોત્સવ'માં પ્રયોજાએલાં ઉપમાચિત્રો એકત્ર કરૂં છું.

સાધારણ પૂર્ણા ઉપમામાં માત્ર ઉપમેય, ઉપમાન, વાચક અને ધર્મ એમ ચાર શબ્દો આપવા પૂરતી જ કવિની ફરજ છે. પણ આવાં ઉપમાચિત્રોમાં, જેને વિવર્ધિત વાક્યગા ઉપમા કહી શકાય તેમાં, ઉપમાનવાક્યમાં, ઉપમાનના ધર્મોનું બારીક વર્ણન કરીને નાનું શું ચિત્ર આપવાની કવિની ફરજ થાય છે. આ ચિત્રણથી વર્ણનમાં એક પ્રકારની પ્રત્યક્ષતા ભળતાં કાવ્યાસ્વાદમાં વધારો થાય છે. આવી જાતની ઉપમાને મેં ઉપમાચિત્રનું નામ આપ્યું છે. તાત્ત્વિક દૃષ્ટિએ તો એ વિવર્ધિત કે પરિપોષિત વાક્યગા ઉપમા જ છે. આની તાત્ત્વિક ચર્ચા માટે જીજ્ઞાસુને મારો ઉક્ત લેખ, મારાં 'કાવ્ય વિવેચન' નામે પુસ્તકમાં છપાયો છે તે જોઇ લેવા વિનંતિ છે.

૧ એનાં પ્રતીક તરીકેજ, કેમ જાણે, કાવ્યનો આરમ્ભ એક મોહક ઉપમાથી થયો છે—
"ગુલછડી સમોવડી એક સુન્દર બાલિકા હતી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે આપણે 'વસન્તોત્સવ'માં પ્રયોજાએલાં ઉપમાચિત્રો એકઠાં કરી લઈએ:—

(૧) વર્ષાના કોઇક સન્ધ્યા સમયે
નિસ્તેજ બાલચન્દ્ર ઉપર
મેઘધનુષના રંગ
આવી આવી ઉડી જાય છે :
વિલસુને ઝાંખે મુખડે
એવી લજ્જારેખા બેઠી
ને બેસતાં જ ઉડી ગઇ. પૃ. ૧૬

(૨) તારાસખીઓમાં શશીલેખા જઇ રમે
ત્હેવી સુભગા સહિયરસાથમાં ભળી. પૃ. ૧૮

(૩) મેઘછટા નીચેથી શશીરાજ
તારલીઓના વિહાર નીરખે,
આઘે એક આંબલિયાછાયે રહી
રમણ તેમ રમણીઓની રમણા જોતો. પૃ. ૨૧

(૪) ગહન ગુફામાંથી યોગીન્દ્ર ગાય,
ત્હેના મહામન્ત્ર જગતમાં સંચરે,
ભૂત ઉપરથી તરી આવી
વર્તમાન મહાસંગીતે ભરે,
અને ભવિષ્યને ભવ્ય જગાડે;
ફૂલપલ્લવવાસી કોકિલા
'વસન્ત્' 'વસન્ત્' વસન્ત્'ની
પૂરાણુ મન્ત્રઘોષણા
તેમ નવચૈતન્યથી પુકારતી
નિષ્ઠુર જગતને સુણાવતી. પૃ. ૨૧

(૫) પ્રભાતના આકાશે ચ્હડતી
પ્રભાભર શુક્રબાલા સમી
સુભગા ધીરી ધીરી આગળ આવી. પૃ ૨૪

(૬) બીજની વિદ્યુરેખ
તીરછા દૃષ્ટિપાતે જગ વધાવી
સહચરીઓ સંગે પરવરે;
સ્નેહનમણાં સ્મિતકિરણુ ફેંકી
સુભગા તેમ સખીઓમાં ગઇ. પૃ. ૨૬

(૭) પાંદડામાં ઝીણો વાયુ લ્હેરતો હોય
ત્હેવા ધીરાશના શબ્દ આવતા: પૃ. ૨૯

(૮) અન્તર્પટ સરકતાં
કાન્તિપૂર્ણ ચન્દ્રબિમ્બ
વ્યોમસાગરનાં મોતીઓમાં વિચરે
ત્હેવું તેનું પ્રસન્ન પ્રફુલ્લ વદન
મંજરીઓમાં તરવા લાગ્યું. પૃ. ૩૫

(૯) સુહૃદયની અર્પેલી વૈજયન્તી માળા
કો કુમારી સંકેલી લઈ
હૃદયવસનમાં સંચે,
સુભગાનો સુન્દર તનુહાર
રમણે તેમ હૃદયે સ્થાપ્યો. પૃ. ૩૫

(૧૦) લાડકડી ફૂલવેલીને અનિલરાજ
અડપલે અડકે,
રમણ એવું સુમધુર સ્પર્શતો. પૃ. ૩૬

(૧૧) ચન્દ્રકિરણુ ઝીલતાં ઝીલતાં
કુમુદપત્ર ઉઘડે ને ઝૂલે,
રમણુની રસકાન્તિ સત્કારતાં
ત્હેવાં સુભગાનાં લોચન વિકસતાં. પૃ. ૩૬

(૧૨) વસન્તના સુવર્ણ કટોરા શાં
સુરેખ ચંપાકુસુમોમાં
પ્રભાતની ગૌર પ્રભા ઢળે,
કાંચનવર્ણી સુભગાની શોભામાં
પ્રીતમનો પ્રેમાત્મ તેમ ઝરમરતો
હૈયામાં ઉતરતો. પૃ. ૩૭

(૧૩) ભર્યો ભર્યો મેઘ
વિદ્યુલ્લતાને ખોળે લે,
પ્રણયપ્રભાની વેલડી શી પ્રિયને
તેમ રમણે અંકે મૂકી. પૃ. ૩૯

(૧૪) નમેલું ગુલાબ બીડેલી કળીને
કંઈ ક્હેતાં ક્હેતાં ચુંબન દે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ રમણલાલનો ગાલ
સુભગાના ગાલને અડકતો. પૃ. ૪૦

(૧૫) ઉષાનો પાલવ એક કરમાં લઇ
ત્હેનું કેસરવરણું સૂર્યમુખ[૧]
દિનરાજ બીજે કરે ઉપાડે,
દેહલતા એક કરકિરણે એમ સંકેલી
પ્રેમપાંદડી શા કપોલે
બીજો કર ચાંપી
સૌભાગ્યચન્દ્રે વિલસુનું
મુખારવિન્દ ઉપાડ્યું. પૃ. ૫૮

(૧૬) ઝળહળતો પ્રચંડ સૂર્યપ્રતાપ
વિહાસિની ચન્દ્રબાળાને હઇડે ઢળી
મનોહારી મહિમાવાન જ્યોત્સ્નિકા સમ
પરાવર્તને વિશ્વમન્દિરે સ્ફુરે છે,
સ્વચ્છન્દ વ્યક્તિભાવની ત્હેવી
પ્રતાપવન્તી કૌમારની વિલાસવૃત્તિ
પ્રિયહૃદયે સંચરતાં
પ્રેમભાવના રૂપે પુનરુદય પામે છે. પૃ. ૬૦

(૧૭) નિર્મળા વ્યોમસાગર ઉપર
કો વિહરન્તી દિગ્વાસિની શી
તારાસખી તરી આવતી હોય,
નીલઘેરા સરોવરજલમાંથી
મોતીની કિરણરેલ ચ્હડતી હોય;
એવું કંઇ દર્શન દે છે. પૃ. ૬૧

(૧૮) નીલમણિને માણેક ચુમ્બન દે
વિલુસુના નયનદલે ત્હેવી
સૌભાગ્યચન્દ્રની અધરપાંખડી
બેસી બેસી ઉડી જતી. પૃ. ૬૨

(૧૯) સંગીતસ્રોતને મધુર આરે
હરિણનાં વૃન્દ વૃન્દ ઉભરાય,
સન્ધિકાના સરોવર ઉપર
તારલીઓ અન્તરિક્ષેથી ઉતરે,
ફૂલ પલ્લવની ઘટાઓમાંથી
અદૃશ્ય કુંજોના સુખસોહાગમાંથી,
ત્હેમ વેરાએલી વસન્તવિલાસિનીઓ
મોરલીના ગહન મન્ત્ર પીવા મળી. પૃ. ૬૪

(૨૦) એક બાળાને બોલાવ્યે
અનેક બાળાઓ બોલે,
એક ચન્દ્રકળાની કળા પ્રગટતાં
અનેક તારલીઓની મીટ ઉઘડે;
એવી બાલકોલાહલ શી
પ્રભાવન્તી કોકિલકેલિ
ડાળેડાળેથી રેલી રહી. પૃ. ૭૨

(૨૧) અજ્ઞાન કસ્તૂરિકા મૃગમાલ
કસ્તૂરી પામી પાછું વળે,
વસન્તવિભૂતિની સારકસ્તૂરી
અન્તરના અન્તરમાં સંચી
સુન્દરીસમાજ ગામ ભણી વળ્યો. પૃ. ૮૧

(૨૨) કમલદલમાં પરાગ લપાય
ત્હેમ ન્હાનકડી હથેલીઓમાં
મુખકાન્તિ સંતાડતો
હસતો હસતો નયન બોલ્યો. પૃ. ૮૭

(૨૩) મનમોહન મોતીશય્યામાં
શ્રાન્ત સરિતાઓ જઈ વિરામે તેમ
વિશાલપાલવ બાલાઓ મ્હોરમાં જઈ બેઠી.
પૃ. ૯૨

(૨૪) સુવર્ણરેખાઓમાં સરિતાઓ વહે
એવી ભરવેગ–ભરપૂર
બાળાઓ પ્રીતમકરમાં પડી. પૃ. ૯૬

૧ "દિનરાજ ઉષાનું સૂર્યમુખ ઉપાડે" એમ કહ્યું છે તેમાં "સૂર્ય પોતે પોતાને ઉપાડે છે" એવો અર્થ આવી જાય છે, જે સુભગ તો નથી જ, પણ દૂષિત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપમાચિત્રો વિશે મેં મારા ઉક્ત લેખમાં ચર્ચા કરી જ છે, તેથી અહીં આપેલાં દરેક ઉપમાચિત્રોનું પૃથક્કરણ કરતો નથી. જીજ્ઞાસુ ઉક્ત લેખની મદદથી આ કાર્ય સરલતાથી કરી શકશે. પણ આ ઉપમાચિત્રોનાં ઘડતરના એક બે અંશ તરફ ધ્યાન દોરવું જરૂરી લાગે છે. ઉપમાનનું ચિત્રણ અહીં અતીવ મોહક અને હૃદયંગમ લાગે છે, પણ કંઈક અસ્પષ્ટ પણ લાગે છે. એનું કારણ, હું ધારૂં છું કે, કવિએ પસંદ કરેલાં ઉપમાનોનું સ્વરૂપ છે. કવિનાં અહીં પ્રયોજાએલાં ઉપમાનો, ચન્દ્ર, તારા, અનિલ, મેઘ, ફૂલ– એવાં અપાર્થિવ પ્રકૃતિતત્ત્વો જ છે. આવાં તત્ત્વોમાં, પૂરી મૂર્તતા આવવી સંભવિત નથી તેથી એ ચિત્રો અસ્પષ્ટ લાગે છે. ઉપમાનને મૂર્ત બનાવવા માટે વીગતોની સમૃદ્ધિ આપવી જોઇએ, તે પણ અહીં ઓછી છે તેથી પણ અસ્પષ્ટતા આવે છે.

વળી, અહીં આપેલાં ૨૪ ઉપમાચિત્રોમાંથી ૯ માં એક અથવા બીજી રીતે તારા અને ચન્દ્રને જ ઉપમાન તરીકે લીધાં છે ઉપમાનની આટલી બધી પુનરૂક્તિ સૂચક લાગે છે. 'વસન્તોત્સવ' કવિનું પહેલું જ કાવ્ય છે. એની બસો જેટલી બધી ઉપમાઓનું પૃથક્કરણ તો મેં કર્યું નથી, પણ ઉપર આપ્યાં છે તેટલાં ઉપમાચિત્રોમાં એક જ ઉપમાનની આવી પુનરૂક્તિ મળે છે તેવી બીજી ઉપમાઓમાં પણ મળે તો એનો અર્થ એવો ન થાય કે કવિની પ્રતિભા ઉપર, આટલી બધી ઉપમાઓના પ્રયોજનથી, વધુ પડતો ભાર આવી પડયો છે અને પ્રતિભાને, આ પહેલી જ કૃતિમાં, કેમ જાણે, થાક લાગ્યો છે? આ તો માત્ર સૂચવું છું, આખા ગ્રન્થની બીજી બધી ઉપમાઓનું વર્ગીકરણ કર્યા પછી આવું વિધાન સાચું છે કે ખોટું તે કહી શકાય.

અહીંનાં ઉપમાચિત્રોનો એક અંશ ખાસ નોંધપાત્ર છે. ઔપમ્યવાચક શબ્દનું સ્થાન નોંધવા જેવું છે. સામાન્ય રીતે, તેમ, તેવી, જેવા વાચકો કવિ વાપરે છે. સાધારણ ઉપમામાં આ વાચકોનું સ્થાન નીચે મુજબ હોય છે.

"જેમ મેઘછટા નીચેથી શશીરાજ તારલીઓના વિહાર નીરખે, તેમ રમણ આઘે એક આંબલિયા છાયે રહી રમણીઓની રમણ જોતો."

ઉપરના વાકયમાં જેમ–તેમનાં જે સ્થાનો છે, તે સામાન્ય રીતે ઉપમામાં વપરાય છે, તે છે. કવિએ આમાંથી જેમનો પ્રયોગ તો કર્યો જ નથી અને તેમનો (કે ત્હેવી વગેરેનો). પ્રયોગ ઉપમેયવાકયના આરમ્ભમાં કરવાને બદલે વચમાં કયાંક કર્યો છે.[૧] આ શૈલી કવિની વિશિષ્ટ છે. આમ તો આ ભણિતિવૈચિત્ર્ય જ છે. પણ આ વૈચિત્ર્ય સુભગ છે અને એના પ્રયોગથી કાવ્યતત્ત્વને ખીલવાનો વધુ અવકાશ મળે છે. એનું કારણ છે. ઉપમાવાકય પછી તરત જ, ઉપમેયવાકયના આરમ્ભમાં જ વાચકની અપેક્ષા આપણને રહે. પણ એ આકાંક્ષા, આ શૈલીવૈચિત્ર્યને લીધે વણપૂરાયેલી રહે છે. ઉત્તેજીત થએલી આકાંક્ષા પૂરાતી નથી, હવે એ કયારે પૂરાશે એવી

૧ જુઓ ઉપરના સંખ્યાક (૩) નું ઉપમાચિત્ર. એમાં "જેમ" છે જ નહીં. "તેમ" રમણીઓની પહેલાં વપરાયું છે. એવું જ બીજાં ઘણાં ઉપમાચિત્રોમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાચકને અધીરાઇ થાય ત્યાં તો અણધારેલી રીતે પણ સત્યની સુભગ રીતે એ આકાંક્ષા પૂરાય છે. તેમ–તેવા જેવા વાચકોના આવા સ્થાન–વિન્યાસથી ઉપમાનવાકય અને ઉપમેયવાકય વચ્ચે એક પ્રકારનો લય અથવા આરોહ–અવરોહ ગોઠવાય છે. અર્થનો આરોહ–અવરોહ, આમ, શબ્દવિન્યાસથી પોષાતાં, વાચકની રસવૃત્તિને સંતર્પિત કરે છે. મને લાગે કે, ન્હાનાલાલની શૈલીનો આ એક અત્યન્ત વિશિષ્ટ અને સુભગ અંશ છે અને કવિનાં કાવ્યનું મોહક માધુર્ય, આ અંશને પણ આભારી છે.

ઉપમાચિત્રોનું સૌન્દર્ય પારખનાર અને એનો સંપ્રજ્ઞાત આટલો સુભગ પ્રયોગ કરનાર ન્હાનાલાલ આપણા પહેલાજ કવિ છે.

ડોલરરાય રંગીલદાસ માંકડ

૧૮૯૮ માં 'વસન્તોત્સવ' છપાયો ત્યહારે ગુર્જરદેશે નવયુગની અર્ધી સદી વીતી ગઈ હતી; આપણા નવયુગની વસન્તપંચમી બેસી ચૂકી હતી.

એ 'વસન્તોત્સવ' ગુર્જરદેશનો છે, ભરતખંડનો છે, પૃથ્વીની પ્રજાપ્રજાનો છે, વિરાટનો છે.

વસન્ત એટલે સંજીવન ને નવસૃજન.

'વસન્તોત્સવ' સંજીવનનું–નવસૃજનનું કાવ્ય છે.

'વસન્તોત્સવ' ગુણગૌરવી ગુર્જર ગિરાનું કાવ્ય છે, ગુજરાતનું કાવ્ય છે. પ્રદેશ ગુજરાતનો છે, ગીત ગુજરાતી છે, વાતાવરણ ગુર્જરી કુંજોનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતનો અર્વાચીન મહાન કવિ

કવિ ન્હાનાલાલનું મૃત્યુ થતાં ગુજરાતના સાહિત્ય પ્રકરણમાં એક અસાધારણ એવી સુદીર્ઘ અને યશસ્વી કારકિર્દીનો સુભગ અંત આવે છે. ન્હાનાલાલનું કવિ તરીકેનું જીવન તેમને પોતાને માટે તથા ગુજરાતને માટે પણ એક પૂરી ચરિતાર્થતાના ભાન સાથે સમાપ્તિ પામ્યું છે. ગુજરાત પાસેથી તેમણે પોતાની કવિતાના બદલામાં જે વાંછ્યું હશે તે ગુજરાતે તેમને પૂરેપૂરૂં ચૂકવી આપ્યું છે. અને કવિએ જે કંઈ આપ્યું છે તેથી ગુજરાતે પોતે પણ પૂરેપૂરી ગુણજ્ઞતા બતાવી છે. ગુજરાતના સમકાલીન જીવનના બધા સૂરો સાથે કવિનું જીવન અને કવન સંવાદ સાધી શક્યું નહિ છતાં એ વિસંવાદિતાને ગુજરાતે પોતાની વ્યાવહારિક દક્ષતા અને ઉદારતાથી બાજૂએ મૂકી દઈને કવિને પોતાના કવિ તરીકે અપનાવ્યા અને બિરદાવ્યા છે. વળી કવિ જીવતાં જે ન કરી શકેલા તે તેઓ મૃત્યુને વેરીને તો કરી જ ગયા: ગુજરાતના બધા સંસ્કારપ્રેમી અને કવિતાપ્રેમી વર્ગને તેમણે પોતાની મૃત્યુશય્યા પાસે ભેગો કર્યો અને સૌની પાસેથી એકસરખા પ્રેમળ ભાવથી તેમણે વિદાય મેળવી. **मधुरेण समापयेत्** નું આપણું મંગલદર્શન કવિના મૃત્યુ સમયે તો યોગ્ય રીતે સિદ્ધ થયું જ.

કવિની અતિશય વિશાળ અને સમૃદ્ધ એવી સાહિત્યપ્રવૃત્તિ અત્યાર સુધીમાં અનેક રીતે આદર, અધ્યયન અને વિવેચન પામી ચૂકી છે. એમની શૈલી, એમનાં કાવ્યોના વિષયો, ભાવનાઓ. આદર્શો, અને તે પ્રત્યેકના ગુણઅવગુણ આપણા પીઢ વિવેચકોને હાથે ખંત અને ઉમંગપૂર્વક ઘણાં ઝીણવટભર્યાં અને તલસ્પર્શી નિરૂપણ પામ્યા છે. બેશક કવિની 'ઇન્દુકુમાર' કે 'કુરૂક્ષેત્ર' જેવી રચનાઓ તેમના 'જયા–જયંત' કે 'વિશ્વગીતા'ના જેવું સાંગોપાંગ અને વિસ્તીર્ણ અધ્યયન પામી નથી, તેમ જ તેમની કેટલીક રચનાઓ તથા તેમની ભાવનાઓ કે આદર્શોની કેવળ મુગ્ધભાવે અત્યુક્તિભરી પ્રશંસા પણ ઘણીએક થઇ છે. તો પણ ન્હાનાલાલની કાવ્યપ્રતિભા તેના મુખ્ય આવિર્ભાવોમાં અણપ્રીછી કે અજાણી કે ઉપેક્ષિત નથી રહી અને ગુજરાતનું ચિત્ત અને હૃદય પણ કવિની પ્રતિભાના વિકાસની સાથેસાથે પોતાની સહૃદયતા અને ગ્રાહકતામાં વિકાસ પામતું રહ્યું છે.

કવિ પોતે પણ સમજતા અને સ્વીકારતા રહ્યા છે કે તેમની બધી રચનાઓ એકસરખા ઉત્તમ પોતવાળી નથી બનેલી. વળી તેમની કવિતા–પ્રવૃત્તિમાં છેલ્લેછેલ્લે કંઇક આત્મસંમોહનું તત્ત્વ પ્રવેશ પામ્યું હતું; આ વાત પણ સદ્ભાગ્યે કવિના ધ્યાન બહાર રહી ન હતી, તોપણ એ સંમોહનાં પરિણામોમાંથી તેઓ પોતાની કવિતાપ્રવૃત્તિને બચાવી શક્યા ન હતા. આને લીધે તેમની કેટલીક રચનાઓની પાછળ સ્પષ્ટ રીતે પ્રયત્નશીલતા, પરાણે કાવ્ય કરવાની મથામણો દેખાઇ આવે છે. એવી રીતે થયેલી તેમની રચનાઓ બહુ સાધારણ કોટિની નીવડી છે.

કવિની ગદ્ય અને પદ્યની બધી પ્રવૃત્તિ જોઇ જતાં જે એક સર્વવ્યાપી છાપ ઊઠે છે તે તેમની લાક્ષણિક શૈલીની. એ શૈલી છે કવિની 'ડોલનશૈલી.' કવિ પહેલે અને છેલ્લે, સર્વત્ર શૈલીકાર છે, તે શૈલીમાં રાચે છે, તેમની કલમમાં ઠરીને ઠામ થયેલી ગુજરાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષાની એક લાક્ષણિક લઢણને તે હંમેશાં બદલાવે છે. એ શૈલી દ્વારા પોતે જે લક્ષ્ય સાધવા ઇચ્છે છે તે સધાયું છે કે નહિ, એ શૈલીનો પ્રત્યેક પ્રસંગે પ્રયોગ ચરિતાર્થ કે આવશ્યક છે કે નહિ તે જોવાને પણ તેઓ થોભતા નથી. આમ છતાં, કવિની સર્જનશક્તિ એટલી સમૃદ્ધ રહેલી છે કે, કેવળ શૈલીના આવરણથી જ જીવતી એવી રચનાઓને બાદ કરી નાખ્યા પછી પણ, તેમના ગદ્ય અને પદ્ય ઉભયમાં એવી કેટલી યે સંખ્યાબંધ રચનાઓ છે જે પૂર્ણ રૂપે કલાત્મક બનેલી છે અને તે છે કવિનું અને સાથે સાથે ગુજરાતનું અને ગુજરાતી ભાષાનું અમર કલાધન.

કવિનું ગદ્યલખાણ ઓછું નથી. એમની ટૂંકી વાર્તાઓ, નવલકથા, ગદ્ય લેખો, વ્યાખ્યાનો અને જીવનચરિત્રોમાં કવિનો અભ્યાસ અને મહેનત સંચિત થઇને પડેલાં છે. એમનું ગદ્ય અને એમની કાવ્યોમાંની ડોલનશૈલી વચ્ચે બહુ ઓછું અંતર છે. એમના ઘણા ગદ્યખંડોને ડોલનશૈલીની રીતે, કે ડોલનશૈલીમાંનાં કાવ્યોને ગદ્યની રીતે કશી હાનિ સિવાય ગોઠવી શકાય તેમ છે. ગદ્યમાંના એમના સર્જનાત્મક લખાણનું મૂલ્ય હજી આપણે જાણવાનું છે. એમની દળદાર નવલકથા 'સારથિ' માં શું છે, તથા કેવો ગુણ છે તે કોઇ અભ્યાસીએ હજી તારવી આપ્યાનું જાણ્યામાં નથી. એમની 'ઉષા' એ તો અનેક યુવાનોને સ્વપ્નમાં રમતા કરી દીધેલા, એ જાણીતી વાત છે, 'પાંખડી' માંની એમની થોડીએક ટૂંકી વાર્તાઓ મનોહર ઊર્મિમુક્તકો જેવી છે. એમનાં વ્યાખ્યાનો અને ગદ્ય લેખોની પાછળ એક ખંતીલી અભ્યાસનિષ્ઠા અને સમૃદ્ધ માહિતીભંડાર જોવા મળે છે. સમાજજીવન અને સાહિત્ય અંગે કેટલીક કિંમતી અને સત્યપ્રતિષ્ઠિત વિચારસરણી તેમનાં આ લખાણોમાં છે. જ્યાં તેઓ કોઈ ચાહથી ગ્રસ્ત નથી બનેલા હોતા ત્યાં તેઓ કાવ્યકળાની સાચી પરખ પણ બતાવે છે. ગુજરાતી ગદ્યમાં તેમનો સૌથી સમૃદ્ધ ફાળો છે 'કવીશ્વર દલપતરામ' ના વિસ્તૃત ચરિત્રનો કવિની વિવિધ શક્તિઓ અહીં યોગ્ય આવિર્ભાવ પામી છે. અહીં તેમનું ગદ્ય શૈલીના મોહમાંથી ઘણુંએક બચી ગયું છે અને દલપતરામનું તથા તેમના કાળના ગુજરાતનું એક વિશાળ ચિત્ર અહીં રજૂ થયું છે.

કવિની કાવ્યપ્રવૃત્તિમાં ગુજરાતી ભાષાનો અને કવિતાનો એક નવીન અને અત્યંત રસપૂર્ણ આવિષ્કાર છે. પોતાની નવી ડોલનશૈલીમાં તથા છંદોબદ્ધ રચનાઓમાં કવિએ સૌન્દર્ય અને રસથી છલકાતી ઘણી કવિતા આપી છે. ડોલનશૈલી એ કવિના ચિત્તતંત્રનું એક લાક્ષણિક પ્રતીક બની રહી છે. એ શૈલી ભલે છાંદસતા પ્રાપ્ત ન કરી શકી, તથા તેમાં લખાયેલું બધું કાવ્યગુણ ભલે ન પામ્યું હોય તોપણ એ શૈલીમાંની કેટલીક રચનાઓ ઉત્તમ અને શુદ્ધ કાવ્યત્વવાળી બનેલી છે એમાં શંકા નથી. ડોલનશૈલીમાં લખાયેલાં એમનાં કેટલાંક ઉર્મિકાવ્યો, ખંડકાવ્યો અને નાટકો વિશુદ્ધ રીતે રસાત્મક અને કલામય બન્યાં છે. આ શૈલી તત્ત્વત: ગદ્યનું જ એક સ્વરૂપવિશેષ હોવા છતાં, તેને કવિએ ગુજરાતી ભાષા પૂરતી જે રીતે ઉપજાવી કાઢી, અને ખંતપૂર્વક ખેડી એમાં કવિની સર્જકતાનો એક પ્રખર આવિર્ભાવ છે એમ સ્વીકારવું જોઇશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાકને એમ લાગે છે કે ડોલનશૈલીનું અનુસંધાન ન્હાનાલાલ પછી બીજો કોઈ કવિ કરી શક્યો નથી એનું કારણ આપણી કાવ્યપ્રતિભાની મંદતા છે. પણ વસ્તુસ્થિતિ એવી લાગતી નથી. ડોલનશૈલીનાં જીવાતુભૂત એવાં બે મુખ્ય તત્ત્વો છે: અલંકારો અને વાક્છટા. પોતે છંદોરૂપતા ન પામી શકવાને લીધે ડોલનશૈલીને વારંવાર આ બે તત્ત્વોનો ટેકો લેતા રહેવું પડ્યું છે. ન્હાનાલાલનું માનસ અત્યંત અલંકારપ્રિય અને વાક્છટાનું શોખીન હતું. કવિની કેટલીક મર્યાદાઓમાંની આ પણ એક મોટી મર્યાદા હતી. અને તેથી ડોલનશૈલીની કેટલીએક રચનાઓમાં, ખાસ તો તેમના ‘કુરૂક્ષેત્ર–મહાકાવ્ય’માં કાવ્ય નીપજવાને બદલે માત્ર આ બે તત્ત્વોના અપરૂપ બની જતા આવિષ્કારો જ પ્રગટ્યા છે. ન્હાનાલાલ પછીના કવિઓની પ્રતિભા ન્હાનાલાલને મુકાબલે ગમે તે કોટિની હો, તોપણ તેમની અને કવિની વચ્ચે આ આલંકારિક વલણની બાબતમાં મહત્ત્વનો માનસભેદ રહ્યો છે અને ન્હાનાલાલના જેવી કે તેથી યે વધારે શકિતવાળા કવિઓ આપણે ત્યાં જન્મશે ત્યારે તેઓ ડોલનશૈલીનો આશ્રય લેશે જ કે તેનો તંતુ જીવતો રાખશે જ એ કહેવાય તેમ નથી. ડોલનશૈલીનું અનુસંધાન બહુ જ થોડું થયું એમાં એ શૈલીની અનન્યસાધારણ ગુણવત્તા કરતાં એની પોતાની કલાક્ષમતાની ઊણપ વિશેષ રહેલી છે. એથી ઊલટું એમનાં છંદોબદ્ધ કાવ્યોની બાની વિષે જે બન્યું છે તે જુઓ. એમાં પણ કવિની વિશિષ્ટ અલંકારશક્તિ છે. પણ એ બાનીની કલાસમૃદ્ધિ અલંકાર કે વાક્છટાને નહિ પણ ભાષા અને ઊર્મિને સમગ્રરૂપે એક આંતરિક સૌન્દર્યમયતાથી ભરી દેતી સર્જકતાને આભારી છે. એથી ભાષાનું આખુ કલેવર, તેના સરલ નિરલંકાર અને વાક્છટાથી મુકત એવા વ્યવહારમાં પણ, એક નવી અર્થશક્તિ પામે છે. ન્હાનાલાલે તે પણ ઘણા સામર્થ્યથી કરી આપ્યું છે. અને તે રીતની અર્થશક્તિ ગુજરાતી કવિતાનો તથા ભાષાનો એક અંતર્ગત અંશ બની ગઈ છે. કવિએ નિષ્પાદિત કરેલી આ અર્થશકિતને અને રૂપછટાને તેમની પછીના લગભગ એકેએક શકિતશાળી કવિએ આરાધી છે અને પોતપોતાની રીતે અપનાવી છે.

ન્હાનાલાલની પ્રતિભાએ પોતાનો ઉત્તમમાં ઉત્તમ આવિર્ભાવ અર્વાચીન રીતનાં ઊર્મિકાવ્યો દ્વારા સાધ્યો છે. તેમની બાની લોકસાહિત્ય, પ્રાચીન ગુજરાતી કવિતા તથા સંસ્કૃત કવિતાના ઉત્તમાંશોથી સમૃદ્ધ બનેલી છે. તેમણે રાસ, ભજન, ખંડકાવ્ય અને મહાકાવ્ય એમ જુદા જુદા કાવ્યપ્રકારો વિવિધ પ્રકારની આકર્ષકતાથી ખેડયા છે, છતાં જેમાં તેમને હાથે શુદ્ધ કલાત્મકતાનું નિર્માણ થયું હોય તેવો પ્રકાર આ ઉર્મિકાવ્યોનો છે. એ ઉર્મિકાવ્યો, ડોલનશૈલીમાં તથા છંદોબદ્ધ રૂપમાં લખાયેલી એ રચનાઓ કોક અનોખા રસ અને સૌન્દર્યથી મંડિત થયેલી છે. કવિનાં આ ઊર્મિકાવ્યોનાં બધાં અંગઉપાંગો, તથા તેમની સ્થૂલસૂક્ષ્મ સામગ્રી એક પ્રકારના તરલ અને અગ્રાહ્ય છતાં રસના સમૃદ્ધ મઘમઘાટથી બહેકી રહે છે. ગુજરાતની પ્રકૃતિ, ગુજરાતનું જીવન, અને ગુજરાતની ભાષા અને ભાવના જાણે એકાએક સૌન્દર્યના અપૂર્વ લેબાસમાં આપણી આગળ આવીને ખડી થઇ જાય છે. અને એ ન્હાનાલાલની સહજ પ્રતિભાની ઘણી મોટી સિદ્ધિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના લોકપ્રિય થયેલા રાસ અને ભજનો પણ તેમણે જ્યાં ઊર્મિકાવ્યનું રૂપ લીધું છે ત્યાં ઉત્તમ નીવડયાં છે. તે સિવાયની રચનાઓ આપણા લોકકવિઓની કે ભકતકવિઓની ઉત્તમ રચનાઓની હરોળમાં બેસી શકે તેવી છે જ એમ નહિ કહેવાય. એમનાં ડોલન-શૈલીમાંના ખંડકાવ્યો વસ્તુત: ઊર્મિકાવ્યો છે જ. એમનું 'કુરૂક્ષેત્ર' પણ વસ્તુતઃ ઊર્મિકાવ્ય છે. તેને મહાકાવ્ય કરવાનો કવિનો સહૃદય પ્રયત્ન હોવા છતાં, તેમની પ્રતિભાની પ્રકૃતિગત મર્યાદાને લઇને, તે કૃતિ તેમની ડોલનશૈલીની એવી બીજી રચનાઓથી બહુ ઊંચી થઇ શકી નથી. ઊલટું, કાવ્યગુણમાં તે તેમની આવી બીજી ઘણી રચનાઓ કરતાં મંદસત્ત્વ ઊતરેલી છે. કવિએ છેલ્લે છેલ્લે લખેલાં 'હરિદર્શન' અને 'વેણુવિહાર' પ્રેમાનંદ અને જયદેવની શૈલી તરફ ગતિ કરે છે, છતાં કવિમાં વસ્તુપ્રધાન રચના નિપજાવવાની ઘણી ઓછી ફાવટ છે તે ત્યાં જણાઈ આવ્યા વગર રહેતું નથી. ઐતિહાસિક વસ્તુ લઇને લખાયેલાં તેમનાં નાટકોનું વસ્તુવિધાન પણ આ પ્રકારનું છે.

કવિને હાથે ખરેખરૂં મહાન કહેવાય તેવું સર્જન થયું હોય તો તે છે તેમની ડોલનશૈલીમાં રચાયેલાં સામાજિક જીવનનાં ભાવપ્રધાન નાટકોમાં. આ પ્રકારનાં નાટકો સૂક્ષ્મરૂપે કવિના ચિત્તમાં વિકસતા ગયેલા એક જ તત્ત્વના ક્રમિક આવિર્ભાવો છે. અને એ બધાં મળીને એક કૃતિ બનતાં હોય તેવું લાગે છે. એ કૃતિઓમાંથી 'વસન્તોત્સવ' અને 'પ્રેમકુંજ' માં કેટલુંક અનોખું માધુર્ય છે. પણ તે સિવાયની બીજી કૃતિઓ છેવટે 'ઈન્દુકુમાર' ની અંકત્રયોમાં પોતાનો સમાહાર સાધી લે છે. કવિની જીવનદૃષ્ટિ અને કળાશક્તિનો સમસ્ત ભંડાર આ ત્રણ અંકોમાં ઠલવાયો છે. અને ન્હાનાલાલની કાવ્યકળાના મંદિર ઉપર એ કૃતિ સુવર્ણમંડિત શિખર જેવી વિરાજે છે.

કવિએ 'ઇન્દુકુમાર' માં પોતાનું સર્વસ્વ ઠાલવ્યું છે છતાં તેમની મહત્ત્વાકાંક્ષા એથી યે આગળ વધતી રહેલી છે. એક બાજુએ તેમણે 'લિરિક' ની વાંસળી જરા હેઠી મૂકીને 'મહાકાવ્ય' નો શંખ હાથમાં લીધો—જેનું પરિણામ આપણે ઉપર જોયું છે—તો બીજી બાજુએ તેઓ પૃથ્વીનું સાધારણ જીવન મૂકી તે 'ત્રિકાળપર સનાતનતા' ને આંબવાને નીકળ્યા છે. એમની આ પ્રવૃત્તિ સૌથી વધારે 'વિશ્વગીતા' માં સાકાર થઇ છે. જીવનના સનાતન પ્રશ્નોને સમજવાનો, તથા સમગ્ર વ્યષ્ટિ જીવનને કાવ્યમાં ગૂંથવાનો કવિનો ઉમંગ બેશક પ્રશસ્ય છે. પરંતુ એનું આવેલું પરિણામ એમની ઊર્મિકવિતાના જેટલું કલાના સત્યસૌન્દર્યવાળું નથી. બેશક, આપણા બીજા કોઈ કવિ કરતાં ન્હાનાલાલમાં વિરાટ પ્રકૃતિનાં કેટલાંક સાચેસાચ પ્રેરણામંડિત દર્શનો જોવા મળે છે. કેટલેક સ્થળે તેમનું કાવ્ય આપણને સૃષ્ટિનાં ભવ્ય અને અદ્ભુત તત્ત્વોના ગહન સાંનિધ્યમાં લઇ જાય છે. પરંતુ આખા વિશ્વનું અને તેમાં યે વિશેષે તો તેની પાછળના નિગૂઢ ચૈતન્યનું, અને એ ચૈતન્યના ગહન રસ અને સૌન્દર્યનું—તેના અનંતવિધ આવિર્ભાવોનું કાવ્ય કરવાની કવિની હોંશ આપણે ઇચ્છીએ તેવી સફળતા પામી નથી.

બન્યું છે એવું કે મનસાતીત અનુભૂતિના આ પ્રદેશોમાં કવિની પ્રતિભા પ્રેરણા કે સહજબોધિના માર્ગદ્વારા પ્રવેશ પામી શકી નથી. અને બ્રહ્મ અને બ્રહ્માંડની લીલા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસને ગાવાના કવિના પ્રયત્નો એક મનોમય તરંગલીલાથી બહુ આગળ વધી શક્યા નથી. કવિની નજરે જે વિરાટનું દર્શન ચઢ્યું છે તે તેના કેવળ સ્થૂલ વિસ્તારનું જ છે. એ સ્થૂલ વિસ્તારને તેઓ 'વિરાટનો હીંડોળો' કે 'બ્રહ્માંડની સુખકુંજ' કે 'વડાં પાથર્યાં આભના પત્ર કાળાં' જેવી સુભગ અને ભવ્ય ઉપમાઓથી વર્ણવી શક્યા છે. પરંતુ એ બ્રહ્મના રસગર્ભને 'કુરૂક્ષેત્ર'ના 'મહાસુદર્શન' માં કે 'વિશ્વગીતા' માં વર્ણવવાના તેમના મોટા પાયા પરના પ્રયત્નો આપણને વિશ્વચૈતન્યનો સ્પર્શ ભાગ્યે જ કરાવી શકે છે. 'વિશ્વ-ગીતા' માં બોલતો 'પરબ્રહ્મ' ગીતાના પરબ્રહ્મની કોટિનો નથી પણ કવિના દેવર્ષિ કે જોગણની ભૂમિકાનો પદાર્થ છે વસ્તુસ્થિતિ એ છે કે કવિ જેમ જેમ સભાન બનીને વિરાટનું ગાન કરવા મથ્યા છે ત્યાં ત્યાં તેઓ તેમની સાહજિક પ્રેરણા—સહજ્ઞોધિમાંથી પણ ચ્યુત થયા છે અને ચૈતન્યના સૂક્ષ્મ સમારોહથી અને વિસ્તારથી સધાતો આ પ્રદેશ તેઓ કેટલીક રસિક મનોમય તરંગમયતાથી જ સ્પર્શી શક્યા છે.

આ વસ્તુ કવિનાં ભજનો કે તેમના અધ્યાત્મિક અનુભવોનાં કાવ્યો 'વેણુવિહાર' કે 'હરિદર્શન'નું અવલોકન કરવાથી વધારે સમજાશે. કવિનાં ભક્તિરસનાં કાવ્યોમાં તેમની વાણીનું લાક્ષણિક સૌષ્ઠવ અને અલંકાર માધુર્ય છે પણ એની અંદરની ભક્તિ એ આપણા નરસિંહ, મીરાં કે દયારામની ગહન અનુભૂતિભરેલી નથી. પ્રાર્થનાસમાજના કવિઓની પેઠે એ ભકિતવૃત્તિનું મનોમય આલેખનજ છે. વસ્તુતઃ કવિનું જીવન આવી ઘેરી અનુભૂતિઓમાં સામાન્ય રીતે ગયું નથી. એમને જે આધ્યાત્મિક અનુભવો થયા તે પણ જીવનના છેક છેલ્લા કાળમાં. પરંતુ એ અનુભવનું તેમણે જે 'વેણુવિહાર' કાવ્ય કર્યું તે એ અનુ-ભવની મનોમય સ્મૃતિનો આલંબ લઇને જ બન્યું છે. ભકિતની આત્મસમર્પણની કે આત્મસાક્ષાત્કારની કે ઇશ્વરદર્શનની અનુભૂતિઓ આપણા ઉપનિષદના ઋષિઓ કે સંતો અને ભકતોના મુખમાંથી જે રીતનો સ્વયંભૂ ઉદ્દગાર લઇને બહાર આવે છે તે રીતની શબ્દપ્રાપ્તિ કવિમાં નથી.

કવિમાં ગહન તથા વ્યાપક આધ્યાત્મિક દૃષ્ટિનો રહેલો અભાવ તેમણે ધર્મ અને તત્ત્વજ્ઞાનના તથા વિશેષે સમગ્ર માનવ જીવન વિષે રજૂ કરેલા દર્શનને જોવાથી પણ જણાઈ આવે છે. કવિનું જીવન બેશક નિર્મલ વ્યવહારવાળું હતું, પાપની સામે પુણ્યની પાળો બાંધવાની, સંયમ, કામવર્જિત રસિકતાની ભાવના તેમણે ઘણા ગાંભીર્યથી સેવી હતી. પરંતુ આચારની કે વિચારની કેવલ નિર્મલતા, એકલી સાત્ત્વિકતા, રાજસ દશા કરતાં તે ઉચ્ચતર હોવા છતાં, જીવનના વિકાસની અંતિમ પરાકાષ્ઠા નથી. શ્રીકૃષ્ણ અર્જુનને **बुद्धियुक्तो जहातीह उमे सुकृतदुष्कृते**—પુણ્ય અને પાપ બંનેની પાર ચાલ્યા જવાનું કહે છે. **रसो वै सः** એ રસસાગર ઇશ્વરનું સ્વરૂપ પણ પુણ્યની પાળમાં જ અંતરાયેલું પડ્યું છે એમ પણ નથી. વિકાસ પામતા માનવને માટે પુણ્ય—પવિત્રતા—કવિને પ્રિય એવાં સ્વામિ-નારાયણીય પંચ વર્તમાન—એ બધાં સાધન ઉપકારક છે એની ના નથી. પરંતુ માનવ-વિકાસનો માર્ગ તો આ જ, એમ જ્યારે કવિ કહે છે ત્યારે તેની સાથે સાથે ભગવાનનું આ વાક્ય સ્મૃતિમાં ખડું થાય છે, કે **अपि चेत् सुदुराचारो भजते मामनन्यभाक् ।**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધુરેવ સ મન્તવ્યઃ... પાપ અને પુણ્ય એ બંને વચલી અવસ્થાની વૃત્તિઓ છે. પાપના જેટલું જ પુણ્ય પણ માણસને વિકાસમાં વિઘ્નકર હોઈ શકે છે. ઇશ્વરના રસ સાગરને પાપ કે પુણ્ય એમાંથી એકેની પાળ નથી. એ પોતાના નિરવધિ વિસ્તારથી પોતાની નિઃસીમ પરિવ્યાપ્તિથી સર્વત્ર ભરેલો—સભર ભરેલો છે. પુણ્યના પરિબળથી તે જીવતો નથી, પરંતુ પોતાના સ્વાયત્ત સ્વાધીન રસત્વથી તે વિદ્યમાન છે. જગતના રસોનું રસત્વ તેમાંથી આવે છે. પુણ્ય પણ જીવતું હોય તો તેને લીધે જીવે છે. અને આપણે જરાક વિચાર કરીશું તો જણાશે કે પાપ પણ તેને લીધે જ જીવે છે. ભૂત માત્રની બધી જીવનલીલા. જીવનના બધા શુભઅશુભ આવિર્ભાવોનું પ્રભવસ્થાન તે છે. અને જીવનના બધા વ્યવહારો દ્વારા તે પ્રાણીને પોતાના તરફ લઈ જાય છે. આ રહસ્યને કળા જ વધારે સમજી છે અને તેણે તેને મૂર્ત કર્યું છેઃ માત્ર શુદ્ધ આચારવિચારના સ્થૂલ ટેકાથી ડગલા ભરતી નીતિરીતિ અને સદાચાર કરતાં કળાની ભુજાઓની પરિધિ ઘણી વિશાળ છે, એનાથી વિશાળ પરિધિ એક જ વસ્તુની છે,—આત્માની—પરમાત્માની.

કવિનું ઉત્તર જીવન એક પ્રકારની પ્રવૃત્તિમય નિવૃત્તિમાં વીત્યું છે. કોઇ સંસ્થા કે કોઇ પ્રવૃત્તિના અંગભૂત બની કાંઇ કાર્ય કરવાને બદલે કવિએ કેવળ સરસ્વતીની આરાધનાનો નિર્ણય કેમ કર્યો એ આપણે પૂરેપૂરૂં જાણતા નથી. એમ થતાં કવિને કેટલીક મુશ્કેલીઓમાં ઊતરવું પડેલું છતાં એ બધીનો તેમણે બ્રાહ્મણોચિત તિતિક્ષાથી અને ક્ષત્રિયોચિત ગૌરવ અને ધીરતાથી સામનો કર્યો. કવિ પોતે કહી ગયા છે કે આ નિવૃત્તિને લીધે ભગવાને એમને ભૂખ્યા નથી રાખ્યા અને સરસ્વતીએ તેમના ઉપર અખંડ કૃપા રાખી છે. આ નિવૃત્તિ કાળ દરમિયાન તેઓ સરસ્વતીની ઉપાસના કરતાં કરતાં ગુજરાતના જીવન સાથે જે પ્રવાહપતિત રીતે સંયોગ થતો ગયો તે રીતે તેમાં પોતાનો ફાળો આપતા રહ્યા. આપણે જોઇએ છીએ કે એ ફાળો નાનોસૂનો નથી. જીવનમાં કવિતાનું ગૌરવ તેમણે સ્થાપી આપ્યું. દલપતરામની કવિતાના પણ ગુજરાતે ઉત્સવ કર્યા હતા. પણ ન્હાનાલાલની કવિતાના ઉત્સવ તેથી ઊંચી ભૂમિકાના હતા. હવે કવિતાનો સમજદાર વર્ગ ગુજરાતમાં વધ્યો હતો અને ગુજરાતનું જીવન પણ અનેક મહાન ભાવનાઓ તથા વિચારોથી સમૃદ્ધ બન્યું હતું. કવિની ઝંખેલી વસંત ગુજરાતના જીવનમાં પ્રગટવા લાગી હતી. કવિનાં શરદનાં ગાન અને વસન્તના ઉત્સવ ગુજરાતે ખૂબ ઉત્સાહ અને આદરથી ઝીલ્યાં. પણ ગુજરાતના આ વિકાસ પામતા જીવનનો અને કવિની બ્રાહ્મ પ્રકૃતિનો સહકાર બહુ ટક્યો નહિ 'ગુજરાતનો તપસ્વી' લખી જનારી પ્રતિભાએ ગુજરાતના નવજીવનને કેવી રીતે બહલાવ્યું હોત તેની માત્ર કલ્પના જ કરવાની રહે છે.

વસ્તુતઃ કવિના જીવનમાં રહી ગયેલો વિસંવાદ એ કવિની જ નહિ પણ આપણા આજ લગીના આખા માનવવિકાસની મર્યાદાનો સૂચક છે. એ રીતે જોતાં કવિની પ્રકૃતિના આ અરૂચિ અંશોને આપણે યથાસ્થાને મૂકીને તેમની પ્રકૃતિનાં બીજાં મધુર લક્ષણોની વધારે કદર કરી શકીશું. સદ્ભાગ્યે કવિની કવિતાનાં અને જીવનનાં ઉત્તમ લક્ષણોનો ખૂબ સહૃદય ભાવથી સ્વીકાર કરાયો છે. કવિની પ્રકૃતિગત નબળાઇને નભાવી લઇને તેમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિત્રોએ અને પ્રશંસકોએ તેમની સાથેના વ્યવહારને શક્ય તેટલી મધુરતા અને પ્રસન્નતાની ભૂમિ ઉપર ટકાવી રાખ્યો છે, એ આપણા સામાજિક વિકાસનું પણ એક શુભ તત્ત્વ છે.

કવિની પ્રકૃતિમાં કેટલીક લાક્ષણિક ઉત્તમ વસ્તુઓ પણ હતી. કવિના જીવનની ઘટનાઓની તથા તેમની સાથેના વ્યવહારોની માહિતી જેમ આપણને વધારે મળશે તેમ આ બાબત વધારે સ્પષ્ટ થશે. કવિની સાદાઈ, આચારની નિર્મળતા, બ્રાહ્મણોચિત અપરિગ્રહવૃત્તિ, ભાવનાશાલીન માનસનું એક પ્રકારનું સ્વમાનિત્વ અને વિષમ પરિસ્થિતિઓને પણ ધૈર્ય અને તિતિક્ષાથી ભેટવાની શક્તિ તેમના વ્યક્તિત્વનાં કેટલાંક પ્રશસ્ય લક્ષણો છે. જેમની સાથે તેમણે અંગત સંબંધ નભાવ્યો હતો તેમના પ્રત્યેનો તેમનો પ્રેમભાવ, આતિથ્યવૃત્તિ અને તેમનાથી નાનાંઓ પ્રત્યેનું તેમનું વાત્સલ્ય એ તો કવિના હૃદયની ઘણી મધુર ફોરમવાળી બાબતો છે. આપણે ઇચ્છીએ કે કવિજીવનનાં આ પાસાંઓ રજૂ કરતી ઘટનાઓ અને પ્રસંગો આપણને ખૂબ પ્રમાણમાં મળે કે જેથી આપણા આ એક અતિ મધુર ગીત ગાનાર કવિના જીવનને આપણે એટલા જ મધુરભાવે હૃદયમાં સ્થાપી શકીએ.

કવિના વ્યક્તિત્વનો વિચાર કરતાં એક વાત બહુ સ્પષ્ટ રીતે આપણી આગળ તરી આવે છે. આપણા ગુજરાતના જીવનનો ઝડપથી અદૃશ્ય થઇ રહેલો એક અંશ કવિમાં અસાધારણ રીતે મૂર્ત થયેલો હતો. એ છે આપણી ગુજરાતની તલપદીય સંસ્કારિતા. એ તલપદીયતા જે રીતે વ્યવહારને મિષ્ટ કરે છે, જીવનની પકડમાં જે કેટલુંક વિશિષ્ટ સામર્થ્ય બતાવે છે, તથા હૃદયની ઊર્મિઓ તથા વિચારોને જે લાક્ષણિક વાણીમાં કે આચારમાં પ્રગટ કરે છે તે તત્ત્વો આંતરપ્રાંતીય તથા કહો કે આંતરરાષ્ટ્રીય સંસ્કારોમાં વિકસતી જતી નવી પેઢીમાંથી ઓસરતાં જાય છે. આપણા ગઇ પેઢીના સાક્ષરો, વિદ્વાનો અને કવિઓ, ગોવર્ધનરામ, નરસિંહરાવ, કેશવલાલ, આનંદશંકર વગેરેમાં આ તત્ત્વની સાથે સુભગ રીતે અનુસંધાન ચાલુ હતું. એ વિભૂતિઓમાંથી અવશિષ્ટ રહેલ ન્હાનાલાલ અને બળવંતરાયમાં પણ એ અનુસંધાન સભર રીતે છે. એ તલપદીય સંસ્કારિતાનો એક ધીંગો બુરજ ન્હાનાલાલ જતાં અદૃશ્ય થાય છે. ગુજરાતના તલપદીય વર્ચસ્વની કેટલીક અત્યંત મોહક અને સમર્થ છટાઓ ન્હાનાલાલમાં જીવંત હતી, અને કવિના વ્યક્તિત્વનું એ મને એક ઘણું મહાન પાસું લાગ્યું છે. કવિજીવનનો ભાવિ લેખક અને ઇતિહાસકાર એમના આ સ્વરૂપને પણ યોગ્ય ન્યાય આપશે એવી આશા રાખીએ.

પ્રસ્થાન સંવત ૨૦૦૨ વૈશાખ અંક વર્ષ ૨૧ અંક ૭

સુન્દરમ્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિશ્રીની કાવ્યભાવના

કવિશ્રી ન્હાનાલાલ ઊંચા કવિત્વની પ્રભુદત્ત બક્ષિસવાળા આપણા એક પ્રતિભાશાળી કવિ હતા. છેલ્લાં સો વર્ષનો શ્રેષ્ઠ ગુજરાતી કવિ કયો–એ પ્રશ્ન આપણા એક વિદ્વાને ચર્ચા અને ઉત્તર માટે મેરવ્યો હતો ત્યારે ઘણાની જીભે તરત જવાબ આવી બેઠો હતો, 'ન્હાનાલાલ.' અને એ સ્વાભાવિક જ હતું. કવિતાનાં ઊંચામાં ઊંચાં શિખરો અર્વાચીન ગુજરાતી કવિઓમાં તો કવિશ્રી ન્હાનાલાલે સ્પર્શ્યાં છે. વાણીનું સંગીત અને માધુર્ય માણવું હોય, ઊંચો કાવ્યાનંદ, રસસંતૃપ્તિ અને રસસમાધિ અનુભવવાં હોય, ગુજરાતી કવિતાની સિદ્ધિ નિરખવી હોય તો સાહિત્યરસિકોને એ રસયોગીના કાવ્યતીર્થમાં સ્નાન કર્યા વિના ચાલે નહિ. પણ ન્હાનાલાલની કવિતાનો આસ્વાદ કરતાં પહેલાં એમની કાવ્યભાવનાની પિછાણ કરી લીધી હોય તો એને વિશેષ આસ્વાદી અને સમજી શકાય. દરેક કવિને પોતાની દૃષ્ટિ અને કાવ્યભાવના હોય છે. ન્હાનાલાલ પાસે તો એ વધુ ચોક્કસ સ્વરૂપમાં છે. એમનાં કાવ્યસર્જનોના પાયામાં એ જ ભાવના ને દૃષ્ટિ હોય છે. એમણે પોતે જ અનેક સ્થળે પોતાની લાક્ષણિક વાણીમાં એ વ્યક્ત કર્યા કીધી છે. મોટે ભાગે એમને જ બોલવા દઈ એમની પાસેથી એ સાંભળીએ.

કવિતા માટે એમની પાસેથી સાંભળીએ છીએ :

'કવિતા એટલે વિશ્વની રસપ્રભા,
અને પરબ્રહ્મની આનંદકલા.'

(કેટલાંક કાવ્યો–ભા. ૩)

સૌંદર્યને માટે પણ તેઓ એમ જ કહે છે :

'સુંદરતા છે સચ્ચિદાનંદની રસલીલા.'

કવિ એટલે જ સચ્ચિદાનંદની એ રસલીલાનો, સૌંદર્યનો, દ્રષ્ટા અને ગાયક. ન્હાનાલાલ આપણા મોટા સૌંદર્યદર્શી કવિ છે.

કાવ્યનો જન્મ કોઈ પ્રબળ ચિત્તસંક્ષોભમાંથી થાય છે એમ અંગ્રેજીના અભ્યાસને આધારે સ્વ. રમણભાઈએ પ્રતિપાદિત કર્યું હતું. ન્હાનાલાલનો અભિપ્રાય જુદો છે. એ માનતા હતા કે કવિતા અંતઃક્ષોભમાંથી નહિ પણ અંતઃપ્રસન્નતામાંથી નિર્ઝરતી હોય છે. કવિના પ્રસન્ન આત્માનો ગુંજારવ એ એમને મન કવિતાની વ્યાખ્યા હતી. "ચિત્તક્ષોભમાંથી અમૃતની કવિધારાઓ નથી નિર્ઝરતી. અમૃતને તો વરસે છે આત્માની પ્રસન્નતા. ચિત્તક્ષોભમાં નહિ, ચિત્ત પ્રસન્નતામાં પ્રાસાદિક કવિતાનાં છે મૂળ."

કવિતાના સર્જનવ્યાપારમાં પ્રવર્તતાં ઊર્મિ, કલ્પના, ચિન્તન આદિને લક્ષમાં લઈ તેમાંના એકાદ તત્ત્વ પર જ ભાર મૂકવાની વૃત્તિ માણસ ઉપર સહેલાઈથી સવાર થઈ જાય છે. દલપતરામે છંદ અને જનમનરંજન કલ્પનામાં કવિતા આવી ગઈ એમ માન્યું. નર્મદે કવિતા એટલે અંતરના કોઈ પણ આવેશ કે જોસ્સા કે લાગણીનું શાબ્દિક પ્રકટીકરણ એમ માન્યું. વર્ડ્ઝવર્થની કાવ્યભાવનાને અનુસરનાર નરસિંહરાવ અને રમણભાઈએ ઊર્મિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષોભ પર ભાર મૂક્યો. 'કવિતા મારે મન નિઃશ્વાસ જેવી છે' કહેનાર અને એમ વર્તનાર કલાપીએ હૃદયની કોમળ લાગણીઓની જ કવિતા લખી છે, તો પ્રો. બલવંતરાય ઠાકોરે વિચારતત્ત્વ પર જ ભાર મૂક્યો છે. ન્હાનાલાલ કલ્પના અને ભાવનાવિહાર પર જ બધો ભાર મૂકશે એમ આપણને એમનું કાવ્યસર્જન જોતાં લાગે, પણ એમણે તો પોતાની કવિતાની વ્યાખ્યાને વ્યાપક બનાવી છે. તેઓ તો કહે છેઃ 'કવિતા એટલે આત્મસારંગીના સમસ્ત અનુભવતારોનો સ્વરોદય.' બીજે સ્થળે તેમણે કહ્યું છેઃ

'રસની રૂપની રંગની; ચિત્રની ભાવની કલ્પનાની; સુખની દુઃખની આનન્દની; કાળની અવકાશની ફિલસૂફીની; પુણ્યની પવિત્રતાની પ્રભુમયતાની, આત્મા એટલે સો તારની સારંગી. કવિની કલાકામઠીએ એ સોયે તાર વગાડવાના. એમાંથી જેટલા ઓછા વગાડાય એટલી કવિતાસારંગી અધૂરી બોલે; જેટલા વધારે વગાડાય, એટલી કવિતાસારંગી મહાસ્વરે ગાજે.'

('દલપતવંશની કાવ્યોપાસના': ૧૯૪૪)

સને ૧૮૯૮ માં લખાયેલા 'લગ્નસ્નેહનો વિશ્વક્રમમાં હેતુ' એ લેખમાં પણ કવિશ્રીએ લખ્યું છેઃ

'કવિતામાં રસ અને બુદ્ધિની સંક્રાન્તિ થાય છે; હૃદય અને મસ્તિક, માનવઆત્મનના રસાગાર અને ન્યાયાગાર, વૃત્તિ અને વિચારના જન્મમંડપો, શણગારવાની રસસામગ્રી કવિતામાં હોય છે.'

કવિતા એટલે છંદની કરામત કે શબ્દવિલાસ નહિ, કવિતા એટલે નર્યું ઊર્મિગાન કે કલ્પનાલીલા કે ભાવનાવિહાર જ નહિ પણ આ સર્વ ઉપરાંત તેણે બીજું ઘણું કરવાનું છે. કવિએ કવિતાનો આદર્શ બહુ મોટો ને ઊંચો રાખ્યો છે. સને ૧૯૦૮ માં 'કેટલાંક કાવ્યો ભા. ૨ ની પ્રસ્તાવનામાં તેમણે લખ્યું છેઃ

"એ તો સ્પષ્ટ જ છે કે દલપતકાવ્ય અને નર્મકવિતાની પેઠે બીજી નવી કવિતા લોકસમૂહે હજી માન્ય નથી કીધી, અને કેટલાંક અપવાદરૂપ કાવ્યો સિવાય, કટુંબોમાં નથી દાખલ થઇ. પણ જેમજેમ વાચકવર્ગ ગુજરાતી ભાષામાં વધારે સુશિક્ષિત થશે, જેમ જેમ વર્તમાન કવિતાના લેખકો પોતાની પાંડિત્યશૈલી નરમ પાડતા જશે, **જેમ જેમ સર્વાનુભવી ન હોય એવાં સ્વાનુભવોનાં ગીતને બદલે લોકસંસ્થાના પ્રશ્નનો, પ્રજાના આશઅભિલાષનો, ગુજરાત હિંદ અને દુનિયામાં અંકુરતી નવચેતનાનો કવિતામાં વધારે પ્રભાવ પડવા લાગશે, જેમ જેમ જગતનાં સર્વોત્તમ કાવ્યોની હારમાં ઊભવું છે એ લક્ષ્યમાં લાવી પયગમ્બરોની પેઠે આપણા કવિઓ સ્વર્ગના સંદેશ જેવાં ઉત્સાહી પ્રેરણાભર્યાં પરમ શ્રેય દાખવતાં કલ્યાણસ્તોત્રો ગાવા માંડશે તેમ તેમ, મ્હારી શ્રદ્ધા છે કે, લોકસમૂહ નવી કવિતાને વધારે ને વધારે આદર આપશે.** ગુજરાતની કુંજો નિર્જન નથી, કે કુંજવાસી સજ્જન સજ્જનીઓ એટલાં બધિર કે અરસિક નથી, કોયલ ખુલ્લે શબ્દે બોલશે તો સહુ સાંભળશે, ને સત્કારશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એ કવિકોકિલે પોતે જ એવું ગાન, પોતાની સમવિષમ અવસ્થાઓ વચ્ચે પણ, આયુષ્યના અંતિમ સપ્તાહ સુધી ગાયા કર્યું હતું, એ આપણે જાણીએ છીએ. ઉપરની પંક્તિઓમાં સ્વાનુભવગાનરતિને બદલે આપણા પ્રાંતમાં, દેશમાં ને દુનિયામાં અંકુરતી નવચેતનાનો તેમજ પ્રજાનાં આશઅભિલાષ, પુરુષાર્થ, આદિનો પડઘો કવિતામાં પાડવાની વાત છે તે તરફ ધ્યાન આપો. કવિએ પોતાના જમાનાના અને જનતાના મુખ બનવું જોઇએ એ સૂચન એમાં છે. કવિશ્રી ન્હાનાલાલે પોતે પણ 'વસન્તોત્સવ' અને 'ઈન્દુકુમાર-૧'માં આપણા દેશ ને પ્રાન્તની નવચેતનાને ગાઈ-વધાવી છે. આપણી પ્રજાના રાજકીય આશ-અભિલાષને 'રાજસૂત્રોની ત્રિપુટી'માં વ્યક્ત કર્યા છે, અને લોકસંસ્થાના અનેક મહત્ત્વના પ્રશ્નોને ત્યારપછી પોતાની કૃતિઓમાં તે સ્પર્શતા જ રહેલા. 'જગતનાં સર્વોત્તમ કાવ્યોની હારમાં ઊભવું છે' એ લક્ષ્ય પણ તેમણે સતત પોતાની નજર સમક્ષ રાખ્યું હતું. એમણે પોતાના એક ભાષણમાં કહ્યું છે:—

'એ અર્ધશતાબ્દીઅધિકી મુજ કાવ્યોપાસનાનાં હજીયે કોક પૂછશે કે લક્ષ્ય શાં હતાં? બે : નવવસન્તની ટહેલ અને જગત્વેધ....મ્હારી કાવ્યોપાસનાના મહાશય હતા વસન્ત-મહિમાને ગાવો ને ગુર્જર કાવ્યપુષ્પોએ જગતકાવ્યદેવીને વધાવવી. ગોવર્ધનભાઇએ ગદ્યદેશે કીધું એ કાવ્યદેશે કરવું એ હતાં મ્હારાં ધ્યેય ને ઉદ્દેશ.' ('દલપતવંશની કાવ્યસેવા'-૧૯૪૪)

કવિએ નિશાન કેવું ઊંચું રાખ્યું હતું એ જ આપણે જોવાનું છે. એ નિશાન બધી વખત તેઓ વીંધી શકયા છે કે નહિ તે જુદો સવાલ છે.

એવી જ રીતે 'પયગમ્બરોની પેઠે.......કલ્યાણસ્તોત્રો ગાવા માંડશે' એ શબ્દોમાં વ્યકત થતો કવિધર્મ પણ એમણે બરાબર બજાવ્યો છે. કાર્લાઈલે જેમ Hero એટલે વિભૂતિપુરૂષને વીર તરીકે, કવિ તરીકે અને પયગમ્બર તરીકે વર્ણવ્યો છે તેમ ન્હાનાલાલે કવિને પયગમ્બરની કક્ષામાં મૂકયો છે, કવિ પણ પયગમ્બર એટલે કે ઈશ્વરના સંદેશવાહકની જેવો ઋષિ, મંત્રદ્રષ્ટા, અને મંત્રોચ્ચારક હોય, એ એમની એક પ્રિય માન્યતા હતી. કવિ પાસે ય પોતાનું દર્શન જોઈએ. એ એકલા સાહિત્યાનંદનો નહિ, પ્રકાશ-જ્ઞાન ને ભાવનાના પ્રકાશ-નોય દાતા બનવો જોઈએ. અને પયગમ્બરનો સંદેશ 'સ્વર્ગનો સંદેશ' હોય છે, તેમ કવિએ પણ 'પ્રેરણા, પુણ્ય અને પ્રકાશ'જ લોકોને આપવાનાં છે. એમણે લોકોને બતાવવાનો છે સુખનો નહિ, પણ કલ્યાણનો પન્થ, પ્રેયનો નહિ પણ પરમશ્રેયનો પન્થ અને એ સાથે એમનો ઉત્સાહ અને પ્રેરણા આપવાનાં છે. આમ માનતા કવિશ્રી ન્હાનાલાલે પોતે પોતાને માટે પણ એ પયગમ્બરી કવિધર્મ સ્વીકારી લીધો છે. એવી જ એમણે માનવીના અને આ યુગના આંતર રોગ નિવારવા અને એનું ઔષધ સૂચવવા પ્રયાસ કર્યો છે. એથી જ એમણે સુખને બદલે કલ્યાણ, કામને બદલે પ્રેમ, ભોગને બદલે ત્યાગ, સ્વાર્થને બદલે વિલાસને બદલે સંયમ અને વૈરાગ્ય, અને પાપને બદલે પુણ્યનો જ સંદેશો વગર થાકયે પોતાની કૃતિઓમાં આપ્યા કર્યો છે. આંતરપ્રજ્ઞા (intuition)નું ન્હાનાલાલમાં, તેઓ કવિ હોઇ, વિશેષ પ્રાબલ્ય હતું એટલે તાર્કિક વિચારસરણીનો આશ્રય લઈ માંડીને વાત કરવાને બદલે પયગમ્બરી અદાથી સૂત્રોચ્ચાર કે મંત્રોચ્ચાર કરવો તેમને ફાવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કવિ તે ચળવળકાર નથી. કવિનો ધર્મ આંબાવાડિયા વાવવાનો છે, કેરીઓ વેચવાનો નથી....ધર્મે કર્મે કવિ બ્રાહ્મણ છે....કવિ તો કાળની વહી વાંચે, ને વાંચે તે ભાખે: કાળપ્રકૃતિ ને માનવતાના મ્હેલો કવિની ચિરંજીવ પાઠશાળા છે!'

('રાજસૂત્રોની ત્રિપુટી' ની પ્રસ્તા.)

'કવિઓ વાવે છે એ સૈકાઓનાં વાવેતર છે.'

('સ્વપ્ન વેચણહારો'–ભાષણ ૧૯૩૭)

'પ્રજાનું ડહાપણ એના જ્ઞાનીઓ છે, પ્રજાની પ્રેરણા એના કવિઓ છે. ભાગ્ય ઉઘડવાનાં હોય ત્યારે બંનેયની સમન્વયમૂર્તિ જન્મે.' (એજન.)

આ બધા ઉદ્‌ગારોમાં કવિશ્રીએ પોતાની કાવ્યભાવના અને કવિધર્મનો પોતાનો ખ્યાલ બતાવ્યાં છે. એમના પેલા કાવ્યમાં 'સાગર'ને ઠેકાણે 'કવિ' મૂકી દો તો તેમાંની નીચેની પંક્તિઓમાં પણ કવિધર્મ જ સૂચવાયો જોશો:

'મેઘ ગાજે, કાલ ગાજે, ગાજે ચૌદ બ્રહ્માંડ;
પણ તેથીયે પર પ્રભુવર ગાજે, તે ગીત લઇ લઈ આ.
સાગર, સખે! મુજ કાનમાં એવું કંઇ તો ગા;
જીવ્યું મીઠું લાગે મને, એવું કંઈ તો ગા;
....
જીવ્યું જીત્યું લાગે મને એવું હવે પ્રિય! ગા;
સાગર સખે! મુજ પ્રાણમાં એવું અમુલખ ગા.'

વાંચનારને, સહૃદયને, ભાવકને 'જીવ્યું મીઠું લાગે' અને 'જીવ્યું જીત્યું લાગે' એવું જ 'અમુલખ' ગાન એના 'પ્રાણમાં' સંભળાવવાનું કવિકર્તવ્ય જ અત્ર પ્રબોધાયું છે.

વર્ષો પછી કવિશ્રી ન્હાનાલાલે પોતાના હૈયામાં સંભરેલો કવિકર્તવ્યનો આ આદર્શ ફરી વિસ્તારથી એક ભાષણમાં વર્ણવ્યો છે:—

'કવિધર્મ એ છે: વાગેલા ડંખ રૂઝવવા, સંસારનાં ચઢ્યાં ઝેર ઉતારવાં, પ્રજા–આત્માને સંજીવન છાંટવાં.'

'પણ આત્માની ઔષધિઓ ભાખવી એટલુંજ માત્ર નહિ, આનંદ ને હુલ્લાસના અમૃતઘુંટ પાવા; પ્રેરણાને પાંખો પ્રગટાવવી; માળી ફૂલને પાણી છાંટી તાજાં રાખે છે તેમ તાઝગી બક્ષવી દીવામાં તેલ પૂરવું, રાગ સંકોરવી, પ્રોજ્જવલ કરવો, ચેતનશૂન્યને ચેતન પાવાં, પત્થરને પિગળાવવા ને રસાર્દ્ર કરવા એ છે કવિના વિશેષ ધર્મ.'

'મહર્ષિ વેદઋચા ઉચ્ચારે તે આત્મસાધનો અર્થે ધર્મયજ્ઞ પ્રબોધવાને, તેમ રસર્ષિ કો રસમંત્રો ઉદ્‌ગાય તે કરમાયેલાંને કોળાવવાને, ભગ્નાશને પ્રોત્સાહન પાવાને, બીડાયેલી પાંખોમાં પ્રેરણા પૂરવાને.'

('કવિધર્મ':–'મણિમહોત્સવતાના સાહિત્યબોલ' ભાગ ૧)

આના પર ભાષ્યની કોઈ જરૂર નથી. ન્હાનાલાલ એને વસંતધર્મ કહે છે. 'કવિધર્મ એટલે વસંતધર્મ.' "એ વસંતધર્મીલો કવિ હતો એટલું સંભારણું મારે બસ છે." (એજન).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરખાવો આવા જ એમના ઉદ્‌ગારો :

'કોઈ મને પૂછે કે તારો સમસ્ત કાવ્યસંદેશ શો ? તો કહું 'નવવસન્ત.'

('સ્વપ્નસ્વામી અથવા વસંતનો ટહેલિયો'–ભાષણ)

'મીરાંટહુકાર સમો ન્હાનાલાલનો યે વળીવળીને જીવનટહુકાર એક જ છે : રાજ ! કોઇ વસન્ત લ્યો, વસન્ત લ્યો.' ('દલપતવંશની કાવ્યોપાસના'–ભાષણ)

'હું તો છું વસન્તનો લાવનારો, વીણનારો ને વેચનારો.
પાંખડી ફૂલપરબે બેઠી હતી, તેમ વસન્તપરબે બેઠો છું.'

('સ્વપ્ન વેચણહારો'–એક ભાષણ)

આ વસન્તધર્મનું કવિશ્રીએ આમ વિવરણ કર્યું છે :

'વસંતધર્મની ફિલસુફી તો વસંતપૂજા.
વસંતધર્મીનું પરમધન જ્ઞાન નથી :
કવિતા, પ્રેમભક્તિ, હૈયાના ફુવારા,
વસંતપુણ્યાળુની એ છે આત્મલક્ષ્મી.'

('ઈન્દુકુમાર'–અંક ૩)

આમાં જોયું, જ્ઞાનને કવિશ્રી મહત્ત્વ નથી આપતા તે ? જ્ઞાન તેમને નથી ખપતું એમ એનો અર્થ નથી. જ્ઞાન કવિતા બનીને, પ્રેમભક્તિ બનીને, એટલે કે મગજમાંથી નહિ પણ હૈયાના ફુવારામાંથી આવવું જોઇએ, એમ તેઓ કહે છે. કવિઓ પણ ફિલસૂફો, સત્ય અને શિવના પૂજકો, તો હોય છે જ. પણ રસદ્વારા, કવિતા દ્વારા, સુન્દરની ઉપાસના દ્વારા, એને તેઓ ભજે છે. આમ જ્ઞાનના શુષ્ક માર્ગને બદલે તેઓ એમના કવિપણા અને રસિકતાને વફાદાર રહી રસયોગનો માર્ગ સ્વીકારે છે. ન્હાનાલાલ આમ રસયોગી છે. એક બીજી વાત પણ જોઈ ? 'કવિતા' ની સાથે 'પ્રેમભક્તિ' ને કવિશ્રી મૂકે છે તે ? પોતે કવિ હતા જ અને 'પ્રેમભક્તિ' ઉપનામ પણ તેમણે રાખ્યું હતું એ વાત અહીં સંભારવી ઉચિત થાય તેમ છે. 'કવિતા' અને 'પ્રેમભક્તિ' માટે તેઓ કહે છે તે સાંભળો:

'કવિતા એટલે માનવચંદ્રની ચંદ્રની,
ને પ્રેમભક્તિ એટલે આત્મસૂર્યની ઉષા;
કવિતાશૂન્યો પાંખકાપ્યાં પંખિડાં છે,
પ્રેમભક્તિશૂન્યો દેવકીકીફૂટ્યાં કાંગલાં છે.
વસન્તધર્મ એટલે **પવિત્રી છાંટયો આનંદમાર્ગ.'**

('ઇન્દુકુમાર'–૩)

આની સાથે સરખાવી શકાય એવા શબ્દો છે નીચેના :

'સૌંદર્ય, પવિત્રતા ને આનન્દ:
ચૈતન્યજળને એ ત્રિવેણીસંગમે
છે માનવલોકનું કલ્યાણતીર્થ.'

('મ્હારો મોર', 'કેટલાંક કાવ્યો' ભા. ૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમાં આનંદ પર જે ભાર છે તે જોવા જેવો છે. વસંતધર્મ તે રસયોગ છે, આનંદનો પ્રાણુને પ્રફુલ્લતા પાય એવો માર્ગ છે. વસંતધર્મીલા ન્હાનાલાલ આથી આનંદના, ઉલ્લાસના, કવિ છે. કલાપી જેવી રુદનરસિકતા કે વિષાદપ્રીતિ એમનાથી સો ગાઉ દૂર હતી. 'આનંદશો તો ઊડશો' ('મ્હારો મોર') એ એમનું સૂત્ર છે. વડોદરાના સને ૧૯૩૯ના એક ભાષણમાં તેમણે કહ્યું હતું :

'સાજસામગ્રી સજાવટ વધ્યાં છે; છતાં ઉત્સાહ ને ઉમંગ કેમ ઓસર્યાં છે?.... ત્યાં ધર્મ ભૂલ્યું છે અમારૂં કવિમંડળ. પ્રજાસંઘને આનંદભરતીમાં તરબોળ રાખવો એ છે અમ કવિધર્મ....પ્રજાને આનંદોત્સાહમાં રાખે છે તે આત્મપાંખડીઓને વણુકરમાયેલી રાખે છે.'

આવા આનંદોપાસકને શોકનું ગાણું શે ગમે? ઇન્દુકુમાર પાંખડીને કહે છે :

'ફૂલની પરએ બેસી, ફૂલ બ્હેનાં!
સૌંદર્યના બાગમાં ખેલ ખેલતી
રૂદનનાં ગીત પુકારે છે?
લાંબા પંથના કંઈ કંઈ પંથી
ત્હારે વિસામે વિશ્રામતા હશે.
આંસુથી મા ભર એમની આંખડી
ત્હેમના થાકનિઃશ્વાસ ઉતાર,
નવલ બલ પગમાં પ્રેર, વીરી!
× × ×
શોકનાં ગીત ના ગાઇએ, હં.'

('ઇન્દુકુમાર' અંક ૧)

'ઇન્દુકુમાર અંક ૧'ની પાંખડી એ છે ન્હાનાલાલની કવિતાનું જ પાત્રરૂપ. પોતાની કાવ્યદેવી (Muse) નેય ન્હાનાલાલે મૃદુતાથી સંભળાવ્યું છે કે 'શોકનાં ગીત ના ગાઇએ, હં!' આનંદ અને ઉલ્લાસના ભક્ત પુરુષાર્થવાદી અને આશાવાદી જ હોય. ન્હાનાલાલ જબરા આશાવાદી કવિ છે. એમના આ આશાવાદ જેટલો એમની ધાર્મિકતાનો અને એમના માનસનો છે એટલી જ એમની આ વસંતધર્મની આનંદફિલસૂફીની પણ નિપજ છે.

કવિનો વસન્તધર્મ આનંદમાર્ગ છે પરંતુ પવિત્રી–છાંટ્યો આનંદમાર્ગ' છે એ વાત આથી ય વધુ મહત્ત્વની છે. 'સૌંદર્ય' અને 'આનંદ'ની સાથે પણ 'મ્હારો મોર' માંની પંક્તિમાં કવિશ્રીએ 'પવિત્રતાના' શબ્દ જોડ્યો હતો. એમની હૃદયસ્થ ધાર્મિકતાએ એમને શીલ, સંયમ, નીતિ અને સદાચારના ભકત બનાવ્યા છે. પોતે કવિ છે માટે રસોપાસક છે, પણ એમને સંદેશ આપવો તે તો આ સર્વનો. લોકોને 'પરમશ્રેય' નો, 'કલ્યાણ'નો 'સ્વર્ગના સંદેશ' જેવો માર્ગ દાખવવો હોય તો તો આમ જ કરવું જોઇએ. આથી નીતિબાહ્ય કશું એમની કવિતાને અને કલાને ખપતું નથી. 'બ્રહ્મજન્મ' નામના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર આત્મલક્ષી કાવ્યમાં પોતાના કવિજન્મનું, રસજન્મનું, ભગવતી શારદાને હાથે પોતાને મળેલી રસદીક્ષાનું, કાવ્યમય નિરૂપણ કરતાં કવિશ્રી લખે છેઃ—

'વિલાસનાં નથી, તપનાં છે એ વ્રત.'

* * *

'રસોપાસના એટલે સંસારનાં સંન્યસ્ત.'

* * *

'રસિકોના રસવ્રત એટલે તપસ્યા.'

('કેટલાંક કાવ્યો'–ભા. ૩)

એ જ કાવ્ય બતાવે છે તેમ, કવિને સરસ્વતીએ આ રીતે પોતાનો કૃપાપ્રસાદ આપ્યો છેઃ—

'આત્મન્ સંકોરનારી બ્રહ્મકુમારીએ
પાંદડીએ પાંદડીએ એને
ચંદ્રિકાની અમૃતપ્યાલી પાઇ.
પુણ્યની પર્વતપાળોમાં વહેતી
હૈયામાં **ગંગા** પ્રકટાવી,
ને નિજ બ્રહ્મચારીને મૂક્યો
કવિતાની **દેવસરિતાના** રસઘાટે.'

('બ્રહ્મજન્મ,–'કેટલાંક કાવ્યો. ૩')

અહીં 'ચંદ્રિકા' તે રસ, કવિતા; 'ગંગા' છે પુણ્યની, નીતિની કવિની ભાવના. સરસ્વતીએ જ એના હૈયામાં એ પ્રકટાવી છે પછી કવિ એને કઈ રીતે ભૂલે કે અવગણે ? કવિતાની સરિતાને પણ સામાન્ય સરિતા નહિ, 'દેવસરિતા' કવિએ કહી છે એ પણ આ જ હેતુથી.

રસને પુણ્યશુદ્ધ રાખવાની વાત કવિશ્રીએ અનેક વાર એમનાં લખાણોમાં કરી છે. 'ઈન્દુકુમાર' અંક ૧ માંની નેપાળી જોગણના—

'વસંતશાયી નાથ! નારાયણ!
આપની એ રસકલા.
મંહી ધર્મકલા માંડીશ, દેવા!'

એ શબ્દો જાણે તેના સર્જકની જ પ્રતિજ્ઞા જેવા છે. રસકલામાં ધર્મકલા ગૂંથવાનું જ કવિશ્રીએ એમના સાહિત્યમાં કર્યું છે. એમની—

'ઓ રસતરસ્યાં બાળ, રસની રીત ન ભૂલશો;
પ્રભુએ બાંધી પાળ, રસસાગરની પુણ્યથી'

તેમજ

'વસંતોત્સવ આમ્રમંજરીનો ઉત્સવ છે, મહુડાંઓનો નહિ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પ્રસિદ્ધ પંક્તિઓમાં તો કવિશ્રીએ સૂત્રાત્મક રીતે પોતાની નીતિભાવના અને રસસિદ્ધાન્ત થોડા શબ્દોમાં સુંદર રીતે સમાવી દીધાં છે. અનીતિ, અધર્મ્ય કામ, અને સ્વચ્છંદી વિલાસની અને દેહધર્મીઓની સામે તેમણે હંમેશાં પુણ્યપ્રકોપ પોતાની કૃતિઓમાં દાખવ્યો છે. સંસારને તેમણે ચેતવણી આપી છે :

'પણ સંસારને ! ભૂલતો મા : પાપ ઉપાર્જન એ સૌંદર્ય નથી કે કલા નથી. કવિતા, કલા કે સાહિત્ય : સંગીત, નૃત્ય કે ચિત્ર; સંસાર સુધારો, નવઉત્સવ સમારંભો કે અસહકાર; એ સૌમાં પવિત્રતા જેટલી પળાશે એટલાં પ્રજાજીવનમાં એ ઝીલાશે ને સત્કારાશે. પવિત્ર કલા ને સૌંદર્યના પાયા પ્રભુ જેટલા અમર છે.'

('ગીત મંજરી' : પ્રસ્તાવના)

કવિશ્રીની સૌંદર્યની વ્યાખ્યા આવી છે : 'વિશ્વરચનામાં જે આપણે તરતું જોઇએ છીએ અને જેથી પરમાત્માના નિયમ, પ્રેમ જેવા મંગલ ગુણમહિમા જાણીએ છીએ, તે જ સૌંદર્ય........કોઇ પણ વસ્તુની સુઘટિત વ્યવસ્થામાં માનવીની ઉચ્ચ ભાવનાઓને તૃપ્ત કરતું કંઇક ઊંડું તત્ત્વ તરવરે છે તે સૌંદર્ય. કવિતા કે કલા વિશેષ શું કરી શકશે ? માનવીની હૃદયશાયિની એ ઉચ્ચ ભાવનાઓને પ્રથમતઃ નીતિમય જ હોય છે, મંગલ હોય છે....પ્રથમ વૃત્તિઓ હમેશાં નિર્મળ હોય છે. કવિઓ તે વૃત્તિઓનાં તત્ત્વ શોધે છે તેથી જ નિરન્તર સત્યમાં રમે છે. તે સત્ય તે યાંત્રિક બુદ્ધિએ પારખેલું નહિ, પણ વિશુદ્ધ બાળક જેવા, રસબાળકના હૃદયે અનુભવેલું.' આજથી એકાવન વર્ષ પર લખેલા 'લગ્નસ્નેહનો વિશ્વક્રમમાં હેતુ' એ લેખમાં પણ નિર્મળતા અને નીતિમયતાનો, સત્ય અને શિવનો, સુન્દર સાથે, કવિતા ને કલા સાથે, યોગ કવિશ્રીએ બતાવ્યો છે. નીતિને કલાની વિષકન્યા માનવાનું વલણ એમનું છે જ નહિ.

કવિતા અને કલામાં ધ્વનિ કે વ્યંજનાને આપણે ત્યાં તેમ પરદેશમાં ખૂબ ઊંચું સ્થાન અપાયું છે. ધ્વનિને કાવ્યના આત્મા કહેવાનું વલણ આપણે ત્યાં પ્રસિદ્ધ છે. ન્હાનાલાલ પણ એના પક્ષપાતી છે. એમણે 'શાકુન્તલ' ના પોતાના ભાષાંતરની પ્રસ્તાવનામાં લખ્યું છે :

'ચિત્રમાંનાં ફૂલ ને વાડીમાંનાં ફૂલનો પ્રધાન ભેદ એ છે કે ચિત્રમાંનાં અનુકરણ-ફૂલડાંમાં રંગદર્શન હોય, સૌરભદર્શન ન હોય વાડીફૂલડાં તો રંગે રૂપાળાં ને સૌરભે મનોહારી હોય. એમ રસમ્હોર્યા કવિવરોની કાવ્યવાડીઓમાં વર્ણદર્શનના મનોહારિત્વ ઉપરાંત ધ્વનિ–વ્યંજનાની અદૃશ્ય દૈવી સુગન્ધ મઘમઘતા હોય. હવાઈઓના જેવી ધ્વનિની એવી રસહવાઈઓ આ નાટકના રસગગનમાં ઠામ ઠામ ફૂટે છે. ગુજરાતને આંબાવાડિયે આંબાવાડિયે સંચરતાં ડગલે ડગલે કોયલબોલ ઝીલાય છે એમ કાલિદાસનીયે રસકુંજે–કુંજે એ ઘટાછૂપા રસસિત્કાર સ્ફુરે છે.'

કવિશ્રી ન્હાનાલાલ પણ એટલા બધા ધ્વનિપ્રેમી હતા કે એમને પણ એમણે કાલિદાસને માટે વાપરેલા શબ્દો સારા પ્રમાણમાં લાગુ પડે. કાલિદાસ અને ટેનિસનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિતાએ એમને ધ્વનિની ઉપાસના શીખવી છે. એમણે 'અર્ધશતાબ્દીના અનુભવબોલ'માં લખ્યું છે. :

'....કવિતાદેશે ટેનિસનની સુમધુર ને ધ્વનિસમૃદ્ધ શબ્દાવલિ દીઠી....ધ્વનિ ગુંજન્તી શબ્દાવલિની ઘટનાને, સુમધુર સમાસરચનાને માટે, ત્યહારે ટેનિસનનો ને પછી કાલિદાસનો હું ઋણી છું.'

આવી છે કવિશ્રી ન્હાનાલાલની કાવ્યભાવના અને તેમનો કવિતાધર્મ વિશેનો ખ્યાલ. સર્જક હમેશ પોતાની આવી સાહિત્યભાવના કે દૃષ્ટિથી જ પ્રેરાઇને પોતાની રચનાઓ કરતો હોય છે. કવિશ્રી પણ પોતાની આ દૃષ્ટિને પોતાનાં સર્જનોમાં વફાદાર રહ્યા છે. એ સિદ્ધ કરવું અઘરું નથી. 'બ્રહ્મજન્મ' માં જે સંકલ્પ સરસ્વતીના નવદીક્ષિત બ્રહ્મચારી તરીકે નીચેના શબ્દોમાં વ્યક્ત કર્યો છે તે તેમણે પોતાના સાહિત્યસર્જનથી પાળ્યો છે જ :

'કાળની દીવાદાંડી સમું,'
અવનીના અવધૂત જેવું,
દેવોનાં દેવત્વે રંગેલું,
કોડામણી કવિતાના કોડભર્યું
માંડીશ બ્રહ્મમંદિર સમું રસમંદિર
જગતની રસગંગોત્રીને ઘાટે.
રસજોગીઓને પુણ્યપંથ દાખવતા,
તુજદીધી વિભૂતિઓના ફુવારા ઉડાવીશ.
પૃથ્વીપગથારે પાથરીશ
પ્રેરણા, પુણ્ય ને પ્રકાશ.'

એવા 'પ્રેમભક્તિ'ના રસમંદિરે દર્શને ગયા વિના સાચા સાહિત્યભક્તોને છૂટકો નથી.

અનંતરાય મ. રાવળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસસિદ્ધ કવીશ્વર

જેમના યશઃશરીરને જરા કે મરણનો ભય રહેતો નથી તેવા રસસિદ્ધ કવીશ્વરો તેમનાં સુકૃત્યોદ્વારા સદૈવ જીવતા જ રહે છેઃ એવા જ એક રસસિદ્ધ કવીશ્વર તરીકે કવીશ્વર દલપતરામના પુત્ર કવિસમ્રાટ ન્હાનાલાલ જીવી ગયા અને જીતી પણ ગયા છે. એમના સાહિત્યજીવને એક લાંબા યુગને આવરી લીધો છે; વર્તમાન સાહિત્યનાં વહેણોને સમજવા માગનારે આ લાંબા યુગમાં જીવી ગયેલા આજીવન સાહિત્કારની શૈલીની, વિષયોની, મનોરથોની તથા યુગસંદેશોની–તેમની અનેકવિધ ક્રાન્તદૃષ્ટિની ઊંડી સમીક્ષા કર્યા વગર ચાલવાનું નથી.

એમના જેટલો સાક્ષર–વિરોધ તેમજ એમના જેટલી સાહિત્યજનપ્રિયતા ભાગ્યે બીજા કોઇ કવિસાહિત્યકારે અનુભવ્યાં હશે. કવિએ સને ૧૯૦૭ માં ‘કેટલાંક કાવ્યો’ ભાગ બીજાની પ્રસ્તાવનામાં બીતાં બીતાં લખ્યું હતું કે, “ગુજરાતની કુંજો નિર્જન નથી કે કુંજવાસી સજ્જન સજ્જનીઓ એટલાં બહેરાં કે અરસિક નથી. કોયલ ખુલ્લે શબ્દે બોલશે, તો સૌ સાંભળશે અને સત્કારશે”—એ વાણી એમના તે પછીના લગભગ ચાર દસકામાં ફલવતી બની છે.

કવિની કવિતા-કોકિલે ગુજરાતની કુંજનિકુંજોને ખુલ્લા અને મિઠ્ઠા ટહુકારથી ભરી દીધી છે. અને સજ્જન સજ્જનીઓએ એમના ટહુકાર સાંભળ્યા છે અને સત્કાર્યા છે; કવિને માટે તેમજ ગુજરાતને માટે એ ઓછા સંતોષની વાત નથી.

અને ગુજરાત કંઈ છેક નગુણું નથી. શ્રી હેમચંદ્રાચાર્યના પ્રાકૃત વ્યાકરણને હાથી ઉપર પધરાવી, એ કલિકાલસર્વજ્ઞ પંડિતની યોગ્ય સંભાવના થયેલી જોનાર, શ્રી ગુર્જરેશ્વર સિદ્ધરાજને હાથે સન્માન પામવાની પ્રથાથી પરિચિત થયેલી ગરવી ગુજરાતની પ્રજા ‘વીર’ની વીરપૂજા કરવામાં કદી પાછી પડી નથી. કર્મવીર ગાંધીજીની ગુણપૂજા કરવાની તક ગુજરાતને મળી છે, એ આજના જ ઇતિહાસની વાત છે.

કાર્લાઈલે ઉપદેશેલો Poet-Prophet–કવિ પયગમ્બર પણ આવી વીરપૂજાનો પૂરો અધિકારી છે, તેમજ એને પૂજાપો ધરનાર ગુણપૂજારીઓએ—

“ઉઠો સજન ! સાજની ! કુસુમની ભરો અંજલિ રચી સુભગ સ્વસ્તિકો સદન શોભવો ઉજ્જવળી અપૂર્વ શણગારથી સુહવી દેશ, દેવી ગીતે—” એ રીતે કવિને અભિનંદ્યા છે.

“નયન ઉઘડ્યું પેલું ઓજસ્વી નવલ પ્રભાતનું....વિરમે છ કાળી યામિની”—એવી રીતે જ્યારે વીસમી સદીનો પરોઢ દેશભરમાં જામ્યો, અને નવકવિતાનું પ્રભાત થયું, ત્યારથી કવિએ પોતાનો જીવનસંદેશ પ્રજા સમક્ષ મૂકવા માંડયો હતો. એમની કવિતામાં વસંતનો, વસંતના ઉલ્લાસનો ઊંડો સંદેશ છે, એ વસંત તે માનવજીવનની વસંત અને તેની નવપલ્લવતા. જે વસંતમાં “સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી”—એ વસંતના વાસંતી વાઘા સજવા માટે કવિએ અવનવી રચનાઓથી સંસારીઓને ઉપદેશ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વસંતનો ઉત્સવ એટલે સ્થૂલ ઋતુનો ઉત્સવ માત્ર નહિ; જીવનની વસંતને અવરથા જવા ન દેવા માટે તેમણે માનવીને ચેતાવ્યા છે. તેથી જ એમણે ગાયેલી અને ઉપદેશેલી રસની પરબોમાં વિષનાં ઘેન નથી: પરંતુ અમૃતની શીતલતા અને શાંતિ તેમાં ભરેલાં છે કવિએ કહ્યું છે: "આજકાલ તો રસ એટલે અનાચાર; અને પ્રેમ એટલે પાપાચાર." તેથી જ એમનો ઉપદેશ છે કે રસને બદલે રસાભાસ પાછળ દોડનારા જગતે જીવનમાં ઉતારવું ઘટે કે:—

"સૌન્દર્ય શોભે છે શીલથી,
અને યૌવન શોભે છે સંયમથી."

લગ્નસ્નેહ, સ્નેહલગ્ન તથા આત્મલગ્નના જગજૂના પ્રશ્નોની મીમાંસા કરવી એ કવિની કવિતાનો મુખ્ય આશય છે:—

"સંચ્યું તમારું સહુ ભદ્ર જ સ્નેહલગ્ને
ને લગ્નસ્નેહ મહીં દિવ્ય વિલાસશોભા."

મનુષ્યજીવનના આવા સનાતન પ્રશ્નોનો ઉકેલ લાવી, જગતને ઊંચે ચઢાવવાના તેમના અભિલાષ છે. ગોવર્ધનરામભાઈએ નવા યુગમાં આ લગ્નમીમાંસાનું પગરણ માંડ્યું —એમ કહી શકાય. પરિશીલન, સંવનન અને વિવહન—વિવાહની એ ત્રણ શ્રેણીદ્વારા લગ્નનો સ્થૂલસૂક્ષ્મ સૂક્ષ્મસૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ પ્રેમનો વિકાસ સાધવાનો ઉપક્રમ યદુશૃંગ ઉપર બતાવ્યો હતો. એ લગ્નમીમાંસાના ઉપદેશનો પ્રકાશદીવડો ન્હાનાલાલે ઉપાડી લઈ, એ દીવડામાં સહસ્રગણો પ્રકાશ ઉમેરી, આખા યે ગુજરાતમાં એનો પુણ્યજ્યોતિ ઝળહળાવ્યો છે.

પશ્ચિમમાં higher Drama નો યુગ પ્રવર્તાવનાર ઇબ્સન અને શૉ જેવા નાટકકારોનાં ગદ્યનાટકોનો આત્મા "જીવનના મનમૂંઝાવનારા કોયડા" હોય છે. એવા 'ભેદના પ્રશ્નો' નો ઉકેલ સૂચવવામાં જ તેમની કલાસાર્થકતા સમાયેલી છે. આપણા કવિ પણ આવા ભેદના પ્રશ્નોના ઉકેલણહાર થવામાં રાચતા જણાય છે.

આ દૃષ્ટિએ, "જગતના પયગમ્બરોની હારમાં ઊભવું છે" એમ લક્ષમાં લાવીને જ લોકસંસ્થાના પ્રશ્નોને, પ્રજાના આશઅભિલાષને અને દેશભરમાં અંકુરતી નવચેતનાને ઝીલવા માટે કવિદ્રષ્ટાઓ પોતાની વાણીને અને કલાને યોજે છે. એ યોજનામાં મળેલી સફળતા ઉપરથી જ કવિનાં કલા–સર્જનોની કીમત અંકાય છે. કવિની કુલપરંપરાગત સાહિત્યસેવા જુઓ અને પછી કહો કે કવિને કંઇ કહેવાનું છે કે નહીં? કવિનો સંદેશ શો છે? કવિએ પોતાનો જીવનસાહિત્યસંદેશ પોતાની "આત્મઘડતરકથામાં" લાક્ષણિક શૈલીથી કહી દીધો છે, તેનો ઉલ્લેખમાત્ર અહીં પ્રસ્તુત છે.

કવિનું સન્માન ભલે સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાને ન થયું હોય, ભલે મુંબાઇ યુનિવર્સિટીએ તેમને વ્યાખ્યાનો માટે ન નોતર્યા હોય કે તેમને કોઇ માનનીય ડીગ્રીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સન્માન્યા ન હોય, તોપણ ગુજરાતનાં નગરોમાં ઠેરઠેર તેમની સાહિત્યસેવાની ઊજવણી થઇ હતી—એ આમ જનતાનો સત્કાર ભૂલવા જેવો નથી. યાદ આવી શકે છે ત્યાં સુધી, ગુજરાતમાં સાહિત્કારોની "જયંતીઓનો યુગ" કવિના સન્માનસમારંભોથી જ શરૂ થયો છે. અને કવિનું સન્માન એટલે આપણી નવી કવિતાનું સન્માન: આપણા લોકસમૂહે નવી કવિતાને માન્ય કરી હોય, કુટુમ્બોમાં તેને દાખલ કરી હોય, અને આપણા સકલ સુંદરીસંઘની રસતૃષા કંઈક છીપી હોય, તો તે બહુધા ન્હાનાલાલમાં નરસિંહ મહેતાની વૈષ્ણવતા છે; મીરાંબાઈની ભક્તિનો ઉદ્રેક અને રસમસ્તી છે: દયારામભાઇની સ્ત્રીહૃદયને સ્પર્શ કરનારી મૃદુતા, કોમળતા અને લાલિત્ય એમની કવિતામાં નવદેહે અવતરે છે. પણ ન્હાનાલાલમાં માત્ર એટલું જ નથી; તેમની પાસે સંદેશ છે; તેમને ગુજરાતને કંઇક કહેવાનું છે; અને એમને જે કહેવાનું છે તેના સત્યમાં એમને અમાપ શ્રદ્ધા છે.

તેથી જ તેમની વાણીમાં જુસ્સો છે, સાચાઈ છે, સચોટતા છે. તેમને ગુજરાતના ઉજ્જવલ ભાવિમાં આશા છે; ઉત્સાહ છે. અને તેથી જ કવિ અજબ આશાવાદી હતા. એમનો આ આશાવાદ ગંભીર ચિંતનનું પરિણામ હતો. ભૂતકાળના અનુભવો ઉપરથી એ દૃઢ થયો હતો: વર્તમાન પરિસ્થિતિથી કંઇક વ્યવહારૂ થયો હતો અને ભવિષ્યની આશા ઉપર અવલંબતો હતો.

ન્હાનાલાલ જેટલા કવિ હતા તેટલા જ કલાધર પણ હતા. રાજકવિ ટેનિસનની સૂક્ષ્મ શબ્દકલાનો સાક્ષાત્કાર "કોમલ કાન્ત પદાવલી" દ્વારા કવિ કાન્ત કરતાં મોટા પ્રમાણમાં અને વિપુલતાથી તેમણે કરાવ્યો છે. પ્રેમ, કુદરતનું સૌંદર્ય, ઇશ્વરભક્તિ અને શ્રદ્ધાનાં નવાં સ્વરૂપો અતિ રમણીય શબ્દોમાં તેમણે ગાયાં છે. તેમની કલ્પના જેટલી રમણીય તેટલી જ ભવ્ય, અવનવી અને ઉન્નત છે. એમની પ્રતિભામાં સૌંદર્યના કોઇ અવનવીન પ્રદેશો આંખ આગળ ખડા કરવાની શક્તિ રહેલી હતી.

જૂનાં લોકગીતોમાં વહેતું રસઝરણું તેમણે પોતાનાં કાવ્યોમાં ખૂબીથી વાળ્યું હતું. મનને મળી જાય તેવા ભાવો તેમણે કોમલતા, સહૃદયતા અને મૃદુતાથી લલિત સંગીતમાં ગાયા છે. તેમની ઉપમાઓ, ઉત્પ્રેક્ષાઓ અને શબ્દાવલીઓ પ્રતાપ પાડે એવી પસંદગીવાળી અને નવા પ્રકારની છે, અને તેથી મોહક પણ છે.

ગૃહભાવ અને દામ્પત્યનાં સમ્યગ્ દર્શન કરાવવાના તેમના હૃદયે કોડ હતા. કવિ નવી સંસ્કૃતિનાં ધાવણ ધાવી ઊછર્યા છતાં, તેમનો આત્મા પ્રાચીનને પૂજનારો હતો. કવિના સંસ્કૃતિદર્શન મનોરમ છે તેટલાં જ વિચારપ્રેરક છે. કવિનું હૃદય સ્ત્રીઓના મૃદુ ભાવોના અને તેમની સ્નેહભાવનાઓનાં ઊંડાણમાં ઊતરી શકયો છે. અને તેથી જ એ વર્ગને એ ખાસ અસર કરી શકયા છે. ન્હાનાલાલે સ્ત્રીઓ માટે સ્ત્રીઓ સંબંધી એટલું સુંદર અને એટલું બધું લખ્યું છે કે એ કાવ્યપ્રદેશ એમની ગ્રંથમાલામાંથી લઈ લઇએ તો પાછળ શું રહે એ વિચારવા જેવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો યુગ અને સાંપ્રત યુગ રાસના દિગ્વિજયનો યુગ ગણાયો છે અને એ યુગના યુગકર્તા તે આપણા કવિ. એમનાં ગીતોનું અનુપમ માધુર્ય સુંદર ભાવનામાં અને એ ભાવનાને અનુરૂપ સુંદર ઢાળની પસંદગીમાં ઠરેલું જોઇ શકાય છે. સુંદર ભાવનાને સુંદર સુશ્લિષ્ટ રચનાથી શણગારવામાં તેમને આયાસ કરવો પડયો નથી. સામાન્ય 'પ્રાસ' ના વિરોધીના પ્રાસ આપોઆપ સૂઝેલા અને સંગીતક્ષમ હોય છે. એમનાં સંગીતકાવ્યમાં વાણીના સૌંદર્ય ભેગો રમ્ય ઊર્મિનો રસિક ધ્વનિ સઘન છાપ પાડી રહે છે. એમના રાસમાંનાં ઘણાંમાં રસશાસ્ત્રમાં પરિચિત એવા નાયિકાભેદનાં સુંદર કાવ્યચિત્રો ઊપસેલાં છે. એક એક રાસ એક એક નાયિકાની માનસિક સ્થિતિનું અચ્છું ચિત્ર ખડું કરે છે. ગુજરાતના ચિત્રકારોને ભાવનાગમ્ય ચિત્રો દોરવાના વિષયોની જરૂર જણાય ત્યારે તેમણે કવિનાં ઊર્મિગીતો તરફ નજર ફેરવવી. કવિનાં ગીતોમાંના ભાવને રંગ અને રેખામાં રજૂ કરાશે ત્યારે કવિનાં ગીતો અને રાસ વળી નવી જ રસસૃષ્ટિનો અનુભવ કરાવશે.

કવિ જેમ સૌંદર્ય અને કલાના "રસિક શાસ્ત્રીય ભાષ્યકાર" છે, તેમ ભેદના ગૂઢ પ્રશ્નોને છેડવામાં તેમને અજબ મઝા આવતી જણાય છે. એમની પ્રભુપ્રાર્થનાઓ પણ એ જ સત્ય રજૂ કરે છેઃ—

"પેલાં દિવ્ય લોચનિયાં રે, પ્રભુ !
કયારે ઊઘડશે !
આવાં ઘોર અંધારાં રે, પ્રભુ !
કયારે ઊતરશે !"

આ પ્રશ્નના ઉત્તરની રાહ સૌ ભકતહૃદય જુએ એ સ્વભાવિક છે.

કવિનો સ્થૂલ દેહ આપણી વચ્ચેથી ચાલ્યો ગયો છે. પરંતુ તેમનું સૂક્ષ્મ યશઃશરીર તો અજર અને અમર રહેવા સર્જાયું છે. તેથી જ્યારે જ્યારે ભાવિ ગુજરાતને કવિદ્રષ્ટાનાં પ્રેરણાદાયી સ્તોત્રોની જરૂર જણાય ત્યારે ત્યારે આપણે કવિએ સાગરને ઉદ્દેશીને કહ્યું હતું તે થોડો ફેરફાર કરીને સંભારવું રહ્યું કે

"ન્હાનલ સખે ! મુજ નેત્ર
આગળ આવીને કંઇ ગા
જીવ્યું મીઠું લાગે મનેઃ
જીવ્યું જીત્યું લાગે મને એવું કંઇ તું ગા."

ડૉ. મંજુલાલ ર. મજમુદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીર્તિમંદિરમાં કવિનું સ્વાગત

જગતભરના યુગયુગના સાહિત્યના કીર્તિમંદિરની કલ્પના કરીએ તો એક ઉન્નત ગિરિશૃંગ ઉપર એક અદ્ભુત મહાલય દેખાય છે. રોમના જગવિખ્યાત 'સેંટ પિટર્સ કેથિડ્રલ'ની માફક, એ ભવ્ય ને વિશાળ મંદિરમાં, કેન્દ્રસ્થાને ઉચ્ચાસને એક બાજુ પૂર્વના મહાકવિઓ–વ્યાસ ને વાલ્મીકિ અને કાળિદાસ, ને ભવભૂતિ જેવા સિંહાસને વિરાજે છે; ત્યારે બીજી બાજુ પશ્ચિમના હોમર ને ઇસ્કિલિસ, ડાન્ટે, શેકસપિયર, મિલ્ટન તથા ગટે જેવાના અક્ષરદેહો સનાતન તેજે ઝળહળતા દેખાય છે. આ અમરધામમાં બન્ને બાજુએ દેશ દેશની નાની નાની દેરીઓ છે: પ્રવેશ કરતાં જમણી બાજુ પૂર્વના પ્રતિનિધિઓને પૂજ્ય ગણી તેમની પ્રતિષ્ઠા તે તે દેરીમાં થાય છે; અને તે જ પ્રમાણે ડાબી બાજુએ પશ્ચિમના અમર યાત્રિકોનું સ્થાન નિર્ણીત થાય છે. આ મંદિરમાં કોને પ્રવેશ કરવા દેવો ને કોને કયું સ્થાન આપવું તેનો અંતિમ નિશ્ચય કીર્તિદેવી પોતે જ કરે છે.

આ કીર્તિમંદિરમાં પ્રવેશ કરવાને—એ મંગળ મંદિર ખોલવાની વિનતિ કરવા કેટલાય ભાવિકો દ્વાર કને તપશ્ચર્યા કરી ગયા! પરંતુ એ મંદિર એવા શિખર પર છે કે ટોચ પર પહોંચવા માટે જ કંઇક યાત્રાળુઓ ચઢતે ચઢતે થાકીને અટકી ગયા! કોઇક પા કે અડધી કે પોણી મજલ કાપી શકયા! ને કવચિત્ કવચિત્ વિરલ ધન્ય પુરુષો જ એ મંદિરના દ્વાર સુધી પહોંચી શકતા જોવામાં આવે છે. કવિવરો ને ગાયકગણોમાંથી થોડા જ સમય પહેલાં પૂર્વ હિંદના રવીન્દ્રનાથને માન ને પ્રેમથી એ કીર્તિમંદિરમાં સ્વાગત કરી, તેમના અમર દેહની પ્રતિષ્ઠા એક સુંદર દેરીમાં કરવામાં આવી છે. તેની પાસે જ ને પશ્ચિમના કવિ શેલિની દેરિની બરાબર સામે જ પશ્ચિમ હિંદના કવિ ન્હાનાલાલનું હાલ સ્વાગત થઈ રહ્યું છે; કીર્તિદેવીએ પશ્ચિમ હિંદના અર્વાચીન કવિઓમાંથી તેમની પસંદગી કરી એક દેરીમાં તેમના અક્ષરદેહની પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય કર્યો છે.

માનવજીવન માટે આવું એક નાનકડું સ્થાન આ ભવ્ય મંદિરમાં કીર્તિના કળશરૂપ જ છે. નંદનવનના પ્રાસાદોની ટોચથી કવિની કેકા દિગંતે સુણાય છે. આવો ભાષાનો વિભવ ગુજરાતીનો કદી જાણ્યો નથી. ઇંગ્રેજી ભાષામાં જે શબ્દચમત્કૃતિ ને માધુર્ય કોલેરિજ, શેલિ, સ્વિનબર્ન કે રોબર્ટ બ્રિજીસ જેવા જ પ્રાપ્ત કરી શકયા છે કે તે કવિને સિદ્ધ થયાં; બંગાળી ભાષામાં અજબ આકર્ષણ રવીન્દ્રનાથ કેળવી શકયા. ગુજરાતીમાં પ્રસાદ ને માધુર્ય બન્ને કાન્તે પ્રાપ્ત કર્યાં હતાં; પણ એ સુધાનાં બિંદુ એટલાં થોડાં નીવડયાં કે એ કાવ્યસ્રોત સાહિત્યના મહાસાગરમાં ભળી ના શકયો! કવિની સાહિત્ય–ગંગા પચાસ વર્ષ સુધી અસ્ખલિત પ્રવાહથી સાહિત્યની વિવિધ ભૂમિમાંથી વહેતી વહેતી સાગરમાં ઓતપ્રોત થઇ ગઇ! સંસ્કૃત–ફારસી–ઇંગ્રેજી તથા પ્રાચીન ને મધ્યકાલીન ગુજરાતી–આ સહુ ભાષાની સમૃદ્ધિ કવિ પ્રાપ્ત કરી શકયા તે અસાધારણ પ્રતિભાનું ફળ!

આ સાથે રંગબેરંગી કલ્પનાના ફુવારા જે કવિએ ઉરાડયા છે તેથી બૃહદ્ ગુજરાત મુગ્ધ બની ગયું છે. સાથે સાથે ઉદાત્ત ભાવનાનો સુમેળ થયો છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાગ ને સેવા ને તપશ્ચર્યાનો મંત્ર કવિ ભણે છે અને ઐહિક કરતાં પારમાર્થિક સિદ્ધિ જ તેમનું ધ્યેય બને છે. કવિની ભાવના સઘળાં સ્થળ ને કાળનાં બંધનો છોડી, સળસ્ત વિશ્વને ભરી દેવા માગે છે. આથી, જગકલ્યાણનો જાપ જપતી એ ઉન્નત ભાવના રાષ્ટ્રીય ઉન્નતિ કરતાં આંતરરાષ્ટ્રીય ને એક ધર્મનાં ચિંતન કરતાં સર્વધર્મસમન્વય તરફ નિરંતર પ્રગતિશીલ રહી છે. પ્રત્યેક ધર્મનો પયગામ લઈ કવિ માનવહિત સાધવા મથે છે.

આ અદ્‌ભુત ભાષા-વિભવ, કલ્પનાનાં ઉડ્ડયનો, ભાવનાની સર્વવ્યાપી સમૃદ્ધિ સાથે ઉરના ઊંડાણ ને વિવિધ ભાવો કવિની કાવ્યસમૃદ્ધિમાં મનોહર સ્વરૂપે વિલસે છે. આ ભાવો કવચિત્ આછા ને મધુરા બને છે ને કવચિત્ ઘેરા ને ગહન પણ બને છે. કોઈ કોઈ વાર તો કાશ્મીરી શાલ 'ઓઢું ઓઢું ને સરી જાય' તેવા સુકોમળ બને છે—વિશેષ કરીને નાનાં મનોહર ગેય કાવ્યોમાં. આ ઇશ્વરી બક્ષિસ તેમણે એટલે સુધી કેળવી છે, જૂની ને મધ્યકાલીન રાસપરંપરામાંથી તેમની પ્રતિભાએ એટલું ઝીલીને અમર પંક્તિઓમાં ગુજરાતી ભાષામાં આપ્યું છે, કે આ એક જ સંગીતકલ્પ કાવ્યોના નિકષથી તેમનું સ્થાન કીર્તિમંદિરમાં નિર્ણીત થાય તેવું છે. એમના રાસો તો ગુજરાતણને કંઠે ગુજરાતી ભાષા જીવશે ત્યાં સુધી અખંડ જીવશે, એમાં શી શંકા હોય ?

આપણી ભાષાના ઇતિહાસમાં ઉત્તમ ભાવના, સુકોમળ ભાવ તથા રસિક ભાષા-વિભવનો—નિરંતર અજબ આકર્ષણે ગુજરાતને ખેંચે તેવો-મનોહર ત્રિવેણી સંગમ બીજા કોઇએ સાધી આવા અસ્ખલિત પ્રવાહમાં વહેતો મૂકયો નથી.

દલપતરામે લોકભોગ્ય સુંદર કવિતાઓ લખી; વિશેષ પ્રતિભાસંપન્ન પુત્રે એ સાહિત્ય-સેવાનો વારસો અતિ ઊજળો કર્યો; લગભગ અર્ધશતાબ્દી સુધી એ યજ્ઞ પોતે ચાલુ રાખ્યો અને ધનસંપત્તિ કે આરોગ્યની પણ ચિંતા હરિને સોંપી ! આ તો આ કઠિન યુગમાં સાહિત્ય ને સંસ્કારની દીક્ષા જ હતી. જે કવિએ પિતૃતર્પણમાં ગાયું તે એમને પોતાને તો સવિશેષ લાગુ પડે છે:

"આદ્યદ્રષ્ટા આ યુગના, કવિ છો, સૂત્રકાર છો;
ને નવજીવન કેરા ઋષિ છો; સ્મૃતિકાર છો.
ભવિષ્યવેત્તા આચાર્ય, પેગમ્બર પ્રભુતણા;
નવીન ગુર્જરરાષ્ટ્રે ગજાવી ગેબી ઘોષણા."

કીર્તિમંદિરમાં વિરાજતા પશ્ચિમ હિંદના કવિતાના આ એક અને અજોડ પ્રતિનિધિને ગુજરાત આભારે કે પ્રણયઉભરે નમન કરે છે.

ડૉ. રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક
એમ. એ. પીએચ. ડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્હાનાલાલ—સુંદર, ભવ્ય અને અતીન્દ્રિય

કવિવર ન્હાનાલાલ અર્વાચીન યુગના સર્વશ્રેષ્ઠ કવિ છે એ તો સર્વાંશે સિદ્ધ થઇ ચૂકયું છે. ગુજરાતી ગગનાંગણે એ 'પ્રફુલ્લ અમીવર્ષણુ ચંદ્રરાજ' સોળે કળાએ પ્રકાશ્યો છે. પ્રેમભક્તિની પુણ્યગંગા વહાવનાર એ ભગીરથનું સ્થાન ગુર્જરીની રસકુંજે અનોખું છે, અને તેમાંયે ઊર્મિગીતના ઉદ્દગાતા તરીકેનું એમનું સ્થાન એકમેવ અદ્વિતીયમ્ છે.

પ્રેમભક્તિ ઉપનામને પૂરેપૂરૂં સાર્થ કરતા કવિવર ન્હાનાલાલે સહજ રસસૌન્દર્ય ભર્યાં પ્રેમનાં અને અદ્ભુત યોગસૌષ્ઠવ ભર્યાં ભક્તિનાં સનાતન ગાન ગાયાં છે. લૌકિક જન-હૈયાંનાં લલિત સ્પન્દનો અને અલૌકિક ભક્તયોગીઓનાં ઓજસ્વી દર્શનો વેધક વાણીમાં મૂર્ત કર્યાં છે. પ્રણયી ઉરોના સુકુમાર મનોભાવોની સુંદરતાનાં અને ભક્તિભર્યાં હૃદયોના આત્મસાક્ષાત્કારોની અતીન્દ્રિયતાનાં અનુપમ કાવ્યો અર્પણ કર્યાં છે. અને રસિક સુંદરતા-માંથી અદ્ભુત અતીન્દ્રિયતામાં પરિણમતા કવિએ વચ્ચે સુભગ ભવ્યતાનું ય મનભર દર્શન કરાવ્યું છે. પરાભક્તિની અપૂર્વ સિદ્ધિથી પ્રભુસાગરને નયનગાગરમાં સમાવતા પહેલાં જ્યારે વિરાટના આ કવિની 'જીભ થાકીને વિરમે રે વિરાટ વિરાટ વદી,' ત્યારે એણે નિગૂઢ ભવ્યતાનાં ગહન ગીતો વહાવ્યાં છે. સંસારના સુમધુર ભાવો અને સંવેદનોનાં, બ્રહ્માંડના અકલિત ભેદ અને કોયડાનાં તેમજ બ્રહ્મના વિરલ સાક્ષાત્કાર અને આનંદનાં ત્રિવિધ રસકલાન્વિત કાવ્યો ઉત્તરોત્તર ચઢતા ક્રમે કવિએ આપણને આપ્યાં છે. અર્થાત્ કવિએ પોતાનું સુંદર, ભવ્ય અને અતીન્દ્રિય સ્વરૂપ અનુક્રમે આપણી આગળ રજુ કર્યું છે. પાવન ત્રિવેણી સમાં કવિનાં એ ત્રિવિધ સ્વરૂપોનું કિંચિત્ દર્શન કરાવવાનો આ પ્રયત્ન છે. ન્હાના ન્હાના રાસ ભાગ ૧, ૨, ૩ કવિના આ ઉત્તરોત્તર વિકાસને સરસ પ્રતિબિમ્બિત કરતા હોવાથી અને એમાં એકધારાં ઊર્મિગીતો હોવાથી આપણે એને જ આધારભૂત ગણી ચાલીશું અને આપણા વિષયના સમર્થન માટે એમાંથી જ ઉદાહરણો લઇશું. કવિશ્રીના વિપુલ ગ્રંથભંડારને સ્પર્શવાનો આ લઘુ લેખમાં અવકાશ નથી.

પ્રેમની પર્યેષણા એ કવિશ્રીનાં સાહિત્યનું સળંગ સૂત્ર છે. સ્નેહનું સૌન્દર્ય એ એમનાં કાવ્યોનો અખંડિત સૂર છે. ઉષા અને વસંતોત્સવ, ઇન્દુકુમાર અને જયાજયંત, પ્રેમકુંજ અને ઓજસગર બધાં પ્રેમનાં જ મહિમ્ન સ્તોત્રો છે; લગ્ન અને દામ્પત્યનાં અપ્રતિમ પ્રતીકો છે; આત્મલગ્ન અને કૌમાર લગ્નની ઉચ્ચ ભાવનાઓનાં મૂર્ત સ્વરૂપો છે. કવિ-હૈયાના 'સુન્દર' ને વ્યકત કરવાને એમાંનું એક પણ પૂરતું છે. પરંતુ આપણે એને બાજુ પર રાખી ઉપર જણાવ્યું તેમ એમના રાસ તરફ વળીશું.

સ્નેહી હૃદયોના મીઠા પ્રણયધબકાર, કુલવધૂઓના કમનીય કોડ, નેહના ઝરમર મેહે ભીંજાતી ચુંદડલીઓ, સ્નેહપર્વણીની રેલાતી ચંદ્રિકા, ઉરએકાન્તે ઉભરાતાં સોનેરી સોણલાં, સહજીવનનાં મધુર સંભારણાં, વિરહની હૈયાવેધક વ્યથાઓ, રસીલાં રીસામણાં ને મનભર મનામણાં આદિ પુષ્પ-સુકુમાર ભાવોનાં અનેક સુંદર ગીતોથી પહેલો ભાગ સભર ભર્યો છે. એમાંથી વાનગીરૂપે માત્ર બે ત્રણ ઉદાહરણ જોઇશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશાનિરાશામાં ઝોલાં ખાતી, ઉરના એકાન્તે બળતી અધીરી બાલા સ્નેહીનાં સોણલાંની દર્દભરી કથા કહે છેઃ—

"સ્નેહીનાં સોણલાં આવે, સાહેલડી !
ઉરના એકાન્ત મ્હારા ભડકે બળે :
હૈયાનાં હેત તો સતાવે, સાહેલડી !
આશાની વેલ મ્હારી ઉગી ઢળે.
ઝીણી જ્યોતે ઝળહળે પ્રિયનો દીપક લગીર :
પડે પતંગ, મહીં જલે
એવી એવી આત્માની અધીર : રે સાહેલડી ! ઉરના૦
ખૂંચે ફૂલની પાંદડી, ખૂંચે ચન્દ્રની ધાર :
સ્નેહીનાં સંભારણાં
એવાં એવાં ખૂંચે દિલ મોઝાર : રે સાહેલડી ! ઉરનાં."

એવુંજ બીજું રૂપલા રાતલડીમાં ઉરનાં બારણાં ખૂલ્લાં મૂકી પ્રિયતમ અતિથિને ન્હોતરતી પ્રણયિનીનું મોહક ચિત્ર જોઇએઃ—

"રૂપલા રાતલડીમાં ઉઘડે ઉરનાં બારણાં હો બ્હેન !
ઝૂલે રસપારણાં, હો બ્હેન !
ત્યહારે ઝળકે ઝીણાં અતિથિનાં સંભારણાં, હો બ્હેન !
લઉં હું વારણાં, હો બ્હેન !
શરદ પુનમનો ચાંદલો ઘડી ચમકીને જાય;
વરસ દિવસ વીત્યે સખિ ! દોહલ દર્શન થાય
અન્ધારી રજનીમાં ઉઘડે ઉરનાં બારણાં, હો બ્હેન !
ઝૂલે રસપારણાં, હો બ્હેન !
ત્યહારે ઝળકે સાજનઅતિથિનાં સંભારણાં, હો બ્હેન !
લઉં હું વારણાં, હો બ્હેન !

છેલ્લે પતિવિરહે બ્હાવરી બનેલી બાલાનાં સૂનાં સ્નેહધામનું દર્દભર્યું દર્શન કરીએઃ—

સૂનાં મંદિર, સૂનાં માળિયાં,
ને મ્હારા સૂના હૈયાના મહેલ રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે.
આઘી આશાઓ મ્હારા ઉરની,
ને કાંઇ આઘા આઘા અલબેલ રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે.
સૂના સૂના તે મ્હારા ઓરડા
ને એક સૂની અંધારી રાત રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાનાં પ્રારબ્ધનાં ફેરવું,
મહીં આવે વિયોગની વાત રે
સ્નેહધામ સૂનાં સૂનાં રે.”

કોઇ કર્મયોગીનું જ્ઞાનયોગીમાં પરમ પરિવર્તન થયું હોય તેમ સુન્દરમાંથી કવિ ધીમે ધીમે ભવ્યમાં પરિણમે છે. સ્નેહનાં અને સંસારનાં મંજુલ ગીતોને બદલે પુરુષ અને પ્રકૃતિનાં ગૂઢ ગાન ગાય છે. આ લોકના રમ્ય રાસને બદલે લોકલોકના અનંત રાસ નિરખે છે. ડોલતા ડુંગરોના ગેબી પડઘા સાંભળે છે. કાળની ખંજરીના તાલે તાલે કાળજૂના પ્રશ્નો છેડે છે. પરાપૂર્વનાં મંથન વલોવી બ્રહ્મનાં અમોલાં નવનીત સારવે છે. ત્રિકાલની સનાતનતાનાં ગહન સત્યો સમજાવે છે. રમણે ચઢેલી બ્રહ્મવીંઝણાના અદ્દ્ભુત દર્શનથી મગજને મસ્તીના ફેર ચઢાવે છે. વિધિનાં ગુહ્યતમ સત્યોના અને અણઉકલ્યા કોયડાના ભેદ ઉકેલે છે. કવિનું અનન્ય નાટક ‘ વિશ્વગીતા ’ એ ભવ્યતાનું ભવ્ય પ્રતીક છે, અને રાસ ભાગ બીજો પણ બહુધા આ ભવ્યતાથી ભરેલો છે. કાળની ખંજરી, ડોલતા ડુંગર, નીર ડોલે, પાણીડાં કેમ ભરીએ ?, બ્રહ્મના બ્રહ્મમહેલે, બ્રહ્મવીંઝણો, લોકલોકના રાસ, વિહંગરાજ, વિશ્વવધાવા, વિરાટનો હિંડોળો આદિ કાવ્યો એના ઓજસ્વી નમુના છે. આપણે એમાંથી બે–ચાર જરા ઉડતી નજરે જોઇએ.

આભમાં બાંધેલા વિરાટના ઝાકમઝોળ હિંડોળાનું ભવ્ય દર્શન કરાવતાં કવિ કહે છે:—

“ વિરાટનો હિંડોળો ઝાકમઝોળ.
કે આભને મોભે બાંધ્યા એના દોર—વિરાટનો૦
પૂણ્ય પાપ દોર ને ત્રિલોકનો હિંડોળો
ફરતી ફૂમતડાંની ફોર;
ફૂમતડે ફૂમતડે વિધિના નિર્માણમંત્ર
ટમકે તારલિયાના મોર—વિરાટનો૦ ”

કવિને અંધારી રાતના ડુંગર ડોલતા દેખાય છે. અને એ ડુંગર સાથે કવિનું હૈયું યે ડોલી રહે છે. સૃજનપ્રલયને એકજ ઢાલની બે બાજુ જેવાં માનનાર કવિની સમદર્શી આંખમાં સૃષ્ટિસર્જન વેળાનાં ઉછળતાં નીર અજબ અંજન આંજે છે:—

“ નીર ડોલે, નીર ડોલે, સૃજનનાં નીર ડોલે રે;
નીર ડોલે, નીર ડોલે, પ્રલયનાં નીર ડોલે રે
શેષ કેરા મણિ ડોલે, સાગરતરંગ ડોલે
ડોલે બ્રહ્મા પદ્મને હિન્ડોલે:
સૃજનનાં નીર ડોલે રે.”

ફરતાં ફરતાં મગજને ઘુમડીએ ફેરવતો સુરજચંદ્ર જડેલો અને તારલિયે મઢેલો બ્રહ્માવીંઝયો બ્રહ્મવીંઝણો કેવો રોમહર્ષણ છે ! એ કાવ્ય તો આખું ઉતાર્યા વિના રહેવાનું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નીલો કમલરંગ વીંઝણો, હો નન્દલાલ !
રઢિયાળો રતનજડાવ, મોરા નન્દલાલ !
બ્રહ્મા વીંઝે બ્રહ્મવીંઝણો હો નન્દલાલ !

સોનાનો સૂરજ શોભિતો, હો નન્દલાલ !
રૂપેરી ચન્દની બિછાવ, મોરા નન્દલાલ !
બ્રહ્મા વીંઝે બ્રહ્મવીંઝણો હો નન્દલાલ !

કોરેમોરે ભર્યા હીરલા, હો નન્દલાલ !
ઝાલરે ઝીક કેરી વેલ, મોરા નન્દલાલ !
બ્રહ્મા વીંઝે બ્રહ્મવીંઝણો હો નન્દલાલ !

દાંડી બ્રહ્માજીના હાથમાં, હો નન્દલાલ !
માનવીના ભાગ્યના એ ખેલ, મોરા નન્દલાલ !
બ્રહ્મા વીંઝે બ્રહ્મવીંઝણો હો નન્દલાલ !"

છેલ્લે ઘૂમતા વિરાટના અતિ ભવ્ય રાસનું અદ્‌ભુત દર્શન કરીએ:—

"નિરખો આ રાસ લોકલોકના રે,
રમે સૃષ્ટિ ને સૃજનાર,
અંગુલિમાં અંગુલિ પરોવીને
ખેલે તેજ ને અંધાર :
રસનાં ઉછળે રંગહેલિયાં.

પુરુષને પ્રકૃતિની બેલડી રે
ફરે ફૂદડી અનન્ત
તણખા વેર્યા નયન તેજના
ત્હેનાં બનિયાં બ્રહ્માંડ :
રસનાં ઉછળે રંગહેલિયાં."

સુંદરમાંથી ભવ્યમાં પરિણમેલા કવિ અંતે અતીન્દ્રિય બને છે. કર્મયોગમાંથી જ્ઞાનયોગમાં થએલો એમનો પલટો છેવટે ભક્તિયોગમાં પરિસમાપ્ત થાય છે. કર્મની સુંદર આધિભૌતિક ભૂમિકામાંથી કવિ જ્ઞાનની ભવ્ય આધ્યાત્મિક ભૂમિકામાં ક્રમે ક્રમે ચઢે છે. અને ત્યાંથી ભક્તિની અતીન્દ્રિય આધિદૈવિક ભૂમિકા પર આવી સ્થિર થાય છે. આ રીતે પ્રેમભક્તિ ન્હાનાલાલ પ્રેમની સૌન્દર્યભરી સ્થિતિમાંથી ઉત્તરોત્તર ઉન્નતિ સાધી ભક્તનું યોગસાધ્ય અતીન્દ્રિય પદ પ્રાપ્ત કરે છે; પ્રેમભક્તિની સર્વોચ્ચ ભૂમિકાયે પહોંચે છે. પરાભક્તિના પ્રભુપ્રસાદે પરમ વૈષ્ણવનું વરેણ્ય પદ મેળવે છે.

કવિ પોતાને વિશાળી વૈષ્ણવતાના આચરનાર તરીકે ઓળખાવે છે. એમની વિશાળી વૈષ્ણવતા સંપ્રદાયથી પર, સર્વસમન્વયી ને સર્વસમાવેશી છે; સર્વતોભદ્ર ને સર્વવંદનીય છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશાળી વૈષ્ણવતામાં દ્વારિકા અને ડાકોર, સુદામા–ઓડાણો અને નરસિંહ–મીરાં, વલ્લભ-સંપ્રદાય ને સ્વામીસંપ્રદાય સર્વનો સમાવેશ થાય છે. કવિની એ વિશાળી વૈષ્ણવતા એમને પરાભક્તિના અતીન્દ્રિય પદના અધિકારી બનાવે છે.

કવિ પોતે જણાવે છે તેમ સાધુહૃદયી પિતા અને કુલધર્મના સંસ્કારે પોતે પ્રેમભક્તિ નામ ધારણ કર્યું. એ સંસ્કારોને પ્રેમલક્ષણા ભક્તિના વિશુદ્ધ હેમોજ્જવલ સાત્ત્વિક સ્વરૂપવંતા સ્વામી સંપ્રદાયે પરિપોષ્યા પરિણામે રસસૌન્દર્યનો એ અદ્વિતીય દ્રષ્ટા વિશુદ્ધિપુણ્ય, સંયમની શુભ્ર ભાવના (puritanism) નો રસર્ષિ બન્યો. **रसिकाः कामवर्जिताः** એ ભાગવતના પુણ્ય સૂત્રને કવિએ જીવનમાં જડી દીધું. "The True, The Moral and the Beautiful are one" એ એરિસ્ટોટલના મહદ્ વચનને અંતરમાં ઊતારી દીધું, અને નખશિખ વિશુદ્ધિના એ અનન્ય ગાયકે પ્રેમભક્તિનો પુણ્યપ્રવાહ અવિચ્છિન્નપણે વહાવ્યો. કવિ પોતાના એ ધર્મઋણનો એકરાર કરતાં કહે છે કે:—

"મારી વિશાળી વૈષ્ણવતા, મારો ભક્તિમાર્ગ, મારી puritanism— શુભ્રભાવનાના પાયા પ્રથમ પિતાએ ને પછી સ્વામીસંપ્રદાયે રોપેલા છે."

(હરિસંહિતાની અપ્રકટ પ્રસ્તાવના)

બ્રહ્મના માહાત્મ્યજ્ઞાનપૂર્વક શુદ્ધ, અખંડ, અદ્વૈત જ્ઞાન પ્રાપ્ત થયા પછી મનુષ્યને સુદ્રઢ—સર્વથી અધિક–પ્રેમભક્તિની પ્રાપ્તિ થાય છે. ભગવાન ગીતામાં પણ કહે છે;
ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ॥
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥ ૧૮–૫૪ ॥ એ રીતે આપણા કવિએ ભવ્ય બ્રહ્મદર્શન પછી અતીન્દ્રિય ભક્તની પરમ સ્થિતિ પ્રાપ્ત કરી છે.

ન્હાના ન્હાના રાસ ભાગ ત્રીજામાં આ પરાભક્તિનું આલેખન ઠીક ઠીક થયેલું છે. પ્રભુદર્શન પહેલાંની અદમ્ય ઝંખના, ઊંડી આરઝુ કિંવા ઉત્કટ તલસાટ અને પ્રભુદર્શન પછીની નિરવધિ આનંદ અને અસીમ શાન્તિની સ્થિતિ એમાં સુરેખ વર્ણવાઈ છે. આપણે એમાંથી થોડાં ઉદાહરણ લઈશું.

પરંતુ કવિની પરાભક્તિની અલૌકિક કક્ષાને પ્રત્યક્ષ મૂર્ત કરનાર તો એમનાં ઉત્તરાવસ્થાનાં ત્રણ ઉત્કૃષ્ટ કાવ્યો છે. કવિ જેમને 'કાવ્યોપાસનાની અર્ધશતાબ્દિની પાકેલી સાખો' કહે છે એવાં ચમત્કારિક હરિદર્શન અને અલૌકિક વેણુવિહાર અને ત્રીજું શ્રીમદ્ ભાગવતના ગુજરાતી રસાવતાર સમું અપૂર્ણ છતાં અજોડ હરિસંહિતાનું મહાકાવ્ય.

'પશ્ચિમપાળે જગતને છેડલે; દીધાં દર્શન જગઅલબેલડે' એ હરિકથાને કવિએ હરિદર્શનમાં પ્રેમાનંદીય શૈલીમાં ગૂંથી છે. અમદાવાદનો યાત્રીસંઘ દ્વારિકા હરિદર્શને જતો હતો, એમાં રાજકોટથી કવિપત્ની સૌ. માણેકબા જોડાયાં. બેટમાં સંખાસરે ન્હાતાં ધોતાં સંઘને સહજ દેરી થઇ ગઇ એટલે હરિદર્શને હરિમંદિરમાં સૌ પેઠાં કે ટેરો આ ગયો :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સંઘ મન્દિરને દ્વાર ચઢિયો રે, ત્યાં તો પડદો હરિવરને પડિયો રે;
ફ્રાસકો ખાધો, સંઘજન ધાયા રે, દીઠો પડદો, ન દીઠા હરિરાયા રે:
મહીપત ટેરો આ ગયો રે."

સૌ. માણેકબાએ મુખિયાજીને ઘણી વિનયવિનવણી કરી પરંતુ

"મુખિયોજી ઊભે મુખ મરડી, એને એક હતો ઉચ્ચાર:
મહીપત ટેરો આ ગયો રે."

હરિજનની ધા અહંકારી મુખિએ ન સાંભળી પણ પડદામાં બેઠેલા શ્રી હરિ એ હજાર કાને સુણતા હતા. અને ત્યાં એક અદ્ભુત ચમત્કાર થયો :

"જાણે પડતો આભ ઉઘડિયો,
પડદો ભેખડની પેરે પડિયો;
હરિ ઊભા ભરીને આંખડિયો !"

હરિદર્શનનું સજેડીલું કાવ્ય વેણુવિહાર પણ એવું જ અદ્ભુત ચમત્કાર ભર્યું છે, અને કવિના અતીન્દ્રિય સ્વરૂપનું ભાન કરાવે છે. ગીત ગોવિંદના રણકારવંતા એ કાવ્યમાં કવિની ગંભીર માંદગી અંગેની તા. ૧૦ મી, ૧૧ મી ને ૧૨ મી ડીસેમ્બર ૧૯૩૫ ની ત્રણ યમસંઘારી તિથિઓની કથા છે. એ તિથિઓમાં પીયૂષપાણિ હરિવર આવ્યા, રમ્યા, રીઝયા, નાચ્યા, વેણુ વાઇ હાસ્ય વેર્યાં, નયણાંમાં નયણાં પ્રોયાં, આનંદસમાધિ ઢાળી અને અંતર્ધાન થયા ! એ રીતે કાળનાથે કાળે કાળનાં અમોઘ બાણને જુઠ્ઠાં પાડયાં એ અદ્ભુત ઘટના વેણુવિહારમાં વણાઇ છે :

"સારંગ ન્હોતું કર ધન્વીને ઘનુ,
હતું હરિને પ્રભપદ્મ છેડલે;
આવ્યા હતા શ્રી હરિ આયુ અર્પવા,
બંસી હતી પીયુષપાણિને કરે."

વેણુવિહારની એ અલૌકિક કથાને કવિ ભરતવાકય સમા અંતિમ શ્લોકમાં સરસ સમેટે છે :

"વાગી છાતી કપાટમાં શીતછટા, નાડી ચડી કહોણીએ,
ધાયા, વેણુ વગાડી, રીઝી રમિયા, ત્રિરાત્ર પ્હેરો ભર્યો;
ને આનન્દસમાધિ ઢાળી હરિએ, આનંદના યાત્રીને,
એ આનન્દસમાધિ ઢાળી ભરજો સૌનાં ઉરે શ્રી હરિ."

આ સુભગ કાવ્યસંપુટમાં પ્રતીત થતું કવિનું અતીન્દ્રિય સ્વરૂપ એમના અનુપમ મહાકાવ્ય હરિસંહિતામાં તો પરમ પ્રકટ અને ઉત્કટ રીતે પ્રતિબિમ્બિત થાય છે. પરંતુ એ મહાકાય અને પાછું અપ્રકટ મહાકાવ્ય આવા લઘુ લેખનો વિષય બની શકે નહિ. માટે આપણે રાસ ભાગ ત્રીજામાંથી ભક્તિનાં થોડાં ઉદાહરણો જોઇ સંતોષ માનીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્રજરાજની વાંસળીએ પ્રત્યેક આંખડી પર ને હૃદયકમળની પાંખડી પર લખેલા ગૂઢ મંત્રો કવિ વાંચે છે. તારલીઓ અને વીજળીઓ દ્વારા વ્યકત થતા એ વાંસળીના દિવ્ય સંદેશા કવિ ઝીલે છે અને રસમસ્ત બની ગાય છે :

“ હો વ્રજરાજ ! ત્હારી વાંસળીએ.
લખ્યું કંઇ કંઇ આંખડી-આંખડીએ
વ્રજરાજ ! ત્હારી વાંસળીએ.
લખ્યું હૃદયકમળની પાંખડીએ
હો વ્રજરાજ ! ત્હારી પાંખડીએ.
હૈયાવેધણ હૃદયઋચાઓ
અજબ સલૂણી વળી વીજળીએ
વ્રજરાજ ! ત્હારી વાંસળીએ.
લખ્યું કંઇ કંઇ તારલી-તારલીએ
હો વ્રજરાજ ! ત્હારી વાંસળીએ. ”

વ્રજરાજની વાંસળીના સૂર ઝીલતા કવિને આયુષ્યનું પ્રભાત ઉઘડતું જણાય છે, અને પ્રભુને નેણલે મોર ઠમકતા અને કીકીમાં ચકોર ચમકતા જણાય છે. એ ઉજમાળી ઉષાને અભિનંદતાં કવિ કહે છેઃ—

“ ત્હારે નેણલે ઠમકે મોર,
ત્હારી કીકીમાં ચમકે ચકોર;
ત્હારે નેણલે ઠમકે મોર.
બ્રહ્માંડભરતીની રેલતી રેલતી આવી બ્રહ્મઝકોર
છોળ છલી છલકાઇ ગગન ઉર
આયુષ્યનો ભયો ભોર;
ત્હારે નેણલે ઠમકે મોર. ”

પ્રભુપધરામણીની ઉત્કણ્ઠ વાટ જોતું વાસકસજ્જા ગોપીસમું કવિનું ઉર સત્કારની તૈયારી કરતાં વીનવે છેઃ—

“ આ ચન્દરવો કરે ચન્દની, હરિ ! આવોને,
વેર્યાં તારલિયાનાં ફૂલ; હવે તો હરિ ! આવોને.
પ્રભુ ! પાથરણાં દઇશ પ્રેમનાં, હરિ ! આવોને;
દિલ વારી કરીશ સહુ ડૂલ; હવે તો હરિ ! આવોને.
મ્હારી સૂની આયુષ્યની શેરીઓ, હરિ ! આવોને;
મ્હારી સૂની સૌ જીવનની વાટ; હવે તો હરિ ! આવોને.
મ્હારા કાળજ કેરી કુંજમાં હરિ ! આવોને;
મ્હારા આતમસરોવર ઘાટ; હવે તો હરિ ! આવોને. ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી જ આરઝુભર્યું ગીત. 'જુગ જાગે' છે. હરિવરની મધુર-મધુરી મોરલી જગને જગાડે છે. એ જાગરણને ઝીલતા કવિ પ્રભુને પોતાને પોપચે વિરાજવા પ્રાર્થે છે :—

હાં રે જુગ જાગે રે ! જુગ જાગે;
હાં રે વ્રજરાજ કેરી વાંસલડી વાગે : રે જુગ જાગે.
હાં રે એ તો ઉભો કદંબ કેરે ઝાડે;
હાં રે મધુર મધુરી શી મોરલી વગાડે : રે જુગ જાગે.
હાં રે વિશ્વ ભરી એ અનન્ત ગીત ગાજો
હાં રે મ્હારાં પોપચાંને પોયણે વીરાજો : રે જુગ જાગે.

છેલ્લે વનવનની ને રતરતની, જગજગની ને જુગજુગની ગેબી વાતો સુણાવતી કાનની બંસીનું વેધક ગીત સુણી આપણે વીરમીએ.

"જુગજુગની વાતો રે કૂહાનડ ! ત્હારી બંસી મહીં
ટહુકો એ ગેબી કાંઇ, ત્રિલોકમાં ઢોળાય જો !
જગજગની વાતો રે કૂહાનડ ! ત્હારી બંસી મહીં
સૃજન પ્રલયના મન્વંતર મંહિ વાય જો !
જુગ જુગની વાતો રે કૂહાનડ ! ત્હારી બંસી મહીં"

પ્રો. ચતુરભાઇ શં. પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દ્વારિકાપ્રલય'—એક પત્ર પ્રશસ્તિ.

ચિ. બ્હેન ચારુશીલા,

વિ. ત્હારો પત્ર મળ્યાને આજે ઘણો વખત થયો. ત્હારા ધાર્યા પ્રમાણે એનો જવાબ જલદી આપી શકાયો નથી એટલે તું નિરાશ થઇ હશે, અને એ સ્વાભાવિક છે. પણ એ માટે હું નિરુપાય છું.

ત્હેં 'કુરૂક્ષેત્ર' નું વાચન પૂરૂં કર્યું એ જાણીને આનંદ થયો. જગતનાં પંચમહાકાવ્યોમાંના એક–મહાભારત ઉપરથી કથાવસ્તુ લેઇને કવિશ્રીએ એની રચના કીધી છે. કથાવસ્તુ ગમે ત્યહાંથી લેઇ શકાય. પરંતુ, વસ્તુનો વિકાસ, પાત્રાલેખન અને રસનિષ્પત્તિ સાધવા ઉપરાંત કલ્પનાપ્રભાવ અને ભાષાપ્રભુત્વે ભાવ અને ચિંતનક્ષમ થયેલી કાવ્યની સળંગ રજુઆત એ કવિશ્રીની જેમ એક અદ્વિતીય વિશિષ્ટતા છે તેમ સ્વાયત્ત સિદ્ધિ પણ છે એની ત્હને ખાતરી થઇ હશે. એ મહાકાવ્યનું વાચન જેમ જેમ પૂરૂં થતું ગયું તેમ તેમ ત્હને જે પ્રશ્ને મૂંઝવી હતી તેજ પ્રશ્ન કવિશ્રીને પણ એની રચનાનો જેમ જેમ અંત આવતો ગયો તેમ તેમ મૂંઝવવા લાગ્યો હતો કે પછી શું?—હવે પછી શું? એ વખતે એ શારીરિક સ્વાસ્થ્ય માટે અહીં જુહુ રહેવા આવ્યા હતા એટલે રત્નાકર સાગરે ગંભીર ભાવે દ્વારિકાપ્રલયની સ્મૃતિ કરાવી. સને ૧૯૩૦–૩૧ ની જન્માષ્ટમીએ સિદ્ધપુરમાં કૃષ્ણજીવન સંબંધી કરેલા પ્રવચનમાં મિતાક્ષરાએ વર્ણવેલા ભવભીષણ કથાપ્રસંગો યાદ આવ્યા અને એમ રસવૃત્તિ સંકોરાતાં–સતેજ થતાં વ્રજલીલા અને કુરૂક્ષેત્રઘોષણાથી નિરાળું પણ કરુણ અને રૌદ્રરસનિર્ઝરતું, અલ્પજાણીતું કૃષ્ણસ્વરૂપ આલેખાયું. એ આલેખનનો ત્હને અહીં પરિચય કરાવીશ.

દ્વારિકાપ્રલયની કથા શ્રીમદ્ ભાગવતના એકાદશમા સ્કંધના પહેલા અને ત્રીસમા અધ્યાયોમાં આપેલી છે. ઋષિશાપ તો માત્ર નિમિત્ત છે. પણ જ્યહાં સુધી યાદવો છે ત્યહાં સુધી ભૂમિભાર સંપૂર્ણ રીતે ઉતારાયો નથી, પોતાનો અવતારહેતુ સિદ્ધ થયો નથી માટેજ સ્રષ્ટાએ સંહર્તાનું સ્વરૂપ સ્વીકારવાનો ભીષણ નિર્ધાર કાવ્યજગતમાં અદ્યાપિ અજોડ છે અને રહેશે.

'કુરૂક્ષેત્ર' માં ત્હેં જોયું હશે કે શ્રી ભગવાને મથુરા સમેટી (ઈ. સ. પૂર્વે ૩૦૬૬) સાગર મધ્યે દ્વારિકા વસાવી ત્યહારે એમની ઉંમર ૨૪ વર્ષની હતી. પછી સાઠેક વર્ષે એ અર્જુનના સારથી થઈ કુરૂક્ષેત્રે ગયા. પછી જાદવાસ્થળી ખેલાઈ, દેહોત્સર્ગ કીધો, દ્વારિકાપ્રલય થયો ત્યહારે એ લગભગ ૧૧૯ વર્ષના હતા. (ઇ. સ. પૂર્વે. ૩૧૬૧)

આટલા વસ્તુનિર્દેશ પછી હવે આપણે કાવ્ય વાંચીએ.

આકાશમાંથી તેજતારો ખરતો હોય એવું એક દેવવિમાન અમૃતલોકમાંથી મૃત્યુલોકમાં જઇ રહ્યું હતું. દેવર્ષિ નારદ દેવદેવાંગનાઓનો સંદેશો લઇને પૃથ્વીયાત્રાએ જતા હતા અને ગાતા હતાઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરિ ! ત્હારે કીકી–કીકીને હિંડોળ.
મંદાકિનીનાં મહાજળ ઉછળે,
વક્ષ છલકતી છોળ,
હરિ ! ત્હારે કીકી–કીકીને હિંડોળ.

એની મીઠી, મનોહર, અર્થગંભીર, દિશાડોલાવતી સૂરાવલિમાં એમનો દેવતંબૂર રણકાર પૂરી રહ્યો હતો. પરબ્રહ્મનાં પગથીયાં સમા આકાશલોક, તેજલોક, વાયુલોક, મેઘલોક વગેરે અંતરિક્ષનાં થરતરીઉતરી નારદે અવનીનાં અંબરોમાં પ્રવેશ કીધો અને કેશકલાપ નીચે લલાટટીલડી સમી, સુવર્ણતેજમાં ન્હાનીનમતી, સરોવરપાળે કો દેવદહેરી સમી સુવર્ણદ્વારિકાને દેવર્ષિએ દૂરથી દીઠી. એ સાગરને સોહાવતી હતી, અંતરિક્ષને ચેતનવંતુ કરતી હતી, સાગરકાંઠાને સજીવન કરતી યૌવનનગરી હતી. કેમકે આધેડોએ કુરૂક્ષેત્રને સુહાવ્યું હતું એટલે નગરમાર્ગના સ્ફટિકપાટ જોબનજ્યોતિઓથી ઝળાંઝળાં થતા હતા.

ને રૂપસુંદરીઓ હતી ત્યહાંની
જાણે અલકાની અલબેલીઓ.
જોબનજળથી છલકાતી હતી કૃષ્ણદ્વારિકા
જાણે કૈલાસશિખરેથી ઉતારીને
સાગરતીરે સ્થાપી પેલી અલકાવતી.

નન્દનવનથી યે નયનનન્દિની પણ પ્રેમઝરણી ગોપિકાસૂની એ હતી વૃન્દાવનવાડી અને ગહનતાની કુંજ સમા એ વિશ્વવૈકુંઠમાં દેવ સરિખડા કૃષ્ણદેવ વિરાજતા હતા.

એ મોતીપ્રવાળની વેળુપાથર્યા વાડીપટમાં દેવર્ષિઉતર્યા ત્યહારે એમના વિમાનને સંધ્યાના પરિમળો ઘેરીવળ્યા હતા. દેવર્ષિએ પ્રવેશદ્વારે તંબૂર રણકાવ્યો અને ભક્તનો ભાવરણકો સાંભળી શ્રી ભગવાને ધાઇને સ્વાગત કીધું, દેવલોકની કુશળવાર્તા પૂછી. નારદે કહ્યું :

દેવલોકમાંથી આવું છું
ને લાવ્યો છું દેવસંદેશ.
દેવો દૂભાયા છે એટલો દાઝયો છું
વૈકુંઠવાસીઓનો શો છે અપરાધ હવે ?
સ્વર્ગ છોડયે સૈકો સવાયો થયો,
વણ દઝાડયા વીતે ખરા
સવાસો–સવાસો વર્ષના વિરહો ?
પૂછાવ્યું છે કે ક્યહારે પધારો છો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ભગવાને જવાબ વાળ્યો :

કલિના ભાર ભરાય છે પાછા.

× × ×

પશ્ચિમમાં ઉગ્યો પ્રારબ્ધનો સૂર્ય.
સાગર વિલોપશે સુવર્ણદ્વારિકાને.
સાંભળ્યો ઋષિવરોનો શાપ,
ને વણબોલી સાંભળું છું.
આવન્તી દ્વારિકા સંકેલનની પગલીઓ :
છપ્પન કોટિ જાદવકુળનો સત્યાનાશ.
મ્હારોજ સાંબ—છપ્પર પગો.

× × ×

યાદવકુળ ભાર છે પૃથ્વીનો આજ.
યાદવકુળને નથી સંયમપાળ,
યાદવકુળને નથી નિગ્રહદોરી.

દેવત્વને પેખતા અને દેવસત્યો ઉચ્ચારતા દેવર્ષિએ સુદર્શનની અને શ્રી કૃષ્ણની દેવઢાલોથી રક્ષાયલી દ્વારિકાનું અમરત્વ ભાખ્યું. એટલે શ્રી ભગવાને દ્વારિકાની સ્થાપન કથા માંડી ને વિધાત્રીની પ્રેરણાએ, આવે આવે, જગતને છેડે, સાગરધરતીને સંગમઘાટે, મથુરા સંકેલીને નવનગરીની હવેલીઓ સ્થાપી ત્યારે જે આગાહી થઇ હતી, તે ભાખી :

ખીલી વાગી શેષમણિમાં,
મણિ જ્યોતના ફૂટ્યા ફુવારાઓ
ને શેષ મંડળ આવ્યું યાચનાએ.
કહ્યું સો વર્ષે આવજો,
ધર્મરાજ આપશે ધર્માજ્ઞા,
સુવર્ણદ્વારિકાના સંકેલનની.
આઘું નથી, નારદ!
એ શતાબ્દીપર્વ.

× × ×

જગત જન્મે છે જન્મોત્રી લખાવીને.

× × ×

જન્મ સંગાથેજ જન્મે છે મૃત્યુ.

કાળની વિશ્વપાથરી વેળુમાં ઘેરે નીરે અને વણભૂંસાતી લિપિએ લખેલાં વિધાત્રીનાં એ નિર્માણ ક્વચિત્ પુરૂષાર્થના પરાક્રમીઓ બે અક્ષરો સુધારેવધારે એ જુદી વાત, પણ અંતે સૌએ ભોગવવાનાં તો છે જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પછી દ્વારિકાશિરે ઉતરેલા ઋષિશાપનાં કારણભૂત થયેલાં, વનનાં વનેરૂઓ સમાં નક્ષત્ર–તારિકાએ સાંબને નારીસ્વાંગ સજાવ્યાની વાત કહી. એટલામાં સાગરઆરે બેઠેલા યદુમંડળનો સંદેશો લેઇને એક દૂત આવ્યો અને આવતી અમાવાસ્યાના સૂર્યગ્રહણે પ્રભાસક્ષેત્રમાં તીર્થસ્નાનની આજ્ઞા માગી. નારાયણે નીરમાં જોઇ ઉચ્ચાર્યું કે સંકલ્પ તો સારો છે પણ સાગરને છેડતા મા. તીર્થમાં સાધુવેશે જજો, શસ્ત્રઅસ્ત્ર ઉતારીને જજો. દૂતે પૂછ્યું : પ્રભુ પોતે નહિ પધારે ?

શ્રી ભગવાને કહ્યું :—

જ્હાં જાદવો ત્હાં જદુનાથ.

* *

ને આ છે ખગ્રાસ સૂર્યગ્રહણ.
આવરશે સમગ્ર સૂર્યને ને આભને.
અનભેમાં વસજો સૌ.

દૂતે પ્રણામ કર્યા અને ગોમતીના મહામોજ સમો જોબનપગલીએ છોગલાં ઉછાળતો પ્રત્યુત્તર લેઇ પાછો વળ્યો. શ્રી ભગવાન અને દેવર્ષિ નારદ સાગરની ગંભીર ગર્જનાંની તરંગાવલિઓમાં 'નિર્માણ'ના મહાઘોષ સૂણતા હતા. એ દ્વારિકાના સર્વમેધયજ્ઞની તૈયારીઓ હતી.

અમાવાસ્યાની સ્હવારનો બીજો પ્રહર અડધેરેક ઉતર્યો હતો. સ્હવારે પોપચું ઉઘાડ્યું ત્હાં તો સમગ્ર દ્વારિકા પ્રભાસમાં પધારી હોય એમ છપ્પનકુળ જાદવોનું જૂથ પ્રભાસને સાગરઆરે ઉતર્યું. એમના ધોરીની ઘૂઘરમાળથી, અશ્વોની ધ્વજાપતાકાઓથી, હાથીઓની હેલારથી, રથોના ઝાંઝરઝમકારથી મહાવનો ઝમઝમી ઉઠ્યાં ને લીલી નાઘેર મ્હોરી ઉઠી. પછી પધાર્યા શ્રી ભગવાન અને બળભદ્ર. અને સમસ્ત યદુમંડળ ત્રિવેણીસંગમમાં પ્રાતઃ-સ્નાન કરી, અશુદ્ધિઓ ધોઇ, ન્હાનકડા કૈલાસસમા મહેશ્વરમંદિરે ગયું. એ સ્વયંભૂ જ્યોતિર્લિંગ સોમનાથન મંદિરનું કવિશ્રીએ કરેલું વર્ણન વાંચતાં ત્હને, કાલિદાસે મેઘને કરેલું ઉજ્જયિનીના મહંકાળેશ્વરનું વર્ણન યાદ આવ્યા વિના રહેશે નહીં. મહેશમંદિરમાં સ્વયંભૂ દેવની દેવપૂજા કરી યદુમંડળ સાગરતટે ગયું ને સાગરને ઢંઢોળ્યો, સળકાવ્યો, ખળભળાવ્યો, સજીવન કીધો. સંગમઘાટે જળની જળલહરીઓ સમું સૌન્દર્યમૂર્તિ સોરઠિયાણીઓનું ગીત સાંભળ્યું:

જળની ઝરણી વહે રે લોલ,
કે ચન્દ્રની કાતળી સમ કાંઠો રે,
કે સોરઠ ઠાલવે ત્હાં નિજ નીર,
કે જળની ઝરણી વહે રે લોલ.

અને પુણ્યદાન કીધાં. પણ પ્રભાસવાસી બ્રાહ્મણોએ ઋષ્યપમાનની કાળકથા સાંભળી હતી એટલે ગૌદાન નકાર્યાં અને ગૌધણ રમતાં મૂક્યાં. પછી સાગરતટમાં ગયા, જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરંગાવળ સ્હામે તરંગાવળ માંડી. યદુકુમારો જોબનઘોડે ચઢ્યા હતા. એમનાં જોબનનાં જોમ માતાં ન હતાં. એમણે ઘોઘરમણા માંડી. પ્રથમ, યોજન-યોજનવા ઉડતાં ચક્રો નાખ્યાં સાગર પગથારે ને પાછાં ઝીલ્યાં સાગરઘાટે. રથચક્રોને આભમાં ઉછાળી અંગુઠાની ધરીએ ઝીલ્યાં પછી, વનાટવીને વીંધતાં બાણો ફેંક્યાં. એણે પત્રો છેદ્યાં, પત્રરેખાઓ ભેદી, મત્સ્યવેધ કીધો, ઉડતી પંખિણીઓને પાડી કાળને જગાડયો. પછી હાથેપગે વંશદંડ બાંધીને હાથીઓની હેલારને ઉલ્લંઘી, ઉંડળગુંડળમાં ઘુમડી ઘૂમ્યા અને છેવટે ખેલથાકેલાઓએ

પીધી મૈયેરક મદિરા,
જાણે ખેલનો થાક ઉતરે.
એ ય છે એક જગતજુઠાણું.
આનંદખેલનો એ થાક ઉતારતાં
પછી ઉતાર્યો જગતનો થાક.

જોબન ઉમંગીલી બાળાઓ કોઈ તરતી, કૂદડી ફરતી, રથ હાંકતી કે સાગરલહરીઓ સાથે રમતી હતી. અને સાગરને સીમાડે બેઠેલા આયુષ્યના સીમાવાસીઓ-વૃદ્ધો આવતાની કંઇક વાટ જોતા હતા, મહામારગની કેડી નિહાળતા હતા. સાંબ પોતાનાં આયુધો ઉછાળતો હતો, અનિરુદ્ધ હરિમંદિરના ઝરૂખા જોતો હતો, બળભદ્ર સાગરમાં સમાતી સરિતઝરણીઓ જોતા હતા અને શ્રી ભગવાન આભમાં જતા અગમ્ય પંથને અનિમિષ નયને નીરખી રહ્યા હતા. એક બાજુએ જળમાં પાટડા નાખી તરણીતરણની શરતો ખેલાતી હતી અને દિશાદિશાને ગજાવતા હુંકારથી યાદવો કાળને ન્હોતરતા હતા. બીજી બાજુએ કુસ્તી ખેલાતી, ગદાઓ વીંઝાતી, દંડ ઉછળતા, વણપ્રોયા કે વણબાંધ્યા ત્રિગુણત્રાગડે કન્દુકમાળા રચાતી, જોબન હિંડોળે ઝૂલતું યાદવકુળ રમણે ચઢયું હતું. કારણ,

જગત જ છે જોબનકુંજ,
જોબન જેવું જયરંગીલું
ને જોબન જેવું ક્ષણઆથમતું.

પછી, કોકને સાંભર્યાં વૃંદાવન, બંસીબટનો ઘાટ, શરત્પૂર્ણિમા. અને રસથી જગતને તરબોળ કરતો કૃષ્ણગોપીનો રાસ મંડાયો. શ્રીકૃષ્ણને યે આયુષ્યની છેલ્લી તિથિઓમાં નિંદરતાં સ્મરણો જાગ્યાં અને વૃંદાવનની વિભૂતિઓ સાંભરી. પણ એ સ્વપ્નાં સહસા શમી ગયાં. પછી, જળની જળઅપ્સરાઓ સમી, જળથાળે નાચવાને બૃહન્નલાઓ આવી જગતનર્તકી તારિકાએ સજાવેલો એ નટરાજોનો નટસ્વાંગ હતો.

જોબનમદમાતા યદુકુમારોએ ધાર્યા'તાં
ચણિયો, ચોળી ને ચુંદડી
ને સજ્યાં'તાં મોહિનીસ્વરૂપ
જગતને જીતવાને.

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌંદર્ય, જોબન ને લાવણ્યનાં,
વહતાં'તાં ત્રિવેણીનાં પૂર,
જાદવજગત ઝોલે ચઢયું હતું
નૃત્ય નચાવતું'તું દુનિયાંને.

એટલામાં, જગતઝાળનો કો સ્ફુલ્લિંગ કે અગમ્યનો અંગારો પડયો. કોઈકે બૃહન્નલાનો પાલવ ખેંચ્યો ને માથેથી મંથાવટી ખસતાં ટીખળ કીધું:

વાદળી ખસી
પણ શામળો પ્રકટયો ચન્દ્રમા.

નરની નાર બનેલી બૃહન્નલાએ નારીવેશ ફગાવી દીધો ને નર્તકીનો નરનાથ થઇ બીભત્સરસના એ ખેલંદાને નાસિકાગ્રે મુષ્ટિપ્રહાર કીધો. એમાંથી શોણિતધારા ફૂટી અને લોહી ચાખી વાઘ વિફરે એમ શોણિતતરસ્યા યાદવવ્યાઘ્રો ઉછળ્યા.

યદુવંશે બેઠું યમચોઘડિયું,
ચન્દ્રની કોર અડકી સૂર્યને.

× × ×

આયુધો ઉછળ્યાં સાગરકાંઠે,
ક્રીડાંગણ થયું સમરાંગણ,
ને ખેલસાજ થયો સંહારસાજ.
અમાસના મધ્યાહ્નને પડી અમાસરાત્રિ.

ઋષિવરોનો ઉપહાસક સાંબ પહેલો પડયો. પછી કલાને નામે કલાના વ્યભિચારો ખેલતાં નવનાટકનાં યોગન્ધર અને યોગન્ધરા–નક્ષત્રતારિકા–પડયાં. અનિરુદ્ધને ગદા વાગી.

પાનખરમાં પાંદડાં ખરે,
એવા ખરતા'તા યદુકુમારો.
જાણે મમરા પડયા કાળદંષ્ટ્રાઓમાં.
જોબનને ભરખતો'તો વડવાનલ.
યદુવંશનું વેડાતું'તું મહાવન.

એ કાળભીષણ પ્રસંગને જોઇ

સૂર્ય મ્હોં સંતાડતો હતો,
ને ચન્દ્રે ફેરવી'તી પીઠ.
ચન્દ્રને ન્હોતો નિરખવો એ કુળસંહાર.

કૃષ્ણપાર્શ્વે ઉભેલા મહારથી સાત્યકિએ ભગવાનને પૂછયું :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાજ ! કુરૂક્ષેત્ર હતું સુજનતાળું.
માઝા હતી, માનવતા હતી;
સંયમ હતો સંહારમાં યે.
પાંડવો પાળતા'તા ભીષ્મમર્યાદ.
ક્ષત્રિયત્વ ખેલતું'તું કુરૂક્ષેત્રે,
એ વીરતા હતી, આ છે ઘેલછા.

શ્રી ભગવાને ભૂતકાળને અવલોકયો, ભારેલા ભૂતકાળમાંથી–ભૂતકાળના અવિચળ હિમાદ્રિમાંથી વર્તમાનની બ્રહ્મપુત્રા ને ભવિષ્યની ભાગીરથી જન્મે છે.

ગંગાનાં વ્હેણ કોણે અવરોધ્યાં
કે નિર્માણનાં વ્હેણ અવરોધાય ?

એ બોલ હજી તો શમ્યો નથી એટલામાં અદ્ધરથી એક બાણ ઉડતું આવ્યું ને પાડયો સાત્યકિને. એ શર નહતું, ચાપદંડ હતું. સંહારનાં શસ્ત્રાસ્ત્ર ખૂટયે યાદવોએ એરકાના ભારા આણ્યા હતા.

એ એરકા હતી મૂર્ત્તિમંત ઋષિશાપ,

* * *

સાગરકાંઠાની શાપએરકાએ પછી
સંહાર્યો છપ્પનકોટિ જાદવસંઘ.

વિશ્વચક્રમાં ત્રિચક્રાવલિના વેધનો એ સમય હતો. સૂર્ય અને પૃથ્વીને વિધિ એમના ભાગ્યદોરે પરોવતો હતો અને મધ્યાહ્ને અંધકાર ઉતરતો હતો.

મૈરેયક પીધો હતો
ને બાળી પ્રજાળી હતી
મેધાવીઓએ નિજ મેધાને,
પણ મૈરેયક આધિકી મદાંધતા,
મદાંધતા અધિકો ગર્વઉછાળો,
ગર્વઅધિકો વિજયવંઠાડ:
એમણે ફોડયાં'તાં યદુચક્ષુઓને
ને સ્થાપ્યો'તો જગત્‌અંધાપો.

પ્રદ્યુમ્નને પડતો જોઇ ભગવાન ઉછળતી યદુભરતીમાં દોડયા અને આજ્ઞાટંકાર કર્યો. પણ જે હાકલ ગગનમંડળ સાંભળતું, જે હાકલે કુરૂક્ષેત્ર ડોલતું, સાગર થંભતો તે

જગતહાકલ આજે પડી
બહેરા કાને ને આંધળી આંખે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષણ-અર્ધક્ષણમાં તો એ પોતે પણ ઘેરાયા. પૂજ્યને અપૂજ્યઅધિકા અવમાનવાનું ઘોર પાપ બળભદ્રે દૂરથી જોયું ને વીરની વ્હારે ધાયા. એ સંહારના કાળચોઘડિયે

સંહાર સંહારતો હતો સંહારને.

બળભદ્રે કારમી ઘડી વાંચી, સૌનું ભદ્ર વિચાર્યું, નેત્રપલ્લવીએ પૃથ્વીને પૂછ્યું અને પાથર્યા સાગરના અગાધ જળમાં જોઇ નિર્માણને ન્હોતર્યું ને નિર્ધારને નિર્ધાર્યો: સ્હામે પાર. જલઅંજલિ મસ્તકે વધાવી સાગરપ્રવેશ કીધો.

ઉરવાસી વસ્તુ કો શોધવાને,
પુરૂષાર્થનાં પરાક્રમ કો ખેડવાને,
આયુષ્યમાં ખોયેલું કો પામવાને,
સ્હામી છાતીએ ગયા સાગરસ્હામે;
ને ગયા-ગયા-અગમ્યને પંથે ગયા:
જાણે સાગરદેવ ગયા સાગરમાં.

× × ×

સાગરની સ્હામી પાર શોધવાને,
તરતાં આવડે તો તો
જાહ્નવી સમું જગત છે મોક્ષદ્વાર.
પીતાં આવડે તો તો
સાગરમાં જ છે અમૃતવીરડી.

એમ યાદવકુળનો સંહાર થયે ઉતર્યો ઋષિવરોનો શાપ ને શમ્યાં અબ્રહ્મણ્યનાં પાપ.

ને પછી બ્રહ્મે કીધું બ્રહ્માર્પણ.

સાગરકાંઠો આજ ભારેખમ હતો. સાગરમોજ કોઇ અમાનુષી વાણ ઉચ્ચરતા હતા. એને કાં તો સાગર સમજતો કે દેવો સમજતા. કાંઠા પાસે એક જળ ભર્યું સરોવર હતું અને પાળે હતો ઘટાવિશાળો પારસપીપળો. કાલે જ્યહાં માનવમેદનીના વંટોળ ઘૂમતા ત્યહાં આજે સૂનકાર ઢોળાતો હતો. પ્રલયનો પ્રહર બોલતો હતો, યમની ઘડીઓ વાગતી હતી. એ સૂનકારના મહાઘોષ અલૌકિક ને અગોચર હતા. સરોવરનાં પિપ્પલઘાટે યોગપ્રભાની પ્રતિમા સમા, એકલવિહારી શ્રી હરિ થડના થંભને અઢેલીને બ્રહ્મસમાધિમાં બેઠા હતા.

સૃષ્ટિની વિવિધતા સરજી ત્યહારે
ગોરંભાઇ હતી જે યોગસમાધિ,
ડોલતી ઝૂલતી પિંપ્પલછાયામાં
આજે હતો એ યોગસમાધિનો ગોરંભો.

પત્રે પત્રે દેવઆયુધો લટકતાં હતાં. રોમરોમમાંથી તેજકિરણાવલિ ફૂટતી હતી. નયનો અગમ્યની પાર નિરખતાં હતાં. શ્રી હરિ સૃજનપ્રલયની યોગસમાધિને હિંડોળે ચઢ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે કાળયોગે પ્રકાશે છે એ સ્વરૂપ :
એક સૃષ્ટિના સૃજનકાળે,
એક બ્રહ્માંડના પ્રલયકાળે.
એ સ્વરૂપ પ્રકાશતું'તું આજ
સરોવરપાળની પીપળછાયામાં.

× × ×

મનુબાળ જન્મે છે ત્ય્હારે,
ને મનુબાળ પીએ છે અમૃત ત્ય્હારે
આભ ઉઘાડે છે નિજ દુર્ગદ્વાર
ને દાખવે છે હૈયાવાસી ગહનતા.
એ દુર્ગદ્વાર ઉઘડતાં'તાં આજ.
જન્મ ને મૃત્યુ છે
ગગનપ્રાસાદના બે ઝરૂખા.

કાલે જ્ય્હાં એરકાના વજ્રદંડો વીંઝાતા હતા. સંહારના પડછંદવા ગાજતા હતા ત્ય્હાં આજે ભૂતકાળના ભણકાર ભમતા હતા. શ્રી હરિને દ્વારિકા જવું ન હતું, હસ્તિનાપુરે સંચરવું ન હતું. તો જવું ક્ય્હાં?

કૃષ્ણદેવ પૂછતા'તા મહાકાળને
કે 'સરજું' કે 'સંકેલું?'

પછી, સાગરતીરે જઈ આચમન લીધું, સ્વસ્થ થયા, ઉપર નીચે દૃષ્ટિ ફેરવીને બ્રહ્માંડને પીધું અને કોઇ મહાનિધાર નિર્ધારીને પિપ્પલછાયામાં પાછા ફર્યા.

એ હતો મહંકાળનો નિર્ધાર
કે પૃથ્વી રહેશે, પોતે જશે.

અને એ મહાનિર્ધારનો જાણે થાક ચઢ્યો હોય એમ અશ્વત્થસ્તંભને અઢેલીને બેઠા. અને દિશામંડળને સૂનું સૂનું જોઇ જાણે સિંહ ધરાઇને સૂતો હતો એમ ઢગલા જેવા ઢળી પડ્યા. પણ મુદ્રામાં નિર્ધારની વજાતા હતી. શિલા સમા ડાબા ગોઠણે જમણા પગની પદ્મપાંખડી ઝીલી હતી. લલાટદેશે હસ્ત હતો ને દેહનો ભાર પિપ્પલસ્તંભ ઝીલતો હતો. ટચલી આંગળીએ બ્રહ્માંડ ઝીલનારને આજ તૃણસળીઓ ઝીલતી હતી.

એ હતો વિશ્વવિપ્લવનો યોગ.
શ્રી હરિએ થંભાવ્યો વિશ્વવિપ્લવને
ને કીધો નિજ દેહવિપ્લવ.

સાગરકાંઠાના ઉંડા, ગહરા સૂનકારમાં મૃત્યુના મહાઝંકાર વાગતા હતા. યોગ હતો કાળયોગનો. એ સૂનકારમાં કૈલાસના કો કિરાત સમી એક મૃત્યુમૂર્તિ આવી. માથે આકડાના ફૂલની મંજરી હતી, કાને ધંતુરાના ફૂલ હતાં, સ્કંધે લોહચાપ લટકતું હતું, પીઠે શરભાથું ઝૂલતું હતું. મુદ્રામાં મૃત્યુ હતું, નયનમાં મૃગયા હતી, અંગોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મત્સ્યોના દુર્ગંધ હતા. મત્સ્યરાજ જરા મૃગયા માટે કો મૃગને શોધતો હતો. એરકા વેડાઇ જતાં સાગરકાંઠો મત્સ્યસૂનો થયો હતો. વનહરિયાળીને વીંધતી જરાની દૃષ્ટિ સાગર-પાળે પડી. એટલામાં એક મોર ટહુક્યો અને ટહુકારદિશે ઝીણી નજરે જોતાં પિપ્પલ-છાયામાં પોઢેલા હરિણને જોઇ બાણ ચઢાવ્યું. એ અમોઘ બાણાવલિ હતો, ત્રિચક્રવેધનો યોગ ઉગ્યો હતો. અને બાણને મુસળ અવશેષનો ડંખ હતો. જરાના બાણે ત્રણ ચક્રા-વલિઓ ભેદી ભાલદેશને ચૂમ્યો : મૃગલો ઢળી પડ્યો! એવામાં ક્યહાંકથી એક વાદળી આવી અને સૂર્યને આચ્છાદ્યો. દિશાઓ શામળી થઈ. સરોવરકુંજ કાળઘેરી થઇ, આભ અંધાર્યો અને કાળચોઘડિયું બેઠું. મત્સ્યરાજ ધસમસતો ને આશાભર્યો મૃગલાને ઝાલવા બાણ પાછળ દોડ્યો પણ એની આશાના માંડવા, ધૂળના ઢગલા જેવા, ભાંગીને ભોંયે પડ્યા. મૃગલાને બદલે પૃથ્વી પડેલા સૂર્યદેવ જોયા. તેજ કિરણોને કોરેદોરે પરોવેલાં ને પત્રેપત્રે લટકતાં આયુધો જોયાં. દેવ આમંત્રણે આવેલું ચક્રાવા લેતું સુદર્શનચક્ર જોઈ આભો બન્યો, પગે પડ્યો, ક્ષમા યાચી, આંખની ભૂલનો મહાઅપરાધ ભાખ્યા અને

જમણો હાથ કાપી ધર્યો ચરણોમાં
કે ન ખેલાય પછી માનવ મૃગયા;
ને મૃત્યુ માગ્યું સાગર સ્વામીએ
કે "વધેર્યા એમ વધેરો દેહને."

શ્રી ભગવાને એના ભાવ અને પશ્ચાત્તાપ જોયાં. પોતાના મહાનિર્ધારની પૂર્ણાહુતિનો એ દૃષ્ટિદોષ માત્ર નિમિત્ત હતો એ જોઇ મત્સ્યરાજને ભાવથી ભીંજવ્યો અને એનો કપાયલો હાથ કોક કાળે શિવલિંગ થઇને પૂજાશે એવી આશિષ આપી. મત્સ્યરાજ સ્તબ્ધ બની પગે પડ્યો, પદધૂલિ શીર્ષે ચઢાવી, પાદરક્તનું ચુંબન કરી શ્રી હરિનું ચરણામૃત લીધું અને સીધાવ્યો.

એટલામાં, અનિલ લહરીમાં મઘમઘતા પ્રાણસંચારી તુલસીપરાગથી પ્રેરાઈ સૂનકારમાં યે કલ્યાણી કૃષ્ણપગલીઓ શોધતો દારુક આવ્યો. એ કૃષ્ણદેવનો સારથી અને જીવન-સંગાથી હતો. ભાલુકા સરોવરની પાળે કુંકુમથાળમાં કંકોળાયલા ને મૃત્યુને આરે ઉભેલા એકાકી, અરણ્યવાસી કૃષ્ણદેવને સજળ નયને જોઈ એ ચરણોમાં ઢળી પડયો. શ્રી કૃષ્ણની એ છેલ્લી જગતઘડીઓ એનાં નયનોને ડંખતી હતી—હૈયું વીંધતી હતી. શ્રી ભગવાને પોતાનો અવતારહેતુ કહ્યો, આશ્વાસન આપ્યું અને મૃત્યુની મીમાંસા ભાખી. દ્વારિકા જઇ યદુઅવશેષોને કહેવાનો સંદેશો આપ્યો :

હું જાઉં છું, જગતે જશે ક્યહારેક,
હું જાઉં છું બ્રહ્મમહોલમાં.
હવે પ્રલયપુરૂષ તાંડવ ખેલશે
ને થશે દ્વારિકા પ્રલય.

* * *

કાળ જીવાડે તે જીવજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેઘમાં મેઘ ઢોળાય, મહાસાગરમાં મહાસાગર ઢોળાય, આભમાં આભ સમાય એમ કૃષ્ણદેવ બ્રહ્મમહાસાગરમાં ભળી ગયા. પછી સૌ આયુધો અંતર્ધાન થયાં ને સૂનકારને નિહાળતો પાછળ સૂનો ઉભો એક દારુક. હિરણ્યવતીને આરે ચંદનપાથરી ચિતામાં સવાસો વર્ષનાં આયુષ્ય ને પૃથ્વીગવાતાં માનવકલ્યાણ પ્રજળતાં હતાં. એમના

ભાગ્યદેશેથી ઉડતા'તા તેજફૂવારા
ને અંગોમાંથી પમરતા'તા પરિમળો.
મુખડે આનંદની ઉર્મિઓ રમતી,
મુદ્રા હતી રસો વૈ સઃની

એ ગોઝારી તિથિએ પૃથ્વીલોકની અડધઝાઝેરી કવિતા કરમાઇ ગઇ. પૃથ્વી પાંગળી થઇ, સ્વર્ગ સોહામણું થયું. સત્ય, ધર્મ, શોભા, લક્ષ્મી વિશ્વની સકળ વન્દનીય વિભૂતિઓ એ દેહોત્સર્ગની ચિતામાં પ્રજળી ગઇ, પૃથ્વીનાં પુણ્ય ઉપટી ગયાં.

કૃષ્ણદેવ જીવન જીતી ગયા,
ને જીતી ગયા વિશ્વજિત યજ્ઞને.

આજ પ્રલયતિથિ હતી. સુવર્ણદ્વારિકાના છેલ્લા વિધિલેખ કાળના કાજળથી લખાતા હતા. સાગર આજ અફાટ, અળવીતરો ને બિહામણો ભાસતો. યમદેવ પોતાનું મૃત્યુમુખ ઉઘાડતા હતા. પ્રાણઉડી પંખિણી સમી, જરિયાનનાં જૂનાં અંબરમાં વિધવા સમી વિરૂપા ભાસતી, સુવર્ણમૂર્તિ સોહાગણ

કૃષ્ણદેવ પાછળ ડૂબતી'તી દ્વારિકા :
વિષાદઝાંખી, પણ ભવ્ય મુદ્રાએ.

સાગરકાંઠાની શિલાએ શિલાએ, પહેલી પ્રકટી સતીત્વની દિશાઓ અજવાળતી ચિતાઓ.

એ હતી આયુષ્યની આહુતિઓ,
એ હતા અગ્નિના આત્મજ્યોત ફૂવારા,
એ હતાં દામ્પત્યનાં સ્વયંભૂ જ્યોતિર્લિંગો,
એ હતો દ્વારિકાનો દામ્પત્યોત્સવ.

દેવદેવાંગનાઓનાં આતિથ્ય માણવાને અનિરૂદ્ધો સાથે સંચરતી ઉષાઓનો એ હતો અનંતનો સહચાર. અને

અજબ નેત્રે નિરખતો'તો સાગર
ચિતાછીપોમાંથી ઊડતાં માનવમૌક્તિકોને.

પછી વંટોળ વાયા અને દ્વારિકાના સાગરસંદેશ ને યાદવાસ્થળીની સંહારવાર્તા સૂણી હસ્તિનાપુર હાલી ઉઠ્યું. સૂરાં—અસૂરાં તો ય સૂર્યકિરણની પાંખે બેસી પાર્થ—સુભદ્રા ઉડતાં આવ્યાં ને રૂકિમણિમંદિરો ને કૃષ્ણભવનોને શોધ્યાં પણ ભરેલાં દીઠાં હતાં એમને આજ ખાલી જોઇ ગેબને પ્રશ્ન પૂછયો :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આહ ! આ શું ?

વીજળીસૂના મેઘ જેવા મહેલો. મણિસૂની ખાણો જેવી નવનગરીની હવેલીઓ અને ઉલેચાઇ ગયેલી ગોમતી જોઇ સુભદ્રાએ અશ્રુધારાઓ વરસાવી.

પણ અશ્રુધારાથી પાંગરે છે
મૃત્યુ પીધેલા માનવછોડ ?

× × ×

જીવનમાં જીતેલું સૌ
હારી ગયો પાર્થ,
શોભા ઝંખવાણી સુભદ્રાની,
અમૃતમીઠડો સંસાર થયો ખારોઝેર.
અભિમન્યુ આથમ્યો ત્ય્હારે દીઠો હતો
ને આજે દીઠો એમણે સૂનકાર.

જીર્ણ સાળુમાંની અમુલખ ભાત જેવી દ્વારિકા દીનમુખી લાગતી હતી, એનું આયુષ્ય ક્ષણેક્ષણે ઉપટતું હતું. પાર્થે, કૃષ્ણસૂના ગોમતીઘાટે कर्तुम्-अकर्तुम्-अन्यथा कर्तुम्‌ની ઉત્તર-ક્રિયા કરી ઉદકાંજલિ આપી, એમનાં સ્મરણોને સરોવરમાં પધરાવ્યાં. અને ગૌદાનમાં પોતાનો પરાક્રમભંડાર ઠાલવ્યો. સુભદ્રાએ શોકાર્તિભર્યાં વીરસંભારણાં ગાઇ મહાસાગરને ડોલાવ્યો.

પછી ધર્મક્રિયાઓ પૂરી થયે, ભાવિના નિર્ધાર કાજે, સુધર્માસભાના ધર્માંગણમાં યાદવ-અવશેષોને ન્હોતર્યાં. સૌએ ભવિષ્ય વાંચ્યાં, પ્રારબ્ધનાં પાનાં ઉથલાવ્યાં, પાંપણો પલાળી ને આત્મવિડારતો એક નિર્ણય ઉચ્ચાર્યો કે હરિએ ત્યાગી ત્હેને ત્યાગવી. એમ વિધિનિર્માણને સન્માની શ્રીહરિની દ્વારિકા ધર્મદેવની છાયામાં હસ્તિનાપુરે ચાલી, ને પાછળ રહી એકલ-રંગી, ચેતનભૂલી દ્વારિકા.

સ્હોડિયું વાળીને જાણે
ઉભી કો વિધવા સુંદરી
સૌભાગ્યમાં સ્મરણોને સ્મરતીશોધતી.

એવે, વિધિના વિશ્વટંકાર જેવો, કાળના ડંકા જેવો, ધરણી ધ્રૂજાવતો ને વિશ્વ થર-થરાવતો એક ગગનકાટકો થયો. સૂર્યનો રથ પણ આ અવનીમાં થતા ઉત્પાતો નિહાળવા ક્ષણેક થંભી ગયો. પછી ધરતીકંપ થયો. ધરણિ ધ્રૂજી ઉઠી, સાગરકાંઠા ડોલી ઉઠ્યા, જળ ખળભળી ઉઠ્યાં અને દ્વારિકા વિશ્વહિંડોળે ચઢી. સ્મરણોને કદિ ન સાંભરતો આવો ધરતીકંપ કે જળકંપ જોઇ પરબ્રહ્મે પણ પ્રારબ્ધને પૂછ્યું

કે શા ખેલ છ આ ખેલ ?

એ સંહાર ન હતો, પ્રલયનાં પૂર ચઢ્યાં હતાં. જળભીતરમાંથી સુવર્ણદ્વારિકા ડૂબાડવાને જળજોગણીઓ ઘૂરકી ઉઠી. દુનિયા દારૂણમુખી થઇ. આસમાન ડોલવાઇ ગયું, પૃથ્વીભાગ્યે પડદો પડ્યો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્માંડે પણ મીંચી દીધી આંખ
કે નથી નિહાળવો પ્રલયવિનાશને.

પહેલી નૌકાઓને ડૂબાડી તરણીનાં તારણ વૃથા કીધાં. પછી પૃથ્વીને પી જવા યમસેનાની હરોળો છૂટી હોય એવી યોજનલાંબા ને ડુંગર ઊંચા હેલારે પાણીનાં પૂર ઉછળ્યા. ભગવતી દ્વારામતીએ કોટની વજ્રપાળ અંતરાયે ધરી એનો સામનો કીધો. પણ,

હારજીત હોય છે ક્ષણ—અર્ધક્ષણની.
એ ક્ષણમાં જોખાય છે
જગતના ભાગ્યના ભાર.

× × ×

પૃથ્વી હારી, ને સાગર જીત્યો.
દેહને સદા જીતે છે ચેતન
ને સ્થૂલને સદા જીતે છે સૂક્ષ્મ.

સાગરકાંઠે મર્યાદવેલ હતી. એણે સાગરને કહ્યું :

"સાજન ! —" અને

મૃદુલ, મંજુલ, તેજકોમળા,
કોણે કોણે ઉવેખ્યા છે
વણબોલ્યા એ સુંદરીબોલ ?
સુજનતા છે સજ્જનની સુગંધ.

સાગરે આણ પાળી. પણ એનો સેનાનીધર્મ હતો. યદુનગરીને ઝબકોળવાની એને આજ્ઞા હતી. જલધિ જળઘેલો થયો હોય એમ એણે માઝા મૂકી—સર્વ—નાશના સાગરમોજ ચઢ્યા. સજનહેતુ ભુંસવાને સાગર ધાયો. મહારુદ્રે તાંડવનૃત્ય માંડ્યું. કાલિકાએ કેશાવલિ છૂટી મૂકી સંહારખેલ શરૂ કર્યો.

સાગર પેઠો યાદવમંદિરોમાં
મણિઓના કીધા કાંકરા,
રૂપાનાં કીધાં કથીર.
ચન્દનકુંકુમના કીધા ગેરુ.
ભાગ્યને પૂર્યાં ભોંયરામાં.
વિભૂતિઓ થઇ વરવી,
નગરતેજ થયાં ભસ્મભૂખરાં.
સુવર્ણ પથરાયાં થઇ ગોરોચન.
ગઢ થયો માટીની ભેખડ,
સુવર્ણસુંદરી થઇ શિલા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગત છે જવાનો બ્રહ્મમાર્ગ, જાણે જવું છે સત્ અને રહેવું એ અસત્. દુઃખિયારી, ભવ્ય દ્વારામતી, જગતની સાહેલી નગરીઓની, જવાને કાજે વિદાય યાચતી હતી :

સાહેલીઓ ! આપો–આપોને વિદાય.
સ્મૃતિઓ ન ભૂલશે, સ્મરણો સંભારશે,
સ્મરશે કાલાવધિના ઘાટ;
ઇતિહાસો બોલશે યશની બિરદાવલિ.
બેઠી છું કાળને લલાટ :
સાહેલીઓ ! આપો–આપોને વિદાય.

દ્વારિકાને એમ સાગરઢાંકણું દેવાયું. ધર્મને શરણું હોય નહીં, શરણાગતિની ના પાડી એક સુધર્માસભાના ધર્મમંદિરે. નિર્માણનાં યે પ્રતિકાર કરતું હોય એમ એણે સાગરભરતીને પાછી વાળી. એટલે સાગર છંછેડાયો, ક્રુદ્ધ થઇ ગર્જના કરતો પાછે પગે પાછો વળ્યો અને સપ્તપાતાળમાં જઇ સુધર્માની એ અહંકારકથા કહી. ધર્મને બોળવા પછી પાતાળ ફાટ્યાં ને એમાંથી પ્રલયપુરૂષ પ્રકટ્યા.

સાગરજળમાંથી ઉછળ્યો તેજફૂવારો
ને ઉડ્યો સૂર્યલોકમાં :
જાણે બ્રહ્માંડ બ્રહ્માંડનો પ્રભાસેતુ.
એનો બંધાયો જ્યોતિસ્થંભ.

અને હિરણ્યકશ્યપુના અગ્નિસ્થંભમાંથી પ્રગટ્યા હતા એવા કંઇક ભૂતવેશે, કંઇક ભવિષ્યવેશે, કંઈક વર્તમાનના વાઘા સજેલા વિરાટના લઘુબંધુ જેવા વિશ્વવિપ્લવી, જગત્‌સંહારક પ્રલયપુરૂષ પ્રકટ્યા એ તેજસ્થંભમાંથી. એમની એક આંખે પુણ્યલોક હતો, બીજીએ પાપલોક હતો. અંગુલિ–અંગુલિએ લોકલોકના લોલવિલોલ દડા લટકતા હતા. આભૂષણોમાં રૂંઢમાળાઓ હતી, હાથે પ્રલયભૂખ્યાં ભિક્ષાખપ્પરો હતાં. અગ્નિલોચનોમાંથી પ્રલયનાં બ્રહ્માસ્ત્ર વરસતાં હતાં. ચરણોની અંગુલિખીણોમાં પાતાળમંડળો સળગતાં હતાં. શ્વાસોચ્છ્વાસમાં નીરવાસી નારાયણને યે દઝાડતી વડવાનળની ઝાળો હતી. એમના નીલાંબર વેશમાં કૃષ્ણવર્ણાં છાયામંડળો હતાં. અને મુદ્રામાં રુદ્ર અને ભદ્ર હતાં. એ, ધર્મને યે બોળતા, અધર્મને યે બોળતા, વિશ્વની પાટીને ભૂંસી નાખતા, ભાગ્યદેશે કલિત્રિપુંડ્ર ધારણ કરેલા, કલિરંગીલા ભવભયંકર ભૈરવનાથે–પ્રલય–પુરૂષે સુધર્માને ડૂબાડી. વીરાંગનાથી વૈધવ્ય ન વેઠાયું તે આયુષ્યનાં દાન આપીને દ્વારામતીએ શ્રી કૃષ્ણશતાબ્દી ઉજવી.

અને તો યે બ્રહ્માંડની માઝા મૂકેલા મહેરામણથી બ્રહ્મની માઝા ન મૂકાઇ. પ્રલયપુરૂષથી યે ન ઝબકોળાયું એક હરિમંદિરનું શિખર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવતેજ ન હોલવાય પાણીથી.
કાળનો સાગરે કહેતો
કે હરિમંદિર છે કાળથી પર.
પરબ્રહ્મ મ્હોટા છે પ્રલયથી.
હરિવરને હોય નહિ હાર.

પિંડારકતીર્થના ઋષિવરો પછી હરિમંદિરમાં જાગી ઉઠ્યો. એમાંથી ભાગવતધર્મ પ્રસર્યો, દ્વારિકાની મુક્તિપુરી થઇ અને એમ શાપનું પ્રાયશ્ચિત થયું. આભઆરે ચન્દ્રમા સમા, ક્ષીરસાગરે શેષશાયી ભગવાન સમા, હરિવરને પાછા પધારવાની વાટ જોતા એ એકલવાયા હરિમંદિરનો એકજ હતો અનન્તનો ઉદ્‌બોધ :

હરિ બોલ, હરિ બોલ, હરિ બોલ,
નભઉરના પડદા ખોલ-ખોલ,
હરિ બોલ, હરિ બોલ, હરિ બોલ.

આમ કલા, કલ્પના અને અર્થગાંભીર્યભરી ઉદાત્ત ભાવનાને તેજેમઢ્યા શબ્દોથી કવિશ્રીએ એક ભવ્ય પણ કરૂણ કાવ્યદેહ આપ્યો છે અને એમાં યથાપ્રસંગે ગૂંથાયલાં કાવ્યોમાં સ્ફુટ થતી પ્રાણભૂત વ્યંજના અને સંવેદનમાં એમની ઉર્મિની સચોટતા, સુકુમારતા, સ્વાભાવિકતા ઑર રંગ પૂરે છે; અને સહજ બોલાઈ જવાય છે:

'નમું આત્મા ઢાળી, નમન લળતી દેહ નમજો !'

હર્ષદરાય દેસાઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિ ન્હાનાલાલની સૌન્દર્યભાવના

સૃષ્ટિ સર્જન પામી ત્યારથી સૌન્દર્યનાં રસઝરણાં વહે છે. દુનિયાના પ્રદેશમાં કે દુન્યવી ક્ષેત્રોમાં વિહાર કરતો પ્રવાસી સૌન્દર્યદર્શનવિહોણો માનવજીવનમાં રાચી ન શકે; સૌન્દર્યવિહોણું જગત શુષ્ક વેરાન સમું લાગે. સૌન્દર્યપૂજન માનવસ્વભાવનો એક પ્રાકૃતિક અંશ હોવાનું માનસશાસ્ત્રના જગતઈતિહાસે પૂરવાર કરી દીધું છે. પ્રકૃતિજન્ય દ્રશ્યોનાં સૌન્દર્યે આર્ય ઋષિમુનિઓને મુગ્ધ કરી પ્રકૃતિના મહાન અંશોમાં દેવદેવીઓની ભાવના પ્રગટ કરાવી છે; અગ્નિ, વરુણ, મેઘ, વાયુ એ કારણે દેવ તરીકે પૂજાયા એજ સૌન્દર્યની ભાવનાએ મહાન કવિઓના હૃદયમાં અદ્‌ભુત મન્થન પ્રગટાવી જગતસાહિત્યમાં મહાકાવ્યો આપ્યાં: હોમરનું 'ઇલીઅડ' ડેન્ટેનું સૌન્દર્યની મૂર્તિ સમી બીએટ્રીસની અમર સ્થાપના સમું 'ડીવાઇન કોમેડી', 'મહાભારત' 'રામાયણ' કે 'શાહનામા' વગેરેમાંથી સૌન્દર્યનાં તત્ત્વો ખસેડી લેવામાં આવે તો મહાકાવ્ય તરીકે ટકી શકે નહિ.

સૌન્દર્યના સનાતન ભાવોનું મૂર્ત સ્વરૂપ એનું જ નામ કલા; પછી એ કલા વાણી, ચિત્ર કે સ્થાપત્યના સાધનથી ભલે આવિર્ભાવ પામી શકી હોય. ભવભૂતિએ આવી કલાને આત્માની વિભૂતિ તરીકે ઓળખાવી માઘે કલા એટલે 'નવીનતા' કહ્યું, કવિવર કાલિદાસે 'શાકુન્તલ'માં કલાના શાશ્વત તત્ત્વ સમા સનાતન સ્નેહનાં અમર સૌન્દર્યદર્શન કરાવ્યાં. આવાં સૌન્દર્યની પૂજનવિધિ, વિધવિધ અને દર્શન પણ અનેરાં અને અનોખાં છે. સૌન્દર્યપૂજક આંગ્લ કવિઓએ સૌન્દર્યદર્શન જુદી જુદી દૃષ્ટિએ કર્યું છે. કીટસે ગાયું કે સૌન્દર્ય તો શાશ્વત આનંદ છે, શેલી અને બીજા કેટલાક કવિઓ સૌન્દર્યને બુદ્ધિપ્રેરક માની બુદ્ધિની કસોટીએ ચઢાવે છે. વર્ડ્ઝવર્થ સમા પ્રકૃતિમાતની સુંદર ગોદમાં ખેલવાના કોડ સેવે છે; કવિવર રવિન્દ્રનાથ ટાગોર પ્રકૃતિજન્ય સુંદર દ્રશ્યોને પોતાના સહોદર માની તેની સાથે આનંદ કરે છે, પ્રેરણા ઝીલે છે અને આર્ષદ્રષ્ટિથી તેનાં તત્ત્વો આપણને સમજાવે છે; કવિ શ્રી ન્હાનાલાલ પણ કુદરતના પડદાઓની પાછળ ઉભરાતાં સૌન્દર્ય અને તેના રસાત્મામાં ઊંડી વસેલી પ્રભુતાનાં દર્શન કરાવે છે.

આર્ય સંસ્કૃતિપ્રેરક બળોએ સૌન્દર્યનાં પાન કરી જગતને જ્ઞાનના પાઠ આપ્યા છે; પણ એ જ સૌન્દર્યની ભાવના વિકૃત થાય ત્યારે જડવાદપ્રેરક બની માનવઅવનતિમાં પરિણમે છે. સૌન્દર્યદર્શન કૃત્રિમ દૃષ્ટિએ વિકૃત બને છે. ચોપાસ મઘમઘતી ગન્ધવતીની સુવાસ કૃત્રિમ વાસથી ટેવાએલા નાકને ગમતી નથી; આસપાસ જીવતી જાગતી પ્રકૃતિનાં દૃશ્યોને નિહાળવાં ભૂલી વીજળીની રોશની આંખને ગમે છે; આવું જ મન પર અસર કરનાર પ્રાકૃતિક અને કૃત્રિમ સાધનો વચ્ચે ભેદ પાડનાર અંશો વિષે ગણાવી શકાય.

ગુજરાતી સાહિત્યમાં કવિશ્રી ન્હાનાલાલનું ઉચ્ચસ્થાન આજે ગુજરાતી વાચકોથી યથાર્થ સ્વીકારાઈ ચૂક્યું છે. ત્યાગ, વૈરાગ્ય, સંયમ, બ્રહ્મચર્ય, ભક્તિનું ભવ્ય વાતાવરણ અને અનેક ઉચ્ચ ભાવનાઓમાં શ્રદ્ધા—એવાં વીસમી સદીના આ વિલાસી યુગમાં ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાય એવાં દિવ્ય તત્ત્વો તેમના કાવ્યત્વના રંગે આલેખાએલ સાહિત્યકૃતિઓમાં દૃષ્ટિગોચર થાય છે. એવાં તત્ત્વોની છણાવટ કરતાં કવિનાં ચૈતન્યવિહારી આત્મામાંથી સૌન્દર્યભાવનાના રસફુવારા ઉડે છે. તે ફુવારાનું દર્શન અને તેમાંથી ઝરતા રસામૃતનું પાન કરવું એ ગુજરાતી સાહિત્યરસિકને માટે એક ઉત્તમ લ્હાણુ છે.

કવિની સૌન્દર્યભાવનાનું દર્શન તેનાં રત્નજડ્યાં ચિત્રકાવ્યોમાં, કલ્પનાના ઉલ્લોલ વિલાસમાં અને તેને અંગેનાં સુંદર દ્રશ્યોમાં પ્રત્યક્ષ થાય છે : કવિના સૌન્દર્યસ્વપ્ન સમા 'વસન્તોત્સવ'માં સુંદર ભૂમિમાં વસન્તનું અવતરણ, દક્ષિણાનિલની પરિમલ લહરીઓ વહાવતું આગમન, અવનવા રંગી મ્હોરથી છવાએલી આમ્રકુંજ, કોકીલાના ટુહૂરવ, રસભાવનાભરી બાલિકાઓ, મોરલીના મંજુલ નાદ છેડતા ભાવનાશાળી યુવકો અને એ વચ્ચે પૂણ્ય સાત્ત્વિક પ્રકાશને પગલે વસંત વૈતાલિક કોકીલાને આમંત્રણ કરતું ઊર્મિગીત—એ બધું એક સાથે ગૂંથાઇને એક અદ્દભુત ચિત્ર ઉભું કરે છે. આવી જ રીતે કવિનાં બીજાં કાવ્યોમાં પણ પ્રકૃતિના મોહક વાતાવરણ વચ્ચે આદર્શ ભાવનાવાળા મનુષ્યાત્મામાં વસેલા સૌન્દર્યભાવોનું મનોહર મૂર્તિવિધાન રજુ થાય છે. કવિના કાવ્યત્વની એ ખૂબી છે કે તેમનાં કાવ્યોનું પૃથક્કરણ ન થઇ શકે—સુકોમળ વાક્યાવલિ, પંક્તિએ પંક્તિએ મનોરમ કુમાશ અને અનેરાં તેજ, શબ્દોમાં નાદગુંજન, અલંકારોમાં સાત્ત્વિક રસસૌન્દર્ય, નૈસર્ગિક હૃદયોર્મિની છોળ અને ચમક—એ બધાંની સમગ્ર અસર અનુભવીને જ આપણે રાચીએ. વિવિધ રંગો ચમકાવતું મેઘધનુષ્ય હોય, ચારે તરફ પુષ્પોના પરિમલ પ્રસરાવતી કોઇ અનિલલહરી હોય, પ્રાતઃકાળના પલટાતા રંગોનું સુંદર દ્રશ્ય હોય એવું કવિનું કાવ્ય છે. તેના કાવ્યત્વની કલા વિવેચક બુદ્ધિવાદના ચીમટાઓ લગાવવાથી પૃથક્કૃત થઇ શકે નહિ.

કવિની સૌન્દર્યભાવનાનું દર્શન તેણે આલેખેલ સુંદર દ્રશ્યોમાં વધારે સ્પષ્ટ રીતે મૂર્ત થાય છે. વસન્તોત્સવમાં વસંત સમયે આંબાવાડીમાં ફૂલનો સંચય કરતી બાળાઓ અને રમણની મોરલીની અસરથી પલટાતું દ્રશ્ય, 'ઇન્દુકુમાર'માં પર્વતશૃંગે ઉઘડતી ઉષા સમયે ઈન્દુકુમાર અને કાન્તિકુમારીનું મિલન, ચંદ્રના પૂર્ણ પ્રકાશમાં છેલ્લા પ્રવેશમાં સખીઓ સાથે પુનર્મિલન, 'જયા-જયન્ત'માં હંસ હંસીને ઝાલવા જતાં પ્રગટી યુગલનું ચિત્ર, ત્રિકાલદર્શન, અને ગંગાના પ્રવાહમાં હોડલાંને લઇ નીકળી પડેલા જયા જયન્તનું ઉદ્દામ કલ્પનાભર્યું દ્રશ્ય, 'વિશ્વગીતા'માં અજામલના ભૂતનો પ્રસંગ, ઉંચે ને ઉંચે ચઢતા હંસોનું વિશ્વયાત્રાનું ચિત્ર, અંતિમ વિરાટનો અદ્દભુત રાસ, 'જહાંગીર-નૂરજહાં'માં કમલના સરોવરમાં સફર, 'અકબરશાહ'માં તે યુગના દરેક મહાત્માઓનું એક પ્રસંગે સધાતું મિલન, ગુલાબી કિરણોએ રંગાએલી ઉષા સમી 'ઉષા'માં ચિત્રોની રમણીયતા. લાગણીના લાલિત્ય અને કોમળ ભાવનાનાં પૂરનાં દ્રશ્યો—એવાં કંઇ કંઇ પ્રસંગો આપણને કલ્પનાના ઉચ્ચતર પ્રદેશમાં ઉઠાવે છે અને માનવજીવનની ક્ષુલ્લકતામાંથી આપણને ઉંચે લઈ જઇ સૌન્દર્યનાં રસપાન કરાવે છે. આ બધાં દ્રશ્યોમાં કવિના 'ચાંદનીના ઘડેલા આત્માવાળાં' માનવપાત્રો પ્રકૃતિ વિનાનાં નથી અને પ્રકૃતિ માનવભાવ વિનાની નથી. માનવ અને પ્રકૃતિની બેલડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વત્ર વિહરે છે. ઇશ્વરની લીલા માનવ અને પ્રકૃતિમાં સર્વત્ર પ્રત્યક્ષ કરાવે છે, સ્થૂલમાં સૂક્ષ્મનું સુંદર દર્શન કરાવે છે.

કવિશ્રી ન્હાનાલાલની સૌન્દર્યભાવના મુખ્યત્વે પ્રાકૃતિક અંશોમાંથી જન્મે છે અને પ્રકૃતિના ભોક્તા તરીકે તેના વાચકને ઉન્નત ભ્રમણ કરાવે છે. વિશ્વરચનામાં જે તરતું દેખાય છે અને જેનાથી પરમાત્માના નિયમ, પ્રેમ જેવા મંગલ ગુણમહિમા જાણી શકાય છે તેજ કવિને મન ખરૂં સૌન્દર્ય છે. કવિના રસરાજ્યમાં જગતની મંગળતા, અખંડ ઉષા અને શાશ્વત વસન્તનાં સૌન્દર્યો નિર્ઝરે છે માટે જ તે વસન્તના કવિ ગણાય છે.

કવિની સૌન્દર્યભાવના એક સરોવર ઉપરના તેમના કાવ્યમાં વિશિષ્ટ રીતે વ્યકત થાય છે. થોડીક પંક્તિઓ લઈએ:—

'નરી સરલતા કોણ પૂજશે ?
નથી તેજ, નથી તરંગ:
શાન્ત, વિમળ, વિરલ રમ્ય
તુજ મુખ શું ભર્યું સૌમ્ય, મુજ લાડિલી !
એ સુન્દરતા કોણ નિરખશે ?
કોણ સ્હમજશે ? કોણ સુહવશે ?
કોણ નીરચંચુ ત્યાં ભરશે ?
અનિમિષ, અકલ, ગહન સૌન્દર્ય
તુજ નયનમાં ઊંડુ શોભતા આત્મન સમું મુજ લાડિલી.'

પાલીતાણાના શેત્રુંજય પર્વત ઉપર ધાર્મિક જૈનોની શ્રદ્ધાની પ્રતિમા સમી દેવનગરીની ગોદમાં આવેલ સરોવરનું જે ગહન સૌન્દર્ય કોઈ યાત્રિકે અથવા પ્રવાસીએ ન નીરખ્યું તે વિરલ સૌન્દર્ય કવિશ્રી નિહાળે છે અને શાન્ત, વિમળ, રમ્ય સૌન્દર્યનાં સૌમ્ય દર્શન કરાવતાં, પ્રકૃતિની નરી સરલતાના પોતે પૂજક નથી એવો ભાવ જણાવે છે. કવિની સૌન્દર્યભાવના રસવિહોણી નથી. પ્રકૃતિના ઉત્સાહપ્રેરક વાતાવરણમાં કવિનો આત્મા ઝણઝણી ઉઠે છે, આદર્શ ભાવનાઓનું નિરીક્ષણ કરવા ઉન્નત ભ્રમણ કરે છે, પ્રભુની પૂણ્ય પાળ બાંધ્યા રસસાગરમાં પારિજાતકના સૌરભભર્યા નાવમાં બેસી પરબ્રહ્મના સાક્ષાત્કાર કરે છે. અથવા ગિરિમાળાના ઉલ્લોલ પ્રકૃતિના ભવ્ય વાતાવરણમાં વિરાટ હીંડોળે ઝૂલતાં યુગયુગાન્તર–મન્વન્તરનાં દર્શન કરે છે.

કવિ સૌન્દર્યનો જે અર્થ કરે છે તે અર્થની પ્રતીતિ 'જયા–જયન્ત'માં જયા અને તેજબાના વાર્તાલાપમાં સ્પષ્ટ થાય છે:—

જયા : સૌન્દર્ય દેહનાં કે દેહીનાં ?
તેજબા : સૌન્દર્ય આત્માનાં ય તે.
ને શરીરનાં ય તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપવનમાંનાં ફૂલડાંની પેઠે;
માનવીના ઘાટ રંગ ને આત્મનૂ ફુવારા—
એ ત્રણેનો ભભકાર તે સૌન્દર્ય.
જેમ ફૂલડાંમાં ફોરમ,
તેમ સૌન્દર્યમાં આત્મપ્રભા.

આવા દેહ કે દેહીનાં સૌન્દર્યસામર્થ્ય માત્ર પોતાના ઉપભોગાર્થે નહિ પરંતુ જગતના હિત માટે હોવાં જોઇએ તેમ કવિ માને છે. સૌન્દર્યમાં પ્રભુતા પ્રગટે એ જ ખરૂં સૌન્દર્યઃ—

જોગણ— 'અન્તર્યામી પુણ્યભાવને પ્રભુતા દાખવે
એ બહિર્વાસી નયનહારી સૌન્દર્ય સોહાગ
પ્રભુના મન્ત્ર પ્રગટે તે સુંદરતા' (ઇન્દુકુમાર)

આવાં સૌન્દર્યદર્શને તો અંગેઅંગમાં આનંદદીવડા પ્રગટે, અગમ્ય દેશનાં અજવાળાં થાય, અને અન્તરમાં રસાનંદ જાગે. કવિને મન આવું સૌન્દર્યદર્શન મિથ્યાચાર નથી, પાપ નથી; પૂણ્ય છે, પવિત્ર છે, જડવાદ નથી, બ્રહ્માંડવાસીની બ્રહ્મપૂજા છે. સાચાં સૌન્દર્યમંદિરે નિડર રીતે પૂણ્યપૂજા કરવા જવા કવિ સહુને આમંત્રે છે પણ, ત્યાં સાચા દીલથી પૂજન કરવાને અને અઘોરીવેડા નહિ કરવાને ચેતવે છે. એટલે જ શીલવિહોણું સૌન્દર્ય કવિ સ્વીકારતા નથી. એ તો ચોક્કસ માને છે કે

'સૌન્દર્ય શોભે છે શીલથી
યૌવન શોભે છે સંયમ વડે'

કલાપીની સૌન્દર્યભાવનાની પ્રતીતિ કરાવતી થોડી લીટીઓ અહીંયાં સરખાવવા જેવી છેઃ—

'સૌન્દર્યો વેડફી દેતાં ના ના સુન્દરતા મળે
સૌન્દર્યો પામતા પહેલાં સૌન્દર્ય બનવું પડે
સૌન્દર્યે ખેલવું એ તો પ્રભુનો ઉપયોગ છે
પોષવું પૂજવું એને એ એનો ઉપભોગ છે,

માનવજીવનમાં વિહાર તે વિલાસ નથી, કામલાલસા તે રસાનંદ નથી પણ રસજીવનમાં પૂણ્ય અને સંયમની પાળ ન ઓળંગાય એમ કવિ માને છે.

'તપ ને સૌન્દર્યના સંગમ
ત્‍હાં પ્રગટે રસનાં અદ્દભુત ઝરણાં.'

ન્હાનાલાલની સૌન્દર્યભાવના દેહથી પર આત્મભાવનાની છે અને તે વસ્તુ લાલસાના તત્ત્વથી રહિત છે. તેની સૌન્દર્યપૂજા છાયાપૂજા નથી.

'ઉષા ને હું બે એકલાં જ હતાં, ને પરસ્પરનાં નયનનાં અતળ જલમાં નિરખતાં હતાં. એ જલપગથારની ગુફાઓ વીંધી ઊંડાણમાં એ ઊંડુ નિહાળતાં....અમારા ગુરૂત્વાકર્ષણનો એ મહાયોગ હતો પણ તેમાં શરીરવાસનાનો ગંધે ન હતો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો સંદેશ દેહવાસનાથી પર આત્મભાવના ખીલવવાનો, દેહમાં મોહ ન પામતાં ઝગમગતી આત્મજ્યોતિ નિહાળવાનો; બીજો સંદેશ રસવિશુદ્ધિનો,

સૌન્દર્ય અને તપસિદ્ધિમાં કવિ તપ–સંયમને વધારે મહત્વ આપે છે. જયન્તે ડૂબતી બચેલી જયાને એકાંતમાં નિહાળ્યા પછી ઘડીભર કામાવેશ અનુભવ્યો, પરંતુ અંતરમંથન પછી કવિએ યોગનો વિજય કરાવ્યો અને સાધુ જયન્તને મુખે કહેવરાવ્યું.

'પોઢી છે યોગાસને પૃથ્વીની પરમ પવિત્રતા.'

કવિ સુન્દરીમાં પવિત્રતાનાં દર્શન કરે છે એટલે જ તે પુરુષની પ્રતિભા અને પ્રેરણારૂપે પૂજાય છે.

કવિના શૃંગારમાં પણ કામોન્મત્તની અશ્લીલતા નથી. એમાં અંદર ગમે તેટલો ઉછાળાટ હોય પણ બહાર તો લહરી જ દેખાય–મોજાં નહિ. તેમની કવિતાને તેથી જ ગુજરાતનું રસિક યૌવન પૂજે છે. ગુજરાતી યૌવનના હૃદયના પડઘા તેમાં છે.

'વેણી ગૂંથીને મહીં ફૂલ હું તો ભૂલી' એ સુપ્રસિદ્ધ રાસમાં હૈયાસૂની નવયૌવનાના ભાવનું કેટલું સુંદર છતાં મર્યાદિત આલેખન છે? 'યૌવના' સૌભાગ્યવતી' 'ઉષા' વગેરે ચિત્રો પણ કવિની સૌન્દર્યભાવનાના મૂર્ત સ્વરૂપો જેવાં છે.

કવિ સૌન્દર્યભાવને બીજા ભાવોની માફક આત્મપ્રેરિત માને છે. તેના જ શબ્દો ઉતારીએ :—

'પૂણ્ય, પરમાર્થ, ધાર્મિકતા. ભક્તિ, પૂજા વગેરેના જેમ મનુષ્યાત્મામાંથી સ્વયંભૂ ફુવારા ઉડે છે તેમ સૌન્દર્યભાવનાના યે ચેતનભોમમાંથી રસફુવારા ઉડે છે. ચૈતન્યવિહારીએ અગોચર સૌન્દર્યને ઇન્દ્રિયગમ્ય કરવું. કુદરતના પડદાઓની પાછળ ઉભરાતું સૌન્દર્ય.... અને આત્મામાં એ પરમાત્મા વસે છે તેમ એ રસાત્મામાં ઊંડી વસેલી પ્રભુતાનાં દર્શન કરાવવાં એ કલાનો પરમધર્મ. **રસો વૈ સ** : જેટલે અંશે એ સૌન્દર્યદર્શન પરાત્પર દર્શન કરે, કરાવે એટલે અંશે એ કલાનું અને કલાવન્તનું કલાસાફલ્ય. કલાવન્તો સ્વાર્થી નથી એ તો પર કાજે, યુગયુગને કાજે સૌન્દર્યના બગીચા સરજે છે.'

કવિને મન કલાનાં તત્ત્વો સંગ્રામમાં નહિ પણ સંગમમાં છે. એવા સંગમપ્રેર્યા સૌન્દર્યદર્શનમાં કવિ સંસ્કારશોભન (Classical) અને જીવનપલ્લવિત (Romantic) બન્ને તત્ત્વોનો સુંદર સમન્વય સાધે છે.

સરસ્વતીચંદ્રની કાદંબરી, ગુજરાતની ગરબીઓ કે ગુજરાતણોના રાસડા એવાં સંગમપ્રેરિત તત્ત્વોને લીધે નિત્ય સૌન્દર્યની પ્રેરણામૂર્તિઓ છે એમ કવિ માને છે.

કવિની સૌન્દર્યભાવના વિષે લખતાં પણ એક બાબતની નોંધ લેવાનો મોહ છોડી શકાતો નથી અને તે કવિનો ગુજરાત તરફનો અનહદપ્રેમ. 'ગુજરાતના સૌન્દર્યનો મુગ્ધ, ગુજરાતની ઐતિહાસિક આત્મસમૃદ્ધિનો ગૌરવશાળી, ગુજરાતના જગતસન્દેશનો એક ઉપાસક, ગુજરાતના સૌન્દર્યમંદિરનો પૂજારી' પોતાને કહેવરાવે છે. માટે જ જ્યારે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુર્જર વાટિકાનું વર્ણન કરે છે અથવા ગુર્જર સાહિત્યકાર કે કલાકારની કૃતિનું વિવેચન કરે છે ત્યારે વાચકના હૃદયના તાર ઝણઝણી ઉઠે એવા અનેરા ભાષાવૈભવથી નવાજે છે. તેને મન 'ગુજરાતની સૌન્દર્યવાટિકા વિવિધ અને વિશાળ છે, જગન્મોહિની છે. એ સૌમાં ગુર્જરી સૌન્દર્યોદ્યાનની પરમ રસકલા, સર્વશ્રેષ્ઠ ફૂલકલિકા તો ગુર્જર સુંદરી....એની પાંખડીએ પાંખડીએ અદ્‌ભુત અને અલૌકિક પરિમલ પમરે છે.' એવી ગુર્જર સુંદરીઓને પણ કવિ શીલ અને સંયમથી પોતાનું સૌન્દર્ય શોભાવવાનો આદેશ આપે છે. પોતે કહે છે:—

'ગુજરાતની ઓ નવસુંદરીઓ! ગુજરાતની ગરવી ગુણીઅલ (સતી રાણકદેવી, જસમા વગેરે) નું, એનાં પૂણ્યનું, એનાં સૌન્દર્યનું, એનાં સતીત્વનું, નવવિકાસને નામે, નવયુગને નામે, નવભાવનાઓને નામે ખૂન મા કરતી હો.'

સૌંદર્યસિદ્ધિના શાસ્ત્રમાં નવીનતા હોય પણ એ કલાવિધાન સૌન્દર્યશાસ્ત્રના મૂળ તત્ત્વોને અનુસરીને જ હોઇ શકે. એવું સૌન્દર્ય શીલવિહોણું ન શોભે તેમ સત્ય અને મંગળતાથી પણ પર ન હોઈ શકે એમ કવિ માને છે. સત્ય, નીતિ અને સૌંદર્ય સદા સહોદર અને સવર્ણા છે એ કવિની સૌન્દર્યભાવનાની પ્રતીતિ કવિએ 'વિશ્વગીતા' માં ભગવાન પતંજલીના મુખેથી ઉચ્ચારેલ સૂત્રમાં બહુ સ્પષ્ટ થાય છે :—

બુદ્ધિનાં પગથિયાં જ્યહાં પહોંચતાં નથી,
દ્રષ્ટાની આંખડી એ ઓળખે–પારખે છે.
બુદ્ધિવાદોથી ધરતી થાકી છે;
હવે વાંછે છે દ્રષ્ટાઓના દર્શનસન્દેશ
સત્ય ને સુન્દરતાની આંખડીએ
પમાય છે એ પરમ દર્શન
સત્ય ને સુંદરતાનાં જ્યહાં જ્યહાં છે લગ્ન.'

પ્રૉફેસર ડી. જી. ધામેલિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિશ્રી ન્હાનાલાલ અને ગુર્જરીનું ગૃહસૌંદર્ય.

એ તો સર્વસંમત વાત છે કે ગુજરાતના મહાકવિ એટલે શ્રી ન્હાનાલાલ. અલંકારિકો અને રસમીમાંસકો સમક્ષ મહત્વનો પ્રશ્ન કાવ્યના આત્મા પરત્વે છે. પદ્યરચનામાં એવું શું છે કે જેની સત્તાથી તેમાં કવિત્વ અનુભવાય છે. 'काव्यं रसात्मकं वाक्यम्' 'वाक्यं च विशिष्टौ शब्दार्थौ' કાવ્યનો આત્મા રસ છે. અને વાક્યમાં પણ વિશિષ્ટ શબ્દાર્થ હોવો જોઇએ. આ ચર્ચા સંસ્કૃત અલંકારશાસ્ત્રમાં બહુ થઇ છે અને તેના છ સંપ્રદાયો જાણીતા છે. કોઇએ રસને કાવ્યનો આત્મા માન્યો, કોઇએ ધ્વનિ ને કાવ્યનું પરમલક્ષણ લેખ્યું; કોઇએ ગુણને–આત્માને ગ્રહણ કર્યો; કોઇએ 'વક્રોક્તિ જીવિત' ને કાવ્યલક્ષણમાં મુખ્ય માન્યું અને કોઇએ 'ઔચિત્ય' ને પણ કાવ્યનું એક આવશ્યક અંગ કહ્યું.

કાવ્યની શક્તિ શા માં છે? પદ્યરચનાના વર્ણ–સંગીતમાં શું કાવ્ય છે? કે એ શબ્દો દ્વારા ઉદ્‌ભૂત થતાં ચિત્રોમાં કાવ્ય છે? શું શબ્દસમૂહથી વ્યક્ત થતા વિચારોમાં કાવ્ય નથી? આ સર્વ કાવ્યમાં અનુભવાય છે એ સ્વીકારવું પડશે; સ્વયંભૂવૃત્તિથી ઉદ્‌ભવતો ભાવોદ્રેગ કે સમર્થ ઊર્મિ, કે જીવનની પ્રગાઢ અનુભૂતિ પણ કાવ્યની વ્યાખ્યામાં સમાઇ જાય છે. ટૂંકમાં વર્ણ, ધ્વનિ અને અર્થનો સુભગ ત્રિવેણીસંગમ કાવ્યમાં છે.

આંગ્લ કવિ કીટ્સ કહે છે કે What the imagination seizes as Beauty must be Truth: અર્થાત્ કવિ કલ્પનાના પ્રભાવે જે સૌંદર્યગ્રહણ કરે–સૌંદર્યાનુભૂતિ કરે છે તે સત્ય હોવું જોઇએ. શેલી કહે છે: "The poet strips the veil of familiarity from the world and lays bare sleeping beauty which is the spirit of its forms." તાત્પર્ય કે કવિ આપણને વિશ્વમાં જે પરિચિત છે તેનો એક પ્રકારનો પડદો દૂર કરી, સ્વરૂપનું જે નિહત સૌંદર્ય છે તે ખુલ્લું કરી આપણાં ચક્ષુસમીપ મૂકે છે.—એ દૃષ્ટિથી–સૌંદર્યની દૃષ્ટિથી સાક્ષાત્કાર કરી આપણી આગળ રજુ કરે છે.

કવિ ન્હાનાલાલ વિશ્વના એ નિહત સૌંદર્ય, કે પ્રકાશ ને પ્રેમ, પ્રભુતા કે ભક્તિરૂપે અનુભવે છે. કવિ કહે છે:

પ્રેમવાટિકા ઝરણમાં, ગાતીનીરે ન્હાઈ
રાસેશ્વરને પૂજતાં પ્રભુતા રહે પથરાઇ
પ્રભુતામાં, પ્રભુતામાં
જગભૂલશું રસપ્રભુતામાં

કવિશ્રી એ પોતાનું તખલ્લુસ **પ્રેમભક્તિ** રાખ્યું હતું, તે આપણને અહીં સમજાય છે. વધારે દૃષ્ટાંત અનાવશ્યક છે, કારણ કે, તેમના પદ્યોમાં તે સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે. કવિશ્રી ન્હાનાલાલ વાસ્તવિક રીતે પ્રેમ, પ્રકાશ અને ભક્તિના પયગમ્બર છે. અને

That light whose smile kindles the Universe,
That Beauty in which all things work and move.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—નો સાક્ષાત્કાર તેમની કૃતિઓમાં થાય છે. આમ આપણા કાવ્યમીમાંસકો કે પાશ્ચાત્ય કાવ્ય મર્મજ્ઞોના નિકષથી કવિશ્રી ન્હાનાલાલની કાવ્યકૃતિઓ અપ્રતિમ ઠરે છે. તેમના કાવ્યમાં કલ્પનાની કુમાશ, અને ecstacy પરમમોદ ભાષાના સંગીતના કલ્લોલ છલકાય છે.

કવિશ્રીનું શબ્દસામર્થ્ય અપૂર્વ છે. એક ભાવ વ્યક્ત કરવા તેઓ અવનવાં વિશેષણો યોજે છે અને અતિ અંગે કાવ્યપંક્તિમાં અનેરૂં રૂપ ફૂટી નીકળે છે. જુઓ તેનાં કેટલાંક દૃષ્ટાંત: સફેદ= 'ગિરિ આરસ દૂધ ધારે', 'તૃષાજ્વલિત લોચન', 'મંગલસ્મિત શોભા', 'શાશ્વત શશિ સૌભાગ્યશો', 'ભાલ કમલ સૌભાગ્ય સુધા', 'મહા પ્રભાવન્તું વસન્ત વિલોલ વદન', 'સોમાર્ક શુદ્ધ મધુ મંજરીનું મધુપી' અહીં 'સોમાર્ક શુદ્ધ'માં પાવિત્ર્યની તીવ્રતમ-ભાવના વ્યકત કરી છે.

કેટલીકવાર તેમનું કવિત્વ ભાષાની ચમત્કૃતિ કે અલંકારની ટાપટીપ વગર વાંચનારના હૃદયને આલિંગે છે. એક ઉર્દુ કવિની ઉકિત યથાર્થ છે કે

'નહીં મોતાજ જેવરકા જીસે ખૂબી ખુદા દે દે,
કિ દેખો ખૂશનુમા લગતા હૈ કયસા ચાંદ બિન ગહના.'

મતલબ કે જેનું પ્રાકૃતિક સૌંદર્ય ઉત્તમ છે તેને અલંકારની જરૂર નથી—જૂઓ ગહનો (ઘરેણાં) વગરનો ચંદ્ર કેવો નયનરંજક જણાય છે. અહીં 'ગહના' પર શ્લેષ છે. ગહના=ગ્રહણ. ગ્રહણ વિનાનો ચાંદ એમ પણ અર્થ છે.

સ્ટોપર્ડ એ. બ્રુકસ રાજવી કવિ ટેનિસનની કૃતિ માટે લખે છે કે :—

The power of seeing beauty and the love of beauty, are not all that makes the great artist. He must also have the power of shaping the beauty which he sees, and in a way peculiarly his own. કવિશ્રીની મનોમુગ્ધકર કલ્પના, શ્રુતિસુખાવહ શબ્દલાલિત્ય, અનેરાં ભભકદાર ચિત્ર નિર્માણ કરવાનું અનેરૂં સામર્થ્ય નિહાળવા માટે આપણે એકાદ બે કાવ્યો પર દૃષ્ટિપાત કરીએ:—

પત્રલેખન

એક નવોઢા મુગ્ધા પ્રેમની દુનિયામાં પ્રથમ પગલાં માંડે છે. દુનિયાનો તેને ઝાઝો અનુભવ નથી. તેનું સર્વસ્વ તેના પતિનો પ્રેમ છે. પતિના હૃદયરાજ્યની રાણીને પતિનો પત્ર મળ્યો છે. આ પત્ર મળતાં તેના મનમાં અનેક વિચાર સ્ફુરે છે. તે જોઇ તે વદે છે કે

અહ પ્રીતશી ? અહ હેત શું ? અહ કુશો અંતર ઉમળકો,
શું પત્ર આ ! શું શબ્દમાં ! શું મૃતક કરથી એ લખ્યો !

ને વ્હાલસોઈના મનમાં એમ થાય છે કે, 'શું આ પ્રીત ! આ શો હૈયાનો ઉમળકો ! પ્રિયતમનું નિરવધિ હેત મારા પર રેલાય છે: પણ તરતજ તેના વિચાર પલ્ટો ખાય છે. તે મનમાં લવે છે કે, આ શું પત્ર છે ? શું શબ્દોમાં પ્રેમ છે ? અને આ વિનાશશીલ હાથથી લખાયો છે. શું નાશવંત અક્ષરો—અવિનાશી પ્રેમને જીરવે ખરા ! કે લીંટીઓમાં શું પ્રેમ છે ! ઓ ! ઠગારાં વચન, તમે મને છેતરતા'તો નથીને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષરસમા અક્ષર વ્હાલ જીરવે ! તુચ્છ લીંટે પ્રેમશો !
શું ચીંથરાં પર સ્નેહ પૂર્યો ! નયન ખોટું શું વદો ?

ના, ના, એમ નથી. વળી વિચાર બદલાયા.

એ પ્રાણપતિનું હૃદય છે, એ આત્મનાં ભવનો નર્યાં
એ ભવનમાં રમતી નિરંતર સુંદરીથી છે ભર્યાં.

એ પ્રાણપતિનું હૃદય છે, એ આત્માનું ભવન છે એટલુંજ નહીં પણ એ ભવનમાં ખેલતી–નિરંતર ક્રીડા કરતી સુંદરીથી ભરેલ છે. પૂર્વસ્મૃતિના પ્રભુત્વથી તે અનેક પૂર્વ-ઘટના આ પત્રમાં માનસિક ચક્ષુથી જુએ છે. પત્રિકાને ઉદ્દેશી કવે છે કે :—

એ વાદળી ઝરતી અલૌકિક જલકિરણ શી ફરફરે,
એ સેરકેશ ઇન્દ્રધનુમાં રાજતી પ્રિય ઝળહળે.
એ માંડવાની વેલડી સુપ્રફુલ્લ ફરકે ફુલકળી,
મુજ પ્રાણ છાંટે, છાંયઢાળી શીતળ કરતી બ્હેનડી.
મુજ ઉર ઝીલતી કંચુકીની ભાતડી પ્રિય તુંજ છો,
મુજ સાડીમાં રહી શોભતું–શોભાવતું ગુલ તુંજ છો.

નાયિકા હેતારિક્તમાં સખિ પત્રિકાને ભેટવા તલપે છેઃ—

છો આવ આવ અવાય ત્યમ મમ બ્હેન ભેટું વ્હાલથી
લાડન્તી લડતી આવ ચાંપુ હૃદય સરસી લાડથી.

હવે તેના તર્ક બદલાય છે. ગંભીર બને છે. તે કહે છે કેઃ—તારા અસ્તિત્વનું કારણ અને મારા જીવનનું કારણ એકજ છે. કોણ ? પરદેશવાસી પ્રાણનાથ.

તુજ જીવન કારણ બ્હેનડી ! મુજ જીવિત કારણ એહ છે
પરદેશવાસી પ્રાણનાથ પ્રવાસી પંખીદેહ છે;
પરદેશથી તને પાઠવી, પરદેશ મૂકી પતિ મ્હને ગયા,
છો આવ, સખિ ! તુજ દર્શ પછી ઘડી નાથ પરદેશે રહ્યા.

વળી પુનઃ વિચાર પલટો ખાય છે. પ્રિયતમની પત્રિકામાં આ હસ્તી પ્રિયતમના હૃદયને નિરખે છે, એટલુંજ નહીં, પણ પોતાના હૃદયનું પ્રતિબિમ્બ 'અલભ્ય અભેદ'થી પ્રતિબિમ્બત થયેલું જુએ છે. પછી તેને એમ થાય છે કે હું પણ એક પત્રિકા પ્રિયતમને પાઠવું.

તે સ્નેહ સુન્દરનું હૃદય તુજમાં વસે– હું જોઉં છું,
મુજ ઉર પણ તુજમાં–અલભ્ય અભેદવતી હું સ્હોઉં છું.
શણગાર એહ સજાવી પ્રિયને તુજ સમી સખી મોકલું
મુજ પ્રાણનાથ વધાવી લેશે પ્રેમજલનું એ કણું.

હવે નવા વિચારવમળમાં તે સપડાય છે. તેને વિચાર થઇ આવે છે કે શું લખવું ? પ્રિયતમની તુલનામાં તે કોણ છે તેનું તેને ભાન થાય છે. પ્રાણનાથ તો આદર્શ નરરત્ન છે. ને તે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું શું લખું ! હું ગુણહીણી ! એ ગુણગભીર નાથને ?
સાગર સમોવડ લહરતો ક્ષિતિ મહાભાવથી ભીંજવે—
આ મંજુ કલવતી વેણુ તે શું મહાઘોષને શીખવે ?
પણ વ્હાલવારિ નદી ! ત્‌હારૂં જા નિધિમાં રેડને
વિસ્તરી હસિત વિશાળ ઉર્મિ રમણ ઉછંગે તેડશે;
અભિષેકી, ચુંબી, ચાંપી જા ! ઊંડા હૃદયમાં સીંચશે.

અહીં શબ્દોની સચોટ અસર, એક પત્રિકા મુગ્ધાના હૃદયાબ્ધિમાં ભાવના કલ્લોલ ઉછળાવે છે તે કેવી અનુપમ સૂક્ષ્મ છટાથી કવિ આંકે છે. એક બીજું કાવ્ય લઈએઃ—

પુનરૂદ્ધાર

નાયિકા વિધવા છે. ચતુર, ભાવનાશીલ, પણ ભીરૂ છે. જગતના સુખદુઃખની છાંયડી, લોકનિન્દાના પ્રહાર સહન કર્યા છે. કોઈ ગુણિયલ રત્નપારખુએ તેને પત્ની તરીકે ગ્રહણ કરી છે. દુનિયાની ટીકાની જાળમાંથી મુક્ત થયેલી આ બાળામાં કોણ જાણે શાથી સાશંકવૃત્તિ જાગૃત થઇ છે. પ્રાણેશના દયાર્દ્ર દિલનો તેને ખ્યાલ છે.

દુર્ભગ બાલે ! સુભગા થઇ તું : હૃદય ! તું કયમ ધડકે છે ?
પ્રેમની અન્તર્માળ આરોપી હા તે વ્હાલા તે છે.

* * *

નિર્દય જગની કઠોરતાની ભોગ થયેલી, બાલે !
નિર્થક નિર્જીવતા ઉદ્ધારી કોમલ મનના વ્હાલે.

* * *

સાવધ જગનાં અગણિત નયને જેમાં કાંઇ ન દીઠું,
તર્છોડેલી નિર્થકતામાં વ્હાલા ! શું છે મીઠું ?

કોમળ હૃદયના કમનીય ભાવો નાજુક પીંછીથી કવિએ આલેખ્યા છે. દુનિયાના કઠોર ડંખથી ડંખાયલી યુવતીનો માત્ર પ્રેમ નહીં પણ ઉપકાર કે ઉદ્ધારની ભાવના આછી તરવરે છે. અહીં કવિનાં વિશેષણો લક્ષમાં લેવાં જેવાં છે. 'નિર્થક નિર્જીવતા' 'સાવધ જગના અગણિત નયને' જગત્ દોષ જોવામાં સાવધ અને ગુણ જોવામાં બેદરકાર કે અંધ છે. હિંદુ સંસારમાં વિધવાની અપાર મુંઝવણ 'સાવધ જગના અગણિત નયને જેમાં કંઇ ન દીઠું' એમાં વ્યક્ત કરે છે. અને બાળા પોતાના પ્રત્યુત્તરમાં પોતાને "તર્છોડેલી નિર્થકતામાં વ્હાલા શું છે મીઠું" કહી પતિના ઉમદા ગુણની કદર વ્યક્ત કરતાં પોતાને નિસ્સાર જણાવી પોતાનો અંતરનો ઉમળકો દાખવે છે. બાળા પ્રકૃતિએ સૌમ્ય છે. સંસારના માનવીઓના કઠોર આચરણથી પરિચિત છે. માનવ હૃદયના કોમળ અને કઠિન ભાવો, મુશ્કિલ અને આસાનનું ચત્રિણ ચારૂતાથી કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉજળા વિશ્વના અન્ધ એકાંતે પ્રજળતી પ્રાણુબિચારી
મનના માન્યા પ્રીતમજીએ જીવન દઇ ઉદ્ધારી.

× × ×

સહૃદય વ્હાલા! પ્રેમાળ પ્રિયતમ, મુજમાં દીઠું શું એવું?
ઉત્સાહી તુજ તરૂણ જીવનનું મૃતને તર્પણ કેવું?

બાળાની મનોગત પ્રાર્થના છે:—

પ્રેમામૃત તુજ છાંટી પ્રિય હે! સજીવ હૃદય જે કીધું,
જીવન તે હે પ્રિય ઉદ્ધારક! તુજ પદ નિશ્ચલ દીધું;
દીનોદ્ધારક! હે દીનપાલક! દીનવત્સલ જગદીશ,
પ્રેમજીવન પ્રિય આ ભવ દીધું દેજો તે દિનનિશ.

આ કાવ્ય સાથે એક ઘટના સંકલિત છે. 'ગુજરાતી' પત્રના દક્ષ સંપાદક સ્વ. શ્રી ઈચ્છારામ સૂર્યરામ દેશાઇ કાવ્યાનુરાગી હતા. ગુર્જર પ્રાચીન કાવ્યો માટે તેમણે ધૂળધોયાનું કામ કરી 'બૃહત્ કાવ્યદોહનમાળા,' ગુર્જર જનતાને ચરણે ધર્યું છે. તેમનો આ લેખક પ્રત્યે પુત્રવત્ પ્રેમ હતો. તેઓ એમ માનતા હતા કે કવિશ્રી ન્હાનાલાલનાં કાવ્યોમાં કંઈ કવિત્વ નથી. તેમણે કાવ્યો વાંચ્યાં નહતાં પણ લોકવાત સાંભળી એવું કહેતા હતા. મેં તેમને 'કેટલાંક કાવ્યો'માંનાં કાવ્યો વાંચી સંભળાવ્યાં. પુનરૂદ્ધાર તેમાનું એક હતું. કાવ્યનો આશય સમજી તેમણે કવિનું વાસ્તવિક મૂલ્યાંકન કરી તેમને ધન્યવાદ આપ્યો અને કવિનાં પાત્રો આદર્શ છે એમ કહ્યું હતું.

ગુજરાત, ગુજરાતનો લીલુડો રસાળ પ્રદેશ, તેના મહાપુરૂષો, તેનો ઇતિહાસ, ગુર્જરીના ગૃહસૌંદર્યની શોભા, જીવનનો ઉલ્લાસ, શોક આ સર્વ કવિસમ્રાટે પોતાનાં કાવ્યોમાં, નાટકોમાં, ઊર્મિગીતોમાં અનેરી રીતે ગાયાં છે. ગુર્જરીની ગૃહભાવના નાજુક પીંછીથી હૃદયરંજક વિવધ રંગોથી સૂક્ષ્મ રીતે આંકી છે. તે ચિત્રોની મેઘ ધનુષ્ય સમી અનુપમ શોભા નયનને મોહિત કરે છે. આત્માને અજવાળે છે: કવિ કહે છે કે

ધન્ય હો, ધન્યજ પુણ્ય પ્રદેશ
અમારો ગુણિયલ ગુર્જર દેશ.

× × ×

આર્યનું સાગરતીર્થ પુરાણ
તપોવન ભૃગુ વશિષ્ઠના ભાણ
ગીતાના ગાનારા મહારાજ
પાર્થના સારથીનાં જ્યાં રાજ્ય:

અને ગુજરાતની વિશિષ્ટતા:—

જ્યાં સિંહણ નિજ સંતાન ધવરાવે જાળે
જ્યાં સાગર ઊછળે નીર, મોતીની પાળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના નીચેના ઉદ્‌ગારો પણ જુઓ :—

"હિન્દુનો, પારસીનો, ખોજાનો, વ્હોરાનો, રાજાનો, રંકનો, રાજમંત્રીનો નટનો, સ્થાપત્યનો, કવિજનનો, જ્ઞાનનો, વ્યાપારનો, ગુજરાતમાં વિકાસ છે, ઉર્ધ્વરમણ છે."

× × ×

"પારસી, ઈસ્લામી, હિન્દુ સૌન્દર્યની એ રસવેલનું યે પ્રફુલ્લન ગુજરાતની નારી પ્રતિષ્ઠાને શોભાવનારૂં છે.

"ગુજરાતણ અજબ સુન્દરી છે.

"પારીઝિયેન (Parisienne) રસરસિયણ તરીકે જગમશહૂર છે : બર્લિનિયેણ ગૃહિણી તરીકે જગમશહૂર છે. ગુજરાતણને રસિયેણ અને ગૃહિણી તરીકે ઓળખે છે તે સહુ ઓળખે છે."

મહારાષ્ટ્રના ગૃહસૌંદર્યને નિરખવાની ઈચ્છા હોય તો તેની લાવણીમાં જડશે. બંગાળનું બાઉલેટ સૂરમાં; ગુજરાતના ગૃહસૌંદર્યની ઝાંખી તેની ગરબીઓ અને રાસમાં થાય છે. કવિશ્રી કહે છે કે,

"રાસ એ ગુજરાતનો રસદીધ વારસો છે. ગુજરાતણ કુવિતા ચરતી ઉછરી છે માટે ગુજરાતણ કાવ્યમૂર્તિ છે.

કવિશ્રી ન્હાનાલાલના કવિત્વના ઉત્તમ અંશો આ ન્હાના ન્હાના રાસોમાં અમૃતાંશુની સોળે કળાથી ફૂટી નીકળે છે. કમનીય ગગનગામી કલ્પના વાક્‌શોભાના અંબર ધરી મેઘમાંથી વિદ્યુત્‌ની આરપાર સોંસરી સરી જાય છે એકાદ બે ઉદાહરણો જોઈએ:—

જરા થોભ.

ચંદ્ર ! જરી જાતાં જાતાં તો બાપુ થોભ
ચંદ્ર ! જરી આછું આછું તો બાપુ થોભ.
વીર, ફુલડે વધાવું,
મ્હારે હઇડે હુલાવું,
જરા જાતાં જાતાં તો બાપુ થોભ.

શરદુત્સવના—નવરાત્રિના દિવસો છે. રાતે ગરબી અને રાસની રમઝટ શેરીએ શેરીએ અને મહોલ્લે મહોલ્લે જામી છે. ગરબા ગાવાનો અંતિમ દિવસ છે, એટલુંજ નહીં, પણ અંતિમ ઘડી છે. આથી આ બાલિકાઓ ચંદ્રને પ્રાર્થે છે કે, હે ચન્દ્ર ! તું અસ્ત થતાં જરા થોભીજા. ખોટું ખોટું તો જરા થોભ. કારણકે આ અનુપમ આનન્દ, સખિઓનો સાથ, ગીત સ્રોતની રસધાર એ સર્વ ફરી પાછું ક્યારે મળશે ? એક વર્ષની અવધિ છે. કોણ જાણે ફરી આ રંગ જામે કે ન જામે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી બાલાઓ ચંદ્રને વીનવે છે:

આવ આંખડીમાં ચન્દ્ર મુકી રાખું,
મારે માથે મુગટ કરી સ્થાપું.
મ્હારા હૃદય મંદિર તણા કરી પુજું પુજાવું,
હો ચન્દ્ર! જરી જાતાં જાતાં તો બાપુ થોભ.

હે સોમદેવ! તમે અદશ્ય થઈ જશો તો શું થશે તેની તમને ખબર છે?

રસ રાસ અધુરા કો રહી જશે,
કંઇ—કુંઈની બેલડીઓ તૂટશે.

(માટે કરગરે છે.)

પ્રાણ વારૂં, પાલવડો પસારૂં.
હો ચન્દ્ર! જરી જાતાં જાતાં તો બાપુ થોભ.
વીર, ફુલડે વધાવું
મ્હારે હઇડે હુલાવું
ચન્દ્ર! જરી સાચું—ખોટું તો બાપુ થોભ.

'વીર, ફુલડે વધાવું' એ કવિશ્રીએ પાછળથી ઉમેરેલ છે. મને મળેલા હસ્તલિખિત કાવ્યમાં તે પંકિતઓ ન હતી. આ પંકિતઓ રાસની rhythem—ગેયતામાં લયમાં અપૂર્વ લાવણ્ય આવે છે. સાગરની તરંગાવલિ આગળ વધે અને પાછી તેમાં કાવ્યની ગતિમાં હેલકાં ખાય છે. ખરી લિજ્જત તાલમાં પણ આપે છે. જોઇ કવિશ્રીની નાજુક કલ્પનાની ભભક? નિરખ્યું તેનું અનેરૂં શબ્દ લાલિત્ય? જેને આંગ્લ વિવેચકો language of music કહે છે તેની રસ પ્રસાદી?

બીજા રસગીત પર દૃષ્ટિપાત કરીએ:—

અજબ કો વેણ

અજબ કો વેણુ વાગી, વેણુ વાગી
હું તો આછી નીંદરમાંથી જાગી, સખિ!
મારા મનની મહેમાની માગી
અજબ કો વેણુ વાગી, વેણુ વાગી
હીર દોરની હિંડોલ દોરી ડોલી, સખિ!
લોક લોકના કલ્લોલ બોલ બોલી,
અજબ કો વેણુ વાગી, વેણુ વાગી.

× × ×

ધીમી ધીમી અમીની છલક આવી, સખિ!
મીઠી હલકે મ્હને એકલી હસાવી:
અજબ કો વેણુ વાગી, વેણુ વાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાયિકા વેણુનાદ સાંભળતાં ઝબકી ઉઠે છે. તેની આછી ઉંઘ ભાંગે છે. નાયિકા એ વેણુનાદમાં જાણી જાય છે કે કોઇ મનની મહેમાની માગે છે. પણ એ નાદ કેવો છે? બાળા પોતેજ કહે છે કે 'લોકલોકના કલ્લોલ બોલ બોલી' અનેક ભાવ તેને સંભળાવે છે. તે નાદ નાજુક કેટલો છે કે હિંડોળાની રેશમી દોરી નજાકતાથી સરકે તેવો છે. વળી વેણુનાદથી મીઠી હલક નાયિકાને હસાવે છે. પણ નાયિકાના હૈયામાં અમીધાર રેડે છે. કામણગારી બંસી કામિની પર શું જાદુ કરે છે તે કવિએ મોહક શબ્દોમાં ચીતર્યું છે. તેના ઉરના ભાવ, તેનો રેલાતો પ્રેમ, તેની પ્રેમવિહ્વલ સ્થિતિ ચારૂતાથી ચિત્રિત થયાં છે. અહીં પણ 'આછી નિંદર' 'મનની મહેમાની' 'મીઠી હલકે' વગેરેમાં અનેરા રંગ પૂર્યાં છે.

હૈયાની વાંસળી

હૈયાંના હેત વ્હેતી વાંસળી વાગી !
વાંસળી વાગી
ને મ્હારી છાતડી જાગી :
દુનિયાના દંશ દેતી વાંસળી વાગી.

અહીં પણ એવોજ બંસીનાદ છે. અહીં પણ નાયિકા તે નાદથી છળી ઉઠે છે. પણ આ નાદ કંઇ ઓર છે. કારણ કે નાયિકા એમાં 'દુનિયાનો દંશ' અનુભવે છે. અહીં દુનિયાના 'દંશ દેતી'માં કવિશ્રીએ ગાગરમાં સાગર ભરી દીધો છે. નાયિકા આ નાદમાં શું અનુભવે છે?

એનો ઘેરો ટૂહુકાર
મ્હારા ઉરનો આધાર
મ્હારો ઉંડો ઉંડો જાણે જીવન લલકાર
દુનિયાના દંશ દેતી વાંસળી વાગી.

'ગોપનાથ મહાદેવ'ના વર્ણન વખતે કવિ ઉદ્‌ગારે છે કેઃ—

ઉત્તુંગ શૃંગ પ્રભુ જો પ્રિય ગોપનાથ,
ઊભાં પદે ઘડિક આપણ ગોપ ગોપી.
ઘેરી બજે મધુર મોહક ભવ્ય બંસી
તેને સુરે સખિરી જીવન નૃત્ય થાવું.

એ અનેરા બંસીનાદથી કવિ જીવન નૃત્ય કૃતાર્થ કરવા ઈચ્છે છેઃ 'બ્રહ્મ બંસરી'માં પણ એજ અનાહત નાદ— eternal voice સૂણે છે.

બીજાં કેટલાંક રસગીતો પર વિહંગમદૃષ્ટિ નાંખીએઃ—

વેણુ

આકાશ ઉભું ધરી ઉદયાચળ થાળમાં
આકાશે નાંખ્યું મ્હેં વેણ:
વેણ મ્હારૂં નંદવાયું રે.

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતરી વિધાત્રી લઇ કુંકુમ કંકાવટી,
કુંકુમનું નાંખ્યું મ્હેં વેણ:
વેણ મ્હારૂં નંદવાણું રે.

અહીં 'કુલડાંનું વેણ' 'કુંકુમનું વેણ' 'રસકેરૂં વેણ' 'તેનું નંદાવું' ના પ્રયોગથી ઘેરાભાવને અપૂર્વ અર્થ ચમત્કૃતિથી સાધ્યા છે. એ વિશેષણોથી વેણનું પાર્થક્ય એક અનેરી વિશિષ્ટતા કવિનેજ સાધ્ય છે. જેઓ વક્રોક્તિજીવિત* ? ને કાવ્યનું આવશ્યક અંગ માને છે તેઓની રસમાળા માણી શકશે. આ કાવ્યમાં શબ્દ અને અર્થની વક્રોક્તિ સ્પષ્ટ છે.

ડોલે

નીર ડોલે, નીર ડોલે, સૃજનનાં નીર ડોલે રે:
નીર ડોલે, નીર ડોલે, પ્રલયનાં નીર ડોલે રે.

× × ×

શેષ કેરા મણિ ડોલે, સાગર તરંગ ડોલે
ડોલે બ્રહ્મા પદ્મને હિન્દોલે:.
સૃજનનાં નીર ડોલે.

અહીં 'નીરડોલે'ની પુનરૂક્તિ એ કાવ્યની લયમાં અજબ જાદુ આણ્યું છે. કાવ્યની મજા તેના વ્યંગની સ્ફુરતા ધ્વનિમાં છે. ઘણાં ગહન ભાવ દિલને આનંદમાં નિમજ્જીત કરે તેવા છે :

બીજા એક રસગીતમાં :—

તરસ્યા એ વાદળીતીર,
વિહંગરાજ તરસ્યા ઊડે રે:
સન્ધ્યાના સાગરને નીર,
વિહંગરાજ તરસ્યા ઊડે રે:

× × ×

સાન્ધ્ય રંગી સાળુ, મહીં મેઘશ્યામ વાદળી
રૂપેરી પાલવનાં ચીર,
વિહંગરાજ તરસ્યા ઊડે રે.

અહીં પણ કાવ્યનો આશય ધ્વનિથી જ અનુભૂત થાય છે. રસપ્રચુર વાદળી છે. આમ પ્રચુર કારણ સામગ્રી હોવા છતાં તૃષા છીપાવાનું કાર્ય નિષ્પન્ન થતું નથી. અલંકારની વિશેષોક્તિનો ભાસ થાય છે. અહીં વાસ્તવિકરીતે more is meant than meets the eye or ears છે.

---

* वक्रोक्तिः प्रसिद्धाभिधान व्यतिरेकिणी विचित्रैवाभिधा
वैदग्ध्यं कवि कौशलं तस्य भङ्गी विच्छित्तिः ॥ वक्रोक्तिजीवित. १-२२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાવા દ્યો જોગીરાજ

કોઇ ચતુર વાગ્વિદગ્ધા નાયિકા છે, કોઇ ત્યાગી પર તેનો પ્રેમ ઢળ્યો છે. નાયિકા ચતુર છે, પ્રવીણ છે, મસ્તીખોર અને કંઇક નિડર છે; સીતા જેવી નથી પણ દ્રૌપદી જેવી; આપણા ગોવર્ધનભાઇની કુસુદ જેવી નહીં પણ કંઇક કુસુમ જેવી છે. જેના પ્રત્યે તેને પ્રેમ છે, તે તેના હૃદયમંદિરના દેવની કીર્તિ નિષ્કલેશ રહે એવી પણ એની અભિલાષા છે.

તે કવે છેઃ—

જાવા દ્યો, જોગીરાજ ! અળગા રહો નાથજી
આમ શું માયા લગાડો રે ?
સરિતાને કાંઠડે કે વનની મઢુલીમાં—
ક્યાં તમ ફુલરોપ રોપશોરે
જાવા દ્યો જોગીરાજ.

પ્રથમની બે પંક્તિઓમાં તેના દિલનો ઉભરતો પ્રેમ વ્યક્ત થાય છે. તેના ભાવ છુપાવ્યા છૂપે તેમ નથી અને તેની તેને લેશમાત્ર ચિંતા પણ નથી. તે જોગીરાજને પ્રશ્ન પૂછે છે—મનમાં બીજો ખ્યાલ આવતાં પૂછે છે—તમારો ફુલરોપ ક્યહાં રોપશો ? સાધુ માટે આ એક સમસ્યા છે. પણ ફરી તેના કલ્યાણની ભાવના બળવત્તર બનતાં, જેનાપર સર્વસ્વ ઓવારી નાંખવા તૈયાર થઈ છે તે મન પર અંકુશ મૂકી ઉદ્‌ગારે છે કેઃ—

ભેખ હસાવશોને, ચુંદડી લજાવશો
રત્નોને રજ તો ચ્હડાવશો રે
હું તો છું બાલુડીને આપ દેવ દેહી,
આંખલડી રાજ ! મા નચાવશો રે.

બાળાના સંયમરૂપી ખડક પર હૃદયના ઘુઘવતા તરંગો નિરર્થક અથડાય છે. **वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि** તેનું હૈયું છે. તે આંસુ સારતી નથી. અફસોસ કરતી નથી પણ સહજમાં ઇશારો કરે છે કે

“ આંખલડી રાજ ! મા નચાવશો રે. ”

કવિશ્રીનું શબ્દ સૌષ્ઠવ, અને અર્થગાંભિર્ય ‘ ભેખ હસાવશો ’ ‘ ચુંદડી લજાવશો ’ માં પાંગરી ઉઠે છે.

કાશ્મીરી શાલ

આ કાવ્યમાં નાયિકાના ભાવ તેના હૃદયસરના કાંઠા તોડી રેલાય છે, કહોને ઉભરાવા જાય છે. નાયિકાની ઈચ્છા તેને ઢાંકવાની છે, છતાં ઢંકાતા નથી. માનવ હૃદયમાં કોઈવાર અદૃશ્ય ભાવોની ભરતી આવે છે; સાથે મનમાં એમ પણ થાય છે કે લોકદૃષ્ટિએ તે ન પડે તો ઠીક. દિલના આવરણો એવાં આવતાં હોય છે કે તે વ્યકત થઇ જાય છે. નાયિકા પ્રાર્થે છે ? કોને ? સખિને. કારણકે મનોવેદના સખિ આગળ ઠાલવી શકાય છે. આથી ત્રસ્ત નાયિકા કવે છે કેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું તો ઓઢું—ઓઢું ને સરી જાય રે
મ્હારી કાશ્મરી શાલ;
મ્હારૂં હૃદય ઢાંકું એવી બતાવ, સખિરે
કોઈ લાજવણુ શાલ— હું તો—

× × ×

મ્હારે હૈયે બ્હેન! શાલ ન આવી રહે રે લોલ;
મ્હારી લાજ કેરાં ચીર તે લેતી વહે રે લોલ;
રખે ઉરલેખ લોક કો વાંચી લહે રે લોલ;
મ્હને ગુંથી આપ, રાજવણુ લાલ
એક અદ્દભુત શાલ.
મ્હારૂં હૃદય ઢાંકું એવી બતાવ, સખિ રે!
કોઇ લાજવણુ શાલ.

માનવહૃદયના કોમળભાવો મૂર્તિમંત કરવામાં કવિ સિદ્ધહસ્ત છે. સૂક્ષ્મભાવોની અભિવ્યકિત માટે આપણે એક બીજું કાવ્ય જોઈએ.

પાણીડાં કેમ ભરીએ ?

સખિ! આવે—આવે ને ઓસરે પાણીડાં કેમ ભરીએ ?
એવાં માહિષ્મતીનાં નીર, પાણીડાં કેમ ભરીએ ?
મ્હારે પાંચ—પાંચ તત્ત્વના માંડવા પાણીડાં કેમ ભરીએ ?
મ્હારે ત્રણ ત્રણ ગુણની વેલ પાણીડાં કેમ ભરીએ ?

માનવદિલની મુંઝવણુ કવિ અહીં આલેખે છે. શોક, હર્ષ, સુખદુઃખ, હેય અને ઉપાદેયના દ્વંદ્વમાંથી માનવને વાટ કાઢવાની છે. પાણી ભરવાનાં છે. પાંચતત્ત્વો—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ—નો માંડવો છે. સત્ત્વ, રજસ્ અને જ્યાં નિસ્સિમના સમીર ઉછળે છે. આવી સ્થિતિમાં પાણી ભરવાનાં છે. 'વિશ્વગીતા' નું આ કાવ્ય માનવમનની મુંઝવણુ મૂર્તિમંત કરે છે.

પ્રશ્નોની પરંપરાથી કવિ કેટલીકવાર કોઇ અપૂર્વ ભાવના પ્રસ્તુત કરે છે. આના કેટલાંય ઉદાહરણો આપણને તેમની કાવ્ય કૃતિઓમાં મળી આવે છે.

'ભેદના પ્રશ્ન' કવિ કોકિલ ટૂહુકે છે કેઃ—

મ્હેં તો કુંકુમે લીંપ્યું મ્હારૂં આંગણું રે લોલ :
કોઈ ભેદુ આવે તો ભેદને ભણે રે લોલ.
મ્હારી આંખ અમોઘ આંસુડાં વહે રે લોલ
વિધિ જોઇ જોઇ કાં હસી રહે રે લોલ?

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાન સ્નેમ જુ ન, ત્હોય ગાન વેદનાં રે લોલ:
રૂદન અરૂચે, રૂચે છે તોય વેદના રે લોલ.

× × ×

કૃપાનાથે બ્રહ્માંડ એવું કાં કીધું રે લોલ:
નયન આવડું, ને જગતો મ્હોટું બધું રે લોલ.

× × ×

તેજ આવે, તો અર્ધ દિવસ આથમે રે લોલ:
જીવન જાગે, તો અર્ધ નિન્દમાં શમે રે લોલ.

× × ×

લોક કહે છે, પ્રભુના મીઠા બોલડારે લોલ:
એક લીધા કંઈ મુજ શું અબોલડારે લોલ!

અહીં પ્રશ્નોની પરંપરાથી અણઉકેલનો ઉકેલ થાય છે. છેલ્લી બે પંક્તિમાંનું ભાવ લાલિત્ય એટલું મનોહારી છે કે પ્રાણ ઓવારી નાંખીએ એમ થાય છે.

આંગ્લ કાવ્યવિવેચક આલ્ફ્રેડ નોઇઝ રાજવી કવિ ટેનીસન માટે લખે છેઃ—

Always there is extraordinary sense of elusion, sometimes as a fragrance of the presence of the Eternal.

—એનો આપણા ગુર્જર કવિ સમ્રાટના કાવ્યોમાં સાક્ષાત્કાર થાય છે.

ગુર્જરીનાં ગૃહજીવનની ઝાંખી, તેના વિલાસ, તેનો આનંદ, તેના શોક ઘેરા પ્રસંગ, તેનાં પર્વોની ઉજવણી, તેના નાજુક ભાવોનો પરિમલ રાસોમાં મ્હેંકે છે. "જો! જો! સાહેલડી મારો કન્થ' 'મ્હારો હિંચકો' 'કંથ કોડામણી, 'સ્નેહપર્વણી' 'અબોલડા' 'પ્રીતમ પધારે છે ઘેર' વગેરેમાં આપણને દૃષ્ટિગોચર થાય છે. કેટલાકમાં પ્રકૃતિદેવીનું નર્યું સૌન્દર્ય નીતરે છે. કેટલાકમાં ભાવનાની ભભક આંજી નાંખે એવી હોય છે. કોઇક કાવ્યોમાં હિમગિરિના ઉન્નત શૃંગોથી ઊંચી કલ્પના ઉડે છે.

આપણા ગ્રામ્યજીવનનું અનોખું ચિત્ર આંકતું એક ઊર્મિગીત જુઓઃ—

મહિડાં

હલકે હાથે તે નાથ! મહીડાં વલોવજો,
મહીડાંની ન્હોય રીત આવીરે લોલ,
ગોળી નંદાશે નાથ, ચોળી છંટાશે નાથ
મોતીડાંની માળા તૂટશે રે લોલ.
ન્હાની શી ગોરસીમાં જમનાજી ઉછળે
એવી ન નાથ દોરી રાખો રે લોલ;
ન્હાની શી ગોરસીમાં અમૃત ઠારિયાં
હળવે ઉઘાડી નાથ ચાખો રે લોલ.
હળવે હાથે તે નાથ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં ભાવનું લાલિત્ય, કાવ્યનો પ્રસાદ, ગુણનો મહિમા, અનેરી વર્ણન છટા, શબ્દોની કમનીયતા, ગોરીનાં હૈયાનાં 'આકર્ષક લોલ' ગીતના ઢાળની નૈસર્ગિક ચારૂતા, સૂક્ષ્મભાવોની અભિવ્યક્તિ ચિત્તાહ્લાદજ છે. કાવ્યના ભાવ દિલને કામણ કરે છે તો તેનું ધીમીગતિથી થતું વહન કાનમાં ગુંજે છે. એક આંગ્લ વિવેચનકારે આંગ્લ કવિના ગુણ-ગાન કરેલા શબ્દો સ્મરણમાં તાજા થાય છે કે,

"not only in the simplicity and precision of the prasing but its music is alive"

કવિશ્રીએ શું નથી ગાયું ? તેમનાં કાવ્યોમાં ગરવીગુજરાતણનાં ઉન્નત ગૃહ સૌંદર્યની ઝાંખી થાય છે; તેમની ઉછળતી ઊર્મિઓ હૃદયને રસમાં તરબોળ કરે છે; તેમની ઉદાત્ત ભાવના હૃદયની કલુષિતતા હરણ કરી તેને કાશ્મીરના નન્દનવનની અનેરી શોભામાં હડસેલે છે; તેની શબ્દ રચનાનું ચાતુર્ય અંતરને આહ્લાદ આપે છે; તેમની વર્ણનછટા હૃદયોર્મિને વેગ આપે છે; તેમનો ભક્તિભાવ માનવજીવનના આંતર પાપોને હરે છે; તેમણે ગુર્જરભાષાને સમૃદ્ધ કરી છે; તેમણે આપણી ગૃહ રાણીઓને નીતિભક્તિનો અમર સંદેશ આપ્યો છે; તેનાં મનોહારી ચિત્રો નાજુક પીંછીથી નભને આરે વિરાજતા મેઘ-ધનુષ્યના મનોમુગ્ધહર રંગોથી આંકી છે; તેના ભાવની મ્હેંક સદૈવ મ્હેક મ્હેક થાય છે. તેમનાં પદ્યોની ગેયતા રસિકની હૃદય તંત્રીના તાર ઝણઝણાવી મૂકે છે. દિલ કોઈ અપૂર્વ દિવ્ય આનંદમાં ડોલે છે.

રાજવી કવિ ટેનીસન રોમન કવિ વર્જિલ માટે લખે છે કેઃ—

All the charm of all the Muses
often flowering in a lonely word."

તે કવિશ્રીને માટે યથાર્થ છે.

આ લખતાં કવિશ્રીની કૃતિઓનું પુનરાવલોકન કરતાં તેમની મૂર્તિ અને તેમના પ્રસંગો સ્મરણમાં તાજાં થતાં હૈયું ગળગળું બને છે અને મિલ્ટનની પંક્તિ સ્મરણે આવે છેઃ—

Seasons return, but not to me
returns the human face divine.

સાથે એ મમતાળું મિત્રની પંક્તિ પણ કર્ણપટમાં ગુંજી રહે છેઃ—

આવી રમન્તી પૃથિવી કરી વિશ્વયાત્રા,
આવી ન તે ફરીથી પ્રેમળ આત્મછાયા.

રમણિક અ. મહેતા.

पुस्तकालय गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોલનશૈલીનું સાર્થક્ય

ઇ. સ. ૧૯૦૫ની સાલનો ગુર્જર સાહિત્યદેશે સૌથી મહાન બનાવ તે ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપનાનો નહિ, પણ ગુર્જર પ્રજાના ચિદાકાશમાં ત્યારથી લગભગ અર્ધી સદી પર્યન્ત એકધારૂં 'પ્રફુલ્લ અમીવર્ષણ' કરનાર 'ચંદ્રરાજ' કવિવર ન્હાનાલાલના ઉદયનો છે. ઈ. સ. ૧૮૯૮ માં રચાયેલી કવિની પ્રથમપહેલી રચના 'વસંતોત્સવ' ત્યારે—તેમના પ્રથમ કાવ્યસંગ્રહ 'કેટલાંક કાવ્યો-૧' પછી બે વર્ષે—પ્રગટ થઈ, અને સાહિત્ય-રસિક જનતાએ કવિશ્રી ન્હાનાલાલના વ્યક્તિત્વની અપ્રતિમ છાપ ધારણ કરતી ડોલનશૈલીનો આસ્વાદ પણ ત્યારેજ સૌથી પહેલો ચાખ્યો. પછી તો કવિનો પ્રતિભાધોધ એક તરફ ઉત્કૃષ્ટ ભાવાવેશવાળા, સુંદર લયવાહી રાસો અને છંદોબદ્ધ કાવ્યોમાં, તો બીજી તરફ એકધારા ઉન્નત વકતવ્યને ધારણ કરતી અછાંદસ કાવ્યકૃતિઓ અને નાટ્યરચનાઓમાં તેમના અવસાન પર્યન્ત ઝિલાતો રહ્યો. 'બ્રહ્મદીક્ષા', 'ગુરૂદેવને', 'સૌરાષ્ટ્રનો સાધુ', 'ગુજરાતનો તપસ્વી', 'રાજવીર', 'નવયૌવના' અને 'સૌભાગ્યવતી' જેવી ઉત્તમ કાવ્યરચનાઓએ અને ગુજરાતી નાટકસાહિત્યમાં નવી જ ભાત પાડતી 'ઇન્દુકુમાર' અને 'જયા જયંત' જેવી નાટ્યકૃતિઓએ ડોલનશૈલીને ગુજરાતી સાહિત્યમાં ચિરપ્રતિષ્ઠિત સ્થાન અપાવ્યું છે.

કવિના આ વિચક્ષણ શૈલીપ્રયોગ વિશે આજ સુધીમાં પરસ્પર ભિન્ન ગણાય તેવા અનેક અભિપ્રાયો ઉચ્ચારાઇ ગયા છે. કોઇએ ડોલનશૈલીને રાગબદ્ધ ગદ્ય ગણી છે, તો કોઈએ તેને ગદ્ય અને પદ્યના સીમાડા ભૂંસવા મથતી ભાવ અને છટાવાળી શૈલી કહી છે. કોઇએ તેની ઉચ્ચભાવકક્ષા (Pitch) અને ઉદાત્ત વિચારશ્રેણીથી અંજાઇ જઇને તેની સરખામણી, ઈ. સ. ૮૦૦-૯૦૦ ની આસપાસના પ્રાચીન અંગ્રેજી કાવ્ય 'બીઓ વૂલ્ફ'ની એપિક-શૈલી જોડે કરી છે, તો કોઇએ વળી તેને મિલ્ટનના 'પેરેડાઇઝ લૉસ્ટ' મહાકાવ્યના મહાછંદ સાથે સરખાવી છે. એક કાગળના ટુકડા ઉપર લાંબી ગદ્ય પંક્તિઓ લખીને, તેના યથેચ્છ નાના મોટા ટુકડા કરીને ગોઠવીએ, એટલે ડોલનશૈલીમાં લખાણ થઇ ગયું, એમ અભિપ્રાય આપીને આ શૈલીને શુષ્ક ગદ્યની પ્રાકૃત કોટિએ ઉતારી પાડવાનો પ્રયાસ પણ થયો છે.

આ બધા મતોને પૃથક્ પૃથક્ લઈને દરેકનો રદિયો આપવાનો અહીં ઉદ્દેશ નથી; પરંતુ તેમને વિશે સંક્ષેપમાં એટલું કહી શકાય કે આ અનિયમિત ડોલનવાળી શબ્દાવલિને આપણા અક્ષરમેળ છંદના જેવા લઘુગુરુના માપવાળી 'બીઓ વૂલ્ફ'ની પંક્તિઓ જોડે, અગર તો મિલ્ટનની પાંચ શ્રુતિઓવાળી (Iambic Pentameter) 'બ્લેંક વર્સ' જોડે સરખાવવી અયુક્ત છે; તેમ બીજી તરફ એને સાધારણ ગદ્યની શુષ્ક જડ સ્થિતિએ ઉતારી પાડીને, અગર તો સ્વચ્છંદી રચના તરીકે ગણાવીને તેની અવહેલના કરવી તે પણ અન્યાય્ય છે. વસ્તુતઃ, સાહિત્યની દુનિયા તેને અપદ્યાગદ્ય તરીકે ઓળખે છે તેમાં જ એની સિદ્ધિ અને મર્યાદાનું સૂચન થઇ જાય છે. તે અપદ્ય છે, કારણ કે પિંગળનો કોઈ પણ નિયમ તેને સ્વીકાર્ય નથી. તે અગદ્ય છે, કેમકે સાધારણ કોટિના ગદ્યના કરતાં તે અનેકધા ઉચ્ચ છે. પોતે 'કાવ્યદેહનું કલેવરવિધાન મીટર નહિ, રીધમ છે—છંદ નહિ, ડોલન છે' એમ શ્રદ્ધા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વક માનતા હોવાથી કવિએ આ શૈલીને ડોલનશૈલી કહી છે. ડોલનને પોતાની કાવ્યબાનીમાં સિદ્ધ કર્યું એટલે પત્યું, એવો એમનો દૃઢ ગ્રહ હતો, એટલે કવિતા માટે છંદની અનિવાર્ય જરૂર તેમણે સ્વીકારી નહિ, અને ઉપરાઉપરી અછાંદસ રચનાઓ આપવા માંડી.

પણ આથી રખે કોઇ એમ માને કે ડોલનશૈલી એ ન્હાનાલાલે સ્વીકારેલું નિર્બળનું હથિયાર હતું. છંદોબદ્ધ કાવ્યો લખવાની અશક્તિમાંથી અછાંદસ. રચનાઓ તરફ કવિ વળ્યા નથી તે એમની 'કેટલાંક કાવ્યો'માંની સંખ્યાબંધ છંદોબદ્ધ કાવ્યકૃતિઓ, 'ચિત્ર-દર્શનો'માંની 'કુલયોગિની' 'તાજમહેલ' અને 'પિતૃતર્પણ' જેવી એ જ પ્રકારની ઉત્કૃષ્ટ રચનાઓ અને ગીતા તથા ઉપનિષદ્‌ના સમશ્લોકી અનુવાદો સમર્થપણે બતાવી આપે છે.

ખરી રીતે ડોલનશૈલીના પ્રયોગ પાછળ કવિનો મુખ્ય ઉદ્દેશ પોતાના ભવ્યસુંદર કલ્પના વૈભવને યથાર્થ રીતે ઝીલે તેવો સમર્થ સતતવાહી મહાછંદ શોધવાનો હતો. તેમણે વાણીના ડોલનને કવિતાસુંદરીની કુદરતી શરીરશોભા કહી, પણ તેના નિશ્ચિત કે નિયમિત માપની આવશ્યકતા સ્વીકારી નહિ. 'પાણીના નાનામોટા પ્રત્યેક મોજાની થોડીઘણી કલાઓ–Phases થાય છે, તેમ અન્તરના ઊર્મિની કલાઓ થાય છે' એમ કહીને કવિ અણુસરખા માપવાળી પંક્તિઓમાં વહેતી આ શૈલીના અનિયમિત ડોલન વિશે ખુલાસો કરે છે, છંદનાં બંધનોને ફગાવી દેનારી ડોલનશૈલી મહાછંદ બની શકી નહિ—એ તો કવિએ પોતે પણ કબૂલ્યું છે—તેમછતાં એ શૈલીએ ન્હાનાલાલને મહાકાવ્યની રચના માટે અગત્યનું વાહન પૂરૂં પાડ્યું છે એ ભૂલવું ન જોઇએ. 'મહાભારત'ના મૂળ વસ્તુને નવીન કલ્પના તેજે મઢીને તેમણે કરેલો મહાકાવ્યનો પ્રયોગ 'કુરૂક્ષેત્ર' આ વાતની સાક્ષી પૂરે છે.

કવિતાના બાહ્યસ્વરૂપ કે આકારનો વિચાર કરતાં ડોલનશૈલીમાં ઊતરેલી સર્વકૃતિઓ અપદ્ય છેજ તે ઉપર જોયુ. પણ જેમ સઘળી પદ્યકૃતિઓ કવિતા હોતી નથી, તેમ સઘળી અપદ્ય રચનાઓ કવિતા નહોય તેવો પણ કોઇ નિયમ નથી. ન્હાનાલાલની ડોલનશૈલી પિંગળના નિયમને અનુસરતી નથી, છતાં કાવ્યના અંતસ્તત્ત્વ રસને ઉત્કૃષ્ટ પ્રમાણમાં ધારણ કરે છે કવિની અપદ્યાગદ્ય રચનાઓને મમ્મટની કાવ્યવ્યાખ્યા[1] લાગુપાડો કે દંડિન્‌ની[2], વિશ્વનાથની[3] લાગુપાડો ;કે જગન્નાથની[4], વામનની[5] કે આનંદવર્ધનની[6],

૧ तद्दोषौ शब्दार्थौं सगुणौ अनलंकृती पुनःक्वापि । (મોટા દોષવિનાના, ગુણયુકત, અને કવચિત્ સ્પષ્ટ અલંકારરહિત શબ્દ અને અર્થ તે કાવ્ય)

૨ शरीरं तावत् इष्टार्थव्यवच्छिन्ना पदावली । (ચમત્કારજનક અર્થવિશિષ્ટ પદસમૂહ તે કાવ્ય)

૩ वाक्यं रसात्मकं काव्यम् । (રસયુકત વાકય તે કાવ્ય.)

૪ रमणीयार्थ प्रतिपादकः शब्दः काव्यम् । (ચમત્કારિક અર્થ પ્રતિપાદન કરનાર શબ્દ તે કાવ્ય)

૫ रीतिः आत्मा काव्यस्य । (રીતિ–ગુણવિશિષ્ટ પદરચના કાવ્યનો આત્મા છે.)

૬ ध्वनिः आत्मा काव्यस्य (ધ્વનિ કાવ્યનો આત્મા છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એરિસ્ટોટલની[૭] કે વર્ડ્ઝવર્થની[૮], કોલરિજની[૯] કે મેથ્યુ આર્નોલ્ડની[૧૦],—કવિતાની કોઇ-પણ વ્યાખ્યાને એ કૃતિઓ અવશ્ય સંતોષશે; એટલું જ નહિ, કેટલાંક કાવ્યોતો તે તે વ્યાખ્યાઓના ઉત્તમ દૃષ્ટાંતરૂપ બની રહેશે. રસ અને અર્થયુક્ત પદાવલિ, ધ્વનિ, રીતિ, કલ્પનાનો સંભાર, અલંકારસમૃદ્ધિ, ઊર્મિનો સંવેગ, જીવનની સમીક્ષા : એમ હરકોઇ ધોરણે 'વસંતોત્સવ', 'બ્રહ્મદીક્ષા', 'ગુરુદેવને', 'નવયૌવના' અને 'ગુજરાતનો તપસ્વી' જેવાં કાવ્યો ઉત્તમકવિતાના એક એકથી ચડિયાતા નમૂના પૂરા પાડે તેમ છે.

ભાવ, વિચાર કે વકતવ્યને ઉચિત્ત છંદની પસંદગી હરકોઇ સિદ્ધહસ્ત કવિ કરતોજ હોય છે. પ્રેમ અને ભક્તિના કોમળ તેમજ ધીરગંભીરભાવની વિવિધ સ્થિતિઓને ન્હાનાલાલે પોતેજ કેવી સમર્થ રીતે અનશુદ્ધ વૃત્તરચનામાં અને મધુર લયવાહી રાસના ઢાળમાં વહેતી કરી છે! પણ સાથે સાથે એકધારા ભવ્ય અને ઉન્નત વકતવ્યને માટે કયો છંદ અનુકૂળ? એવો પ્રશ્ન આ પ્રતિભાવંત કવિના મનમાં ઘોળાયા કરે છે. છંદોબદ્ધ કાવ્યોમાં પ્રત્યેક ચરણની અંદર લય ધીમેધીમે વૃદ્ધિ પામતો પામતો પરાકાષ્ઠાએ પહોંચે છે, અને પછી તેનો અવરોહ શરૂ થાય છે, તેને લીધે કાવ્યમાં વિષયવર્ણન કે વસ્તુકથનની એકધારી ઉન્નત ભાવકક્ષા સચવાઇ શકતી નથી. તેથી તેના ચિત્તમાં વિમાસણ થાય છે. ઘણા પ્રયત્નને અંતે તેનું રંગદર્શી (romantic) માનસ ડોલનશૈલીનો પ્રગલ્ભ પ્રયોગ કરવા પ્રેરાય છે. તે ડોલનશૈલીમાં સતતવાહી ઉચ્ચ ભાવકક્ષા સાચવી શકે છે. આમ, કવિને ભવ્ય વિષયને અનુરૂપ ઉદાત્ત વાહન મળી રહે છે. ગમે તેવા વસ્તુકથન કે ભાવ-નિરૂપણ માટે કવિએ આ શૈલીનો ઉપયોગ કર્યો નથી એ પણ સાથે સાથે ધ્યાનમાં લેવું જોઇએ. 'ગુરૂદેવને' એ કાવ્યમાં સાદ્યંત જળવાઇ રહેલો કવિનો ગુરૂ પ્રત્યેનો અપૂર્વ પૂજ્યભાવ જુઓ, કે 'બ્રહ્મદીક્ષા' ની અંદર સતત વહેતો ભવ્યગંભીર કરૂણભાવ જુઓ. નમૂના દાખલ તેમાંથી નીચેની પંક્તિઓ ધ્યાનમાં લેવા જેવી છે :

વિદાય લેશો, વીર !
દુનિયાનો અંત વિદાય જ છે,
આદિ ભલે અન્યથા હો.
પણ એકવેળા તો આંખ ઉઘાડો,
એક છેલ્લી મીટથી તો જગતને જોઇલ્યો.

---

૭ Poetry is imitation of life (કવિતા એટલે જીવનનું અનુકરણ)

૮ Poetry is emotion recollected in tranquility.
(કવિતા તે મનની શાંત પળોમાં સંભારેલો ચિત્તક્ષોભ છે.)

૯ Poetry is the best words in the best order.
(કવિતા એટલે ઉત્તમ પદાવલિનું અનવય આયોજન.)

૧૦ Poetry is the criticisen of life.
(કવિતા એટલે જીવનની સમીક્ષા.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું જગત બહુ જોયું ?
ભલે, ત્હમને ગમ્યું તે અમને ગમશે જ.
ક્ષર મૂકી અક્ષરધામમાં,
મૃત મૂકી અમૃતત્વમાં,
મનુકુલ મૂકી ચિરંજીવ દેવોમાં :
એ જ કલ્યાણપંથ, ભાઇજી ! (બ્રહ્મદીક્ષા)

ધીરોદાત્ત કરૂણને એકધારી ઉન્નતકક્ષાએથી વહેવડાવવામાં છંદોબદ્ધ રચના કરતાં ડોલનશૈલી વિશેષ સફળ થાય છે, તેની પ્રતીતિ આખું 'બ્રહ્મદીક્ષા' કાવ્ય વાંચનારને થયા વગર રહેતી નથી.

અતિ રમણીય પ્રકૃતિચિત્ર કે મોહક વ્યક્તિચિત્રના આલેખનમાં પણ કવિએ આ શૈલીનો ઉપયોગ કર્યો છે. કવિની કલ્પનામાં વસેલ 'રાજવીર', 'નવયૌવના' કે 'સૌભાગ્યવતી', 'સૌરાષ્ટ્રનો સાધુ' કે 'ગુજરાતનો તપસ્વી', આ સિવાય બીજી કઇ વાણીમાં ઊતરી શકે એમ તે તે કાવ્યમાંના શબ્દચિત્રનો વિચાર કરતાં હરકોઈ સહૃદયને લાગ્યા વિના રહેતું નથી. કવિની રંગદર્શિતા એના ખરાસ્વરૂપમાં ખરૂં જોતાં આ 'ચિત્રદર્શનો'માં જ પ્રતીત થાય છે. લાંબી સમશેરને અઢીંગીને રાજ્યવિસ્તારને વિલોકતો ઊભો રહેલો 'આજાનબાહુ' ને 'કીર્તિકેતુ' 'રાજવીર' જુઓ. કે 'ભ્રકુટિ કોતરેલ કમાન નીચે રસભર વેલી સમી નમેલી' 'નવયૌવના'નું ચિત્ર નિહાળો: દરેકમાં કવિની અભિજાત સર્ગશકિતના ફળરૂપ કલ્પનાનો અપૂર્વ વૈભવ પ્રતીત થવાનો જ.

કવિએ પોતે જ 'ગુરુદેવને' કાવ્યમાં કહ્યું છે:—

'સૂર્યનું કિરણ સપ્તરંગે ઊઘડે,
ને સાતે રંગ પાછા સંકેલાઇ
એકજ્યોત શ્વેત કિરણ સોહાય'

—એમ કવિ ન્હાનાલાલની કલ્પના એક એકથી સુંદર અલંકાર રૂપે ઊઘડીને અખંડ સ્વરૂપે વિલસી રહે છે. કવિની ગગનગામી કલ્પનાપાંખ ડોલનશૈલીમાં નિર્બંધપણે વિહરે છે. અને અનેક અપ્રતિમ ચારુતાવાળાં અલંકારઝુંડ ઊભાં કરે છે. આ અલંકારો કાવ્યના અંતર્ગતભાવને ઉપકારક નીવડે છે, એટલુંજ નહિ પણ તેના અંગીરસ સાથે એકરૂપ થઈ જાય છે એની ખાસ વિશિષ્ટતા ગણાય. ડોલનશૈલીમાં રેલાયેલ પ્રત્યેક કાવ્ય આના અનેક દાખલા પૂરા પાડે છે. અહીં તેના થોડાક નમૂના જોઇએ :

(૧) એ માનવસળેકડું છે શું ?
સળેકડાથી યે રેખાપાતળું
એ કિરણ છે મહાસૂર્યનું—
અડગ અને અવ્યય,
અખંડ અને અપ્રમેય: ('ગુજરાતનો તપસ્વી')

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) સૂર્ય કરતાં સૂર્યપ્રકાશ વિસ્તીર્ણ છે,
પુષ્પ કરતાં પુષ્પના પરિમળ બ્હોળા છે,
પ્રકાશવન્ત ને પરાગમય આયુષ્ય કરતાં યે
એ આયુષ્યના સ્મરણ સુગન્ધ દીર્ઘજીવી છે. ('ગુરૂદેવને')

(૩) કોઇ વર્ષાના સન્ધ્યાસમયે
નિસ્તેજ બાલચન્દ્ર ઉપર
મેઘધનુષના રંગ
આવી આવી ઊડી જાય તેમ
વિલસુના મન્દ મુખ ઉપર
લજ્જારેખાઓ બેસી બેસી જતી રહે. ('વસંતોત્સવ')

(૪) સુકુમાર પ્રભાતરંગી સાળુમાંથી
અમૃતના સરોવર સરખો દેહ
અને તેજસ્વી કરનો કમલદંડ
હથેળીનું પુષ્પ પ્રફુલ્લી આપવા આવતા. ('નવયૌવના')

આવી સુંદર ઉપમાઓ ગદ્યવર્ણનની બાહ્યછટા કે શોભાને વધારનાર સ્થૂળ અલંકાર કરતાં વસ્તુકથનને સુઘટ્ટ અને સુરેખ બનાવતા. મહીંથી આછા આછા ધ્વનિ ઉપજાવતા કલ્પનાતત્ત્વની વિશેષ ગરજ સારે છે. ને એ રીતે અલંકાર અને શૈલી બન્નેની કૃતાર્થતા સિદ્ધ થાય છે. ડોલનશૈલીમાં આલેખાયેલાં સુંદર અને ભવ્ય, સુરેખ અને રંગીન, ઐતિહાસિક તેમજ કાલ્પનિક વ્યક્તિચિત્રો વિના, ખરેખર ગુજરાતી કાવ્યસાહિત્ય દરિદ્ર રહી જાત. વળી, આ ચિત્રદર્શનોમાં વ્યક્તિના સ્થૂળસ્વરૂપનું સુઘટ્ટ અને માંસલ બાંધાવાળું ઘિંગું કલાચિત્ર દોરીને કવિ સંતોષ માનતા નથી, પણ તેના ચારિત્ર્યની સૂક્ષ્મ ગુણસંપત્તિ પર તેઓ વિશેષ ભાર મૂકે છે, અને વિષયભૂત વ્યક્તિની ચેતનવંત લક્ષણમૂર્તિ સહેજે ઊભી કરી દે છે. સ્વ. અમૃતલાલ પઢિયારની દ્વાદશાને દિવસે સમુદ્રકાંઠે તેમના સૂક્ષ્મ તેજઃસ્વરૂપનું પોતે ચમત્કારિક દર્શન કર્યું તેનો કવિએ 'સૌરાષ્ટ્રનો સાધુ' નામના પોતાના કાવ્યમાં કરેલો સૂક્ષ્મ આલેખ આના સચોટ દૃષ્ટાંતરૂપ છે. અગોચરને ગોચર કરવાની કવિની અનુપમ શક્તિ આમ ડોલનશૈલીમાં સવિશેષ આવિર્ભાવ પામે છે, એ તે શૈલીની ન્હાનીસૂની સિદ્ધિ નથી.

કવિએ ડોલનશૈલીનો બ્હોળો ઉપયોગ નાટકોની રચનામાં કર્યો છે. કવિનાં નાટકો ક્રિયામાં મંદ હોવાને કારણે દૃશ્ય ભાગ્યેજ થઈ શકે એવી માન્યતા પ્રચલિત છે. પણ ડોલનશૈલીમાં રેલાતા સંવાદો સામાન્ય ગદ્ય વાચનના કરતાં રંગભૂમિ પર બોલવાની નાટકી ઢબના જ સંવાદો છે એમ એ નાટકોને ઉત્કટ છટાપૂર્વક વાંચનારને સમજાયાવિના રહેશે નહિ. ધંધાદારી ગુજરાતી નાટકો જોઇને કવિને જાણ્યે અજાણ્યે આ શૈલીનો પ્રયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાનું સૂઝયું હોય એ સંભવિત છે. પાછળથી રચેલાં નાટકોની અંદર સંભળાતો શબ્દોનો ખડખડાટ અને વાગડંબર તેમ માનવા પ્રેરે છે.

નાટકોમાં ઉપયોગે પામેલ ડોલનશૈલી છંદોબદ્ધ કાવ્યને સ્થાને આવતી નથી, પણ સાદા ગદ્યને સ્થાને આવે છે. તેથી એને કારણે નાટકના બાહ્યસ્વરૂપને કશી હાનિ પહોંચતી નથી. ઊલટું, ડોલનશૈલી નાટકની ભજવણીમાં ઉત્કટતા લાવી શકે છે. જ્યાં નાટ્યોચિત ક્રિયા આ શૈલીમાં ઊમેરાય છે ત્યાં કવિનું નાટક તખ્તા ઉપર અસાધારણ અસર ઉપજાવી શકે છે તે 'જયા જયંત' નાટકના તખ્તા–પ્રયોગના અનુભવને આધારે આ લખનાર કહી શકે તેમ છે. ઉદ્દિષ્ટ જીવનસંદેશને અનુરૂપ ભવ્યોદાત્ત વાતાવરણની જમાવટમાં, તેમજ કવિને અભિપ્રેત ભાવનાના સફળ ઉદ્ઘાટન, નિર્વહન અને પ્રતિફલનમાં ડોલનશૈલી અવશ્ય ઉપકારક છે. ઇન્દુકુમાર તથા કાન્તિકુમારીના મુગ્ધ સ્નેહનો ઉદય, અને જયા ને જયન્તના અશરીર સ્નેહનો જોગ ડોલનશૈલીમાં ઝિલાયો છે તેટલી સમર્થ રીતે સાદા ગદ્યમાં ભાગ્યેજ ઝિલાઇ શકયો હોત.

આ શૈલીમાં રેલાઈ રહેતી કવિબાનીમાં વકતૃત્વછટાની વિવિધ ભંગીઓ ઊતરી છે. ઉદ્બોધન તેનું મુખ્ય અંગ છે. આ ઉદ્બોધન પ્રસંગોપાત્ત કવિની વાણીને પયગંબરી ભવ્યતા અર્પે છે. જીવનનાં પરમ સત્યોને સૂત્રરૂપે રમતાં કરવાની કવિને આ શૈલીમાં અજબ ફાવટ આવી ગઇ છે. સંવાદમાં કવચિત્ 'અહો' 'ભલે' 'હો' 'હં' આદિ કેવળપ્રયોગી અવ્યયોનો ઉપયોગ કરીને કવચિત્ વાતચીતિયા ઢબના ઉદ્ગારો વડે, તો કવચિત્ પયગંબરી આવેશનું આરોપણ કરીને કવિ નાટકોમાં પાત્રભેદ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરે છે પણ એકધારી ભાવકક્ષાને કારણે સામાન્ય ગદ્ય નાટકોની માફક કેવળ સંવાદવડે પાત્રભિન્નતા મૂર્તકાર્ય રૂપે એમાં પ્રતીત થતી નથી. આમ છતાં, 'ઇન્દુકુમાર' અને 'જયા જયન્ત' માં જુદાં જુદાં પાત્રોના મુખમાં પ્રત્યેકના માનસ અનુસાર ટૂંકાં પણ ચોટદાર વચનો મૂકયાં છે. કવિતાના ક્ષેત્રમાં અછાંદસ સર્જનશૈલી તરીકે બહિષ્કાર પામેલી આ વિશિષ્ટ કવિત્વરીતિ નાટકમાં આમ અનેકધા કારગત નીવડે છે.

કોઇવાર ડોલનશૈલીની સામે શબ્દાળુતા કે કૃત્રિમતાનો આક્ષેપ મૂકવામાં આવે છે. તે અમુક અંશે સાચો છે. પણ કવિની આ મર્યાદાનું મૂળ તેમની રંગદર્શી (romantic) પ્રકૃતિમાં છે તે ભૂલવું ન જોઇએ. કોઈ ભવ્ય સુંદર દૃશ્ય કે વ્યક્તિ નજરમાં આવી કે આ કૌતુકપ્રિય કવિ સંયમશીલ વાણીમાં તેનાં આછાંપાતળાં રેખાંકનો દોરીને સંતોષ પામતા નથી; તેની અત્યંત રંગીન અને ઊંડી ઘેરી રેખાઓથી અંકિત, પૂર્ણ છબી પાડે ત્યારેજ એ જંપે છે. ખરૂં જોતાં, ડોલનશૈલીની અનિયમિત રચનાનો જન્મ કવિની આ કૌતુકપ્રિય પ્રકૃતિનેજ આભારી છે.

પરંતુ નીતિની બાબતમાં કવિ પૂરેપૂરા સૌષ્ઠવલક્ષી (classical) વલણ ધરાવે છે. કવિ ન્હાનાલાલની શુદ્ધ નીતિનિષ્ઠા કદી શિથિલ થઈ નથી, જીવનમાં કે સાહિત્યમાં. પદ્યના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમનો અસ્વીકાર કરતી ડોલનશૈલી પર ઉદાત્ત 'પ્રેમભક્તિ'ની સંયમશીલા છે. શૈલીને સ્વચ્છંદી શબ્દાળુતાથી બચાવવામાં તેમજ તેના પોતને પાતળું પડતું અટકાવવામાં સૌષ્ઠવપ્રિયતા તરફ ઝૂકતી બુદ્ધિશક્તિએ યોજેલી સંગીન ચિન્તનકણિકાઓ ખાસ ધ્યાનપાત્ર છે. ડોલનશૈલીની ખરી સફળતા ઉદાત્તતમ વિચારશ્રેણી ધારણ કરવામાં રહેલી છે. કવિની રંગદર્શી વાક્છટા શિષ્ટ ચિંતનતત્ત્વનું આભૂષણ ધરે નહિ, ત્યાં સુધી તેની ખરી શોભા સહૃદય વાચકના અંતરમાં સાનંદાશ્ચર્ય પ્રગટાવતી નથી તેની પ્રતીતિ નીચે આપેલી પંક્તિઓ વાંચવાથી થશે :—

પૃથ્વીને આરા છે,
ને પૃથ્વીમાંની ઉત્ક્રાન્તિને યે આરા છે.
એ પછીના ઉત્ક્રાન્તિમાર્ગ
અવકાશને સ્હામે તીરે છે;
ને મૃત્યુની નદીનાં અન્ધારકાળાં નીર
વચમાં ઘેરાં ઘેરાં વહે છે.
એ વારિ તરી ઊતરતાં
મનુષ્યનાં માટીનાં માળખાં
ઓગળી જાય છે, દેવ !
ત્હમે પૃથ્વીના પોષાક ઉતાર્યા,
ત્હમે ચેતનના વાઘા સજ્યા,
ત્હમે તેજની પાંખો પ્રસારી ઉડયા
એ ઉત્ક્રાન્તિના અગોચર પન્થે.
ઊર્ધ્વગામીનું જવું યે ધૂળ છે,
જગત્યાત્રામાં જીવન ને મૃત્યુ
ઉભયે ત્હમે ધન્ય કર્યાં. ('ગુરૂદેવને')

આટલું ગાંભીર્ય, આટલી ભવ્યતા, આટલી ભાવવાહિતા અને આટલી સચોટ વર્ણનછટા ગુજરાતી સાહિત્યપ્રદેશમાં અન્ય કઇ કવિત્વશૈલીએ સિદ્ધ કરી છે ? ખરે જ ડોલનશૈલી ગુર્જર સાહિત્યકુંજોમાં કવિની પયગંબરી વાણીના પડઘ પાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોલનશૈલીની આ બધી સિદ્ધિઓની સામે તેની મોટી મર્યાદા તે એ કે એ શૈલી ગુજરાતી સાહિત્યમાં તેના સર્જકથી આગળ પ્રસાર પામી નહિ, અને તેના પૂરતીજ સફળતા ધારણ કરીને અટકી ગઇ. કવિએ પોતાની ઇષ્ટ દેવતા સરસ્વતીની વિશુદ્ધ ઉપાસના વડે નવીન ભાવનાસૃષ્ટિનું નિર્માણ કરીને ગુર્જર સમાજ અને સાહિત્યને ઉચ્ચ પ્રેરણાપીયૂષ પાયાં છે. તેમ છતાં, ગુજરાતી કવિતાસાહિત્યના ઉદ્યાનમાં પ્રો. ઠાકોરે પાડેલી વિચારપ્રધાન કવિતાની નવી કેડીએજ છેલ્લાં વીસ વર્ષમાં જાગેલા નવીન કવિઓએ પ્રયાણ કર્યું છે અને ન્હાનાલાલ તો અનન્ય ને અનનુકરણીય શૈલીકાર કવિ તરીકેજ જાણીતા રહ્યા. તેમની આ ડોલનશૈલી ગુજરાતી સાહિત્યમાં ફેલાવો પામી શકી નહિ તેના એક કારણરૂપે કવિતાને માટે છંદની અનાવશ્યકતાનો તેમણે સ્વીકારેલ સિદ્ધાંત ગણાય. પરંતુ તેનું મુખ્ય કારણ તો 'શીલ તેવી શૈલી'નું સૂત્ર જ નથી શું? ન્હાનાલાલની બહુવિધ સૌંદર્ય-સંપત્તિથી ભરપૂર પ્રતિભાશક્તિને ઝીલનાર અને અમુક અંશે જીરવનાર વાહન અન્યની વાણીને અનુકૂળ ન આવે તેમાં વાંક કોનો? શૈલીની અનન્યસાધારણ, ઉદાત્ત કક્ષાનો, કે અન્ય કવિની પરિમિત પ્રતિભાનો? આ દૃષ્ટિએ જોતાં તો ડોલનશૈલીની ઉપર્યુક્ત મર્યાદા—અનનુકરણીયતા—તેની એક વિશિષ્ટ સિદ્ધિ બની રહે છે. ગુજરાતી કવિતા જીવશે ત્યાં લગી ન્હાનાલાલ જીવશે, અને ન્હાનાલાલની કવિતા ગુજરાતી સાહિત્યમાં જીવશે ત્યાં લગીનું ડોલનશૈલીનું આયુષ્ય નિશ્ચિત છે. તેમાંજ એની સર્વ સિદ્ધિઓનું પરમ સાર્થક્ય છે.

પ્રો. ધીરૂભાઇ ઠાકર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાકવિશ્રી ન્હાનાલાલનું રસદર્શન

કવિશ્રી ન્હાનાલાલના વિશાળ સાહિત્યસાગરને ઉલેચવાના પ્રયત્નો સાચે જ વામણા છે. એમાંથી માત્ર એક ચંચુપાત કરી શકાય તો યે એની મીઠપ જીવનમાં અનેરી મસ્તી જગાવે છે. એ સાહિત્યસાગરનું મંથન કર્યે એમાંથી અનેક મહામૂલાં રત્નો સાંપડે એમ છે. એમાંનું અમોલું રત્ન તે એમના રાસ.

કવિશ્રીના સમસ્ત સાહિત્યની પાછળ રહેલો અંતરગત પ્રવાહ તે રસિકતાનો અને કવિતાનો. કવિ ગમે તે ક્ષેત્રમાં ઘૂમે, જીવનના પ્રશ્નોની ગમે તે મીમાંસા કરે, રાજકારણ, સમાજ, તત્ત્વચિંતન—ગમે તેના અંધારપછેડા ઓઢી વિક્રમ રાજાની જેમ જીવનચર્ચા કરવા નીકળી પડે, છતાં એની પાછળ રહેલા કવિ છૂપા રહી શકતા નથી. એમનો જીવનસંદેશ રસિકતાનો છે. મનુષ્યના જીવનમાં તેમજ જગતમાં સર્વત્ર રસશૂન્યતા નજરે પડે છે. આજનો જીવનસંગ્રામ એટલો બધો ઉગ્ર બનતો જાય છે કે માનવીને કવિતા માણવાનો અવકાશ તેમજ ઉલ્લાસ નથી, પણ કવિશ્રી લખે છે કે 'ધનરંકતા કરતાં યે મ્હારે મન તો એ હૈયારંકતા સંસારનું મહાભયસ્થાન છે.' એ હૈયારંકતા દૂર કરવા કવિએ કવિતા અને રસિકતાની પરબ માંડી હતી. ગુજરાતનો સુંદરીસમુદાય એમની એ પરબે આવે અને જગતની તૃષા છિપાવવા એવી બીજી પરબ માંડે, એવી એમની ઇચ્છા હતી. એમના સાહિત્યનો વિશિષ્ટ ફાળો તે એમનો સ્ત્રીત્વનો આદર્શ.

સ્ત્રીત્વના આદર્શ વિષે આપણા સાહિત્યકારોએ જુદીજુદી રીતે લખ્યું છે. 'ચૂલામાં ચિત્તવાળી' નારીથી માંડીને ભારતવર્ષની ભાગ્યવિધાત્રીસુધીના જુદાજુદા તબક્કાનાં સુરેખ ચિત્રો સાહિત્યસ્વામીઓએ આપણી સમક્ષ રજૂ કર્યાં છે. કવિશ્રીએ એમાં પોતાનો અનોખો સૂર પુરાવ્યો છે. કવિનો એ આદર્શ વાંચતાં લાગે છે કે સ્ત્રીહૃદય તો આ જ કવિ આબેહૂબ આલેખી શક્યા છે. સ્ત્રીહૃદયના સૂક્ષ્મતમ ભાવો એમનાં સ્ત્રીપાત્રોદ્વારા વ્યકત થયેલા જોઇ શકાય છે. એમના જીવન અને કવનમાં જે સમન્વયનો સૂર ઓતપ્રોત થયેલો દેખાય છે તે જ સૂર એમનાં સ્ત્રીત્વના આદર્શમાં પણ દર્શન દે છે.

આજની સ્ત્રી સમાજસુધારાની ઝુંબેશ ઉઠાવે, રાષ્ટ્રનો ધ્વજ ફરકાવતી વીરાંગના બને, ધર્મપ્રચારનો ભગવો વેશ ધારણ કરી નવયુગની જોગણ બને, કે કુસુમકોમળ બાળકોનાં શિક્ષણના વ્રત લે, પણ એ સ્ત્રીત્વનો આદર્શ ન ચૂકે એવી એમને ઝંખના હતી. 'સુંદરી તે અણુવિકસ્યું પુરુષસ્વરૂપ નથી, પણ ભિન્ન વ્યક્તિત્વ છે.'' એ એમની દઢ માન્યતા હતી. સમાન હક્કની લડતમાં આ તત્ત્વનું વિસ્મરણ થયેલું લાગે છે. સ્ત્રીનો દરજ્જો સમાજે હલકો ગણ્યો એટલે સ્ત્રીએ એ દરજ્જો સમાન કરવા પુરુષની હરીફાઇ માંડી, એ એનો યોગ્ય ઉકેલ નથી. શ્રી. ગોવર્ધનરામભાઇએ સ્ત્રીનાં વિશિષ્ટ વ્યક્તિત્વની વાતો જુદી રીતે કરી. કવિએ સ્ત્રીત્વની કથા જુદી રીતે આલેખી. અને કવિની એ સ્ત્રીમીમાંસા વાંચી સ્ત્રીનું હયું ડોલી ઊઠયું. જુલિયસ સીઝરના મરણકાળે એને માટે ઉચ્ચારાયેલા શબ્દો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Nature might stand up and say to all the world, "This was a man—" આ કવિને માટે પણ સાચા છે. સ્ત્રીના હૈયાભાવ આલેખવાની એમની કલાથી મુગ્ધ બની સમસ્ત નારીઆત્મા કવિ પ્રત્યે પોકારે છે કે, "આજ અમારા હૃદયનો સાચો જાણકાર છે." નારીહૃદયનાં અતિ સૂક્ષ્મ પડો બહુ કુશળતાથી એમણે ઉકેલ્યાં છે. 'Oft repeated but was never so well expressed.' એ હૃદયનાં ઝાલ્યાં ઝલાય નહિ એવા ભાવો કવિશ્રીએ ગાઈ બતાવ્યા છે.

"ન્હાતી હું અખંડ એની હાસ્યચંદનીમાં;
ચંદની આ ઓઢી ઓઢી થાકી,
કે પૂર્ણિમા પાછી ઊગી રે."

આવા રસિક ભાવો કયા હૈયાને મસ્ત ન બનાવે? આજનું વાસ્તથવાદી જગત એને લાગણીવેડા કહેશે. 'આજના જગતના અને જીવનના ઘોર સંગ્રામકાળે આવા સુંવાળા ભાવો સેવવાનો સમય છે?' એવી તીક્ષ્ણ ટીકાઓ આવા કવિઓને સાંભળવી પડે. પણ સાચું પૂછો તો આપણા જીવનમાંથી મોજશોખને આપણે કેટલી તિલાંજલી આપી છે? એક યા બીજા સ્વરૂપે વિલાસવૈભવને જીવનમાં સ્થાન છે, તો પછી એમાં કવિત્વ ભળવા દીધું હોય તો શું ખોટું? કવિશ્રી કહે છે કે આપણું પ્રજાશરીર દિવસે દિવસે ઘસાતું જાય છે. એનું કારણ આપણા જીવનમાંથી ઉત્સવો, પર્વો, રમતો અને વિનોદને દેશવટો દીધો છે એ છે. આપણે આ બધાં સામાજિક પર્વો સુધારાને નામે વગર સમજ્યે ફગાવી દીધાં છે. એમાંનું રૂઢિ અને વહેમનું તત્ત્વ દૂર કરી કાવ્યત્વ રહેવા દેવું જોઈતું હતું. આજે તો કચરાની ભેગાં રત્નો યે આપણે ઉકરડે નાંખી દીધાં છે. વસંતપંચમીને દિવસે કુમાર–કુમારિકાઓ વનમાં જઇ વસંત પૂજે એ પર્વ જીવનને સમૃદ્ધ કરે છે. એવાં પર્વોને તો ઉત્તેજન આપવું જોઇએ. જીવનની વસંત ટકાવવા આવા ઉત્સવો યોજાવા જોઇએ. એમાં આપણને આર્થિક કે રાજકીય સંકડામણો શું કામ નડવી જોઇએ? એવાં તો કેટલાં યે પર્વો છે કે જેના તરફની સમાજની અવગણના ક્ષમાપાત્ર નથી. બળેવનું પર્વ પણ નવયુગે લાગણી-વેડાના બહાના નીચે અવગણ્યું છે. જૂનાં પર્વો નિષ્પ્રાણ થયાં હોય તો એમાં નવું જીવન રોપવું જોઇએ. એમાંથી જે સંસ્કારિકતા કે રસિકતા મળતી હતી એનો ભોગ ન લેવાવો જોઇએ.

આ ઉપરાંત આપણી કેટલીક રૂઢિઓમાં પણ ભારોભાર કવિત્વભર્યું દેખાય છે. એવી કેટલીક રૂઢિઓની કવિતા કવિશ્રીએ 'પાનેતર' માં સમજાવી છે. 'પ્રતિજ્ઞાદ્વન્દ્વ' માં એક અતિ રસિક ચિત્ર આપ્યું છે. યુદ્ધ માટે સજ્જ થતા પાર્થનું ચિત્ર છે:

"પાર્થે મહાધનુષ્ય લીધું, ન્હાવ્યું,
સુભદ્રાએ પાલવછેડલે લ્હોયું,
હોમઅગ્નિમાં તપાવી સજ્જ કીધું;
પીળી પ્રત્યંચાને કુંકુમરજે વધાવી,
દ્રૌપદીજી રથચક્ર પૂજતાં'તાં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુદ્ધમાં વિજય અપાંવવા ધનુષ્યની અને રથચક્રની પૂજા સુભદ્રા અને દ્રૌપદીએ કરી. આર્યસંસ્કૃતિએ તો આવી અનેક રસિક રૂઢિઓ ને વિધિઓ આપી છે. આપણે જાળવી શક્યાં નથી. ચિત્રકારો ને કવિઓ આવાં રસચિત્રો આલેખે છે તો જીવનમાં એ સંસ્કાર-રત્નોનાં યોગ્ય જતન કેમ ન કરવાં? કવિશ્રીએ આપણને, આવા, હૈયાસૂના બની આપણું અમોલું સંસ્કારધન ન લૂંટાવવા ઉદ્બોધન આપ્યું છે.

કેટલાકને ભય લાગે છે કે આવી 'પોચટ' લાગણીઓથી તો પ્રજા નિર્બળ બની જશે. આપણી સ્ત્રીઓ મૂળ તો નિર્બળ છે ને પૂરેપૂરી અબળા બની જશે. સ્ત્રીના દરેક કાર્યમાં સ્ત્રીત્વની મહોર પાડવી એનો અર્થ નિર્બળતા નથી. આવી ઉચ્ચ રસિકતાની સાથોસાથ જીવનનું સંપૂર્ણ જોમ સ્ત્રીઓ દાખવી શકે છે. કવિનાં સ્ત્રીપાત્રોમાં તો પુરૂષો કરતાં અનેરૂં જોમ દેખાય છે. જયા કહે છે:

"ત્હારા અન્ધારદેશમાં અઘરૂં હશે, અમ તેજવાસીઓને વિકટ નથી
દૈત્યોનાં દળને જીતવાં."

અને લગ્ન પરત્વે પણ સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવે છે. એ કહે છે:

"પણ નહીં—નહીં વરે, દેવગિરિની રાજબાલા એ ખીણવાસીને."

આ દૈયાજોમની સાથે જિંદગી એટલે શું એની તાત્ત્વિક ચર્ચા કરવાનો બુદ્ધિવૈભવ પણ જયામાં છે. કવિની વીરાંગના રણમેદાનથી મૂંઝાતી નથી. એ તો વીરને વિદાય આપતી વખતે ગાય છે:

"સંગ લેશો તો સાજ સજું હો, માથે ધરૂં રણમ્હોડ
ખડ્‌ગને માંડવ ખેલવા મારે રણલીલાના કોડ."

આ શૌર્યની સાથોસાથ જ એનામાં ઉચ્ચ રસિકતાનાં દર્શન થાય છે:

"આવતાં ઝીલીશ બાણુને હો ઢાલે ખાળીશ ઘાવ
ઢાલ ફૂટયે મારા ઉરમાં રાજ! ઝીલીશ દુશ્મનઘાવ."

આવી ધરણી ધ્રૂજાવતી વીરાંગનાનું ચિત્ર પણ કવિએ આપ્યું છે અને સાથોસાથ—

સરોવરપંકમાં રે કે પંકજ ઉઘડે સાહેલડી,
ધરતીના ચોકમાં રે કે પાય એમ ઉઘડે સાહેલડી.

'સ્તેન શી સાવધાની' રાખી પ્રીતમને મળવા જતી રસિકાને પણ વર્ણવી છે, એના હૈયાભાવ મસ્તીભર્યા શબ્દોમાં આલેખ્યા છે કે:—

"કે તારલા હરિની ઉતારે આરતી રે, કે એવા આરતના મુજ ભાવ;
સલૂણા, દિલના દેવને ન્હોંતરાં રે."

એવા 'રસવીર નાવિક'ને પૂજવા ઘેલી બની દિલનાં નોતરાં પાઠવે છે. એના અંગે અંગમાંથી પ્રેમ નિર્ઝરતો દેખાય છે, અને જગત એના હૈયાભાવ ન જાણી જાય માટે છુપાવવા પ્રયત્ન કરે છે:

"ત્હારે તો ઉગિયા રે કે અંગઅંગ ભાનુ સાહેલડી!
ઢાંકે શું છેડલે રે? કે નથી હવે છાનું, સાહેલડી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી પિયુઘેલી રસિકાઓ યે વર્ણવી છે અને દેશપરદેશ ઘૂમતી, જગતના જુદાજુદા દેશોના મૂંઝવતા પ્રશ્નોનો વિચાર કરતી, યુવાનોની પ્રેરણાદેવી થઇને એમને કર્તવ્યમાર્ગે દોરતી એવી નવયુગની નેપાળી જોગણ પણ આલેખી છે.

"આત્માએ કોને કોને કોલ દીધા છે, યુવરાજ! એ યાદ છે?"

એમ કહી યુવાનોને એ ઉદ્‌બોધે છે. સમાજને, દેશને, દેશભગિનીઓને, સૌને કોલ દીધા છે એનું ભાન કરાવે છે. વિધવાઓ પોતાનું જીવન માત્ર કુટુંબસેવામાં જ વેડફી ન નાંખે પણ આવું કંઇક રચનાત્મક કાર્ય કરે તો એના જીવનમાં ઉલ્લાસ રહે અને સમાજનું કલ્યાણ થાય. 'સરસ્વતી, ધન્વન્તરિ, ને હરિનાં મન્દિરો' દ્વારા સ્ત્રીઓ સમાજની સાચી સેવા કરી શકે. કવિ આ બધાંયે કાર્યો સ્ત્રી કરે એમ ઇચ્છે છે, પણ એ પોતાના વ્યક્તિત્વની છાપ સાથે. આ રીતે સ્ત્રીજીવનનાં બધાંયે પાસાં એમનાં સ્ત્રીપાત્રોમાં સંપૂર્ણપણે ખીલેલાં દેખાય છે. કવિશ્રીએ સ્ત્રીનાં ત્રણ મુખ્ય ધર્મો દર્શાવ્યા છે:

પત્નીધર્મ—"પ્રિયની પરમ પાંખ થજે, ને સંસાર ને નભોમંડલ ઓળંગાવી
પ્રિયને ઉતારજે પ્રભુના પાદમાં."

ગૃહિણીધર્મ—"કુલને ક્યારે માતાની મંજરી મ્હોરી.
સંસારપાટે સ્વર્ગ માંડજે."

સંસારિણીધર્મ—"વર્તમાનને તીરે ઉભી ભવિષ્ય રચતી મન્વન્તરોને સાંકળતી
માતાઓ સૃષ્ટિ વિકાસની સહાયક મહાદેવીઓ છે."

કવિ દાંપત્યગાથા ગાવામાં જગતકલ્યાણ નથી વીસરતા. દાંપત્યપ્રેમ, કુટુંબપ્રેમ, દેશપ્રેમ અને પ્રભુપ્રેમ એમ ઉન્નતિની સીડીનાં જુદાંજુદાં સોપાન બતાવ્યાં છે. આ બધાયે ધર્મો સંપૂર્ણપણે બજાવે પછી જ સ્ત્રી પૂર્ણતા પ્રાપ્ત કરે છે. કવિએ સ્ત્રીનું કર્તવ્યક્ષેત્ર મર્યાદિત એને સંકુચિત નથી બનાવ્યું. અત્યારની યુદ્ધ પછીની અનેકવિધ સમાજની પુનર્ઘટનાની યોજનામાં પણ સ્ત્રીને ભવિષ્ય રચતી અને મન્વન્તરોને સાંકળતી કલ્પી નથી. એમણે તો સ્ત્રીઓને અનોખો અધિકાર આપ્યો છે.

"રસરાજ્યની તો આપણે રાણીઓ,
પાઇએ એટલું પુરુષો તો પીએ."

સમાજની સ્ત્રી પુરુષથી નીચી નથી, ઊંચી નથી તેમ સમાન પણ નથી. ઉભયના ધર્મો જુદા છે, અને એ વિશિષ્ટ ધર્મનું પાલન કરીનેજ જગતની ઉન્નતિ કરી શકશે. કવિએ જેટલો મહાન અધિકાર સ્ત્રીને આપ્યો છે એટલી જ મહાન જવાબદારી બક્ષી છે, એ ન ભૂલવું જોઈએ.

કવિએ ગરવી ગુર્જર વાડીને પોતાનાં ગીતોથી ગજવવા અને એમાં અમૃતસિંચન કરવા સ્ત્રીઓને ભાવભર્યું આમંત્રણ આપ્યું છે, પણ એ હૈયાભાવ ઝીલવા 'ફૂલડાં કટોરી' જોઇશે. કવિદીધેલ રસિકતા અને કવિતાનાં ફૂલડાં જીવનછાબમાં ઝીલી જગતને પમરાવવાનાં મંગલ કાર્યમાં સ્ત્રીઓ પ્રવૃત્ત થશે ત્યારે સંસાર માટે સાચાં સ્વર્ગ મંડાશે. પ્રભુ આપણને એ બળ ને શક્તિ આપે એ જ પ્રાર્થના.

શ્રી. ઈન્દુમતીબહેન મહેતા પી. એ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

‘ સંગીત–કલ્પ ડોલન ’

“ કવિ ન્હાનાલાલ ભાવના–પ્રેમી હતા. તેમની કલામાં લાવણ્ય પદે પદે છે. તેમની કલ્પના અનેક વસ્તુને જીવંત અને પ્રત્યક્ષ કરી આપે છે. એમણે સર્જેલું સાન્દોલ ગદ્ય એમની ભાવવિચારસરણિને અત્યંત અનુકૂળ રીતે રજુ કરવાની ઝંખનામાંથી ઉદ્ભવ્યું છે. એ રમત નથી. એ ગંભીરસર્જન છે, અને ગંભીરતાથી તપાસવું જોઇએ....પૃથક્કરણથી વસ્તુ સિદ્ધ ન થતી હોય તોપણ આ સાન્દોલ ગદ્ય માટે આન્તરપ્રતીતિનો દાવો તો હું રજૂ કરૂં ”—

પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી.

*   *   *

ગુજરાતી પદ્યરચનાના પ્રચલિત પ્રકારોથી ભિન્ન એવી આ કવિશ્રીની ડોલનશૈલીએ ઠીક ઠીક ચર્ચા જગાડી છે. એ ચર્ચાનું તારતમ્ય એ સૂચવે છે કે કવિશ્રીની આ શૈલીમાં કાવ્યત્વ છે એટલું જ નહીં પણ તેમાં નિયમિત આન્દોલનનો સ્પષ્ટ ન–કાર હોવા છતાં એક પ્રકારની નિયમિતતાની અને રમણીય કોઇ સંવાદની આન્તર પ્રતીતિ થાય છે. તેમાં માત્ર સાન્દોલપણું સુસ્થનતા કે રાગબદ્ધ ગદ્યના ડોલન ઉપરાંત તેને પદ્યરૂપ આપનારૂં કોઇ વિશિષ્ટ તત્ત્વ છે ખરૂં. એવું તત્ત્વ આપણી પૃથક્કરણની મર્યાદાઓને લઇને ઝાલ્યું ઝલાય નહીં તેવું હોય તો પણ તેની અનુભૂતિ જ્યારે આ કાવ્યોના વાતાવરણના કેફમાં હોઇએ છીએ ત્યારે થાય છે. અને તેથી રસિકો વારંવાર આ સમજવા સમજાવવા માટે પ્રયત્ન કરે છે અને ચર્ચા કરે છે.

છંદોના અનેક નમૂના પડ્યા હતા તેમાંથી પોતાના ભાવ ઇત્યાદિને અનુકૂળ થાય તેવા છંદો પસંદ કરી પછી પોતાના શબ્દોદ્વારા એ ભાવ ઈત્યાદિ સામગ્રી તેમાં ભરી– એવું કવિશ્રીની ડોલનશૈલી વિષે કહી શકાશે નહીં. પ્રયોગપ્રેમ કરતાં વિશેષ “ એમની ભાવવિચાર સરણિને અત્યંત અનુકૂળ રીતે રજૂ કરવાની ઝંખનામાંથી ” આ ડોલનરૂપ ઉદ્ભવ્યું છે. અથવા બીજી રીતે કહીએ તો કવિનું ચિત્ત પોતાને આ રીતેજ પ્રગટ કરી શક્યું છે. એ પ્રગટીકરણ ગંભીરસર્જન છે; અને સર્જનના જેવી જ રમણીયતા, આકાર-મયતા, સૌષ્ઠવ ઈત્યાદિનું ભાષ્ય કરવું, આંગળી મૂકી તે બુદ્ધિમાં ઉતરે તે રીતે સમજાવવું તે કાર્ય પીંગળશાસ્ત્રીઓનું અને રસિકોનું છે, રસિકોને જો આ સર્જનપ્રકારમાં પદ્યરૂપની, પ્રતીતિ થતી હોય અને છતાં તેનું પૃથક્કરણ કરી તે સિદ્ધ ન કરી શકાતું હોય તો એ પૃથક્કરણશકિત વધારે તીવ્ર બનાવવી ઘટે. કવિશ્રીની ડોલનશૈલી તો આહ્વાન આપતી નર્તન કરી રહી છે. એ પોતાનો ‘સમ’ જાળવે છે. રસિકો એ સમ સમજાવી શકે નહીં તેથી તેને બાધ આવતો નથી. કવિએ કવિનું કાર્ય કર્યું છે. રસિકોએ હવે પોતાનું કાર્ય કરવાનું છે. પીંગળના પ્રચલિત પ્રકારોનું જાણીતું માપ લઇને નહીં; પણ ‘A fine ear is the guide’– એ છંદશાસ્ત્રની વિદુષી લેખિકા હેમ્નરસૂચિત પટુકરણ સંગીતપારખુ શ્રવણેન્દ્રિયની મદદથી ડોલનશૈલીનું આકલન કરવાનો અનેક રસિકોએ પ્રયત્ન કરવો જોઇએ. અને એમ પ્રયત્ન પરંપરાને પ્રતાપે કોઈક દિવસ આપણને આ પદ્યરૂપનું પદ્યત્વ પૂરેપૂરૂં સમજાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિશ્રીનું ડોલન તેમની ભાવના, ભાવ, પાત્ર, પ્રસંગ, ઇત્યાદિ જેટલું ગંભીર–ચિત્તનું ઊંડાણમાંથી પ્રગટેલું પ્રતિભાપ્રેર્યું ડોલન છે, એટલું જ નહીં, પણ કવિકલ્પનાના કોઇ અંગત વિશિષ્ટ સ્વરસમૂહમાંથી એનું ઘડતર થયું છે. એવું એ સંગીત આ ડોલનમાં અવતર્યું છે. તેથી, તો આ પદ્યરૂપ હજીસુધી એક શૈલી તરીકે જ રહ્યું, શિવધનુષ્ય સમું જ દુર્જેય રહ્યું. એટલું જ નહીં પણ રસિકો તનું બરોબર આકલન ન કરી શકે તેવું નીવડયું. એ સૂરો સંભળાય સંભળાય ને પૃથક્કરણ કરવા જતાં, તેનું માપ કાઢવા જતાં બધાં પ્રમાણોને, અને માપને અવગણીને, પાઇથાગોરસના પેલા તારામંડળ જેવું દિવ્યજનને જ સંભળાય તેવું સંગીત રચે છે.

"The choice of metre by a poet is not like the choice out of a batch of samples. He has the ABSTRACT TUNE IN HIS MIND before the poem begins...His mind is open and responsive to different poetical melodies, without words they settle in his mind. Prosody is the science, not only of what has actually been composed in verse, but of this shadow and bodiless music in the mind of the poet before the poem is made.". (W. P. Rer—)

કવિઓ છંદ પસંદ કરે છે, વાહન પસંદ કરે છે ત્યારે પોતાની ભાવનાનો જે ઓઘ મુક્તપણે જે આકારમાં, જે રૂપમાં, જે નર્તનમાં તેમના ચિત્તમાં પ્રગટ્યો હોય તે રીતે રજૂ કરવા પ્રેરાય તે સ્વાભાવિક છે. કવિના સમગ્ર કાવ્યનો એ મધ્યવર્તી સૂર સહૃદયોએ પારખી લેવો જોઇએ. કવિઓના છંદો એ ગ્રામોફોનની જેમ એક ને એક નવતાવિહોણું ગાણું તો ન જ ગાય. એટલે એવો કોઇ વિશિષ્ટ સૂર–ને તેનો આરોહ અવરોહ પ્રથમ પ્રગટે છે અને પછી શબ્દો દ્વારા અને શબ્દના ડોલનદ્વારા રજૂ થાય છે. જૂનો અને જાણીતો છંદ–એક ને એક છંદ–અનેક કવિઓએ વાપર્યો હોય છતાં દરેક કવિનું સંગીત, એ સંગીતનો પ્રવાહ અને તેનું ડોલન જુદું જુદું જ હોય છે. પીંગળના અભ્યાસમાં આ વિશિષ્ટ સંગીત પારખવાની પણ દૃષ્ટિ હોવી જોઇએ. ક્વચિત આવું સંગીત પોતાની વિશિષ્ટતાના બળ ઉપર પ્રચલિત છંદોના પદ્યસ્વરૂપને અતિક્રમીને બહાર વિહરવા નીકળી પડે છે. આમ પ્રચલિત પદ્યપ્રકારને ઉથલાવી નાખવો, તેની ઉપેક્ષા કરવી એ યોગ્ય છે કે નહીં એ જુદો પ્રશ્ન છે. પીંગળશાસ્ત્રીઓ ભલે એની ચર્ચા કરે. પરંતુ જો એ સંગીત પોતાનો પ્રવાહ અખંડ રાખે, એ બસૂર ન થાય, કોલાહલ ન ઉપજાવે અને પોતાનાં સંવાદની અને રમણીયતાની પ્રતીતિ આપે, તો પ્રચલિત ઢાળમાં એ બંધ ન બેસે તોપણ નવો પદ્યપ્રકાર તો જરૂર એ સર્જે છે. રસિકોને જો એ ડોલનમાં પદ્યને યોગ્ય, કાવ્યત્વને પોષક એવું જો આન્દોલન જણાતું હોય, સંગીતનો સંવાદ અનુભવાતો હોય તો પૃથક્કરણ ન થઇ શકે તોપણ એવા સંગીતને પદ્યપ્રકારના એક નવા પ્રકાર તરીકે, એક વિશિષ્ટ પ્રદાન તરીકે, 'પદ્ય વિકાસના એક સીમાચિહ્ન તરીકે' જરૂર લેખવું જોઇએ. અને પીંગળશાસ્ત્રીએ એ સંગીત સમજવા–સમજાવવાની દૃષ્ટિ મેળવી લઇ તેનું વ્યાકરણ પણ રચવું જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિશ્રીનું આ સૂક્ષ્મ મનોગત સંગીત પોતાની વિશિષ્ટતાના બળ ઉપર આપણા પ્રચલિત પદ્ય પ્રકારો કરતાં જુદું જ સંગીત ઉપજાવે છે. એટલે એ સંગીત વિશેષરૂપમાં કવિશ્રીની કલ્પનાનું અને પ્રતિભાનું સર્જન છે. ભાવનાની સાથોસાથ પ્રગટેલી હોવાથી ડોલન-શૈલી કવિના અંતરંગને પ્રગટ કરનારી, કવિચિત્તના ઊંડા સૂક્ષ્મ ભાવનાના આન્દોલનોને ઝીલી આપનારી, એટલે કે કવિતા સાથે અખંડરૂપે જોડાયેલી છે. કવિશ્રીની કવિતા—એટલે કે કવિતા સાથે તત્ત્વો....અને આ ડોલનશૈલીને જુદાં પાડી પૃથક પૃથક જોવાનો પ્રયત્ન ન કરતાં એક અખંડ સર્જનરૂપે જોવાનો પ્રયત્ન થવો જોઈએ. ડોલનશૈલીને જુદી તારવી તેના કેવળ શાબ્દિક દેહનું પૃથક્કરણ કરવા પ્રયત્ન કરીએ તો કાવ્યાત્માનું તેજ ચાલ્યું જતાં એ શબ્દદેહ કદાચ શુષ્ક આડંબરી, અનિયમિત, કોલાહલ ઉત્પન્ન કરવાનો સંભવ છે. કવિશ્રી સિવાયના બીજા કોઇ એવી ભાવના પ્રાપ્ત કર્યા વગર, અને એવી પ્રતિભા વગર ડોલનશૈલીમાં લખવા જાય—અને કાવ્યત્વને બાજુએ મૂકીને કરેલા ડોલનશૈલીના પૃથક્કરણ પ્રમાણે બરોબર ન્હાનાલાલનું અનુકરણ કરી, તેમના જેવી ત્રણ–કે ચાર જગ્યાએ આવતા વાક્ય ભારોવાળી વાક્યના વ્યુત્ક્રમોવાળી, એક દાંડીની આસપાસ ઝુલતાં વાક્યોવાળી, અને કવિશ્રીના અલંકારો સમાસો ઇત્યાદિ છટાઓવાળી ડોલનશૈલીમાં રચના કરે તો પણ ત્યાં ન્હાનાલાલીય ડોલનશૈલી નહીં નીવડતા કેવળ આડંબરી કે હાંસીપાત્ર ગદ્ય ખોખુંજ માત્ર તૈયાર થશે. ત્યાં સહૃદયોને આગળ કહી તેવી આન્દોલનની પ્રતીતિ નહીં થાય, સંગીતના સ્વરો નહીં સંભળાય. તેજ રીતે કવિશ્રીનાં ડોલનનું સ્વતંત્રપણે—તેમનાં કાવ્યત્ત્વને અને કવિતાના આંતરિક દેહને બાજુએ રાખી પૃથકકરણ કરીએ તો ત્યારે પણ એવા કોઈ સંગીતનું ભાન થાય, એ સંભવિત છે.

આ સંબંધમાં રિચાર્ડઝનું નીચેનું મંતવ્ય ધ્યાનમાં રાખવા જેવું છેઃ—

"The rhythm we admire, which we seem to detect actually IN the sounds, and which we seem to respond to, is something which WE ONLY ASCRIBE TO THEM; and is actually, a rhythm of the mental activity through which we apprehend not only the sound of the words but their sense and feeling, The mysterious glory which seems to inhere in the line of carrtain lines is a projection of the thought and emotion they evoke; and the pecuiar satisfaction they seem to give to the ear is a reflection of the adjustment of our feelings which has been momentarily achieved, The difference between the good rhythm and bad is not simply a difference between cerrtain sequences of sounds; it goes deeper and to understand it we have to take note of the meanings of the words as well." I. A. Richards.

અને ડોલનશૈલીને પદ્યરૂપનું નામ આપવાને બદલે આપણે શૈલી કહીએ છીએ તેનું કારણ આજ છે કે એનું પદ્યત્વ એનું ડોલન જેટલું સ્થૂળ છે તેના કરતાં સૂક્ષ્મ વિશેષ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લય કે તાલના ડોલન કરતાં નાદનું ડોલન વિશેષ છે, અને એથી એ વિશેષ તો એ ભાવ, ભાવના અને તેની જુદી જુદી કલાઓનું ડોલન વિશેષ છે. ભાવનાશીલતા તીવ્રતર હોય છે ત્યારે તેની આ ખૂબી હોય છે. સ્થૂલશબ્દ અને તેની લયમાં એ ભાવના એટલી બધી ઓતપ્રોત થઈ તેને 'તેજે ઘડ્યાં' બનાવે, નવી દુનિયામાં લઇ જાય કે, તેમાં સામાન્યતઃ ન હોય તેવાં તત્ત્વોઃ....અર્થ કલ્પના, ડોલન ઇત્યાદિ દૃષ્ટિગોચર થાય છે. ભક્તહૃદય શાલિગ્રામના ગોળ પથ્થરમાં શંખચક્રગદાપદ્મધારી ત્રિભુવનમનમોહક શ્રીકૃષ્ણનું દર્શન કરી શકે છે-કેવળ ભાવનાથી. એ ભાવના, અને ભાવનાએ ઊભા કરેલા મંદિર, પૂજા, કીર્ત્તન, ધૂપ, દીપ ઇત્યાદિ તત્ત્વોને દૂર કરો તો એ શાલિગ્રામનો પથ્થર કેવળ પથ્થર જ રહે છે. 'તત્ત્વમસિ' જેવા ઉપનિષદ્નાં વાક્યો તેની ભાવના વગર હસવાસરખાં બાલિશ લાગે છે. પરંતુ ભાવના જ્યારે તેમાં ભરાઇ, "સૂર્ય પાછળ જે તેજ છે, તારામાં જે તેજ છે, આગિયાની પાંખમાં જે તેજ છે, હીરામાં જે તેજ છે, તે બ્રહ્મ છે, અને એ તેજ તે તું છે."- એમ કહી કહી ભાવનાના પટ ઉપર પટ આપી સમગ્ર વિશ્વને પોતાની અંદર સમાવી દે છે ત્યારે એ શબ્દો સમર્થ મહાવાકય બની શકે છે. આમ ભાવનાને અને ભાવના રજૂ કરનાર વસ્તુને કે શબ્દ ઇત્યિાદિને જુદા પાડી શકાતા નથી. ન્હાનાલાલની ભાવના આ રીતે જ પોતાની સર્જનાત્મક સૃષ્ટિને 'તેજે ઘડી' બનાવે છે. શબ્દો કે પાત્રો પાછળ જે તેજ છે તે ભાવનાનું તેજ છે. તેમ ડોલન પાછળ પણ એજ ભાવનાનું તેજ આવીને વસી ગયું છે. ને એ તેજની સાથે એ ભાવનાનું સંગીત પણ ભળી ગયું છે. આ ભાવનાનો જ્યાં સુધી આપણને કેફ છે, જ્યાં સુધી આપણી દૃષ્ટિ ભાવનાથી અંજાયેલી રહે છે, ત્યાં સુધી જ એમની સૃષ્ટિ 'તેજે ઘડી' લાગે છે. જરાક કંઇક ઉપહાસ કે ઉપેક્ષાના કે બીજા અડપલાંએ ચડ્યા કે તરત જ સમગ્ર કાવ્યસૃષ્ટિ આપણે માટે અદૃશ્ય થઇ જાય છે. એજ રીતે ડોલનશૈલી પણ જ્યાં સુધી ભાવનાસૃષ્ટિની રંગભૂમિ પર નર્તન કરતી હશે ત્યાં સુધી જ તેનું ડોલન અને અંતર્ગત સૂક્ષ્મ લય અથવા સંગીત આપણને સંભળાશે. એ ડોલનશૈલીને ભાવનાસૃષ્ટિથી જુદી પાડીને જોવા જઇશું તો શુષ્ક દિવસના પ્રકાશમાં પડદા ઇત્યાદિ સામગ્રી તખ્તાપરથી દૂર કરી ખોટી તરવાર અને ખોટા ભભકદાર વસ્ત્રોમાં રાજાપાઠ ભજવતા નટના જેવી તેની સ્થિતિ થશે. કહેવાનું તાત્પર્ય કે કવિશ્રીની કાવ્યસૃષ્ટિ જેમાં ડોલનશૈલી એક થઈ ગઇ છે તેને તે ભૂમિકાથી બહાર લાવી તેનું સ્વતંત્રપણે પૃથક્કરણ કરવું-એટલે-કે કવિતાથી સ્વતંત્ર શૈલીની ચર્ચા કરવી એ ખોટો માર્ગ છે, —અરસિકોનો માર્ગ છે. વસ્તુને જાણવા માટે વૈયાકરણીપણું એકલું ન ચાલે. ભાવનાનો ઓઘ પ્રવાહ અને વળાંક, ઊર્મિ અને ભાવોનાં અનેકવિધ પાસાંઓની છટા, કલ્પનાનાં ઉડ્ડયનની ભાતભાતની લીલા, અલંકારોની પરંપરાથી ઉપજતી નકશી, સૂચવાતાં ચિત્રોની પરંપરાની વૈભવભરી ગોઠવણી-અને અખંડપણે એ સઘળાની સાથોસાથ શબ્દોનો નાદવૈભવનો સંવાદ, રણકારમય રાગાસકત ઉચ્ચારણના આરોહ અવરોહની સુરાવટનો સંવાદ, વચ્ચે વચ્ચે આવી ચડતા નિયમિત વાકયભાર કે પ્રયત્ન તત્ત્વોના ટકોરા, અને ધ્વનનપૂર્વક ઉચ્ચારતા એક એક ઉચ્ચારની 'Tuneful'—ગુંજનમયતાનો ઉપજતો લય આવાં સામટાં અનેક તત્ત્વોથી ડોલનશૈલીના ડોલનની પ્રતીતિ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્હાનાલાલ ભાવનાપ્રેમી કવિ છે. વસ્તુનું, વિચારનું, કે ઊર્મિનું યથાતથ નિરૂપણ કરવાને બદલે તેમની કલ્પના એ સર્વને સૂક્ષ્મ અતિશય ઊંચેરા ઝાંખા વ્યોમમાં જાણે કે લઇ જાય છે. ત્યાં તેને પહોળા પથરાટમાં પાથરી એ ભાવના જાણે કે અદૃશ્ય થઈ જતી હોય તે રીતે વ્યાપી રહે છે. આવી એક ભાવના અન્ય ભાવનાઓ સાથે કવચિત સંઘર્ષણ જમાવતી, કવચિત સંઘર્ષણને ટાળતી, કયારેક એથી પોતાનું રૂપ બદલાવતી, કવચિત અદૃશ્ય થતી વળી જાગૃત થતી અન્ય ભાવનાઓથી પરિપુષ્ટ થતી, પથરાઈ જતી સમગ્ર વાતાવરણને છાઇ દે છે; અને અંતમાં બળવાન બની, વિરોધી સઘળી ભાવનાઓને અતિક્રમીને શુદ્ધ ઉજ્જવળ સ્વરૂપમાં તેજસ્વી બની ખીલી ઉઠે છે. આવી ભાવના આ રૂપમાં કવિ ચિત્તમાં પ્રગટતી હોવાથી, કવિશ્રીને અતિશય વિસ્તૃત પટમાં પથરાઈ જાય અને તેથી અનિબદ્ધ લાગે તેવું ઉડ્ડયનશીલ વસ્તુગ્રથન તેમના નાટકોમાં યોજવું પડયું. ભાવના અને ભાવનાજન્ય વાતાવરણ એ જ અહીં વસ્તુદોરને સાંધનારી સંકલના નીવડે છે. અને તેથી ફરફરતી, પથરાતી, છુટ્ટી, ઉડ્ડયનશીલ અને સ્વયમેવ સંધાતી વિખરાતી સમન્વય પામતી વ્યાપી જતી વસ્તુસંકલના—જાણે કે કોઇ કાવ્યલોકની જ હોય તેવી સંકલના—તેમની રચનામાં હોય છે. પહેલા પ્રવેશનું ભાવદર્શન કદાચ સાતમા પ્રવેશ સાથે સંવાદ સાધે ને ત્રીજા પ્રવેશનો વસ્તુદોર કદાચ છેલ્લા પ્રવેશમાં હાથ લાગે. આમ ધૂપસળીના ધૂમ્રગુંચળાઓ જેવું આ નાટકોનું વસ્તુ જુદીજુદી ધૂમ્રસેરો દ્વારા વહે છે, વહેતું વહેતું એકબીજામાં તદ્દન મુક્તભાવે અટવાય છે ને છૂટું પડે છે, અને એમ અટવાતું અટવાતું ઊંચે ને ઊંચે જતું જાય છે. હવામાં ફેલાઈ સમગ્ર વાતાવરણને સુગંધિત કરી મૂકે છે. આમ છેવટે પરિમલ જેવી અદૃશ્ય એકતા જાણે કે આ રચનાઓ ઉપર વ્યાપી રહે છે. એમનાં પાત્રો પણ ભાવનાએ સારવેલાં 'તેજે ઘડ્યાં' અમૂર્ત બની રહ્યાં છે. એવી એ જ ભાવના ડોલનને ઘડે છે. અને તેથી ડોલન પણ એવું જ મુક્ત, ફરફરતું અદૃશ્ય થઈ જતું હોય તેવું ઘડાયું. એક પંક્તિનો સંવાદ અને પ્રતિધ્વનિ કયારે કઈ પંક્તિ પાડશે તે કળાય નહીં, તેવું વિશાળ વિરાટ અને વ્યાપકરૂપ આ ડોલન ધારી રહે છે, અને ગગનાંગણમાં ભાવનાની જેમ રમવા નીકળી પડે છે, સ્પષ્ટતાથી પકડયું પકડાય નહીં તેવું બની જાય છે. એવું એ ડોલન ભાવનાના પ્રવાહને અને તેના સંગીતને અનુકૂળ બની ઝીલવા લાગીએ અને જેમ જેમ વધારે ઝીલીએ તેમ તેમ સમૂહમાં એકી સાથે આપણા અંગેઅંગમાં તેનું નર્તન ભરે છે. Shelleyનાં કાવ્યો જેમ Cumulative—એકસામટી સમગ્રરૂપે અસર કરે છે તેમ ન્હાનાલાલનાં કાવ્યો અને તેની ડોલનશૈલી પણ સમગ્ર ભાવનાશીલતાના વિશાળ વ્યોમમાં એકીસાથે ગોરંભાઇને અસર કરે છે. "We shall never understand metre so long as we ask why does temporal pattern so excite us; and fail to realise that the pattern itself is a vast cyclic agitation spreading all over the body, a tide of excitement pouring through the channels of the mind." (I. A. Richards).

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિરાટ અને અપરિમેય ભાવનાઓ ઝીલવા માટે 'ફૂલડાં કટોરી' જોઇએ તેમ ડોલનની પ્રતીતિ માટે પણ એવી ફૂલડાંની શ્રુતિ કટોરી જાણે કે લાવવી પડે છે; એટલી બધી, એકીસામટી અસર કરી લય ઉપજાવતી આ ડોલનશૈલીનો લય, સૂક્ષ્મ બની ગયો છે. આથી કવિશ્રીની ડોલનશૈલીના સંગીતને સાગરના ઘોષ સાથે સરખાવવામાં આવે છે. સાગરનાં મોજાંઓ નિરંતર એકધારૂં સંગીત અથવા ઘોષ ઉત્પન્ન કરે છે. એક મોજું ઉછળતું ઉછળતું ગર્જના કરતું કરતું આવીને કાંઠા પર જોરથી પછડાય, બીજું મોજું મોટો દેખાવ કરી ઘુઘવાટ મારતું દોડ્યું આવી પાસે આવીને હળવેથી ધીમાં છબછબિયાં બોલાવતું ફેલાઇ જાય, ત્રીજું કયાંકથી છાનુંછપનું કાંઠા આગળ આવી ઓચિંતાનું ઉછાળો મારી મોટા અવાજ સાથે અથડાય, ચોથું વળી છેવટ સુધી એકધારી એકસરખી ગતિ સાથે આવે અને કાંઠા પર વેરાઇ જાય. આમ ભાતભાતનાં મોજાંઓ, ભાતભાતની લીલા દાખવે છે, ભાતભાતની ગર્જના કરે છે. એ બધામાં નિયમિતતા નથી, તાલ નથી છતાં તાલ હોય તેવી પ્રતીતિ થાય છે. એક પ્રકારનું સંગીત અવશ્ય સંભળાય છે. તો એ તાલનું ભાન કયાંથી ઉપજ્યું ? સાગરની સૃષ્ટિ વિશાળ છે, મોજાંનો પ્રવાહ અનંત છે, તેનું ગર્જન ઘેરૂં અને ગંભીર છે; અને પાણીનું ઊંડાણુ તાગ ન લઇ શકાય એવું છે. આવી વિશાળ સૃષ્ટિમાં આપણી નાનકડી દુનિયાની નિયમિતતા કરતાં કંઇક એવી વિશાળતાને અનુરૂપ તેવી જુદી ગણુતરીની નિયમિતતાનો આપણુને અનુભવ થાય છે. અમાપ અને અપરિમેય એવા ઊર્જિતના અનુભવમાં સૌન્દર્યના અનુભવજેવી સુષમા, સપ્રમાણુતા અને સૌષ્ઠવ ન પણ હોય. છતાં રસિકોને એ દર્શન સૌન્દર્યના દર્શન જેટલુંજ આહલાદક પ્રમાણુબદ્ધ અને રસદૃષ્ટિને તૃપ્ત કરે તેવું લાગે છે. ભવ્યતાને પહેલાં રસસૌન્દર્યના ક્ષેત્રની બહારની અનુભૂતિ ગણવામાં આવતી. હવે સૌન્દર્યશાસ્ત્રે ભવ્યતાનો સ્વીકાર કર્યો છે. ભવ્યદર્શન વખતે આત્મા જાણે કે સ્થૂળ દેહથી મુકત થઇ અમાપ અપરિમેય એવા એ દર્શનનું આકલન કરવા પ્રવૃત્ત થાય છે અને એમ શરીરના અને જગતના સ્થૂળ પરિમાણુ માત્રને ત્યજીને કોઇ વિશાળ આત્મિક પરિમાણુનો અનુભવ કરે છે. વાંકીચૂંકી ચાલી જતી સરિતા પર્વતપરથી તીણી દૃષ્ટિએ જોતાં સુન્દર આકાર પાડતી વેલ જેવું ચિતરામણ કરે છે. ગમે તેમ આડાઅવળા પહોળા અને ઊંચા વધી પથરાઇ ગયેલા ડુંગરા દૂરથી—વિશાળ અવકાશને ભેદીને ક્ષિતિજની વિશાળ પશ્ચાદ્દભૂમાં જોતાં રળિયામણા લાગે છે. ચન્દ્રની અંદર તો ઘાટઘુટ વિહોણી ભયાનક ઊંડી ખીણો છે છતાં અહીંથી જોતાં જાણે કે ચન્દ્રનું મુખ હસી રહ્યું હોય કે તેમાં સસલું કે હરણું બેઠું હોય, તેવું આકારનું સૌષ્ઠવ જણાય છે. એટલે કે વિશાળસૃષ્ટિમાં જો તેની વિશાળતાનો, વ્યાપકતાનો, ભવ્યતાનો આપણુને અનુભવ થાય તો આપણા સામાન્યત: નાના જગતને માપવાનાં પરિમાણો—આપણી પ્રમાણુબદ્ધતાની, નિયમિતતાની, લયની, સૌષ્ઠવની ભાવનાઓ જાણે કે ઓગળી જાય છે. અને કોઇ નવું જ માપ આપણી સામે ઊભું થાય છે. એ માપ કેવળ કલ્પનાશક્તિ જ પાળી શકે છે, ને આપણા અનુભવમાં આણે છે.

કવિશ્રીની ભાવના સૃષ્ટિ કવિશ્રી પોતે કહે છે તેમ "વિરાટના ગાયક" હોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી વિરાટ છે. એની ભાવનાને ઝાંખાભૂરા વ્યોમમાં પથરાઇને ભવ્ય બનવાની ટેવ છે. સ્થૂળને ત્યજીને સૂક્ષ્મનું સૌન્દર્ય પારખવાને—ઓળખવાને તે વારંવાર ન્હોતરે છે. તો એવી ભવ્ય કાવ્યસૃષ્ટિની એકસામટી એકસરખી અસર સહૃદયના દિલમાં થાય ત્યારે કોઇ સૂક્ષ્મ નિયમિતતાની, લયની, પ્રમાણબદ્ધતાની પ્રતીતિ થઇ શકે. વિરાટ આંદોલની લય પરખાય તેવું ડોલન ત્યારે કલ્પના પારખી શકે. સાગરની ગર્જનામાં નિયમિતતા તે એક એક મોજાંને ઘડિયાળના માપે માપવાથી ન જ જણાય પરંતુ સાગરની આ સમગ્રલીલાનો એકસામટો અનુભવ કરી શકાય. તેમજ ન્હાનાલાલની ડોલનશૈલી આપણા પ્રચલિત નિયમિતતાના ખ્યાલથી કદાચ ન પામી શકાય, પણ કવિશ્રીનાં કાવ્યની સમગ્ર અસર ઝીલતાં તો જરૂર અનુભવી શકાય. માટેજ કહ્યું કે ભાવના સૃષ્ટિથી ડોલનશૈલીને જુદી પાડી પછી તેની નિયમિતતાનું પૃથક્કરણ કરવા બેસવું તે નિઃર્થક છે. એટલુંજ નહીં વિરાટસૃષ્ટિના લયને આપણા લયના ગજે માપવા બેસવું અને તેના અક્ષરો ગણવા, માત્રા ગણવી, પ્રયત્નના કે વાકયભારના ટકોરા ગણવા એ નિરર્થક છે. ભવ્યતાની અનુભૂતિ માટે જેમ સૌન્દર્યની સૌષ્ઠવની ભાવનામાં છૂટ મૂકવી પડે છે તેમ આમાં પણ પ્રચલિત લય, તાલ કે નિયમિતતા બાબતમાં છૂટછાટ મૂકવી પડશે. Watts Dunton જેને પ્રકૃતિનું ડોલન કહે છે તેવું આ ડોલન છે—આપણી નિયમિતતાની કોઇ બીજીજ ભૂમિકામાં લઇ જાય તેવું: "Perhaps it may be said that deeper than all the rhythms of art is that rhythm which art would fain catch : the rhythm of nature....Being rhythm it is of course governed by law, but it is a law which transcends in subtlety the conscious art of the metricist; and is only caught by poet in his most inspired moods; a law which being part of nature's own sanctions can be of course never be formulated but only expressed, as it is expressed in the melody of bird, in the inscrutable harmony of the entire bird chorus of a thicket, in the whisper of the leaves of the tree, and in the song or wail of wind and sea." એટલે છેવટે પૃથક્કરણ કર્યા પછી પણ આંતર પ્રતીતિનો દાવો રજૂ કરવો પડે તેવું આ ડોલન પૃથક્કરણથી પર બન્યું છે. પણ એનો અર્થ એજ કે આપણને આપણી મર્યાદાઓ નડે છે. પરંતુ કલ્પના જેમ ભવ્યતાનો અનુભવ કરી શકે ને કદાચ કરાવી શકે તેમ આ ડોલનને કલ્પનાશક્તિ અને પટુકરણ શ્રવણેન્દ્રિયની મદદથી જરૂર અનુભવમાં લાવી શકાય.

× × ×

સાગરનો ઘોષ માત્ર લય ઉપજાવતો નથી, લયની કે તાલબદ્ધતા આપણે કદાચ ઝાંખી ઝાંખી પકડી શકીએ છીએ—તેમાં લય કે તાલબદ્ધતા છે તેવું બીજાં કેટલાંક કારણોને લીધે લાગે છે. સાગરની ભવ્યતા ઉપરાંત એકધારો એકસરખો જે સૂર ગર્જનાથી ઉત્પન્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે, અને એ સૂરમાં રહીને તેમાંથી પ્રગટી તેમાં શમતો હોય તેવો આરોહ અવરોહ અને અવાજના જોસમાં volume માં જે વધારો ઘટાડો થાય છે, ને એમ છતાં એ સૂરના પ્રવાહમાં જે અખંડિતતા વરતાય છે— તેને લીધે પણ સાગરનાં મોજાંમાં લય હોય તેવું લાગે છે. ન્હાનાલાલની ભાવનાની સાથે જન્મેલો કોઇ તેમનો અંગત સૂર આ ડોલન કે લય ઉપજાવે છે તેમ કહેવામાં આ તાત્પર્ય હતું કે ડોલન કે તાલમયતા કરતાં વિશેષ આ સૂર પોતે લયન્ત તાલની નિયમિત ઝાંખી અસ્પષ્ટ છાયા ઉપજાવ્યા કરે છે. કવિશ્રીના ડોલનને સમજાવવા માટે આવી કોઈ ઉપમા આપવી પડે છે તે તર્કશાસ્ત્રની દૃષ્ટિએ વાત સિદ્ધ ન કરનાર argument by analogy છે પરંતુ એથી એ ડોલનનું જો રૂપ સમજાતું હોય તો તેવી ઉપમાને સ્વીકારવામાં બાધ નથી. અને ન્હાનાલાલ ડોલનનો જેમને પરિચય છે તેને તો ડોલનની પાછળ સાગર ઘોષ સંભળાય છે. એટલે તેમને માટે આ ઉપમા ઉપમા ઠરતી નથી પણ હકીકત બની જાય છે. આમ સાગરનાં મોજાંમાં ઘોષ છે, નાદ છે, ને તેથી નિયમિતતા જેવું લાગે છે. લય એટલે માત્ર અમુક અંતરે નિયમિતપણે આવતો તાલ ભાર કે ખટકો નહીં પણ અમુક પ્રકારની સૂરાવટની વિશિષ્ટ બાંધણી એવો જો અર્થ કરીએ તો સાગરનાઘોષની જેમ ડોલનશૈલી પણ લય ઉપજાવે છે. તાલમયતા ન હોવા છતાં આવી સૂરાવટની બાંધણી તેનો સંવાદ અને સંવાદને યોગ્ય તેવો લયનો આનંદ ઉપજાવે છે.

કવિશ્રીનાં ડોલનમાં આમ તાલ નહીં પણ સૂરાવટ, ડોલન, સંવાદ, કે સંગીત એ નિયામક બળ છે. કવિશ્રીએ પોતે ‘કવિનો આત્મા ગાતો નથી પણ ગુંજે છે’ એમ કહેવામાં પોતાની ડોલનશૈલી એ તાલબદ્ધ લયબદ્ધ રાગરાગિણીનું સંગીત નથી પણ એ સઘળાનું ગુંજનાત્મક પૂર્વરૂપ છે. તબલાં કે તાલ આપનાર વાજિંત્રોની અહીં જરૂર પડતી નથી, કેવળ મીઠા મધુરા સંવાદી સૂરોનું મુકત ફરફરતું વાતાવરણ ઉભું કરવાનો અહીં પ્રયાસ છે. માણસ ગીત ગાવાની મનોદશામાં હોય ગીત ગાવાની શરૂઆત કરતો હોય તે પહેલાં જરા મનમાં ગણગણે છે, ગુંજે છે. પોતાને જે રાગ ગાવો છે તેનું આછું પાતળું સ્વરૂપ બાંધે છે. આ વખતે એ રાગ પૂરબહારમાં સ્પષ્ટરૂપ થતો નથી. આગળ આવી લયબદ્ધ તાલબદ્ધ નર્તન કરતો નથી. પણ એવા એ રાગનું વાતાવરણ સર્જાય, તેનું રૂપ આકાર ધારણ કરતું જાય સૂચવાતું જાય તેવા સ્વરમાળાના આડાઅવળા થોડાક સંવાદી ટુકડા સંગીતકારના કંઠમાં પ્રગટ થાય છે. એમ એ ટુકડા રજૂ કરતો હોય ત્યારે વળી તેના મનમાં તો એ રાગની અનેક સૂરાવટ ઊભી થઇ સળવળતી ધૂમાધૂમ કરી મૂકતી હશે. આવી મનોદશા કવિની પણ હોય છે. કવિ કોઇ વિશિષ્ટ છંદમાં, ઢાળમાં પોતાના વ્યકત થવા મથતા મનોભાવને ગોઠવે તે પહેલાં આવા ગુંજનાત્મક ટુકડાઓ દ્વારા આ મનોભાવો રજૂ થાય છે. કવિનો પોતાનો કોઇ ખાસ સૂર અને સૂરનો પ્રવાહ જાણીતા ઢાળો પાછળ પણ જણાય છે તેનું ખાસ કારણ આ, પરંતુ આ ક્ષણ પૂર્ણ બાહ્ય પ્રગટીકરણ પહેલાંની ક્ષણ છે. અને તે અસંવાદી, અમધુર કોલાહલ પૂર્ણ નથી. કવિ જો ધારે તો આ ક્ષણને એમને એમ રહેવા દઇને પણ વિશિષ્ટ પ્રકારનું સ્વરોનું— નાદનું દલવાદલ સર્જી એક પ્રકારનું ડોલન, સૂરાવટ, કે ગુંજન રજૂ કરી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિનો આત્મા ગુંજે છે એમ કહેવામાં કવિશ્રીને કહેવાનું હતું તે આ કે કવિતાના પદ્યદેહ માટે તાલ, લય, આવર્તનયુક્ત અમુક વિશિષ્ટ નિયમિતતા હોવીજ જોઇએ એવું થોડું છે? એમાં જે આવશ્યક છે તે તો અમુક પ્રકારની સૂરોની સુમધુર સંવાદી બાંધણી. સંગીતકારના શરૂઆતના ગુંજનથી જેમ રાગનું રૂપ બંધાય છે, તેનું વાતાવરણ સર્જાય છે, તેમ કવિના આવા પ્રતિભાજન્ય કાવ્યપ્રાદુર્ભાવ વખતના ગુંજનથી પણ એક પ્રકારના સંગીતનું—પદ્યદેહના મૂળભૂત તત્ત્વનું સ્વરૂપ તો જરૂર દૃષ્ટિગોચર થાય છે, એવું વાતાવરણતો અવશ્ય છવાઈ જાય છે.

"If we listen to say one speaking in a language we do not understand, we can tell when he quotes Verse by the changed inflections. (સમગ્ર નાદ દેહ માટે આ શબ્દ વપરાયો છે.) When we see words printed in verse we tend to alter our inflections—we should never use for the same sentence written in prose. We feel bound to read poetry in poetic inflection. We expect poetry to speak to us with a different music from prose. What is the music we expect from poetry? A tune or song to be sure"—Katherine M. Wilson.

કવિતામાં લય, તાલ, ગતિ કરતાં ગુંજન, ધ્વનન, સૂર, સંગીત એ મુખ્ય છે. એકે એક ઉચ્ચાર જ્યારે પદ્યમાં ઉચ્ચારાય છે ત્યારે ગુંજે છે. ઘંટનો નાદ, Tuning fork નો નાદ નિયમિત આંદોલન ઉપજાવવાથી સૂર પ્રગટાવે છે--અવાજ કોલાહલ કરતા નથી. તેમ પદ્યના ઉચ્ચારણમાં નિયમિત આંદોલન એકે એક ઉચ્ચારમાં હોય છે ને તેથી તે ગુંજે છે એકે એક શબ્દ આથી પૂર્ણ ધ્યાનને પાત્ર થાય છે. એકે એક ઉચ્ચાર સંપૂર્ણ પણે ખીલી રહે છે. એટલુંજ નહીં જુદા જુદા ઉચ્ચારણ આમ નિયમિત આંદોલન ઉપજાવતા હોવાથી બે ઉચ્ચારણ વચ્ચે એક પ્રકારની ગતિની નિયમિતતા જણાય છે. એક એક ઉચ્ચાર ઉપર જાણે આપણે થોભીએ છીએ. આથી આપણે માત્રાની ગણતરી કરી શકીએ છીએ. માત્રાની પહેલાનું અને મૂળભૂતરૂપ આમ ગુંજન છે. ગદ્યમાં, કે વક્રવૃત્ત કે રાગબદ્ધ ગદ્યમાં પણ આવું ઉચ્ચારણ ગુંજનત્વ નથી હોતું. તેમાં ગતિ કે ડોલન હોય, અવાજમાં આરોહઅવરોહ અને ગતિની મંદતા શ્રુતતા ઇત્યાદિ હોય પણ ગુંજારવનું તત્ત્વ નથી હોતું એટલે ક્યાંક ત્વરિત ક્યાંક ધીમેથી, ક્યાંક અસ્પષ્ટ ને ગડમથલિયું એવું ઉચ્ચારણ ગદ્યમાં તો હોય છે.

આવા ગુંજનાત્મક ઉચ્ચારણને પ્રતાપે પદ્યમાં એક ષડ્જ ઉત્પન્ન થાય છે. સંગીતકારનું સંગીત જેમ તંબુરના ષડ્જને પ્રાપ્ત કરી તેમાંથી ઉદ્ભવે અને તેમાં શમે, અને રાગગવાતો હોય તે દરમિયાન એ પ્રાપ્ત કરેલા ષડ્જ પર નિર્ભર રહે, એણે ઉપજાવેલી સપ્તકની દુનિયામાં વિહર્યા કરે પણ એ 'સા' તો પૂરેપૂરો જાળવે નહીંતર બસૂર બની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે. તેમ પદ્યમાં પણ આવો ષડ્જ ઉપજે છે અને તેને આધારે પદ્યમાં આરોહ-અવરોહનું સપ્તક રચાય છે. એકેએક આરોહઅવરોહનો સૂર એ **સા** માંથી પ્રગટતો હોય, તેને સૂચવતો હોય અને તેમાં શમતો હોય તેમ આપણને જણાય છે. ગદ્યમાં સપ્તક એને એ નથી રહેતું. પણ પદ્યમાં ભલે આલાપીને કવિતા ન ગાવાની હોય તો પણ આ જાતનું સપ્તકના સૂરનું સૂચન તો આપણી અંતઃશ્રુતિને મળી જ જાય છે.

અને તેથી કવિતાનો ઉપાડ જ કોઈ સંગીતથી અનુપ્રાણિત સૃષ્ટિથી થાય છે. સંગીતકાર **સા** મેળવીને ગીત ઉપાડે, દુહાકાર–ભજનકાર પોતાનું ગીત શરૂ કરતાં 'હે જી કે એ' એમ ઉચ્ચાર કરી સ્વરપાંખે અવાજને ચડાવીને પછી પોતાનું ગીત ઉપાડે તેમ પદ્યનો પણ સૂક્ષ્મ ષડ્જ પ્રાપ્ત કર્યા પછી સંગીતમય માનસિક ભૂમિકામાં ઉપાડ થાય છે. ગદ્યના જેવું અછડતું, અવાજ ઉત્પન્ન કરે તેવું ઉદ્ઘાટન તેનું નથી હોતું. આગળ પાછળનું અનુસંધાન નિયમિત ધ્વનનના આંદોલનથી જાણે કે થઈ જાય છે. અને આથી પદ્યમાં પ્રમાણબદ્ધ ગતિ હોય (measured pace) હોય તેવું આપણને લાગે છે. એ ગતિના વિશિષ્ટ પગલાંને માપી શકાતાં હોય તો ભલે. નહીંતર એ ગતિનો પ્રવાહ મપાયા વગર, વિશિષ્ટ અંતરે પગલાના ધબકારા વગર પણ નિયમિતતાનું એક તત્ત્વ ઉપજાવે છે. સંગીતકારની ગુંજનાત્મક સુરાવટમાં આવી ગતિ હોય છે,– તબલાનો ઠેકો ન હોય તો પણ. સંગીતની બાબતમાં જે આ વાત આપણે સ્વીકારીએ છીએ તે પદ્ય બાબતમાં પણ સ્વીકારવી ઘટે. ત્યાં પણ નિયમિત આવર્તનના ઠેકા, ખટકા, feets ન હોય તો પણ ગતિ સ્વસ્થ, નિયમિત અને પ્રમાણબદ્ધ હોઈ શકે છે.

સંગીતમાં ષડ્જ પ્રાપ્ત થયા પછી જેમ જુદા જુદા સ્વરો સંવાદ રચીને રાગ ઉપજાવે છે, તેમ પદ્યમાં પણ કોઇ pitch અથવા ષડ્જ પ્રાપ્ત થયા પછી જુદા જુદા વાક્યશબ્દ અક્ષરના ગુંજનાત્મક નાદ દેહો સંવાદ સાધી વિશિષ્ટ રમણીય સ્વરમંડળ બાંધવાનું કાર્ય કરે છે. પદ્યમાં માત્ર સૂરની સુરાવટ નથી ઉપજતી પણ તેની સાથે સાથે અ–આ–ઈ–ઓ ઇત્યાદિ સ્વરોનું ઉચ્ચારણ જે નાદ રચે છે, સીસકારા બોલાવતા સ, ષ, જેવા ઉચ્ચારણો, ધ્રૂજારી આપતા ર્ જેવા ઉચ્ચારણો, પ્રવાહી ખળખળાટ કરતા લ, ળ જેવા ઉચ્ચારણો વગેરે સૂરો કરતાં વિશેષ આકર્ષક એવો સંવાદ રચી શકે છે. આને આપણે પદ્યનું સંગીત કે સુરાવટ કહીએ—જેમાં સંગીતના સુરાવટ તો છે જ, સંગીતનાં જેવું ધ્વનન પણ છે ને એ ઉપરાંત ઉચ્ચારણના પહોળા, તીણા, સુસવતા, સરકતા, ઊંચે ગતિ કરતા, ધ્રૂજારી આપતા એવા એવા ભાતભાતના જે નાદ છે, તેનો સંવાદ પણ હોય છે. આવું સંગીત એ પદ્યની વિશિષ્ટતા છે. આ સંગીત ગણની રચના, માત્રાની રચના કે પ્રયત્નની રચના જેટલું જ એટલે કે પ્રચલિત છંદોના ડોલન જેટલું જ મહત્ત્વનું છે. શબ્દોના નાદ દેહમાંથી લઘુ-ગુરુનો સંવાદ, માત્રાઓની સંધીનો સંવાદ, પ્રયત્નની લયનો સંવાદ આપણે તારવી કાઢીએ છીએ, તેમ આ સકળનાદવૈભવનો જ્યાં સંવાદ સધાતો હોય તેને પણ તારવીને તેના પર પણ સંવાદમય રચના થઇ શકે છે—તે સ્વીકારી લેવું જોઇએ. તબલાના ઠેકા કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લયનાં પગલાં જ માત્ર સંવાદ સાધે અને બીજાં આવાં તત્ત્વો સંવાદ ન રચે એમ માનવું યોગ્ય નથી. " Rhythm my be very important to cadence and this has led people to think that cadences of prose and poetry and even those of music are solely a matter of rhythm, and that એટલે કે શબ્દના નાદવૈભવ inflection has nothing to do with it, and that melody is guided entirely by rhythm". (Katherine, M. Wilson.). પણ એ ભૂલ છે. કવિતાના નાદદેહનો સંવાદ પણ તેનું ધ્વનનાત્મક, ગુંજનાત્મક ઉચ્ચારણ હોવાથી એક પ્રકારની લયનો રમણીય પ્રવાહ ઉપજાવે છે.

કવિશ્રીની ડોલનશૈલીમાં પદ્યનું આ મૂળભૂત નાદદેહના સંવાદનું અને ધ્વનનાત્મક ઉચ્ચારણનું અને તેથી તેથી પ્રવાહી રમણીય લયલહેરખીઓનું તત્ત્વ રહેલું છે. એ તેનું નિયામક બળ છે. એ લયલહેરખીઓ ક્યારેક સ્પષ્ટ બનીને ટકોરા પાડે છે ત્યારે આપણને પ્રયત્નનું કે વાક્યભારના નિયમિતપણાનું ભાન થાય છે. પ્રાધ્યાપક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કહ્યું કે : "ધીમા પઠનમાં વાક્યમાં આવતા શબ્દ ઉપરના ભારને આપણે વાક્યભાર કહીએ તો નાનાલાલીય રચનાની કોઇ પણ કંડિકામાં સામાન્ય રીતે ત્રણ સ્થળે ભાર આવે છે, અને તેને વિવિધતા આપવા અર્થાનુકૂલ રીતે ચાર કે બે ભાર આવે છે." આવા ભાર પહેલી ગુંજારવની અને સુરાવટની ગોઠવણીથી ઉપજે છે. કવચિત એ ટકોરા પડે છે ને કવચિત નથી પણ પડતા. અને એકસરખી રીતે તબલા બજાવ્યે રાખતો તબલચી વચમાં થોડાક આડા ઠેકા લે અને છતાં સમ તો જાળવે તેમ અહીં પણ નોબતની દાંડીના ટકોરાની જેમ ટકોરા અનિયમિત લાગતા હોય છતાં સમ જાળવે છે, પરંતુ કવચિત તો કેવળ ગતિનું જ માત્ર ભાન થાય છે. ટકોરાની તાલની નિયમિતતા સમજાતી નથી, એવું પણ આ ડોલનશૈલીમાં બને છે ખરૂં. અને ત્યારે મંદિરમાં આરતી વખતે કોઇ નગારા પર દાંડીથી ધ્વનન કરે—કેવલ એકલું ધ્વનન કરે અને તાલ ન સાચવે તેની જેમ ડોલનશૈલીમાં ધ્વનન અથવા ગુંજારવ થાય છે. મંદિરનાં નગારાનું ધ્વનન સૂર ઉપજાવે છે તેનાં આંદોલન નિયમિત હોય છે ને તેથી તેમાં ગતિ હોય તેવું લાગે છે. ગતિ સ્વસ્થ નિયમિત અને પ્રવાહી લયવાળી લાગે છે, અને વચ્ચે વચ્ચે અમુક તાલના બોલ જાણે વાગતા હોય તેવી તાલમયતા આવી ચડે છે, એટલે નગારાના ધ્વનિમાં લય જેવું જણાય છે. તેવુંજ ડોલનશૈલીમાં છે. તેમનો વાક્યભાર નિયમિત અંતરે આવે છે. "પંક્તિઓના પઠનની સમયની માત્રા લગભગ સરખી રહે છે." છતાં ક્યારેક કેવળ ધ્વનન પણ ઉપજે છે. કેવળ સુરાવટનું આંદોલન પણ જામે છે. અને તેથી કવચિત એ પંક્તિઓમાં ત્રણ ત્રણ ટકોરા પડે અને પછી જાણે સાત ટકોરા આવી પડે છે, કવચિત સરખું અંતર જણાય છે. કવચિત ટકોરા જાણે પાસે પાસે આવી પડતા હોય તેવું લાગે છે. આમ જે ભાર આવે છે તે મૂળ લહેરખીને લય પ્રવાહને સૂચવે છે એ પોતે લય હોય એમ માનવાનું મારૂં મન ના પાડે છે. ડોલનશૈલીની પંક્તિમાં આવતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અક્ષરોની સંખ્યા ગણી તેમાં નિયમિતતા વચ્ચે વચ્ચે જણાતાં તેને અક્ષરમેળ ગણવા જઇએ, માત્રાઓના સરખા જણાઇ આવતા વજનથી તેને માત્રા મેળ ગણવા પ્રેરાઇએ તો તેની જેમજ ડોલનશૈલીના વાકયભારોની નિયમિતતાને તેના નિયામક તત્ત્વ તરીકે ગણવાનો પ્રયત્ન કરીએ ત્યાંસુધી આપણે હજી ડોલનશૈલીના કિનારા પરજ ફરતા ગણાઇએ એવો વાકયભાર જેથી આકાર ધરે છે તે ધ્વનન અને ધ્વનનજન્યગતિ; શબ્દના સઘળાં નાદતત્ત્વોનો સધાતો સંવાદ, અને સંગીતની જેવા આરોહ અવરોહ યુકત ઉચ્ચારણમાં જે સૂર મળે છે તેનો પણ સંવાદ અને તેથી એ વિશેષ તો પંક્તિ કરતાં કંડિકાના કોઈ ભાગમાં આવી ગતિથી સમ છૂપાઇ જાય છે તેનું ભાન....આ બધાં તત્ત્વોને પણ ગણનામાં લેવા જોઇએ.

ડોલનશૈલીનું ડોલન તેના સંગીતમાંથી, ગુંજનમાંથી પ્રકટે છે. તેના નાદ વૈભવમાંથી પ્રકટે છે. અને તેથી પ્રો. વિષ્ણુભાઈ કહે છે તેમ "ભાષાના સ્વાભાવિક વહનમાં કશું નિયંત્રણ નથી"—એ વાત બરોબર નથી. ગદ્ય જેવું ઉચ્ચારણ આ ડોલનનું થતું નથી, પદ્ય જેવું થાય છે અથવા સંગીત જેવું થાય છે. એના એક એક ઉચ્ચારમાં ગુંજન હોય છે અને શબ્દો સ્વરપાંખે ચડી આરોહ અવરોહમાં ઝૂલે છે. ડોલનશૈલીનો સાગર-સમો ઘોષ એવું વિશિષ્ટ ઉચ્ચારણ સૂચવાય છે ડોલન રચનામાં તેથી જણાય છે. અલબત્ત આપણે લઘુગુરુના માપવાળા રૂપમેળ, માત્રામેળ ઇત્યાદિ છંદો માટે વાપરીએ છીએ તેવું અસ્વાભાવિક ઉચ્ચારણ અહીં વાપરવાનું નથી. રોજની ગદ્ય બોલીમાં જે ઉચ્ચારણ પદ્ધતિ છે તેજ ચાલુ રાખવાની છે. પણ ભાવના અને ભાવથી તેને રણકતી બનાવી, તેના અછડતા રહી જતા નાદદેહને પૂર્ણપણે ખીલવી, એક એક ઉચ્ચારણમાં ગુંજારવ ભરીને આ ડોલનશૈલી ઉચ્ચારવાની છે.

ડોલનશૈલીનું ઉચ્ચારણ ગણમૂલક રૂપમેળ છંદોની જેવું જેમ ન થાય, માત્રામેળ છંદોના જેવું જેમ ન થાય, ને રાગ કાઢીને ગવાય પણ નહીં, તેમ બેઠા ગદ્યની જેમ શાંતપણે પણ તેનું ઉચ્ચારણ ન થાય. એમાં. નાદદેહને પૂર્ણપણે શકય તેટલો ભાવ અને ભાવનાના પ્રવાહ પ્રમાણે, વાકય રચનાની લઢણ પ્રમાણે રણકારમય બનાવવો પડે છે. કોયલના એક પછી એક તીવ્ર બનતા જતા ટહૂકારની જેમ નીચેની પંક્તિ ઉચ્ચારવી પડે છે :

"ચરતી આવતી વાગોળતી"
નવવર્ષાની લીલી દુર્વામાં
નવઆનન્દે વિચરતી ધેનુ સમી
સુન્દરી 'નવજ્ઞાનનો આનન્દ અનુભવતી

પ્રથમ પંક્તિનો જાણે એ સૂરપ્રવાહનો અવાજ બીજી પંક્તિથી અવરોહમાં ઉતરે છે; ત્રીજી પંક્તિનો શરૂઆતનો સૂર કંઈક ઉંચે છે. અને છેલ્લી પંક્તિમાં વાકયભાર મંદ-મંદ પગલાં ભરતો લંબાય આ સાગરનું મોજું જે પહેલી પંક્તિમાં ઊછળ્યું તેનું વળતું પાણી બની ફેલાઇ જાય છે. જ્યાં જ્યાં વાકયમાં વ્યુત્ક્રમો હોય ત્યાં ત્યાં વચ્ચેના ક્રિયાપદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ ઊંચા સૂરથી શરૂ થયેલું વાક્ય ઢળી અંતભાગ તરફ પાછું ઊંચે ચડે છે અને ત્યારપછીનું વાક્ય મોટે ભાગે તેના જેવી જ રચના કરી વાક્યોને આરોહ અવરોહના નિયમિત આંદોલને જાણે કે ઝૂલાવે છે. પ્રો. વિષ્ણુપ્રસાદે જ રજૂ કરેલી કંડિકા જોઈએ :

છેતરી—માતાએ મ્હને છેતરી
માતા માતા થઈ છેતરી મ્હને ?
પુત્રીઓ ક્ય્હાં શોધશે દિલના દિલાસા ?
જાવ, ભસ્મ થાવ,
વસન્તચોકના શણગાર....

સ્હવારે પૂછ્યું શું છે ?
તો કહે વસન્તનો છે ઉત્સવ
બપ્પોરે પૂછ્યું શું છે ?
તો કહે વિધાત્રીની છે પૂજા
તે આવજે સજીને સોળે શણગાર.
છેતરી—માતાએ છેતરી પુત્રીને.
નહીં નહીં સ્વીકારે જયા
જન્માન્તરે યે કાશીરાજેન્દ્રને....

સ્વગત મનમાં ઉચ્ચારાતી હોય તેમ ધીઠા સૂરે પહેલી પંક્તિ ઉચ્ચારાય છે તાલ દૃષ્ટિએ ચારને બદલે પાંચ તાલનો જાણે કે કાળ જાય છે કારણકે પ્હેલા શબ્દ પછી જરા મૌનનો કાળ પસાર થાય છે. 'છેતરી' શબ્દ પછી **માતા** શબ્દ જરા જોસથી ને કઈંક ઊંચા સ્વરે બોલાય છે. પછી જાણે ગતિ અમુક ડગલાં ભરે છે ને ઊંચેરા સ્વરથી શરૂ થતી પંક્તિ ક્રમશઃ આરોહ પામે છે. બીજીવાર માતા શબ્દ વધારે જોરથી બોલાય છે, ને છેલ્લા 'મ્હને' ના ને નો રણકાર હવામાં ગુંજ્યા કરે છે. પ્રશ્નાર્થની લઢણ એ રણકારમાં ઉમેરો કરે છે. વળી મૌન; અને વસન્તચોકના શણગારને ભસ્મ થવાનું ક્રોધ વચન કહેતી જયા સ્મરણમાં ઉતરી પડે છે : સ્હવારે પૂછ્યું શું છે ? એ પંક્તિમાં જે ક્રમશ : આરોહ છે તેનો તેટલો જ ને તે પ્રમાણમાં અવરોહ બીજી પંક્તિમાં જણાય છે. પહેલી પંક્તિના 'છે' નો રણકાર બીજી પંક્તિના 'વ' ના રણકાર આગળ જાણે કે પથરાઇને વળતું રૂપ ધરે છે. એમ ઉચ્ચારાતાં જરા પોતે છેતરાણી ને માતા જૂઠું જૂઠું બોલી હતી એટલે માતાના આ શબ્દોને મશ્કરીમાં, તિરસ્કારમાં જાણે કે જયા સંભારે છે. એ પ્રકારનો અહીં રણકો છે. ત્રીજી પંક્તિમાં એજ હિંડોળો જાણે કે એજ રીતે આગળ ચાલે છે. પણ પછી ત્યાર પછીની પંક્તિના 'પૂજા' શબ્દ આગળ ન અટકતાં લંબાતો લંબાતો 'શણગાર' શબ્દ સુધી લંબાય છે. બીજો ફંગોળો આમ મ્હોટો છે અને એ માટે એની શરૂઆતમાં 'બપ્પોરે પૂછ્યું' માં પહેલી પંક્તિના 'સ્હવારે' કરતાં વધારે જોસ ને ઊંચો સૂર હોય છે. અને પછી આ ચાર પંક્તિનો જે નાદસંવાદ સધાયો તેને અનુરૂપ, એ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ષડ્જ રાખીને તાર સપ્તકથી પછીની પંક્તિ શરૂ થાય છે: "છેતરી....માતાએ છેતરી પુત્રીને"....અને તેનો અવરોહ પ્રથમ પંક્તિઓના આરોહમય અવાજ સાથે જાણે કે ગૂંથાઇને સંવાદ સાધે છે.

આમ સ્પષ્ટ પણે ન સમજાવી શકાયું નહીં? એ સમજાવવા માટે સંગીતકાર પાસે ડોલનશૈલીનું સ્વરાંકન કરાવવું? નહીંજ....માનવવાણીનો સંવાદ કેવળ સૂરનો નથી; ત્યારે ગ્રાફ ઉપર આલેખન કરવું? એમાં પણ સ્પષ્ટતાથી ગ્રાફ દોરી શકાશે નહીં. ત્યારે ફક્ત એકજ માર્ગ છે કે તેનો પ્રત્યક્ષ પણે અનુભવ કરવો પણ આ રીતે તેમ છતાં, રણકારમય અવાજમાં સંવાદ હોય છે અને ડોલનશૈલીમાં એવો સંવાદ કંડિકા સુધી લંબાયો હોય છે એટલું તો સ્પષ્ટ થાય છે.

આ રીતે ડોલનશૈલીમાં એક એક અક્ષર રણકારમય સંગીતમાં ઉચ્ચારાય છે તેમ ધ્વનન પૂર્વક બોલાય છે, સંગીતમય રહે છે. એથી એક પ્રકારનો પ્રવાહી લયપ્રવાહ સિદ્ધ થાય છે. એવા પ્રવાહની ગતિ વચ્ચે વચ્ચે નિયમિત આવતા વાકયભારથી સૂચવાય છે. એવા વાકયભારની ગતિમાં વળી વૈવિધ્યપૂર્વક આડા અવળા મૃદંગની પડતી ઉપડતી થાપી સમા ઠેકા સંભળાય છે અને સમગ્ર કંડિકામાં કયાંક સમ સમાયો હોય તેવું ભાન ઉપજાવે છે. ડોલનશૈલીની બીજી લાક્ષણિકતાઓ—જેવી કે ભાવની ગતિ પ્રમાણે નાટકીય, ચિત્ર સૂચક છટાઓ, વાકયના વ્યુત્ક્રમો, પંક્તિઓની હારમાળાઓ પછીની એકાદ પંક્તિનુ લંબાણુ અને એ બધાનો નાદ પ્રવાહ એક પ્રકારનો સંવાદ રચે છે. તેના ધ્વનિ પ્રતિધ્વનિ સંભળાયા કરે છે. અને બે ચાર પંક્તિ સુધી એમ એક સુરાવટનું મોજું લંબાય છે. બીજું મોજું એ આગલી કંડિકા સાથે સંવાદ સાધી ઉપજી આવે છે. ને એમ પરંપરા રચાય છે. ને એમ સમગ્ર કંડિકાનો પ્રવાહ એક પોતાના ખાસ સપ્તકનો **સા** જાળવતો જાળવતો ધ્વનન પૂર્વક લયમય ગતિ (measured pace) જાળવે છે. માટેજ આ ડોલનને સંગીતકલ્પ ડોલન કહ્યું: પદ્યમાં માત્ર લઘુગુરુનું રૂપ હોય, માત્રાનું રૂપ હોય, કે તાલનું રૂપ હોય તેમ આવું સંગીત જેવા સંવાદનું પણ રૂપ શામાટે ન હોય?

ગદ્યમાં આવો રણકાર ને રણકારનો સંવાદ ન હોય તે સ્વાભાવિક છે. પણ ચારણો જે ઉચ્ચાર કરે છે ને એમ ચિત્રો રજૂ કરે છે તેમાં આવો નાદવૈભવ હોય છે; પરંતુ ત્યાં નિયમિત પ્રવાહ નથી જણાતો, સપ્તક હંમેશા એનું એ નથી રહેતું. પરંતુ એ તત્ત્વને લઇને આવું ડોલનમય રૂપ જરૂર રચી શકાય છે. વાર્તાકારો વાર્તા કહે છે ત્યારે પણ ચિત્ર ઉપજાવવા માટે નાદને ખીલવે છે એ તત્ત્વને પણ નિયમિત બનાવી આવું ડોલન ઉપજાવી શકાય છે. દીવાન બહાદુર કે. હ. ધ્રુવે જે બાળજોડકણાં, કહેવતો ઇત્યાદિમાં પ્રયત્ન તત્ત્વ પારખ્યું તેમાં પ્રયત્નના ટકોરાનો વિનિયોગ આ ડોલનશૈલીમાં થઇ શકે છે. એટલે કે આવા રણકારમય ગદ્યનાં વાકયભારો, તેનું પ્રયત્ન તત્ત્વ, તેનું જોસીલું કે મંદ ઉચ્ચારણ, તેનાં આરોહ અવરોહ ઇત્યાદિ ડોલનશૈલીમાં પણ છે. પણ પેલા ગુંજનાત્મક ધ્વનનથી ઉપજતિ લયની એક સરખી ગતિનું ભાન આ ગદ્યશૈલીઓમાં ઉપજતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એ મૂળભૂત તત્ત્વને લઇને ડોલનશૈલી પદ્યપ્રકારમાં બને છે. અંગ્રેજીમાં જેને મુક્ત પદ્ય (free verse) કહે છે તેમાં પણ આવું સંગીતનું તત્ત્વ હોતું નથી. બુદ્ધિપ્રધાન એ પદ્યપ્રકારમાં વિચારના આંદોલનો અનિયમિત ગતિએ રજૂ થાય છે. એ અનિયમિત આંદોલનની પહેલ પાસાવાળી ગૂંથણીથી એક પ્રકારનો અણિયાળો ચિત્રઆકાર ઉત્પન્ન થાય છે. પણ સંગીતનો ત્યાં વાસ મળતો નથી. જ્યારે ડોલનશૈલીની અસમપ્રમાણ પંક્તિઓમાં વિચારપ્રવાહ એવો અણિયાળો ન રહેતાં ઓગળી જાય છે, પહેલ પાસાવાળી ગૂંથણી થવાને બદલે નાદની સંગીતની પ્રવાહી લહરીઓ ઊભી થાય છે. એને આપણે સ્થાપત્યની ઉપમા નહીં આપતાં સાગરનાં મોજાંઓની ઉપમા આપવી પડે તેવું તેનું રૂપ બની જાય છે. એટલે કે જે સંગીતમય વાતાવરણમાં વિચારભાવના ઇત્યાદિ તર્યા કરે છે. પ્રો. બ. ક. ઠાકોરે જ્યાં અર્થાનુસારી પઠનની ભલામણ કરી છે તેવી વિચારપ્રધાન કવિતામાં કવિતા પદ્યદેહ ધારણ કરતી હોવા છતાં ગદ્યની વાક્છટાને અનુસરવાનો પ્રયત્ન કરે છે. કવિ ન્હાનાલાલનું ડોલન ગદ્યરૂપ લાગતું હોવા છતાં અર્થાનુસારી અણિયાળા પઠનને બદલે સ્વર પાંખે ચડેલું પઠન પ્રેરે છે.

શ્રવણેન્દ્રિય-પટુ ન્હાનાલાલ તેમનાં ગીતોને લઇને રસસિદ્ધ વાચસ્પતિ ગણાયા છે. એમના ગીતોથી સુરાવટ પારખવાને તેમની શ્રવણેન્દ્રિય કેટલી કેળવાયેલી હતી, પટુકરણ હતી તે જણાય છે. એવા ન્હાનાલાલ ઉચ્ચારણનો નાદવૈભવી આવો સંવાદ રચે છે તે પણ ભૂલવું ન જોઇએ. ગીત લખતી વખતે જેમ ગાતનો રણકાર તેમનાં ગળામાં રમે છે ને તેથી એમનાં ગીતો એની સુરાવટનો રણકાર લઈને આવે છે, ગવાતાં ન હોય તો પણ સંગીતનું વાતાવરણ સૂચવે છે; તેમ આ ડોલનશૈલી પણ એવું જ રણકારમય સંગીતમય વાતાવરણ સૂચવે છે. એટલું જ નહીં ગીતોની સુરાવટને આ ડોલન પ્રતિકૂળ હોય તેવું તેમને લાગ્યું નથી અને તેથી ડોલનશૈલીની વચ્ચે વચ્ચે ગીતોના ટૂકડાઓ તેમણે વેરી દીધા છે. સામાન્યત : વાતચીત કે ગદ્યમય વાર્તાલાપ ચાલતો હોય, ને વચ્ચે તેમાં કોઇને ગીત રજૂ કરવું હોય તો એ ગીતનો ષડ્જ બાંધવો પડે છે ને પછી ગીત શરૂ થાય છે. અને એમ ગીત અને વાર્તાલાપના ષડ્જ ભિન્ન ભિન્ન હોય તેમ જણાય છે. બન્ને ભૂમિકા જુદી જુદી ભાસે છે. જ્યારે ડોલનશૈલીના ડોલનની અને ગીતોના ભૂમિકા જુદી જુદી નથી લાગતી. નાટકમાં આડાઅવળા પથરાઈ એ ગીતો વસ્તુ પર પ્રકાશ પાથરે છે, ઝાંખી અસ્પષ્ટ રહેતાં વસ્તુમાં આછા ચમકારા ફેંકી વસ્તુને કલ્પના સમક્ષ રજૂ કરી શકે છે, પાત્રની ભાવના પર પ્રકાશ પાથરી પાત્રની મનોભાવનાને આછા અજવાળે ઉજાળે છે, અને એમ કવિતાના રહસ્યને પરિમલ રૂપે સારવીને જાણે સમજાવે છે. આવી ધ્વનિગર્ભતા ઉપરાંત આ ગીતના ઢાળો સમગ્ર પ્રવેશોને અનુકૂળ એવું પશ્ચાત્-સંગીત પૂરું પાડે છે. ગીતનો ટહૂકો શમી ગયો હોય છતાં ડોલનશૈલીના વાર્તાલાપ દરમિયાન એના ભણકારા ગૂંજ્યા કરે છે, ને એમ ડોલનશૈલી સાથે એ રમ્ય સંવાદી વાતાવરણ સાધે છે. કટકે કટકે વેરાયેલા આ ગીતોના સૂર ઊડતા પરવરતા વર્ષાની ફરફર જેવા ડોલનશૈલીના પ્રદેશો પર પથરાઇ જાય છે, અને તેથી ડોલનશૈલી રૂપી મયૂર પ્રફુલ્લિત બની પોતાની સઘળી કળા અને રંગવૈભવ દર્શાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોલનશૈલીની વિશિષ્ટ સુરાવટમાંથી ને તેમાં જે વિશિષ્ટ લયમય ગતિ જણાય છે તેમાંથી આ ગીતો પ્રભવતાં હોય, ઊર્મિઓ ભાવનાઓ અને કલ્પનાનું ડોલનશૈલીમાં કહેવાય તેટલું કથન કર્યા પછી આવું ગીતમય વાતાવરણુ એ કાવ્યતત્ત્વોને રૂપ આપતું હોય અપાવતું હોય તેમ લાગે છે. ત્યારે બીજી તરફથી ડોલનશૈલી આ ગીતોને અનુસરતી હોય, અને તેના તાલેતાલ આપતી હોય, એ ઉર્મિ કલ્પના ભાવનાને વિકસાવતી હોય, વિલસાવતી હોય તેવું લાગે છે. આમ ડોલનશૈલી અને ગીતો અવિભાજ્ય બની જાય છે તેમની વચ્ચે કોઇ સાંધણુ જણાતું નથી; જુદી ભૂમિકા જણાતી નથી. ડોલન સ્વાભાવિકપણે ગીતની સુરાવટમાં મળી જાય છે અને ગીતની સુરાવટમાંથી એવી જ સ્વાભાવિકતાથી ડોલન પ્રગટે છે. એકને અખંડ એવી સંગીતકલ્પ દુનિયા બન્ને રજૂ કરે છે. કવિશ્રીને ડોલન અને ગીત વચ્ચે તફાવત ન જણાયો. આનો અર્થ જ એ કે કવિનું ડોલન પણ ગીતોની જેમજ સંગીતમય છે. સંગીતમય ન કહેવું હોય તો કહીએ કે ગુંજનાત્મક છે. સંગીત કલ્પ છે.

આવી ગુંજનાત્મક નાદવૈભવી શબ્દોના નાદના સંવાદ ઉપર રચાયેલી, અને વચ્ચે વચ્ચે પોતાની વિશિષ્ટ લયમય ગતિને વાક્યભારથી રૂપ આપતી આ ડોલનશૈલી નાદ–સંવાદની સંધિઓ રચે છે. ને પોતાની સાગરનાં મોજાંઓ જેવી વિશિષ્ટ ચાલ રજૂ કરે છે. આ પદ્યનું જ એક મૂળભૂત તત્ત્વ છે. પદ્યમાં માત્ર લઘુગુરુ ઉચ્ચારણુનો સંવાદ હોય, માત્રાના એકધારી ગતિના ટૂકડાનો સંવાદ હોય, તાલ કે નિયમિત ટકોરાનો સંવાદ હોય તેમ નાદનો પણ સંવાદ સંભવી શકે છે. આપણું પીંગળએ એ સંવાદનું વ્યાકરણ રચી ન શકે તો તેણે એવો પ્રયત્ન કરવો રહ્યો. બોલાતી ભાષાનું સંવાદી આવિષ્કરણ જો પદ્યમાં થતું હોય તો આવો નાદવૈભવી પદ્ય પ્રકાર જરૂર સ્વાભાવિક ગણાય. એ ભાષાના પોતને અને ઉચ્ચારણને યોગ્ય છે. અહીં તો કેવળ ભાવજનિત રણુકારજ માત્ર ઉમેરાય છે એટલું જ. આ પદ્ય પ્રકાર ખેડાયો નથી એટલે ન્હાનાલાલીય ડોલનશૈલી એક જ જન્મી. પણ આ નાદમય સંવાદનાં અનેકવિધ આવિષ્કરણો જો તૈયાર થાય તો જરૂર એક વિશિષ્ટ પદ્ય પ્રકારનો ઉમેરો થઇ શકે. અત્યારે તો એ ડોલનશૈલી શૈલી જ રહી છે પદ્ય પ્રકાર બની નથી અને એનો સંવાદ શાસ્ત્રીયતાથી બાંધી શકાયો નથી. પણ કાળ નિરવિધિ છે. અને શૈલી–સૌન્દર્ય ઉપજાવનારા અનેક રુચિવાળા હોય છે. તો કોઇક કાળે ગુજરાતી પીંગળમાં આ સંગીતકલ્પ ડોલનનો પણ ઉમેરો થાય એવી આશા રાખવી એ વધારે પડતી ખોટી વાત નથી. શૈલી આખરે કેડી બની પદ્ય પ્રકાર જરૂર બની શકે એમ છે.

પ્રા. જયંત. શા. જોષી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિશ્રીની અખંડ તપશ્ચર્યા

"ત્યારે તમને 'ઉષા' ન ગમી એમ ને?" એક મિત્રે પૂછ્યું.

"ના ના. 'ઉષા' ન ગમી એમ તો કેમ કહી શકું? ખરૂં કહું તો તો હજી મેં 'ઉષા' પૂરી વાંચીજ નથી." મેં ઉત્તર વાળ્યો.

"હું પણ એજ કહું છું. 'ઉષા' અધૂરી મૂકીને તમે 'ઇન્દુકુમાર' વાંચવા માંડયું એ અમસ્તુંજ? હા. પણ તમે તો તે નેપાળી જોગણ પર મોહી પડ્યાં હશો ખરૂં ને?"

વાત એમ હતી કે, કવિશ્રીનાં કેટલાંક પુસ્તકો એક મિત્રે ભેટ મોકલ્યાં હતાં. 'મેઘદૂત' વાંચ્યા પછી મેં 'ઉષા' વાંચવા માટે લીધેલી અને તે અધૂરી મૂકીને 'ઇન્દુકુમાર' વાંચવા માંડેલું. એ દિવસોમાં ઘર ઘરમાં તો કોણ જાણે પણ યુવાનોને હયે હૈયે 'ઉષા' રમી રહી હતી એટલે એ મિત્રે આવો પ્રશ્ન પૂછયો હતો.

કવિશ્રીનું કયું પુસ્તક ગમે છે ને કયું નથી ગમતું. એ એકદમ કહેવું મુશ્કેલ પડે. 'જયાજયન્ત' મારૂં પ્રિય પુસ્તક છે, અને જયા જેવું સ્ત્રીપાત્ર ગુજરાતી સાહિત્યમાં હજી સુધી બીજું સર્જાયું નથી એમ હું માનું છું. પણ એથી કંઇ બીજાનું મહત્ત્વ ઘટી નથી જતું. એમનું ગમે એ પુસ્તક લઇને ગમે ત્યાંથી વાંચવાનું શરૂ કરો, તોયે કયાંક લગ્ન ને પ્રેમનો ઉચ્ચ આદર્શ, કયાંક સંસારનું અવનવું રહસ્ય, કયાંક રસનાં અમીવર્ષણ અને કયાંક દિલદઝાડતી જવાલાઓ, કયાંક વિલાસ ને કયાંક ઇન્દ્રિયનિગ્રહ, કયાંક રસનિર્ઝરતી કવિતા, કયાંક રાજપૂતયુગનું સ્મરણ કરાવે એવું વીરત્વ, એમ કૈં ને કૈં એવું મળી આવે કે એ વાંચવામાં બીજું બધુંય ભૂલી જવાય. આ લખવાની શરૂઆત કરવા પહેલાં મેં 'ઇન્દુકુમાર' શોધ્યું, પણ તેને બદલે 'મણિ મહોત્સવના સાહિત્યબોલ' હાથમાં આવ્યું. અમસ્તું જ એક પાનું ખોલ્યું તો એમાં કવિશ્રી કવિઓના અને કલાકારોના ધર્મનું સૂચન કરતાં કહે છે:

'ત્યારે કવિનો ને કલાકારનો ધર્મ શો? આ દેશમાં ને પરદેશમાં આજ હૈયાની કબરો થઇ છે ને દિલની ચિતાઓ ભડભડે છે. લલિતાઓ ને કુમુદો અને કલાપીઓ ને સરસ્વતીચંદ્રો તલસે છે ને તરફડે છે. એ ભાંગેલાં હૈયાં સાંધવાં અને આત્માની ઓષધીઓ ભાખવી એ પણ કવિધર્મ જ ગણાય છે × × આનંદ ને ઉલ્લાસના અમૃતઘુંટ પાવા, પ્રેરણાની પાંખો પ્રકટાવવી, દીવામાં તેલ પૂરવું ને વાટ સંકોરી પ્રજ્જવલિત કરવી, ચેતનશૂન્યને ચેતન દેવાં ને પથ્થરને પીગળાવી રસાર્દ્ર કરવા એ કવિનો વિશેષ ધર્મ છે.'

વળી 'રાજર્ષિ ભરત'નું એકાદ પાનું ઉથલાવું છું, તો યુધ્ધે ચઢતા સૈન્યને ભરત પૌરવકુળની યુદ્ધનીતિનો ઉપદેશ આપતા કહે છે:

"રણસંગ્રામ પણ પ્રજાજીવન છે,
પૃથ્વીની પ્રજા પ્રજાઓની
પુણ્યપાપની સામુદ્રધુનીઓ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*

"ને એક મારો સંયમાદેશ છે,
પાળો છો તેમ પાળતા રહેજો,
મુલક મુલકમાં વિચરો ત્યાં ત્યાં
રાજલક્ષ્મીને અડયે હાથ દાઝશે
પ્રજાલક્ષ્મીને અડયે હાથ કાપીશ."

આવું છે. શામાંથી ક્યું રત્ન લાધશે એ ન કહી શકાય. એટલે 'ઉષા' ગમી કે ન ગમી, અથવા 'ઇન્દુકુમાર' વધારે ગમ્યું કે ઓછું ગમ્યું એ પ્રશ્નનો ઉત્તર દેવો અશક્ય નહિ તો મુશ્કેલ તો છે જ. અને એ મિત્રનું પેલું અનુમાન તો સાચું હતું. નેપાળી જોગણ મને ખૂબ ગમી ગઇ હતી. 'જયા-જયન્ત' માં જયા ડુંગરો ચઢવાની ને અંધારાં ઉલેચવાની વાતો કરતી પ્રવેશ કરે છે ને આપણું ચિત્ત આકર્ષી લે છે તેવું જ આ જોગણ પણ કરે છે.

જયાની સાહેલી પૂછે છે:

"જયા બા! સહુ જિતાય, પણ મન જિતાતું હશે?"

જયા કહે છે:

"વાયુ બાંધવો ને મન જીતવું સરખાં,
પણ યોગીજનોને ઉભય સુલભ."

દૈત્યોને જીતીને આવેલા જયન્તને, અમરાવતીને ભયમુક્ત કરીને દેવદેવેન્દ્રનું વરદાન લઇને આવેલા જયન્તને જયા સત્કારવા જાય છે, પણ જયન્ત લગ્નની માગણી કરે છે ત્યારે એ કહે છે:

"દેહના વિલાસને હજી વાર છે,
ધારણ કર તારૂં ધનુષ્ય,
બહુ જીતવાનું બાકી છે હજી,
દિલમાંના દૈત્યોને જીત
દેવોને વસાવ દુનિયામાં
ને બનાવ અવનીને અમરાવતી."

અદ્‌ભુત બાળા છે નહીં? નેપાળી જોગણનો પ્રવેશ પણ આમ જ હૈયું હલમલાવી મૂકે છે. બાર બાર માસનુ બ્રહ્મચર્યવ્રત લઇ એકાંતસેવન કરતા ઇન્દુકુમારને કાન્તિનું સ્મરણ અસ્વસ્થ બનાવે છે ને એ સ્નેહજીવનની દીક્ષા લેતાં ગાય છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મહા કલાબ્ધિમાં અતુલ યુગના ઓથ શમશે,
સમાધિમાં તારી સખિ! મુજ રસેન્દુ ય તપશે."

ત્યારે નેપાળી જોગણ પ્રવેશ કરે છે ને કહે છે:

"યુવરાજ વીસરશો મા,
આત્માએ કોને કોને કોલ દીધા છે?
ભગિનીને, દેશભગિનીઓને,
બાન્ધવને, મનુ–બાન્ધવને,
પિતાને, પિતાઓના પરમપિતાને,
સ્નેહીને, સંસારને, દેશને, માનવજાતિને,
કોનું કોનું મહાઋણ ખડું છે?

કુટુંબ પરિવારનું, લોક લોકનું, પ્રજાનું, દેશનું, સમસ્ત માનવજાતનું કલ્યાણ સાધવાનું છે ત્યાં એક વ્યક્તિની સમાધિ કેમ સાધી શકાય? સંસાર હોય કે સંન્યસ્ત હોય, ગૃહસ્થાશ્રમ હોય કે યોગાશ્રમ હોય જે હોય તે લોક–કલ્યાણને માટે હોવું જોઇએ એમ આ રીતે કવિશ્રી સૂચવે છે. જુઓને, ઇન્દુકુમાર પૂછે છે:

"આદેશ આપો, દેવી!
ડાળે ડાળે કળીઓનાં લુમખાં,
ને કળી કળીમાં વસન્ત પ્રગટે
ત્યાં વિલાસ છે કે વૈરાગ્ય?"
અને જોગણ કહે છે:

"રાજપ્રવૃત્તિની ચાખડીએ ચઢનારને નથી વિલાસ–સ્વાર્થ માટેની નવરાશ, કે નથી વિરક્તિ માટેની અશ્રદ્ધા કે અવગણના."

"રક્ષા, ચારણ, દોહન, મન્થન અનેક શ્રમવિધિં સાધી સાધી જીવન પોષવાં ને પ્રફુલ્લવાં એ રાજયોગ જ ઘટે છે."

શ્રી. જ્યોત્સ્નાબહેન શુક્લ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસકવિ ન્હાનાલાલ

ન્હાનાલાલ મહાકવિ ખરા કે? ન્હાનાલાલનાં કાવ્ય-નાટકોને જગત સાહિત્ય કે ભારતીય સાહિત્યમાં ઊંચું સ્થાન મળી શકે ખરૂં? એવા પ્રશ્નોના ઉત્તર દેનારાંઓમાં ચોકખાં બે તડ પડી જતાં જણાય, પણ ન્હાનાલાલ ગુજરાતના શ્રેષ્ઠ ઊર્મિકવિ ખરા કે નહિ— એ પ્રશ્નનો ઉત્તર તો સૌ વિવેચકો ને સાહિત્યરસિકોના મુખમાંથી હમેશાં હકારમાં જ આવે.

વસ્તુતઃ કવિશ્રીની પ્રતિભા જ ઊર્મિકવિની હતી. અને જો કે તેમણે 'હરિસંહિતા, અને 'કુરૂક્ષેત્ર' જેવાં મહાકાવ્યો, 'જયા-જયંત', 'ઇન્દુકુમાર' અને 'વિશ્વગીતા' જેવાં નાટકો, 'વસંતોત્સવ' અને 'આજ અને અગર' જેવાં ખંડ—કાવ્યો, 'ઉષા' અને 'સારથિ' જેવી નવલકથાઓ અને 'પાંખડીઓ' જેવો નવલિકાસંગ્રહ રચેલ છે, તથાપિ બાહ્યદષ્ટિએ પરલક્ષી જણતાં એ સર્જનો તત્ત્વતઃ ભાવનાવિહારી ઊર્મિકવિ ન્હાનાલાલનાં આત્મગુંજનો જ છે.

કવિશ્રીની સમગ્ર કવિતા આમતો ડોલનશૈલીમાં રચાએલ 'શ્રાવણી અમાસ' જેવાં કાવ્યોનો ત્રીજો વિભાગ પડી શકે; પણ થોડાક અપવાદો સિવાય આ વિભાગનાં સઘળાં કાવ્યો ઊર્મિકાવ્યો નહિ, પણ વર્ણનકાવ્યો ગણાય તેવાં છે.

ઊર્મિતત્ત્વથી સંપૂર્ણ રંગાએલી હોય છે; પણ સ્વરૂપભેદે તેને બે વિભાગોમાં વહેંચી શકાય. ૧ ટૂંકાં છંદોબદ્ધ ઊર્મિકાવ્યો. ૨ ગીતો, રાસ, ભજનો. આમાં પહેલા વિભાગમાં 'પ્રાણેશ્વરી', 'આપણી લગ્નતિથિ', 'પિતૃતર્પણ', 'કુળયોગિની', 'ગિરનારને ચરણે', 'મણિ-મય સેંથો', કેટલાંક સર્વાંગસુંદર કાવ્યો કવિના પ્રણય, સૌન્દર્ય, કુટુંબ, સંસ્કૃતિ આદિની ભાવના અને કલ્પના, વિચાર, ભાવ, છંદ, અલંકાર, ભાષા, વગેરેની સમૃદ્ધિ દાખવે છે. પણ તેમનાં બધાં ઊર્મિકાવ્યો આ કથા જાળવી શકયાં નથી. છંદોલયનું શૈથિલ્ય, શબ્દો અને તરંગોનો વૃથા ઘટાટોપ અને વિચારોનું આડંબરી ઉચ્ચારણ—આદિ મર્યાદાઓથી તેમનાં ઘણાં કાવ્યો સામાન્ય કક્ષાનાં રહે છે.

તેમનાં ગીતો કે રાસ વિષે આવી ફરિયાદ થઈ શકે તેમ છે નહિ. કવિશ્રી સૌથી વધુ મુક્ત સૌન્દર્યભાવનાનો વિહાર કરી શકયા હોય, એમની કલ્પના, રસિકતા અને ભાવભંગિ સૌથી વધુ કાવ્યરસનાં મોજાં ઉછાળતી દેખાતી હોય તો તે તેમનાં રાસ અને ગીતોમાં. 'ઝીણા ઝરમર વરસે મેહ', 'અલી કોયલડી', 'મ્હારૂં પારેવું', 'ફૂલડાં-કટોરી', 'સ્નેહધામ સૂનાં સૂનાં રે', 'સ્નેહીનાં સોણલાં', 'પાણીડાં કેમ ભરીએ?' 'વેણી ગૂંથી ને મહીં ફૂલ હું તો ભૂલી', 'પૂર્ણિમા પાછી ઊગી રે', 'વીણો વીણો ને ફૂલડાંનાં ફૂલ', 'હૈયાનાં હેત વ્હેતી વાંસળી વાગી', 'એવાં શાં આળ રાજ! માયા ઉતારી?' 'રૂપલાં રાતલડીમાં ઉઘડે ઉરનાં બારણાં', 'મ્હારા હૈયાની વાતડી પૂછશો મા.'—આવા અનેક રાસમાં કવિની કલ્પના મોહક, રંગપ્રધાન, ભાવોચિત પ્રતિરૂપો રમણીયતાથી સર્જી જાય છે. પ્રણયભાવની મીઠી લહરો ને હૈયામાં કૈં કૈં ઉન્માદો, મુગ્ધજનોની મધુર મૂંઝવણો અને અંતરની મથામણો, મનના અનેક અભિલાષો અને જીવનની તીવ્ર વેદનાઓ, સમગ્ર ગીતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકરસ બની ગએલાં પ્રતિરૂપો (Images)ની હારમાળામાંથી અર્ધછૂપાં ડોકિયાં કરતી એવી તો એક પછી એક ભાવકની રસેન્દ્રિયને વ્હાલપથી સ્પર્શી જાય છે કે ભાવક લાંબા સમય સુધી એની અસર ભૂલી શકતો નથી.

સુકુમાર, મધુર કલ્પના અને ભાવોના રંગની સાથે કવિશ્રીની ગગનગામિની ભવ્ય કલ્પનાના તેજનું દર્શન પણ રાસમાં જોવા મળે છે. 'વિરાટનો હિંડોળો ઝાકમઝોળ, આભને મોભે બાંધ્યા દોર', 'જાહ્નવી જગની ઘૂમે રે', 'હો સોમદેવ આથમી મા જઇશ કે ભરતી ડોલે ભરી રે', ' નીલો કમલરંગ વીંઝણો, હો નંદલાલ ! ', ' બ્રહ્માંડ બ્રહ્મે પાથર્યું ', 'અંધારી રાતના ડુંગર ડોલે રે', 'નીર ડોલે, સ્રજનનાં નીર ડોલે રે', 'વિહંગરાજ તરસ્યા ઊડે રે'. 'કાળની ખંજરી', આ અને આવા અન્ય ગીતોમાં કવિની પ્રતિભા વિરાટની પાંખે ચડીને ભવ્યોન્નત શિખરો ઘૂમી આવે છે. એમની કલ્પના આવા રાસમાં એટલી બધી ઉત્કટ ને ઉર્ધ્વ છે કે પળવારમાં ભાવકને વિમાનની જેમ પૃથ્વી ઉપરથી અદ્ધર ઉંચકી લઈ કોઇ ઊંચા રસપ્રદેશમાં સમાધિની સ્થિતિમાં મૂકી દે છે. કવિનો ભવ્યતાનો સંસ્પર્શ તેમની કવિતાને વિરાટપૂજક બનાવે છે. સમગ્ર કાવ્યમાં પ્રસરી જતાં પ્રતિરૂપો ભાવપ્રેરક, તેજે ભર્યાં અને ગતિશીલ હોવાથી કાવ્યનો રસપુદ્ગલ મનને આહ્‌લાદકતા અને ચિત્તને પ્રકાશ આપે છે.

આ અસરમાં રાસના શ્રવણમનોહર ઢાળનો કેટલોક ફાળો છે. દયારામ આદિ મધ્યકાલીન કવિઓનાં પદો ને ગરબીઓમાંથી, સોરઠી લોકગીતો અને સંતોનાં ભજનોમાંથી, તેમજ કવચિત્ જૂનાં નાટકોનાં ગાયનોમાંથી કવિને અનેક મધુર ઢાળ સાંપડ્યા છે. કવિશ્રીનો પોતાનો કંઠ બહુ મધુર નહોતો, પણ તેમને વિવિધ ઢાળના લય અને સંગીતનું ખૂબ ઊંડું ભાન અને સૂક્ષ્મ પારખ હતી, એમ તેમના રાસના ઢાળનું ગુંજન કરતાં સમજાય છે. ભાવને સર્વથા ઝીલી શકે તેવા જૂના ઢાળને નવો વણાટ આપી તેમાં સરસ શબ્દચોસલાં ઔચિત્યપૂર્વક ગોઠવી સ્વર-વ્યંજનનું એવું સરસ સંગીત તેમાં તેમણે સાધ્યું છે કે પંક્તિઓનો પ્રવાહ જરા સરખો ઠોકરાતો નથી. કેટલીક વાર મૂળ ઢાળની એની એ પંક્તિ કાયમ રાખી કે તેનાં સ્વરૂપમાં થોડો ફેરફાર કરી મૂળના ભાવ ને ઢાળમાં તેમણે અસાધારણ ચમત્કાર આણ્યો છે. 'માછીડા હોડીહંકાર' 'રાજ ! કોઇ વસંત લ્યો, વસંત લ્યો:' ' ઝીણા ઝરમર વરસે મેહ ', ' હલકે હાથે તે નાથ મહીડાં વલોવજો, ' ' કે આજ મ્હારે પ્રીતમ પધારે ઘેર ' વગેરે રાસમાં આની પ્રતીતિ સહજ થાય છે. ' સ્નેહીનાં સોણલાં ' કે ' અલી કોયલડી ' જેવા રાસનો લય કાવ્યમાં નિરૂપાયેલ ભાવને ખૂબ પોષે છે, તે આ કારણે. મનોહારિતા, સંવાદિતા, ચારૂતા અને લયસૌન્દર્ય કવિશ્રીના રાસઢાળની મુખ્ય વિશિષ્ટતા છે. ' હું તો ગઇ'તી કદંબના ઝાડે, કદંબનાં ફૂલ લેવા ', કે ' હૈયાનાં હેત વ્હેની વાંસળી વાગી ' જેવા રાસમાં ઢાળ ભાવ અને લયને દૂધ-સાકર પેઠે એકરસ બનાવે છે. " ચન્દ્ર ! જરી જાતાં જાતાં તો આપુ ! થોભ." ચન્દ્રને વિનવણી કરતા આ રાસનો ઢાળ પણ જાણે પ્રાર્થના કરતો અટકતો—ઉદ્બોધતો આગળ વધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢાળની માફક રાસનો હૈયાંઉછાળ ઉપાડ પણ કવિશ્રીના રાસની એક વિશિષ્ટતા બની રહે છે. જો કે તેમણે પોતે જ એ કરાર કર્યો છે તેમ દયારામની ગરબી સરખો ઉમંગ-ઉછાળતો ઉપાડ તેમના બધા રાસમાં નથી, તો પણ તેમના ઘણા રાસની સફળતા તેના ભાવોચિત્ત ને મધુર ઉપાડમાં રહે છે.

'હાં રે મને ઝેરી નાગોએ ડંખ દીધા';
'ઝીણા ઝરમર વરસે મેહ';
ભીંજે મ્હારી ચુંદડલી,
'રૂપલા રાતલડીમાં ઉઘડે ઉરનાં બારણાં, હો બ્હેન !'

'મ્હને પાછું આણીને પેલું આપો, રે પ્રાણ ! મ્હારૂં પારેવું:'
'વીણો વીણોને ફૂલડાંના ફાલ,
ફોરે એવાં હૈયાં સખિ ?'

આવા અનેક રાસની પ્રારંભની પંક્તિઓ એમાં રહેલી અપૂર્વ લયગતિ, મીઠાશ, રસિકતા, ભાવવાહિતા અને તેજનાં કિરણોથી ગુંજતાંવેંત કાનમાં, ચિત્તમાં વિશિષ્ટ પ્રકારનો ઉલ્લાસ ને આહ્‌લાદ જન્માવે છે અને શરૂનાં એ લય, નાદ અને હીંચ રાસના અંતસુધી એમનો રણકાર-પડઘો રેલાવી રહે છે.

કવિશ્રીનું કૌતુકરાગી (Romantic) વ્યક્તિત્વ જો સૌથી વધુ જોવા મળતું હોય તો તે તેમના અપદ્યાગદ્યમાં નહિ, પણ તેમનાં રાસગીતોમાં. રમણીય અસ્પષ્ટતા નિત્ય-નવીન રસિકતા, સૌન્દર્યનાં નવાં નવાં તેજ, કલ્પનાની વિશાળ ને ઊંચી ફાળ, ભાવોની ઉત્કટતા, પ્રતિરૂપો ને અલંકારોનું ઔચિત્ય, ભાષાની બેહદ મીઠાશ અને હૃદયંગમ ગેયતા તેમના સર્વ રાસમાં પ્રતીત થાય છે. 'Poetry is best enjoyed when it is only halt and not wholly understood'. કોલરિજની કૌતુકરાગી કવિતાને આસ્વાદવાની આ ચાવી ન્હાનાલાલના રાસને પણ લગાડવાની છે. અર્થની અસ્પષ્ટતા-ધ્વનિની અર્ધ સ્ફુટતા આ રાસગીતોને બાધક નથી, પોષક છે. શબ્દે શબ્દનો અર્થ એમાં મહત્ત્વનો નથી. શબ્દના સંસ્કારમાંથી જ ભાવક પોતાને ઈષ્ટ અને રૂચિકર ધ્વનિ તેમાંથી ગ્રહી સમગ્ર કાવ્યને આસ્વાદે તો રાસનું કાવ્યસૌન્દર્ય માણી શકે. શબ્દોનાં કે અલંકારોનાં કશાં વિશેષ લક્ષણ બાંધી શકવાને આપણે આવાં કાવ્યોમાં અસમર્થ છીએ. એથી એક નહિ અનેક અર્થોની છાયા તેમાંથી તારવવા આપણે લલચાઈએ છીએ. સમગ્ર રાસને અંતે કંઈક સમ-જાય—કંઈક ન સમજાય તેવી—જરા મૂંઝવે તેવી મીઠી રમણીયતાનો અનુભવ લઇ ઊઠીએ છીએ. રાસનો કાવ્યપ્રકાર આવી મોકળાશ કવિને આપતો હોઈ, કવિશ્રી નિર્બંધ ઉલ્લાસ અને ઉત્કટતાથી ભાવ અને કલ્પનાને તેમાં છૂટાં મૂકી દે છે.

ભાવ અને કલ્પનાને કવિશ્રીએ રાસમાં મુક્તપણે મહાલવા દીધાં છે, છતાં રાસની સમગ્રતા તેથી હણાતી નથી એ તેમના રાસની વિશેષતા છે. અન્ય કવિજનોના રાસમાં બને છે તેમ ભાવના કકડા અહીં પડી જતા નથી, કે કલ્પના તરંગચાતુરીમાં લપસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતી નથી. ઊલટાનું વિવિધ પ્રતિરૂપો દ્વારા ભાવ તીવ્ર ઘટ્ટ બનતો જાય છે, તેની ઘેરી અસરવાળું માદક વાતાવરણ જમાવતો જાય છે અને કલ્પના ઉચિત ને સુંદર પ્રતિરૂપોનો દોર સાહજિકપણે ગૂંથતી ચાલે છે: 'એક આંબો મ્હોરે મ્હારે આંગણે રે લોલ' કે 'સન્ધ્યાના આભકેરે કાંઠડે ઉઘાડી મીટ' કે 'આવ્યાં ગગનનાં ન્હોતરાં, ચાલો વિશ્વ વધાવા', કે 'મ્હારા હૈયાની વાતડી પૂછશો મા.' જેવા રાસમાં ભાવ, કલ્પના અને અસ્ફુટ વ્યંજના એક બીજામાં ઓતપ્રોત બની રાસની સમગ્રતા અને કાવ્યસૌન્દર્યને સહજ પણ આંચ આવવા દેતાં નથી. વળી કેટલીકવાર કવિ રાસની એકાદ પંક્તિનો એકાદ શબ્દ બદલી નાખી ભાવ ને અર્થમાં ચમત્કારક પલટો લાવે છે. '**હૈયાનાં હેત** વ્હેતી વાંસળી વાગી' પછી '**દુનિયાના દંશ** દેતી વાંસળી વાગી' મૂકવાથી હરખાતા જીવનમાં દુભાતા જીવનનું સૂચન મળતાં ખબર ન પડે તેમ ભાવ રમણીય વળાંક લે છે.

મુગ્ધાના પ્રણયજીવનના આશા–નિરાશા, ઉમંગ–મૂંઝવણ, મસ્તી કે દર્દ, પિપાસા કે કેફ, આવકાર કે રૂસણું જેવા સર્વવ્યાપી ભાવોથી માંડીને અખિલ વિરાટને એક તત્ત્વમાં શોધવા મથતી કે સાંકળતી ભાવના સુધીના રમ્યભવ્ય વિષયો તેમના રાસે છેડ્યા છે. એમાં ફક્ત પ્રેમના કે બ્રહ્મના જ ભાવોનું ગાન છે એમ નથી. એમાં જીવન વિષેનું, જીવના સનાતન દુઃખ વિષેનું, સૃષ્ટિની ય પેલે પાર રહેલા અગમ્ય તત્ત્વને જાણવા ઝંખતું, સ્વાનુભૂતિમાંથી પ્રગટતું ઊંડું ચિંતન પણ છે 'ભેદના પ્રશ્નો', 'વીજલડી હો, ઊભાં જો રહો તો', 'હરિનાં દર્શન', 'શતદલ પદ્મમાં પોઢેલો', 'સંદેશ કહેજો', 'જગતના ભાસ', 'તમીસ્રા', 'પારકાં કેમ કીધાં?' વગેરે રાસ-ભજનોમાં કવિએ સમગ્ર જીવન અને જગતને મૂંઝવતા પ્રશ્નો કાવ્યરસને હણ્યા વિના કાવ્યમાં મૂક્યા છે. એ ઉપરાંત જીવન અને ઇશ્વરશક્તિમાં ઊંડી શ્રદ્ધાનો આનંદ ને લાગણી વ્યક્ત કરતા રાસ તેમણે સારી સંખ્યામાં આપ્યા છે પ્રકૃતિએ કવિ આશાવાદી હતા. શોકનાં ગાણું તેમને પસંદ ન હતાં. અખિલ વિરાટમાં, પ્રકૃતિનાં સ્વરૂપોમાં અને સમગ્ર જીવનમાં વ્યાપેલ આનંદ અને ઉલ્લાસનાં તત્ત્વોને જ પોતાની પ્રતિભા વડે જોવાનો આગ્રહ તે સેવતા. એથી એમના પ્રત્યેક રાસમાંથી અનેરી મસ્તી, શ્રદ્ધા, માંગલ્ય ને પ્રીતિનાં મોજાં ઊછળે છે. તો પણ 'પારકાં કેમ કીધાં', 'ભેદના પ્રશ્ન', 'વીજલડી હો! ઊભાં જો રહોતો', 'તમીસ્રા', 'નયણાં મ્હારાં નીતરે, કોઈ લ્યો નયણાંની ધાર', જેવા કેટલાક રાસમાં આછા આછા કરૂણ રંગો રેલાય છે.

વાત્સલ્યની મીઠાશ, ભાઇ–ભગિનીની પ્રેમોર્મિઓ, વીરાંગનાના વીરતાપોષક ભાવો અને ધરાઇ ધરાઇને પીએ તેટલું પ્રકૃતિસૌન્દર્ય તેમણે રાસમાં આલેખેલ છે. 'વ્હાલાં વિરાજો મ્હારા પ્રાણમાં રે લોલ', 'ફૂલ મ્હારૂં પોઢે છે', 'બાળ! જરી પોઢોને, પોઢોને', વગેરે રાસમાં માતાના વાત્સલ્યનો મહેરામણ; 'ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ', 'વીરાને વધામણાં', 'કોણ લૂણ ઉતારશે?', 'કેસરી કેવડો બ્હેનને માથે' વગેરેમાં ભાઇબહેનના ઉમંગઅભિલાષ ને લાડકોડ; અને 'મ્હારા કેસરભીના કંથ હો!', 'રસે ભરી રાજબાલ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્હો ય હું તો વીરાંગના રે', 'શુભના શકુને હો! સંચરો', વગેરેમાં પ્રણયમિશ્રિત વીરરસનું મધુર સુભગ દર્શન થાય છે.

ન્હાનાલાલના રાસની નાયિકાઓ જીવનની વિવિધ વૃત્તિઓ, મથામણો અને રસોને ગીતોમાં ઉછાળે છે. તેમની દૃષ્ટિ અને રૂચિ કવિની જેમ સદા સૌન્દર્યલક્ષી છે. પ્રકૃતિના રમણીય પદાર્થો તેમની ભાવોર્મિ કે રસોના આલંબન કે ઉપાદાન રૂપ બની રહે છે, તો ઘણીવાર એ જ આહ્‌લાદક પદાર્થો તેમના ઉદ્દીપનની સામગ્રી પણ ઠરે છે. 'ફૂલડાંના ફાલ', 'ચન્દ્રીની ચંદ્રિકા', 'જલધિના રાસ', 'કોયલડી અને વસંત', 'મેહુલો ને મોર', 'સરોવર ને સન્ધ્યા', 'વીજલડી ને રાતલડી', 'સારસ ને પારેવડાં', 'આંબો, આસોપાલવ ને વડલો', 'ડોલતા ડુંગર ને ગોરંભતા સાગરતરંગ', અને આમ જો યાદી કરીએ તો કુદરતનો સમસ્ત વૈભવ ને તેનું અખિલ સૌન્દર્ય કવિના રાસમાં વિસ્તારથી પથરાયેલું પડ્યું છે. પ્રતીકો, અલંકારો અને ચિત્રવર્ણનની તમામ છાયાઓ મોટેભાગે કવિશ્રીને પ્રકૃતિના રમણીય ભંડારમાંથી સાંપડી છે. કવિને હાથે સમસ્ત પ્રકૃતિ નવો સ્વાંગ, નવું રૂપ અને નવી ચમક ધારણ કરી તેનાં અદ્‌ભુત જાદુ બતાવી જાય છે

વળી કવિનો અધ્યાત્મપ્રેમ અને વૈરાગ્યશોખ તેમજ મધ્યકાલીન વાતાવરણ તરફ ઢળતું રૂચિતંત્ર તેમની પાસે જોગના, ભેખના, ત્યાગના કેટલાય સરસ રાસ રચાવી ગએલ છે. 'અમે જોગીના જોગ માફ કરજે બાલા!', 'વિદાય', 'જગતના ભાસ', 'જાવા દ્યો જોગીરાજ', 'જોગીઓનાં બાળ', 'હું તો સંન્યાસિની', જેવા રાસ સૂચવી જાય છે કે કવિના વ્યકિતત્વમાં જીવનઉલ્લાસનો ઝરૂખો જ નહોતો, વૈરાગ્યનો ચોતરો ય હતો: તેમની કવિતામાં કેસુડાંના ફાગ જ ઊડતા નથી, જોગીના ગેરૂઆ રંગ પણ જામે છે. 'જોગીની મઢૂલી', 'બ્રહ્મના મહેલ', 'આત્માની નદીઓનાં નીર', 'અમ્મર આયુષ્યના ડુંગર' જેવાં ઉચિત પ્રતિરૂપો તેમના રાસનું વિશિષ્ટ વ્યક્તિતત્વ ઘડે છે.

આમ કવિશ્રીના રાસ એમાંની તેજભરી શબ્દગૂંથણીથી, ભાષાની મીઠાશ અને અપૂર્વ વ્યંજનાશક્તિથી, રસવાહી ઢાળ, લય અને તેના ઉપાડથી, કલ્પનાના મુક્ત ઉલ્લાસથી, પ્રતિરૂપો, અલંકારો વૈવિધ્યથી અને સર્વવ્યાપી જીવનરસના સિંચનથી ગુજરાતી સાહિત્યની કલગી રૂપ છે. રાસપિતા દયારામમાં કલ્પનાની આવી ઉત્કટતા અને વ્યંજનાનો આવો ચમત્કાર જણાતો નથી. મેઘાણી અને બોટાદકરમાં, ખબરદાર અને કેશવ શેઠમાં ભાવોની આવી તીવ્રતા, ભાષાનો આવો જાદુ, ઢાળનું આવું વૈવિધ્ય, વિષયોની આટલી રમ્યતા, કલ્પશક્તિનો આટલો વૈભવ કે રાસના ઉપાડનો આટલો ઉછાળ અનુભવાતાં નથી. ન્હાનાલાલે બીજું કશું લખ્યું ન હોત ને માત્ર ન્હાના ન્હાના રાસ લખ્યા હોત તો પણ ગુજરાતના સર્વશ્રેષ્ઠ ઊર્મિકવિનું સ્થાન તેમને જ મળ્યું હોત.

પ્રા. ઇન્દ્રવદન કાશીનાથ દવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

' વિશ્વને રાજ વધાવા '

' મંજુ મંજુ ગવાતું કો ગીત આ જિંદગી નથી;
ભવ્ય કો વીર ગાથા છે જિંદગી નરનારની.'

—ન્હાનાલાલ

*

ન્હાનાલાલ કવિના આગમન સાથે ગુર્જરીના રસસાગર ઉપર ' પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજ ' નો ઉદય થાય છે, ને સમગ્ર સાગરનાં જળ કોઇ અલૌકિક રસોર્મિથી ઊછળી રહે છે. કોઇ દિવ્ય રૌપ્ય મોહક વાતાવરણ સ્થળ સ્થળ પથરાઈ જાય છે. ચંદ્રરાજની મધુર મોહક પ્રભાથી મહાસાગરની અંદર વૈવિધ્યસભર રસવીચિઓ ઊછળી રહે છે. વાગીશ્વરી સરસ્વતીને પણ ' अद्य मे सफलं जन्म ' કહેવા જેટલો ઉત્સાહ ને આનંદ આ સિવાય બીજું કયું દૃશ્ય આપી શકે ?

માત્ર સાતત્યની જ દૃષ્ટિએ નહિ, માત્ર વૈપુલ્યના જ દર્શને નહિ, સાતત્ય અને વૈપુલ્ય, ઇયત્તા અને સંખ્યા ઉભયવિધ સમૃદ્ધિની દૃષ્ટિએ ન્હાનાલાલ મહાકવિ છે. તેમના માત્ર સાહિત્યસર્જનના પ્રકારોની જ વિશાળતા ને વિવિધતા લ્યો. તેમણે કાવ્યકલ્પ નવલિકાઓ લખી, નવસ્વરૂપવંતી નવલ આપી, રસિકઊર્મિલ વ્યાખ્યાનાવલિઓ આપી, લલિતરંગી ચરિત્રો ને રેખાચિત્રો આપ્યાં, સર્જનકલ્પ વિવેચનો આપ્યાં, ઇતિહાસ, પુરાણ ને સમાજમાંથી વસ્તુ લઇ Prometheus Unbound (શેલી) ને Foust (ગ્યટે) ની શલીનાં, બાયરન ને બ્રાઉનીંગનાં નાટકો જેવાં કવિતા-પ્રધાન,—ગુજરાતે તો સર્વથા અભૂતપૂર્વ—એવાં ભાવનાપ્રધાન નાટકો લખ્યાં. ગુજરાત ઉન્નતગ્રીવ ઊભું રહી જેના નામનો સગૌરવ વિજય-ટંકાર કરી શકે એવું, શ્રીમત્ ને ऊर्जित તત્ત્વે વ્યાપ્ત એવું, ભવ્ય વિરાટ મહાકાવ્ય ' કુરૂક્ષેત્ર ' આપ્યું. સંસ્કૃત કાવ્ય નાટકાદિનાં રસમય ભાષાંતરો પણ આપ્યાં.

આ બધામાં કવિ કેવળ વિદ્વદ્ભોગ્ય રહ્યા છે. તેનું સાટું તેમણે રાસ ને ઊર્મિગીતોના અમૂલા પ્રદાનથી વાળી આપ્યું છે. ગુજરાતી ભાષા જીવશે ત્યાંસુધી કંઠોપકંઠ ઝિલાશે એવાં, ગુજરાતી ભાષાના સમર્થ્યને અને લોકઢાળોનાં માધુર્ય અને લાલિત્યને પ્રકટ કરતાં, નિતાંતરમ્ય, અમર પંકિતવંતાં ઊર્મિગીતો તેમણે આપ્યાં; ને સુકુમાર મંજુલ ઊર્મિથી માંડી કોઇ પણ ભવ્યવિરાટ ઊર્મિના આલેખનમાં પણ ગુર્જર ગિરા કેવું મનોહર માધ્યમ બની રહે છે તેની પ્રતીતિ પણ અપૂર્વ સામર્થ્યપૂર્વક કરાવી. શ્રી વિજયરાય કહે છે તેમ ' આ કવિની માત્ર કલ્પનાની મગદૂર જોઇએ, એનાં ઉડ્ડયનો ને વ્યોમરમણાઓ પ્રીછીએ, ઉદાત્ત ભાવનાઓને મૂર્ત કરતી કેટલીકવાર પ્રગલ્ભ લાગતી છતાં પ્રતીતિજનક એની ઉપમાઉત્પ્રેક્ષાઓનો વૈભવ કે એના સુંદરતમ કાવ્યખંડોની લોકોત્તર શી વાણી વિચારીએ, ત્યારે, આ પ્રકારની ગુણસંપતિની દૃષ્ટિએ તો, તે ગુજરાતી સાહિત્યકારોનો મુકુટમણિ દીસે છે.' એટલું જ નહિ, તેમનું ઉર્ધ્વારોહી કલ્પનાનું ચિંતનહીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારખીએ છીએ. ભવભૂતિપ્રોક્ત 'देवतां वाचं अमृतात्मन: कलाम्' નું સૂત્ર તેની કવિતામાં ચરિતાર્થ થતું અનુભવીએ છીએ, તેની આદ્યાવાપૃથિવી વિચરતી મેધાના દર્શને મુગ્ધ બનીએ છીએ. તેમતેમ આપણને કવિની વિરાટ પ્રતિભાની વિશેષ ને વિશેષ પ્રતીતિ થતી જાય છે. ને એવા જ વિરાટ પ્રતિભાવંતા વ્યાસ, વાલ્મીકિ ને કાલિદાસ, હોમર, ડાન્ટે ને શેકસપિયર, ગટે, શેલી ને ટાગોર જેવા અત્રત્ય તેમજ પાશ્ચાત્ય કવિવરો સાથે ઔચિત્યપૂર્વક જ તેમને મૂકવા મન લલચાય એ તદ્દન સહજ છે.

વસ્તુત: કવિશ્રીની પ્રતિભા વિરાટ કવિની પ્રતિભા છે. 'કવિ ન્હાનાલાલ ભવ્યતાના ઉપાસક છે. Epic scaleના શોખીન છે, અને એને પહોંચવાની શકિત પણ ધરાવે છે.' (શ્રી. અનંતરાય રાવળ' કવિનું પહેલું નાટક.) પાર્થિવ ગાન, ભાવ, આશયો ને ઉદ્દેશો, ભાવના ને મહત્ત્વાકાંક્ષામાંજ રમમાણ રહેવામાં પર્યાપ્તિ ન માનતાં તેની પ્રતિભા 'From heaven to earth and from earth to heaven' પણ વિચરણ કરે છે. તેની પ્રતિભાનો સૂર જીવનવાદિત્રના મંદમધ્યમતીવ્ર એવાં ત્રણે સપ્તકોમાં એકધારી સફળતાથી ફરી વળે છે. ને જ્યાં જ્યાં તે ફરે છે ત્યાં ત્યાં તે ભવ્યતાનો ચમકાર કર્યા વિના નથી રહેતો. રાસ જેવા લલિતમંજુ સાહિત્યપ્રકારમાં પણ તેની આ વિલક્ષણતા ધ્વનિસમૃદ્ધ મહાન ભાવોનાં તેજરશ્મિઓ કવચિત્ કેવાં વેરી જાય છે તે આપણે જોયું.

તેની વિરાટ પ્રતિભાનાં દર્શન તેનાં નાટકોમાં તો ઠેરઠેર મળવાનાં. 'જહાંગીર નૂરજહાં' માં કમળોની કુંજનું દૃશ્ય, 'જયા-જયંત' નાં 'ત્રિકાળદર્શન' અને 'જાહ્નવી જગની ઘૂમે રે' એ ગીત સાથે સાગરમાં તરતા 'જયા-જયંત' ના હોડલાનું, અંત્ય દૃશ્ય, 'વિશ્વગીતા' ના 'બ્રહ્મતીર્થની યાત્રાઓ' 'બ્રહ્માંડમંડળ' ના રાસ' એ બે ઘડી સ્તબ્ધ મુગ્ધ કરી નાખે તેવા ભવ્ય મનોહર પ્રવેશો—અને આ સૌ ઉપરાંત નાટકોમાં ઠેર ઠેર વેરાયેલી સૌન્દર્યભીની કૌંસાન્તર્ગત નાટ્યસૂચિઓ એક પ્રકારનું ભવ્ય સુંદર અભિત્તિચિત્ર વાચકના મનોનેત્ર સમક્ષ ખડું કરે છે. ને એ વાંચતાં સુધીમાં તો એ આપણને આ પાર્થિવ જગતં પરથી ઊંચકી કોઇ અલૌકિક ભાવનાલોકની ઝાંખી કરાવે છે. એક ફ્રેન્ચ લેખકે કહ્યું છે: 'Nothing is poetry that does not transport' ન્હાનાલાલની કલ્પના પણ આપણને સાથે લઇને ઊડે છે.

કવિશ્રીને એક તરફથી તેમની 'ભવ્ય' ની આરાધના મહાન બનાવે છે; તો બીજી તરફથી તેમની જીવનદૃષ્ટિ તેમને મહાન કહેવા પ્રેરે એવી વિશાળ છે. કોઇ પણ કવિ માત્ર અનેકપ્રદેશસંચારિણી પ્રતિભાથી મહાન બની શકતો નથી. એ પ્રતિભાની સાથે જો ભવ્ય-ઉન્નત ને આકાશવિશાળ જીવનદૃષ્ટિ ભળે તોજ મહાન બની શકે છે. સાહિત્યના કોઇ પણું ક્ષેત્રને અક્ષુણ્ણ ન રાખ્યું તેથી જ ન્હાનાલાલ મહાન નથી; માત્ર અનેક વિષયોને તેણે નવનવોન્મેષશાલિની પ્રતિભાથી કાવ્યમય શૈલીમાં વણી લીધા તેથી જ તેનું ગૌરવ નથી; આર્યતાનાં યશોગાન કે 'સર્જનજૂના પ્રશ્નોની પર્યેષણા આપવાથી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહત્તા નથી. કોઇ પણ કવિ અમર છે તેની ભાવનાથી, મહાન છે તેના સંદેશાથી, વિરાટ છે તેની ત્રિકાળવ્યાપી જીવનદૃષ્ટિથી ને તેથી જ કેટલાક વિખ્યાત આંગ્લ લેખકો* 'Range and extent of vision' ઉપર સાહિત્કારની મહત્તાના મૂલ્યાંકનમાં આટઆટલો ભાર મૂકતાં જણાય છે. એક સહૃદય વિવેચકે પણ પોતાના અમદાવાદના વ્યાખ્યાનમાં 'મહાકવિપદ'ની સાર્થકતા સિદ્ધ કર્યા પછી આ જ વાત સચોટતાપૂર્વક સમજાવી હતી. તે અવતરણ જરા દીર્ઘ થવા દઇને પણ આપવાની જરૂર અહીં લાગે છે. તેમણે કહ્યું હતું: 'કવિશ્રી ન્હાનાલાલને આપણે મહાકવિ, મહાન કવિ, કવિશિરોમણિ, કવિકુલગુરૂ વગેરે મોટાં મોટાં વિશેષણોથી નવાજીએ છીએ; પણ કદી પણ કોઇએ વિચાર કર્યો છે ખરો કે શામાં એ વિશેષણોની સાર્થકતા રહેલી છે? એવાં કયાં તત્ત્વો ન્હાનાલાલની કવિતામાં દગ્ગોચર થાય છે કે જેને લઇને આપણે તેને મહાન કહેવા લલચાઇએ છીએ? નિ:સંદિગ્ધપણે મહાન ગણાતાં વિશ્વના સર્વોત્તમ કવિઓ વેદવ્યાસ, કાલિદાસ, ટાગોર, ડેન્ટી કે શેકસપિયરની કવિતા લઇ જુઓ જગત અને જગતની પારના કેટલાયે અપાર્થિવ પ્રશ્નોથી એમનું ચિત્તતંત્ર ઉછાળે છે? એમની દૃષ્ટિ કેટલી વિશાળ છે, એમનું જીવનદર્શન કેટલું ઊંડું છે એમની કલ્પના કેટલી ઉદાત્ત છે, એમની ભાવના કેટલી મનભર છે, એમની ઊર્મિ કેટલી વિવિધ છે, એમનો સૌન્દર્યપ્રેમ કેટલો ઉત્કટ છે, એમનું માંગલ્યદર્શન કેટલું નિરામય છે, કલ્યાણનો એમનો મંત્ર કેટલો વ્યાપ્ત છે, એમનું આત્મદર્શન કેટલું ગહન છે, એ સઘળાં તત્ત્વો સમરેખ સ્વરૂપે જોયા પછી જ આપણે ઉપર્યુક્ત કવિઓને મહાકવિ-પદ સમર્પીએ છીએ. મારે સ્પષ્ટપણે અહીં વ્યક્ત કરવું જોઇએ કે ન્હાનાલાલ કવિના બહુવિધ સર્જનમાં આ સઘળાં તત્ત્વો આજ વર્ષોથી હું નીરખતો આવ્યો છું. એમર્સન કહે છે: 'A poet is known by the length and breadth of his vision.' બ્રહ્માંડ અને બ્રહ્માંડના ભેદો ઉકેલતી, ત્રિકાળના પ્રશ્નો ચર્ચતી, ગેબના ગુંબજો વળુંભતી, જીવનનાં ગહન તત્ત્વોને આક્રાન્ત કરતી વિહંગરાજ શી ન્હાનાલાલની કવિદૃષ્ટિની વિશાળતા જોઇએ; લગ્ન, પ્રેમ, દાંપત્ય, આર્યસંસ્કૃતિ, સ્વદેશ-વાત્સલ્ય, માનવકલ્યાણ ઈ. અનેકવિધ પ્રદેશોમાં વિસ્તરતું એમનું દર્શન અને કવન જોઇએ, એમની ઊર્મિની વિવિધતા, ભાવનાની ઉદાત્તતા, ભાષાની મધુરતા, અને કાવ્યોપાસનાની અખંડતા જોઇએ તો તેમને મહાકવિપદ અર્પવામાં હું સાર્થક્ય જોઉં છું. અને એમના આજીવન અભ્યાસી તરીકે વ્યક્ત કરવા રજા લઉં છું. કે નિ:સંશયે ન્હાનાલાલ અર્વાચીન ગુજરાતીના સર્વોત્તમ મહાન કવિ છે.' (પ્રો. રવિશંકર જોષી)

* Great man are more distinguished bp range and extent than by originality (Emerson: Essay on Shakespeare or the Poet. 1850)

I admit two orders of poet but no third; the creative (Shakespeare, Homer, Donte) and reflective or perceptive (Wordsworth, Keats, Tenyson). But both these must be first rate in their range and poetry second rate in quality no one ought to be allowed to trouble mankind.—Ruskin

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે યુગેયુગે પલટતી આયોજનકલા કે નિરૂપણશૈલી કરતાં લેખકના સમગ્ર હૃદયવિત્તને પ્રકટ કરતી જીવનદૃષ્ટિને યોગ્ય રીતે જ આટલું મહત્ત્વ અપાયું છે.

કવિશ્રીની જીવનદૃષ્ટિ જોઇશું તો વ્યક્તિથી માંડી વિરાટ પર્યન્તના પ્રશ્નો ને ભાવો તેમાં સમાઈ જતાં જણાશે. છતાં એ સર્વની અંદર ચક્રવર્તિની ભાવના તો છે વિશ્વકલ્યાણની, જગતમાંગલ્યની. 'ઇન્દુકુમાર'ની લગ્નસ્નેહ ને સ્નેહલગ્નની ભાવના 'જયા–જયંત'ની આત્મલગ્નની ભાવના, 'પુણ્યકથા'ની રસની અવિરોધી એવી તપ, સંયમ અને વૈરાગ્યની ભાવના, 'અકબરશાહ' ને 'રાજર્ષિભરત'ની લોકકલ્યાણ, રાજ્યધર્મ ને સર્વધર્મસમન્વયની ભાવના, 'ગોપિકા'ની પ્રકૃતિ ને સંસ્કૃતિના સમન્વયની ભાવના 'જહાંગીર નૂરજહાં'ની વિશુદ્ધ દાંપત્ય ને પ્રેમની ભાવના, તદુપરાંત સર્વત્ર વેરાયેલ નાનાવિધ ગૌણ ભાવનાઓ અને આ સર્વ ભાવનાઓને સૂત્રેમણિગણા ઇવ વીંટી તેને કલગીસમ વિરાજતી પરમ ને ચરમ ભાવના છે "વિશ્વગીતા"ની—ઉપર કહી તે અંતસ્તત્ત્વશુદ્ધિની અને વિશ્વકલ્યાણની ભાવના. ઇતર સર્વ ભાવનાઓ આ પરમોન્નત ભાવનાશિખરે પહોંચવાની ઉપાદાનસામગ્રી સમી લાગે છે! ને જેવી છે તેવી આ ભાવનાદૃષ્ટિ કેટલી સાત્ત્વિક, ઉદાર ને આર્યમંગલ છે! ને તેટલી જ વિશાળ ને ભવ્ય છે! કવિશ્રીની ભાવનાનો પણ કેવો ઉચ્ચતર વિકાસ આમાંથી જોઇ શકાય છે!

આવી આવી વિરાટ જીવનભાવનાના ગાયક ન્હાનાલાલ પ્રમાણમાં લોકભોગ્ય પણ સારે અંશે બનેલા. જોકે પંડિતયુગના ચાર મહાન લેખકો-ગોવર્ધનરામ, નરસિંહરાવ, બળવંતરાય ને ન્હાનાલાલ. તેમાં સંપૂર્ણતયા તો ભિન્નરૂચિજનતાના ચિત્તનું સમારાધન કોઇ જ કરી શકયા નહિ. તેમનો પાંડિત્યગંભીર યુગ, સાહિત્યની ઉચ્ચગ્રાહ, 'આપરિતોષાત્ વિદુષાં ન સાધુ મન્યે પ્રયોગવિજ્ઞાનમ્'ની તેમની સાહિત્યભાવના, ઉન્નત વિચાર ને ભાવનાવિહાર પ્રત્યે ઝોક, 'મનહર' સાથે 'મનભર' પણ થવાની અદમ્ય વૃત્તિ, રંજન કરતાં ચિંતનનો વધુ સમાદર–આ ને આવાં બીજા આ યુગના લેખકોના ગુણો–વલણો ભાગ્યે જ તેમના સાહિત્યને લોકોના નિકટતર સંસ્પર્શમાં આણવા મથે. તેથી આ યુગના બધા લેખકો તો જાણે નિઃસંદિગ્ધપણે કહી દે છે: 'અમે લખીએ છીએ પ્રથમ સત્ય શોધવા માટે, પછી તમારે માટે; તમે લાયક હો. વિદ્યા મેળવી અધિકાર મેળવ્યો હોય, અમારી સાથે ચર્ચામાં ઊતરવા શક્તિ અને ધીરજ હોય તો અમને વાંચો....હિમાલયના શિખરે બેસી ગોવર્ધનયુગના પંડિતો પોકાર કરે છે કે તમે બધા ઊંચે આવો. (શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી)

છતાં ગોવર્ધનરામ અને ન્હાનાલાલ ઘણે અંશે સ્પર્શે એવું લખી ગયા. પહેલા પોતાની જીવનમીસાંસા કરતી અતિકાય નવલ 'સરસ્વતીચન્દ્ર' દ્વારા અને બીજા પોતાના નિર્વ્યાજ મનોહર ઊર્મિગીતો, લોકોને સહેજે કંઠસ્થ બની જાય એવા લોકઢાળોમાં જ લખાયેલ તેનાં સરળ મનોરમ રાસ, ગરબા, ગરબી અને ભજનો દ્વારા. અલબત્ત એવી અપૂર્વ એવી ડોલનશૈલીમાં લખાયેલ નાટકો અને તદનુસ્યૂત ભાવનાઓ પ્રત્યે તત્કાલીન સમાજ સાવ ઉદાસીન હતો એમ આથી નથી સમજવાનું. કારણ કોઇ પણ સાહિત્યનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણ તેની ભાવના છે. માત્ર રચના, શૈલી કે નિરૂપણના જ પ્રભેદથી સુગાઈ કોઈ સહૃદય સમાજ તેની ઉપેક્ષા કરી શકે નહિ. અપ્ટન સિંકલર કહે છે તેમ રચના ને શૈલી તો પલટાયાં જ કરવાના; માત્ર અમર રહે છે તે દ્વારા વ્યક્ત થઇ રહેલ ભાવના ને પ્રતિભા. 'સરસ્વતીચન્દ્ર'ની પાત્રસૃષ્ટિમાં જે રસ લોકો લઈ રહ્યા હતા તેવો જ રસ 'ઈન્દુકુમાર', 'જયાજયંત' વગેરે નાટકોનાં પાત્રોમાં, તેની ભાવનાઓમાં, કવિ આગળ શું કરવાના છે વગેરે બાબતમાં ઉત્સુકતા સેવી બનાવી રહ્યા હતા; એમ કવિશ્રીનાં કેટલાંક નાટકોની પ્રસ્તાવનાઓ અને વ્યાખ્યાનો વાંચતા જણાય છે. ને તેની તેજરંગી ભાવનાઓએ તો આપણાં શિક્ષિત યુવક સમુદાય પર કેવાં જાદુ પાથર્યા છે તેનાથી કયાં આપણે અજાણ છીએ ? પણ લોકહૃદય પર સામ્રાજ્ય જમાવવામાં તો મોટામાં મોટો ફાળો આ રાસ-ગીતોનો જ ગણવો જોઇએ.* જો કે આ યુગનું વાતાવરણ, ને તત્કાલીન સાહિત્યકારોનું માનસબંધારણ જ એવાં હતાં કે તે છાયામાં ઊછરેલ સાહિત્યકાર સર્વાંશે લોકભોગ્ય ભાગ્યે જ થઈ શકે. અલબત્ત લોકભોગ્યતા એ કોઈ પણ ઉચ્ચતમ સાહિત્યનું અપરિહાર્ય લક્ષણ ગણી જ શકાય નહિ. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના શબ્દોમાં કહીએ તો ઉચ્ચતમ કવિતા લોકભોગ કદાચ નહિ જ બને. બધા શબ્દો સાદા ગુજરાતી હોય તોપણ કલ્પનાની ભવ્યતાને લીધે ને ભાવ ને અનુભવના સુંદર આલેખનને લીધે કવિતા લોકભોગ્ય ના બને.

આપણે તો અહીં એટલું જ કહીએ કે 'સાહિત્યના નંદનવનમાં કલ્પનાના કલ્પ-વૃક્ષનો આશ્રય લેવો, મૂર્તિમતી સુંદરતાના સૌભાગ્યના ભોગ થવું, સરસ્વતીની વીણાના દિવ્ય સ્વરો સાંભળવા અને રસનું પાન કરવું ને કરાવવું, એ લહાવો ઓર જ છે. **અમૃતથી આત્મા ધરાતો નથી—તે પરદેહે સ્વર્ગના અને આ દેહે કાવ્યના'** (શ્રી. કે. હ. ધ્રુવ.) ન્હાનાલાલે પણ **ज्ञातस्वादो को विहातुं समर्थः** 'એવા અમૃત મીઠા, ઇહલોકે અન્યથા દુર્લભ એવા કાવ્ય પીયૂષોની અખંડ ધારા રેલાવી અનેક 'રસતરસ્યા રસબાળો'ની પિપાસા છિપાવી.

ભલે વિવેચકો એની ડોલનશૈલીનાં દોષ કાઢે, એના કલ્પનોહ્યનને નિંદે, એના ભાવનાવિહાર સામે વક્રદૃષ્ટિથી જુએ કે એના ભાષાપ્રભુત્વની ઉપેક્ષા કરે, છતાં મહા-કવિના નામ સાથે પ્રેમાનંદના નામ પછી ગુજરાતી સાહિત્યમાં ન્હાનાલાલ સિવાય બીજું નામ ભાગ્યે જ સ્મરણે ચડે. આપણા વિદ્વાન વિવેચક શ્રી. વિષ્ણુભાઇએ એક વર્ષ પહેલાં જ સૈકાના શ્રેષ્ઠ કવિ તરીકે ન્હાનાલાલને ઓળખાવ્યા, બીજા એવા જ વિવેચક

* આ સંદર્ભમાં જુઓ એક સહૃદય ને વિદ્વાન પ્રાધ્યાપકના શબ્દો: 'કવિતાનાં ઉચ્ચોચ્ચ શિખરોને સ્પર્શી આવનાર એ કવિની વિશિષ્ટતમ કાવ્યસેવા તો એમના રાસ જ છે નાટકો ડોલનશૈલી, ભાષણો કે વિવેચનોનું આયુષ્ય જેટલું હોય તેટલું, પણ જેણે તેમને ગુજરાતના અત્યાર સુધીના તો કવિશ્રેષ્ઠ બનાવ્યા છે તે એમના રાસ તો ગુજરાતી કવિતાનું અમૂલ્ય ધન હોઈ કૃતઘ્ન અને કવિતાશત્રુ બન્યા સિવાય ગુજરાત તેને કદી ભૂલી થઇ શકે નહિ.' શ્રી અનંતરાય મ રાવળ.' (૩૭નું ગ્રંથસ્થ વાઙ્મય, પૃ ૯–૧૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી વિજયરાય "હજારેક વર્ષના ગુજરાતી સાહિત્યના અદ્વિતીય આત્મલક્ષી કવિ" તરીકે ન્હાનાલાલના નામનો પુરસ્કાર કરે છે. 'ફૂલછાબ'ના તરૂણ વિવેચકને સમગ્રદષ્ટ્રયા આત્મલક્ષી ને વસ્તુલક્ષીના ભેદ નકામા લાગે છે. ગુજરાતના હજારેક વર્ષના અદ્વિતીય કવિ તરીકે તે ન્હાનાલાલને ધરે છે. 'કવિ ટાગોરને યીટ્સ મળ્યા, કવિ ઇકબાલને રેનોલ્ડ મળ્યા, તેમ કવિ ન્હાનાલાલને જો કોઇ મિત્ર કે તરજુમાકાર કે ભાષાંતરકાર મળ્યા હોત તો આજે તેમની કીર્તિ પણ જગતમાં ફેલાઇ હોત' (પ્રો. દાવર). ને ગુજરાતનાં સીમાડાઓ તોડી ગુજરાતના મહાકવિ જગતસાહિત્યની અંદર પણ ગૌરવભર્યું પદ શોભાવતા હોત. કવિના જીવતા જે ન બન્યું. તે પરિપૂર્ણ કરી, તેમનું સાચું તર્પણ કે સ્મારક કરી શકાય. તેનાં ઊર્મિરસિત અમર રસગીતો ને 'વિશ્વગીતા' જેવી બ્રહ્માંડ-વ્યાપી જીવનદર્શન આપતી નાટ્યકૃતિઓનો હૃદયસ્પર્શી અનુવાદ કરી તેને વિશ્વચોકમાં સગૌરવ પધરાવી શકાય. એ ન થાય ત્યાં સુધી તો આપણા એ મહાકવિ છે. ગુર્જર કાવ્યગગનના ચંદ્રરાજ છે, ગરવી ગુર્જરીના હૃદય રાજવી છે. એનું આનંત્યની સફરતું જ ભવ્યગીત ગાતાગાતા ચાલો આપણા 'વિશ્વના રાજ'ને વધાવીએ:—

ઊંચે ઊંચે આ દિગંતમાં, ચાલો વિશ્વ વધાવાં;
ઉઘડે અનંતની વાટ, વિશ્વનો રાજ વધાવા.
આવ્યાં અનંતનાં ન્હોતરાં, ચાલો વિશ્વ વધાવાં.

શ્રી. 'શશિન્' ઓઝા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાંક કાવ્યો ભા. ૨ : એક રસદર્શન.

કવિશ્રી ન્હાનાલાલનાં બધાંજ પ્રકારનાં કાવ્યો આ સંગ્રહમાં સમાસ પામ્યા છે. એમાં જિજ્ઞાસુની મૂંઝવણનાં, પ્રભુકલાશા સૌંદર્યનાં, પુણ્યપ્રણયની પ્રશસ્ય ભાવનાનાં, અભિનવમંગલ લગ્નનાં, આર્યોચિત સંસ્કારિતાનાં, આદર્શ વીરગૃહિણીની કર્તવ્યભાવનાનાં, હૃદયરસાયન પ્રાર્થનાનાં ને દર્શનનાં કાવ્યો છે. વળી, એમાં શ્રાવણનાં સરવડાં જેવાં ગીતોની ઝરમર છે, નખશિલ છંદોબદ્ધ પારસના ચોસલા જેવાં કાવ્યો છે. નિષ્પક્ષ ભાવકને આપણી કવિતાની સમૃદ્ધિ બતાવવાં ડોલનશૈલીનાં કાવ્યો છે. પ્રભુના પયગમ્બર સમાં બાલકોના કિલકિલાટનાં કાવ્યો છે, ગરવી ગુજરાતણને રસતાળી પાડી ગવડાવતા કવિ ગરબો મૂકવાનું પણ ચૂકયા નથી.

માનવીની વિકાસયાત્રામાં એક એવી ભૂમિકા આવે છે કે જ્યારે એને બધુંજ અગમ્ય અને વિધિવૈચિત્ર્યને અધીન લાગે છે. એના વ્યકિતત્વમાં રહેલાં સઘળાં તત્ત્વો એની સામે બંડ ઊઠાવે છે છતાંય એને સાંપ્રત સમાધાન લાધે છે : 'બાલ પજવે હા ! હોય મારા અંગનાં રે લોલ ' જ્યારે આ પજવણી હદ બેહદ વધી જાય છે–પોતાના ઈષ્ટ દર્શનની આડે ભેદી પ્રશ્નોની અભેદ્ય દિવાલ જણાય છે–ત્યારે કો સાધુસંતની પ્રતીક્ષા કરતો આત્મા કિકિયારી પાડી ઊઠે છે.

> "જ્ઞાની ! સાધુ ! આવો તો કહું વાતડી રે લોલ :
> ઉભા રહો તો ઉઘાડું મ્હારી છાતડી રે લોલ." પછી

આ આંતરિક અભીપ્સા નયણાંની ધાર નીતારે છે.

> નયણે આત્મા નીતરે
> કોઈ હ્યો આત્માની ધાર :
> હો ! કોઇ હ્યો નયણાંની ધાર.

આ અભીપ્સાજ એમની પાસે ગવરાવે છે:—

> "ક્યારે થશે હવે પ્રેમનો સંચાર ?
> પ્રેમ મસ્ત થઈ હસીશું રડીશું;
> સચ્ચિદાનંદને સાગર તરીશું,
> મસ્ત બની મસ્ત સર્વને કરીશું."

હરહંમેશ પ્રભુની લીલામાં આનંદમગ્ન બનતો ભકત ભાવપૂર્ણ હૃદયે સ્તુતિ કરે છે :

> "પ્રભો ! અન્તર્યામી ! જીવન જીવના ! દીનશરણા !
> પિતા ! માતા ! બન્ધુ ! અનુપમસખા ! હિતકરણ !
> પ્રભા, કીર્તિ, કાન્તિ, ધન વિભવ–સર્વસ્વજનના !
> નમું છું, વન્દુ છું, વિમલસુખ સ્વામી જગતના !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા જિજ્ઞાસુ, ભક્તિનમ્ર, જાગ્રતને પરમાત્માનો સર્વસ્પર્શ થવા છતાં એનું સમગ્ર દર્શન થતુ નથી એ અસહ્ય બને છે. 'दिव्यं ददामि ते चक्षु' જેવી દૃષ્ટિની માગણી આજમતાપૂર્વક થાય છે ને પરમકૃપાળુ પરમાત્મા જડપડદા ઉપાડી લે છે ને સમગ્ર-દર્શન શક્ય બને છે ત્યારે પણ તત્ત્વનિષ્ઠ જિજ્ઞાસુમાં છૂપાએલો કવિ બોલી ઊઠે છે :

"આંખ આળસ છાંડોરે, ઠરો એક ઝાંખી કરી
એક મટકું તો માંડોરે, હૃદયભરી નિરખો હરિ,"

ન્હાનાલાલનાં ગીતોમાં ભાવ, લય ને અર્થનું સાયુજ્ય ખાસ ધ્યાન ખેંચે છે. ભાવ જ્યારે ઉત્કટ બને છે ત્યારે એની વ્યક્તિ માટે ભાષાની મર્યાદા નડતી નથી. ઉત્કટ ભાવ સંવેદન સરળભાષામાં પણ સુંદર અભિવ્યક્તિ સાધી શકે છે. કવિ કોઈવાર પ્રાચીન ગીતની એકાદ પંક્તિ ઉપાડી લઇ તેની પાછળ નવું રસબિન્દુ મૂકી દે છે ત્યારે 'સાસુ પુંઠે નવોઢા' આવતી હોય તેવું લખે છે. 'ઝીણા ઝરમર વરસે મેહ' આના ઉદાહરણરૂપ છે.' માફ કરજે, બાલા!'નો પ્રસંગ જેટલો રસિક છે, ભાવ જેટલો સુકુમાર છે તેવી જ ભાષામાં એ વ્યક્ત પણ થયો છે. આ ગીતની પંક્તિએ પંક્તિએ કવિ આ સાધી શકયા છે. ગુજરાતીભાષાની સુકુમારતા આ ગીતમાં પરાકાષ્ઠાએ પહોંચે છે એ શ્રી વિજયરાયનું વિધાન યથાર્થ છે. 'વિષઘેન'માં વેદનમધુર દર્દ છે તો 'વેણુ'માં નિર્વ્યાજ રસિકતા છે. આ બધાં ગીતો સરસ છે. પણ 'ગીત' પોતે એટલું બધું સારૂં નથી.

ચિત્રાત્મક કાવ્યોમાં 'યૌવના' અને 'સૌભાગ્યવતી' આવે છે. કવિશ્રીના 'તાદાત્મ્ય' કાવ્યની જેમ આ કાવ્યો પણ સુંદર ચિત્રો રજૂ કરે છે. મોગરના મંડપ નીચે લટકતી સેર જેવી સૌભાગ્યવતીનું વર્ણન સુંદર છે. એના અંગોઅંગમાં શ્રદ્ધા, સરલતા ને શુશ્રુષા છે. એના વદને, હૃદયે, બારણે ને ઓરડે બધેજ વસન્તના વાસ છે. એનાં સઘળાં અંગો સ્વામીવ્રતથી પવિત્ર થએલાં છે. આવી 'मूर्तिमती च सत्क्रिया' જેવી વસન્તરાણીનો સૌભાગ્યદેવ પધારે છે ને આ વર્ણન સમાપ્ત થાય છે. 'યૌવના'નું વર્ણન પણ સુરેખ છે. એના વર્ણનમાં માનવ અને પ્રકૃતિનો જે સુમેળ સધાયો છે તે આપણા સાહિત્યમાં ક્વચિત જ જોવા મળે છે. કોઇ કુશળ ચિત્રકારની માનસભૂમિમાં પણ આવી આવીને છટકી જાય એવી યૌવનાને શબ્દમાં કવિ ઝાલી શકયા છે તે એમની અદ્ભુત શબ્દ-શક્તિનો પુરાવો છે.

સંગ્રહમાંનું 'વિલાસની શોભા' કાવ્ય સ્ત્રીજીવનના ત્રણ પરિચિત પ્રશ્નોની પર્યેષણા લેખે મહત્ત્વનું છે. અહિ ભાવનાદેહે ત્રણ સ્ત્રીઓ આકાશમંડપે જાય છે. મંદાકિની, હલેતી ચન્દ્રિકા, ઝાંખી તારિકા એ ત્રણે અનુક્રમે કુમારિકા. સૌભાગ્યવતી ને વિધવાનાં રૂપો લે છે. એ ત્રણે ત્યારપછી પોતપોતાના મૂંઝવતા પ્રશ્નો સખીમંડળમાં કહે છે ને એ રીતે આત્મ-સંતોષ અનુભવે છે. કુમારિકાના માંડવા મ્હોર્યા છે. તેજોમંડળમાંથી તેજપુષ્પો વીણીને કુમારિકાએ એક સુંદર વૈજયન્તી માળા ગૂંથી છે. એનાં પુષ્પોમાં એણે રંગવિલાસ પૂર્યા છે. પરંતુ એ માળા કોને પહેરાવવી એ પ્રશ્ન છે. કુમારિકા હૈયાવરાળ કાઢે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વૈજયન્તી માળમહીં મુજ
દેહ છૂપાવી છૂપાતી રહું:
કુહે જગ: 'ભાવ છૂપાવુ કુમારી'
એ વિતકો જઈ કયાં હું કહું ?

જગતની નિષ્ઠુરતા કયાં અજાણી છે ? કુમારિકા સ્નેહયોગિની બની સ્વામીને શોધી રહી છે. એનો સ્વામીનો આદર્શ પણ એને અનુરૂપ જ છે. જેને જોઈને આંખ હસે, આત્મા ઠરે, હૈયામાં પ્રેમની ભરતી ચડે એવો પુણ્યપરાર્થી ઉદાર ને બહાદુર પતિ એ એનો આદર્શ છે. પરંતુ આવો પતિ નહિ મળે તો ? આ એકજ શંકાપ્રશ્ન તેને વિહ્વળ કરે છે:

'નેનનું કિરણ નયને શમે,
શમશે મનની આશ શું મનમાં ?' અને
'રુપ દીધ, રસ દીધ, રસિક ન દીધ
વિધિ ! તુજ શી ક્રૂરતા ?'

આ એકજ ઉકિતમાં એનું સંતપ્ત હૃદય ઊભરો કાઢી લે છે. પછી આવે છે સૌભાગ્યવતી, કુમારિકા નિરાશાની અગ્નિજાળથી બળે છે પણ સૌભાગ્યવતીના હૃદયમાં તો અસંતોષનો જ્વાલામુખી જલી રહ્યો છે. એનું સ્નેહાળ હૃદય સ્વામીનું સાહચર્ય વાંચ્છે છે. સ્વામીના અસાન્નિધ્યથી એનું હૃદયકુસુમ વિલાઈ જાય છે. સ્નેહની તૃપ્તિ વિના એને અંતરની કવિતા ફોગટ જણાય છે ને એનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠે છે: એ વરથી ભલું ના વરવું. કેટલીકવાર આ 'નિત્યવિજોગણુ' ને 'રસજોગણુ' ને પણ કૈં કૈં ભાવ જાગે છે ને સ્વામીની ગેરહાજરીથી આખી રાત તપ્યા કરે છે. સર્વત્ર આત્મલગ્નનો પુરસ્કાર કરતા કવિ સૌભાગ્યવતીના મોંઢામાં દેહવાસનાની જરીક મનીષા મૂકે છે ત્યારે ઘડીભર વિચારમાં પડી જવાય છે. પણ એથી કૈં આદર્શમાં કવિ ડગ્યા છે એમ ન કહેવાય. કવિશ્રી આત્મ લગ્નને જ મહત્ત્વ આપતા હોવા છતાં કેવળ આકાશ ઉડ્ડયન કરતા નથી—પાત્રતાનો પણ વિચાર કરે છે ખરા. 'ઉષા અથવા એક સૃજનજૂની વાતો'ની પ્રસ્તાવનામાં લખે છે: "જયા અને જયંતનું નાટક કો વિરલ સાધુનો સાધ્વાશ્રમ હતો, આ સૃજનજૂની વાર્તા સો ગૃહસ્થાશ્રમીઓ કાજેની ફૂલવાડી છે." એટલે, જેઓ કેવળ આત્મનિર્ભર સ્નેહ રાખી ન શકે તેમના માટે દેહના માધ્યમને ગૌણસ્થાને સ્વીકારવામાં વાંધો નથી એવું એમણે અનેક જગ્યાએ ને આ જગ્યાએ પણ સૂચવ્યું છે. આમેય માધ્યમ વિનાનો સ્નેહ અશક્ય નહિ તો મુશ્કેલ તો છે જ. વાત્સલ્યનિર્ઝરતી મતા ધવડાવતી વેળા બાળકને હાથ ફેરવે છે, મિત્રો એક બીજાને ધપ્પો લગાવે છે, પ્રેમીઓ ચુંબન કરે છે. આમ એક મા બીજી માધ્યમદ્વારા સ્નેહાભિવ્યક્તિ થાય છે. અલબત્ત, અમુક પ્રકારની સાધના પછી માધ્યત્વની આવશ્યકતા પાનખરના પાંદડાની માફક ન ખરી પડે એમ નહિ પણ આવો સ્નેહ મનહર ને મનભર ખરો કે ?....હવે આવે છે પલક પલક પલ્લકીજતી તારિકા. એને હવે કયાંય સુખ દેખાતું નથી. એનાજ શબ્દોમાં એ 'સુખવૃધ્ધુ' છે. એનેય સૂર્ય લાધ્યો હતો પણ સ્નેહયોગનો આનંદ માણુતાં માણુતાંમાં તો એને સદાનાં ગ્રહણ થયાં. હવે તો એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમીયુગલની ચેષ્ટાઓ પ્રત્યે પણ ઘૃણા થવા લાગી છે. 'નેનનાં જોવાં, અંગનાં અડવાં, ઇન્દ્રિયનાં રમવાં રસીલાં'માં એને વિરસતા જણાય છે. વૈરાગ્યનાં ચીર પહેરેલી વિધવા હવે પોતાનું શેષ આયુષ્ય નાથના નામ રટણમાં વિતાવવા માગે છે. હવે આ ત્રણે જતાં રહે છે એનું વર્ણન લાલિત્યભર્યું છે. છેવટની સ્નેહઋચા હૈયે ને હોઠે વસાવવા જેવી છે.

"ઓ સ્નેહનાં હૃદય ઉજ્જ્વલ પુત્રપુત્રી !
મા ભૂલશો કદિ તમે નિજ કુલધર્મ
સંચ્યું તમારૂં સહુ ભદ્ર જ સ્નેહલગ્ને,
ને લગ્નસ્નેહ મહિ દિવ્ય વિલાસશોભા."

આર્યસંસ્કૃતિની ઊર્જસ્વી ગાથાને સ્વદેશભક્તિનું દર્શન રાજયુવરાજને સત્કારમાં થાય છે. શ્રીમાન જ્યોર્જ પ્રિન્સ ઑફ વેલ્સ હિન્દુસ્તાનમાં આવ્યા તે પ્રસંગને અનુલક્ષીને લખાયેલું આ કાવ્ય કવિનો આર્યસંસ્કૃતિનો યશસ્વી ભૂતકાળ, સર્વસમન્વયનો કલ્યાણદાયી મંગલમંત્ર, સાત્ત્વિક સંપત્તિનેજ સંપત્તિ ગણતી એની ભદ્ર વિચારસરણી, વિશ્વબંધુત્વની ભાવનાની ફોરમ ફોરાવવાની એની ઉચ્ચાભિલાષા વગેરેને આત્મસાત્ કરી કવિએ એવી સુભગ રીતે આ કાવ્યમાં મૂકયાં છે કે કવિ પોતે આર્યસંસ્કૃતિના પીઠ પ્રતિનિધિ જેવા બની ગયા છે. પ્રાચીન સમયમાં આપણે ત્યાં રાજ્ય રાજાઓનું નહોતું, વિચારકોનું હતું. તત્કાલીન વિચારકોનું રાજા પર જબરૂં આધિપત્ય હતું. રાજા એમને પૂછીનેજ વાત કરતો, એમનાં સઘળાં સૂચનો સાભાર સ્વીકારાતાં. આપણી સંસ્કૃતિની આ વિશિષ્ટતા એને અન્ય સંસ્કૃતિઓથી જુદી પાડે છે. અત્યારે પરિસ્થિતિ બદલાઇ ગઇ હોવા છતાં કવિનું વલણ આવી આદર્શ પ્રણાલિકા તરફ સહજ રીતે ઢળે છે ને એક નિષ્પક્ષ સમન્વયવાંચ્છુ વિચારકની અદાથી ઉદ્‌બોધે છે :

"પ્રજાઓની માતામહી અમ પ્રજા છે
કંઇ કંઇ યશવર્તિની મહાપ્રજાઓ
માને મન્દિર યાત્રાએ આવી ગઇ
ઈંગ્લીશ યાત્રાળુને શીખ દેજો :
તીર્થમાં પુણ્યાચરણ થાય, પાપાચરણ ન થાય."

કવિ ચાલતી વ્હેણમાં ન બેસી જવાને કારણે કોઇને Conservative માનસના લાગે પરંતુ એમનો સામ્રાજ્યવાદનો આદર્શ લોકશાહીવાદથી કોઇ રીતે ઊતરતો નથી :

"ઇશ્વરદત્ત રાજસૂત્રો આટલાં છે :
રાજાપ્રજાનું પરસ્પર દ્વૈતાદ્વૈત તે રાજ્ય :
રાજ્યરાજ્યનું શ્રદ્ધાસંકલન તે મહારાજ્ય;
અનેક મહારાજ્યમણિમાં ગુણવત્ સ્નેહકિરણ
તે માનવજાતિનું કલ્યાણકેન્દ્ર સામ્રાજ્ય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિ આવેલા અતિથિને આપણી યુવરાજની ભાવના સમજાવે છે ને આર્યોચિત સંસ્કારિતાનો પરિચય કરાવે છે છતાં અંગ્રેજ રાજનીતિજ્ઞોની ખંધાઈ અજાણી નથી એટલે તો ટકોર કરે છે :

"હિન્દ અને બ્રિટાનિયાને
જમણા ને ડાબા નયન જેવાં ગણશોને?
મહારાજ્યકુલનું હિન્દ કુટુમ્બી કે નહિ?
ને કુલજનને રોટલો દેશો કે પત્થર?"

તે પછીનાં ૪૩ વર્ષોમાં તેમણે શું આપ્યું છે તે સૌ કોઇ જાણે છે!

માનવીને હંમેશાં અલ્પતા, ક્ષુદ્રતા ને અમંગલતા સાલતાં હોય છે. કંઇક બૃહદ્, કંઇક વિરાટ, કંઇક સુંદરને પામવાની એની સુષુપ્ત ઇચ્છા હોય છે. એવી ચિનગારી તો સૌ કોઇમાં પડી હોય છે પણ જે એને પ્રદીપ શિખા શી પ્રજ્વલિત રાખે છે તે એ દિશામાં પ્રયત્ન કરી શકે છે. તેમાં પુરુષાર્થણ ભરતાં ભરતાં કોઇ ધન્યક્ષણે માણસ એવા શૃંગે આવી પહોંચે છે. એની વ્યક્તિતા એટલી વિસ્તરે છે કે પોતાનું પ્રાપ્તવ્ય જગતને ચરણે ધર્યા સિવાય એ રહી શકતોજ નથી :

"છલકે એ અમ પાત્ર :
પાત્ર ધર્યું સુખ જગતને
અમે જોગીઓનાં બાળ."

'પુનર્લગ્ન' ને 'આપણી લગ્નતિથિ' એ શુદ્ધ દામ્પત્યપ્રેમનાં કાવ્યો છે. ગોપનાથ પાસેનો દરિયો જોઇ કવિને લક્ષ્મીજીનાં નારાયણ ભગવાન સાથે બે વાર લગ્ન થયાં હતાં એ પુરાણવાર્તા યાદ આવે છે ને પોતાને ય પુનર્લગ્ન કરવાનો (અલબત્ત, એનાં એજ પત્ની સાથે!) વિચાર થઈ આવે છે. પત્ની તે વિચાર વધાવી લે છે. તે સમયે લગ્નની ભાવનાનું સ્મરણ થાય છે.

"ખેલ્યાં સખિ! અધિક આપણ ખેલશું, ને
કર્ત્તવ્યકર્મ પણ ભવ્ય જ આદરીશું :
વીણીશું નન્દન, અને લઇ દિવ્યપુષ્પો
સોહાવશું સબલ સુન્દર કુલવેલી."

અને એટલામાંજ 'લગ્નતિથિ' આવી પહોંચે છે. અહિ પણ જીવનધ્યેયની સ્મૃતિ આહ્‌લાદપ્રેરક નીવડે છે. આમેય પતિપત્ની આવી તિથિનું મંગલસ્મરણ કરે ને આવા પ્રસંગનું ગૌરવસ્મરણ કરે એ એમના વિકાસની દૃષ્ટિએ આનંદપ્રદને આવશ્યક છે. પરંતુ જ્યારે નાયક નાયિકાને 'લ્યો સૂકાન તરાવી દ્યો પૂર સંસારનું વહું' એમ કહે ત્યારે નાયિકાના વ્યક્તિત્વનો ખ્યાલ સમસ્ત પુરુષજાતને આનંદનો વિષય ને સમસ્ત નારીજાતિને ગૌરવનો વિષય બનવો ઘટે. પુનર્લગ્નની ઈચ્છા પ્રગટ્યાબાદ જ્યારે લગ્નતિથિ પણ આવી પહોંચી છે ત્યારે લગ્નગીત ગાવા માંડીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આજે મ્હારે રે ધન્યમંગલ ઘડીઓ
કે વ્હાણેલાં વાયે નવલાં રે
મ્હારે માંડવે રે ધ્વજ તેજનો ચ્હડિયો
કે વ્હાણેલાં વાયે નવલાં રે."

એક મિલનની ઝંખનાએ માણસે શું શું નથી કર્યું ? એક દર્શનની અભિલાષાએ માણસ નદી, નાળાં, કાનનકુંજો બધુંય ઘૂમી વળ્યો છે. કેટલાક મુશ્કેલીઓને વિકાસસ્થંભો બનાવે છે તો કેટલાક મુશ્કેલીઓની અધિકાધિક ભેખડો તૂટી પડવાથી એટલાતો કૃશકાય બની જાય છે કે દર્શનની એ વિરલ પળ માણી ન માણી ત્યાં તો એમના જીવનનું પૂર્ણવિરામ આવી જાય છે. પણ એથી એ તૃષા–એ આરઝૂ કોઇ દિવસ બંધ પડી છે ? નિરવધિકાળના વિરાટ પ્રદેશમાં માણસની વણઝાર ચાલી આવે છે.......આવી કોઈ મિલનની આરઝૂનો પડઘો આમંત્રણમાં પડ્યો છે.

કવિનાં ઘણાંખરાં સ્નેહવિષયક કાવ્યોમાં પ્રથમ સંબંધ, પછી વિયોગ ને એના પરિણામરૂપ સ્મરણોનો આનંદ એવું આવે છે. આ સંગ્રહમાં પણ આ પ્રકારની ભાવના કોઇ કોઇવાર ડોકિયાં કરી જાય છે. આમ્રતરુની ડાળ મંજરીઓથી ઝૂમી પડતી હોય, સરોવરની પાળે સારસબેલડી વિહાર કરતી હોય, બધીય કુંજોનાં શરીરમાં વસંત ફૂટું ફૂટું થઇ રહી હોય અને આ બધાના પરિણામરૂપ આખું વિશ્વ રસસરિતામાં ન્હાઇ રહ્યું હોય ત્યારે માધવીમંડપ ઝોલાં ખાતો જોઇ કોઇ રસમસ્તરસિકાને સ્મરણોનો સળવળાટ થાય છે ને એ ગાવા માંડે છે: 'એ રત આવીને રાજ આવજો'. કોઈવાર 'સ્મરણે સંકટ સાંપડ્યા' જેવું થાય છે પણ બહુધાનો 'એવા રસદિવસો યે પ્રિયતમ વહી ગયા !'નો વેદનમધૂર આનંદજ રહે છે એટલે તો કહી દીધું છે કે 'અમો સ્મરણોના સંગી, માફ કરજે બાલા !'. આમ સ્મરણો અળવિતરાં બાળકોની જેમ કેટલીકવાર પજવતાં હોવા છતાંય એ પજવણી ગમતી હોવાથી કહેવાનું મન થાય છે કે: धन्यास्तदङ्गरजसा मलिनी भवन्ति ।

બાકી રહેલાં ગણનાપાત્ર કાવ્યોમાં 'ગિરનારને ચરણે' ને 'વીરની વિદાય'નો સમાવેશ થાય છે. 'ગીરનારને ચરણે' કાવ્ય બધી રીતે સર્વાંગસુંદર છે. અશોકનો શિલાલેખ જોઇ કવિનાં દિવ્યચક્ષુ ભૂતકાળમાં મીટ માંડે છે ને ઇતિહાસવાહી પ્રભુતું દર્શન કરે છે. એમને માટે શિલા એ જડ વસ્તુ નથી રહેતી, એમાં એમને અદ્દ્ભુત દર્શન થાય છે. આ જગ્યાએ સ્થૂલસૂક્ષ્મના ભેદનો પ્રશ્ન કવિ છેડે છે જેમ સુંદરીઓની બહ્યચેષ્ટા પરથી એમના હૃદયભાવો રસશાસ્ત્રીઓ પકડી પાડે છે તેમ સ્થૂલમાંથી પણ સૂક્ષ્મના સંદેશ સંભવે છે ને સૂક્ષ્મનું સૌંદર્ય પણ સ્થૂલમાં વસ્યું હોય છે એવો નિર્ણય કવિ આપે છે. વસ્તુ, ભાવ, દર્શન ને અભિવ્યક્તિની દૃષ્ટિએ પ્રસ્તુત કાવ્ય આ સંગ્રહમાં જ નહિ પણ કવિનાં સઘળાં છંદોબદ્ધ કાવ્યોમાં ગણનાપાત્ર છે. શ્રી. બ. ક. ઠાકોર આ કાવ્યમાં શબ્દાળુતાનો દોષ જુએ છે પરંતુ એથી આગળ વધી જ્યારે આ કાવ્યને મુકાબલે શ્રી. ગજેન્દ્રબુચના 'ગિરનારની યાત્રા' કાવ્યને વખાણે છે ત્યારે આપણો રસાત્મા ખરેખર કચવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિએ જે કેટલાંક વીરત્વની ભાવનાનાં કાવ્યો લખ્યાં છે તેમાંનું એક 'વીરની વિદાય' આપણને આ સંગ્રહમાં મળે છે. સ્નેહનો કવિ દેશભક્તિની વીરભાવનાને કેટલી સરસ રીતે આત્મસાત્ કરી જાણે છે તે જોવું હોય એણે સ્વ. કવિની 'શૂરજન ! જાગજો હો ! યુગના ઝેરી નાદ પુકારે', 'પાર્થને કહો ચ્હડાવે બાણ', 'સિંહના બાલ શું ખેલતો ગેલતો એ ભરતના ગોત્રના ગોત્રનો છો' વગેરે કાવ્યપંક્તિઓ યાદ કરવી ઘટે. આ કાવ્ય પણ એવું એક સરસ કાવ્ય છે. નાયિકા કેટલી કર્ત્તવ્યાભિમુખ છે! પોતાના પતિને કોઇ મધ્યયુગની રજપુતાણીની અદાથી રણક્ષેત્રમાં મોકલે છે. અને તે પોતે પણ ઘેર સુખ-શાંતિમાં રહેવાનું પસંદ કરી ભીરુતા પ્રગટ કરતી નથી. એને પણ રણમાં જવાના કોડ છે. પરંતુ જ્યારે

"આવતાં ઝીલીશ બાણને, હો!
ઢાલે વાળીશ ઘાવ:
ઢાલ ફૂટયે મારા ઉરમાં; રાજ
ઝીલીશ દુશ્મન દાવ"

એમ કહે છે ત્યારે એની વીરતા પરાકાષ્ઠાએ પહોંચે છે. કવિનો પ્રાચીન ભાવ પ્રતીકોના વાપરનો સ્તુત્ય આગ્રહ આ કાવ્યમાં પણ દેખા દે છે.

આવા પ્રતિભાશાળી કવિનાં કાવ્યોમાં દોષ નથી એમ નથી. એમની ડોલનશૈલીના આડંબર ને શબ્દાળુતા એ બે દોષો અત્રે પણ વર્તાય છે પરંતુ એ 'ધોધમાર શબ્દાળુતા' નથી, 'એ લટકાં ભાષા તણાં' છે પણ આપણો રસાત્મા કચવાય તેવાં નથી. 'Breathes there the man with soul so dead'નું ભાષાંતર પાંગળું છે. લગ્નગીતો પણ એટલાં બધાં સારાં નથી. 'હૃદયની વાત' ગઝલ લેખે જેટલી સારી છે તેટલી હૃદયની વાત લેખે સારી નથી. કેટલીક રચનાઓ ફિક્કી પણ છે. આ બધા દોષ હોવા છતાં ય ન્હાનાલાલ તો ન્હાનાલાલ જ રહે છે.

'ગુરુદેવને' નમસ્કાર કરી મંગલારંભ કરતા કવિ 'ભેદના પ્રશ્ન' પૂછે છે તો 'આંસુના ભેદ' પણ બતાવે છે, 'નયણાંની ધાર' નીતારે છે તો 'ઝીણા ઝીણા મેહ' પણ વરસાવે છે, 'વિલાસની શોભા' બતાવે છે તો 'વીરને વિદાય' પણ આપે છે, 'ધર્મરાયના માર્ષદને' સંદેશો પાઠવે છે તો 'રાજ યુવરાજ'નો 'સત્કાર' પણ કરે છે. પરંતુ જ્યારે 'સ્તુતિનું અષ્ટક' ગાઇ 'હરિનાં દર્શન' કરે છે ત્યારે તો આપણી 'જીભ થાકીને વિરમે રે વિરાટ વિરાટ વદી!'

રમણલાલ જે. જોષી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસદર્શી કવિ.

'શું સૂક્ષ્મની ન વસી સુંદરતા સ્થૂળોમાં ?
શું સ્થૂળમાં ન ઉભરાય અદૃશ્ય સૂક્ષ્મ ?'

સ્વ. કવિશ્રી ન્હાનાલાલનું 'ગિરનારને ચરણે' એ કાવ્ય વાંચતાં ઉપરની કડીઓમાં મ્હારૂં એકદમજ ધ્યાન ગયું. ગિરનારનું ભવ્ય વર્ણન કરતાં કવિશ્રીને કેટલું સુન્દર કલ્પનાયુકત ચિન્તન ઉદ્ભવ્યું છે ? અને એ ચિન્તનમાં કેટલું સત્ય રહેલું છે ! કવિશ્રીના પોતાનાજ સૂક્ષ્મ હૃદયમાં રહેલી જે ભાવનાઓએ મૂર્ત સ્વરૂપ લીધું તે વાંચીને પણ શું એજ વિચાર નથી આવતો ? અને તેમની એ સ્થૂળ કૃતિઓમાં એ અદૃશ્ય સૂક્ષ્મ વિલસી રહેલું જોઇ આપણા હૃદયને આજે અવનવો આનંદ ઉદ્ભવે છે. ફૂલ કરમાઇ જાય છે પરન્તુ તેની સુવાસ રહી જાય છે. કવિશ્રીની અખૂટ કાર્યશક્તિએ અવનવાં હૃદય આકર્ષ્યાં છે. ગુજરાતી સાહિત્યની તેમણે ઘણે પ્રકારે સેવા કરી છે પરન્તુ તેમના એ વિશાળ સાહિત્યસાગરની અનુપમ મીઠાશ અને અનેરૂં સૌંદર્ય તો એમના રાસમાં થાય છે. કવિશ્રીને આપણે ગુજરાતના રાસકવિ તરીકે હંમેશાં સ્મરીશું. તેમના રાસમાં, ગીતોમાં કે ભજનોમાં જે ગેયતા, ભાવના તથા સૌંદર્ય રહેલાં છે તે કોઇથી અજાણ્યાં નથી. ગુજરાત તેમને એક નવીન નાટકપ્રકારના સર્જક તરીકે અથવા તો વિવેચક તરીકે નહીં પીછાને પરન્તુ રસદર્શી રાસકવિ તરીકે તો જરૂર ઓળખશે. તેમનાં કાવ્યોમાં વીરતા, ભક્તિભાવના, ઇતિહાસ દર્શન, ચિન્તન તથા સૌંદર્ય વગેરે તત્વો ઘણીજ રસાળ શૈલીમાં નિરૂપાયાં છે.

'મ્હારાં નયણાંની આળસ રે ન નિરખ્યા હરિને જરી' એ કાવ્યમાં ભક્તિભાવના ભરી છે. 'મ્હારા કેસરભીના કંથ હો' એ કાવ્યમાં વીરપૂજાનું ગાન કર્યું છે. 'ગિરનારને ચરણે' એ કાવ્યમાં ઇતિહાસ દર્શન સાથે સુન્દરચિન્તન વણાઇ રહ્યું છે. 'વિરાટનો હિન્ડોળો' એ કાવ્યમાં જગત આખું વિશ્વના વિરાટ હિન્ડોળે ઝુલી રહ્યું છે એ ભાવનાનું સુંદર દર્શન છે. તેમણે કાવ્યરસની હેલી વરસાવી છે એમ કહી શકાય. તેઓ સાત્ત્વિક સૌંદર્યના ઉપાસક છે. પ્રેરણા, સ્ફૂર્તિ અને ઉલ્લાસ એ તેમના મુખ્ય સૂર છે. સૌંદર્ય અને ભવ્યતા તેમને પ્રિય છે. તેમની દૃષ્ટિ વિશાળ અને ઉત્કૃષ્ટ છે. કવિશ્રી તેમની સૌંદર્યદર્શી વાણીમાં ભવ્યતાની ઝાંખી કરાવે છે. તેઓ ગગનવિહારી, કલ્પનાગામી કવિ છે. કલ્પના અને ભાવનામાં તેઓ ઉડ્ડયન કરે છે. તેમનાં કાવ્યોમાં બંસીના મધુરા સૂરો રમી રહ્યા છે.

કવિશ્રીને ત્રણ વસ્તુ ખાસ કહેવાની હોય છે. (૧) નૈષ્ઠિક બ્રહ્મચર્ય. (૨) દામ્પત્ય અને (૩) સર્વ ધર્મ સમન્વય.

આ ત્રણે પ્રિય ભાવનાઓ તેમની કૃતિઓમાં વણાઇ રહેલી જોઇ શકાય છે. પ્રથમ ભાવનાનું નિરૂપણ 'જયા-જયન્ત' માં, 'ઇન્દુકુમાર' માં દામ્પત્ય ભાવના, અને સર્વ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મ સમન્વયની ભાવના તેમનાં ઐતિહાસિક નાટકો 'શાહાનશાહ અકબરશાહ' અને 'જહાંગીર–નૂરજહાન' માં વ્યકત કરી છે. 'વિશ્વગીતા' માં આ ત્રણે ભાવનાઓનું એકીકરણ કર્યું છે. લગ્નભાવનાના તેઓ કવિ છે એમ કહી શકાય. પ્રણયનું વિશુદ્ધ તેમજ ઊજળું સ્વરૂપ તેમણે ગાયું છે. સ્વ. ગોવર્ધનરામે આવાં ઘણાં ચિત્રો દોર્યાં છે. સ્થૂળપ્રેમ, ઉચ્ચ દામ્પત્યપ્રેમ, શુદ્ધપ્રેમ અને સૂક્ષ્મપ્રીતિની મીમાંસા તેમણે ઘણી ગહનતાથી કરી છે. આત્માની પ્રીતિ બતાવી સ્નેહલગ્નની પ્રતિષ્ઠા સ્થાપી છે.

તેમની લગ્નભાવના આર્યપ્રેમના અનુરાગથી છલકાય છે. તેમાં કેવળ શરીરસુખને, દેહની વાસનાને અવકાશ નથી. સ્વ. ગોવર્ધનરામે જેમ શુદ્ધ લગ્નને વિશ્વસેવાના સાધનરૂપ બનવાનો આદર્શ રજૂ કર્યો તેમ 'જયા–જયન્ત' માં પણ માત્ર વિશ્વસેવાના જ સાધનરૂપ આત્મલગ્નના આદર્શની રજુઆત છે.

કવિશ્રીના આ આદર્શો તેમનાં નાટકોમાં મૂર્ત થયા છે. કવિશ્રીનાં નાટકો ગુજરાતી સાહિત્યનું એક અવનવું જ સર્જન છે તેને નાટકો કહેવાં કે નહીં તેના ઉપર ઘણી વિવેચના થઇ છે. પરન્તુ એ નાટકો દૃશ્ય તો નથી જ. ભજવી શકાય એવો વાસ્તવિક અંશ અતિ અલ્પ હોવાથી એ નાટકો શ્રાવ્ય છે, એમ કહી શકાય. તેમાં અભિનયયોગ્ય તત્વ ઘણું જ ઓછું છે. તેમાં સ્થળ, કાળ વસ્તુની એકાગ્રતા નથી. માત્ર રસ અને ભાવની એકાગ્રતા રહેલી હોય છે. કવિની પ્રતિભાને તે અનુકૂળ છે. નાટકનાં પાત્રો જીવન્ત કે સ્વાભાવિક નહીં પરન્તુ ભાવનાનાં પ્રતીક બની જાય છે. વાસ્તવિક અંશ તેમાં ઘણો ઓછો છે. કવિની સૃષ્ટિનાં જ તે પાત્રો છે. તેમનાં નાટકો ગદ્યમાં નહીં પરન્તુ ડોલનશૈલીમાં લખાયાં છે. આ કાવ્યમય તેમજ અલંકારમય શૈલી ભાવપ્રધાન છે. શબ્દમત અને કાવ્યત્વમાં નાટ્યતત્વ બાજુએ રહી જાય છે, અને કવિનો આત્મા ગૂંજવા માંડે છે. કવિની ભાષાના વાહક જે સંવાદો હોય તેમાં ચિન્તન હોય છે. નાટકોમાં મુખ્ય આકર્ષણ ગીતોનું છે. આ ગીતો સ્વતંત્ર રચાયાં હોય છતાં નાટકમાં યથાપ્રસંગ મૂકી શકાય તેવાં હોય છે. પાત્ર, પ્રસંગ અને વાતાવરણને યોગ્ય આ ગીતો સ્વતંત્ર ગીતો તરીકે પણ શોભી ઉઠે છે. તેમાં ધ્વનિનું તત્વ સુન્દર હોય છે. સંગીત અને માધુર્ય એ ગીતોની વિશિષ્ટતા છે.

આ સર્વ નાટકો ડોલનશૈલીમાં લખાયાં છે. આ શૈલીનો પ્રથમ પ્રયોગ કવિશ્રીએ ઈ સ. ૧૮૯૮ માં કર્યો. વસન્તોત્સવ અને ઈન્દુકુમારનો જન્મ આ વર્ષમાં થયો. 'વસન્તોત્સવ' માં છન્દ અને કવિતા વિષે લખ્યું અને 'ઇન્દુકુમાર' માં ડોલનશૈલીની સમજણ આપી. 'મ્હારે શોધવો હતો મહાછન્દ પરન્તુ હું જઇને નાંગર્યો ડોલનશૈલીના શબ્દભંડોળમાં'. આ બહુજ નિખાલસ વાણી છે.

કવિને મન કવિતાનો આત્મા રસ અને ધ્વનિ છે. તેમણે કયાંએ છન્દ અને વૃત્તરચનાને મહત્વ આપ્યું નથી. "અંતર્વાસી રસનાં સંચલન કંઈ ગેય કે છન્દોબદ્ધ હોતાં નથી. છન્દ એ કવિતાનો અત્યાજય પોષાક નથી. કવિતા લખતાં આત્મા ગાતો નથી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુંજારવ કરે છે." ત્યારે કવિતા માટે મહત્વની વસ્તુ શી ? કવિ કહે છે કે ડોલન. "કલાવિધાનના સમયે કલાવિધાયક એ ભરતીનાં મોજાં ઉપર નાવડાંની પેઠે ડોલે છે. કવિતા એટલે અંતસ્થ ભાવનું શબ્દસ્થ સ્વરૂપ. અસ્ફૂટ કલ્પના સ્ફુટ થાય, વાણીથી પર ભાવવાણીમાં ઊતરે અને રસરૂપી આત્મા કવિતા દેહે અવતરે તેની સાથેજ દેહની સુન્દરતાની પેઠે વાણીનું ડોલન જન્મે છે માનવદેહ જન્મતાની સાથે શ્વાસોચ્છ્વાસ શરૂ કરે છે. આ રીતે વાણીનું ડોલન દેહની સુન્દરતાની પેઠે, હૃદયના ધબકારાની પેઠે કવિતાની સાથે જ જન્મે છે. ગેયતા કે છન્દોબદ્ધતા કવિતાના દેહની સાથે જન્મતાં નથી. વાણીનું ડોલન કવિતાસૌંદર્યની કુદરતી શરીરશોભા છે. છન્દ, અલંકાર એ સૌંદર્યને ધરાવેલાં વસ્ત્રાભૂષણો છે."

ભાવનાના આવેશને અનુકૂળ વાણી આ શૈલીમાં મળી છે અને હૃદયની ઊર્મિ વ્યક્ત થઇ શકી છે. ભાવનાવિહારી કવિ સામાન્ય વ્યવહારૂ ગદ્યથી સંતોષાત નહીં, મિતાક્ષરિતા કે અર્થઘનતા આ શૈલીમાં કયારેક સરસ આવે છે. તેમજ ભાવનાવિહારી પાત્રોની વાણી પણ આ શૈલીમાં જ શોભે છે.

આમ આ નવિન શૈલીનો પ્રયોગ કવિશ્રીને જ હસ્તે સફળ બન્યો છે, અને તે કવિશ્રીનુંજ ગાંડિવ બની શકી છે. ડોલનશૈલી એ સ્વતંત્ર પદ્યમય રચના છે. સ્વ. કાન્તે કહ્યું છે કે 'શું આ સુન્દર અને જીવન્ત ચિત્રાવલી કવિતા નથી ?'

કવિશ્રી ન્હાનાલાલનું સ્થાન સાહિત્યમાં કવિ તરીકે અજોડ અને ચિરઃસ્મરણીય છે.

ચૈતન્યબાળા જયેન્દ્રભાઈ દીવેટિયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શહાનશાહ અકબરશાહ એક પ્રશસ્તિ"

અકબરીયુગ ઇતિહાસનો નૌરોઝ છે :
ને ફત્તેહપુર સિક્રી છે
અકબરશાહીનું શાહતીર્થ."

ઇતિહાસનાં એ નૌરોઝ અને દિલ્હીશ્વર શહાનશાહની જીવનલીલા આલેખતું ગુર્જર-કવિકુલગુરુ ન્હાનાલાલનું ઐતિહાસિક નાટક—'અકબરશાહ' જગતનાં ઐતિહાસિક નાટક-મંડળમાં પોતાનું ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરે છે. ઐતિહાસિક ગુજરાતી નાટ્યસાહિત્યે ઇબ્સન કે શૉ નથી એમ કહેવામાં ગુજરાતીસાહિત્યને હલકું પાડવા જેવું ગણાય. ગુજરાતી નાટ્યસાહિત્યને તો જોઇએ બીજું 'શાકુન્તલ' કે 'રત્નાવલી' ઇબ્સન કે શૉ કે મોલિયર પાસેથી 'શાકુન્તલ'ની આશા રાખવી વૃથા છે. આજે એ એકાંત આકાશમાં ઇતિહાસની અમૃતાક્ષરી ઉકેલતું 'શહાનશાહ અકબરશાહ'— ગુજરાતી નાટ્યસાહિત્યનું નૌરોઝ છે. સાહિત્યસૃષ્ટિમાં અનેક દાખલા છે જેમાં ઇતિહાસની વફાદારી બાજુએ મૂકાઈ હોય. 'અકબરશાહ'ની–ઇતિહાસવફાદારી અને નાટ્યતત્વનો સંયોગ અજબ છે. 'અકબરશાહ'ની સૃષ્ટિ માત્ર અકબરજીવન જ નથી; 'અકબરશાહ'નું આલેખન અને દિગ્દર્શન છે ઇતિહાસદર્શન અને ધર્મસમન્વયની ભાવના.

"જગત્પ્રજા, જગત્સાહિત્ય, જગત્પાર્લામેન્ટ,
જગત્ધર્મ, જગત્સંસ્કૃતિના સ્વપ્નદ્રષ્ટાઓ!
કવિઓ! ફિલસુફો! રાજરાજેશ્વરો!
સર્વસમન્વય વાંછો છો ને ?—
તો જાવ સિક્રીની શારદાપીઠે
તો જાવ સિકન્દરાની યાત્રાએ
પઢો એનાં જીવનશાસ્ત્ર."

'અકબરશાહ'ની નાન્દી બોલાવે છે પૃથ્વીના રાજર્ષિઓને :—

"પૃથ્વીનાં રાજર્ષિઓ! પધારો;
ત્હમને ઓળખાવું ત્હમારો રાજરાજર્ષિ."

ખરૂં છે;—'ઇતિહાસમાં બીજું ઇબાદતખાનું નથી,
ઇતિહાસમાં બીજો અકબરશાહ નથી.'

જગત્ઇતિહાસે બીજો અકબરશાહ નથી તો જગત્સાહિત્યે પણ બીજો 'અકબરશાહ' નથી. કવિતા અને ઇતિહાસનું મિલન અને અકબરીયુગનો રાજયોગ એમાં ઓતપ્રોત થએલાં છે. ભારતના ઇતિહાસને સોહાવે છે, અશોકદેવ અને અકબરશાહ, અર્વાચીન ગુજરાતી સાહિત્યને સોહાવે છે ગુજરાતી કાદમ્બરી 'સરસ્વતીચંદ્ર' અને 'શહાનશાહ અકબરશાહ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાટકમાં અકબરશાહની ઓળખાણ એ નરકેસરીને શોભે એ રીતે પાણીપતનાં મેદાનમાં થાય છે. પાણીપતમાં ઘૂમતા અકબરશાહ ત્યારે તો એક કિશોર હેય છે. બાદશાહમાળાના મેર બનવાનાં એના કોડ વિષ્કંભકમાંજ આપણને સંભળાય છે:

" ક્ષત્રિયો તો પહાડ છે પૃથ્વીના.
મ્હારે તો હિન્દના હાથીઓને જીતવા છે. "

પહેલા અંકના 'નગરચર્ચા', 'પર્વતધારની ગુફાએ,' 'ખાનબાબા', અને 'અજમેરની ઝિયારતે' એ પ્રવેશો નાટકની ઇતિહાસસંકલનાનાં-મણકારૂપ બની અકબરશાહના ઉત્તરજીવનની ધર્મસમન્વયની ભાવનાની પીઠિકા બની રહે છે. એ ભાવનાને સફળ પાર ઉતારવા પહેલાજ પ્રવેશમાં અકબરશાહ આશીર્વાદ માંગે છે:

" ઓલિયાઓનો પૂજારી છું,
સન્ત સાધુ ફકીરોનો ભક્ત છું,
સાંઈ ને શેખને શોધું છું;
શોધું છું રાજસિંહાસનનું ધર્મછત્ર...."

આશીર્વાદને પછી પુણ્ય બનાવવા—અકબરશાહ અજમેરની ઝિયારતે પધારે છે. 'અકબરશાહ' નું સંકલન પછી બીજા અંકનાં પ્રવેશો:—'ફત્તેહપુર સિક્રી', અને 'ગુજરાતવિજય'—અકબરશાહનાં જીવનવૃત્તાંતમાં પ્રવેશે છે. સૌંદર્યધામમાં 'વુલર સરોવરને જળપગથારે,' અને હિમાદ્રિશિખરોનાં ઢોળાવો ઉપર 'મહામૃગયા' ધર્મસ્તોત્રોથી ગાજી ઉઠતાં 'અકબરશાહ' નાં ઉચ્ચ શિખરો છે.

અકબરશાહની અપ્રતિમ ધર્મસિદ્ધિ વર્ણવતો ડોલનવૈભવનો નમૂનો ત્રીજા અંકનો પહેલો પ્રવેશ, 'દીને ઇલાહી' 'અકબરશાહ'ની પ્રવેશમાળાનો મેરૂ છે. સાહિત્યની દૃષ્ટિએ એનું રસવિવેચન 'दिल्हीश्वरो वा जगदिश्वरोवा' નાં ગાનાર કોઇ જગન્નાથ કરી શકે. 'દીને ઈલાહી'નો પ્રવેશ જગત્‌ના ધર્મજ્યોતિઓનાં સમન્વયને અજવાળે પ્રકાશી ઉઠે છે. એ પ્રવેશમાં આવતાં જુદા જુદા ધર્મોનાં ધર્મધુરંધર જ્યોતિઓનાં પાત્રો અને એ સૌની એ પર વિરાજતા અકબરશાહ—ઈબાદતખાનાની એ ધર્માંજલિઓ—'અકબરશાહ'નાં ઇતિહાસપરિધાનનો શણગાર છે. અકબરશાહનું ધર્મચિન્તન ધર્મસમન્વયનાં રવૈયામાં વલોવાય છે, અને એક પછી એક ઇસ્લામી શેખબિદૌની, હિન્દુયોગી દેવીમિશ્ર, ખ્રિસ્તી ફાધર, ઝરથૂસ્તી મોબેદ, જૈનમૂનિ, બૌદ્ધ, સૂફી ને ચારવાકી નક્ષત્રમંડળ નિજનિજની ધર્મસમસ્યાઓ ફિલસુફીથી ઉકેલે છે:

હિન્દુયોગી દેવીમિશ્રનો ઉઘડતોજ કોલ હિંદુધર્મનો સાર આપે છે:

" જગતનાં અંધારા ધુવે એ સૂર્ય;
ઉરનાં અન્ધારાં ધુવે એ ધર્મ. "

ઇતિહાસઅદ્વિતીય ઈબાદતખાનામાં પછી પ્રગટે છે શહાનશાહી અગ્નિહોત્રનો અગ્નિ. 'દીને ઈલાહી'નું ધર્મશિખર અકબરશાહ પોતેજ ઉચ્ચારે છે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" અલ્લાહ એક છે, અલ્લાહનાં ધર્મ અનેક છે.
અલ્લાહ એક છે, અલ્લાહનાં તિર્થ અનેક છે.
રાત્રિ ને દિવસ બે છે; સૂર્ય ને ચંદ્ર બે છે;
પાપ ને પુણ્ય બે છે, આત્મા ને પરમાત્મા બે છે."

હિન્દીસાહિત્યે જગત્સંસ્કૃતિનું કલ્યાણ અને સર્વધર્મસમન્વયની ભાવનાંનું આવું સોલ્લાસ ગાન બીજે કયાં શોધ્યું જડે એમ છે? 'અકબરશાહ' ની ધર્મભાવના 'અકબરશાહ' ના કવિની પણ પ્રિય ભાવના છે. મહાકવિઓ દેશનાં સાંસ્કારિક જીવન અને ધર્મ રચે છે. ઇંગ્લેંડમાં શેકસપિઅર અને મિલ્ટને, યુરોપમાં હોમર, વર્જિલ અને ડાન્ટેએ તેમ હિન્દમાં ટાગોરે અને ન્હાનાલાલે એ ધર્મ બજાવ્યો છે.

અને ત્રીજા અંકનો પાંચમો પ્રવેશ: 'એકલવાયો બાદશાહ' ગ્રીકનાટકોની કરૂણ આત્મોક્તિઓનો ધ્વનિ ગજાવે છે. એસ્કીલસનાં 'પ્રોમિથિઅસ બાઉન્ડ'માંની પ્રોમિથિઅસની અને યુરિપિડિસનાં 'ટ્રોજોન વુમન' માંની કલેસેન્ડ્રાની આત્મોકિતઓ સાથે સહેલાઇથી ઊભી રહેતી અકબરશાહની આત્મોકિત હિન્દી નાટ્યસાહિત્યે અજોડ છે.

ફત્તેહપુર સિક્રીનાં બુલંદ દરવાઝેથી 'એકલવાયો બાદશાહ'— નિજજીવનકલાપની પાંખો ખંખેરે છે :

"ખામોશ, અય રાજનોબત! ખામોશ :
કાળબોલનાં પડછન્દને .ગજવોમા.
શી હતી સિક્રીની એ જાહોજલાલી
એ ચૌરંગીનો ચોક ને પંચમહેલ?
બુલંદ દરવાઝાની ઓ દેવડીઓ!
ઉચ્ચારો, ઉભા છો ત્યાં સુધી
કે શહાનશાહ અકબરશાહ આજ એકલવાયો છે."

'અકબરશાહ'ની મુગલપ્રશસ્તિની ભાવપૂર્ણ લહરિઓ અને શબ્દવૈભવથી રત્નજડિત ઉર્મિગીતો, રાસડાઓ અને ગઝલો ગુજરાતી કાવ્યસાહિત્યની ફૂલછાબ છે. કાશ્મીરી સૌંદર્યકુંજોમાનું કાશ્મીરીયણોનું સરોવરિયાનું ગીત અને સુરદાસજીનું બ્રહ્મલહરીનું-અગમ્યની પાછળ દોડતું ભજન—" લહરિયા સાગરમાં ન સમાય " અને એ સૌથી એ પર આરાવલ્લીની કોતરમાળામાં ક્ષત્રિયવટ અને ખમીરનાં પડછન્દા પાડતું મેવાડની મહિલાઓનું ગીત : " કસુંબલા, કીધા નાહોલિયા!" ગુજરાતે અપનાવી લીધાં છે.

" પુણ્ય કેરાં પુષ્પ જાણે વીણી વીણી લઇ ગયો;
નિત્યનાં સંભારણાં પરાગ પરમ દઇ ગયો :
સ્વર્ગલોક બારણે રે, દુંદુભિ વાગે છે." પૃથ્વીપર્વનો અકબરશાહને આવો સુંદર અર્ધ્ય આપતું 'શહાનશાહ અકબરશાહ' ડોલનદુંદુભિનો મહાનાદ છે.

રજનીકાન્ત કેશવલાલ દવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંઘમિત્રા : એક અભ્યાસ.

વડોદરા. તા. ૧ ફેબ્રુ. ૧૯૪૭

પ્રિય બહેન શ્રીલેખા,

તું વારંવાર લખે છે કે મારે એકલપેટી બની જે કાંઇ સાહિત્યકૃતિ વાંચી રસાસ્વાદ ન કરવો પણ લૂંટમાં તારો પણ ભાગ રાખવો તો તું ફરી કહેતાં પણ કંટાળે તેવો લાં....આ પત્ર પાઠવું છું.

યુદ્ધ તો હજું હમણાંજ પત્યું છે અને દેશના કોમી વિગ્રહો પણ માંડ સમ્યા છે. આવી પરિસ્થિતિમાં મહાકવિ ન્હાનાલાલની નાટ્યકૃતિ "સંઘમિત્રા" મારા વાંચવામાં આવી.

આજથી લગભગ પંદર વર્ષ પહેલાં બંધુભગિની સ્નેહની અમરકથા કહેતી ને બીજા જનકવિદેહી સમા ભિકખુ ગતિક રાજા અશોકવર્ધનની જીવનકથા આલેખતી આ કૃતિ કવિશ્રીએ ગુજરાતને ચરણે ધરી. મહાકવિની કવિત્વ પ્રતિભા, આદર્શ, વિચારપરંપરાનો તેમની આ કૃતિમાંથી હૂબહૂ પડઘો ઉઠે છે. આજે પણ આ રંગદર્શી ભાવનાત્મક શૈલીએ રચેલી સ્વર્ગીય કથા આપણે વાંચીએ છીએ અને અગોચરને ગોચર કરતી એ કવિદૃષ્ટિથી મુગ્ધ બનીએ છીએ.

પરંતુ એ દુ:ખદ સ્મરણ છે કે નાટિકાને ઉઘડતે પલ્લવે અક્ષરવાસિની થયેલી કવિપુત્રીની શોકછાયા પથરાય છે. એ પુત્રીના સ્મરણોને ચિરંજીવ બનાવતા કવિશ્રી વ્યાપક સહૃદયતાથી "સંસારમાં માતપિતાની પૂર્વે, કો'નાય મરશો નહિ પુત્રપુત્રી"—ની સર્જનજુની આર્યવાણી સંભળાવે છે. આમ પ્રારંભમાં આવું કરૂણારંગી ગાન આખા નાટકનો વ્યાપકભાવ રજૂ કરે છે.

"સંઘમિત્રા" એટલે બૃહદ્ ભારતની એક પુણ્યકથા. આર્યવત્ ને ઉજાળનાર એક જ્યોતિર્ધર અશોકદેવના જીવનમાંથી વીણેલા અમોલા પ્રસંગોને કવિશ્રીએ જ્યાં રંગદર્શી, વિશિષ્ટ કલાવૃત્તિથી અભિનવ રંગોપૂરી સજીવન અને મોહક બનાવ્યા છે.

મહારાજ અશોકવર્ધન કલીંગવિજયી બની પાટલીપુત્રમાં પધારે છે, તે સમયે પ્રજા વિજયની સ્મૃતિ સ્વરૂપે મહોત્સવ માણવા તત્પર બની છે. મહારાજ સર્વની અજાયબી વચ્ચે ઉત્સવ બંધ કરાવી પોતાની ભાવિ નીતિ વિષે આગાહિ કરે છે.

મંત્રિપરિષદ ન્હોતરી અશોકદેવ સંબોધિવિહારમાં બેઠા છે; કેદીઓને અભયદાન અપાય છે; પિંગળાચાર્ય આવે છે. મંત્રિપરિષદમાં નક્કી થાય છે કે આર્યાવર્તને શરદખંડ બનાવવો.

પછીના અંકમાં જંબુદ્વિપના ધર્મતીર્થ એવા લુંબિનીના ગિરિઉદ્યાને મહારાજ પધારે છે; નાટક ભજવાય છે. મહામુનિ ધર્મઘોષ સાચા તીર્થોનો મહિમા સમજાવે છે.

પછી આવે છે બ્રહ્મરથનો મહોત્સવ : જેમાં સંયમ અને સેવાની સાધનાર્થે પ્રસ્થાન કરવાં કૃતનિશ્ચય એવાં મહેન્દ્ર–સંઘમિત્રાને જુદા જુદા પ્રદેશના વિહારપતિઓ આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્કારે છે....પાટલીપુત્રના ગૌતમઘાટના આંબાવાડિયામાં તથાંગતની ધર્મસભા મળે છે.... અશોકદેવ કલિંગસંહારના પ્રાયશ્ચિત માંગે છે : ધર્મને ચરણે રતન જેવાં પુત્રપુત્રી અર્પણ કરે છે. તેવામાં સિંહલદ્વિપથી રાજપ્રતિનીધિ આવે છે. મહેન્દ્ર–સંઘમિત્રાને ત્યાં મોકલવા અશોકરાજ ધર્મસભાને વિનવે છે.

પાટલીપુત્રના સંથાગારમાંથી કુમારકુમારીને વિદાય આપવા સામૈયું નીકળે છે અને કરૂણાની ચીરસ્પર્શી છાયા સાથે મંગલ આશીર્વચનોના સુરમ્ય શબ્દોથી નાટકનો અંત આવે છે.

સંઘમિત્રામાં પ્રાચીન ભારતનું, ભારતના અનોખા ઉત્સવોનું, ભારતી કલારસિક નરનારીઓનું સુંદર, સ્વાભાવિક ભાવનાભર્યું વર્ણન છે, કવિએ સેવેલા આદર્શો અને ઉર્મિઓ–અરમાનોનું એમાંથી સુરેખ પ્રતિબિંબ ઉઠે છે. આમાં કવિનો વ્યાપક અભ્યાસ, મૌલિકચિંતન, વર્ણનની રસાળતા, પ્રસાદ અને વાણીવૈભવ સાથેની સાહજિક મધુરતા, સીમાંકિત સંયમ અને સાત્વીકતાના ઓપે ચઢી ઉજળા બન્યાં છે. પ્રથમ અંકમાં શોણિત સરિતાવાળા કલિંગમાં ખેલાયેલા મહાયુદ્ધનું હૃદયસ્પર્શી વર્ણન છે. ત્યાંથી આગળ કવિ-કલ્પનાથી સજીવ બનેલી ત્રણ કલ્પનામૂર્તિઓ—જગતનું જોબન, મૃત્યુ, વગેરે એટલી વેધકતાથી કવિ રજૂ કરે છે કે સામાન્ય વાંચકતો એ ભીષણ ભવ્યતાના ગાન સાંભળી અદ્ધર બની જાય છે. પાપીઓને યોગ્ય નશીઅત આપતા પ્રાયશ્ચિતલોકનું વર્ણન પણ તેટલું જ આકર્ષક અને ઉપદેશાત્મક છે. સ્વ. મહાકવિની આ જ વિશિષ્ઠતા છે કે રંજનપ્રધાન લાગતાં એમના સર્જનોમાં કેટલોય વ્યવહારૂ અને નૈતિક ઉપદેશ સમાયેલો હોય છે. કવિ દૃષ્ટિ વિસંવાદી વસ્તુઓમાંથી સંવાદી તત્ત્વોને શોધી કાઢે છે.

આખી "સંઘમિત્રા" માં ચોથો અંકતો ખરેખર કલાપૂર્ણ છે. "લુંબિનીના ગિરિઉદ્યાને," નિરંજનાને તીરે, નામનું નાટક ભજવાય છે. નાટકની એ ગોપકન્યા ઉચરે છે :—

"ભૂખ્યો જગતની શી ભૂખ ઠારશે ?
તરસ્યો જગતની શી તરસ ઠારશે ?"

અને— તપસ્વી માયા છલકન્તા, વાત્સલ્યપૂર્ણ હૈયે જગનો એમ મારગ દાખવે છે. ક્યાંય સુધી વાંચકની કલ્પના સૃષ્ટિ સમિપ એ રંગભૂમિ અને પાત્રો સદેહ બની ખેલે છે, ઝણઝણાવે છે અને ઝણકારો મૂકી અંતર્ધ્યાન બની જાય છે.

"આર્ય એટલે અવનિનું શ્રદ્ધાસ્થાન" એ પયગામ પહોંચાડતા મહાકવિ આર્ય-વંશને માટે લખે છે :—

આતિથ્ય, ઔદાર્ય, વાત્સલ્ય–લક્ષ્મી,
દામ્પત્ય, ગાર્હસ્થ્ય, સ્વાતંત્ર્ય, ક્ષેમ;
દયા, ક્ષમા, માર્દવ, સાચ, ધર્મ :
સૌજન્ય, સુરભિ એ સહુ આર્યવંશના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્તે વીરવિદાય લેતી એમની ચિરંજીવીને ધર્મને ખાતર, કર્તવ્ય પંથે વસમા વળામણાં દેતા મહારાજા અશોકવર્ધનની સાથે વિદાય આપે છે અને મહામૂલો અનુભવ-બોલ–વરદાન બોલ બોલે છે કે

"મહેન્દ્ર ને સંઘમિત્રા સમોવડાં,

*   *   *

આયુષ્ય પુષ્પ સમ સૌરભશાળી એવાં
સૌને હજો કુળઉજાળણ પુત્રપુત્રી."

"સંઘમિત્રા" માંની રોચક શ્લોકબદ્ધતા અને ગેયતા, વાચકના માનસ પર, રસવૃત્તિ પર સ્પષ્ટ છાપ પાડે છે. સને ૧૯૧૮–૨૦ની સાલ પછી ગુજરાતની રસવૃત્તિ સરળ, સ્વાભાવિક, મધુરતાભર્યા સાહિત્ય પ્રતિ વધુ વળતી થઇ છે. એ વસ્તુ ધ્યાનમાં લેતાં "સંઘમિત્રા" એની વિશિષ્ઠ ઢબે લખાયેલી હોવા છતાં રસપૂર્ણ બની ગઈ છે.

ઉપનિષદોના ઉત્તમ વાકયોના અનુવાદિત અવતરણો કે બીજાં એવાં જ અર્થગંભીર ટૂંકા સચોટ વાકયો વારંવાર આવ્યાં છતાં અણગમો ઉપજાવતાં નથી. ઉલટું "પ્રેમ–ભક્તિ" ના કવિના આદર્શને પુષ્ટ કરે છે. "સંહારનો સંહાર થજો!", 'સંગ્રામ એટલે સમસ્તદેશનો સોમયાગ', કે પછી 'કવિતા એટલે સ્વતંત્રતા અને સંયમ' ને 'જીવન એટલે અખંડ પ્રાયશ્ચિત' આવાં કેટલાંક વ્યાખ્યાબદ્ધ Epigramatic વાકયો છે જે સંગ્રહ કરવા માટે પણ અગત્યના છે. કોઇ એવો અભ્યાસી નીકળે અને શ્રી ર. વ. દેસાઇના "રજકણ" ની જેમ આવો સ્વતંત્ર સંગ્રહ કરે તો નવાઈ નહીં. બીજા અંકમાં, સરોવરમાં સ્નાન્ કરતી એક સુંદર સ્ત્રી–પોયણી–નું મીઠું વર્ણન છે. એ વર્ણન છે. એ વર્ણનની એકાદી વાનગી પણ સંસ્કૃત ભવ્યતા ભરી, તાઝગી ને તંદુરસ્તી ભરી કલ્લોલતી નવયૌવન સુંદરીને તાદ્દશ કરે છે.

એમના બીજાં નાટકોમાં હોય છે તેમ "સંઘમિત્રા" માં પણ સ્થળે સ્થળે "અપદ્યાગદ્ય" ની પાળો વચ્ચે અજબ સંવેદનો જગવતાં, કોમલ અને કમનીય, મધુરા છતાં નિર્દોષ રસિકતાભર્યાં ગીતો છે. એના લલિત સુંદર રાગોની સુગેયતા વાંચકને ઘડીભર ગણગણતો કરી મૂકે છે. અને એક આકસ્મિક આનંદની છોળથી પલાળી મૂકે છે.

"ટૂમકે છે મોર, ઝીલે વન એ મદશોર
રાજ! ગંગાને ઘાટ.

*   *   *

ધરતિમાં તેજ ઢળે પ્રભાતને પ્હોર, રાજ!
એનો ટહૂકો કોરે છે મારા કાળજાની કોર
રાજ! ગંગાને ઘાટ.

*   *   *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુહોને, દેવ! ફૂલડાં ફોરે તે વાય કેટલે?
કુહોને, દેવ! હૈયાં ઢળે તે જાય કેટલે?"

પારેવડી સમી પુત્રી પિતૃવડલેથી ઉડી જાય એ સનાતન વિરહકથાને કવિ અહીં જુદોજ પલટો આપે છે; ભાઇબ્હેનના ઇન્દ્રિયાતીત આત્મભાવને જગાડતાં મહેન્દ્ર અને સંઘમિત્રા ઓચરે છેઃ—

"વીર! ત્હારા બોલમાં મ્હને બાપુના બોલ સંભળાય છે.
બ્હેન! ત્હારી આંખલડીમાં માતાનાં હું દર્શન કરૂં છું."

આવી શ્રવણમનોહર પંક્તિઓ સ્થળે સ્થળે છે. જેમકે....

"નથી એ ચેતનના, શરીરશબના ભોગ સહુએ;
ખરે ચેતનવિશ્વે હૃદયવિજયો દિગ્વિજય છે."

કવિનાજ શબ્દોમાં કહીએ તો "આ નાટકના અલંકાર સમૃદ્ધિ, લક્ષ્મી–વૈભવ, જાહોજલાલી જે હોય તે ખરાં; પણ એ ફૂલકયારીઓનો પરિમળમાંનો **प्राणस्य प्राण** તો એ વીરવીરીનો હૈયાભાવ છે." એટલે કે "સંઘમિત્રા" માત્ર રંજનપ્રધાન કથા નથી; એતો છે ધ્યેયલક્ષી, લાક્ષણિકશૈલીનું અપદ્યાગદ્યમાં આલેખાયેલું નાટક. અનુપ્રાસ, ભાષાસમૃદ્ધિ, ઉપમાઓ એને હૃદયંગમ બનાવી સુશોભિત બનાવે છે. રત્ન જડેલાં સોના બેડલે સરોવરે જતી રાજરાણીઓને જળભરવા નીસરેલી વર્ષાની વાદળીઓ સાથે સરખાવી છે તેવી ઉપમા ત્રીજા અંકમાં વૈતાલિકે મૌર્યના મંત્રીઓને આપી છે તે; આર્યકુલે રમતી સરસ્વતીને અષાઢી વર્ષાની મહાઝડી સાથે સરખાવતી ઉપમા સાથેજ વિશદ અને ભવ્ય છે.

છતાં એ તો કહેવું પડશે કે એમની લગભગ બધીજ કૃતિઓમાં પ્રગટ થાય છે તે–અર્થઘનતા કરતાં સોહામણા શબ્દો પાછળનું કવિનું આકર્ષણ "સંઘમિત્રા" માં પણ દેખા દે છે. કેટલીક વખત કવિ ભવ્યવર્ણનો દ્વારા મૂકે છે; ઉત્તુંગ કલ્પનાઓ વાંચકને ક્વચિત મુંઝવી નાંખે છે; એમના નાટકોની પશ્ચાત્ભૂમિ અને અભિધાન પણ અપાર્થિવ હોય છે. કદી કદી વર્ણનોમાં અવિશદતા પ્રવેશે છે અને વાર્તાલાપની દલીલોમાં બાલિશતા દેખાય છે. આત્માને મુઝવતા નિગૂઢ પ્રશ્નોની છણાવટ સાથે વર્તમાન જીવનના વ્યવહારમાં મૂકાય તેવા રોજ-બ-રોજના, સમજન નીચલા થરોના દેહના અને દીલના દુઃખોના પ્રતિબિંબ તેમની કૃતિઓ ઝીલતી નથી. એમની રંગદર્શી ભાવનાત્મક ઉર્ધ્વગામિની કથાઓમાં જીવન ટકાવવા ઉત્કટ મનોસંઘર્ષણ અનુભવતા અને કાયા ઘસી નાંખતા પામર જીવોનું સ્થાન નથી. "આદર્શોનો પમરાટ હોવા છતાં", કહ્યું છે તેમ, "નિરતિશય (Intense Romanticism) રંગદર્શી અને આદર્શમય વાતાવરણ ઉત્પન્ન કરી" તે કથાઓ નાટિકાઓ અટકી જાય છે.

"સંઘમિત્રા"નું પાત્રાલેખન પણ તેવુંજ અસ્પષ્ટ અને એકપક્ષી છે; કવિનું પ્રિયપાત્ર લગભગ બધા જ ગુણોનો મહાસાગર હોય છે. શ્રદ્ધા, ભક્તિ કે પ્રશંસા ગણો પરંતુ કવિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતિશયોક્તિ તરફ વધુ ઢળી પડે છે. એ દોષ કોઇ પૂર્વાગ્રહ કે સ્વાર્થને લીધે નથી પણ ગુજરાતની—આર્યાવર્તની ભક્તિનું જ એ પરિણામ છે; આથી એ સર્વદા ક્ષમ્ય લેખાયો છે. "બોલણહારા", કે "કોળાવશે" જેવા શબ્દપ્રયોગો વ્યાકરણની દૃષ્ટિએ અશુદ્ધ લાગે છે અને વર્ણમાધૂર્ય પાછળનું અતિલક્ષ્ય અર્થની અવહેલના કરે છે.

આ નાટકના નામાભિધાનના સંબંધમાં તો કવિએ પોતે જ "વિષયસ્ફોટન" માં સ્પષ્ટતા કરી છે. પરંતુ વસ્તુસંકલના જોતાં મને એમાં ખાસ વિવિધતા લાગતી નથી. કે નથી ચમત્કાર લાગતો. નામ કૃતિના અંતસ્તત્ત્વને સૂચક હોવું જોઇએ. એ હેતુ સચવાતો નથી. સ્થળે સ્થળે વિષયાન્તર થાય છે. અને સંબંધોની સાંકળ જોડવા મથતો સામાન્ય વાચક મુઝવણમાં પડી જાય છે.

સાચી અને ચિરંજીવ જીત પ્રેમની છે, શસ્ત્રોની નહીં—એ આદર્શને ક્ષત્રિયકુલદીપક અશોકદેવની કથામાં મૂકી, સ્વાભાવિક માનસ પરિવર્તનની ઝગમગતી દીવડી પેટાવી સ્વ. મહાકવિએ પ્રાચીન ભારતની ભવ્યતાને, બ્રહ્મરથ જેવા મહોત્સવોને, શરદોત્સવોને, પ્રજાના વારસામાં સાચવવા ચિરંજીવ બનાવ્યા છે.

આજ એ મહાકવિ નથી છતાં તેમના સીંચિતજીવને પ્રગટાવેલ અક્ષર દેહનો ઊડતો પરાગ આપણે અનુભવી કૃતાર્થ થઇએ છીએ. શિષ્ટ અને સંસ્કારી સાહિત્યવર્ગ માટે મધૂર, વર્ણમનોહર છતાં ઉપદેશાત્મક, આદર્શઘેરાં આ સર્જન સફળતા પ્રાપ્ત કરે છે. કવિની પ્રેરણાને પયગામ સમાજના ઉપલા થરોમાં પણ સાદ પહોંચાડી દે તો બસ નથી? શું એ પ્રેરણા કેટલાય જીવનોને સાર્થક કરવા પૂરતી નથી?

પણ-હાં, હવે કદાચ તું કંટાળી હઇશ, ફરીવાર અન્યકૃતિ વિષે ચર્ચા કરીશું. જયહિંદ.

તારી પ્રિય સખી
સુનંદાના જયભારતી.

કપિલા લક્ષ્મીકાન્ત વ્યાસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુર્જરીસાહિત્ય કુંજોના રસમાળી રસકોકિલ કવિ નાનાલાલ

ગુર્જરી કાવ્ય-કુંજોનો એ રસમાળી હતો. રસસિદ્ધ કવીશ્વર હતો. ગુજરાતી કાવ્ય-કલા અને રસ-વૈભવની તેણે પ્રતિષ્ઠા કરી, જગત સાહિત્યમાં તેને સ્થાન અપાવવા શિવ સંકલ્પ કરેલો. શબ્દ બ્રહ્મની તેમણે જીવનભર સાધના કરેલી. રસો વૈ સ: ની રૂચાનો Excelsior તેનો મુદ્રાલેખ હતો. વિરાટ તેનો માનીતો શબ્દ હતો. ઘેરા શબ્દના ઘૂઘવાટમાં તેના અંતરની અજબ ઉર્મિઓ ઉછળતી. સોરઠના સાહસિક અને શૌર્યભીના ઇતિહાસનો તે આશક હતો. ઇંગ્લાંડના રાજકવિ ટેનિસન કે મહાકવિ રવીન્દ્રનાથ ટાગોરની લઘુ પ્રતિકૃતિ જેવો તે ગુર્જરીનો લાડકવાયો મહાકવિ હતો.

કવિમાં નરસિંહની વૈષ્ણવતા અને મીરાંની રસમસ્તી હતી. દયારામની કમનીય કોમળતા, લલિતતા અને ચંચળતા હતી. તે ગુર્જરીના સનાતન સાહિત્યના સંદેશ વાહક હતા. લગ્ન-ભાવનાની અમરતાના પ્રકાશનો તેમણે ગુજરાત સમક્ષ શીળો દીવડો પ્રગટાવેલો. તે દીવડીમાં સહસ્ર વાટો મૂકીને તે શમાને વિશેષ પ્રદીપ્ત બનાવેલી. કવિ ખરેખર એક વસંત વૈતાલિક હતા ગુર્જરી નારી, ગુર્જરી ગૃહકુંજ અને ગુર્જરી સનાતન ભાવ તેમની પદાવલી-ઓમાં ધબકતા હતા. તેની લયમંજુલ સૂરાવલીથી ગુજરાતનાં આંબાવાડિયાં ગહેકી ઊઠતાં.

કવિ નાનાલાલથી સાહિત્યમાં એક નવો જ પ્રેમભક્તિ યુગ શરૂ થએલો. યુવાનો ઉપર ભાષા અને ભાવનાની ભભકથી આંજી નાખીને ભુરકી છાંટી. સાહિત્યની કરમાતી વેલને નવપલ્લવિત બનાવી. કવિ નવયૌવનના કવિ અને શબ્દ-બ્રહ્મના ઉપાસક રસેશ્વર તરીકે આગળ આવ્યા. અમીવર્ષણ પ્રફુલ્લ ચંદ્રરાજ તરીકે ગુર્જરી સાહિત્યની ક્ષિતિજ ઉપર તેમનો ઉદય અને ઉત્કર્ષ થએલો. પ્રારંભનાં પચ્ચીશ વર્ષ સુધી તો કવિ નાનાલાલ યૌવનના મુગ્ધ ગાયક જ બની રહ્યા.

કવિએ યુરોપની સંસ્કૃતિનું આકંઠ રસપાન કરેલું; છતાં નવીનતા અને ગૌરવ પ્રદ બીના તો એ હતી કે તેઓ પ્રાચીનતાના પૂજારી રહ્યા હતા. તેમની વાણીમાં હિંદની પ્રાચીન સંસ્કૃતિની વિજયગાથાઓ ગર્જના કરતી. આ પ્રાચીન પૂજાના પરિણામે ગુજરાતી સાહિત્યને એક લાભ એ થયો કે વિસરાઇ જતા ગુજરાતના જૂના ઢાળ, રાગ, પદ, ભજન, ધૂન વગેરે કવિના સ્પર્શે સજીવન બન્યાં. તેનો ઉદ્ધાર થયો. કવિના નાના રાસે ગુજરાતી ધરાને રસવતી બનાવી અને ઉર્મિગીતોનો સાગર ઉછળાવ્યો. લોકહૃદયને સ્પર્શવાની કાવ્યમાં કેવી તાકાત છે તેની પ્રતીતિ કરાવી. રાગ-રાગણીની ફૂટેલી વીણાના તાર ફરી પાછા ઝણઝણી ઉઠ્યા અને કવિએ લોકોને કાવ્યાભિમુખ બનાવી. આજ છેલ્લી અર્ધી સદીમાં જો કોઇ લોક કંઠે ચિરંજીવ બની ગયા હોય, તો તેમાં કવિ નાનાલાલ અગ્રસ્થાને છે.

શ્રી. પ્રાણજીવન જોષી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવાપાંજલિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કવીશ્વર' દલપતરામ ડાહ્યાભાઇ
કવિવર ન્હાનાલાલના પિતાશ્રી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



નવયુગના આપણા કવિસમ્રાટ
કવિ શ્રી ન્હાનાલાલ

કવિ-સમ્રાટના કુલયોગિની
શ્રી. માણેક બ્હેન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિ ગુજરાતના કે ભારતના જ નહિ પણ સારાયે વિશ્વના સર્વશ્રેષ્ઠ કવિઓની હરોળમાં શોભે એવી પ્રતિભા અને આર્ય-દૃષ્ટિ ધરાવતા હતા. એમના અવસાનની સાથે ગુજરા-તનો એક યુગ આથમ્યો છે. જે યુગબળોએ કવિની કવિતા સર્જી એ બળો આજે સંકેલાઈ ગયા છે.

કેટલાયે પ્રસંગે તે કવિ મારા કરતાંય વધારે ખુમારી અને અભિમાનથી ગુજરાતના ગુણો ગાતાં હતાં. કવિએ ગુજરાતના પત્થરપત્થરને, ખુણેખુણો ને અણુએ અણુને ગાઇ નાખ્યો છે.

અને કવિના ઉર્મિ-ગીતો એટલે કાચના પાસા-દાર સુરેખ કટકા. જગતના જુદા જુદા ઉત્તમોત્તમ કવિ-ઓનાં ચુંટાયલા ઉર્મિ-ગીતોમાં કવિનાં ઉર્મિ-ગીતોને મુકવામાં આવે તો આર્યાવર્તનું નામ ઉજાળે એવાં એ ગીતો માટે દરેક ગુજરાતીએ અભિમાન લેવું જોઇએ.

કનૈયાલાલ મુનશી

મહાકવિશ્રી ન્હાનાલાલના દુ:ખદ અવસાનથી ગુજરાતને જે ખોટ પડી છે તે કોઇથી પુરી શકાય તેમ નથી. સાહિત્ય દ્વારા એમણે ગુજરાતની અમૂલ્ય સેવા કરી છે, અનેક નવજુવા-નોને પ્રેરણા આપી છે. એમણે મૂકેલો એ અમૂલ્ય વારસો ભવિષ્યમાં પણ ઘણા કાળ સુધી પ્રેરણાત્મક નીવડશે. ઇશ્વર એમના આત્માને શાંતિ આપો.

(સરદાર) **વલ્લભભાઇ પટેલ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કવિશ્રી ન્હાનાલાલને આપણે મહાકવિ, મહાન કવિ, કવિ શિરોમણિ, કવિ સમ્રાટ, કવિ કુલગુરુ વગેરે મોટાં મોટાં વિશેષણોથી નવાજીએ છીએ પણ કદી પણ કોઇએ વિચાર કર્યો છે ખરો કે શામાં એ વિશેષણોની સાર્થકતા રહેલી છે? એવાં કયાં તત્ત્વો ન્હાનાલાલની કવિતામાં દૃગ્ ગોચર થાય છે કે જેને લઇને આપણે તેને મહાન કહેવા લલચાઇએ છીએ? નિઃસંદિગ્ધપણે મહાન ગણાતા વિશ્વના સર્વોત્તમ કવિઓ વેદવ્યાસ, કાલિદાસ, ટાગોર, ડેન્ટી કે શેકસપીયરની કવિતા લઇ જુઓ. જગત અને જગતની પારના કેટલાયે અપાર્થિવ પ્રશ્નોથી એમનું ચિત્તતંત્ર ઉછળે છે? એમની દૃષ્ટિ કેટલી વિશાળ છે, એમનું જીવનદર્શન કેટલું ઊંડું છે, એમની કલ્પના કેટલી ઉદાત્ત છે, એમની ભાવના કેટલી મનભર છે. એમની ઊર્મિ કેટલી વિવિધ છે. એમનો સૌન્દર્ય પ્રેમ કેટલો ઉત્કટ છે, એમનું માંગલ્ય દર્શન કેટલું નિરામય છે, કલ્યાણનો એમનો મંત્ર કેટલો વ્યાપક છે, એમનું આત્મદર્શન કેટલું ગહન છે–એ સઘળાં તત્ત્વો સમરેખ સ્વરૂપે જોયા પછી જ આપણે ઉપર્યુક્ત કવિઓને મહાકવિ–પદ સમર્પીએ છીએ. મારે સ્પષ્ટપણે અહીં વ્યક્ત કરવું જોઇએ કે કવિશ્રી ન્હાનાલાલના બહુવિધ સર્જનમાં આ સઘળાં તત્ત્વો આજ વર્ષોથી હું નિરખતો આવ્યો છું. એમર્સન કહે છે કે, 'A pact is known by the length and breadth of the vision' બ્રાહ્ય અને બ્રહ્માંડના ભેદો ઉકેલતી, ત્રિકાળના પ્રશ્નો ચર્ચતી, ગેબના ગૂંબજો વળુંભતી, જીવનનાં ગહન તત્ત્વોને આક્રાન્ત કરતી, વિહંગરાજ શી ન્હાનાલાલની કવિદૃષ્ટિની વિશાળતા જોઈએ; લગ્ન, પ્રેમ, દાંપત્ય, આર્યસંસ્કૃતિ, સ્વદેશવાત્સલ્ય, માનવકલ્યાણ ઇત્યાદિ અનેકવિધ પ્રદેશોમાં વિસ્તરતું એમનું દર્શન અને કવન જોઈએ, એમની ઊર્મિની વિવિધતા, ભાવનાની ઉદાત્તતા, ભાષાની મધુરતા અને કાવ્યોપાસનાની અખંડતા જોઇએ તો ખરેખર એમને મહાકવિ પદ અર્પવામાં હું સાર્થક્ય જોઉં છું. અને એમના આજીવન અભ્યાસી તરીકે વ્યક્ત કરવા રજા લઉં છું કે નિઃસંશયે ન્હાનાલાલ અર્વાચીન ગુજરાતીના સર્વોત્તમ મહાન કવિ છે.

આવા મહાન કવિના અવસાનથી ગુજરાતને મોટી ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપો.

પ્રો. રવિશંકર જોષી.

કવિ સમ્રાટની કવિતા પીને ઉછરવાનું મને મળ્યું છે. જ્યારે એમની કવિતા વાંચું છું ત્યારે હૈયું ભરાઇ જાય છે. તેઓ રસસિદ્ધ કવિ હતા. જગતના કવિઓમાં તેમનું સ્થાન છે. તેઓ મંત્રદ્રષ્ટા હતા. તેમણે 'વસંતોત્સવ'માં ગાયું છે કે હું વસંતનો વૈતાલિક છું એ ખરેખર યોગ્ય જ છે.

ઉમાશંકર જોષી.

દેવોને પણ દુર્લભ એવું કાવ્યઅમૃત કવિવર ન્હાનાલાલે પીધું છે અને પાયું છે. એમનાં કાવ્યોમાં વિલાસી વિચારો આવે તેવું કંઇ નથી, પરન્તુ દિવ્ય આનંદ મળે છે.

—પ્રો. દાવર.

કવિએ જે વિષયો લીધા તેને ઉન્નત બનાવ્યા છે. એમનામાં હૃદય, મનન અને ઉદારતા હતાં. ટૂંકમાં કહીએ તો ગુજરાતના સંસ્કાર ગુરૂ અને પ્રેરણાદાતા હતા. સાહિત્ય દ્વારા ધીર જીવનથી અગર સાહિત્ય આપ્યું છે, તેને ઝીલી શોભાવીએ એજ પ્રાર્થના.

અનંતરાય રાવલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જયાજયન્ત'ની કલ્પનાને ધારણ કરનાર ગગનવિહારી આત્માને 'ન્હાનાલાલ' નામથી સંબોધવામાં મોટો દોષ કરવાનો ભય રહે છે. તેને માટે યથાર્થ નામ શોધવું મુશ્કેલ છે : કારણ કે એ આત્મામાં પુરૂષની મરદાનગી તેમજ સ્ત્રીની કોમળતા, ગુપ્તદષ્ટા-(Mystic)નાં મર્મ તેમજ સુધારકનાં અટ્ટહાસ્ય, યોગીનો એકાંત વિહાર તેમજ ગૃહસ્થનું ઉદાર આતિથ્ય-એ સર્વે દ્વન્દ્વોનો સુયોગ-સંયોગ છે. એ વાંસળીનો ધ્વનિ અનોખો છે, એની કલ્પના સૃષ્ટિ પર ટીકા-ટીપ્પણી કરી એના આત્માને બેડોળ બનાવવાનું સાહસ મારાથી દૂર હો!

—વા. મો. શાહ.

જેમ સંસ્કૃતિ અને તત્વચિંતનમાં આનંદશંકરભાઈના જવાથી મોઘ તૂટ્યો તેમ કવિવર નાનાલાલના જવાથી ગુજરાતનો રસમોઘ તૂટ્યો છે. ગીતો અને ગરબીઓદ્વારા જેણે ગુજરાતને નવા સંસ્કારો આપ્યા તે અમી વર્ષાવતો ગુજરાતનો રસરાજ ચાલ્યો ગયો છે. વાણીનો પ્રભુ, વિચારનો અને અર્થનો પણ પ્રભુ હતો. ગુજરાત અને ભારતની સંસ્કૃતિને બીરૂદાવનાર એ નાનાલાલ હતા.

મો. ઝાલા.

"ગેબની ગુફામાંથી યોગીન્દ્ર કો ગાય, આંગણે આંગણે એના વસન્ત મંત્ર વેરાય, એ વસન્ત મંત્રો ઝીલી ઝીલી વેદગાન સમાં નવ વસન્ત ગીત ઘરઘરમાંથી ગાજી ઉઠે; એમ મહા પ્રજાસંઘને નવ વસન્ત ગીતો ગવરાવે, પ્રોત્સાહન પાય, પ્રેરણા ઝીલાવે, रसो वै सः નાં ગંગા જળમાં હેલિયાં ખવરાવે. એ કવિ અને કવિનો વસન્ત ધર્મ."

એ ઉક્તિનો આદર્શ જીવનભર સેવી ગુજરાતી સાહિત્યમાં અમૂલ્ય ઉમેરો કરનાર ગુજરાતના સર્વશ્રેષ્ઠ કવિશ્રી ન્હાનાલાલના સ્વર્ગવાસથી ગુજરાતને ભારે ખોટ પડી છે.

વૈજ્ઞાનિક જડવાદના આ યુગમાં પુર્વ પશ્ચિમની સંસ્કૃતિઓનાં તારતમ્ય નિચોવી ઉત્કૃષ્ટકક્ષાનું તત્ત્વજ્ઞાન કવિશ્રીએ ગુજરાતને રસભીનું કરી આપ્યું છે, કલ્પનાનાં ભવ્ય ભ્રમણો કરી ગુજરાતી કવિતાને ગૌરવયુક્ત બનાવી છે; ઉદાત્ત ભાવનાના પ્રવાહો રેલાવી અનેક હૃદયોદ્યાનોને નવપલ્લવિત કર્યાં છે; આર્યદૃષ્ટિ, શીલપ્રેરિત ઉલ્લાસ અને અખંડ આશા તેમણે મનોહર રીતે ગુજરાતી સાહિત્યમાં વણ્યા છે અને અગમ્ય ગૂઢ કલાતત્ત્વોનો પણ ગુજરાતને વારસો આપ્યો છે. કવિતામાં નવાં રહસ્યો આપતાં કવિશ્રીનો ઉન્નત આત્મા વસ્તુનાં હાર્દનું સ્પષ્ટ નિરીક્ષણ કરાવતા વાચકવૃંદને વધારેને વધારે ઊંચે ભ્રમણ કરાવે છે; પ્રભુની પુણ્યપાળ બાંધ્યા રસસાગરમાં પારિજાતકના સૌરભભર્યા નાવમાં બેસારી પરબ્રહ્મના સાક્ષાત્કાર કરાવે છે; ગિરિમાળાના ઉલ્લોલ પ્રકૃતિના ઉત્સાહ પ્રેરક વાતાવરણમાં યુગયુગાન્તર-મન્વન્તરનાં દર્શન કરાવે છે. પુષ્પ પરીમલ શી ભક્તિ, વિપુલ જ્ઞાન ભંડાર, રસવૈભવ, મનોહર વાંસળી શા કાવ્યસૂરો-એ સહુ શક્તિઓના સુંદર રસિક સમન્વય ઉપરાંત પોતાની અદ્ભુત સર્જક શક્તિથી ગુજરાતી ભાષાના સર્વશ્રેષ્ટ કવિ તરીકે સ્થાન મેળવી શકયા છે. એવી પ્રતિભાસંપન્ન ગુજરાતી સાહિત્યની એક મહાવિભુતીનો દેહ નાશ પામ્યો છે. વધુ જીવ્યા હોત તો હજુ ઘણુંએ ગુજરાતને આપત. પરંતુ શ્રીહરિને તે ન રૂચ્યું, કવિશ્રીએ મહાગુજરાતને ચરણે જે ધર્યું છે તે ગુજરાતનો અમૂલો વારસો છે. એમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે ગુજરાતી બોલનારા સાચી પ્રેરણા ઝીલીએ તેવી શક્તિ મેળવવા અને સદ્‌ગતના પવિત્ર આત્માને પરમ કૃપાળુ પરમેશ્વર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ.

પ્રો. ધામેલીયા.

જેની ભાષામાં શબ્દવૈભવ ભર્યો છે, કાવ્યમાં કલ્પનાનાં ઉડ્ડયન અને ભાવની કુમાશ છે, વ્યાખ્યાનોમાં પ્રસંગો, સ્થળો અને વ્યક્તિઓ વિષે ચોકસાઇપૂર્વકની વિગતો જડેલી છે. અપદ્યાગદ્યની અપૂર્વ શૈલીમાં ખંડ છે અને ગેય કાવ્યોમાંથી અદ્‌ભુત માધુર્ય ઝરે છે : ઉર્ધ્વગામી ભાવ અને ભાવનાનું જ જેણે સાહિત્યકૃતિઓમાં આલેખન કર્યું છે, અને જીવનમાં જેણે મુશ્કેલીઓ સહન કર્યા છતાં વીરની માફક ટેક સાચવ્યો છે તે મહાકવિ નાનાલાલ પવિત્ર અને ઉન્નત જીવન જીવીને જગતને જીતી ગયા છે. એમના પૂણ્ય આત્માને આપણાં અસંખ્ય વંદન હો !

રામચંદ્ર શુકલ.

આપણી આર્ય સંસ્કૃતિનો સંદેશો લઇને અવતરેલા એ બ્રહ્મર્ષિ હતા.

મોહિનીચંદ્ર.

સદ્‌ગત કવિશ્રી ન્હાનાલાલે યુનિવર્સિટીની ઉંચી કેળવણી લઈ, કવિતાદેવીની અખંડ ઉપાસનામાં સમગ્ર જીવન ગાળી ગુજરાતી સાહિત્યને કવિતા, નાટક અને ગદ્યની જે સુંદર કૃતિઓ આપી છે તે ગુજરાતને મળેલો તેમના સાહિત્યોપાસક જીવનનો અનુપમ વારસો છે. કવિ દલપતરામે ગુજરાતી કવિતાનો જે પ્રવાહ વહેવડાવ્યો હતો તેમાં કવિશ્રી ન્હાનાલાલે પ્રચંડ પૂર વહાવી ને પિતાના કીર્તિશિખર ઉપર કળશ ચડાવ્યો છે. તેમની સાહિત્યકૃતિઓની અસર સમગ્ર ગુજરાતની ભાવનાશીલતા અને જીવનની પવિત્રતાને જગાડનારી હોઇ તેમનું સાહિત્ય લગભગ સર્વ વર્ગના ગુજરાતીઓને પ્રિય થયું છે. તેમના અવસાનથી ગુજરાતે અખંડ સાહિત્યોપાસક અને અડગ આર્યસંસ્કાર સંરક્ષક ગુમાવ્યો છે.

ગુજરાત સાહિત્ય સભા—અમદાવાદ.

નાનાલાલે આદર્શ આપ્યા. તેમણે પ્રજાને ઉંચે લાવે એવું સાહિત્ય આપ્યું. એમણે કવિતા માટે સાધના આદરી હતી.

હાલમાં જીવિત કવિઓમાં ન્હાનાલાલ ગુજરાતમાંજ નહિ પણ હિંદુસ્તાનમાં પણ ખોળ્યા નહિ મળે.

ભરૂચ ગુજરાતી સાહિત્ય સભા.

નરસિંહ, મીરાં, દયારામ અને પ્રેમાનંદની જોડમાં બેસી શકે એવા અને અત્યારના કવિઓમાં તો ઉન્નત સ્થાને શોભી શકે એવા શ્રી. નાનાલાલ હતા.

*

તેમના સાહિત્યમાં હંમેશાં મનુષ્યનું ઉર્ધ્વગમન થાય એવાજ ભાવો—પ્રસંગો આવતા, માણુસ કુપથે ચડી જાય, માણુસની અધોગતિ થાય, એવું સાહિત્ય તેમણે સરજ્યું નથી.

(પત્ર) **'ગુજરાતી.'**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમકાલીનો તેમજ પુરોગામીઓને પ્રમાણ, પ્રકાર અને ઇયત્તામાં ક્યાંય વટી જનારી, એમની વ્યોમવિહારિણી કવિતાએ જે કામણ કરેલાં તેની તો વાત જ ન્યારી છે. હજી તો એવો કવિ થવો રહ્યો છે.

*

સમર્થ કવિની પ્રતિભા એકદેશી નથી હોતી એની પ્રતીતિ પણ નાનાલાલે કરાવી છે. આજ સુધીના ગુજરાતના અસંદિગ્ધપણે સર્વશ્રેષ્ઠ કવિ એ જ રહ્યા છે.

*

રસસિદ્ધ કવિની એ યશઃકાયને જરામરણનો ભય છે જ નહિ. પોતાની કૃતિઓદ્વારા કવિ આપણી વચ્ચે જીવ્યા જ કરશે.

(પત્ર) **'પ્રજાબંધુ.'**

ગુજરાત એમના મૃત્યુ પ્રસંગે આંસુ સારે, મહાપુરૂષથીએ અદકો એવો 'મહાકવિ' ગુમાવ્યો એમ કહે તો એમાં જરાયે અજુગતું નથી; એવી ગહન કવિ ન્હાનાલાલની ગુર્જરીની ઉપાસના છે અને એવી વિરાટ એમની કવિપ્રતિભા છે.

કવિ ન્હાનાલાલ માત્ર ગુજરાતના કવિ રહ્યા અને 'વિશ્વકવિ' ન બન્યા એ દોષ એમનો નથી; પણ ગુજરાતી ભાષાનો છે; અને ગણાવો જોઇએ. એમની કવિ–પ્રતિભાનું આંતરિક સામર્થ્ય તો ટાગોર, શેકસપીયર કે મિલ્ટન, હોમર, ડેન્ટી કે ગોઇથે–થી જરાયે ઉતરતું નથી. ન્હાનાલાલની કલ્પનાનું બળ અને ચિન્તનની સમૃદ્ધિ હરકોઇ મહાકવિને છાજે તેટલી વિપુલ અને સત્વશીલ છેજ.

(પત્ર) **'સંદેશ.'**

કવિશિરોમણિ શ્રી. ન્હાનાલાલ

મહાકવિએ પ્રજા સંસ્કૃતિનું વિરલ ફૂલ છે; અને એવું એક શ્રેષ્ઠ કવિફૂલ માભોમ ગુજરાતને ખોળેથી આજ ખરી પડયું છે, એથી આખું ગુજરાત શોકમાં છે.

નરસિંહ પછી પ્રેમભક્તિના બીજા અગ્રકવિ ન્હાનાલાલ છે.

ગુજરાત હશે અને ગુર્જરી ભાષા હશે ત્યાંસુધી આ ગુર્જરનો પુત્ર પણ યશઃ કાયે અમર છે.

*

ઊર્મિ–આત્મલક્ષી–કાવ્યનો આવડો મોટો પ્રચંડ પ્રવાહ ભાગ્યે જ ગુજરાતે કયારેય જોયો હોય. કદાચ આ એકજ બાબતમાં ન્હાનાલાલ જગતના સર્વશ્રેષ્ઠ કવિઓની હારમાં સમાનતાના દાવાથી બેસી શકે તેમ છે.

(પત્ર) **'ગુજરાત સમાચાર.'**

'ગુજરાતના ટાગોર'
કવિવર નાનાલાલ

આજ તો સૂર્ય આથમ્યો છે. આથમેલા સૂર્યના પ્રકાશના ઓળામાં ગુજરાતની સાહિત્યરસિક જનતા, કવિશિરોમણીના કાવ્યસાગરમાં ડૂબકીઓ દેશે જ એ નિઃસંશય છે.

(પત્ર) **'પ્રભાત.'**

કવિસમ્રાટને અંજલિ

ગુજરાતના સ્વર્ગસ્થ સાહિત્યસ્રષ્ટાઓમાં ત્રણ નામ મુખ્ય છે : પ્રેમાનંદ, ન્હાનાલાલ અને ગોવર્ધનરામ અને કવિ તરીકે ન્હાના-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાલ જ ગુજરાતના મહાકવિ કે કવિસમ્રાટના પ્રથમ સ્થાનના અધિકારી છે.

*

શારદોપાસનાના એક માત્ર કવિધર્મમાં એમણે જીવનની પ્રવૃત્તિ કેન્દ્રિત કરી હતી; તેમની સાહિત્યસમૃદ્ધિ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં અપૂર્વ અને અનન્ય જેવા વિશેષણોની અધિકારી છે.

(પત્ર) **'ફૂલછાબ.'**

અર્વાચીન ભારતના મહાન કવિ

કવિવરના જવાથી ગુજરાતની સંસ્કારવૃદ્ધિને મોટી ખોટ પડી છે એમાં સંદેહ નથી. તેમની વાણી વડે ગુજરાતી ભાષાનું લાવણ્ય, લાલિત્ય અને ઓજસ વધ્યાં છે અને ગુજરાતી સાહિત્યે ઊર્મિ, કલ્પના, ભાવના અને કલાના અનેક પ્રાન્ત સર કર્યા છે. જગત સમક્ષ પ્રેમાનંદ અને ગોવર્ધનરામની જેમ કવિવર ન્હાનાલાલને મૂકી આપણે ગૌરવ અનુભવી શકીએ એવી એ મહાન કવિની ઉન્નત અને ભવ્ય સાહિત્યસૃષ્ટિ છે.

*

અર્વાચીન ગુજરાતના મહાન વિધાયક અને ગુજરાતી સાહિત્યના ટાગોર સમા એ મહાકવિની વસમી અને આખરી વિદાયથી ગુજરાતી સાહિત્ય પાંગળું અને ગુજરાતી જગત દરિદ્ર બન્યું છે.

(પત્ર) **'પ્રતાપ.'**

ગુજરાતના કવિશ્રેષ્ઠ.

ગુજરાતના આ કવિ કુલમણિના જવાથી આપણા સાહિત્યને ભારે ખોટ પડી છે. કવિની હયાતીમાં તો નથી થયું, પરંતુ એક સમય કદાચ એવો આવશે કે કવિશ્રી ન્હાનાલાલનાં કાવ્યો આંતર્ રાષ્ટ્રીય કીર્તિ પ્રાપ્ત કરશે, અને એમનાં સ્મરણો નોંધાશે.

(પત્ર) **'ભાવનગર સમાચાર.'**

न्हानालाल गुजरात के बडे मर्मी कवि थे। उनकी कृति समस्त भारत का गौरव है।

(पत्र) 'हिन्दुस्तान.'

આત્માના ઉંડાણમાંથી સદંતર વહેતા આનંદના સલિલનું પાન કરી વર્ષોસુધી કવિશ્રીએ પોતાની કૃતિઓ દ્વારા ગુજરાતની જનતાની આધ્યાત્મિક તૃષા છીપાવી છે. એમની પ્રેરણાના જુવાળ કદિયે છીછરા ન હતા. એમનુ કલ્પનાફલક જરાય સંકિર્ણ ન હતું. એમનું જીવન એમની કલા કરતાં કંઇ કેટલાય ગણું ઉંચું હતું.

(માસિક) **'બકુલ.'**

કવિ તરીકે એમના જેટલી લોકપ્રિયતા ગુજરાતના બીજા કોઇ આર્વાચીન કવિએ મેળવી નથી.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિનું હૃદય સંપૂર્ણરીતે આધ્યાત્મિક હતું એટલે એમણે સર્જેલી સર્વ કૃતિઓ જીવનના ભવ્ય આદર્શો રજુ કરતી ઉન્નત માર્ગદર્શી અને ધર્મના સાચા વિશાળ ઉદાર સ્વરૂપનું પ્રતિપાદન કરનારી બની છે.

(પત્ર) **'જ્યોતિર્ધર.'**

અર્વાચીન ગુજરાતના મહાન વિધાયક અને ગુજરાતી સાહિત્યના ટાગોર સમા એ મહાકવિની વસમી અને આખરી વિદાયથી સાહિત્ય પાંગળું અને ગુજરાતી જગત દરિદ્ર બન્યું છે.

(પત્ર) **'ખેડા વર્તમાન.'**

બંગાળમાં જે સ્થાન રવિબાબુનું છે તે સ્થાન કવિ નાનાલાલનું ગુજરાતમાં હતું–હોવું જોઇતું હતું, પણ ગુજરાત પોતાના ગુણીજનોની કદર કરવામાં હંમેશાં પાછળ રહે છે. કવિમાં અદ્વિતીય પ્રતિભા હતી, ભાવનાશીલતા હતી, તેમનું પોતાનું તત્વજ્ઞાન પણ હતું, અને રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રાભિમાન તો તેમની નસેનસમાં વ્યાપેલું હતું.

(પત્ર) **'રાજહંસ.'**

જેની લીંટી લીંટીએ અમૃત ઝરે છે, જેના પદે પદે આર્યસંસ્કાર ને સંસ્કૃતિની ઝલક છે. જેનાં પાત્રો આર્યસંસ્કાર અને વિચારનાં મૂર્ત રૂપ છે, જેના ગ્રંથો અમર કાવ્ય રૂપે સદાયે વંચાશે, તે નાનાલાલવિહોણું ગૂજરાત આજે નિર્ધન બન્યું છે, નીરસ બન્યું છે.

(પત્ર) **'આર્ય સંદેશ.'**

પરબ્રહ્મના યાત્રાળુને

અનન્ય પરબ્રહ્મના અમરપંથી યાત્રાળુ હે !
અભદ્ર ગણી તેં ભલે વિરૂપ આ ભૂમિ પાર્થિવી;
વરેણ્ય પ્રિય ભર્ગમાં વિશદ રશ્મિ રૂપે વસી,
ઉગી જગતનંદિની વિમળ જ્યોત કલ્યાણી એ,
હિરણ્યરસ કુંકુમી અરૂણની દ્યુતિ પલ્લવ્યો,
સુખે વિહરજે હવે, સુમનસી સુધામૂર્તિ શો !
પરાત્પર શુચિ સખા ! પ્રણયની પ્રભા પાવના !
તને ન પીડશે હવે વિકટ વહ્નિઓ વિશ્વના;

સદાશિવ, સુમંગલા, સ્મિતમુખી, સુધાસોહિની,
કુમારી કમલાસની પુનિત પૂજ્ય પાદામ્બુજે,
સુખે સુહવજે હવે, અમર શબ્દ બ્રહ્માર્ચના !
અમૂર્તરૂપ મૂર્તએ, અમરમૂર્તિ ઓજસ્વિની !
વિરાટ વરવર્ચસી વરદ વિષ્ણુ પાદે તને,
અનંત શશી શારદી પરમ શાંતિ હોજો સદા !

(શેલત વાસુદેવ રામચંદ્ર.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ. નાનાલાલની કવિતાનો રસછલકતો સુધાકુંભ ગુજરાતનો અજરઅમર વારસો છે

યૌવનના આરંભથી તે જીવનના અંતસુધી સરસ્વતીની અખંડ ઉપાસના કરનાર એ પ્રતિભાવંત ગુર્જર સંસ્કૃતિવીર ગુજરાતીભાષા જીવશે ત્યાંસુધી જીવ્યા કરશે એવી અને એટલી એમની સાહિત્ય-સેવા છે. સાહિત્યસર્જનના અવિરત પુરૂષાર્થથી સભર ભરેલા કવિ નાનાલાલના જીવનનો અંત મૃત્યુએ આણ્યો છે, પણ એમણે સર્જેલા સાહિત્ય આગળ મૃત્યુ હંમેશા પરાજિત બનશે એ ચોક્કસ છે.

કવિ નાનાલાલ અનેક દૃષ્ટિએ ગુજરાતી સાહિત્યના એક અપ્રતિમ જ્યોતિર્ધર છે. એમના જેવો કવિ આધુનિક ગુજરાતમાં બીજો કોઈ નથી; અને ગુજરાતીભાષાના સર્વકાલીન કવિઓ લઈએ તોપણ કવિ નાનાલાલ ગુજરાતના નરસિંહ, મીરાં અને પ્રેમાનંદ જેવા સર્વ કવિઓની હરોળમાં બેસી શકે એમ છે. કાવ્યનો આત્મા રસ છે; અને રસની દૃષ્ટિએ કવિ નાનાલાલની કૃતિઓ ઉત્તમોત્તમ છે નાટકો ને વાર્તાઓ, ગીતો અને કાવ્યો, વ્યાખ્યાનો ને વિવેચનોમાં ગુજરાતના એ રસર્ષિએ શુદ્ધ રસનેજ રેલાવ્યો છે.

કપરા અને હતાશ કરે એવા સંજોગોમાં પણ ગુજરાતી સાહિત્યના બાગમાં નિરંતર અવનવા, અને અદ્‌ભુત સર્જન–છોડ પ્રગટાવનાર કવિ નાનાલાલના જીગરની ઝીંદાદિલી પણ અજબ હતી. ગુજરાતે એમને માથે પ્રશંસાનાં પુષ્પોની ઝડીઓ વરસાવી ત્યારે પણ એ લખતા હતા અને ગુજરાતે એમની ઉપેક્ષા કરી ત્યારે પણ એ એટલીજ સરસતાથી સાહિત્યસર્જન કરતા રહ્યા. અવિરત ધોધની જેમ એમનું સાહિત્યસર્જન સદૈવ વહેતું જ રહ્યું હતું. આંતરબાહ્ય, કોઈ અવરોધો એને અટકાવી શકયા નહિ, કોઈ તાપો એને શોષી શકયા નહિ. સાહિત્યના ક્ષેત્રે કવિએ જે એકનિષ્ઠા, પુરૂષાર્થ, ટેક અને વીરતા બતાવ્યાં છે તે વંદનીય છે, પ્રેરક છે.

ગુજરાત અને ભારતના ઇતિહાસ તથા સંસ્કૃતિનો કવિનો પ્રેમ તથા અભ્યાસ ઊંડાં હતાં. ગુજરાત અને ભારતની સંસ્કૃતિનાં ઉત્તમ તત્ત્વોના રસાયણનું એમણે પાન કર્યું હતું અને એમનો સંસ્કારદેહ એનાથી ઘડાયો હતો. ગુજરાત અને ભારતની સંસ્કૃતિનાં ઉત્તમોત્તમ તત્વો, રહસ્યો, અને સત્યો એમના સમસ્ત સર્જનમાં, દૂધમાં જેમ માખણ રહે છે એમ. રહેલાં છે. ઉચ્ચ આદર્શો અને ભાવનાઓ માટેની એમની પ્રીતિ સ્થૂલતાના ગર્તમાંથી સૂક્ષ્મતાના અંબર તરફ ઉડવાની એમની તાલાવેલી, "સત્યમ્ શિવમ્, સુન્દરમ્."ની એમની પૂજા–એ ભારતીય સંસ્કૃતિનાં અને સાહિત્યનાં ઉત્તમોત્તમ તત્વો છે અને રહેશે.

કવિ આજે આપણી વચ્ચે નથી પણ એમની કવિતાનો રસછલકતોસુધાકુંભ ગુર્જરીનાં સંતાનોને પ્રાણ પ્રેરણા પાતો હંમેશાં આપણી વચ્ચે રહેશે. કવિની સાહિત્યભક્તિ, સંસ્કારપ્રીતિ અને સર્જન શકિતને અમે વંદના કરીએ છીએ. નિજની કવિતા દ્વારા એ અમર છે અને રહેશે.

નાના મોટા કવિતા કરનારાઓ તો સમકાલીન ગુજરાતમાં અનેક છે, પણ સમકાલીન ગુજરાતની કવિતા જેને લઇને સૌભાગ્યવતી હતી એવા કવિ તો એ એકજ હતા.

(પત્ર) 'જન્મભૂમિ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિવર ન્હાનાલાલના જીવન પ્રસંગો

ઇ. સ.

૧૮૭૭–૧૬ મી માર્ચ (ચૈત્ર શુદી ૧) જન્મ, અમદાવાદ.

૧૮૮૨ લોધીકા (રાજકોટ) શાળામાં અભ્યાસ.

૧૮૮૩ વેવિશાળ—શ્રી. માણેકબાની ઉમર ત્યારે ત્રણ વર્ષ.

૧૮૮૭ ઉપનયન સંસ્કાર વિધિ. ઘેરથી નાસીને વડતાલ.

૧૮૮૮ ભાદરવા વદી ૧૪ કવિશ્રીના માતુશ્રી રેવાબાઇનો સ્વર્ગવાસ.

૧૮૮૯ સાવરકુંડલામાં અભ્યાસ. ઘેરથી નાસેલા.

૧૮૯૦ વૈશાખ શુદી ૫ શ્રી. માણેકબા સાથે લગ્ન.

૧૮૯૨ ભણવામાં ઠોઠ પણ કવિતા સ્ફૂરી—"શારદ તમિસ્રા ને કવિતા જન્મતું વર્ષ." એક વર્ષમાં ચાર શાળા બદલી–ઘેરથી નાસેલા–અમદાવાદ, દાજીરાજ હાઇસ્કૂલ, વઢવાણ, અજમેર કોલેજ અને પાછા અમદાવાદ. પહેલું કાવ્ય મિત્રને આશ્વાસન "અજમેર પાસે તારાગઢની છાયામાં ફૂટેલી કાવ્ય ગંગોત્રી."

૧૮૯૩ મોરબી હાઇસ્કૂલમાં શ્રી. કાશીરામ દવે ગુરુ. સારાં પુસ્તકોનું વાચન. "૧૮૯૩ નો મોરબીવાસ જીવનપલટાનો સંવત્સર, દ્વિજને નવજન્મ અવસરનો યોગ, નવસાહિત્યનાં ચક્ષુ અને ઇતિહાસ અધ્યયન." વર્ષ આખરે મેટ્રિક પાસ.

૧૮૯૪ એલ્ફીન્સ્ટન્ટ કોલેજ, મુંબઇમાં પ્રીવીઅસ નાપાસ. "ક્રિકેટ એકાદશાવલિમાં દસ પારસી ખેલાડી માત્ર એકજ હિન્દુ એ આ ગુજરાતી (ન્હાનાલાલ)." પ્રેમભક્તિ તખલ્લુસની પ્રેરણા.

૧૮૯૫ પ્રીવીઅસ પાસ.

૧૮૯૬ ગુજરાત કોલેજ, અમદાવાદમાં ઇન્ટર આર્ટસ પાસ–બીજી ભાષા પર્શીઅન હતી. "ગુજરાત કોલેજમાં મારે દિશા નિર્ણય થયો....સાહિત્યનો અને જીવનનો."

૧૮૯૭ બી. એ. ફીલોસોફી વિષય. 'જ્ઞાનસુધા' પત્રમાં "શ્વેતાંબરી સંન્યાસિની" નામનું કાવ્ય પ્રેમભક્તિ તખલ્લુસથી છપાયું.

૧૮૯૮ ડોલનશૈલીનો અવતાર. પૂના દખ્ખણ કોલેજમાં 'વસન્તોત્સવ' લખાયું. કવિશ્રીના પિતાશ્રી કવીશ્વર દલપતરામનો માર્ચ મહીનાની ૨૫ મી તારીખે સ્વર્ગવાસ.

૧૮૯૯ બી. એ. પાસ.

૧૯૦૧ એમ. એ. પાસ–ઈતિહાસ વિષય. એલ. એલ. બી. નું પણ વાંચતા.

૧૯૦૨ સાદરા સ્કોટ કોલેજમાં મુખ્ય અધિષ્ઠાતા તરીકે નોકરીમાં જોડાયા.

૧૯૦૪ જુલાઇ માસમાં રાજકુમાર કોલેજ, રાજકોટમાં અધ્યાપક તરીકે જોડાયા.

૧૯૦૯ સીલોનનો પ્રવાસ.

૧૯૧૩ એલ. એલ. બી. ની પરીક્ષાઓ આપી પહેલી એલ. એલ. બી. માં નાપાસ અને બીજી એલ. એલ. બી. માં પાસ.

૧૯૧૩ રાજકોટ સ્ટેટમાં સરન્યાયાધીશ અને નાયબ દિવાન તરીકે.

૧૯૧૪ કાશ્મીરનો પ્રવાસ.

૧૯૧૬ રાજકુમાર કોલેજમાં ફરીથી અધ્યાપક.

૧૯૧૭ વડોદરામાં ચંદ્ર જયંતિના પ્રમુખ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૧૮ કાઠીઆવાડમાં કેળવણીખાતાના ઉપરી તરીકે. કાઠીઆવાડ સેવા સમાજની સ્થાપના અને તેના પહેલા પ્રમુખ. કવિવર રવીન્દ્રનાથ ટાગોરને આમંત્રણ અને તેની સાથે કાઠીઆવાડનો પ્રવાસ.

૧૯૧૯ ઢસા (ગોપાળ ગ્રામ) માં કાઠીઆવાડ અંત્યજ પરિષદના પ્રમુખ.

૧૯૨૦ પાલીતાણામાં જૈન સાહિત્ય પરિષદના પ્રમુખ.

૧૯૨૧ રાષ્ટ્રીય અસહકાર પ્રવૃત્તિ સામે સરકારી દમનનીતિના વિરોધ તરીકે નોકરીમાંથી રાજીનામું.

૧૯૨૨ મુંબઇ સરકારે કવિશ્રીને પકડવા વોરંટ કાઢેલું, પરંતુ તેમની કવિ તરીકેની ગૌરવપૂર્ણ પ્રતિષ્ઠાને લીધે અમદાવાદના કલેકટર શ્રી. ચેટફીલ્ડની ભલામણથી મુંબઇ સરકારે તે વોરંટ પાછું ખેંચ્યું. સુરત નગીનચંદ હોલમાં કવિશ્રીના હસ્તે નર્મદ ચિત્રમૂર્તિનું ઉદ્ઘાટન.

૧૯૨૩ વડોદરામાં પ્રેમાનંદ જયંતિ.

૧૯૨૪ વસંતપંચમી ગુજરાત કળા પ્રદર્શનનું ઉદ્ઘાટન. ૧૦ મી ઓગસ્ટ મુંબઇ રાષ્ટ્રીય શાળામાં નવલરામ જયંતિ. દશેરા અમદાવાદમાં ગોવર્ધનરામ જયંતિ.

૧૯૨૫ અમદાવાદમાં દયારામ જયંતિ. ૨૪ મી મે પંચમહાલ રેવાકાંઠા સાહિત્યસભાની સ્થાપના.

૧૯૨૬ મુંબઈમાં વિભાકર જયંતિ અને સાહિત્ય અંગે અનેક ભાષણો. ભરૂચમાં શરદોત્સવ.

૧૯૨૭ માથેરાન અને મુંબઈમાં ભાષણો. જન્મ સુવર્ણ મહોત્સવ—મુંબઈ, અમદાવાદ, નડિયાદ, વડોદરા, સુરત, ડાકોર વગેરે સ્થળોએ.

૧૯૨૯ કરાંચીમાં સાહિત્ય કળા મહોત્સવ.

૧૯૩૦ કવિશ્રીના પુત્રી વિનતાબાનો સ્વર્ગવાસ. જામસાહેબ રણજીતસિંહજીએ નોકરી માટે બોલાવ્યા. સાહિત્યોપાસના ખાતર નોકરી ન સ્વીકારી.

૧૯૩૧ સિદ્ધપુર કૃષ્ણ જીવનનું જાહેર પ્રવચન.

૧૯૩૨ નવસારીમાં ભાષણ.

૧૯૩૩ મુંબઇમાં ‘ વસન્તોત્સવ ’ ઉજવણી. ‘જયા-જયાન્ત’ નો નાટ્ય પ્રયોગ.

૧૯૩૪ શ્રી. કેશવ હ. ધ્રુવના અમદાવાદ કોલેજ વિદાય સમારંભમાં પ્રમુખ.

૧૯૩૫ મે માસમાં મોરબી શંકરાશ્રમમાં ઉત્સવ. ડીસેમ્બરમાં હૃદયરોગનો હુમલો.

૧૯૩૭ જન્મ હિરક મહોત્સવ—મુંબઇ, સુરત, ચાંદોદ, માંડવા, ગોધરા, નવસારી, સોનગઢ, પાલીતાણા, અમદાવાદ વગેરે સ્થળોએ. વલસાડમાં શરદોત્સવના પ્રમુખ. વડોદરા આર્યકન્યા મહાવિદ્યાલયના દિક્ષાન્ત સમારંભના પ્રમુખ.

૧૯૪૨ દલપતવંશની ૧૧૧ વર્ષની સાહિત્યોપાસનાની ઉજવણી અમદાવાદમાં.

૧૯૪૫ અમદાવાદની ગુજરાત કોલેજમાં કવિશ્રીનું તૈલચિત્ર મુકાયું. એ તૈલચિત્ર સ્વ. વાંસદા મહારાજા સાહેબ ઈંદ્રસિંહજીએ કોલેજને ભેટ કર્યું અને પોરબંદરના મહારાણા સાહેબ શ્રી. નટવરસિંહજીએ તે ખુલ્લું મૂક્યું. ડીસેંબરમાં સમસ્ત ચોરાશી બ્રાહ્મણ જ્ઞાતિ તરફથી માનપત્ર અમદાવાદમાં.

૧૯૪૬ નવમી જાન્યુઆરી પોષ શુદી ૭ બુધવાર રાત્રે ૧૧-૩૫ સમયે સ્વર્ગવાસ.

કવિશ્રીનાં કાવ્યો કે પુસ્તકોનાં લખાણ સંબંધી તેમનાં છપાએલ અને છપાતાં પુસ્તકોમાં સાલવારી નોંધ મળી શકે છે એટલે તેની વિગત ઉપલી નોંધમાં લેવાએલ નથી. ઉપરાંત કેટલાંક માનપત્ર—મેળાવડા અને ભાષણોની પૂરી યાદી મળી શકી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિ પત્રક

પાનું	કોલમ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩	૨	૧૮	અહિયાં	અહીંયાં
૫		૨૪	કુંજમાં	કૂજયાં
૧૫		૨૨	મળયો	મળ્યો
	૧	૨૦	ગુજર્જર	ગુર્જર
૨૧	૨	૬	ધન્યો,સિ	ધન્યોડસિ
૨૨	૧	૨૫	વાંગમયે	વાઙમયે
	૨	૩	પ્રગલ્મા	પ્રગલ્ભા
૨૪		૧	અંજલી	અંજલિ
૩૫		૧૦	રસકી હતા.	રસજ્ઞ હતા,
૩૬		૨	અને ભગવદ્ ગીતા	અને તે વખતે ભગવદ્ ગીતા
		૯	ઉતરતો	ઊતરતો
		૧૦	ઉપજી	ઊપજી
		૧૬	થએલી	થયેલી
		૨૨	કવિએ	કવિને
		૩૧	पथ जुषाम्	पथजुषाम्
		૩૨	पयसा मर्णव रुव	पयसामर्णव इव
		૩૪	પ્રાસાદમય છેતેવીજ ગુજરાતીમાં.	પ્રાસાદમય ગુજરાતીમાં
૩૭		૪	લૉન્કિ	લૉન્જિ
		૧૦	ત્યારે	તો
		૧૦	ઉત્સાહને	ઉત્સાહ ને
		૨૬	થયા	થવા
		૨૯	કાવ્યોમાં	કાવ્યમાં
		૩૧	રસ જ આવતો.	રસ ન આવતો,
૩૮		૭	ઉંઘવાની	ઊંઘવાની
		૨૫	પાડી તે	પાડીને
૩૯		૧૦	એક	અનેક
		૧૧.	का न	न
		૧૮	આવા	આખા
		૨૩	વચનું	પાત્રનું
૪૦		૮	કવિ વર્ગની	કવિવર્ગની
૪૮		૧૯	ચાચુતર	ચારુતર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪૯	૨૯	દ્રોચનિયાં	લોચનિયાં
૫૦	૨૭	હાલ ધન	રાસધન
૫૬	૧	અંકર	અંતર
૬૯	૪	મળવા મને	મળવા શ્રી. રમણલાલે મને
	૨૯	કરી મને	કરી પાછળથી મને
૭૦	૨૩	આ લેખનારાઓ	આલેખનારાઓ
૭૧	૩	નાભૂનિ	નજુમી
	૯	નેરિયો સંગધવળ	નેરિયોસંગ ધવળ
૭૮	૪	હલાહાલ	હલાહલ
૮૨	૧	બ્રહ્મણુત્વ	બ્રાહ્મણુત્વ
૮૭	૩૦	બીજી	બીજે
૮૯	૬	માગી	માણી
૯૪	૨૪	સહુ	સહુને
૯૫	૧૫	સંપથી	સંયમથી
	૨૮	૧૯૦૯	૧૯૦૪
૯૬	૧૩-૧૪	સાહિત્ય	લાલિત્ય
૧૦૦	૧૧	થાય	થાદ
૧૦૧	૨૧	પ્રેમાળ	પ્રયાણુ
	૩૩	રૂચિ	અરૂચીકર
૧૦૩	૨	ખોટું	ખોટું
૧૦૪	૧૪	ચેર	મેર
૧૧૬	૪	ભાવામાં	ભાષામાં
	૨૦	ગદ્ય	ગથે
	૨૩	સમકાલી	સમકાલીન
૧૨૦	૧	વણા	ઘણા
૧૩૫	૪	પરિત્ર્યાપ્તિથી	પરિવ્યાપ્તિથી
૧૫૧	૨	સળસ્ત	સમસ્ત
૧૫૨	૨૫	ઓજસગર	ઓજ અગર
૧૫૫	૧૯	પ્રકિૃત	પ્રકૃતિ
૧૬૦	૨૪	૩૦૬૬	૩૧૬૧
	૨૭	૩૧૬૧	૩૦૬૬
૧૬૧	૧૧	સ્કૃટિક	સ્ફટિક
૧૬૨	૧૫	આવે આવે,	આઘે આઘે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાનું	કોલમ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૬૬		૧૭	સૂર્ય અને પૃથ્વીને	સૂર્ય, ચન્દ્ર અને પૃથ્વીને
૧૭૨		૨૦	'માંડ્યું'. અને 'કાલિકાએ' (વચ્ચે ઉમેરવું)	હિમાદ્રિના પાયા ધણધણી ઉઠ્યા. માયાનટડીએ રૂદ્રવર્ણું, વિપ્લવકારી, વિશ્વ વિનાશક પ્રલય નૃત્ય માંડ્યું.
૧૭૩		૧૦	નિર્માણનાં યે	નિર્માણનો એ
૧૭૪		૬	હરિમંદિરમાં જાગી ઉઠયો.	હરિમંદિરમાં જઇ વસ્યા અને હરિવરનાં ગુણગાન કીર્ત્તને માનવવંશ જાગી ઉઠયો.
		૧૩	અર્ધ	અર્થ
		૧૫	કાવ્યોમાં	કાવ્યોમાંથી
૧૭૫			દ્રશ્ય	દૃશ્ય
૧૭૬			દ્રષ્ટિ	દૃષ્ટિ
૧૭૬		૧૯	પૃથકૃત	પૃથક્કૃત
૧૮૦		૧૮	દર્શન સન્દેશ	દર્શનસન્દેશ.
૧૮૨		૨	ન્હાનાલલ	ન્હાનાલાલ
૧૯૨		૧	સ્રમ જું	સ્હમજું
૧૯૬		૩૨	Criticisen	Criticism
૨૧૬		૨	my	may.
૨૩૨		૨૯	man	men
૨૫૭	૨	૫	આર્ય	આર્ષ
૨૫૮	૨	૨૮	અગર	અમર
૨૫૯	૨	૫	પુર્વ	પૂર્વ
		૧૨	આર્ય	આર્ષ
		૨૪	પરીમલ	પરિમલ
		૩૦	વિભુતી	વિભૂતિ
૨૬૧	૨	૨૫	સ્રષ્ટા	સ્રષ્ટા
૪		૮	, બાલમુકુન્દ દવે	,,
		૨૪	ઝ શાહ	ઝ. શાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શ્રી હર્ષદેવ' વિષે અભિપ્રાયો

કૉલેજરોડ, ભાવનગર.
તા. ૨-૭-૫૨

પ્રિયભાઈશ્રી ધામેલીયા,

તમે સ્નેહપૂર્વક મોકલેલ 'શ્રી હર્ષ' નો હું સાભાર સ્વીકાર કરૂં છું. ન્હાનાલાલનાં સર્જનોને કવિને ગમે તેવીજ શૈલીમાં, આવી સ્વચ્છતા અને કલાભાન સાથે છપાવવા માટે તમને અભિનંદન ઘટે છે.

મને લાગે છે કે "સદ્‌વસ્તુ પુરૂષ બહુ માનાત્" આ નાટકના મહાન નાયકને લીધે અને કવિ પ્રાચીન ગૌરવવન્તા યુગને કલ્પના ભૂમિમાં પોતાની પ્રજ્ઞાથી સજીવ તરવરતો કરી મૂકે છે તેથી આ નાટક ન્હાનાલાલ કવિનાં ભાવનાપ્રધાન નાટકોમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરશે.

તમારી કવિ પ્રતિની સેવા ખરેખર ઉત્તમ કક્ષાની, ઉચ્ચ માન ઉપજાવે તેવી છે. પરમાત્મા તમને આવાં વધારેને વધારે સેવાકાર્યોમાં નિમિત્તરૂપ બનાવે.

રવિશંકર મ. જોષી.

'શ્રી હર્ષદેવ' વાંચતાં ગુર્જરકવિચક્રવર્તી
કવિ ન્હાનાલાલને અર્ઘ્ય :—

કૈલાસ—દંડક—તપોવનની વિભૂતિ,
દ્વારામતી વિભવ, રૈવતકાદ્રિ યાત્રા;
વર્ણાય જ્યાં દુરિત—દારણ ભાનુભર્ગો,
જ્યાં નાટિકા ત્રય તણા રસરંગ ખીલ્યા.

કાદમ્બરી પ્રથિત વૈભવ બાણવાણી,
જ્યાં ગર્જતી, સ્તવતી સૂર્ય મયૂર કેકા;
શ્રીમાલ મેઘ જ્યહિં માઘ અમોઘ વર્ષે,
ત્યાં ચક્રવર્તિ—કવિ એ કવિચક્ર—વર્તી.

એ હર્ષ દિગ્વિજયથી નૃપ ચક્રવર્તી,
રત્નાવલી ઝળહળી કવિકંઠ એને;
એ ચક્રવર્તિ—કવિની અમિ—લેખનીની,
નાટયે ગ્રથે યશ કથા કવિ—ચક્રવર્તી.

રામભાઇ બક્ષી.

શ્રીહર્ષદેવ—

કવિવર ન્હાનાલાલનાં અપ્રકટ પુસ્તકોમાંના આ પ્રથમ પ્રકાશનને અમે સહર્ષ આવકારીએ છીએ અને એ ઉપલભ્ય બનાવવા માટે પ્રકાશક કવિના સુપુત્ર ડૉ. મનોહરને અભિનંદન આપીએ છીએ. શ્રી. રાજકુમાર કૉલેજ કવિશ્રી ન્હાનાલાલ સ્મારક સમિતિએ કવિશ્રી સ્મારક ફાળામાંથી આ પુસ્તક પ્રકાશકને છપાવી આપેલ છે એ બદલ સમિતિને તેમજ એના ઉત્સાહી મંત્રી શ્રી દુદાભાઇ ધામેલીયાને પણ ધન્યવાદ ઘટે છે. સમિતિ આ રીતે કવિનાં બાકીનાં પુસ્તકો પણ પ્રકટ કરે એવી આશા છે.

કવિનાં ઐતિહાસિક નાટકોમાં '**શ્રી હર્ષદેવ**' એક કિંમતી ઉમેરો કરે છે. કવિનો "ભારતીય ઇતિહાસનાં મહાપર્વો કાવ્ય સાહિત્યે ઉજવવાનો મનોરથ" એથી સવિશેષ ફળે છે. કવિએ રાજર્ષિ ભરત, પ્રિયદર્શી અશોક અને મહાન અકબરને નાટકાંકિત કર્યા છે. આ નાટક ચક્રવર્તી હર્ષને ગૂંથી "ચતુર્થ દિશાનો ચોક પૂરે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* * * *

રત્નાવલી પ્રિયદર્શિકા ને નાગાનન્દના કવિ અને માઘ બાણ ને મયૂર જેવા કવિઓના આશ્રયદાતા સુહૃદ શ્રી હર્ષ સૌ કોઈને હૈયાને હરખાવે એવા છે. એ સમાનધર્મા ન્હાનાલાલનાં હૈયાંને હર્ષભરપૂર કરે એમાં શી નવાઇ ! ચક્રવર્તી અને શકવર્તી એ કવિરાજને કવિ ન્હાનાલાલે સંપૂર્ણ ન્યાય આપ્યો છે. હીરાના અવનવા પહેલ જેવાં અને વિધ વિધ ગુણ-પાસાંને જ્વલંત રીતે મૂર્ત કર્યાં છે. વીરનું વેર વાળવાની એની વીર પ્રતિજ્ઞા, બહેન માટેની એની સુકુમાર લાગણી ને શોધ, આર્યાવર્તને સર કરતી એની દિગ્વિજય યાત્રા, શસ્ત્ર શાસ્ત્રોનો સમન્વય સાધતી એની સંસ્કાર સિદ્ધિ. રાજેન્દ્રને યોગેન્દ્રમાં પલટાવતો એનો શસ્ત્ર સંન્યાસ, પ્રત્યેક પાંચ વર્ષે ઉજવાતા સર્વ ભેદ્ય યજ્ઞનો એનો મહાત્યાગ આદિ હર્ષજીવનના સુભગ પ્રસંગોને કવિએ આ નાટકના અંકોમાં સરસ આલેખ્યા છે. **'શ્રી હર્ષદેવ'** કવિનાં ઐતિહાસિક નાટકોમાં એક રસિક અને ઉત્કૃષ્ટ નાટકનો મહામૂલ્યવાન ઉમેરો કરે છે, એ નિર્વિવાદ છે. ક્યાંક ક્યાંક આવી જતા શબ્દબાહુલ્યે ભાષા જરા દુર્બોધ જણાય છે, છતાં કવિની અનોખી શૈલીથી ટેવાએલો વાચક એને માણી–પ્રમાણી શકશે એમાં શંકા નથી.

* * * *

પાલીતાણાના પ્રેમભક્તિ મુદ્રણાલયમાં છપાયેલાં આ પુસ્તકની છપાઇ પણ સુંદર છે. પુસ્તક હાથમાં આવતાંજ એનું ન્હાનાલાલીય વ્યક્તિત્વ પરખાઇ આવે છે.

* * * *

ચ. શં. પટેલ ('પુસ્તકાલય')

ઉપર્યુક્ત અભિપ્રાયો સેજે મળી આવેલ પત્ર કે વિવેચનોમાંથી માત્ર ઉતારા લીધા છે. આ ઉપરાંત તે વિષે સરસ લંબાણપૂર્વક વિવેચનો જાહેર થયાં છે. આવુંજ કવિશ્રીનું બીજું નવું પ્રકટ થએલ પુસ્તક **અજીત અને અજીતા** વાસ્તવવાદી અને ભાવનાવાદી નાટક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિવર ન્હાનાલાલનાં જૂનાં અને નવાં પુસ્તકો પ્રકટ કરવાની વ્યવસ્થા થઇ છે.

ગુજરાતી પ્રજાનાં સારાં ઘરોમાં અને પુસ્તકાલયોમાં કવિશ્રીનાં પુસ્તકો હજુ પહોંચી શકયાં ન હોય તો નીચેને સરનામેથી મેળવી શકાશે:—

એક સામટાં પુસ્તકો લેનારને વાજબી કમીશન અપાશે.

પુસ્તકો મળવાનાં ઠેકાણું :—

ડો. મનોહર ન્હાનાલાલ કવિ, અને
એલિસ પૂલ, કવિ નાનાલાલ રસ્તો,
અમદાવાદ, ૬

(વ્યવસ્થા અને સગવડતા ખાતર પ્રકાશક વતી)
વ્યવસ્થાપક, પ્રેમભક્તિ મુદ્રણાલય,
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિશ્રી ન્હાનાલાલનાં પ્રેમભક્તિ ગ્રંથમાળા પુસ્તકોનું સૂચિપત્ર.

	પ્રથમાવૃત્તિની સાલ.	કિંમત
૧, કેટલાંક કાવ્યો, ભાગ ૧ લો (૨ જી આવૃત્તિ)	૧૯૦૩	૧ાા
૨, રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ (૩ જી આવૃત્તિ)	૧૯૦૩–૦૫-૧૧	૧
૩, વસન્તોત્સવ (૫ મી આવૃત્તિ)	૧૯૦૫	૧ાા
૪, કેટલાંક કાવ્યો, ભાગ ૨ જો (૨ જી આવૃત્તિ)	૧૯૦૮	૧ાા
૫, ઇન્દુકુમાર, અંક ૧ લો (૬ ઠી આવૃત્તિ)	૧૯૦૯	૨
૬, ન્હાના ન્હાના રાસ ભાગ ૧ લો (૯ મી આવૃત્તિ)	૧૯૧૦	૨
૭, ભગવદ્‌ગીતા, સમશ્લોકી (૩જી આવૃત્તિ)	”	૨ાા
૮, જયા–જયન્ત (૫ મી આવૃત્તિ)	૧૯૧૪	૨ાા
૯, મેઘદૂત, સમશ્લોકી (૪ થી આવૃત્તિ)	૧૯૧૭	૧ાા
૧૦, ઉષા (૫ મી આવૃત્તિ)	૧૯૧૮	૨ાા
૧૧, ચિત્રદર્શનો (૩ જી આવૃત્તિ)	૧૯૨૧	૨
૧૨, રાજર્ષિ ભરત (૨ જી આવૃત્તિ)	૧૯૨૨	૨
૧૩, પ્રેમકુંજ (૨ જી આવૃત્તિ)	”	૧ા
૧૪, પ્રેમભક્તિ–ભજનાવલી (૨ જી આવૃત્તિ)	૧૯૨૪	૨
૧૫, સાહિત્યમન્થન	”	૨
૧૬, વૈષ્ણવી ષોડશ ગ્રન્થો, સમશ્લોકી (૨ જી આવૃત્તિ)	૧૯૨૫	૧
૧૭, અમર પન્થનો યાત્રાળુ (૨ જી આવૃત્તિ)	”	૦ા≈
૧૮, શકુન્તલાનું સંભારણું (૨ જી આવૃત્તિ)	૧૯૨૬	૧ાા
૧૯, કુરુક્ષેત્ર, પ્રથમ કાંડ, યુગપલટો	”	૦ાા≈
૨૦, કુરુક્ષેત્ર, દ્વાદશકાંડ, મહાસુદર્શન (૨ જી આવૃત્તિ)	૧૯૨૭	૦ાાા
૨૧, ઉદ્‌બોધન (૨ જી આવૃત્તિ)	”	૨ાા
૨૨, અર્ધશતાબ્દીના અનુભવબોલ (૨ જી આવૃત્તિ)	”	૧ાા
૨૩, સંસારમન્થન (૨ જી આવૃત્તિ)	”	૨
૨૪, વિશ્વગીતા (૩ જી આવૃત્તિ)	”	૨
૨૫, ઇન્દુકુમાર, અંક ૨ જો (૨ જી આવૃત્તિ)	૧૯૨૭	૨

	પ્રથમાવૃત્તિની સાલ.	કિંમત
૨૬, ન્હાના ન્હાના રાસ, ભાગ ૨ જો (૩ જી આવૃત્તિ)	૧૯૨૮	૧ાા
૨૭, ગીતમંજરી (૨ જી આવૃત્તિ)	”	૧ાા
૨૮, જહાંગીર–નૂરજહાન (૨ જી આવૃત્તિ)	”	૪
૨૯, કુરુક્ષેત્ર, ચતુર્થ કાંડ, યોધપર્વણી (૨ જી આવૃત્તિ)	”	} ૧ાા
૩૦, કુરુક્ષેત્ર પંચમ કાંડ, પ્રતિજ્ઞાદ્વન્દ્વ	”	
૩૧, કુરુક્ષેત્ર એકાદશ કાંડ, શરશય્યા	૧૯૨૯	૦ાાા
૩૨, કુરુક્ષેત્ર, દ્વિતીય કાંડ, હસ્તિનાપુરના નિર્ઘોષ	૧૯૩૦	૧
૩૩, શાહાનશાહ અકબરશાહ	”	૪
૩૪, પાંખડીઓ	”	૨ા
૩૫, કુરુક્ષેત્ર, દશમ કાંડ, કાળનો ડંકો	”	૦ાાા
૩૬, સંશોધન	”	૨ાા
૩૭, દામ્પત્યસ્તોત્રો	૧૯૩૧	૨
૩૮, શિક્ષાપત્રી, સમશ્લોકી	”	૧
૩૯, બાળકાવ્યો	”	૦ાા≈
૪૦, ઉપનિષત્પંચક	”	૨
૪૧, સંઘમિત્રા	”	૨
૪૨, પ્રસ્તાવમાળા	૧૯૩૨	૩
૪૩, ઇન્દુકુમાર, અંક ૩ જો	”	૨ાા
૪૪, કવીશ્વર દલપતરામ, ભાગ ૧ લો	૧૯૩૩	૩
૪૫, ઓજ અને અગર	”	૧ાા
૪૬, જગત્કાદમ્બરીઓમાં સરસ્વતીચન્દ્ર	”	૨
૪૭, આપણાં સાક્ષરરત્નો, ભાગ ૧ લો	૧૯૩૪	૨
૪૮, કવીશ્વર દલપતરામ, ભાગ ૨ જો, પૂર્વાર્ધ	”	૪ા
૪૯, આપણાં સાક્ષરરત્નો, ભાગ ૨ જો	૧૯૩૫	૨ા
૫૦, ગોપિકા (૨ જી આવૃત્તિ)	”	૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

	પ્રથમાવૃત્તિની સાલ.	કિંમત
૫૧, કેટલાંક કાવ્યો, ભાગ ૩ જો	૧૯૩૫	૧ા
૫૨, ગુરુદક્ષિણા	"	૨
૫૩, પુણ્યકન્થા	૧૯૩૭	૨ા
૫૪, સ્નાતિકાપર્વની શિક્ષાવલ્લી	"	૦ા
૫૫, ન્હાના ન્હાના રાસ, ભાગ ૩ જો	"	૧ાા
૫૬ મણિમહોત્સવના સાહિત્યબોલ, ભાગ ૧ લો	"	૨ા
૫૭, મણિમહોત્સવના સાહિત્યબોલ, ભાગ ૨ જો	"	૧ાા
૫૮, સારથી	૧૯૩૮	૫ાા
૫૯, લોલીંગરાજ	૧૯૩૯	૦ા
૬૦, મુંબઇમાંનો મહોત્સવ	"	૧ાા
૬૧, કુરુક્ષેત્ર, અષ્ટમ કાંડ, માયાવી સન્ધ્યા	"	૧
૬૨, મહેરામણનાં મોતી	"	૦ાા≈
૬૩, કુરુક્ષેત્ર તૃતીય કાંડ, નિર્ધાર	૧૯૪૦	૧
૬૪, કુરુક્ષેત્ર, સપ્તમ કાંડ, ચક્રવ્યૂહ	"	૦ાાા
૬૫, કવીશ્વર દલપતરામ, ભાગ ૨ જો ઉત્તરાર્ધ	"	૫ાા
૬૬, કર્ણાવતી	"	૦ાા
૬૭, સોહાગણ	"	૦ાા≈
૬૮, કુરુક્ષેત્ર, છઠ્ઠો કાંડ, આયુષ્યનાં દાન	"	૧
૬૯, કુરુક્ષેત્ર, નવમો કાંડ, સહોદરનાં બાણ	"	૧
૭૦, કુરુક્ષેત્ર, સમન્તપંચક અને મહાપ્રસ્થાન	"	૦ાાા
૭૧, કુરુક્ષેત્ર, અર્પણ અને પ્રસ્તાવના	"	૧ાા
૭૨, કવીશ્વર દલપતરામ, ભાગ ૩ જો	૧૯૪૧	૫

	પ્રથમાવૃત્તિની સાલ	કિંમત
૭૩, પાનેતર	"	૦ાા≈
૭૪, હરિદર્શન	૧૯૪૨	૦ાાા
૭૫, વેણુવિહાર	"	૧
૭૬, પ્રજ્ઞાચક્ષુનાં પ્રજ્ઞાબિન્દુ	૧૯૪૩	૧
૭૭, જગત્પ્રેરણા	૧૯૪૩	૨ાા
૭૮, દ્વારિકાપ્રલય	૧૯૪૪	૨ાા
૭૯, શ્રી હર્ષદેવ	૧૯૫૨	૨ાા
૮૦, અજીત અને અજીતા	"	૨

પ્રેમભક્તિ શિક્ષણમાળા :—

૧, વ્યવહારૂ ગુજરાતી વ્યાકરણ	૦)≋
૨, વ્યવહારૂ અંગ્રેજી વ્યાકરણ	૦ા
૩, ગુજરાતની ભૂગોળ ભાગ ૧ લો	૦ાા≈
૪, ગુજરાતની ભૂગોળ ભાગ ૨ જો	૦ા

હવે પછી છપાશે

૧, અમરવેલ	૮, નવાં ઉપનિષદો
૨, સાગરમંથન	૯, ચન્દ્ર અને ચન્દ્રિકા
૩, ગીતમંજરી, ભાગ ૨ જો	૧૦, વિચારણા, ભાગ ૧ લો
૪, કેટલાંક કાવ્યો ભાગ ૪ થો	૧૧, વિચારણા, ભાગ ૨ જો
૫, રાસ, ભાગ ૪ થો	૧૨, ધર્મમન્થન, ભાગ ૧ લો
૬, મહેરામણનાંમોતી, બીજી સેર	૧૩, ધર્મમન્થન, ભાગ ૨ જો
૭, મહાકાવ્ય અભિનન્દનોત્સવ	૧૪, હરિસંહિતાનાં મંડળો

મળવાનાં ઠેકાણાં:—

ડૉ. મનોહર ન્હાનાલાલ કવિ,
એલિસપૂલ, કવિ નાનાલાલ રસ્તો, અમદાવાદ, ૬.

અથવા

(વ્યવસ્થા અને સગવડતા ખાતર પ્રકાશકવતી)
વ્યવસ્થાપક, પ્રેમભક્તિ મુદ્રણાલય,
પાલીતાણા. (સૌરાષ્ટ્ર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

કવિ ગુજરાતના કે ભારતના જ નહિ પણ સારાયે વિશ્વના સર્વશ્રેષ્ઠ કવિઓની હરોળમાં શોભે એવી પ્રતિભા અને આર્ષદૃષ્ટિ ધરાવતા હતા. એમના અવસાનની સાથે ગુજરાતનો એક યુગ આથમ્યો છે. જે યુગબળોએ કવિની કવિતા સર્જી એ બળો આજે સંકેલાઇ ગયા છે.

કેટલાયે પ્રસંગે તે કવિ મારા કરતાંય વધારે ખુમારી અને અભિમાનથી ગુજરાતના ગુણો ગાતા હતા. કવિએ ગુજરાતના પથ્થરપથ્થરને, ખૂણે-ખૂણો ને અણુએ અણુને ગાઈ નાખ્યો છે.

અને કવિનાં ઊર્મિગીતો એટલે કાચના પાસાદાર સુરેખ કટકા. જગતના જુદા જુદા ઉત્તમોત્તમ કવિઓનાં ચૂંટાયેલાં ઊર્મિગીતોમાં કવિનાં ઊર્મિગીતોને મૂકવામાં આવે તો આર્યાવર્તનું નામ ઉજાળે એવાં એ ગીતો માટે દરેક ગુજરાતીએ અભિમાન લેવું જોઈએ.

(શ્રીયુત)

કનૈયાલાલ મુનશી.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમભક્તિ મુદ્રણાલય-પાલીતાણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar